# ઉત્તરપથ

(પૂર્વાર્ધ)




## (મહાભારત પર આધારિત ઐતિહાસિક નવલકથા)

## - શ્રી યોગેશ્વરજી

## NOTICE

### સર્વ હક્ક લેખકને સ્વાધીન

**All rights reserved by Author**

The content of this e-book may be used as an information resource. Downloading or otherwise transmitting electronic copies of this book or portions thereof, and/or printing or duplicating hard copies of it or portions thereof is authorized for **individual non-profit use ONLY**. Any other use including the reproduction, modification, distribution, transmission, republication, display or performance of the content of this book for commercial purposes is strictly prohibited.

Failure to include this notice on any digital or printed copy of this book or portion thereof; unauthorized registration of a claim of copyright on this book; adding or omitting from the content of it without clearly indicating that such has been done; or profiting from transmission or duplication of it, is a clear violation of the permission given in this notice and is strictly prohibited. Violators will be prosecuted.

Permission for use beyond that specifically allowed by this notice may be requested in writing from Swargarohan, Danta Road, Ambaji (North Gujarat) INDIA.


* * *




e-book

Title : Uttarpath
Language : Gujarati
Version : 1.0
Pages : 305
Created : August 1st 2015.


## NOTE

This e-book is a manifestation of our humble effort to present Shri Yogeshwarji's literary work in digital format. Due care has been taken in preparing the material of this e-book from its original print version. However, if you find any error or omissions, please let us know. We welcome your comments.

* * *

## પ્રસ્તાવના



રામાયણ તથા મહાભારત બન્ને ભારતીય સંસ્કૃતિના મહામૂલ્યવાન અસાધારણ ઈતિહાસગ્રંથો છે. એ અત્યંત લોકપ્રિય છે, અને એમને રચાયે હજારો વરસો વીતી ગયાં હોવા છતાં એટલા જ રસમય તેમ જ પ્રેરણાપ્રદ છે. એ મહાન ધર્મગ્રંથોએ લોકહૃદયમાં પોતાનું આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. લોકોના જીવનઘડતરમાં એમને લીધે મહાન પ્રેરણા મળી છે અને આજે પણ મળી રહી છે. એ બન્ને ગ્રંથોમાંથી પ્રેરણા મેળવીને સૌથી પહેલાં રામાયણના પ્રસંગો પર લખ્યા પછી મહાભારતના પ્રસંગોને અક્ષરદેહમાં વાર્તારૂપે આલેખવાની ઈચ્છા થઇ અને એ ઈચ્છાનું વ્યકત સ્વરૂપ આ પુસ્તકરૂપે રજૂ કરી રહ્યો છું. મહાભારતની આ સુંદર રસભરપૂર કથાના આલેખનથી મને ઘણું જાણવાનું મળ્યું છે ને આનંદ થયો છે તેમ બીજાને પણ મળશે ને થશે એવી આશા છે.

મહાભારતનો મૂળ ગ્રંથ આમ તો ઘણો મોટો અને અસંખ્ય આનુષંગિક આખ્યાનો તેમ જ ઉપાખ્યાનોથી ભરેલો છે. એમાં ધર્મના, નીતિના તથા બીજા ઉપદેશો પણ અનેક છે. એ બધા આખ્યાનો, ઉપાખ્યાનો અને ઉપદેશોને બાજુએ રાખીને કૌરવો તથા પાંડવો સાથે સંબંધ ધરાવતા મુખ્ય પ્રસંગોનું જ મેં આ ગ્રંથમાં વર્ણન કર્યું છે. એ વર્ણનમાં એક અગત્યનો સુધારો એ કર્યો છે કે મૂળ પરંપરાગત કથાની પેઠે મેં દ્રૌપદીને પાંચ પાંડવોની પત્ની તરીકે ચીતરવાને બદલે એકલા અર્જુનની જ પત્ની તરીકે વર્ણવેલી છે. પ્રાચીનતાના પૂજારીઓ વાર્તામાં કરાયેલા એ ફેરફારને ક્ષમ્ય ગણશે એવી આશા છે. બીજી મોટા ભાગની કે બધી જ હકીકતો મૂળ મહાભારત પ્રમાણે જ ક્રમબદ્ધ રીતે ચાલ્યા કરે છે, અને આજે પણ એટલી જ પ્રેરણાત્મક તેમજ રસપ્રદ છે. ભારતના ભૂતકાલીન અમર સાંસ્કૃતિક વારસાનો પરિચય કરાવનારી આવી કથાઓનું અધ્યયન જેટલું પણ અધિક થાય એટલું જ ઉપયોગી છે. આપણી વર્તમાન અને ભવિષ્યની શિક્ષિત પેઢી એમનો લાભ ઉઠાવે એ આવશ્યક છે.

**- શ્રી યોગેશ્વર**

**તારીખ:** ૯-૭-૧૯૬૯ (મસૂરી)

*     *     *

## અનુક્રમણિકા




૧. દુર્વાસાનો અનુગ્રહ
૨. ભૂલનો ભોગ
૩. પુત્રની પ્રાપ્તિ
૪. સ્વયંવર
૫. માદ્રી સાથે લગ્ન
૬. શાપ
૭. કરુણ દિવસ
૮. પૂર્વ કથા
૯. પુત્રેચ્છા
૧૦. અદભૂત ઘટના
૧૧. યુધિષ્ઠિર અને ભીમ
૧૨. અશ્વિનીકુમારોના આશીર્વાદ
૧૩. પાંડુનું મૃત્યુ
૧૪. માદ્રી સતી થાય છે
૧૫. હસ્તિનાપુરમાં
૧૬. ગાંધારીના પુત્રો
૧૭. કર્ણનું પુનર્મિલન
૧૮. દુર્યોધનનો દ્વેષભાવ
૧૯. દ્રોણાચાર્યનો ડંખ
૨૦. ગુરુદક્ષિણા
૨૧. કસોટી
૨૨. ડંખ દૂર થયો
૨૩. વારણાવત તરફ
૨૪. રક્ષા
૨૫. હિડિમ્બા અને ઘટોત્કચ
૨૬. બકાસુરનો નાશ
૨૭. લક્ષ્યવેધ
૨૮. દ્રૌપદીની પ્રાપ્તિ
૨૯. ધૃતરાષ્ટ્રની સૂચના
૩૦. અવનવા અધ્યાયનો આરંભ
૩૧. દુર્યોધનની વરાળ
૩૨. સુંદ અને ઉપસુંદ
૩૩. અર્જુનનો નિયમભંગ
૩૪. કૃષ્ણ અને અર્જુન
૩૫. સુભદ્રાનો સ્નેહ
૩૬. દ્રૌપદીનું દિલ
૩૭. જરાસંઘનો નાશ
૩૮. કૃષ્ણની અગ્રપૂજા
૩૯. શિશુપાલવધ
૪૦. કુંતી તથા દ્રૌપદી
૪૧. દ્યુતની યોજના
૪૨. યુધિષ્ઠિરની હાર
૪૩. પ્રતિજ્ઞા
૪૪. યુધિષ્ઠિર ફરીથી હારે છે
૪૫. મનોમંથન
૪૬. દુર્યોધનની ધૃષ્ટતા


*   *   *

## ૧. દુર્વાસાનો અનુગ્રહ

દુર્વાસા મુનિની સેવા કરવામાં કુંતીએ પાછું વાળીને ના જોયું.

મુનિની પ્રત્યેક ઈચ્છાને સંતોષવા અને એમની નાનીમોટી બધી જ આજ્ઞાઓનું પાલન કરવા એ કોઈપણ પ્રકારના સંકોચ વગર, ઉત્સાહપૂર્વક હસતાં હસતાં તૈયાર રહી.

એને પરિણામે દુર્વાસા મુનિ પ્રસન્ન થયાં.

કુંતી એના રોજના નિયમાનુસાર મુનિની સેવામાં ઉપસ્થિત થઇ ત્યારે એને પોતાને ખૂબ જ નવાઈ લાગી. મુનિ આજે ખૂબ ઉત્સાહમાં અને આનંદમાં હતા.

કુંતીને જોઇને એ બોલ્યા :

'કુંતી, તે મારી સેવા મન લગાડીને ખૂબ જ પ્રેમપૂર્વક કર્યા કરી છે. એને માટે હું તારી જેટલી પ્રશસ્તિ કરૂં એટલી ઓછી છે. તે માટે તને ધન્યવાદ આપું છું.'

'ધન્યવાદ તો તમને ઘટે છે કે તમે મને તમારી સેવા કરવાનો અમૂલખ અવસર આપ્યો. તમારા જેવા કૃતકામ, સ્વનામધન્ય, પ્રાતઃસ્મરણીય, ઋષિવરની સેવા કરવાનું સૌભાગ્ય કાંઈ જેનેતેને મળી શકે છે ? એવું સૌભાગ્ય તો પૂર્વે પુણ્ય કર્યા હોય તેને જ મળી શકે અથવા જેના પર તમારી અહેતુકી કૃપા હોય તેને. સેવા કરીને મેં તો મારા કર્તવ્યનું જ પાલન કર્યું છે, એથી વિશેષ કશું જ નહિ. અને કર્તવ્યના પાલનમાં કાંઈ ધન્યવાદની અપેક્ષા ના રખાય.'

કુંતીના શબ્દો સાંભળીને દુર્વાસા થોડીવાર સુધી શાંત રહ્યા. પરંતુ, પછી બોલ્યા :

'તારી નિષ્કપટતા, નમ્રતા, સરળતા અને તારો વિવેક જોઇને મનને આનંદ થાય છે. તારી સેવા સંપૂર્ણ સફળ છે. તને ખબર છે કે આજે મારે અહીંથી દિવસોના વસવાટ પછી વિદાય થવાનું છે. તો વિદાય થતાં પહેલા તારી સેવાના પુરસ્કારરૂપે તને કાંઇક આપતો જાઉં એવી મારી અભિલાષા છે.'

'સેવાનો પુરસ્કાર ?' કુંતીએ આશ્ચર્ય બતાવ્યું : 'સેવાનો પુરસ્કાર વળી બીજો શો હોય શકે ? સેવા કરવાથી જે આત્મસંતોષ મળે છે એ જ એનો પુરસ્કાર હોય છે. અને સેવા કરવાનો પ્રસંગ પોતે જ શું પુરસ્કારરૂપ નથી હોતો ?'

'હોય છે.'

'તો પછી એ પુરસ્કાર મારે માટે પૂરતો છે.'

'તારે માટે એ પૂરતો હોય તે ખબર છે, છતાં પણ મારી સેવા નિરર્થક નથી જતી. એ હંમેશા ફળે જ છે. માટે હું તને મારી વિશેષ અનુગ્રહરૂપે એક વસ્તુ આપવા માગું છું.'

'કઈ વસ્તુ ?'

'તું જે માગે તે. તારી ઈચ્છા પ્રમાણેની માંગણી કરવાની તને છૂટ આપું છું. તું કોઈ પણ વસ્તુ માંગી લે.'

'પરંતુ મારે તો કશું જ નથી માગવું. મને કશું માગવાનું યાદ જ નથી આવતું. મારા જીવનમાં મને બધી રીતે આનંદ છે. કોઈપણ પ્રકારની કચાશ નથી લાગતી. છતાં પણ તમને મારે માટે જે ઉચિત લાગે તે આપશો તો હું સહર્ષ સ્વીકારી લઈશ.'

દુર્વાસાએ સ્મિત કરતાં કહ્યું :

'તારી સેવાનો પુરસ્કાર આપવાનું કામ તેં મારા પર છોડ્યું તે ઠીક જ કર્યું છે. તારી સેવાથી પ્રસન્ન થઈને એના બદલામાં હું તને એક મંત્ર આપવા માગું છું.'

'મંત્ર !'

'હા. મંત્ર. તને મંત્રનું થોડુંઘણું જ્ઞાન કદાચ હશે પણ ખરું, પરંતુ એ મંત્ર એકદમ અસાધારણ અથવા જુદો હશે.'

'એટલે ?'

'એ મંત્ર એક અભિચાર મંત્ર હશે. એ મંત્ર બોલીને જે દેવતાનું આવાહન કરીશ તે દેવતા તારી આગળ આવી પહોંચશે. તારી પાસે પ્રકટ થશે, ને તારા પર અનુગ્રહ કરશે. એ દેવતાના અનુગ્રહ અથવા શુભાશીર્વાદથી કોઈપણ સાધારણ અથવા અસાધારણ પુરુષના સમાગમ સિવાય જ તને પુત્રની પ્રાપ્તિ થશે.'

કુંતી શાંત રહી એટલે મુનિશ્રેષ્ઠ દુર્વાસા આગળ બોલ્યા :

'એ મંત્ર તારે માટે ખૂબ જ કલ્યાણકારક થઈ પડશે. એથી તને ખૂબ જ લાભ થશે. કોઈ કાળે, કોઈ રીતે, નુકશાન તો નહિ જ થાય. માટે એ મંત્રનો સ્વીકાર કરી લે. એ મંત્ર આપવાનું એક મહત્વનું કારણ પણ છે.'

'કયું કારણ ?'

'તારે તે સાંભળવું જ છે તો તે પણ કહી બતાવું. તારી દૃષ્ટિ ટૂંકી છે ને શક્તિ પણ એકદમ અલ્પ છે, એટલે ભાવિના ગર્ભમાં જે છુપાયેલું છે તેને તું નથી જોઈ શકતી. પરંતુ મારી દૃષ્ટિ તથા શક્તિ વિકસેલી છે એટલે ભાવિના પડદાની પાર જોવાનું કામ મારે માટે સહેલું છે. એકદમ સહેલું. વર્તમાનને પેખવા જેવું. એ શક્તિને લીધે મેં એક વસ્તુનું દર્શન સ્પષ્ટ કરી લીધું છે.'

'કઈ વસ્તુનું દર્શન ?' કુંતીથી પૂછ્યા વિના ન રહી શકાયું : 'એ મારે માટે અશુભ તો નથી ને?'

'અશુભ નથી એમ તો કેમ કહું ?' દુર્વાસા શાંતિથી બોલ્યા: 'તને દેવત્વની કૃપાથી જ પુત્રની પ્રાપ્તિ થઇ શકે તેમ છે. કેવળ તારા ભાવિ પતિના સમાગમથી જ નહિ. એટલે પુત્રપ્રાપ્તિની તારી ને તારા પતિની ઈચ્છાને પૂરી કરવા એ મંત્ર ખૂબ જ ઉપયોગી થઈ પડશે. તારે એનો પ્રયોગ કેવળ આપ ધર્મ પૂરતો જ કરવાનો છે.'

'પરંતુ જીવનમાં પુત્ર હોય એ શું આવશ્યક છે ? પુત્ર ના હોય તો પણ શું જીવન ઉત્તમ રીતે સુખપૂર્વક પસાર નથી થતું ?'

'એ તો પતિ-પત્ની બંનેના દૃષ્ટિકોણ પર આધાર રાખે છે. સંતાન વિના જીવનમાં સુખ ના જ મળી શકે એવું કશું જ નથી. તો પણ એની અપેક્ષા કોઈક વિરલ અપવાદને બાદ કરતાં નાનામોટા સૌને રહે છે. તને પણ પુત્રો થશે, અને એને માટે એ મંત્ર ખૂબ જ કામ લાગશે માટે કોઈપણ પ્રકારના સંકોચ કે ભય

વિના એને ગ્રહણ કર. હું તારે માટે જે કરું છું તે મંગલ માટે જ કરું છું, એવો વિશ્વાસ રાખ. મારાથી ભૂલેચૂકે, સ્વપ્નમાં પણ, કોઈનું અમંગલ નથી થતું.'

'પરંતુ ધારો કે હું લગ્ન જ ન કરું તો ? તો તો પછી એ મંત્રની કોઈ જરૂર જ ના રહે ને ? એને ગ્રહણ કરું કે ના કરું બધું બરાબર જ થઈ જાય ને ?'

'એ તો તું એવી કલ્પના કે દલીલો કરે છે પરંતુ એવી કલ્પના કે દલીલો અસ્થાને છે. સાચી હકીકત તો એ છે, અને એને મેં આગળ કહ્યું તેમ મારી દૈવી આર્ષ દૃષ્ટિથી જોઈ રહ્યો છું, કે તું અવિવાહિત નહિ રહી શકે. તારું લગ્ન થશે જ. અને મંત્ર પણ તારું મોટામાં મોટું હિત કરનાર થઇ પડશે. એ મંત્ર હું જેનેતેને તેમ જ આટલો જલ્દી આપવા તૈયાર ના થાઉં, પરંતુ તારા સદભાગ્યે જ મને પ્રેરણા કરી લાગે છે. એ ભાગ્ય જ મને અહીં ખેંચી લાવ્યું ને મારી પાસે તને આશીર્વાદ અપાવી રહ્યું છે. તારી એકનિષ્ઠ સ્નેહ અને શ્રદ્ધાપૂર્વકની સેવાથી મારું અંતર એટલું બધું પ્રસન્ન થયું છે કે તને આશીર્વાદ આપવા માટે સ્વાભાવિક રીતે જ આતુર છે.'

કુંતી થોડીવાર મૂક રહીને પછી બોલી:

'તમે મારે માટે બધી રીતે પૂજ્ય છો. વળી મારે માટે શું યોગ્ય કે મંગલ છે એ મારા કરતાં વધારે સારી રીતે જાણી શકો છો. માટે મંત્રગ્રહણની બાબતમાં કશો આગ્રહ દુરાગ્રહ કે ઇન્કાર નહિ કરું. તમે મારા હિતૈષી છો એટલે જે કરશો તે મારા હિત માટે જ કરશો એવા વિશ્વાસ સાથે તમારા આશીર્વાદનો સ્વીકાર કરીશ. મારે માટે એ જ માર્ગ ઉચિત લાગે છે. જાણું છું કે તમારો શુભાશીર્વાદ કાંઈ જેનેતેને નથી મળી શકતો. મોટા મોટા તપસ્વીઓ, ઋષિઓ, રાજાઓ અને દેવો પણ એ આશીર્વાદની ઈચ્છા કરે છે. એ પણ જાણું છું કે એ આશીર્વાદ સદા અમોઘ હોય છે. એટલે એ બાબતમાં તમારી ઈચ્છાનું અનુસરણ કરીશ. મારે માટે એ જ બરાબર લાગે છે.'

દુર્વાસા પ્રસન્ન થયા.

એમણે કુંતીને મંત્ર આપ્યો.

એ મંત્રની વિધિ પણ બતાવી.

કુંતીનું જીવન સુખી થાય એવો આશીર્વાદ પણ આપ્યો.

એમનો આશીર્વાદ પામીને કુંતીને આનંદ થયો. દુર્વાસાના ચરણોમાં એણે પ્રણામ કર્યા અને આંખમાં આંસુ સાથે એમના અસાધારણ અનુગ્રહને માટે આભાર વ્યક્ત કર્યો.

એ ઘડી એને ખૂબ જ મંગલમય લાગી.

એને થયું કે પોતાના પિતા શૂરસેનની પાસે રહેતી હોત તો દુર્વાસા જેવા લોકોત્તર મહાન મુનિનો મેળાપ કેવી રીતે થાત ? અને કોઈ રીતે મેળાપ થાત તોપણ એમના સત્સંગનો અને એમની સેવાનો લાભ કેવી રીતે મળત ?

દુર્વાસા એના વિચારોને વાંચી રહ્યા હોય એમ બોલ્યા:

'સાચું છે, બેટી ! તને મારો મેળાપ થવાનો હશે એટલે તારું ભાગ્ય જ તને અહીં ખેંચી લાવ્યું. યદુવંશમાં જન્મેલા તારા પિતા શૂરસેન પણ મહાપ્રતાપી, સંતોની સેવામાં માનનારા અને ધર્મપરાયણ છે. એટલે તો એમણે પોતાની પ્રતિજ્ઞા અથવા તો પોતાના વચનને ભારે પ્રસન્નતાપૂર્વક પાળી બતાવ્યું.'

'કઈ પ્રતિજ્ઞાને અથવા કયા વચનને ?' કુંતીએ એ સાંભળીને કુતૂહલ બતાવ્યું.

'કેમ તને તેની ખબર નથી પડી ? કે પછી ભૂલી ગઈ છે ? તારી ફોઈના નિઃસંતાન પુત્ર કુંતિભોજને તારા પિતા શૂરસેને પહલેથી જ વચન આપેલું કે મારી રાણીને જે પ્રથમ સંતાન પુત્ર કે પુત્રી પેદા થશે તે તમને અર્પણ કરીશ. સમયસર દૈવયોગે શૂરસેનને ત્યાં સૌથી પહેલાં તારો જન્મ થયો. તારું નામ એમણે પૃથા પાડ્યું. પાછળથી તને કુંતી પણ કહેવામાં આવી. તારા પિતાએ પોતાના વચનને વફાદાર રહીને, તું એમણે ખૂબ જ પ્રિય અને સુંદર તથા સદગુણી હોવા છતાં, તને કુંતિભોજને સુપ્રત કરી.'

'એવું કઠોર વચનપાલન તો કોઈક વિરલા પુરુષો જ કરી શકે.'

'સાચું છે. શૂરસેન જેવા હજારોમાં કોઈ એકાદ જ. બીજાનું એમાં ગજું નહિ. મોટાભાગના માનવો તો પોતાના સ્વાર્થને માટે ડગલે ને પગલે વચનોને તોડતા હોય છે. એમને વચન આપતાં પણ વાર નથી લાગતી અને એનો ભંગ કરવામાં પણ એ એટલા જ ઉતાવળા હોય છે. એમની અંદર સ્થિરતા જેવું કશું હોતું નથી. અને એમનો કોઈ વિશ્વાસ પણ રાખી શકતું નથી. પરંતુ શૂરસેન તદ્દન જુદી જ માટીના માનવ હોવાથી પોતાના વચનને વળગી રહ્યા. એ વચનને એમણે બરાબર પાળી બતાવ્યું. કુંતીભોજે તને પોતાનાને ત્યાં આવનારા અભ્યાગત તપસ્વી ઋષિઓની સેવા કરવાનું કાર્ય સોપ્યું એ પણ સારું જ કર્યું. '

'હા. મારે માટે તો એ ઘણું સારું જ થયું. કારણ કે એવી રીતે જ મને તમારા જેવા અસાધારણ, પરમ વંદનીય, મહાપુરુષના દર્શન, સમાગમ તથા સેવાકર્મનો અમુલખ લાભ મળી શક્યો. મારા પિતાના વચનપાલનનો એ ગુણ એના જેવા બીજા ઉત્તમ ગુણો સાથે મારામાં ઊતરે તો કેવું સારું ? એને માટે શુભાશિષ આપો એવી મારી પ્રાર્થના છે. '

દુર્વાસાએ કુંતીના મસ્તક પર હાથ મૂકીને કહ્યું :

'મારા શુભાશિષ તો છે જ, ને તે જરૂર ફળશે. તારી અંદર મોટામોટા સારા ગુણોનો આવિર્ભાવ થશે. તારું જીવન એમને લીધે અત્યંત ઉજ્જવળ બનશે. પરંતુ એક વાત યાદ રાખજે. મારા આપેલા મંત્રનો પ્રયોગ ખૂબ જ વિચારપૂર્વક કરજે અને એને બને તેટલો ગુપ્ત રાખજે. બીજાને એથી કશો લાભ નહિ થાય. એ તારા માટે જ છે.'

'ભલે.' કુંતી બોલી : 'તમારો આદેશ માથે ચઢાવીશ; પરંતુ એના પ્રયોગથી કશું નુકસાન તો નહિ થાય ને?'

'ના. તારે માટે એ લાભકારક જ થઇ પડશે. પરંતુ એનો પ્રયોગ તારા લગ્ન પછી જરૂર પડ્યે તારા પતિની સંમતિથી જ કરજે. એ વધારે સારું રહેશે.'

'ભલે.' કુંતીએ સંમતિ આપી.

* * *

## ૨. ભૂલનો ભોગ

એ જ દિવસે મધ્યાહ્ન પછી થોડી વિશ્રાંતિ કરીને દુર્વાસા મુનિ ચાલી નીકળ્યા.

કુંતિભોજે, કુંતીએ અને કુંતિભોજના પરિવારના સભ્યોએ તથા મંત્રીઓએ એમને ભાવભીની વિદાય આપી.

કુંતિભોજ, કુંતી તથા મંત્રી સાથે એમને દૂર સુધી વળાવવા ગયા.

છેવટે સૌ પાછા વળ્યા ત્યારે દુર્વાસાએ કુંતિભોજ તથા કુંતીને એકવાર ફરી આશીર્વાદ આપ્યાં.

‘ફરી એકવાર જરૂર પધારજો.’ કુંતીભોજે કહ્યું: ‘આ ઘર તમારું જ છે. મારું જે કાંઈ છે તે તમારું અને તમારી કૃપારૂપે જ મળેલું છે.’

કુંતીએ પણ ફરીવાર આવવા આગ્રહ કર્યો.

‘અમારા જેવા અકામહત, વીતરાગ સંતોનું કાંઈ કહેવાય નહિ. દૈવયોગે જ્યાં જવાનું બને ત્યાં જતાં રહીએ. એને માટે અમારો કોઈ ખાસ સંકલ્પ ના હોય કે અમે કોઈ ખાસ યોજના પણ ના બનાવીએ. તમારી સૌની સેવાનો યોગ હશે એટલે ચાતુર્માસનો સરસ સમય તમારે ત્યાં પસાર કર્યો. આપણે સૌને મળવાનું હશે તો ફરી કોઈવાર આવવાનું જરૂર થશે.’ દુર્વાસા બોલ્યા.

‘જરૂર જરૂર આવજો. અમારે માટે સંકલ્પ કરીને કે યોજના ઘડીને પણ અવશ્ય આવજો.’ કુંતીએ ફરી આગ્રહ કર્યો.

કુંતિભોજે એમના ચરણમાં મસ્તક નમાવીને બે હાથ જોડીને કહ્યું :

‘અમારી સેવામાં ત્રુટિ જરૂર રહી હશે. અમે સામાન્ય માનવી રહ્યા, એટલે ત્રુટિ રહે એ સ્વાભાવિક છે. એને માટે ઉદાર દિલે ક્ષમા કરજો. સંતોના દિલ વિશાળ, ઉદાર, પરગજુ અને ક્ષમાશીલ હોય છે જ. ખાસ કરીને તમારા જેવા ઈશ્વરપરાયણ આદર્શ સંતોના.’

‘મારી સેવામાં કશી જ ત્રુટિ નથી રહી.’ દુર્વાસાએ સ્પષ્ટીકરણ કર્યું: ‘તમારી વ્યવસ્થા સર્વાંગસુંદર, સંતોષકારક અને ઉત્તમ હતી. એથી વિશેષ સરસ વ્યવસ્થા બીજી કોઈ ભાગ્યે જ હોઈ શકે. તમે જેને મારી સેવામાં નિયુક્ત કરેલી તે કુંતી પણ સર્વગુણ સંપન્ન તેમજ સંસ્કારી છે. એણે મારી સેવા કરવામાં ને મને પ્રસન્ન રાખવામાં પાછું વાળીને નથી જોયું. એણે પોતાના સરસ સ્વભાવથી ને સેવાકાર્યથી મારા મનને મુગ્ધ કર્યું છે ને મારા હૈયાને હરી લીધું છે. એની સેવાને મારાથી નહિ ભૂલી શકાય. એની સેવાના બદલામાં એક અનિકેત, અપરિગ્રહી, સંત તરીકે બીજું તો શું આપી શકું ? પરંતુ મારા અંતરના ઊંડા આશીર્વાદ અવશ્ય આપું છું અને આપી ચૂક્યો છું. એનું જીવન મંગલમય બનશે.’

‘ઓહો, હું આ શું સાંભળી રહ્યો છું? તમે કુંતીને અંતરનો ઊંડો આશીર્વાદ આપો એથી વિશેષ બીજું શું જોઈએ ? તમારા મંગલ અમોઘ આશીર્વાદથી અધિક સંપત્તિ પ્રદાન બીજું કયું હોય શકે? એ આશીર્વાદને માટે તો મોટા મોટા તપસ્વીઓ દેવો ને રાજાઓ પણ ઝંખના કરે છે. એ આશીર્વાદનું સાચું મૂલ્ય તો કોઈ વિવેકી પુરુષો જ સમજતાં હોય છે. કુંતીને એ અમોઘ આશીર્વાદની પ્રાપ્તિ થઈ એથી અધિક આનંદ બીજો કયો હોય શકે ? એને મળેલા આશીર્વાદને લીધે મારું પોતાનું પણ ગૌરવ થયેલું ગણું છું. આજે તમે પણ એની પ્રશસ્તિ કરી અને એની

સેવાથી સંતુષ્ટ થઈને એને અનુગ્રહને યોગ્ય ગણી એથી મને પરમ સંતોષ થયો. તમારા જેવા મહાપુરુષની કૃપાદૃષ્ટિ અમારી ઉપર છે એને લીધે મારા જીવનને ધન્ય માનું છુ.'

દુર્વાસાએ સૌની ઉપર કૃપાદૃષ્ટિ કરીને સૌને ઉમળકાયુક્ત આશિષ આપીને, આગળ પ્રયાણ કર્યું.

દુર્વાસાના ગયા પછી શરૂ  શરૂમાં થોડાક દિવસ તો કુંતીને ઘરમાં જરા પણ ના ગમ્યું.

દુર્વાસાની સ્મૃતિસૌરભ એની આસપાસ, એના મન અને અંતરમાં હંમેશા ફરતી રહી.

દુર્વાસાની આકૃતિ એટલી બધી આકર્ષક અથવા આહ્લાદક તો નહોતી જ. છતાં પણ અત્યંત વિલક્ષણ હતી. એમનું મુખમંડળ તપશ્ચર્યાના અસાધારણ પ્રકાશથી પ્રદીપ્ત લાગતું. એમના લોચન એક પ્રકારના અપાર્થિવ નૂરથી ભરપુર હતાં. એમના હાવભાવ, હલનચલન, વદન અને એમની વાણીમાં ગંભીરતાનું દર્શન થતું અને એમાંથી ઓજસ ટપકતું.

એમને જોતાવેંત જ એમના પ્રત્યે એક જાતનો ઊંડો પૂજ્યભાવ પેદા થતો, એમનો પ્રભાવ જોનારના મન પર ખૂબ જ સારા પ્રમાણમાં પડી જતો. પરંતુ એમના ઓછામાં ઓછા સંસર્ગમાં આવવાનો ભાવ પણ પેદા થતો.

એમની આજુબાજુ તપ અથવા સાધના અને સિદ્ધિની તથા આશીર્વાદ અને અભિશાપ અથવા અવકૃપાની અનેક અવનવી કથાઓ ફર્યા કરતી. એ હકીકતો એમની સાથે સંકળાયેલી અને મોટા પ્રમાણમાં પ્રચલિત થયેલી હોવાથી લોકો એમના સંપર્કમાં આવતાં સંકોચ પામતા.

એમની સેવાનો લાભ કોઈ બડભાગીને જ મળતો, કોઈક જ એમની આકરી અગ્નિપરીક્ષામાંથી પસાર થઈને એમની પ્રસન્નતા પામતું. એમના અદભૂત અનુગ્રહને યોગ્ય થતું. અને કોઈક વિરલ જ એમના આશીર્વાદનું અધિકારી મનાતું.

બહારથી થોડાક ઉગ્ર અને કઠોર પરંતુ અંદરથી શાંત અને સુકોમળ એવા એ મુનિશ્રેષ્ઠની સેવામાં નાની મોટી ક્ષતિ રહી જવાથી કેટલાયને એમની અવકૃપાના શિકાર બનવું પડેલું અને ભોગવવું પડેલું.

સિદ્ધમંડળમાં એમનું માન પણ ઘણું મોટું હતું. એ જટાધારી, કૃશકાય મુનિ, મુનિઓના સમાજમાં સર્વોત્તમ મનાતા.

જ્ઞાન, ભક્તિ અને યોગ ત્રણે સાધનાધારાઓનો એમના જીવનમાં સંગમ અથવા સમન્વય થયેલો. એને પરિણામે એમનું વ્યક્તિત્વ વિશાળ લાગતું.

કુંતી શરૂઆતમાં તો ખૂબ જ સંકોચ-સ્ત્રીસહજ સંકોચ સાથે એમના સંસર્ગમાં આવીને એમની સુશ્રુષા કરવા લાગી. એ પ્રતાપી સત્પુરુષની સેવા કરવાનો પ્રસંગ એના જીવનમાં એ પહેલો જ હતો. પરંતુ ધીમે ધીમે કે ક્રમે ક્રમે એની સંકોચવૃત્તિ દુર થતી ગઈ ને પછી તો એને લાગ્યું કે દુર્વાસાના રૂપમાં જાણે કે એને બીજા પિતા જ મળી ગયા છે. એવી  લાગણી, ભાવના કે પ્રીતિથી એ મુનિની પરિચર્યામાં પોતાનો બહુમૂલ્ય વખત વિતાવવા લાગી.

દુર્વાસા પણ એના પ્રત્યે વિશેષ સ્નેહ બતાવવા લાગ્યા.

સેવાના સુઅવસરની પ્રાપ્તિ થવાને લીધે એને એ મહાન મુનિ પાસેથી એના અધિકાર પ્રમાણેનું આત્મજ્ઞાન પણ મળવા માંડ્યું. છેવટે વિદાયનો વસમો વખત આવી પહોંચ્યો ત્યારે એમણે એકાએક પ્રસન્ન થઈને અદભુત કૃપા કરી અને પોતાના જીવનને કૃતાર્થ કર્યું.

તાજેતરના ભૂતકાળનો એ સુખદ ઈતિહાસ એની આંખ આગળ રમવા લાગ્યો.

આજે એ અધિક આહ્લાદક થઇ પડ્યો.

એની આંખમાંથી આનંદ અને આભારનાં આંસુ ટપકી પડ્યાં.

કોણ કહે છે કે સ્મૃતિમાં શક્તિ નથી ? સુખદ અને દુઃખદ બંને પ્રકારના પ્રસંગોની સ્મૃતિમાં શક્તિ હોય જ છે. એ શક્તિ હૃદયને સ્પર્શે છે, હલાવે છે, સંવેદનથી ભરે છે; પ્રેરણા ધરે છે, હર્ષ કે શોકનું દાન દે છે, અને જીવનને માટે આશીર્વાદ કે અભિશાપરૂપ ઠરે છે. જેવી સ્મૃતિ તેવી તેની શક્તિ અને તેવો તેવો પ્રભાવ.

કુંતીને માટે એ સ્મૃતિ સુખદાયક, શાંતિકારક, પ્રેરક ને પરમ પવિત્ર થઈ પડી.

એની સાથે એના મનમાં પેલો વિચાર ઊઠ્યો.

એને વિચાર કહો કે પ્રશ્ન કહો બધું એક જ હતું.

એ પ્રશ્ન એના મનમાં અત્યાર સુધી અનેકવાર ઊઠી ચૂકેલો.

દુર્વાસા મુનિનો મંત્ર શું સાચો હશે ? એવો અનેરો મંત્ર કોઈ હોઈ શકે ખરો ? મંત્રની અંદર એટલી બધી શક્તિ હોય ખરી ?

હા. મંત્રની શક્તિ અનંત હોય છે. એ સંબંધી કેટલીય વાતો સાંભળવામાં આવી છે. અને દુર્વાસા જેવા લોકોત્તર મહામુનિ એ વિશે મિથ્યા ભાષણ કરે જ શા માટે ? એ તો મનવચનથી પવિત્ર છે ને મંત્રદૃષ્ટા પણ છે, એટલે એમની વાત હંમેશા સાચી અને વિસ્મયકારક હોવા છતાં વિશ્વસનીય જ હોય. એટલે એ સંબંધી શંકા કરવી નકામી છે, તોપણ...એમની વાત વધારે પડતી તો લાગે છે જ. પરંતુ મહાત્મા પુરુષોની મોટા ભાગની વાતોનું લગભગ એવું જ હોય છે. હા.

એની આંખ આગળ દુર્વાસાની અસાધારણ, અમોઘ મંત્રશક્તિનો એક પ્રસંગ ઉપસ્થિત થયો.

એ પ્રસંગ થોડાક વખત પહેલાં જ બની ગયેલો.

મંત્રશક્તિનો પરિચય કરાવતો એ આખોય પ્રસંગ કેટલો બધો સુંદર અને શિક્ષાપ્રદ હતો ?

મન એને માનવાની ના પાડતું હોવાં છતાં સ્વાનુભવના એ પ્રસંગને માન્યા સિવાય છૂટકો જ નહોતો.

ચાતુર્માસના વખત દરમિયાન આ વખતે અનાવૃષ્ટિ જેવું હોવાથી પ્રજા ભારે ચિંતાતુર હતી.

ખેડૂતો, બીજા મનુષ્યો તથા પશુઓને માટે પરિસ્થિતિ ખૂબ જ પ્રતિકૂળ કે વિષમ બની.

ત્યારે એકાએક કોઈક વિચાર સ્કુરતાં કુંતિભોજે પોતાના વિશાળ અતિથિગૃહમાં ઊતરેલા દુર્વાસાની પાસે પહોંચીને જણાવ્યું:

'ભગવાન, પ્રજા આખીયે ચિંતાતુર ને પીડિત થઈ છે.'

'એમા હું શું કરું ?' દુર્વાસા બોલ્યા: 'મારાથી કશું થોડું જ થઈ શકે તેમ છે ?'

'કેમ ના થઈ શકે? સંસારના મંગલ માટે તો તમારું શરીરધારણ છે. તમારા જેવા લોકોત્તર, તપઃપૂત, તપસ્વીના શુભાગમન છતાં પણ પ્રજાની પીડા દૂર ના થાય એવું બને જ કેમ ? તમારી શક્તિ અનંત છે એવો મારો વિશ્વાસ છે. તમારા કેવળ આશીર્વાદથી જ સૌનું કલ્યાણ થઈ શકે એમ છે.'

'તો હું શું કરું ?'

'તે તો તમે જાણો. મારાથી એનો નિર્દેશ કે સંકેત કેવી રીતે કરી શકાય ? મારા કરતાં તમારી સૂઝ, સમજ ને શક્તિ પણ વધારે છે. આવા વિપરીત સંજોગોમાં અમને તો તમારા શરણ સિવાય બીજું કશું સૂઝતું જ નથી. અમારે માટે એ જ એક માર્ગ છે.'

દુર્વાસા થોડીવાર શાંત રહ્યા ને પછી બોલ્યાં:

'આજે હું એક મંત્રાનુષ્ઠાનનો આરંભ કરું છું. તેના ફળરૂપે તેની પરિસમાપ્તિ થતાં કાલે સાંજે વરસાદ જરૂર વરસશે, ને મારી કૃપાની સ્મૃતિરૂપે નગરનાં ચારે સરોવરો પશુપંખી અને પ્રજાને આનંદ આપતાં પવિત્ર પાણીથી છલકાઈ ઊઠશે.'

કુંતિભોજને ઘણો આનંદ થયો.

એમણે દુર્વાસાનો આભાર માન્યો ને કહ્યું:

'હવે મને શાંતિ થઈ. મેં કરેલી પ્રાર્થના મારા વ્યક્તિગત સ્વાર્થ કે સુખોપભોગને માટે નથી પરંતુ સમસ્ત લોકોના કલ્યાણ માટે છે એ તો તમે જાણો છો જ. તમે તેનો સ્વીકાર કર્યો એથી મારું મોટા ભાગનું દુઃખ દૂર થયું. હવે હું સુખેથી સૂઈ શકીશ. તમારા જેવાં મહાપુરુષ જે પ્રદેશને પોતાની પવિત્ર પદરજથી પવિત્ર કરતા હોય તે પ્રદેશ કોઈ રીતે દુઃખી ના રહી શકે. તે તો સમૃદ્ધ ને સુખી જ હોય.'

દુર્વાસાના કથનાનુસાર બીજે દિવસે સાંજે મૂશળધાર વરસાદ શરૂ થયો.

પ્રજાજનોમાં ઉલ્લાસ ફરી વળ્યો. સૌની પીડા અથવા ચિંતા શાંત થઈ.

નગરનાં ચારે સરોવરો છલકાઈ ગયાં, ને પશુપંખી એના પવિત્ર પાણીનો લાભ લેતાં કિલ્લોલ કરવા લાગ્યાં.

કુંતીની આંખ આગળ એ અનેરું આનંદદાયક દૃશ્ય ઊભું રહ્યું.

એનો પ્રાણ એથી પુલકિત થયો, એના શરીરે રોમાંચ થઈ રહ્યાં. અને એના મુખમાંથી આશ્ચર્યજનક, પ્રશસ્તિસૂચક, ઉદ્દગાર નીકળી પડ્યા.

દુર્વાસાની અસાધારણ શક્તિનો ખ્યાલ તો એને હતો જ, એ ખ્યાલ હવે તાજો ને પ્રબળ બન્યો.

એવા લોકોત્તર, તપઃપૂત મહાત્મા પુરુષના શુભાશીર્વાદ અને મંત્રબળથી શું ના થાય ? એવા પ્રતાપી મહાપુરુષ તો જો ધારે તો એમની વિરાટ શક્તિથી લેખ પર મેખ પણ મારી શકે.

તો પછી એમણે આપેલા મંત્રની શક્તિ વિશે શંકા કેમ થઈ રહી છે ? એના વિશે જુદી જુદી જાતના ચિત્રવિચિત્ર વિચારો કેમ આવ્યા કરે છે.

કુંતીને થયું કે એવા વિચારો આવે એમાં કશું નવાઈ જેવું નથી કારણ કે મંત્ર છે જ વિલક્ષણ.

એ મુનિએ આપેલા મંત્ર કરતાં એનો પ્રયોગ વધારે વિલક્ષણ છે, અને એ પ્રયોગપદ્ધતિ કરતાં પણ વધારે વિલક્ષણ છે એનો ફળાદેશ.

મંત્ર દ્વારા સંતાનપ્રાપ્તિનું એવું ફળ મળી શકે ખરું ?

દિવસો સુધી એના મનમાં એનો એ પ્રશ્ન ઘોળાયા કર્યો.

એ પ્રશ્નનો પ્રત્યુત્તર કોઈ બીજા પાસેથી મેળવી શકાય તેમ હતું જ નહિ કારણ કે મુનિના આદેશાનુસાર આખાય મંત્રને, એની વિધિને અને એના ફળને ગુપ્ત રાખવાનું હતું. એટલે મનની વાત મનમાં રાખ્યા સિવાય બીજો કોઈ રસ્તો જ નહોતો.

વખત વીતતો ગયો તેમ તેમ કુંતીનું મન વધારે ને વધારે વિચારશીલ બનતું ગયું. દિવસરાત એને એ જ વિચારો આવવા લાગ્યા.

આખરે એના વિચારોનો પ્રવાહ જુદી દિશામાં વળવા લાગ્યો.

એને મુનિએ આપેલા મંત્રનો પ્રયોગ કરવાની ઈચ્છા થઈ.

એ ઈચ્છાની પાછળ કેવળ કુતૂહલ નહોતું પરંતુ સત્યાસત્યનો નિર્ણય કરવાની વૃત્તિ હતી. એવા નિર્ણય વિના એને શાંતિ નહોતી લાગતી ને ચેન નહોતું પડતું. ઊંઘમાં પણ એને એનો જ વિચાર આવતો.

એટલે આખરે એવી વૃત્તિથી વિવશ બનીને એણે એ મંત્રના પ્રયોગનો નિર્ણય કર્યો. નિર્ણય કર્યા વિના એનાથી રહેવાયું જ નહિ એમ કહીએ તો ચાલે.

એણે એક શુભ દિવસ પસંદ કરીને મુનિની સૂચનાનુસાર રાતના શાંત સમયે આસન તૈયાર કર્યું.

એ આસન પર બેસીને સૌથી પહેલાં તો એણે મુનિશ્રેષ્ઠ દુર્વાસાનું સ્મરણ કર્યું, એમની શ્રદ્ધાથી પ્રેરાઈને પ્રાર્થના કરી, ને પછી મંત્રના વિધિપૂર્વક જપ કરતાં સૂર્યદેવતાનું આહ્‌વાન કર્યું.

આહ્‌વાન કરતાં જ એનું કુતૂહલ શમી ગયું અને એની શંકા અથવા ભ્રમણા મટી ગઈ.

એના અપાર આશ્ચર્ય વચ્ચે એની સામે પ્રકાશ પથરાયો, અને એની વચ્ચેથી એક પરમ તેજસ્વી દેવમૂર્તિનું પ્રાકટ્ય થયું.

કુંતીએ આંખ ચોળીને, બરાબર જોઈને, પોતાને જે દેખાઈ રહ્યું છે તે સાચું છે એવી ખાતરી કરી લીધી. ત્યાં તો એ પરમપ્રતાપી, અલૌકિક દેવમૂર્તિએ કહ્યું:

'રાજકુમારી, તે મંત્ર દ્વારા વિધિપૂર્વક મારું આહ્‌વાન કર્યું માટે હું આવી પહોંચ્યો છું. તારી જે ઈચ્છા હોય તે પ્રકટ કર.'

કુંતી તો આભી જ બની ગઈ.

પોતાની જાતને સંભાળીને એ ધીરે સ્વરે બોલી:

'ભગવન, મને મારી માગણી ના હોવા છતાં આ મંત્ર દુર્વાસા મુનિએ પ્રદાન કરેલો. હું એની સત્યાસત્યની કસોટી કરવા માટે એનો પ્રયોગ કરી બેઠી છું. મારો અપરાધ થયો છે તેને માટે મને ક્ષમા કરો. સ્ત્રીઓનો અપરાધ પુરુષો સદા ક્ષમા કરે છે. મંત્રનો પ્રયોગ કરતાવેંત જ તમે આવી પહોંચશો એવો વિશ્વાસ મને જરા પણ નહોતો.'

'છતાં પણ હવે તો તને ખાતરી થઈને ? દુર્વાસા કોઈ સામાન્ય સંતપુરુષ નથી તે તો તું પણ જાણે છે. એમનું વચન અને એમનો આશીર્વાદ હંમેશા અમોઘ હોય છે. તને એમાં શંકા થઈ અને એમણે આપેલા મંત્રનો તેં પ્રયોગ કર્યો તો હું તારી આગળ આવીને ઊભો રહ્યો એમાં મારો કોઈ દોષ નથી. મેં તો મંત્રની મર્યાદાને જ પાળી છે. એથી વિશેષ બીજું કશું જ નથી કર્યું. તેં કોઈ અપરાધ નથી કર્યો તે બરાબર છે, પરંતુ મારું આગમન પણ નિરર્થક નથી થતું. તને મળેલો મંત્ર શાને માટે છે તે તું જાણે જ છે.'

'પરંતુ હું તો હજુ કુમારિકા છું. મારાં લગ્નને હજુ વાર છે અને એ અવસ્થામાં અત્યારે મને પુત્રની ઈચ્છા તો શું, પુત્રનો વિચાર પણ ના હોય એ સહેલાઈથી સમજી શકાય તેમ છે.'

'છતાં પણ મંત્રનો પ્રયોગ તો પોતાનું કામ કરશે જ. મહાત્મા પુરુષોએ સ્થાપેલ મંત્રમર્યાદાનો અનાદર મારા જેવા દેવોથી ભૂલેચૂકે પણ ના થઈ શકે. નહિ તો વૈદિક ધર્મનો ને તપશ્ચર્યાનો લોપ થાય, મંત્રપ્રણાલિનો ભંગ થાય, ધર્મજ્ઞ જનોમાં અવિશ્વાસ વધી જાય, ને સમાજમાં અવ્યવસ્થા, આશંકા અને અનાચાર ફેલાય.'

'તો પછી...'કુંતીને કાંઈ સમજાયું નહિ: 'મેં ભૂલથી જેનો ઉપયોગ કરી નાખ્યો છે તે મંત્રના ફળમાંથી ઊગરવાનો કોઈ રસ્તો જ નથી રહેતો ?'

'ના. એનો કોઈ જ રસ્તો નથી રહેતો.'

'એ તો ઘણું દુઃખદ કહેવાય. ખરેખર દુઃખદ.'

'દુઃખદ હોય કે સુખદ છતાં પણ એને ભોગવ્યા વિના છૂટકો જ નથી. મંત્ર તથા તેનું ફળ મિથ્યા નહિ જ થાય. મારા અનુગ્રહને લીધે તારો કન્યાભાવ દુષિત નહિ થાય, તારી પવિત્રતા એવી જ અક્ષય રહેશે, ને તને પુત્રની પ્રાપ્તિ થશે.'

'પુત્રની પ્રાપ્તિ ?'

'હા, પુત્રની પ્રાપ્તિ. એથી તારે ડરવાનું કોઈ જ કારણ નથી રહેતું.

'પરંતુ લોકો ... ?'

'લોકોને તેની ખબર પણ નહિ પડે. એમની ચિંતા ના કરવી. એ પુત્ર મારા અનુગ્રહરૂપે પ્રાપ્ત થયેલો હોવાથી ખૂબ જ પ્રતાપી, શક્તિશાળી ને તેજસ્વી થશે. એ મોટો થશે ત્યારે એનો યશ સંસારમાં સારી પેઠે ફરી વળશે. તું પોતે એનો ભેદ નહિ ખોલે ત્યાં સુધી એ ભેદની ખબર કોઈને પણ નહિ પડે. મારા આશીર્વાદરૂપે એ પુત્ર તને પ્રાપ્ત થશે. મારો આશીર્વાદ છે, અંતઃકરણપૂર્વકનો આશીર્વાદ.'

એટલું કહીને સૂર્યદેવતા જોતજોતામાં અદૃશ્ય થયા.

કુંતી એ આકસ્મિક પ્રસંગથી એટલી બધી ડઘાઈ ગઈ કે વાત નહિ.

યોગ્ય વખતે એને એક રૂપરૂપના અંબાર જેવા તેજસ્વી પુત્રની પ્રાપ્તિ થઈ. પુત્રપ્રાપ્તિ છતાં સૂર્યનાં વરદાનથી એ કન્યા જ રહી.

દેવકુમાર જેવાં, કવચ અને કુંડળ પહેરીને પેદા થયેલા, એ સુંદર બાળકને જોઈને કુંતીને આશ્ચર્યમિશ્રિત આનંદની લાગણી થઈ આવી અને ભયની પણ. બાળકનું લોકોત્તર સુંદર સ્વરૂપ કોઈને પણ આનંદ આપવા પૂરતું હતું, પણ લોકાપવાદના વિચારથી એને ભયની લાગણી થઈ આવી. પરંતુ હવે બીજું થાય પણ શું ? એ પોતે પોતાની જ ભૂલનો ભોગ બની ગઈ. એનું પોતાનું દુઃસાહસ એને પ્રતિકૂળ પરિણામ ભોગવવા માટે બાધ્ય કરતું ઊભું રહ્યું.

એને થયું કે હવે આ સંજોગોમાં શું કરવું એનો નિર્ણય વહેલી તકે લઈ લેવો જોઈએ.

પોતાના દુઃસાહસને માટે એને દુઃખ તેમજ પશ્ચાત્તાપ થવા માંડ્યો. એ પોતાના ભાગ્યને વારંવાર દોષ દેવા માંડી.

એણે આતુર અંતરે એકવાર ફરીથી દુર્વાસાનું સ્મરણ કર્યું ને આવા વિષમ સંજોગોમાંથી માર્ગ બતાવવા પ્રાર્થના કરી.

પશ્ચાત્તાપ, પીડા અને પ્રાર્થનાથી એનો પ્રાણ પીગળી ગયો. આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં. એ ધ્રુસકાં ખાવા લાગી.

એ જ વખતે એને પોતાની પ્રાર્થના સંભળાઈ હોય એવો અનુભવ થયો. એથી એને થોડીક શાંતિ મળી.

* * *

## ૩. પુત્રની પ્રાપ્તિ

અંતરના અંતરતમની પ્રામાણિક, પ્રખરપણે થયેલી પ્રાર્થના કાંઈ વ્યર્થ થોડી જ થાય છે ?

એ સંભળાય છે એટલું જ નહિ, એનો ઉત્તર પણ આવી મળે છે.

પ્રાર્થનાની શક્તિ એવી અસાધારણ છે.

કુંતીની પ્રાર્થના પણ જાણે કે સંભળાઈ. 'જે પોષતું તે મારતું.' એ યુક્તિને ઉલટાવીને કહી શકાય કે જેણે એને મારવાની ઈચ્છા કરેલી એણે જ એને પોષવાની, એને ઉગારી લેવાની, તૈયારી કરી. એને લીધે એના અંતરમાં અનેરો આનંદ છવાયો, એનો ક્લેશ કપાઈ ગયો, અને એની અસ્વસ્થતાનો અંત આવ્યો.

એના અંતરમાં એક અવનવી યોજના સ્ફુરી આવી.

એ નવજાત પુત્રને પોતાની પાસે રાખવાનું એને ઠીક ના લાગ્યું. એને માટે એની હિંમત ના ચાલી. એટલે એ યોજનાનુસાર વર્તવાનું જ એણે ઉચિત માન્યું.

થોડીવાર સુધી તો એણે એ નવજાત સુંદર શિશુનું નેહપૂર્વક નિરીક્ષણ કર્યું. પછી રત્નોથી ભરેલી એક નાનકડી પેટી તૈયાર કરી, અને એને એમાં સુવાડી દીધું. પછી પેટીને સંભાળપૂર્વક બંધ કરી.

એ પછી એણે કોઈ પણ પ્રકારનો ઊહાપોહ કર્યા વિના સમીપવર્તી સરિતાતટ પર પહોંચીને એ પેટીને પાણીના વેગથી વહી જતા પ્રવાહમાં પ્રવાહિત કરી દીધી.

થોડીક ક્ષણો સુધી તો એ ત્યાં જ સરિતાના સુંદર પ્રવાહ પાસે ભારે લાગણીવશ બનીને ચિંતન કરતી બેસી રહી.

આટલું મોટું, અકલ્પનીય, અવનવું સાહસ કરવાની વૃત્તિ એની અંદર કેવી રીતે પેદા થઈ શકી એની સમજ એને પણ ના પડી. આવા મહાન સાહસનો પ્રસંગ એના જીવનમાં આ પહેલો જ હતો.

એક રાત્રિ દરમિયાન એના જીવનમાં જે ચમત્કૃતિભરેલા અવનવા પ્રસંગોની પરંપરા પેદા થઈ. એણે એને રોમાંચિત અને ચકિત જ નહિ પરંતુ સ્થંભિત કરી દીધી. એની બુદ્ધિ લગભગ બહેર મારી ગયા જેવી થઈ ગઈ. એને સમજાયું નહિ કે આ બધું શા માટે ને શું બની ગયું.

લાંબે વખતે એણે પોતાની જાતને સંભાળી લીધી, પોતાના મરી પરવારવા માંડેલા મનોબળને થોડુંક મજબૂત કર્યું, આંખના આંસુને પાલવથી લૂછી નાંખ્યાં અને સરિતાના પ્રશાંત તટ પરથી ધીમે પગલે ચાલવા માંડ્યું.

એક શાંત સંગીત છોડતાં સરી જતી સરિતા, બીજી જેના પર એની સુકોમળ પગલી પડતી હતી તે પૃથ્વી, ત્રીજું વિશાળ વ્યોમ, ચોથો મંદમંદ ચમકતો ચંદ્ર ને આછાઆછા ટમકતા તારા, તથા પાંચમો એ અસાધારણ સાહસકર્મ જોઈને સંકોચમાં પડેલો પવન: એની ગુપ્ત પ્રવૃત્તિનાં એ પાંચ સાક્ષી હતાં.

કુંતી વચ્ચે વચ્ચે ઉપર આકાશ તરફ, સરિતાના પ્રશાંત પ્રવાહ તરફ અને પોતાની આજુબાજુ દૃષ્ટિપાત કરતી આગળ વધી, અને જાણે કે કાંઈ જ વિશેષ ના બન્યું હોય એવા ભાવ સાથે આખરે મહેલમાં પોતાની પથારી પર આવીને સૂઈ ગઈ. મહેલના વિશેષ અવસરે જ વપરાતા અત્યંત ગુપ્ત માર્ગનો એણે આવાગમન માટે આધાર લીધો હોવાથી, મહેલના મુખ્ય દ્વાર પર ઊભેલા પહેરેગીરો પણ એની એ પ્રવૃત્તિથી અજાણ રહ્યાં.

પથારીમાં સૂવા છતાં એની આંખ મળી નહિ.

વારંવારના નિદ્રાધીન થવાના પ્રયત્નો વિફલ ગયા ત્યારે તાજેતરની ઘટનાઓ એની આંખ આગળ ફરવા માંડી. એની પ્રતિક્રિયારૂપે એ ફરી પાછી બેચેન બની ગઈ ને દુઃખી થઈ.

એને પોતાના બાળકની ચિંતા સતાવવા લાગી.

એના મનમાં એવો વિચાર પણ ઉત્પન્ન થયો કે એ દેવદત્ત, સુંદર સુકોમળ બાળકને પોતે કોના ભરોસે સરિતામાં પ્રવાહિત કરી દીધું ? અને પ્રવાહિત કર્યું જ શા માટે ? એ રત્નભરેલી પેટી પાણીના વેગથી કોઈક ખડક કે પથ્થર સાથે અથડાશે, ક્યાંક વચ્ચે જ અટકી પડશે કે કિનારે પહોંચશે, ને જલચરો એ બાળકનો નાશ કરી નાંખશે તો ? એ કોઈક અસુરના હાથમાં જ આવી જશે તો ? એના કરતાં તો એ બાળકને પોતાની પાસે જ રાખ્યું હોત ને એના જન્મસંબંધી સઘળીયે સાચી હકીકત કુંતિભોજને કહી દીધી હોત તો ? કુંતિભોજ શું એને મારી નાખત કે રાજમહેલમાંથી બહાર કાઢત ? કદાચ એ હકીકતને એ સાચી ના માનત, અને પોતાની ઉપર કોઈ દોષારોપણ કરત, એ એને કલંક લગાડત એટલું જ. બાકી બાળક સુરક્ષિત રહી શકત.

તો શું અત્યારે એ સુરક્ષિત નથી ? ઈશ્વરના હાથમાં એ સુરક્ષિત જ છે. જે દેવે એનું દાન કર્યું છે તે દેવને શું એની ચિંતા નહિ હોય ? હશે જ. છતાં પણ માનવસ્વભાવ એવો છે કે ચિંતા થાય એ સ્વાભાવિક છે. વળી અત્યારથી એ બાળકને પાસે રાખવાનું પણ કેવી રીતે ગમે ? ધારો કે પરિચારકો એને ઉછેરે કે મોટો કરે પરંતુ લોકોપવાદનું શું ? લોકો તો મને ચૂંટી ખાય. એમને ગળે મારું સ્પષ્ટીકરણ ભાગ્યે જ ઊતરે. અને દુર્વાસા મુનિએ પણ મંત્રપ્રયોગની આખીયે વાત ગુપ્ત રાખવાની કહી છે ને ? તેને જાહેર કરીને મુનિના વિશ્વાસનો ભંગ કરવો પણ એકદમ અનુચિત ગણાય. એટલે એ બધું વિચારતાં જે થયું છે તે ઠીક જ થયું છે. એને યાદ કરીને દુઃખી થવાનો હવે કશો અર્થ જ નથી રહેતો.

એવા એવા અનુકૂળ-પ્રતિકૂળ તર્કવિતર્કથી કુંતીનું મન ઘેરાઈ રહ્યું.

એને પોતાની જીદ પર થોડોક તિરસ્કાર પણ છૂટ્યો.

એ વખતે ઉષઃકાળ હતો એટલે થોડા જ વખતમાં સૂર્યોદય થયો ને સૂર્યના તાજાં કિરણોનો પાવન પ્રકાશ બધે ફરી વળ્યો.

એણે નિત્યકર્મથી પરવારીને સૂર્યની સામે ઊભા રહીને ગદગદ કંઠે પ્રાર્થના કરી:

‘હે સૂર્યદેવ, તમારાથી કશું છૂપું નથી. તમારાં સુકોમળ કિરણો પૃથ્વીના પ્રત્યેક પ્રદેશમાં પહોંચી જાય છે. તમે વિશ્વવ્યાપક તથા સર્વજ્ઞ છો એવું કહું તો કશું ખોટું નથી. તમે જ સૌને પ્રકાશ પહોંચાડો છો, જીવન આપો છો, ને ચેતના પૂરી પાડો છો. તમારા આહ્‌વાનથી, તમારા અનુગ્રહના પરિણામે જ એ પુત્રની પ્રાપ્તિ થઈ છે. લોકોપવાદના ભયને લીધે મેં એનો ત્યાગ કર્યો છે. એ ત્યાગ કરવાની પ્રેરણા પણ તમે જ પૂરી પાડી છે એવો મારો વિશ્વાસ છે. હું એક દોષોથી ભરેલી સામાન્ય સુકન્યા છું છતાં ક્ષમાયોગ્ય છું. એ બાળકની તમે અવશ્ય રક્ષા કરજો ને એને સલામત સ્થાનમાં પહોંચાડજો. એને લેશપણ દુઃખ ના પડે કે પીડા ના પહોંચે તેનું ધ્યાન રાખજો. તમારે માટે એ કામ જરા પણ કઠિન નથી. એને ખૂબ જ જ્ઞાની, ગુણવાન, દાની, યશસ્વી, શૂરવીર અને પરદુઃખભંજન બનાવજો. એને તમારા પરિપૂર્ણ આશીર્વાદનો પાત્ર, સુખી ને સમૃદ્ધ કરી દેજો.’

એટલું કહેતાં તો એનું હૈયું ભરાઈ આવ્યું. એની આંખ છલકાઈ ગઈ.

ભાવવિભોર બનવાને લીધે એ આગળ કશું ના બોલી-ના બોલી શકી. સૂર્યની સામે કરૂણાસભર આંખે કેવળ જોઈ રહી.

સૂર્યે જાણે કે એની પ્રાર્થના સાંભળી. એના કોમળ કિરણો અધિક આહ્લાદક બની રહ્યાં.

એ જ વખતે સરિતાના પ્રશાંત પ્રવાહ પરના એક સુંદર એકાંત ઘાટ પર બેઠેલાં દંપતી સૂર્યની સામે જોઈને ઉમળકાપૂર્વક કૃતજ્ઞતાથી ભરાઈને ભાવવશ બની ગયાં. પુરુષ અધિરથ હતો અને એની પત્ની રાધા.

અધિરથે કહ્યું :

'આપણું લગ્ન થયું છે ત્યારથી ઉત્તરોત્તર મારી સમૃદ્ધિ વધતી જ જાય છે. તું છે જ ભાગ્યશાળી. આપણે બીજી બધી રીતે સુખી છીએ. ઈશ્વરકૃપાથી ધનવાન પણ છીએ. આપણા જીવનમાં એક જ દુઃખ હતું. આપણને કોઈ સંતાન નહોતું એટલે મન કદી કદી ખૂબ જ ઉદ્વેગમાં રહેતું. આજે એ ઉદ્વેગ પણ ટળી ગયો. હજુ ઘાટ પર કોઈ આવ્યું નથી ત્યાં જ પ્રભાતના આ પ્રથમ પ્રહરમાં, ઈશ્વરે આપણા પર આ કેવો અદ્દભુત અનુગ્રહ કર્યો ? આપણને કેવા દેવપુત્રની પ્રાપ્તિ થઈ ? વહેલી સવારે સ્નાન કરવાના નિયમપાલનનું ઈશ્વરે આજે વ્રતની પરિસમાપ્તિના દિવસે જ આપણને ફળ આપ્યું.'

રાધા બોલી:

' આવો બાળક તો સંસારમાં બીજે ક્યાંય ન હોય. કેવો સુંદર અને અદ્દભુત બાળક છે ? ઈશ્વરે આપણને આટલો બધો વખત અપુત્ર રાખ્યાં એનો બદલો ચક્રવૃદ્ધિ વ્યાજ સહિત સામટો જ વાળી દીધો. એની લીલા પણ કેવી અજબ છે ? એ કયે વખતે શું કરવા ધારે છે અને કેવી રીતે કરવા ધારે છે એની ખબર કોને પડે છે ?'

'રૂપરંગ ઉપરથી તો કોઈ રાજપુત્ર હોય એવું લાગે છે. એનાં લક્ષણો એવાં જ અનેરાં છે.'

'તમે પણ આજે આનંદના અતિરેકમાં આવીને ભાન ભૂલી ગયા લાગો છો. તેથી જ આવું બોલી રહ્યાં છો. મને તો આ બાળક કોઈ રાજપુત્ર નથી લાગતો. રાજપુત્રો આટલા સુંદર નથી હોતાં. વળી એમનાં લક્ષણો પણ આટલાં બધાં અસાધારણ ભાગ્યે જ હોય છે. આ તો રાજપુત્ર નહિ પરંતુ દેવપુત્ર લાગે છે.'

'દેવપુત્ર !' અધિરથે આશ્ચર્ય બતાવ્યું.

'હા, દેવપુત્ર જ.' રાધાએ એ આશ્ચર્યનો શાંતિપૂર્વક ઉત્તર વાળ્યો: 'આવા સુપુત્રો તો રાજાઓનાં નસીબમાં પણ ના હોય. અને ધારો કે એમનામાંથી કોઈને આવા પ્રતાપી પુત્રની પ્રાપ્તિ થાય તો એ એને આવી રીતે રસ્તે રઝળતો મૂકે કે પાણીમાં પ્રવાહિત કરી દે ? એ તો આવા અલૌકિક પુત્રને આઠે પ્રહર પોતાની પાસે રાખે અને એક ક્ષણ પણ અળગો ના રાખે. આવી રીતે પેટીમાં બંધ કરીને એનો પરિત્યાગ કરવાની તો એ કલ્પના જ ક્યાંથી કરી શકે ?'

'રાજકુળમાં કોઈને ખબર ના પડે એવી રીતે એવા કેટલાય અનાચારો થતા હોય છે. આ પણ એમાંના એક અનાચારનો જ પડઘો હોય તો કોને ખબર છે ? કોઈક અતિ ગંભીર અનાચારની ઉપર પડદો પાડવા માટે આને આવી રીતે છોડી મૂકવામાં આવ્યો હોય એવી શક્યતાને કાંઈ નકારી ના કઢાય.'

'તમે એવી કલ્પના ભલે કર્યા કરો, પરંતુ મને તો એવી કલ્પનામાં કાંઈ વજૂદ નથી દેખાતું. મને તો આ પુત્ર કોઈ રાજપુત્ર નથી લાગતો પણ દેવપુત્ર જ લાગે છે. આપણા પારસ્પરિક પવિત્ર પ્રેમની કદર કરીને, આપણને પુત્રવિહોણાં જોઈને, આપણા ઉપર કૃપા કરવાના આશયથી કોઈક દેવતાએ આ બાળકની આપણને

પ્રાપ્તિ કરાવી છે. એ કોઈક કૃપાળુ દેવના અનુગ્રહનું જ પરિણામ છે. એ સિવાય આવા કવચ અને કુંડળ સાથે સ્વાભાવિક રીતે જ પ્રકટ થયેલા બાળકનું દર્શન પણ દુર્લભ હોય.'

અધિરથ થોડોક વખત શાંત રહ્યો. બાળકની કાયા તરફ એ એકીટસે જોઈ રહ્યો ને બોલ્યો:

'આ બાળકનાં માતાપિતા ગમે તે હોય પણ બાળક છે ખૂબ જ અદ્દભુત, એમાં જરા પણ શંકા નથી. એનું શરીર કેવું સુકોમળ છે ને એની મુખાકૃતિ તથા આંખો કેટલી બધી અમૃતમય ? એને જોતાંવેંત જ અંતરમાં આનંદ છવાય છે. જેણે એનો ત્યાગ કર્યો છે એણે ગમે તે કારણથી ત્યાગ કર્યો હોય પરંતુ એ નિર્દય કે નિષ્ઠુર તો નથી જ. પેટીમાં એની સાથે જે રત્નો મૂક્યા છે તેના પરથી એટલું તો સાબિત થાય છે જ.'

'એ પેટીમાં રત્નો ના હોત અને કેવળ બાળક હોત તોપણ આપણે માટે તો એ રત્નરૂપ જ થાત. અરે મોટામાં મોટા મૂલ્યવાન રત્નરૂપ. આવા બાળકનું મૂલ્ય તો રત્નોથી પણ વધારે છે. એની આગળ રત્નો પણ શું કરે ? અને આપણે ક્યાં ઓછાં ધનવાન છીએ ? આવા તો કેટલાય બાળકોનું પોષણ કરવાની આપણામાં શક્તિ છે. આપણી ધનિકતામાં એક પુત્રની ખામી હતી તે પણ હવે પૂરી થઈ ગઈ એટલે આપણે હવે સૌથી વધારે ધનવાન બની ગયાં. આપણાં જેવા ધનવાન બીજાં કોઈ ભાગ્યે જ હશે. નહિ જ હોય.'

'સાચું છે, દેવી! આજનો સૂરજ આપણા જીવનમાં સોનાનો થઈને ઊગ્યો છે. આજનો દિવસ આપણે માટે ભારે શુકનવંતો પુરવાર થયો છે. આ જન્મમાં તો આપણે એટલા પુણ્યો નથી કર્યાં. એવું એક પણ વિશેષ પુણ્ય નથી કર્યું, પરંતુ પાછલા જન્મોની કોને ખબર છે ? આપણા પાછલા જન્મોમાં જાણ્યેઅજાણ્યે કોઈક સત્કર્મ જરૂર થયું હશે. એના પરિપાક રૂપે જ આ બાળકની પ્રાપ્તિ થઈ એમાં શંકાને સ્થાન જ નથી. મારું ભાગ્ય તો એટલું બધું પ્રબળ નથી પરંતુ તારા ભાગ્યની પ્રબળતાનું જ આ પરિણામ છે.'

'મારા જ નહિ પણ આપણાં બંનેના ભાગ્યનું. બે હાથ ભેગા થયા વિના તાળી પડી શકે છે ? પરંતુ હવે એ વાત જવા દઈને આપણા કર્તવ્યનો નિર્ણય કરીએ. જેમ જેમ દિવસ વધતો જશે તેમ તેમ કોઈને કોઈ માણસો આવતા જશે.'

'નિર્ણય તો બીજો કયો કરવાનો ? ઈશ્વરે આપણને જે પુત્ર આપ્યો છે તેને લઈને આપણે ઘેર જવાનું છે. આપણું કર્તવ્ય એ જ છે: આ દેવદુર્લભ સુંદર બાળકની રક્ષા કરવાનું, સંભાળ રાખવાનું, અને એને આપણું પોતાનું માનવાનું.'

મહાયશસ્વી સૂતપુત્ર અધિરથે પોતાની પત્ની રાધાને જરૂરી સૂચના પૂરી પાડી. એ પછી બંને પેટી સાથે જ પ્રવાહિત થઈને કિનારે આવેલા એ બાળકને લઈ ને ઘર તરફ ચાલી નીકળ્યાં.

એમના રથના ઘોડા અવનવા ઉત્સાહથી દોડવા માંડ્યાં.

અધિરથ તથા રાધાનાં અંતરનો ઉલ્લાસ માતો નહોતો. એમને આજે એક દુર્લભ વસ્તુની પ્રાપ્તિ થયેલી.

એના આનંદના અતિરેકમાં પેટીની અંદરના રત્નો એમણે ગરીબો અને પરિચારકોને વહેંચી દીધાં.

રત્નો પોતાની પાસે રાખવાની જરૂર એમને ના લાગી.

* * *

## ૪. સ્વયંવર

અધિરથ અને રાધા એ દેવે દીધેલા સુંદર બાળકને પ્રાણથી પણ પ્રિય માનીને ઉછેરવા લાગ્યાં.

કુંડળ તથા કવચરૂપી વસુસહિત જન્મેલો હોવાથી એ બાળકનું નામ એમણે વસુષેણ પાડ્યું.

વસુષેણ હતો પણ ખૂબ જ ચતુર અને મેધાવી.

દિનપ્રતિદિન એ મોટો થતો ગયો તેમ તેમ સૌને વધારે ને વધારે પ્રિય થતો રહ્યો.

અનેક પ્રકારનાં અસ્ત્રશસ્ત્રને ચલાવવાની વિદ્યાનું જ્ઞાન મેળવવામાં એને ઘણો આનંદ આવતો એટલે એણે નાની ઉંમરમાં જ અસ્ત્રશસ્ત્રની એ વિદ્યામાં પ્રવીણતા પ્રાપ્ત કરી.

અસ્ત્રશસ્ત્રના પ્રયોગની કળામાં બીજા કોઈથી એનો મુકાબલો કરી નહોતો શકાતો.

એ ઉપરાંત તપશ્ચર્યા તરફ પણ એનું એટલું જ ધ્યાન હતું.

મધ્યાહ્નથી માંડીને સાયંકાળ સુધી સૂર્યની સામે ઊભો રહીને એ મંત્રજપ કરતો.

એ વખતે કોઈયે બ્રાહ્મણ એની પાસે આવીને જે કાંઈ યાચના કરતો તે પૂરી કરવાનું એનું વ્રત હતું. એ મંત્રજપ દરમિયાન કે તે પછી એ કોઈયે યાચકને પાછા ના કાઢતો. એથી એક મહાન ઉત્તમ દાનવીર તરીકે એની પ્રસિદ્ધિ ચારે તરફ ફરી વળેલી.

એનામાં બીજા અનેક અસાધારણ ગુણો હતા જે એના સંસર્ગમાં આવનારને મંત્રમુગ્ધ કરી દેતાં. એવા ગુણો સામાન્ય તો શું અસામાન્ય બાળકોમાં પણ ભાગ્યે જ જોવાં મળતાં.

એથી એને જોઈને સૌ કોઈને પ્રેમ થયા કરતો. સૌ એની પેટ ભરીને પ્રશંસા કરતા.

સખીઓ રાધાને કહેતી:

'રાધા, તારું ભાગ્ય ઘણું મોટું છે હોં!'

'આવું ભાગ્ય તો કોઈકનું જ હશે. અરે, કોઈનુંય નહિ હોય.'

'અમને તો તારા સદ્દભાગ્યની ઈર્ષા આવે છે. એક જાતની મીઠી ઈર્ષા. મોટી ઉંમરે બાળક મળ્યું અને એ પણ કેટલું સુંદર ?'

'રૂપાળા બાળકો તો કેટલાય જોઈએ છીએ પરંતુ વસુષેણ તો ગુણવાન પણ છે. રૂપ અને ગુણના સમન્વય સરખા આવા બાળકો તો ખરેખર કોઈક વિરલ જ હોય.'

'સાચું છે. મને તો એને જોઈને એવો ઉમળકો થઈ આવે છે કે એને મારે ઘેર જ લઈ જાઉં.'

'ઈશ્વરે વસુષેણને કોઈક ધન્ય ઘડી કે ધન્ય નક્ષત્રમાં તારે માટે જ જન્માવ્યો હશે.'

અધિરથ વસુષેણને મોટે ભાગે સાથે લઈને જ ફર્યા કરતો. તે જોઈને એને પણ એના મિત્રો કહેતા:

'કેમ ના ફરે ? આવો પ્રતાપી પુત્ર આપણો હોય તો આપણે પણ એને એક ક્ષણ માટે પણ અળગો ના રાખીએ. આવો સુયોગ્ય પુત્ર તો પૂર્વે જેણે ઉત્તમ પુણ્યો કર્યાં હોય તેને જ પ્રાપ્ત થઈ શકે.'

'આ બાળક તારા નામને પોતાના નામની સાથે ત્રણે લોકમાં ઉજ્જવળ કરશે હોં અધિરથ! એનાં લક્ષણ એવાં છે. ભવિષ્યમાં એ એક મોટો મહારથી બનશે કે સમ્રાટ થશે.'

અધિરથ ભારે લાગણીવશ બનીને પ્રેમપૂર્વક ગદગદ કંઠે કહેતો:

'ભવિષ્યમાં તો એ જે બને તે ખરો. એ તો ઈશ્વરના હાથમાં છે. બાકી સમ્રાટ તો એ શું અત્યારથી જ નથી બની ગયો ? એ અમારાં હૃદયનો અથવા જીવનનો સમ્રાટ જ છે. એનું અમારા પર એકછત્ર શાસન જ ચાલી રહ્યું છે. મારા નામની પ્રસિદ્ધિનો તો મને જરા પણ મોહ નથી, પરંતુ એ એનાં લોકોત્તર સત્કર્મોથી એના પોતાના નામને ત્રણે લોકમાં ઉજ્જવળ કરે એટલું ઘણું છે. એના યશને નિહાળીને અમને ખૂબ ખૂબ આનંદ થશે.'

વસુષેણ પણ કોઈવાર કહ્યા કરતો:

'મોટો થઈને હું એક મહાન દાની તથા વીર થઈશ. મારી કીર્તિ દિગંતમાં ચોતરફ ફરી વળશે. પ્રતિસ્પર્ધીઓ મારી સામે યુદ્ધમાં ટકી જ નહિ શકે. છતાં હું દીનદુઃખી, અનાથ અને અનપરાધી પર વિશેષ પ્રેમ રાખીશ, એમની પડખે ઊભો રહીશ, અને એમને બનતી બધી રીતે મદદરૂપ થઈશ.'

એના શબ્દો સાંભળીને અધિરથ અને રાધાનાં અંતર ઉછળી પડતાં.

એમનો ઉમંગ માતો નહિ.

એમને પોતાનું જીવન ધન્ય તથા શરીરધારણ સફળ લાગતું.

ત્રિલોકમાં કોઈને પણ ના મળી હોય એવી સંપત્તિ એમને મળી હોય એવો સંતોષ અને આનંદ એમને થયા કરતો.

વસુષેણના પોતાના જીવનમાં આવવાથી જ એ સાચા અર્થમાં ધનવાન કે સંપત્તિશાળી બન્યા હોય એવું એમને લાગ્યા કરતું.

કુંતીને પણ એ દેવદત્ત સુંદર બાળકનું સ્મરણ તો થયા જ કરતું. એ એને કેમે કરી નહોતી ભૂલી શકતી.

અને ભૂલી શકે પણ કેવી રીતે ?

એ બાળકની પ્રાપ્તિ જ એવી રીતે થયેલી કે એને કોઈ રીતે ભૂલી શકાય જ નહિ.

એના પરિત્યાગના પ્રસંગનું સ્મરણ કરીને એનો આત્મા અવારનવાર ડંખ્યા કરતો, પરંતુ એ ડંખને સહ્યા સિવાય છૂટકો જ ક્યાં હતો ? એને માટે બીજો કોઈ ઉપાય જ નહોતો. એના જીવનમાં પેદા થયેલી આકસ્મિક પરિસ્થિતિમાં પુત્રના પરિત્યાગનો જ માર્ગ એના માટે બરાબર હતો એવું લાગ્યા વિના ના રહ્યું.

કુંતી અત્યંત રૂપવાન હતી ને ગુણવાન પણ ઘણી જ.

ચારુ ચંદ્રકળાની પેઠે પોતાના વિશદ વિરાટ વ્યક્તિત્વનો આજુબાજુ બધે જ પ્રભાવ પાડતી, દિનપ્રતિદિન મોટી થતી એ યુવાવસ્થામાં પ્રવેશી ચૂકી.

છતાં પણ યુવાનીનો મદ એને ના વ્યાપ્યો.

યુવાની પોતાની સાથે જ કેટલાંક જોખમો ને કેટલાય ભારેખમ દુર્ગુણો લઈ આવે છે તેનાથી એ મુક્ત અથવા અલિપ્ત રહી.

યુવાનીમાં પણ એનું મન અચંચળ, વિવેકી, સ્થિર, સ્વસ્થ તથા સંયમી રહ્યું.

એનો આત્મા જ એવો અસાધારણ હતો. એનાં સંસ્કારો એવાં અનેરાં હતાં.

પોતાના જીવનને અસાધારણ અને આદર્શ બનાવવાની એની આકાંક્ષા હોવાથી એ એનું ખૂબ જ કાળજીપૂર્વક ધ્યાન રાખતી ને નિરીક્ષણ કરતી.

સંતો તથા વિદ્વાનોની સંગતિ તથા સેવાએ એને જીવનને ઉજ્જવળ કરવાની પ્રેરણા પૂરી પાડેલી.

એ દિવસોમાં એના જીવનનો પ્રવાહ એક નવી જ દિશામાં વળી ગયો.

કુંતિભોજે એના વિવાહનો વિચાર કરવા માંડ્યો.

એની માહિતી મળતાં એણે કહ્યું:

'મારે વિવાહ કરવો જ જોઈએ એવું થોડું છે કે તમે એને માટેની વિચારણા કરી રહ્યા છો ?'

'વિવાહ કરવો જ જોઈએ એવું તો નથી પરંતુ વિવાહ કરીશ એ વધારે સારું થશે. મને એથી શાંતિ વળશે.' કુંતિભોજે ઉત્તર આપ્યો.

'વિવાહની સામે મારો કોઈ વિરોધ નથી.' કુંતી બોલી: 'પરંતુ અહીં જે સંતોની સેવા કરવાનો અવસર મને મળે છે એ મને ખૂબ જ આનંદ આપે છે ને ગમે છે. એ સેવા તથા સંગતિને મારું ભાગ્ય માનું છું.'

'સંતોની સંગતિ તથા સેવા તો તને લગ્ન પછી પણ મળી રહેશે. તને એની પહેલી જ રુચિ છે એટલે તારે એથી કદી પણ વંચિત નહિ રહેવું પડે. તારાં સંસ્કાર જ એવાં અનેરાં પડેલા છે કે તું જ્યાં રહીશ ત્યાં તારા સમસ્ત જીવનપર્યંત એમની સેવા કરતી રહીશ. પરંતુ તારા લગ્નનું આયોજન પણ હવે કરવું જોઈએ. એ પણ આવશ્યક છે. એ આયોજન પૂરું થાય, તારું લગ્ન થઈ જાય, તને સુયોગ્ય પુરુષની પાસે જતી જોઉં એટલે મને પણ સંતોષ થાય. મારું કર્તવ્ય પૂરું થાય.'

કુંતી બીજું શું બોલે ? એ નિરુત્તર રહી.

કુંતિભોજે આગળ કહ્યું:

'જે રાજજ્યોતિષીએ તારી કુંડલીનું નિરીક્ષણ કર્યું છે તેમનું કથન પણ એવું જ છે કે હવે તારા લગ્નનો સમય ઘણો પાસે છે. તારું લગ્ન હવે લેવાવું જ જોઈએ. તને સુંદર સદગુણી પતિની પ્રાપ્તિ થશે. મહાપુરુષોની સેવા પણ મળતી રહેશે, અને આગળ પર સંતો મહાપુરુષોમાં શ્રેષ્ઠ એવા સત્પુરુષના સમાગમ અને સ્નેહનો સોનેરી અવસર પણ પ્રાપ્ત થશે.'

કુંતી પ્રસન્ન બનતાં બોલી ઊઠી:

'એમ ? જ્યોતિષીએ એ સિવાય બીજું કાંઈ કહ્યું છે ? મારા જીવનનાં સુખદુઃખ સંબંધી.... ?'

'કહ્યું તો છે પરંતુ....'

'કેમ અટકી ગયા ? એ વાત મને કહેવાલાયક નથી લાગતી ?'

કુંતિભોજે થોડોક વિચાર કરીને કહ્યું:

'કહેવાલાયક તો લાગે છે પરંતુ માનવાલાયક નથી લાગતી.'

'એટલે ? કયી વાત ?' કુંતીની ઉત્સુકતા વધી પડી: 'મને જણાવો તો ખરા.'

'તારે જાણવું જ છે તો જણાવીશ બાકી મને એમાં પૂરો વિશ્વાસ નથી બેસતો. જ્યોતિષીએ એમ પણ કહી બતાવ્યું કે તારું લગ્નજીવન અને એ પછીનું જીવન એકસરખું નહિ વીતે. એમાં સુખ અને દુઃખ, સંપત્તિ અને વિપત્તિ બંનેનો અનુભવ કરવો પડશે. એ જ હકીકત મને બરાબર નથી લાગતી. તારા જીવનમાં દુઃખ કે વિપત્તિ આવે એવી કલ્પના પણ મારાથી નથી કરી શકાતી. મને તો લાગે છે કે તું સદાને માટે ને સંપૂર્ણપણે સુખી જ થઈશ. જ્યોતિષીની એ બાબતે કાંઈ ભૂલ થઈ લાગે છે. જ્યોતિષી ગમે તેવો હોય તોપણ એક સામાન્ય મનુષ્ય જ હોય છે એટલે કોઈકવાર ભૂલ કરી બેસે એ સ્વાભાવિક છે.'

કુંતીએ થોડીવાર વિચાર કરીને કહ્યું:

‘ધારો કે એમણે ભૂલ ના કરી હોય ને સાચું જ કહ્યું હોય તોપણ શું ? જીવનમાં સુખદુઃખ કે સંપત્તિવિપત્તિ આવે એથી શું ? જીવનનો પ્રવાહ કાયમકાજે એકસરખો એક જ દિશામાં નથી વહેતો અને ના વહી શકે તે હું જાણું છું. આ જીવનની રચના જ એવી છે કે એમાં પરિવર્તન પર પરિવર્તન થયા જ કરે. ઋતુઓના રંગ જેવી રીતે એકસરખા નથી રહેતા તેવી રીતે જીવનના રૂપરંગ અથવા અભિનય પણ બદલાયા કરે છે. દુર્વાસા જેવા મહાન આત્મરત મુનિઓએ મને એ જ સંદેશ પૂરો પાડ્યો છે. એ સંદેશ મારા મનમાં ઠસી ગયો છે. મને સંપત્તિનો જેમ મોહ નથી તેમ વિપત્તિનો વિષાદ નથી. સુખની તૃષ્ણા નથી તેમ દુઃખની ભીતિ નથી. સંપત્તિમાં ને વિપત્તિમાં, સુખમાં ને દુઃખમાં તથા હર્ષમાં ને શોકમાં, મારું મન સ્વસ્થ રહે. મારી સદ્દબુદ્ધિ કાયમ રહે, અને ઈશ્વરના ચરણોમાં મારી શ્રદ્ધાભક્તિ ટકી રહે, એટલી જ મારી ઈચ્છા છે. એ ઈચ્છા પૂરી થશે તો થયું.’

‘તારા શબ્દો મને અતિશય આનંદ આપી રહ્યાં છે.’ કુંતિભોજે પ્રસન્નતાની લાગણી બતાવતાં કહેવાં માંડ્યું : ‘કોઈક મહાન સમર્થ સંત, તત્વવેત્તા કે વિદ્વાનના મુખમાં શોભે એવા આ સુંદર શબ્દો તારા મુખમાંથી નીકળી રહ્યાં છે એથી મારું અંતર ઊછળી રહ્યું છે. એમ લાગે છે કે સંતોની સંગતિ તારા જીવનમાં ફળી છે. છતાં પણ તારા જીવનમાં કોઈ જાતની વિપત્તિ કે કોઈ જાતનું દુઃખ આવશે તો તે મારાથી નહિ જોઈ શકાય. મારું હૃદય એ જોઈને રડી ઊઠશે.’

કુંતી બોલી:

‘મહાપુરુષો કહી ગયા છે કે સુખ ને દુઃખ આખરે તો મનના જ ખેલ છે ને મનની વૃત્તિ પર જ આધાર રાખે છે. એ બંનેની વચ્ચે આપણે તો અડગ અથવા અચળ રહેતાં જ શીખવાનું છે. સમગ્ર જીવનના વિશાળ નાટકમાં દૃષ્ટા બનીને બંનેનું બનતી તટસ્થ રીતે દર્શન કરવાનું છે. એટલું કરી શકીએ તોપણ ઘણું. ઈશ્વરની શ્રદ્ધાભક્તિ આપણને એમાં મદદ કરી શકે છે. એટલે મને જ્યોતિષીની ભવિષ્યવાણીની ચિંતા નથી. એ સાચી ઠરે કે ખોટી પડે એથી શું ? મને એનો હર્ષ કે શોક નથી થતો કે નહિ થાય, તેમ તમને પણ ના થાય એવું ઈચ્છુ છું. તમે મારી ચિંતા લેશ પણ ના કરતાં.’

‘એ તો કેમ બની શકે ? તારી ચિંતા થાય એ તો તદ્દન સ્વાભાવિક છે.’

‘છતાં પણ જે દુઃખ હજુ નથી પડ્યું અને પડવાની સંભાવનાયે નથી લાગતી તેની કલ્પના કરીને દુઃખી થવું એ પણ ઠીક તો નથી ને ?’

‘તું પણ ખરી છે.’ કુંતિભોજ હસીને બોલ્યા: ‘ચાલ, હવે એ વાત નહિ કરું બસ ? આ તો તેં પૂછ્યું એટલે તને થોડુંઘણું કહી બતાવ્યું.’

‘મેં તો કુતૂહલથી પ્રેરાઈને, કેવળ, વિનોદ ખાતર પૂછી કાઢેલું.’

‘સારું. પરંતુ એ કુતૂહલ મારે માટે તો ઉપયોગી જ થઈ પડ્યું. મને એમાંથી ઘણુ જાણવાનું મળ્યું. ખાસ તો તારા સ્વભાવ સંબંધી.’

કુંતી મૌન રહી.

કુંતિભોજ એને અત્યંત પ્રેમપૂર્વક જોઈ રહ્યાં.

એને માટેનો પ્રેમભાવ વધી પડ્યો.

*

એ પછી થોડા વખતમાં કુંતિભોજે કુંતીના સ્વયંવરનું આયોજન કર્યું.

એ સ્વયંવર ઘણા વિશાળ પાયા પર કરવામાં આવ્યો.

એનો સભામંડપ ખાસ રસપૂર્વક તૈયાર કરાવવામાં આવ્યો.

શૂરવીરતા તથા શૃંગારનાં ભાતભાતનાં ચિત્રોએ એની શોભા અને આહ્લાદકતામાં અભિવૃદ્ધિ કરી.

દર્શકોના મન એને નિહાળીને મુગ્ધ બનતાં ને સ્થંભિત થતાં.

જાણે કે વિશ્વકર્માએ પોતે જ એ મંડપ તૈયાર કર્યો હોય એવું લાગી આવતું.

એને અવલોકીને લોકો પ્રશંસાનાં પુષ્પો વેર્યા વિના ના રહી શકતા.

એ સ્વયંવરમાં ખાસ આમંત્રણથી મોટા મોટા રાજામહારાજાઓ, વિદ્વાનો, સત્તાધીશો ને ધનિકોએ હાજરી આપી.

એમને લીધે આખોયે મંડપ સજીવ લાગવા માંડ્યો ને શોભી ઊઠ્યો.

કુંતીની માગણી જુદા જુદા કેટલાય રાજાઓએ કરી હોવાથી જ કુંતિભોજે એ સ્વયંવરની રચના કરેલી.

સ્વયંવરમાં આવેલા પ્રતાપી પુરુષો કે યુવાનો કુંતીને પ્રાપ્ત કરવા તલસી રહ્યાં.

કુંતી એ વખતે રતિના અવતાર સમી શોભી રહી.

એના રૂપમાં સુંદરતા પોતે જ સાકાર બનીને સ્વયંવરમંડપમાં આવી પહોંચી હોય એવું લાગવા માંડ્યું.

સૌ એના તરફ સ્થિર, લાલસાયુક્ત દૃષ્ટિએ જોવા લાગ્યા.

કુંતીએ પોતાની કમનીયતાથી સૌનાં મનને એકસાથે જ મોહિત કર દીધાં.

સ્વયંવરમંડપમાં સૌની વચ્ચે સિંહ સમાન પરાક્રમી, વિશાલ સુંદર શરીરવાળા, યુવાન, ભરતકુળતિલક, મહારાજા પાંડુ બેઠેલા.

એમની આગળ બીજા બધાની કાંતિ ફીકી લાગતી.

એમની તરફ સૌ કોઈની દૃષ્ટિ આપોઆપ ખેંચાતી ને સ્થિર થતી.

કુંતી સ્વયંવરમંડપમાં પોતાની સખીઓ સાથે ફરવા લાગી ત્યારે એ મંડપમાં બેઠેલા સૌ કોઈ અધીરા બની ગયા. સૌને એમ થવા માંડ્યું કે કુંતી આપણને વરમાળા પહેરાવે તો સારું. સૌના અંતર થનગનવા માંડ્યાં.

પરંતુ રૂપરંગના અંબાર સરખી એ સુકુમારી જેમ જેમ ધીમે પગલે, સૌના ગુણ સાંભળતા ને સૌના તરફ દૃષ્ટિપાત કરતી આગળ વધતી ગઈ તેમ તેમ સૌનો ઉત્સાહ ઓસરતો ગયો.

બે-ચાર રાજાઓ તેમ જ રાજકુમારો બોલી ઊઠ્યા પણ ખરા :

'આ સુકુમારી કોણ જાણે કોને પસંદ કરશે ?'

'એ આગળ ને આગળ વધતી જાય છે એના પરથી તો લાગે છે કે એનું મન કોઈની ઉપર નહિ લાગે અને બધાએ નિરાશ થવું પડશે,'

'આજનો દિવસ આપણે માટે તો એટલો સારો નથી ઊગ્યો, નહિ તો આ રૂપસુંદરી વરમાળા પહેરાવ્યા વિના એમ ને એમ પસાર થઈ જાય ખરી ?'

'અરે એ જઈ જઈને બીજે ક્યાં જવાની છે ? હમણાં જ પાછી આવશે ને મને જ વરમાળા પહેરાવી દેશે. હું જો એની નજરમાં ના વસ્યો તો સભામાંથી બીજું કોઈ જ નહિ વસી શકે.'

કુંતી પાછી ફરી એટલે એ બાજુના સભાજનો નિરાશ થયા, અને આ બાજુના રાજાઓ અને રાજકુમારો રંગમાં આવી ગયાં. સૌ એને આશાભરી મંત્રમુગ્ધ નજરે જોવા લાગ્યા.

પરંતુ થોડા જ વખતમાં સૌની ઉત્સુકતાનો અંત આવ્યો.

કુંતી સ્વયંવરમંડપમાં બધે ફરીને આખરે એક બાજુ કાંઈક વિચાર કરતી ઊભી રહી.

એ પછી થોડાંક ડગલાં આગળ વધી, લજ્જાવશ બની નીચે જોઈ, પોતાના હાથની સુંદર સુવાસિત સુમનમાળા એણે મહારાજા પાંડુના કંઠમાં આરોપી દીધી.

એની સાથે જ એ ઐતિહાસિક સુંદર સ્વયંવરની સમાપ્તિ થઈ.

* * *

## ૫. માદ્રી સાથે લગ્ન

કુંતીએ પાંડુના કંઠે વરમાળા પહેરાવતાંની સાથે જ સ્વયંવરની અનિશ્ચિતતા નિશ્ચિતતામાં પલટાઈ ગઈ.

પાંડુના અંતરમાં અનહદ આનંદ ફરી વળ્યો.

સ્વયંવરમાં આવેલા ગુણાનુરાગી રાજાઓએ તથા બીજા પરિચિત પ્રેમી પુરુષોએ મહારાજા પાંડુને અભિનંદન આપીને કહ્યું;

'કુંતીએ જે કર્યું તે યોગ્ય જ કર્યું છે.'

'એને તમારા કરતાં વિશેષ સુંદર, શૂર તથા સુયોગ્ય પતિ બીજો ના મળી શકત.'

'સુયોગ્ય સુકન્યાને સુયોગ્ય પતિની પ્રાપ્તિ થઈ એના કરતાં અધિક આનંદ બીજો કયો હોઈ શકે ? હવે એનું જીવન પણ સુખી બનશે ને તમારું પણ.'

'કુંતી જેવી સુંદર સ્ત્રી વિના તમારા જીવનમાં કાંઈક કમી હતી તે હવે સરસ રીતે પૂરી થઈ.'

કુંતિભોજને પણ કુંતીની પસંદગીથી સંતોષ થયો. પાંડુને એમણે અભિવાદન કરીને અનેક પ્રકારની શુભેચ્છાઓ પ્રકટ કરી.

પાંડુને થયું કે પોતાના જેવો સુખી, સમૃદ્ધિશાળી, સદભાગી ને ધન્ય પુરુષ બીજો કોઈ જ નથી. તેના વિના આવી અસાધારણ સૌન્દર્યવતી સ્ત્રી પોતાને ભાગ્યે જ મળે.

પ્રજા પર શાસન કરનાર પાંડુના અંતરની કોઈક સુકુમારી પોતાના પર શાસન કરે એવી ઈચ્છા કામણગારી કુંતી મળવાથી પૂરી થઈ.

કુંતિભોજે બંનેના વિધિપૂર્વક લગ્નની તૈયારી કરી.

લગ્નનો એ પ્રસંગ ભારે સફળતાપૂર્વક આનંદથી પતી ગયો. મુનિઓએ બંનેને અંતરના ઊંડા આશીર્વાદ આપ્યાં.

કુંતિભોજે કુંતી પ્રત્યેના પ્રબળ પ્રેમથી પ્રેરાઈને દહેજમાં અનેક હીરા, રત્નો ને સુવર્ણ તથા ગોધન આપ્યું. દૂધ આપનારી સ્વસ્થ ને હૃષ્ટપુષ્ટ દસ હજાર ગાયો બીજી કેટલીક સામગ્રી સાથે સમર્પિત કરી, ને મહારાજા પાંડુને કહ્યું:

'જાણું છું કે તમારો ભંડાર ભરેલો છે ને તમારે કોઈપણ પ્રકારની કમી નથી છતાં પણ મારી આટલી ભેટનો ઉદાર દિલે સ્વીકાર કરજો.'

વિદાય વખતે કુંતી કુંતિભોજને પગે લાગી ને આંખમાં આંસુ સાથે બોલી:

'આટલા વરસ સુધી તમારી સાથે રહીને બધી રીતે આનંદ કરીને હવે અહીંથી જવાનું મન તો નથી થતું, પરંતુ કર્તવ્યનો વિચાર મહારાજા પાંડુ સાથે જવા માટે પ્રેરી રહ્યો છે. જીવનમાં આવી રીતે જ લાગણીને ગૌણ ગણીને તથા સંયમમાં રાખીને કર્તવ્યને રસ્તે આગળ વધવાનો સંદેશ તમે તથા દુર્વાસા જેવા સત્પુરુષોએ પૂરો પાડ્યો છે. એ રસ્તે આગળ વધી રહી છું ત્યારે સ્નેહ તથા મમત્વને લીધે હૈયું ભરાઈ આવે છે તો ખરું, પરંતુ તમે મને આશીર્વાદ આપો કે મારા શેષ જીવનને કર્તવ્યપરાયણ રહીને ઉજાળી શકું.'

કુંતિભોજે એને આલિંગન આપતાં અને એના મસ્તક પર હાથ ફેરવતાં કહ્યું:

'તું તારા જીવનને તારી ભાવના પ્રમાણે અવશ્ય ઉજાળી શકશે. મારો એવો વિશ્વાસ સાચો ઠરશે. મહારાજા પાંડુ ઉત્તમ પ્રકારના સદ્દગુણોથી સંપન્ન, સદવિચારશીલ અને સુયોગ્ય છે. એમની સેવા કરીને તારા જીવનને સફળ કરજે. તારો યશ બીજાને માટે પ્રેરક બને અને તારું જીવન આદર્શ રહે એવો મારો આશીર્વાદ છે.'

થોડીવાર શાંત રહીને એ આગળ બોલ્યા:

'પેલા જ્યોતિષીના શબ્દો અત્યારે મને યાદ આવે છે ને મારા મનમાં મંથન ઊભું કરે છે.'

'શા માટે ?' કુંતી ધીરેથી બોલી: 'એમના શબ્દોને એટલું બધું મહત્વ શા માટે આપો છો ? એ તો એમની બુદ્ધિ અથવા અનુભૂતિ પર આધાર રાખીને એમને જે યોગ્ય લાગે તે કહી બતાવે. એ બધું આપણે સાચું માનવું એવું થોડું છે ?'

'ઈચ્છું છું અને અંતઃકરણપૂર્વક ઈચ્છું છું કે એમના શબ્દો ખોટા પડે. તને જરા પણ દુઃખ પડશે તો તે મારાથી નહિ જોઈ શકાય. તેના સમાચાર સાંભળીને પણ મારા સંતાપનો પાર નહિ રહે.'

'તમે તેની ચિંતા ના કરતા. ધારો કે એમના શબ્દો સાચા પડે તો પણ શું ? જીવનનું બંધારણ જ એવું છે કે એમા સુખ અને દુઃખ આવ્યા જ કરે છે. એ જાણે તાણા ને વાણાની પેઠે વણાઈ ગયાં છે. એનાથી આપણે ચિંતાતુર શા માટે થઈએ ? એનાથી ચિંતાતુર થવાને બદલે એમને શાંતિથી સહન કરીએ એ જ બરાબર છે.'

છૂટા પડતી વખતે કુંતિભોજનું હૈયું હાથમાં ના રહ્યું.

એમની આંખમાં આંસુ આવ્યાં.

કુંતીનું અંતર પણ અત્યંત આર્દ્ર બની ગયું.

એની આંખ ટપકવા લાગી.

કુંતિભોજે કહ્યું :

'તેં મારા જીવનમાં કેવું મહત્વનું સ્થાન પ્રાપ્ત કર્યું છે તેની સમજ મને હવે પડી છે. એ સ્થાન ખરેખર અજોડ છે. સંયોગની સુંદર સુખમય ક્ષણો કરતાં વિયોગની વિપરીત વિષમય પળો લાગણીના સાચા મૂલ્યને વધારે સારી રીતે પ્રકટ કરતી હોય છે. કોણ જાણે મારું મન આટલું બધું લાગણીમય કેમ બની ગયું! અત્યારે તો એવું જ લાગે છે કે તારા વિના મને જરા પણ નહિ ગમે.'

'શરીરધારી જીવોનું મળવાનું અને અલગ થવાનું એવું જ છે. એમનો સંયોગ તથા વિયોગ કોઈક અદૃષ્ટ શક્તિના દોરીસંચાર કે સંકેત પ્રમાણે થયા કરે છે. આપણને તે ગમે કે ના ગમે તોપણ આપણા જીવનમાં એ આવે છે, અવશ્ય આવે છે, અને એની સારીનરસી અસરોને આપણે વધાવવી પડે છે. તમારાથી છૂટા પડવામાં મને પણ કાંઈ સુખ નથી લાગતું. સાચું કહું તો તમને છોડીને જવાનું મને ગમતું પણ નથી. પરંતુ શું કરું ? મહારાજા પાંડુ સાથે પ્રસ્થાન કર્યા સિવાય છૂટકો જ નથી. કોઈક અદૃષ્ટ શક્તિની પ્રેરણાથી તમે મને એમની સાથે મોકલવાની તૈયારી પણ કરી દીધી છે. અને સ્વયંવરની તૈયારી પણ તમે જ કરી હતી ને ? એટલે હવે શું થાય ? છતાં પણ સાચું કહું ? મારું શરીર મહારાજા પાંડુ પાસે ભલે રહે, મારું મન તો તમારી આજુબાજુ જ ફર્યા કરશે. એ તમને કદી પણ, કોઈયે સંજોગોમાં, નહિ ભૂલી શકે. મને તમારો સ્નેહ હંમેશા યાદ આવ્યા કરશે.'

'અને મને તારી મીઠી ઉત્કટ લાગણી તથા સેવાભાવના સાંભરશે. તારા વિના હવે તારી પેઠે પ્રેમપૂર્વક મન લગાડીને અહીં આવનારા અતિથિ અભ્યાગત તથા સંતપુરુષોની સંભાળ કોણ રાખશે ? તું તારા ભક્તિભાવથી

એમનાં મનને જીતી લેતી એટલે એ બાબતમાં હું અત્યાર સુધી નિશ્ચિંત હતો. હવે મારે એનું ખાસ ધ્યાન રાખવું પડશે. કુંતી, મહારાજા પાંડુની પાસે રહીને પણ બીજી બધી વસ્તુઓનું ધ્યાન રાખવાની સાથે સંત સમાગમ અને સંતોની સેવામાં પણ મન પરોવતી રહેજે. એનું મહત્વ જીવનમાં ઘણું મોટું છે. માનવમાત્રને માટે એ કલ્યાણકારક છે.'

કુંતી બોલી ઊઠી:

'એ બાબત તો હંમેશા મારા ધ્યાનમાં જ છે. સંતોની સંગતિ તથા સેવા મારા જીવનમાં એક પ્રકારના વ્યસન જેવી થઈ ગઈ છે. એના વિના મને ચેન નથી પડતું ને નહિ પડે. ઈશ્વરની કૃપાથી જ્યાં જાઉં છું ત્યાં સંતસેવાનો લાભ તો મને જરૂર મળી રહેશે એવો વિશ્વાસ છે.'

કુંતિભોજે માહારાજા પાંડુને કુંતીની ખાસ ભલામણ કરતાં કહ્યું:

'કુંતી હજુ સુકુમારી અને ઘણી સરળ તથા નિષ્કપટ છે માટે એનું ખાસ ધ્યાન રાખજો.'

'હરકત નહિ.' પાંડુએ તરત જણાવ્યું: 'તમે એની સહેજ પણ ચિંતા ના કરતા. એને મારી છાયાની જેમ જતન કરીને મારી પાસે રાખીશ. તમારી મહામૂલ્યવાન થાપણની પેઠે એની સંભાળ રાખીશ. એને જરા પણ દુઃખ નહિ પડવા દઉં.'

એ પછી કોઈ કશું ના બોલ્યું.

કુંતી કુંતિભોજને પગે લાગીને એકવાર ફરી એમના આશીર્વાદ મેળવીને રથમાં બેસી ગઈ.

રથ ધીમી ગતિએ ચાલવા માંડ્યો.

એને જોડેલા સુંદર ને ચપળ ઘોડાઓ કુંતિભોજની માયા જોઈને જાણે કે આગળ વધવાની ઈચ્છા નહોતા રાખતા.

થોડીવાર પછી એમનો વેગ વધવા માંડયો.

રસ્તામાં નદી આવી.

રથનો માર્ગ એના તટવર્તી પ્રદેશ પરથી આગળ વધતો'તો.

નદીના પ્રવાહને પેખીને કુંતીનું કાળજું સળવળી ઊઠ્યું. એમાં એક જાતની અદ્દભુત ભાવોર્મિ થઈ આવી.

કેમ ના થઈ આવે ? એની સાથે તો એના જીવનનાં બહુમૂલ્ય વરસોનાં અનેક સુખદ સંસ્મરણો સંકળાયલાં હતાં.

કેટલાય પર્વપ્રસંગોએ એણે એના પુનિત, પ્રસન્ન, પરિમલભર પ્રવાહમાં સ્નાન કરેલું અને એના તટવર્તી પાવન પ્રદેશમાં ઉચ્ચ કોટિના ઋષિમુનિઓ દ્વારા થયેલા યજ્ઞો તેમ જ ધાર્મિક સમારંભોમાં હાજરી આપેલી. એ ઉપરાંત.....

એનો શ્વાસ જાણે કે થંભી ગયો.

દુર્વાસા મુનિએ આપેલા મંત્રના પ્રયોગ દ્વારા જે પ્રતાપી પુત્ર થયેલો તેને આશ્રય પણ એણે જ આપેલો !

એની સંવેદના વધી ગઈ.

એ આખુંયે દૃશ્ય એની નજર આગળ આવીને ઊભું રહ્યું.

એના અંતરમાં લાગણીનો અતિરેક થવા માંડ્યો.

એને થયું કે પોતે તે દિવસે નિરુપાય બનીને કેવું ઘોર કર્મ કરી નાખેલું ? એની અસર હજુ તાજી જ હતી. એ બાળક અત્યારે ક્યાં હશે ? કવચ તથા કુંડળધારી એ સુંદર દૈવી બાળક જીવિત હશે, કોઈને મળ્યું હશે, કે નદીના પ્રવાહમાં જ પેલી પેટી સાથે વહી ગયું હશે ?

પરંતુ હવે એની ચિંતા શા માટે કરવી ?

ચિંતા કાંઈ કરવાથી થાય છે ? એ તો સ્વાભાવિક રીતે જ થયા કરે છે.

એ નદી પ્રત્યે એને ઊંડો પૂજ્યભાવ પ્રકટ્યો. એકાએક ઉમળકો થઈ આવ્યો.

એણે રથને ઊભો રખાવ્યો ને નીચે ઉતરીને નદીનાં પવિત્ર પાણીનું આચમન લીધું.

એની અંજલિને શરીર પર છાંટીને થોડીવાર એણે એમાં પ્રવાહિત કરેલા પુત્રના મંગલ માટે પ્રાર્થના કરી અને આંસુને લૂછી નાંખ્યાં.

પાંડુને કે મંડળીના બીજા કોઈને એના હૃદયના ભાવોની ખબર ના પડી. એમને એની પ્રવૃત્તિમાં નદી પ્રત્યેના પ્રેમનું પ્રતિબિંબ જ દેખાયું.

નદી પ્રત્યે ભારે પૂજ્યભાવપૂર્વક પેખીને રથમાં પાછી બેઠી અને રથના ઘોડાઓ એને બેસવાની પ્રતીક્ષામાં જ ઊભા હોય એમ તરત જ હણહણાટ કરતાં હસ્તિનાપુરની દિશામાં દોડવા લાગ્યાં.

*

હસ્તિનાપુરની ભૂમિ કુંતીને માટે તદ્દન નવી હતી છતાં થોડાક વખતમાં એ એનાથી ટેવાઈ ગઈ.

હસ્તિનાપુર અતિશય સમૃદ્ધ હતું. એની અંદર જાણે કે સુખ, સંપત્તિ તથા ઐશ્વર્યની છોળો ઊડતી.

રત્નજડિત કાંગરાવાળા કિલ્લાની અંદર વસેલું હસ્તિનાપુર પૃથ્વી પરના બીજા ઈન્દ્રે વસાવેલી અમરાપુરી જેવું દેખાતું.

એ જેટલું સુંદર હતું એટલું જ આનંદદાયક અને અદ્દભુત હતું.

એને જોઈને કુંતીને સંતોષ થયો.

એણે પોતાના સરળ સરસ સ્વભાવથી અને વિનયશીલ વર્તનથી થોડા સમયમાં તો રાજપરિવારમાં સૌના મનને જીતી લીધા.

ભીષ્મ, વિદુર, ધૃતરાષ્ટ્ર જેવા વડીલો એના સુંદર સ્વભાવથી સંતોષ પામીને એના મુક્ત કંઠે વખાણ કરવા લાગ્યા.

'કુંતી રૂપ તથા ગુણ બંને દૃષ્ટિએ ઉત્તમ છે.' ભીષ્મે કહ્યું : 'એના જેવા સુંદર સ્ત્રીરત્નને કોઈ સામાન્ય નહિ પરંતુ અસામાન્ય ભાગ્યશાળી પુરુષ જ પ્રાપ્ત કરી શકે. પાંડુનું ભાગ્ય ખરેખર ઘણું મોટું કહેવાય.'

ધૃતરાષ્ટ્રે પોતાના આનંદની અભિવ્યક્તિ કરતાં કહ્યું:

'હસ્તિનાપુરની ભૂમિ કુંતી જેવી સુકુમારીના પ્રવેશથી વધારે સુંદર અને પાવન થઈ. હું જો જન્મથી અંધ ના હોત તો એને અવલોકીને આનંદ પામત. મારી પત્ની ગાંધારીને પણ આજ સુધી મારાથી નથી જોઈ શકાઈ. પરંતુ વિધિની વિચિત્રતા અથવા વિપરિતતા બદલ લાચાર છું. વિશેષ દુઃખની વાત એ છે કે ગાંધારીએ પણ મારી સાથે લગ્ન કર્યા પહેલાં જ, મને દેખીને કોઈ જાતની વેદના કે ધૃણા ના થાય એટલા માટે, પોતાની આંખે કાયમ માટે કપડાની પટ્ટી બાંધી લીધી છે એટલે એ પણ એને નહિ જોઈ શકે. નહિ તો એને જોઈને એ અતિશય આનંદ

પામત. હરકત નહિ, કુંતીને જોવાનું મારે માટે શક્ય નહિ બને તોપણ પાંડુના મુખથી એના ગુણગાન સાંભળીને આનંદ પામીશ.'

ધૃતરાષ્ટ્ર, વિદુર અને પાંડુ ત્રણે ભાઈઓ વચ્ચે પરસ્પર પ્રેમ હતો ને ત્રણે કુંતીથી સંતુષ્ટ હતાં.

કુંતી પોતે પણ હસ્તિનાપુરના પોતાના દિવસો અત્યંત આનંદ તેમ જ શાંતિપૂર્વક પસાર કરવા માંડી.

હાસ, પરિહાસ અને વિલાસમાં વીતી રહેલા દિવસો પાણીના રેલાની પેઠે ક્યાં ચાલ્યા જતા તેની ખબર પણ એને ના પડતી.

સંસારમાં એ પોતાને સર્વ પ્રકારે સુખી સમજતી ને કૃતાર્થ ગણતી.

હા, કોઈ કોઈવાર એને પોતાના પૂર્વજીવનની અને કુંતિભોજની સ્મૃતિ થઈ આવતી ત્યારે થોડીક બેચેન બની જતી.

પૂર્વજીવનના એ દિવસો એને ઘણા વિલક્ષણ, સુંદર અને આનંદદાયક લાગતા. એમની આછીપાતળી, સાધારણ કે અસાધારણ સ્મૃતિ એને જુદા જ પ્રકારનું સુખ પ્રદાન કરતી. પરંતુ કાળના વેગવાન પ્રવાહમાં વહી ગયેલા એ દિવસો હવે કેમે કરીને પાછા આવે તેમ નહોતા.

છતાં પણ એ દિવસો પોતાની સ્મૃતિથી એના અંતરને સંવેદનશીલ તો બનાવતા જ.

એમાંયે દુર્વાસા મુનિના મંત્રપ્રયોગનો અસાધારણ દિવસ ? એની સ્મૃતિ એના અંતરરૂપી આકાશમાં વિદ્યુતની પેઠે કોઈવાર ચમક્યા કરતી. એની સાથે ગાઢ રીતે સંકળાયેલી પેલા કુંડળકવચધારી સુંદર શિશુની સ્મૃતિ પણ એને નહોતી છોડતી. એને વાંરવાર થતું કે એ શિશુનો પરિત્યાગ કરીને પોતે કોઈક મહાન અક્ષમ્ય અપરાધ કર્યો છે, અને એનો દંડ કદાચ પોતાને એક અથવા બીજી રીતે ભોગવવો પડશે. એવે વખતે એની આંખ ભરાઈ આવતી.

હસ્તિનાપુરના એના દિવસો એકંદરે આનંદપૂર્વક પસાર થઈ રહેલા. તે દરમિયાન એક વિશેષ ઉલ્લેખનીય બનાવ બન્યો.

મહારાજા પાંડુની બીજા લગ્નની ઈચ્છાથી પ્રેરાઈને શાંતનુપુત્ર ભીષ્મે મંત્રી, પુરોહિત તથા સેના સાથે મદ્રનરેશની મુલાકાત લીધી.

મહારાજા મદ્રે એમનો સ્નેહપૂર્વક સત્કાર કર્યો.

પારસ્પરિક કુશળ સમાચાર પૂછ્યા પછી મદ્રનરેશે ભીષ્મના આકસ્મિક આગમનનું કારણ પૂછ્યું તો ભીષ્મે કહ્યું:

'મારા આગમનનું કારણ જુદું છે. એ કારણ રાજકીય નથી પરંતુ સામાજિક છે.'

મદ્રનરેશ શલ્યને બરાબર સમજ ના પડી એટલે એ ભીષ્મની સામે જોઈ રહ્યાં. ભીષ્મે આગળ જણાવ્યું:

'મેં સાંભળ્યું છે કે તમારી બહેન ખૂબ જ યશસ્વિની ને સુંદર છે. મહારાજા પાંડુને માટે એ કન્યાની યાચના કરવાની ઈચ્છાથી પ્રેરાઈને હું અહીં આવી પહોંચ્યો છું. તમને જો ઉચિત લાગે તો એ કન્યાના વિવાહનો વિચાર કરી શકો છો.'

શલ્યે સંતોષાત્મક સ્વરમાં શાંતિપૂર્વક કહ્યું:

'પ્રતાપી મહારાજા પાંડુને માટે મારી બહેન માદ્રીની માગણી કરવા તમારા જેવા સત્પુરુષ પોતે પધાર્યા એથી અધિક આનંદ બીજો કયો હોઈ શકે ? માદ્રીના મહારાજા પાંડુ સાથેના લગ્નની માગણી મંજૂર રાખવામાં મને કશી હરકત નથી. ફક્ત અમારા કુળાચાર પ્રમાણે જે વિધિ કરવામાં આવે છે તે કરાવી જોઈએ.'

ભીષ્મ શલ્યની વાત સમજી ગયા.

એમણે શલ્યને પુષ્કળ સુવર્ણ, અલંકાર, રત્નો, મોતી, હાથી-ઘોડા તથા બહુમૂલ્ય વસ્ત્રોની ભેટ ધરી.

શલ્યની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એમણે પોતાની બેન માદ્રીને એક શુભ દિવસ જોઈને ઉત્તમ પ્રકારનાં અલંકારોથી અલંકૃત કરીને ભીષ્મની આગળ હાજર કરી અને એને અંતઃકરણપૂર્વક અભિનંદન આપ્યાં.

માદ્રીને લઈને ભીષ્મે હસ્તિનાપુર પ્રતિ પ્રયાણ કર્યું.

એમના હસ્તિનાપુરમાં આવી પહોંચ્યા પછી એક મંગળ દિવસે પાંડુએ માદ્રી સાથે વિધિપૂર્વક લગ્ન કર્યું.

* * *

## ૬. શાપ

કુંતી અને માદ્રી સ્નેહયુક્ત સખીઓ અથવા સગી બહેનોની પેઠે અત્યંત પ્રેમપૂર્વક રહેવા લાગી.

બંનેના મન એકમેકની સાથે મળી ગયાં. બંનેને એકમેકને લીધે સારું લાગવા માંડ્યું.

બંનેના શરીર જુદાં પરંતુ પ્રાણ એક હોય એવો અનુભવ એમને પૂર્વના કોઈક ગાઢ સ્નેહસંસ્કારોના પરિણામ રૂપે થવા માંડ્યો.

માદ્રીનો સ્વભાવ મિલનસાર, માયાળુ કે મધુર હતો.

એની સુંદરતા પણ અસાધારણ હતી.

એની સાથેનાં લગ્ન પછી થોડા વખતે પ્રતાપી પાંડુએ પોતાના મંત્રીઓ સાથે પરામર્શ કરીને દિગ્વિજયનો આરંભ કર્યો.

જુદા જુદા કેટલાય રાજાઓને એમણે પોતાના બાહુબળથી જીતી કે વશ કરી લીધા.

એ પછી એ વિજયી બનીને હસ્તિનાપુરમાં પાછા ફર્યાં ત્યારે ભીષ્મે, ધૃતરાષ્ટ્રે અને વિદુરે તથા સમસ્ત પ્રજાને એમનું ભારે ઉમળકાપૂર્વક જયજયકાર કરીને સ્વાગત કર્યું.

એ જયજયકાર ધ્વનિથી દિશાપ્રદિશાઓ ગુંજી ઊઠી.

દિગ્વિજયનાં અનેકવિધ સંસ્મરણોમાં મગ્ન બનીને પાંડુએ હસ્તિનાપુરની સુખસમૃદ્ધિ વચ્ચે દીર્ઘકાળ પસાર કર્યો. એ દરમિયાન કુંતી તથા માદ્રી સાથે ભાતભાતના ભોગો ભોગવતાં તથા પ્રજાનું પાલન કરતાં એમણે જીવનની ધન્યતા અનુભવી.

એક દિવસ એમણે પોતાની એ બંને દેવદુર્લભ સુંદર પત્નીઓની આગળ વનમાં મૃગયા માટે જવાનો પ્રસ્તાવ મૂક્યો.

એ સાંભળીને કુંતીએ કરુણ સ્વરે કહ્યું:

‘તમે આવી રીતે અવારનવાર બહાર જવાનો સંકલ્પ કરો છો તે મને નથી ગમતું. હજુ હમણાં તો દિગ્વિજય કરીને પાછા ફર્યા છો ને પાછી બહાર જવાની વાત કરો છો એ શું સારું લાગે છે ?’

‘તમારા વિના અમારી દશા વૃક્ષ વિનાની વેલી જેવી અત્યંત કફોડી થઈ જાય છે.’ માદ્રીએ જણાવ્યું : ‘તમને તેનો ખ્યાલ કદાચ નહિ હોય, તેથી જ આમ અવારનવાર દૂર જવાની વાતો કર્યા કરો છો. પરંતુ અમારું કાળજું તો આવી વાતોનું શ્રવણ કરતાવેંત જ જાણે કે કપાઈ જાય છે. એવી વાતો એની ઉપર કુઠારાઘાત કરે છે.’

‘પરંતુ મારે કોઈ કોઈવાર તો બહાર જવું પડે ને ?’ પાંડુએ પોતાની પરિસ્થિતિની સ્પષ્ટતા કરી: ‘રાજા તરીકે મારાં પરંપરાગત કર્તવ્યોનું અનુષ્ઠાન કરવાની પણ મારી ફરજ છે.’

‘એ ફરજ તમે જરૂર બજાવો.’ કુંતી બોલી: ‘એ બાબતમાં તમારી વચ્ચે આવવાની ધૃષ્ટતા અમે કદાપિ ના કરી શકીએ. અમે તો એટલી જ વિજ્ઞપ્તિ કરીએ છીએ કે અમારા પ્રેમનો અને અમારી પરિસ્થિતિનો પણ ખ્યાલ કરો.’

‘એનો ખ્યાલ મેં કરેલો જ છે.’

‘કેવી રીતે ?’ માદ્રીએ પ્રશ્ન પૂછ્યો : ‘એનો ખ્યાલ હોત તો તમે આવો પ્રસ્તાવ જ ના મૂકત.’

'પ્રસ્તાવ મૂકીને મેં કશું ખોટું નથી કર્યું. આ વખતે મને મૃગયા માટે વનમાં જઈને પાછા ફરતાં વાર લાગશે એટલે મેં એનો વિચાર કરીને એની સાથે એક બીજો પ્રસ્તાવ પણ વિચારી રાખ્યો છે.'

'કયો પ્રસ્તાવ ?'

'તમેને બંનેને તે સાંભળવાનું ગમશે ?'

'તે તો તમે તે પ્રસ્તાવને રજૂ કરો ત્યારે ખબર પડે ને ?'

'મેં તમને બંનેને મારી સાથે લઈ જવાનું નક્કી કર્યું છે.'

'ખરેખર ?' પાંડુની વાત માદ્રીના માનવામાં ના આવી.

'તમારો સ્વભાવ અસત્ય ભાષણ કરવાનો તો છે જ નહિ એટલે જે કહો છો તે સાચું જ કહેતા હશો.' કુંતી બોલી.

'મારી વાત સાચી જ છે.' પાંડુએ કહ્યું: 'વનમાં આપણે સાથે જ જઈશું. આપણી સાથે મંત્રી તથા સેના પણ હશે. તમારાથી વધારે નહિ તો તમારા જેટલો પ્રેમ તો મને તમારા બંને પર છે જ. મોહ છે તેમ કહું તો ચાલે. એટલે તમને જેમ મારો વિયોગ નથી ગમતો તેમ મને પણ તમારો વિરહ વધારે નહિ તો થોડોક પણ સાલે છે તો ખરો જ. હજુ મારું મન તમારા પ્રેમાસ્વાદથી પૂરેપૂરી પરિતૃપ્તિ નથી પામ્યું અને તમારી સાથે અનંત કાળ સુધી રહીશ તોપણ પરિતૃપ્તિ પામશે કે કેમ એ શંકાસ્પદ છે.'

'સંસારમાં પ્રત્યેક સ્ત્રી-પુરુષના સંબંધમાં કદાચ એવું જ થતું હશે. એમનું મન પારસ્પરિક પ્રેમથી કદી પણ નહિ ધરાતું હોય - ખાસ કરીને યુવાનીમાં.'

'પ્રત્યેક સ્ત્રી-પુરુષના સંબંધમાં એ વિધાન સાચું છે કે કેમ તે તો કોણ જાણે, પણ મારા સંબંધમાં તો એ સાચું છે જ.'

'તમારા સંબંધમાં જ શા માટે ? આપણા સંબંધમાં.' માદ્રી વચ્ચે બોલી ઊઠી.

પાંડુએ પોતાની વાતના અનુસંધાનમાં આગળ કહ્યું:

'તમારો સ્નેહ, સૌંદર્ય અને આકર્ષણનું રહસ્ય જ એવું અનેરું છે. એનો રસ કદાપિ નથી ખૂટતો. ઘટવાને બદલે એ દિનપ્રતિદિન વધતો જાય છે. પ્રત્યેક પળે એ અવનવો અથવા અભિનવ બનતો જાય છે. એનો આસ્વાદ અમૃતમય અને અજબ છે. એને લીધે મારા મન પર મોહિની ફરી વળી છે. તમારાથી વધારે વખત અલગ રહીને એ અનેરા રસથી હું વંચિત રહેવા નથી માગતો. વનના શાંત એકાંત વાતાવરણમાં પણ તમારી સાથે રહીને તમારા સ્વર્ગીય સહવાસનું સુખ માણતાં જીવનને ઉત્સવમય કરતો રહીશ. પરંતુ એ તો મારી ભાવના થઈ. તમારી ભાવના એથી જુદી પણ હોઈ શકે. એ ભાવનાનો આદર કરવાની શક્તિ મારામાં છે જ. સ્ત્રી પુરુષની દાસી કે કઠપૂતળી નથી, સહચરી અથવા અર્ધાંગિની છે, એટલે એની ભાવનાની કદર એણે કરવી જ જોઈએ. તમને બંનેને વનમાં આવવાનું ને રહેવાનું ગમશે ખરું ? ખાસ કરીને ત્યાંનું વાતાવરણ વિપરીત તથા વિકરાળ હોય છે માટે ! ના ગમે તો પછી અહીં જ રહો.'

કુંતી બોલી:

'એ શું બોલ્યા ? તમને અમારા મનની અથવા હૃદયના ધબકારાની જાણ તો છે જ. એ મન ક્યાં રમે છે તેનાથીયે તમે સારી રીતે માહિતગાર છો. અમારી ભાવના તમારી ભાવનાને મળતી જ છે. તમે વનમાં જાવ અને

અમે હર્મ્યમાં રહીએ એ બની શકે જ કેવી રીતે ? હા, તમે અમને અહીં રહેવા માટે બાધ્ય કરો એ જુદી વાત છે, બાકી અમારો આનંદ તો તમારા સંસર્ગમાં જ હોય. તમે જ્યાં રહો ત્યાં તમારી સાથે રહેવામાં જ અમારું સ્વર્ગ હોય. તમારી સાથે રહેતાં વન અમારે માટે હર્મ્ય બની જાય ને તમારા વિનાનો રાજપ્રાસાદ વન થાય તથા ખાવા ધાય. વનનું વાતાવરણ વિપરીત અને વિકરાળ હશે છતાં મને તે ગમે છે. તમારે લીધે વન અમારે માટે ઘર જેવું જ બલકે એથીયે અધિક આહ્લાદક થઈ પડશે. એટલે અમે તમારી સાથે અવશ્ય આવીશું.'

માદ્રી પણ કુંતીના શબ્દો સાથે સંમત થતાં કહેવા માંડી:

'કુંતીનું કથન બરાબર છે. હું એની સાથે સંમત છું. એ મારા અભિપ્રાયનો પડઘો પાડી રહી છે. તમારો અરણ્યમાં આવવાનો પ્રસ્તાવ મને પણ મંજૂર છે. શાસ્ત્રોએ પતિવ્રતા સ્ત્રીઓને માટે એ જ મર્યાદા બતાવી છે કે એમણે પતિની ઈચ્છાને અનુસરવું. એ મર્યાદાનું પાલન અમે આ બાબતમાં જરૂર કરીશું. અરણ્યનો તમારી સાથેનો આવાસ અત્યંત આનંદદાયક જ થઈ પડશે. વળી કુંતી પણ હશે એટલે પછી કહેવું જ શું ? એના જેવો આનંદ બીજો કયો હોય ?'

કુંતી તથા માદ્રીના શબ્દો સાંભળીને પોતાની પ્રસન્નતાને પ્રકટ કરતાં પાંડુએ કહ્યું:

'તમારી લાગણી જોઈને મને આનંદ થાય છે. તમારા જેવી પવિત્ર ને પ્રખર પ્રેમવાળી સ્ત્રીઓ મળવા બદલ મારી જાતને ખૂબ જ સૌભાગ્યશાળી સમજું છું. તમારા બંનેનો મારા પ્રત્યેનો પ્રેમ ઘણો પ્રબળ છે. આપણો પ્રેમ યુગો સુધી દેશકાળનાં બંધનોની અસરથી અલિપ્ત રહીને આવો જ પ્રબળ રહે અને દિનપ્રતિદિન વધતો જાય એવી કામના રાખું છું. મને તમારા બંનેના વિરહનો સવાલ સતાવતો હતો પરંતુ તમારા મારા સૂચનના સમર્થનથી એ સવાલ સુચારુરૂપે ઊકલી ગયો એથી મને પરમ સંતોષ થયો.'

*

થોડા દિવસો પછી મહારાજા મહાપ્રતાપી પાંડુએ મૃગયા માટે મંત્રી, સેના તથા કુંતી અને માદ્રી સાથે ભારે દબદબાપૂર્વક વનમાં પ્રયાણ કર્યું.

એ હિમાલયના દક્ષિણ પ્રદેશમાં રહેવા લાગ્યા.

એ પ્રદેશ ગીચ જંગલથી ભરેલો અને હરણ તથા બીજાં જાતજાતનાં હિંસક પશુઓથી વીંટળાયેલો હતો.

ત્યાં રહીને એ પોતાના દિવસો મૃગયામાં તથા કુંતી અને માદ્રી સાથેના વિહારજન્ય આનંદમાં વિતાવવા લાગ્યા.

અરણ્ય એમને માટે કુંતી તથા માદ્રીના સહવાસને લીધે સ્વર્ગસમાન સુખકારક થઈ પડ્યું.

એ સુધામય સહવાસમાં કાળ કેવી રીતે ને ક્યાં પસાર થવા માંડ્યો એની એમને ખબર પણ ના પડી.

રોજરોજ વનના વિવિધ વિભાગોમાં શિકાર કરીને એ ખૂબ જ સંતોષપૂર્વક પ્રસન્નવદને પોતાના સુંદર આકર્ષક આશ્રયસ્થાનમાં આવી પહોંચતા ત્યારે કુંતી અને માદ્રી એમનો સરસ સ્મિત સાથે આગળ આવીને સત્કાર કરતી. એ સ્મિતના પ્રભાવથી એમનો બધો જ થાક ઊતરી જતો, અને એમની અંદર નવી શક્તિનો સંચાર થતો.

કુંતી તથા માદ્રી પણ એમને આનંદમગ્ન કે સુખી જોઈને આનંદ પામતી.

એવી રીતે શરૂઆતના કેટલાક દિવસો સુખશાંતિપૂર્વક પસાર થઈ ગયા પછી એક દિવસ સાંજે પાંડુ શિકાર કરીને પાછા આવ્યા ત્યારે એમનું મુખમંડળ એકદમ ઉદાસ તથા વિષાદમગ્ન દેખાયું.

કુંતી તથા માદ્રીએ એમનો એવો જ સુધામય સરસ સ્મિત સાથે સત્કાર કર્યો પરંતુ એમણે રોજની જેમ વળતું સ્મિત ના કર્યું. એ જોઈને એમને ચિંતા થઈ. કુંતીએ કહ્યું:

'તમારું મુખ આજે આટલું બધું ઉદાસ કેમ છે ? રોજની પેઠે તમે આજે જરા પણ પ્રસન્ન નથી દેખાતાં તેનું કારણ શું ?'

માદ્રીથી પૂછ્યા વિના ના રહેવાયું:

'તમારું શરીર અસ્વસ્થ છે કે શું ? કે પછી કોઈક પૂર્વચિંતા તમારા મનમાં તાજી થઈ છે ?'

'તમને ઉદાસ અથવા શોકમગ્ન જોઈને મારા કાળજાને કાંઈનું કાંઈ થઈ જાય છે. એવું કયું સંકટ છે જે તમને આજે ઘેરી વળ્યું છે ? તમને અસ્વસ્થ જોઈને અમારો આનંદ પણ ઊડી ગયો છે. તમે જ્યાં સુધી તમારી અસ્વસ્થતાનું કારણ નહિ કહો ત્યાં સુધી મને શાંતિ નહિ થાય. હસ્તિનાપુરમાં સઘળું સલામત તો છે ને ? ત્યાંથી રાજ્યસંબંધી કોઈ ચિંતાજનક અમંગલ સમાચાર તો નથી આવ્યા ? પ્રજા સઘળી સુખી તો છે ને ?'

પાંડુએ પલંગ પર આડા પડીને નિઃશ્વાસ નાખતાં કહ્યું:

'તમને બંનેને મેં આજે એકાએક વ્યર્થ ચિંતા કરાવી. પણ એમાં ચિંતા કરવા જેવું ખાસ કશું જ નથી. મારું શરીર સંપૂર્ણપણે સ્વસ્થ છે અને હસ્તિનાપુરમાં પણ સઘળું સલામત છે. પ્રજા બધી રીતે સુખી છે.'

'તો પછી ? તમારા વદન પર આટલી બધી વેદના કેમ છે ? શિકાર કરતાં તમને આટલા બધા દિવસો થઈ ગયા પરંતુ આવી વેદના તો તમારા હમેશાં હસતા રહેતા મુખમંડળ પર કોઈવાર નથી જોઈ. આજે તો તમારું સમગ્ર સ્વરૂપ જ ફરી ગયું છે.'

'આજે હું વનમાં મૃગયા માટે ના ગયો હોત તો ?'

'કેમ ? મૃગયા તો તમને ખૂબ જ પ્રિય છે એટલે તમે નગર છોડીને વનમાં આવ્યા છો.'

'તોપણ મને થાય છે કે આજનો દિવસ હું મૃગયા માટે ના ગયો હોત તો સારું થાત. મને શાપ ના મળત. પરંતુ કરેલા સારા રે નરસા કર્મના ફળને કોણ રોકી શકે છે ? તે તો ઈચ્છા કે અનિચ્છાએ ભોગવવું જ પડે છે. મારા સંબંધમાં પણ એવું જ બન્યું છે. હવે લાગે છે કે મારું કર્મ જ મને હસ્તિનાપુરથી આટલે દૂર ખેંચી લાવ્યું અને એ કર્મે જ મને શાપ અપાવ્યો.'

'શાપ ? તમને વળી શાપ શા માટે ને કોણે આપ્યો ? તમારા ઉદ્દગારોના રહસ્યની મને સમજ ના પડી.'

'મને પણ જરાય સમજ ના પડી.'

માદ્રી બોલી: 'એવું કયું કારણ ઉપસ્થિત થયું કે તમને શાપ મળ્યો ? એ શાપ કોઈક ઋષિએ આપ્યો કે દેવતાએ ? પહેલેથી એની જરા પણ ગંધ આવી હોત તો તમને આજે બહાર જવા જ ના દેત.'

'એ જ જોવાનું છે ને !' પાંડુએ કહેવા માંડ્યું: 'જે થવાનું હોય છે તે થઈને જ રહે છે. એમાં કોઈની શક્તિ કે બુદ્ધિ કામ નથી કરી શકતી. મને પોતાને એ શાપની ખબર હોત તો હું બહાર નીકળવાનું સાહસ કરત ખરો ?'

'તમારી હકીકત સાંભળીને તો એ શાપ સંબંધ કડીબદ્ધ માહિતી મેળવવાનું મન થઈ આવે છે.' કુંતી કરુણસ્વરે બોલી ઊઠી.

'એ માહિતી મેળવવાથી જે શાપ મળી ચૂક્યો છે એ કાંઈ અન્યથા થવાનો છે ખરો ? છતાં પણ તમારી જિજ્ઞાસાની શાંતિ માટે કહી બતાવું.'

પાંડુએ ફરીવાર નિઃશ્વાસ નાખીને આગળ કહ્યું:

'મને મળેલો શાપ જો સાધારણ હોત તો તો મને આટલી બધી ચિંતા ના કરાવત. હું એને વધારે પડતું તો શું થોડુંક પણ મહત્વ ના આપત. પણ  શાપ તો એકદમ અસાધારણ છે. એની માહિતી મેળવીને તમને પણ દુઃખ જ થશે.'

કુંતીએ કહ્યું:

'પતિનાં સુખદુઃખમાં સહભાગી થવું એ સ્ત્રીનો ધર્મ છે માટે એની વિગત અવશ્ય કહી બતાવો.'

'અમને દુઃખ થાય તો ભલે પરંતુ તમારા દુઃખને અમે જાણવા તો માગીએ જ છીએ. એ વિના અમને ચેન નહિ પડે.' માદ્રી પણ બોલી ઊઠી.

પાંડુએ જણાવ્યું:

'મૃગયા મારે માટે કોઈ નવી વસ્તુ નથી, છતાં પણ આજની મૃગયા મારા જીવનમાં એકદમ અવનવી અથવા અનેરી બની ગઈ. રોજની જેમ આજે હું મંત્રી તથા સેના સાથે વનમાં નીકળ્યો ત્યારે વનમાં મૃગો તથા બીજા હિંસક પશુઓ મને તથા સેનાને જોઈને મૃત્યુના ભયથી નાસવા માંડ્યાં. કેટલાંય પશુઓને મેં મારાં સુતીક્ષ્ણ બાણોથી વીંધી નાખ્યાં. એવી રીતે આખાય વનમાં હાહાકાર મચી રહ્યો.'

કુંતી તેમ જ માદ્રીની કુતૂહલપૂર્ણ આંખમાં આંખ મેળવીને પાંડુએ આગળ જણાવ્યું:

'જીવન કોને પ્રિય નથી હોતું અને મરણની કામના પણ કોણ કરે છે ? પૃથ્વી પરના પ્રત્યેક પ્રાણીની ઈચ્છા વધારે ને વધારે જીવવાની ને બને તો કદીયે ના મરવાની જ હોય છે. એ દૃષ્ટિએ મારો વ્યવસાય અતિશય આતંકકારક અને અનુચિત હોવા છતાં અજ્ઞાનથી આવૃત હોવાને લીધે હું એને કરતો રહ્યો. પશુઓ નાસભાગ કરવા, ચીસો પાડવા, ડુંગરો ને મેદાનોનાં જંગલી આશ્રયસ્થાનોમાં છુપાવા ને મરવા લાગ્યાં. આંખુ અરણ્ય ખૂબ જ વિકરાળ બની ગયું.'

'બને જ.' કુંતીએ કહ્યું: 'એની કલ્પના જ કેટલી બધી ભયંકર લાગે છે તો પછી વાસ્તવિક રીતે તો એ કેટલું બધું ભયંકર હશે ? પરંતુ પછી ?'

'પછી શું થયું ? તમારી કથા ઘણી રોચક લાગે છે.' માદ્રી પણ બોલી ઊઠી.

'હા.' પાંડુએ પાછું શરૂ કર્યું; 'એવી રીતે શિકાર કરતાં ને વન્ય પ્રાણીઓનાં સંહારથી પ્રસન્ન બનતાં હું ઘોડા પર સવાર થઈને નદીના તટપ્રદેશ પરનાં એકાંત જંગલમાં જઈ પહોંચ્યો. ત્યાં એક મૃગ અને મૃગીને કામાતુર બનીને મેં વિહાર કરતાં જોયાં. એ મોહમગ્ન અથવા વિષયાસક્ત બનીને એમની આજુબાજુની બધી જ દુનિયાને ભૂલી ગયેલાં. એ અવસ્થા કેવી હોય છે તે તો આપણે જાણીએ જ છીએ.'

'જરૂર.'

'એ અવસ્થા અત્યંત અનેરી અને સુખદ હોય છે. એ અવસ્થાના આનંદમાં બીજું બધું જ ભૂલી જવાય એ સ્વાભાવિક છે. અને ડાહ્યા મનાતાં મનુષ્યો પણ વિષયાંધ બને છે તો પછી મૂંગા પ્રાણીઓનું તો કહેવું જ શું ?' કુંતીથી કહ્યા વિના ના રહેવાયું.

'એ મૃગના જોડાને થોડીવાર સુધી તો મેં દૂર ઊભા રહીને જોયા કર્યું. પરંતુ પછી....પછી મારી એક મોટી ભૂલ થઈ. એ વખતે કોણ જાણે મને શું થયું કે મને એ મૃગના જોડાની પ્રીતિ, લાગણી કે સુખાનુભૂતિનો કશો ખ્યાલ જ ના રહ્યો. મેં મારા ધનુષ્ય પર ઉપરા-ઉપરી પાંચ બાણ ચઢાવ્યાં ને એ મૃગ તથા મૃગી પર છોડી દીધા.'

'ઓહ ! એ તો ઘણું જ ક્રુર કર્મ થઈ ગયું.'

'એ જોડાને બાણ મારતાં પહેલાં છૂટું તો પડવા દેવું'તું !'

કુંતી ને માદ્રી બંને એકસાથે બોલી ઊઠ્યાં.

'હા. મેં ખૂબ જ ક્રુર કર્મ કરી નાંખ્યું. હવે મને એનો પશ્ચાતાપ થાય છે, પરંતુ હવે શું વળે ? એ વખતે મને કોણ જાણે કેમ પણ કશો વિચાર જ ના થયો. મારી બુદ્ધિ બહેર મારી ગઈ. ખેર, હવે હું ગમે તેટલો પશ્ચાતાપ કરું તોપણ શું વળે ? બાણ વાગતાવેંત જ એ જોડું ચિત્કાર કરતું ખૂબ જ ઘાયલ થઈને ધરતી પર ઢળી પડ્યું. મૃગી તો એ વખતે જ મરી ગઈ, પરંતુ હું મૃગની પાસે પહોંચ્યો એટલે એ ઘાયલ થયેલા, ખૂનથી ખરડાયલા મૃગને વાચા ફૂટી. એ માનવની પેઠે બોલવાં લાગ્યો.'

'એ તો ખૂબ જ નવાઈભરેલું અને માન્યામાં ના આવે એવું કહી શકાય.'

'છતાં પણ એ સાચું છે. મૃગે વેદનાસભર આંખે મને પૂછ્યું કે રાજા, અમે તમારો કોઈ પણ અપરાધ નથી કર્યો. અરણ્યમાં અમે આનંદપૂર્વક વિહાર કરતાં'તાં. એમાં અમે તમારું શું બગાડેલું કે તમે અમને નિર્દોષને બાણ માર્યાં ?'

'એ મૃગની મનુષ્યસદૃશ વાણી સાંભળીને મને નવાઈ લાગી.'

'લાગે જ. અમને પણ નવાઈ લાગે છે.'

'હા, કુંતી, નવાઈ તદ્દન સ્વાભાવિક છે. એ નવાઈથી પ્રેરાઈને મેં એ મૃગના સંબંધી વધારે માહિતી મેળવવાની ઈચ્છા બતાવી તો એણે જણાવ્યું કે હું ખરેખર કોઈ મૃગ નથી પરંતુ એક ઋષિકુમાર છું. લોકલાજથી બચવા માટે મૃગનું રૂપ ધારણ કરીને તથા મારી પત્નીને મૃગી બનાવીને વનમાં હું વારંવાર વિહાર કરતો. તમે ભરતવંશમાં ઉત્પન્ન થયેલા ધર્માત્મા હોવા છતાં ભારે નિષ્ઠુર કર્મ કરી બેઠાં છો. તમારો અપરાધ અક્ષમ્ય છે. કામ અને ક્રોધના આવેગોને વશ થઈને અવિવેકી દુષ્ટ પ્રકૃતિના પુરુષો પણ આવો ક્રૂર વ્યવહાર કરે કે કેમ એ શંકાસ્પદ છે.'

'મૃગના શબ્દો સાંભળીને થોડીવાર તો હું વિચારમાં પડ્યો, પરંતુ પછી બોલ્યો કે મૃગયામાં મૃગને મારવાનું તો અમારે માટે સ્વાભાવિક ધર્મરૂપ મનાયું છે. મારા એ બોલ ઋષિકુમારને ખૂબ જ દુઃખદ લાગ્યા. છતાં પણ એણે શાંતિપૂર્વક પૂછ્યું કે અમારા જેવા કામમોહિત કામક્રીડા કરતાં મૃગને મારવાનું કુકર્મ જરા પણ ધર્મયુક્ત ના કહી શકાય. એ તો એકદમ અધર્મયુક્ત જ લેખી શકાય.'

'એ ઋષિકુમારની વાત સાચી છે.' કુંતી બોલી ઊઠી: 'કામરસ પ્રાણીઓની એવી રીતે હત્યા કરવાનું કામ ધર્મયુક્ત તો ના જ કહેવાય. એ કર્મ પ્રશસંનીય નહિ કિન્તુ નિંદનીય જ કહી શકાય.'

'સાચું છે.' માદ્રીએ સૂર પુરાવ્યો: 'એવી હત્યાનું સમર્થન કદી પણ ના કરી શકાય. એ હત્યા માટે તમારે એટલી ઉતાવળ નહોતી કરવી જોઈતી.'

'છતાં પણ જે થઈ ગયું તે થઈ ગયું.' પાંડુએ જણાવ્યું: 'એ વખતે તો મને કશું ભાન જ ના રહ્યું. એ ઋષિકુમારને મેં કહ્યું કે તમારી વાસ્તવિકતાનો મને ખ્યાલ હોત તો તમારા પર બાણ ના છોડત. મને તમારા મૂળ રૂપનો ખ્યાલ જ ન હતો. પરંતુ મારી દલીલની અસર જરા પણ સારી ના થઈ. ઋષિકુમારે તરત જ ઉત્તર આપ્યો કે એથી શું ? પરિસ્થિતિમાં કશો જ ફેર નથી પડતો. અમે બંને મૃગ હોત તોપણ તમારા જેવા વિવેકી પુરુષે અમારી પારસ્પરિક લાગણી અથવા અવસ્થાનો ખ્યાલ કરવો જોઈતો હતો.'

'મેં જણાવ્યું કે મારા અપરાધ માટે દુઃખ પ્રકટ કરું છું. પરંતુ ઋષિકુમારને એથી શાંતિ ના થઈ. એણે કહ્યું કે પુત્રેચ્છાથી પ્રેરાઈને અમે કામક્રીડામાં રત હતાં. તમારા ઘોર કુકર્મથી અમારો ઉદ્દેશ સફળ ના થઈ શક્યો. પુણ્યવાન પુરુવંશમાં પેદા થઈને તમે એકદમ અયોગ્ય કર્મ કરી નાખ્યું. મારી પ્રિય પત્નીનું મૃત્યું થયું છે એથી મારે માટે જગત નીરસ બની ગયું છે. મારું જીવન પણ હવે નહિ બચી શકે. મારું નામ કિન્દમ મુનિ છે. હું બ્રાહ્મણ છું. તમને બ્રહ્મહત્યાના પાપમાંથી તો મુક્ત કરું છું, પરંતુ આ ક્રૂર કર્મના ફળમાંથી મુક્ત નથી કરી શકતો. હું શાપ આપું છું કે સંમોહિત થઈને તમે મારી જેમ સ્ત્રીભોગ કરવા તૈયાર થશો ત્યારે એ કામહત દશામાં તમારું મૃત્યુ થશે. જે સ્ત્રી પર તમે મોહિત થશો તે સ્ત્રી તમારી પાછળ સતી બનીને પોતાના શરીરનો ત્યાગ કરશે.'

'એ શાપ ઘણો જ ભયંકર કહેવાય.' કુંતી બોલી ઊઠી.

'ઘણો જ ભયંકર.' માદ્રી પણ બોલી.

'હા.' પાંડુએ કથાનો ઉપસંહાર કરતાં કહ્યું; 'એ શાપ આપીને કિન્દમ મુનિએ પ્રાણત્યાગ કર્યો. થોડોક વખત સુધી હું ત્યાં ઊભો રહીને અશ્રુભરી આંખે અફસોસ કરતો રહ્યો ને પછી પાછો ફર્યો.

* * *

## ૭. કરુણ દિવસ

પાંડુએ પોતાની વાતના અનુસંધાનમાં આગળ કહ્યું:

'પાછા ફરતાં પહેલાં મેં મારા મંત્રી તથા માણસોને બોલાવીને એ બંનેના શરીરનો વિધિપૂર્વક અગ્નિસંસ્કાર કર્યો. એક મનુષ્ય અને એ પણ અપરાધી મનુષ્ય તરીકે મારો એટલો ધર્મ હતો અને એ ધર્મ મેં બજાવ્યો. ઋષિકુમારે મરતાં પહેલાં પોતાના શરીરના અગ્નિસંસ્કારની ઈચ્છા પણ પ્રકટ કરેલી. એ ઈચ્છાને પૂરી કરવાનું વચન આપ્યા પ્રમાણે મેં એને પૂરી કરી. પરંતુ એ ઘટનાએ મારા દિલને ખૂબ જ દુઃખી કરી દીધું. મારી ધીરજ અને હિંમતનાં બધા જ બંધનો તોડી નાખ્યાં. મને જે શાપ મળ્યો તેનું દુઃખ તો મને હતું જ, પરંતુ એ શાપ ભારે ભયંકર હોઈ એણે મારા સમસ્ત જીવનને નિરર્થક કરી દીધું. એની વેદના મારાથી કેમે કરી વ્યક્ત નથી કરી શકાય તેમ. આવી વેદના તેમ જ હતાશા મને કોઈયેવાર નહોતી થઈ.'

એવું કહીને પાંડુએ ઊંડો નિઃશ્વાસ નાખ્યો.

કુંતી તથા માદ્રી બંને શાપની વાત સાંભળીને ઊંડા વિચારમાં ડૂબી ગયાં.

એમના અંતર એકદમ આર્દ્ર તથા શોકમગ્ન બની રહ્યાં.

એમનાં દિલમાં પેદા થયેલું દુઃખ એમની આંખમાંથી વહી રહેલાં અશ્રુમાં સ્પષ્ટ રીતે દેખાઈ આવ્યું.

એમનાં કાળજાં કરુણ, અતિશય કરુણ બની ગયાં.

કુંતીએ અશ્રુધારાને લૂછીને કહ્યું:

'શાપની હકીકત સાંભળીને અમને પણ દુઃખ તો થાય છે જ. શાપ ઘણો જ ભયંકર કહેવાય.'

'જેવું ભયંકર મારું કર્મ છે એવો જ બલકે એથીયે ભયંકર શાપ છે.' પાંડુએ કહી બતાવ્યું; 'એ મૃગ અને મૃગીને મારવાની બુદ્ધિ મને ના સૂઝી હોત તો એમાંનું કશું ના થાત અને એ શાપ મને ના મળ્યો હોત. પરંતુ મારી બુદ્ધિ એ વખતે ઠેકાણે જ ના રહી. મારાથી બીજો કશો વિચાર ના કરી શકાયો.'

'છતાં પણ જે થવાનું હતું તે થઈ ગયું. હવે એનો અફસોસ કરવાથી શું વળે ? ઋષિકુમારનો શાપ ખૂબ જ કમનસીબ અથવા અમંગળ છે છતાં પણ મળી ચૂક્યો છે એટલે એમાં કશો મીનમેખ નથી થાય તેમ. શાપ આપતાં પહેલાં એમણે શાંતિપૂર્વક વિચાર કર્યો હોત તો સારું હતું, પરંતુ એ પણ પોતાની પત્નીના મૃત્યુથી તથા પોતાના પાસે પહોંચી ચૂકેલા મૃત્યુથી ખૂબ જ દુઃખી હશે. અને દુઃખી માણસની વિચારશક્તિ દોષિત અને કેટલીકવાર કુંઠિત થઈ જાય છે એ જાણીતું છે.'

માદ્રી બોલી:

'તમને મળેલો શાપ રૂંવાડા ઊભાં કરે તેવો છે. એની વિગત સાંભળીને મારું દિલ જાણે કે દુઃખથી દાઝી ઊઠ્યું. આવા શાપની કલ્પના પણ ના આવી શકે. મને એની જરાક પણ ગંધ આવી હોત તો હું તમને મૃગયા માટે આજે બહાર જવા દેત જ નહિ. પરંતુ ભવિષ્યની આગળ કોણ ડાહ્યું છે ? જે તમને ના સૂઝયું તે મને ક્યાંથી સૂઝે ?'

કુંતીએ પાંડુને અનેક પ્રકારે આશ્વાસન આપ્યું. છેવટે કહ્યું: 'શાપ આટલો બધો ભયંકર છે છતાં તમારી સદ્ ભાવના જ એથી તમારી રક્ષા કરશે. તમારી સદ્ધર્મપરતા અને પ્રજા પ્રત્યેની સેવાવૃત્તિ તમારા જીવનને કોઈ પણ

પ્રકારની ઊની આંચ નહિ આવવા દે. સ્ત્રી-પુરુષનો સંબંધ સૌથી વધારે સૂક્ષ્મ અને સુખદાયક હોય છે છતાં પણ આપણે એનું ધ્યાન રાખીશું ને સંયમી બનીશું.'

માદ્રીએ કહ્યું:

'તમારા જીવનને બચાવવા તરફ અમારું ખાસ ધ્યાન રહેશે એટલે આપણે માટે સંયમ સ્વાભાવિક બની જશે. એટલો અલ્પ ભોગ આપણે આપવો જ પડશે.'

છતાં પણ પાંડુનું દિલ દુઃખી જ રહ્યું.

એમને સંપૂર્ણ શાંતિ ના મળી.

'હજુ મેં ભોગજીવનમાં પ્રવેશ જ કર્યો છે ત્યાં એ જીવનને સંપૂર્ણપણે ભોગવવાની મારી ભાવના પર પાણી ફરી વળ્યું. શાપ તો મને મળ્યો પણ મારે લીધે તમારું જીવન પણ નીરસ અને દુઃખી બની ગયું. અપરાધ તો મેં કરેલો, તમે બંનેએ થોડો જ કરેલો ?'

'પરંતુ અમે તમારાથી જુદાં ક્યાં છીએ ?' કુંતી બોલી: 'તમારી અર્ધાંગિની તરીકે તમારાં સુખદુઃખ અમને સ્પર્શે છે ને સ્પર્શે એ અનિવાર્ય છે એટલું જ નહિ, આવશ્યક છે. તમે હવે વિલાપ કરીને દુઃખી ના બનો. મારી પ્રાર્થના એટલી જ છે. જે થઈ ગયું છે તે અન્યથા નથી થવાનું. માટે મનને બને તેટલું સ્વસ્થ કરો. મને તો પહેલેથી જ શિકારની આ પ્રવૃત્તિ પસંદ નથી. અને એમાં પણ પ્રકૃતિના ખોળે ખેલનારાં નિર્દોષ નેત્રોવાળાં હરણનો શિકાર કરવાની પ્રવૃત્તિ. એમણે માણસનું શું બગાડ્યું છે અથવા એ માણસને કેવી રીતે આંતકરૂપ છે કે એમના અતરમાં આંતક ફેલાવવા માટે માણસ હાથમાં હથિયાર ધારીને કાળરૂપ બનતાં એમની પાછળ પડે છે ?'

'સાચું છે.' માદ્રીએ કહ્યું: 'મને પોતાને પણ માનવનું એવું કઠોર કર્મ નથી ગમતું, અને અનુચિત અથવા અમંગલ લાગે છે. પરંતુ શું થાય ? સંસારમાં જૂના જમાનાથી એવી પ્રવૃત્તિ ચાલ્યા કરે છે અને એને બહાદુરી તરીકે બિરદાવાય છે પણ ખરી.'

'વાઘ અને સિંહ જેવાં ભયાનક પશુઓનો સામનો કરવામાં બહાદુરી હોઈ શકે ખરી, પરંતુ સ્વભાવથી જ સરળ, ચંચળ અને ભીરુ એવાં હરણની પાછળ પડવામાં તથા તેમનો શિકાર કરવામાં મને તો કશી બહાદુરી નથી દેખાતી. એવાં કર્મને બિરદાવવાને બદલે વખોડવું કે વગોવવું જોઈએ.'

'ખરું છે, કુંતી!' પાંડુએ મંદ છતાં શોકિત સ્વરે કહ્યું: 'તારું મંતવ્ય ખરું છે. મને એની પાછળનું સત્ય સમજાઈ રહ્યું છે. અને એ સંબંધી મેં એક નવો જ સંકલ્પ કર્યો છે.'

'શેનો સંકલ્પ ?'

'મૃગયા ના કરવાનો.'

'ખરેખર ?'

'હા, ખરેખર. આજના પ્રસંગ પરથી મને એ બોધપાઠ મળ્યો છે કે હવેના જીવન દરમિયાન મારે નિર્દોષ પ્રાણીઓની હત્યા ના કરવી. એ સંકલ્પને હું સંભાળપૂર્વક વળગી રહીશ.'

'તમારા સંકલ્પ સાથે હું સંમત છું. એ સંકલ્પ કરવા માટે તમને અભિનંદન આપું છું. સંકલ્પ ઘણો સારો છે ને મને ગમ્યો.'

'મને પણ એ સુંદર સંકલ્પ સાંભળીને આનંદ થયો.' માદ્રીએ અભિપ્રાય આપતાં જણાવ્યું :'તમે યોગ્ય રીતે જ વિચારી રહ્યા છો.'

'એક બીજો સંકલ્પ પણ મારા મનમાં સ્ફુરી રહ્યો છે.' પાંડુની વાણીમાં થોડીક ગંભીરતાની સાથે ઊંડી વેદના વણાઈ આવી.

કુંતી અને માદ્રી એમના તરફ ઉત્સુક આંખે જોઈ રહ્યાં. પતિના મનમાં કેવુંક મંથન ચાલી રહ્યું છે એની સ્પષ્ટ સમજ એમને ના પડી.

પાંડુએ એ મંથનની અભિવ્યક્તિ કરીને ઉત્સુકતાને શાંત કરતાં કહેવા માંડ્યું:

'મારો બીજો સંકલ્પ સર્વસંગપરિત્યાગ કરીને વનમાં વસવાનો છે.'

'વનમાં વસવાનો ?'

'હા. વનમાં વસવાનો, અને એ પણ તદ્દન એકલા જ. કુંતી ! હવે મને સંસારમાં કોઈ જાતનો રસ નથી દેખાતો. એક ત્યાગી પુરુષ થઈને મારા જીવનના કલ્યાણ માટે હવે હું તપ કરવા માગું છું.'

'પરંતુ પ્રજાનું પાલન ? એ પરહિતધર્મનું શું ? એ પણ શું તપ નથી ?'

'પ્રજાનું પાલન ભીષ્મ તથા ધૃતરાષ્ટ્ર જેવા પુરુષો દ્વારા નિયમિત તથા સુચારુરૂપે થતું રહેશે. એમાં કશી હરકત નહિ આવે. હમણાં તો મારા આત્માની શાંતિ માટે સાધના કરી લઉં એ જ બરાબર છે. મારું મન મને એની જ પ્રેરણા કરે છે. તપ કરીને મારા કુકર્મના પ્રભાવથી મુક્તિ મેળવીશ ત્યારે જ મને શાંતિ થશે. વળી સંસારના ભોગાસક્ત જીવનમાં રહીને કદીક મોહાંધ થવાનો સંભવ પણ ઉપસ્થિત થાય. એવે વખતે ઋષિકુમારે આપેલા શાપ પ્રમાણે મારું મૃત્યુ સમીપ આવી જાય. ત્યાગમય જીવન જીવતાં એકાંતમાં એવી રીતે મોહાંધ થવાનો કોઈ સંભવ જ ના રહે. એ લાભ કંઈ ઓછો નથી.'

'તમે વનમાં રહેશો તો પછી અમારું શું ? અમે તમારા વિના ક્યાંય એકલી નહિ રહી શકીએ. તમારા વિનાનું નગર અમને નીરસ તથા વેરાન લાગશે અને ભોગસામગ્રીથી ભરેલાં રાજભવન તમારા વિના સ્મશાનસમાં સૂનાં લાગશે.' માદ્રી બોલી.

'માદ્રી સંપૂર્ણ સાચું કહી રહી છે.' કુંતીએ કહ્યું: 'તમારા વિના એકલા રહેવાં કરતાં મૃત્યુને ભેટવામાં અમને અધિક આનંદ લાગશે. તમે સર્વસંગનો પરિત્યાગ કરીને વનમાં વાસ કરશો તો અમે શું ઘરમાં રહીશું ? કદાપિ નહિ. ઘરમાં રહેવાનું અમને જરા પણ નહિ ગમે.'

'તો પછી હું તો મારા સંકલ્પમાં મક્કમ છું.' પાંડુએ જણાવ્યું.

'તમે મક્કમ છો તો અમે પણ અમારા સંકલ્પમાં એવી જ રીતે મક્કમ છીએ. અમે કોઈયે સંજોગોમાં, તમારો ત્યાગ નહિ કરી શકીએ. અમારો ત્યાગ કરવા તૈયાર થશો તોપણ એ ત્યાગને અમે નહિ સહી શકીએ. એના કરતાં તો મરવાનું જ વધારે પસંદ કરીશું.'

પાંડુ ઊંડા વિચારમાં પડી ગયા ને પછી બોલ્યા:

'તો પછી ? આપણે કોઈક રસ્તો કાઢવો જ પડશે. તે સિવાય મને શાંતિ નહિ વળે.'

'તમે અમારો ત્યાગ ખરેખર કરી શકશો ?'

'તમારે માટે મને ખૂબખૂબ પ્રેમ છે. તમે બંને મારી બે આંખ બરાબર છો. છતાં પણ અત્યારે મારું મન એકદમ નિરાશ અને ઉપરામ થઈ ગયું હોવાથી મને કશું ચેન નથી પડતું. ત્યાગ તરફ જ મારું મન વધારે ઢળે છે. મારા પિતા વેદવ્યાસની પેઠે જીવનને તપસ્યામય બનાવવાની આકાંક્ષા મારી અંદર એકાએક જાગી ઊઠી છે. મુનિવેશ ધારણ કરીને ફળોનું ભક્ષણ કરતાં હું વનમાં આવેલા મુનિઓના આશ્રમોમાં મુક્તિ માટે પ્રયત્નો કરતાં વિચરણ કરીશ અને એવી રીતે મારું શ્રેય સાધીશ.'

'તમારો સંકલ્પ સારો છે પરંતુ એની પૂર્તિ માટે અમે તમને અરણ્યમાં એકલા નહિ રહેવા દઈએ.'

'અરણ્યમાં એકલા રહેવામાં મને કોઈ ભય લાગે છે ?'

'ભય તો તમને સ્વપ્નમાં પણ ક્યાં લાગે છે ? તમે તો પરમ પ્રતાપી હોવાથી બધે વખતે ને બધે જ નિર્ભય છો. પરંતુ તમારા વિના અમે એકાકી નહિ રહી શકીએ, શાંતિપૂર્વક જીવી નહિ શકીએ, અને અમારાં જીવનમાં કોઈ રસ પણ નહિ રહે. ઘરમાં રહીશું તોપણ અમને તમારી ચિંતા જ સતાવ્યા કરશે.'

'અમને દિવસ-રાત તમારા વિયોગની વ્યથાનો અથવા ક્લેશનો કીડો કોરી ખાશે.' માદ્રીએ કુંતીને સમર્થન આપતાં કહ્યું; 'મન તો તમારી પાસે વનમાં જ રહેશે. અને તમને છોડીને અમે નગરમાં જઈ શકીએ જ કેવી રીતે ? એ વાત પતિવ્રતા સ્ત્રીઓના ધર્મથી તદ્દન વિરુદ્ધ છે. પતિવ્રતા સ્ત્રી તો કદી પણ પતિનો પરિત્યાગ નથી કરતી. એ હંમેશા પતિની સેવામાં સંલગ્ન બની, પતિને પ્રસન્ન રાખવાનો પ્રયત્ન કરતી અને એને જ ધર્મ ગણતી પતિની સેવામાં જ રહે છે.'

'એટલે અમારો ત્યાગ કરવાનો વિચાર તો તમે સ્વપ્ને પણ ના કરશો. એ વિચાર અમારે માટે ઘાતક છે. તમારે વનમાં રહીને આત્મશાંતિ માટે તપ કરવું જ હોય તો અમે એ નિર્ણયને આવકારીશું. અમે તમારી વચ્ચે નહિ આવીએ. પરંતુ એ પરિસ્થિતિમાં અમે તમારી સાથે જ રહીશું.'

'મારી સાથે ?' પાંડુએ પ્રશ્ન કર્યો.

'હા. તમારી સાથે જ.' કુંતીએ ઉત્તર આપ્યો; 'તમે વાનપ્રસ્થી થઈને વનમાં રહો તો તમારો સંકલ્પ પણ પૂરો થાય અને અમે તમારી સાથે સેવામાં રહી શકીએ. વાનપ્રસ્થાશ્રમમાં પતિ-પત્નીને સંયમનું સમ્યક્ પાલન કરતાં અરણ્યમાં સાથે રહેવાની અનુજ્ઞા આપવામાં આવી છે. એટલે આપણે સાથે રહેવાનું ધર્મસંગત જ કહેવાશે. અમે સાથે રહીને તમારી સેવા કરીશું ને તમને જાગ્રત રાખીશું. શાપનું સતત સ્મરણ રહેવાથી અમે તમારે માટે અમંગલ એવું કોઈ કર્મ નહિ કરીએ ને નહિ કરવા દઈએ. ઉપરાંત વાનપ્રસ્થી તરીકેના કર્તવ્યનો વિચાર પણ આપણને જાગ્રત રાખશે. એવી રીતે તમારો સંકલ્પ સચવાશે અને આપણા વિયોગની વેદનામાંથી બચી જવાશે.'

કુંતી તથા માદ્રી બંનેના સંયુક્ત સ્નેહબળથી પ્રેરાઈને પાંડુએ એમની સાથે અરણ્યમાં રહીને વાનપ્રસ્થી તરીકેનું જીવન નિર્ગમન કરવાનો નિર્ણય કર્યો.

કુંતી અને માદ્રીને એમણે ઘણીયે સમજાવી જોઈ પરંતુ એ ના જ માની ત્યારે એમને એ નિર્ણય કરવા સિવાય બીજો કોઈ રસ્તો જ ના રહ્યો.

કુંતી તથા માદ્રીને એ નિર્ણયથી સંતોષ થયો.

મોડી રાતે ચાંદનીનો ચારુ પ્રકાશ બધે ફરી વળ્યો ત્યારે પણ પાંડુને એમાં રોજની જેમ આનંદ ના લાગ્યો.

પથારીમાં પાસાં ફેરવતાં ફેરવતાં એ વીતેલી ઘટનાને યાદ કરવા અને એના પરિણામે અભૂતપૂર્વ વેદના અનુભવવા લાગ્યા.

મોડી રાતે એમનું થાકેલું મન ઊંઘમાં મળી ગયું ત્યાં સુધી એ મનમાં જાતજાતનાં ને ભાતભાતનાં વિચારો પેદા થતા રહ્યાં.

એમને થયું કે આટલા બધા ચારુ ચંદ્રમાં જેમ કલંક છે તેમ પોતાના નિર્મળ યશસ્વી જીવનમાં પણ એક ભયંકર કુકર્મનું કઠોર કલંક લાગી ગયું છે. એ કલંકને ધોવાનું હવે મુશ્કેલ, એકદમ અસંભવ છે.

કુંતીની આંખ પણ ઘણી મોડી મીંચાવા માંડી.

એને પણ આરંભમાં ભાતભાતના વિચારો ઘેરી વળ્યા.

ઊંઘમાં કુંડલકવચધારી એ જ બાળક એની આંખ આગળ આવીને ઊભું રહ્યું.

એ બાળક રડતું રડતું કહેવા માંડ્યું:

'મને તારો ત્યાગ કેટલો બધો વસમો લાગે છે તે તું જાણે છે ? પ્રિયજનનો ત્યાગ સૌ કોઈને વસમો લાગે છે, અને એમાંયે એક બાળકને પોતાની માતાએ કરેલો ત્યાગ. એની કલ્પના તું કદાચ નહિ કરી શકે. તને મારો વિચાર નથી આવતો ?'

કુંતીનું કાળજું સળવળી ઊઠ્યું.

એણે કહ્યું: 'આવે છે. પરંતુ શું કરું ?'

'શું કરું ? બીજું શું કરવાનું હોય ? તું ધારે તો મારી શોધ કરાવી મને મળી શકે છે. મને તારા વાત્સલ્યનો લાભ આપી શકે છે.'

'પરંતુ....'

'એનો અર્થ એ કે હજુ વખત નથી આવ્યો.'

'કયો વખત ?'

'આપણા બંનેના મેળાપનો. નહિ તો તું આવી રીતે લાગણીહીન બનીને શાંત ના બેસી રહેત. મને મળવા માટે તલસતી હોત. એને બદલે તું તો કશું જ નથી કરતી.'

'હું શાંત દેખાતી હોઈશ તો ભલે કિંતુ લાગણીહીન તો નથી જ. તને મળવા માટે તલસતી નથી તે બરાબર છે પરંતુ એનો અર્થ એવો નથી કે તારા પ્રત્યે પ્રેમ નથી. એનું કારણ તો બીજું છે.'

'એની કલ્પના કરી શકું છું છતાં એ કારણ મારે ગળે નથી ઊતરતું. માતા કદી પોતાના પુત્રનો પરિત્યાગ કરી શકે છે અને એ પણ કાયમને માટે ? મેં તારો કોઈ અપરાધ કરેલો ?'

'તેં તો મારો કોઈ જ અપરાધ નથી કર્યો પરંતુ મેં તારો અપરાધ જરૂર કર્યો છે. તું બાળક છે એટલે તને સમજ નહિ પડે, પણ મારે તારો ત્યાગ બીજો કોઈ જ ઉપાય ના હોવાથી ના છૂટકે જ કરવો પડ્યો છે. મારી જગ્યાએ તું હોત તોપણ એમ જ કરત.'

'કદાપિ નહિ. હું એવો ડરપોક અથવા ભીરુ નથી. હું તો લોકલાજની પરવા કર્યા વિના તને મારી પાસે જ રાખત. પરંતુ હવે એ બાબતમાં તારી સાથે દલીલો કરવી અથવા ચર્ચામાં ઊતરવું નકામું છે. આ વિષય દલીલો કે ચર્ચાનો નથી, લાગણીનો છે. તું ના કહે છે તે છતાં હજુ મને લાગણીહીન જ દેખાય છે. જ્યારે તું ખરેખર

લાગણીવાળી થશે ત્યારે તારી દશા જુદી જ હશે. તું આવી રીતે પછી મારાથી એક દિવસને માટે પણ દૂર નહિ રહી શકે. બીજા બધા જ વિચારોને ગૌણ ગણીને મને મળવા ઉત્સુક બનશે. હરકત નહિ. હવે હું રજા લઉં છું.'

બાળક અદૃશ્ય થયું.

પરંતુ ત્યાં તો પેલો મૃગ આવ્યો ને બોલ્યો:

'હું ઋષિકુમાર કિંદમ છું. પાંડુને શાપ આપનાર હું જ છું. એણે મારો ને મારી પત્નીનો શિકાર કરેલો અને એ પણ કામાસક્ત દશામાં, એટલે મારે એને શાપ આપવો પડ્યો.'

કુંતીએ કહ્યું:

'ઋષિકુમાર થઈને તમે ક્રોધે ભરાઈને એવો ભયંકર શાપ આપ્યો છે તે શું બરાબર છે ? મને તો એ શાપ અત્યંત નિર્દય અને અનુચિત લાગે છે. તમારો શાપ અમારે સૌને માટે અસહ્ય વેદના, શોક કે દુઃખનું કારણ થઈ પડ્યો છે.'

'એથી શું ? પાંડુને એના કર્મનું ફળ પ્રાપ્ત થયું છે એમાં હું શું કરું ? હું તો માત્ર નિમિત્ત બન્યો છું. તને મારો શાપ નિર્દય અને અનુચિત લાગે છે તો શું પાંડુએ કરેલો અમારો વધ નિર્દય અને અનુચિત નથી લાગતો ?'

'એ પણ નિર્દય અને અનુચિત તો લાગે જ છે પરંતુ એ વધ એમણે જાણીજોઈને નથી કર્યો, અજાણતાં જ કરી નાખ્યો છે. મૃગના રૂપમાં તમે છો એવી એમને ખબર જ ન હતી.'

'છતાં પણ એણે કરેલા કુકર્મનો બચાવ નથી કરી શકાય તેમ. મારી ખબર એમને ના હતી તોપણ કામાસક્ત મૃગના જોડાને મારવાનું કામ પણ સારું તો ના જ કહેવાય. પરંતુ મારી વાત તારા ધ્યાનમાં કદાચ નહિ આવે; કારણ કે તારા પતિ પાંડુની પેઠે તું પણ શિકારી જ છે ને ?'

'હું શિકારી છું ?'

'તું શાંતિથી વિચારી જો તો મારી વાત સાચી જ લાગશે. તેં પણ શિકાર જ કર્યો છે ને ?'

'મેં ક્યારે અને કોનો શિકાર કર્યો ?'

'કેમ ? બાળકને છોડી દઈને તેં શિકાર નથી કર્યો ? શિકાર નહિ તો અર્ધશિકાર તો ખરો જ. અને સંપૂર્ણ શિકાર કરતાં અર્ધશિકાર ભયંકર હોય છે તેની ખબર કદાચ તને નહિ હોય.'

કુંતી થોડીવાર વિચારમાં પડી ને પછી બોલી:

'તો શું બાળકના ત્યાગની ખબર તમને પણ પડી ગઈ ? તમને તેની ખબર ક્યાંથી પડી ?'

'મને તેની ખબર કેમ ના પડે ? તને એમ હશે કે તારી હકીકત કોઈ જ નથી જાણતું પરંતુ એવી હકીકત કાંઈ છૂપી થોડી જ રહી શકે છે ?'

કુંતી વધારે બોલવા જતી હતી પરંતુ એ પ્રસંગ ત્યાં જ પૂરો થયો. એની આંખ ઊઘડી ગઈ.

એને થયું કે મન ક્યાં ક્યાં ભમ્યા કરે છે !

કવચકુંડળધારી પ્રતાપી પુત્રની આકર્ષક આકૃતિ એની આંખ આગળ ઊભી રહી અને એના અંતરમાં મંથન પેદા કરવા લાગી. એણે એને ભૂલવા માટે કેટલોય પ્રયાસ કર્યો પરંતુ એનું સ્વરૂપ એની આંખ આગળથી ના હઠ્યું.

પાંડુની આંખ હજુ પણ નહોતી મીંચાઈ.

આખા દિવસનાં દૃશ્યો એમની આગળ અવારનવાર સજીવ બનીને ઊભાં રહ્યાં અને એમના અંતરને વધારે ને વધારે બેચેન બનાવતાં ગયાં.

માદ્રીને પણ બરાબર ઊંઘ તો નહોતી જ આવી. એનું મન પણ એક જાતના વિચારવાયુએ ચઢેલું.

એ આખોય દિવસ એમને માટે ખૂબ જ કરુણ રીતે પસાર થયો.

એવી કરુણતાનો અનુભવ એ અગાઉ એમણે એમના જીવનમાં કદાપિ નહોતો કર્યો.

* * *

## ૮. પૂર્વકથા

સવારે ઊઠીને મહાપ્રતાપી રાજા પાંડુએ મંત્રીને પોતાના શુભ સંકલ્પથી સુપરિચિત કર્યો.

મહારાજા પાંડુ વાનપ્રસ્થાશ્રમી તરીકે જીવન પસાર કરશે એ જાણીને મંત્રીને આનંદ તો ના થયો પરંતુ એ લાચાર હોવાથી કોઈ જાતનો વિરોધ ના કરી શક્યો.

પાંડુને એણે મીઠી વિનયયુક્ત વાણીમાં સમજાવવાનો પ્રયત્ન તો કરી જોયો પરંતુ એ પ્રયત્નનું કોઈ ખાસ સંતોષકારક પરિણામ ના આવ્યું.

વનમાં પાંડુની સાથે આવેલા પંડિતો ને સૈનિકો પણ એ સંકલ્પ સાંભળીને દુઃખી થયાં.

બધાની હાજરીમાં પાંડુએ પોતાનો મોતીવાળો મુકુટ કાઢી નાખ્યો ને સુવર્ણના બીજા બધા જ અલંકારો ઉતારી કાઢ્યા. અને એને બદલે સાદા સફેદ વસ્ત્રો ધારણ કર્યાં.

એ દેખીને સૌના દિલ દ્રવી ઊઠ્યાં.

સૌની આંખ ભરાઈ ગઈ.

એ જોઈને પાંડુએ કહ્યું:

'ઈશ્વર જે સુઝાડે છે તે સારાને માટે જ સુઝાડે છે. તમે તેની ચિંતા ના કરશો. રાજ્યની ચિંતા પણ એકદમ અસ્થાને છે. રાજ્યને ધૃતરાષ્ટ્ર સારી પેઠે સંભાળી શકશે ને પ્રજાનું પાલન તથા હિત કરશે. મારી હકીકત એમને, વિદુરને, ભીષ્મને ને બીજા વડીલોને શાંતિપૂર્વક કહી બતાવજો.'

પાંડુના આદેશાનુસાર એમને અરણ્યમાં મૂકીને સૌએ હસ્તિનાપુરની દિશામાં પ્રયાણ કર્યું.

એ પ્રયાણ આનંદપૂર્વકનું ના હોવા છતાં આવશ્યક અને અનિવાર્ય બની ગયું.

પાંડુએ નવી જાતના જીવનમાં પોતાની જાતને અનુકૂળ કરી દીધી.

સંસારના સુખોપભોગમાંથી મનને પાછું વાળીને એમણે પરમાત્માના ચિંતનમાં જોડી દીધું ને સાદું, શાંત, સંયમી, સરળ જીવન જીવવાનું શરૂ કર્યું.

એથી એમના અંતરની અશાંતિ કાંઈક અંશે દૂર થઈ અને એમના મ્લાન મનમાં ઊંડો આત્મસંતોષ ફરી વળ્યો.

કુંતી તથા માદ્રીનો જીવનપ્રવાહ પણ પાંડુના જીવનપ્રવાહની પેઠે પલટાયો.

એમના વિચારથી કોઈ કોઈવાર પાંડુને લાગી આવતું.

એકવાર એમણે લાગણીની અતિશયતામાં કહ્યું પણ ખરું:

'તમે બંનેએ વનમાં રહેવાનો આગ્રહ રાખવાને બદલે મારાં સૂચનને માન્ય રાખીને હસ્તિનાપુરમાં પાછાં ફરીને રાજપ્રાસાદમાં રહેવાનું રાખ્યું હોત તો ?'

'કેમ ? એવું કેમ બોલ્યા ?' કુંતીએ પૂછ્યું.

'વનમાં કેટલું બધું કષ્ટ છે તેની કલ્પના તમને કદાચ નહિ હોય. સ્વજનો, સ્નેહીઓ અને પરિચારકો વિનાના વનમાં ભોગોપભોગના બાહ્ય પદાર્થો વિના એકલા રહેવું કેટલું બધું કપરું કે ક્લેશકારક છે તેનો ખ્યાલ હવે

તમને આટલા વખતના અનુભવ પરથી સારી પેઠે આવી ગયો હશે. હજુ તમારો વિચાર બદલીને તમારે હસ્તિનાપુર પાછાં જવું હોય તો મારી સંમતિ છે. એને માટેની સઘળી વ્યવસ્થા કરી શકું તેમ છું.'

'આજે આવા આશ્ચર્યકારક ઉદ્દગારો દ્વારા અમારી કસોટી કરો છો કે શું ? વનનું જીવન અમને કપરું કે ક્લેશકારક જરા પણ નથી લાગતું. સ્વજનો, સ્નેહીઓ, સેવકો તેમજ હસ્તિનાપુર યાદ આવે છે ખરું, પરંતુ એવી સ્મૃતિ તો સહજ છે. એનો અર્થ એવો જરાય નથી કે એમના વિના અમને એકલવાયું કે સૂનું લાગે છે ને નથી ગમતું. વનમાં આઠે પહોર તમારો સંગ છે પછી અમારે બીજું શું જોઈએ ? તમારા સુખદ સંસર્ગમાં અમે સંપૂર્ણ સુખી છીએ. બીજી કોઈ જ વસ્તુની કે કોઈયે બાહ્ય ભોગની અમને લાલસા નથી.'

માદ્રી બોલી:

'હસ્તિનાપુરમાં પાછાં જવાનો વિચાર તો મને સ્વપ્ને પણ નથી આવતો. જ્યાં તમે છો ત્યાં જ અમારું હસ્તિનાપુર છે અને અમારું સ્વર્ગ પણ ત્યાં જ સમાયલું છે. તમારા વિનાનું હસ્તિનાપુર અથવા સ્વર્ગ અમારે માટે સ્મશાન અથવા નરક બરાબર છે. તમારી છત્રછાયામાં અમે સંપૂર્ણપણે સુખી છીએ. અમને કોઈયે પ્રકારની ચિંતા કે આપત્તિ નથી. તમે અમારી ચિંતા કરીને નકામા ચિંતિત ના થશો.'

'પરંતુ....વનમાં તમને ગમે છે ?'

'કેમ ના ગમે ? ભાગ્યની વિપરીતતાનો વિચાર તો વારંવાર આવ્યા જ કરે છે. કોઈકવાર એમ પણ થાય છે કે ક્યાં હસ્તિનાપુરનું સમૃદ્ધશાળી સ્વર્ગીય વાતાવરણ અને ક્યાં આ વનની ઋષિમુનિસેવિત શાંત એકાંત કુદરતી સૌન્દર્યથી ભરેલી તપોભૂમિ ! ભાગ્ય કેવી રીતે ક્યાં લઈ આવે છે ? છતાં પણ એવા વિચારથી કોઈ જાતનું દુઃખ નથી થતું : ભાગ્યની પ્રબળતાનો ખ્યાલ આવે છે.'

કુંતી બોલી:

'હસ્તિનાપુરના સામ્રાજ્યનો ત્યાગ કરીને તમે વનમાં રહીને સાદું જીવન જીવીને આનંદ માનો છો તો અમારે તો તમારી સાથે જ જીવવાનું છે, પછી અમને આનંદ શા માટે ના લાગે ? સ્ત્રીને માટે પતિ સૌથી પૂજ્ય ને પ્રિય હોય છે. એ બીજા બધા જ બાહ્ય સુખોપભોગથી વંચિત બની જાય પરંતુ જો પતિના સહવાસથી રહિત ના થાય તો ગમે તે દેશ કે કાળમાં પણ સર્વોત્તમ સુખશાંતિનો જ અનુભવ કરે છે.'

પાંડુએ અશ્રુભરી આંખ સાથે શાંતિપૂર્વક છતાં કાંઈક વેદનાયુક્ત સ્વરે કહ્યું:

'તમારા જેવી ઉત્તમ સદગુણસંપન્ન સ્ત્રીઓની પ્રાપ્તિ બદલ મારી જાતને ભાગ્યશાળી માનું છું. અફસોસ કોઈ કોઈવાર માત્ર એટલો જ થઈ આવે છે કે ભરયૌવનના સુંદર સુખોપભોગના દિવસોમાં મારે લીધે તમારે એ સુખોપભોગ છોડીને વનના વિપત્તિજનક વાતાવરણમાં રહેવું પડ્યુ. તમારા જીવનમાં વનમાં વસવાનો સમય અત્યારે તો ના જ કહેવાય.'

'એ અફસોસ અસ્થાને અને અર્થ વગરનો છે. વનમાં વસવાનો સમય અત્યારે હોય કે ના હોય છતાં પણ અમારો ધર્મ જ્યાં તમે વસો ત્યાં જ વસવાનો હોઈ શકે. બીજા સુખોપભોગની લાલસા અમને ના હોય. અમે એ શાસ્ત્રસંમત પરંપરાગત ધર્મનું પાલન કરીએ છીએ અને એમાં અમારો આનંદ છે. માટે એ વાતનો વિચાર કરીને તમે જરા પણ દુઃખી ના થતા.'

'તમારા વિશે વિચારવાનો મારો પણ ધર્મ છે. એ ધર્મનો પરિત્યાગ મારાથી પણ ના થઈ શકે.'

'બરાબર છે, પરંતુ આવી રીતે વિચાર  કરીને તમે દુઃખી થાવ તે અમને જરાય પસંદ નથી પડ્યું.'

અરણ્યમાં આવેલા એકાંતવાસી, સાધનારત, ઋષિમુનિઓના આશ્રમોની મુલાકાત લેવામાં, ઋષિમુનિઓ પાસેથી જીવનોપયોગી સુંદર સદુપદેશ શ્રવણ કરવામાં, સ્વાધ્યાયમાં ને તપશ્ચર્યાના અનુષ્ઠાનમાં તથા ઈચ્છાનુસાર વિશાળ વનમાં વિહરવામાં પાંડુનો સમય સારી પેઠે પસાર થઈ જતો.

કુંતી તથા માદ્રીને પણ એમાં આનંદ આવતો.

ઋષિકુમારનો શાપ સદાય તાજો રહેતો હોવાથી પાંડુ સંયમી જીવન જીવવાનું ધ્યાન રાખતા, અને એમની પ્રિય પત્નીઓ પણ એમને સાથ આપતી.

*

એવી રીતે કેટલોક કાળ પસાર થયો એટલે એક દિવસ સાંજે સરોવરનાં તટ પર આવેલા વિશાળ વટવૃક્ષની નીચે બેઠેલા પાંડુને કુંતીએ કહ્યું:

'તમે એકવાર વાતવાતમાં મહર્ષિ વ્યાસને તમારા પિતા કહેલા. એકાંતવાસી જ્ઞાનીશ્રેષ્ઠ મહર્ષિ વ્યાસ તમારા પિતા કેવી રીતે થાય તે જાણવાની મારી ઈચ્છા છે. મારા અવિનયને માફ કરીને મને એ હકીકત કહી બતાવો એવી મારી પ્રાર્થના છે. વ્યાસને તમારા પિતા તરીકે ઓળખાવ્યા એથી મને કાંઈક આશ્ચર્ય થાય છે. તમે એ ઉલ્લેખ કરવામાં કોઈ જાતની ઉતાવળ કે ભૂલ તો નથી જ કરી એવો મારો વિશ્વાસ છે, કારણ કે તમારો સ્વભાવ અસત્યભાષણ કરવાનો તો નથી જ.'

માદ્રીએ પણ એ વિશે વિસ્તારથી જાણવાની ઈચ્છા પ્રદર્શિત કરી એટલે પાંડુએ જણાવ્યું:

'મેં તે દિવસે કહ્યા પ્રમાણે મહર્ષિ વ્યાસ જ મારા પિતા થાય. વિદુર, ધૃતરાષ્ટ્ર અને હું એમના જ પુત્રો છીએ.'

'એ કેવી રીતે ?'

'મારા વંશમાં મારા પૂર્વજ મહાપ્રતાપી રાજા શાંતનુ થઈ ગયાં.'

'એ તો મને ખબર છે.'

'એમનું લગ્ન સત્યવતી સાથે થયેલું. વ્યાસ એ સત્યવતીના પુત્ર હતા અને મહર્ષિ પરાશર એમના પિતા હતાં. રાજા શાંતનુને પરણ્યા પહેલાં જ સત્યવતીને પરાશરના સંબંધથી વ્યાસની પ્રાપ્તિ થયેલી. વ્યાસ યમુના નદીના દ્વીપપ્રદેશમાં જનમ્યા હોવાથી દ્વૈપાયનના નામથી પણ પ્રખ્યાત છે.'

'વ્યાસના જન્મની એ હકીકત તો મેં એક યા બીજી રીતે સાંભળેલી છે. પરાશર મત્સ્યગંધા અથવા સત્યવતી પર મોહિત થયા, એમણે પોતાની અસાધારણ શક્તિની મદદથી એના શરીરમાંથી નીકળતી મત્સ્યની ગંધને દૂર કરી એને સુવાસિત બનાવી દીધી, અને એની સંમતિથી એની સાથે સંબંધ કરીને વ્યાસને જન્મ આપવામાં કારણરૂપ બન્યાં, અને એ પછી સત્યવતીને એના પિતા પાસે મોકલીને પોતે તપશ્ચર્યા કરવા માટે વિદાય થયા, એ વાત તો લગભગ સુવિદિત જેવી છે. એ પછી રાજા શાંતનુ સત્યવતીના અસાધારણ સૌંદર્યથી મુગ્ધ થઈને એને પરણ્યા અને સત્યવતીનું ભાગ્ય ખૂલી જતાં એ એકાએક હસ્તિનાપુરની રાજરાણી બની, એ કથા પણ ઓછાવત્તા પ્રમાણમાં મારા સાંભળવામાં આવેલી છે. પરંતુ એથી આગળ.....'

'હું તારા કહેવાનો અભિપ્રાય સમજી ગયો.' પાંડુએ કુંતીની વાતની વચ્ચે જ કહેવા માંડ્યું : 'રાજા શાંતનુને એ સત્યવતીથી બે પુત્રો થયાં. એક તો વિચિત્રવીર્ય અને બીજો ચિત્રાંગદ. એ બંને પરાક્રમી તથા મહત્વકાંક્ષી હતાં. ચિત્રાંગદ કિશોરાવસ્થામાં હતો ત્યારે જ મહારાજા શાંતનુનું મૃત્યું થયું. ગંગાનંદન ભીષ્મે સત્યવતીની ઈચ્છાને માન આપીને પોતાના પિતા શાંતનુના લગ્નને સફળ કરવા રાજ્યાધિકાર પરથી પોતાનો હક ઉઠાવી લીધેલો અને જીવનભરના અખંડ બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા કરેલી. એમણે મહારાજ શાંતનુ પછી સત્યવતીની સંમતિથી ચિત્રાંગદને રાજગાદી સુપ્રત કરી.

'પછી !' માદ્રીએ આગળ સાંભળવાનો ઉત્સાહ બતાવ્યો.

'ગંધર્વરાજ ચિત્રાંગદે એમની ઉપર ચઢાઈ કરવાથી, એક જ નામના એ બંને મહાપ્રતાપી વીર યોદ્ધાઓમાં ભયંકર યુદ્ધ ફાટી નીકળ્યું. એ યુદ્ધ સરસ્વતી નદીના તટ પર કુરુક્ષેત્રના મેદાનમાં થયું હતું. ત્રણ વરસ સુધી ચાલેલા એ ઘોર યુદ્ધમાં છેવટે રાજા ચિત્રાંગદનો નાશ થયો. ભીષ્મે પોતાના એ ભાઈની અંત્યેષ્ટિ ક્રિયા કરીને રાજગાદી પર વિચિત્રવીર્યનો અભિષેક કર્યો. વિચિત્રવીર્યની ઉંમર એ વખતે ઘણી નાની હોવાથી ભીષ્મ એની બધી રીતે રક્ષા કરતા કે સંભાળ રાખતા.'

'ભીષ્મનું વ્યક્તિત્વ એવી રીતે ઘણું જ મહાન ને પવિત્ર કહેવાય. એ ધારત તો રાજગાદી પર પોતે જ બેસી શકત. એમના જેવા પ્રતાપી પુરુષનો સામનો કરવાની શક્તિ બીજા કોઈનામાંય ના હોત.' કુંતી બોલી ઊઠી.

'સાચી વાત છે, કુંતી !' પાંડુએ આગળ કહ્યું; 'ભીષ્મ જો ધારત તો રાજગાદી પર બેસી શકત, પરંતુ એ એમના વચનપાલનમાં મક્કમ હોવાથી એવો વિચાર પણ એમને ના આવ્યો. એ એમની મહાનતા હતી. વિચિત્રવીર્યે યુવાવસ્થામાં પ્રવેશ કર્યો એટલે ભીષ્મે પોતે અવિવાહિત રહેવા છતાં એને પરણાવવાનો વિચાર કર્યો.'

'એ તો ઘણું જ ઉત્તમ કહેવાય.' માદ્રી બોલી : 'ભીષ્મના ચારિત્ર્ય પર એથી ઘણો સારો પ્રકાશ પડે છે અને એમને માટે માન પણ ઉત્પન્ન થાય છે. એમના જીવનનો વધારે ને વધારે પરિચય કરવાનું મન થાય છે.'

'એ વસ્તુ સ્વાભાવિક છે. હા, ત્યારે એ વખતે કાશીનરેશની કન્યાઓનો સ્વયંવર થયો. ભીષ્મે સત્યવતીની સંમતિથી એકલા જ કાશી પ્રતિ પ્રયાણ કર્યું.

'સ્વયંવરમાં રાજાઓની ઓળખાણ આપવામાં આવી ત્યારે કાશીરાજની ત્રણે કન્યાઓ ભીષ્મને એકલા અને વયોવૃદ્ધ જેવા જાણીને ગભરાઈને આગળ વધી ગઈ. ત્યાં બેઠેલા રાજાઓ પણ અંદર અંદર હસીને બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લઈ ચૂકેલા ભીષ્મની મશ્કરી કરવા લાગ્યાં.

એથી રોષે ભરાયેલા ભીષ્મે પોતાના ભાઈ વિચિત્રવીર્યને માટે એ ત્રણે કન્યાઓનું હરણ કરીને એમને રથમાં બેસાડી દીધી. એ જોઈને રાજાઓ ડઘાઈ ગયા ને છંછેડાયા.

એમણે સંયુક્ત રીતે ભીષ્મનો સામનો કર્યો પરંતુ ભીષ્મે એમને પરાસ્ત કરીને વિજયના આનંદ સાથે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

હસ્તિનાપુરમાં પ્રવેશ્યા પછી કાશીનરેશની મોટી પુત્રી અંબાએ ભીષ્મને કહ્યું કે તમે રાજા વિચિત્રવીર્ય સાથે પરણાવવાની ઈચ્છા રાખો છો, પરંતુ મારું મન તો રાજા શાલ્વમાં લાગેલું છે. મેં મનોમન એમને જ વરવાનો

નિશ્ચય કર્યો છે. સ્વયવરમાં પણ હું એમને જ વરવાની હતી. તમે ધર્મજ્ઞ હોવાથી મારા મનની આ વાત તમને કહી બતાવું છું અને આશા રાખું છું કે તમે મારી સાથે ધર્માનુસાર વ્યવહાર કરીને મને ન્યાય આપશો.

‘ભીષ્મ એકલા પરાક્રમી નહોતા, પરંતુ લાગણીવાળા ધર્માત્મા પણ હતા એટલે વિદ્વાનો સાથે વિનિમય કરીને એમણે અંબાને ઈચ્છાનુસાર જવાની અનુમતિ આપી ને કાશીનરેશની બીજી બે કન્યાઓ અંબિકા અને અંબાલિકાનાં લગ્નનું આયોજન વિચિત્રવીર્ય સાથે કરી દીધું.’

‘એ તો ઘણું જ સુંદર કહેવાય.’ કુંતી એ સાંભળીને બોલી ઊઠી: ‘ઘણું જ અદ્દભુત. ખાસ કરીને અંબાની લાગણીની કદર કરીને એની સાથે જે વ્યવહાર કર્યો તે એમના જેવા ઉત્તમ પુરુષને માટે પ્રશસ્ય ને યશસ્વી હતો.’

‘મને પણ એ વ્યવહાર ગમ્યો.’ માદ્રી બોલી: ‘અને એની કથા સાભળીને એમને માટે અધિક આદરભાવ ઉત્પન્ન થયો. હાથમાં આવેલી સુંદર કન્યાઓ સાથે એમની ઈચ્છાનુસાર વ્યવહાર કરવાની આવી યોગ્યતા તો એમના જેવા કોઈક એકાદ વિરલ પુરુષમાં જ હોઈ શકે.’

પાંડુએ પોતાની વાતના અનુસંધાનમાં આગળ કહ્યું :

‘સ્ત્રીની મોહિની કોને નથી લાગતી ? વિચિત્રવીર્યને પણ પોતાનાં લગ્ન પછી એ મોહિની લાગી અને એ અતિશય ઉન્મત્ત બનીને વિષયાસક્તિમાં ડૂબી ગયો, સાત વરસ સુધી અમર્યાદ રીતે કામાસક્ત રહેવાથી આખરે બીજું થાય પણ શું ? એને ભરયુવાનીમાં જ ક્ષય લાગુ પડ્યો. એ ભયંકર ક્ષયરોગને મટાડવા માટે પૂરેપૂરી સારવાર કરવામાં આવી, છતાં આખરે મૃત્યુ થયું.’

કુંતી અને માદ્રીના મુખમાંથી કરુણાજનક ઉદ્દગાર નીકળી પડ્યા.

પાંડુ બોલ્યા:

‘એ મૃત્યુએ ભીષ્મને ભારે આઘાત પહોંચાડ્યો. સત્યવતીના શોકનો પણ પાર ના રહ્યો. વિચિત્રવીર્યને એકે સંતાન ન હતું એથી ચિંતા એ બંનેને સારી પેઠે સતાવવા લાગી. એ અવસ્થામાં રાજગાદી કોણ સંભાળે ?’

‘સત્યવતીને એક વિચાર સૂઝયો. એ વિચાર એણે ભીષ્મની આગળ રજૂ કર્યો. એણે ભીષ્મને કહ્યું કે વિચિત્રીવીર્ય સંતાન વિના જ મૃત્યુ પામ્યો છે. તો વંશપરંપરાને કાયમ રાખવા માટે તમે કાશીનરેશની કન્યાઓ સાથે સંબંધ કરીને સંતાન ઉત્પન્ન કરો એ બરાબર છે. એ સંબંધમાં મારી સંપૂર્ણ સંમતિ છે. એવો સંબંધ શાસ્ત્રસંગત જ કહેવાશે. રાજગાદી પર પણ તમે પોતે જ બેસો ને પ્રજાનું પાલન કરો.’

‘ઉપરથી જોતા તો એ પ્રસ્તાવ નિર્દોષ, સમયસરનો ને સારો હતો પરંતુ ભીષ્મના વ્રતની કસોટી કરનારો હોવાથી ભીષ્મને એ જરા પણ પસંદ ના પડ્યો. એમણે જણાવ્યું કે તમારાં લગ્ન પહેલાં મારા રાજ્યાધિકારના ત્યાગની મેં કરેલી પ્રતિજ્ઞા તમે ભૂલી ગયાં ? એ પ્રતિજ્ઞાને લીધે મારા પિતા શાંતનુનું લગ્ન શક્ય બનેલું. એ વખતે તમને અને તમારા પિતાને સંતોષ આપવા માટે મેં જીવનભર અખંડ બ્રહ્મચર્યનું પાલન કરવાની પણ પ્રતિજ્ઞા લીધેલી. એ પ્રતિજ્ઞાનો ભંગ કેવી રીતે કરી શકાય ?’

‘ભીષ્મ ખરેખર દૃઢપ્રતિજ્ઞ કહેવાય.’ કુંતી બોલી ઊઠી : ‘એમની મક્કમતા એમને માટે માન ઉપજાવે તેવી છે.’

‘એવી મક્કમતા તથા આત્મજાગૃતિ બહુ જ ઓછા પુરુષોમાં જોવા મળે છે.’ માદ્રી પણ બોલી ઊઠી.’

'ભીષ્મ એટલા માટે જ પૂજ્ય ગણાય છે ને પરમ પ્રતાપી મનાય છે.' પાંડુએ ઈતિહાસના એ પ્રવાહને આગળ ચલાવ્યો : 'ભીષ્મે સત્યવતીને સાફસાફ શબ્દોમાં સંભળાવી દીધું કે વિચિત્રવીર્યની સ્ત્રીઓની સાથે મારાથી કોઈપણ સંજોગોમાં સંબંધ નહિ કરી શકાય. ના, સ્વપ્ને પણ નહિ.'

'સત્યવતીએ એને સમજાવવાનો ઘણો પ્રયાસ કરી જોયો પરંતુ એ ચળે કે સમજે તો ભીષ્મ શેના ? એ એવા જ દૃઢ રહ્યા, બલકે એથીયે અધિક દૃઢ બનીને બોલ્યા કે મારી પ્રતિજ્ઞા અફર છે. ત્રિલોકનું રાજ્ય મળે, બ્રહ્મપદની પ્રાપ્તિ થાય ને મોક્ષપદનો પરિત્યાગ કરવો પડે, તોપણ શું ? વચનનો ત્યાગ મારાથી કોઈયે સંજોગોમાં નહિ થઈ શકે. સૂર્ય ઊગવાનું છોડી દે, ભૂમિ ગંધ છોડે, જલ રસ, તેજ રૂપ, વાયુ સ્પર્શ, આકાશ શબ્દ, ચંદ્ર શીતળતા અને અગ્નિ ઉષ્ણતા છોડી દે ને કુદરતના બધા જ નિયમોમાં પરિવર્તન થઈ જાય તોપણ શું ? સમુદ્ર કદાચ તરંગરહિત બની જાય, ભરતી-ઓટનો ત્યાગ કરે, સરિતાઓ પોતાનું અભિસરણ છોડી દે, અને તારાઓ ચમકવાનું મૂકી દે તોપણ શું થયું ? પ્રતિજ્ઞાનો ભંગ કરવાનો વિચાર મારાથી કદાપિ નહિ કરી શકાય. માટે મને ફરીવાર આગ્રહ ના કરશો. એ આગ્રહનું પરિણામ કશું જ નહિ આવે.'

'કુંતી, મેરુ પર્વત કોઈથી હાલી શક્યો છે ? પૃથ્વી પર વહેતા વાયુને કોઈ બાંધી શક્યું છે ? અને આકાશને કોઈએ માપ્યું છે ? ભીષ્મનું મન પણ એવી જ રીતે અડગ અને અમાપ રહ્યું, ન બંધાયું.'

'સત્યવતીએ એમની આશા મૂકી દીધી. પોતાનાં લગ્ન પહેલાં ભીષ્મને પ્રતિજ્ઞા કરાવવામાં પોતે નિમિત્ત બની એનું એને દુઃખ થયું.'

'છેવટે ભીષ્મની સલાહ લઈને એણે એક બીજો રસ્તો શોધી કાઢ્યો.

'એણે મહર્ષિ વ્યાસનું સ્મરણ કર્યું.'

'માતાના બોલાવાથી વ્યાસ એની પાસે હાજર થયા એટલે એણે એમને આખીયે પરિસ્થિતિથી માહિતગાર કર્યા અને વિચિત્રવીર્યની સ્ત્રીઓને સંતાનવતી કરવાનો આદેશ આપ્યો.'

'મહર્ષિ વ્યાસ પોતાની દૈવી દૃષ્ટિથી ભાવિ પરિસ્થિતિનો વિચાર કરીને સત્યવતીના આદેશને અનુસરવા તૈયાર થયા.'

એમની અમોઘ સંકલ્પશક્તિ અને એમના અનુગ્રહથી સત્યવતીની મહેચ્છા પૂરી થઈ.'

'થોડા વખત પછી અંબિકાએ ધૃતરાષ્ટ્રને જન્મ આપ્યો; અંબાલિકાએ મને, બંનેને એકેક પુત્રરત્નની પ્રાપ્તિ થઈ.'

'તો પછી તમે તો વિદુરને પણ તમારા ભાઈ કહો છો. તો એમનો જન્મ કેવી રીતે થયો ?' કુંતીથી પૂછ્યા વિના ના રહેવાયું.'

એના કૂતુહલને શાંત કરતાં પાંડુએ કહ્યું:

'માતાના દોષને લીધે ધૃતરાષ્ટ્ર જન્મથી જ અંધ હતા અને મારું શરીર એકદમ સુકાઈ ગયું ને પીળું પડી ગયું. એ જોઈને સત્યવતીને જોઈએ તેવો સંતોષ ના થવાથી એણે વ્યાસને પોતાની કૃપા કરવા માટે વિજ્ઞપ્તિ કરી.'

'એ વિજ્ઞપ્તિને લક્ષમાં લઈને મહર્ષિ વ્યાસે અંબિકાની પ્રેરણાથી એની દાસીને સફળમનોરથ કરી, એમના અનુગ્રહથી એ બડભાગી, શ્રદ્ધાભક્તિસંપન્ન, વિવેકી દાસીને વિદુરની પ્રાપ્તિ થઈ.'

'અમારા જન્મોનો આ રોચક ઈતિહાસ તમારી ઈચ્છાથી મેં તમને સક્ષેપમાં કહી બતાવ્યો. વ્યાસ અમારા પિતા કેવી રીતે છે તે હવે સ્પષ્ટ રીતે સમજાયું હશે. એ મહામાન્ય મહાપુરુષનો અનુગ્રહ અમારી માતા પર ના થયો હોત તો અમારો જન્મ કદાપિ ના થઈ શકત.'

કુંતી તથા માદ્રી બંને થોડીવાર સુધી શાંત રહી ને પછી બોલી:

'એ મહાત્મા પુરુષનો અનુગ્રહ ઘણો અદ્દભુત કહેવાય. એમની આપણી ઉપર એટલે જ કૃપા છે, પરંતુ એટલું જ અથવા એથીય અધિક અદ્દભુત તો મને ભીષ્મનું વ્યક્તિત્વ લાગે છે. એમણે જે લોકોત્તર કર્મ કર્યું છે તે બીજા કોઈથી નહિ થઈ શકે.'

'એમનો ત્યાગ, દૃઢ સંકલ્પ, મનોનિગ્રહ તથા એમની પ્રલોભનપરતા આપણા કુળના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે અને અમર બનશે.'

માદ્રીના શબ્દોને સુધારતાં પાંડુએ જણાવ્યું :

'આપણા કુળના જ નહિ કિન્તુ સમસ્ત મનુકૂળના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાશે અને અમર બનશે.'

માદ્રીના શબ્દોને સુધારતાં પાંડુએ જણાવ્યું:

'સાચું છે, ' કુંતીએ એમને ટેકો આપ્યો : 'એ સૌને પ્રેરણા પાશે.'

અને એ પૂર્વકથા પૂરી થઈ.

* * *

## ૯. પુત્રેચ્છા

બીજે દિવસે પાંડુએ પૂર્વકથામાં અનુસંધાનમાં આગળ કહ્યું; 'અમે ત્રણે ભાઈઓ એક અથવા બીજી રીતે પ્રતાપી હતા. અમારા જન્મથી કુરુવંશની ખૂબ જ ઉન્નતિ થઈ. અનાજનું ઉત્પાદન વધી ગયું. વૃક્ષો ફળફૂલથી ભરપૂર બન્યાં. વરસાદ સમય પર વરસવા લાગ્યો. સમસ્ત પ્રજા સુખી થઈ. રાજ્યમાં કોઈપણ દરિદ્ર કે દુઃખી ના રહ્યું.'

'એ દૃષ્ટિએ જોતાં તમારો જન્મ ઘણો જ મંગલ કહેવાય.'

'એની અસર આખાય રાજ્ય પર ઘણી સારી પડી.' માદ્રી બોલી.

પાંડુએ કહ્યું:

'બરાબર છે. મોટા થઈને અમે ભીષ્મના સૂચન અને માર્ગદર્શન પ્રમાણે ઈતિહાસ, પુરાણ જેવાં બીજાં શાસ્ત્રોના જ્ઞાનને પ્રાપ્ત કર્યું અને જુદાં જુદાં શસ્ત્રાસ્ત્રોના પ્રયોગમાં પણ પ્રવીણતા મેળવી. વિદુર ધર્મપરાયણ અને ધર્મજ્ઞ તરીકે સમસ્ત રાજ્યમાં પંકાતા, ધૃતરાષ્ટ્ર સૌથી વધારે બળવાન મનાતા, ને ધનુર્વિદ્યામાં મારી બરાબરી કોઈનાથી ના થઈ શકતી, વિદૂર દાસીપુત્ર અને ધૃતરાષ્ટ્ર અંધ હોવાથી સત્યવતી તથા ભીષ્મની સંમતિથી રાજગાદી એમને નહિ પણ મને જ આપવામાં આવી. મહાબલી ભીષ્મનું માર્ગદર્શન મને હંમેશા મળ્યા કરતું હોવાથી રાજ્યશાસનને સુચારુરૂપે ચલાવવાનું કામ જરા પણ કઠિન ના લાગ્યું. પ્રજા પણ સંપૂર્ણપણે સંતુષ્ટ રહેવા લાગી. ભીષ્મના પુરુષાર્થથી અમને કોઈપણ પ્રકારની તકલીફ ના પડી. અને આગળ જતાં અમારાં લગ્ન પણ થઈ ગયાં.'

માદ્રી બોલી:

'ધૃતરાષ્ટ્ર જન્માંધ હોવા છતાં એમને ગાંધારી જેવી ઉત્તમ કોટિની પત્ની પ્રાપ્ત થઈ એની પાછળ પણ ભીષ્મનો પુરુષાર્થ જ કામ કરતો હશે.'

'અને ગાંધારી અત્યંત સ્વરૂપવતી હોવા છતાં આંખે પાટા બાંધે છે તેનું કારણ ?' કુંતીએ જિજ્ઞાસાપૂર્વક પૂછ્યું: 'એ પણ શું જન્મથી જ પાટા બાંધે છે ?'

પાંડુએ આછું સ્મિત કરતાં કહેવા માંડ્યું:

'એનું કારણ જુદું છે અને એ પણ હવે કહી બતાવું. '

'ગાંધાર દેશના રાજા સુબલની કન્યા ગાંધારી સર્વગુણસંપન્ન હોવાની સાથે સાથે ભગવાન શંકરની ઉપાસના દ્વારા સો પુત્રોની પ્રાપ્તિનું વરદાન મેળવી ચૂકી છે એવી માહિતી મળવાથી ભીષ્મે ગાંધારરાજની પાસે પોતાનો દૂત મોકલ્યો. અંધ ધૃતરાષ્ટ્રની સાથે પોતાની પુત્રીનાં લગ્નનો પ્રસ્તાવ પહેલાં તો રાજા સુબલને જરા પણ ના ગમ્યો. એ પ્રસ્તાવ એમને હાથે કરીને કૂવામાં પડવા જેવો કઠોર લાગ્યો.'

'લાગે જ ને ? એમની જગ્યાએ બીજા કોઈપણ પિતા હોય તોપણ એમને એવું જ લાગે. પોતાની કન્યાને અંધ સાથે પરણાવવાની તૈયારી તો કોઈપણ પુરુષ ના કરી શકે.'

'તારી વાત યથાર્થ છે, કુંતી ! પરંતુ ધૃતરાષ્ટ્રનું ભાવિ પ્રબળ હતું એટલે રાજા સુબલે આરંભની આનાકાની પછી અમારા કુળનો વિચાર કરીને પોતાની પુત્રી ગાંધારીના વિવાહનો નિર્ણય કર્યો. ગાંધારીને જ્યારે

માહિતી મળી કે ભાવિ પતિ ધૃતરાષ્ટ્ર જન્માંધ છે ત્યારે એણે એક રૂમાલને ગડી વાળીને પોતાની આંખે બાંધી દીધો. એણે પિતાની વાતને માન્ય રાખવાનો ને પોતાના ભાવિ પતિને બધી રીતે અનુકૂળ રહેવાનો નિર્ણય કર્યો.'

'એ તો ખૂબ જ વિચિત્ર કહેવાય. એના કરતાં તો ગાંધારીએ ધૃતરાષ્ટ્ર સાથે લગ્ન કરવાની ના જ પાડી હોત તો ? એની લાગણીની કદર કરીને ભીષ્મ પણ પોતાનો આગ્રહ પડતો મૂકત. ભીષ્મનું દિલ એવું મોટું છે.'

'એ તો બરાબર, પરંતુ ગાંધારીને પોતાના પિતા પ્રત્યે અપાર પ્રેમ અને ભક્તિભાવ હોવાથી એમની સંમતિની વિરુદ્ધ જવાનું એને ઠીક ના લાગ્યું. એટલે જ એણે હા પાડી. જીવોનો સંયોગ જે પ્રકારે જેની સાથે થવાનો હોય છે તે પ્રકારે તેની સાથે થયા કરે છે. કોઈક વ્યક્તિ કે વાતાવરણ તો તેમાં નિમિત્ત બની જાય છે એટલું જ. ગાંધારીના ભાઈ શકુનિએ પિતાના આદેશાનુસાર ગાંધારીને ધૃતરાષ્ટ્ર પાસે પહોંચાડી દીધી. ભીષ્મની સૂચનાથી એમનું લગ્ન પતી ગયું. લગ્ન પછી પોતાના સુંદર સ્વભાવ તથા સેવાભાવથી એ લાગતાવળગતા સૌને પ્રિય થઈ પડી. આંખ પરની પટ્ટી તો એણે કાયમ જ રાખી.'

કુંતી અને માદ્રી એ વિચિત્ર વાત સાંભળીને સંતોષ પામીને પાંડુ તરફ જોઈ રહી.

'ગાંધારીએ પણ ઘણું દુષ્કર કર્મ કર્યું કહેવાય. એનો ત્યાગ પણ કાંઈ સાધારણ ના કહેવાય.' કુંતીએ પોતાનો અભિપ્રાય આપ્યો.

'આ સ્પષ્ટીકરણ સાંભળ્યા પછી તો ગાંધારી માટે માન ઉત્પન્ન થાય છે.' માદ્રી બોલી: 'એનું વ્યક્તિત્વ કાંઈ ઓછું પ્રેરણાસ્પદ નથી લાગતું. કુમારી હતી ત્યારથી જ એનામાં અસાધારણ યોગ્યતાનું દર્શન થાય છે તો પછી અત્યારે તો એ યોગ્યતા કેટલી બધી વધી ગઈ હશે ?'

'ટૂંકમાં કહું તો ગાંધારી હસ્તિનાપુરની શોભા છે. એણે હસ્તિનાપુરનો ને સમસ્ત કુરુકુળનો યશ વધાર્યો છે.'

પાંડુના એ શબ્દો પછી થોડા વખત લગી કોઈ કશું જ ના બોલ્યું.

થોડીવાર પછી ચંદ્રોદય થયો.

એને લીધે આજુબાજુનું આંખુયે વાતાવરણ અદ્દભુત બની ગયું.

અરણ્ય એટલું બધું આકર્ષક અને આહ્લાદક લાગવા માંડ્યું કે વાત નહિ.

એ આહ્લાદકતાનો આસ્વાદ લેતાં પાંડુ, કુંતી ને માદ્રી અરણ્યના એમના એકાંત આશ્રયસ્થાનમાં નિત્યકર્મથી પરવારીને રોજની જેમ એકમેકની બાજુમાં બેસી ગયાં.

ત્રણે થોડાંક સમય સુધી શાંતિમાં સ્નાન કરતાં બેસી રહ્યાં. પછી પાંડુએ એકાએક કહ્યું :

'ચંદ્ર કેટલો બધો ચારુ લાગે છે ? જાણે કે અમૃતનો આગાર. એનામાં ડાઘ છે એ સાચું કિંતુ એ બીજી બધી રીતે લાવણ્યમય લાગે છે. એ ડાઘ એની સુંદરતાનો નાશ નથી કરતો, એની સુંદરતામાં વધારો કરે છે. સૃષ્ટિમાં સુધાસીંચન કરવા સારુ સૃષ્ટિના માળીએ એને વહેતો મૂક્યો લાગે છે.'

માદ્રી બોલી:

'મને તો એ દેવપ્રદેશનો અલૌકિક મધુમય મધપૂડો લાગે છે. આકાશમાં દેવોએ એને તૈયાર કરીને છૂટો કર્યો લાગે છે. પોતાના અનેરા અમૃતાસ્વાદથી એ આખી અવનીને આનંદ આપી રહ્યો છે.'

કુંતીએ સુકોમળ સ્વરે કહ્યું:

'ચંદ્ર સાચેસાચ ખૂબ જ સુંદર, સુખદ અને શાંતિદાયક લાગે છે. એના આવિર્ભાવમાં નિમિત્ત બનનારને ખરેખર ધન્યવાદ ઘટે છે. એને અવારનવાર અથવા એકીટસે અવલોકવા છતાં આંખ અને અંતરને તૃપ્તિ નથી થતી. એમ થાય છે કે કાયમને માટે એનો સ્વાદ માણ્યા જ કરીએ. એની અંદર આવું અખૂટ અમૃત, અનંત આકર્ષણ અને લોકોત્તર લાવણ્ય કોણે ભર્યું હશે ?'

'રૂપવતી લલનાઓનું લાવણ્ય જાણે કે એનો જ એકાદ અંશ લઈને તૈયાર કર્યું લાગે છે. એના કિરણો સૃષ્ટિમાં સર્વત્ર ફરી વળવાથી જ સૃષ્ટિ આટલી બધી સુંદર, સુખદ અને સ્વર્ગીય લાગે છે. મને તો આ ચંદ્ર નથી લાગતો પરંતુ સૌંદર્યનું શાશ્વત સદન લાગે છે.'

'એ બરાબર છે માદ્રી, પરંતુ હું મારો વિચાર કહી બતાવું ? એને જોઈને મને તો કોઈનો પુત્ર આકાશમાર્ગમાં ભૂલો પડ્યો હોય એવું લાગી આવે છે. એ પોતાની મેળે જ ભૂલો પડ્યો હશે કે પછી કોઈએ એને છોડી દીધો હશે.'

'પરંતુ આવા સરસ સુંદર પ્રતાપી પુત્રને કોણ છોડે ?'

પાંડુએ પૂછ્યું: 'એવા પુત્રની કામના તો સૌ કોઈ કરે. સૌના નસીબમાં એવો પુત્ર હોય પણ નહિ, અને એવો પુત્ર પ્રાપ્ત થયા પછી એનો ત્યાગ કરવાની તૈયારી કોઈ ભાગ્યે જ કરી શકે. કોઈક અભાગી, અજ્ઞ કે અકર્મી માતા-પિતા જ.'

'સાચું છે.' માદ્રીએ સૂર પુરાવ્યો: 'આવા સરસ પુત્રને છોડવાનો વિચાર તો સ્વપ્ને પણ ના કરી શકાય. કોઈ માયાળુ માતા-પિતા તો એવો વિચાર જ ના કરી શકે.'

'કરી શકે.' કુંતી બોલી ઊઠી.

'કેવી રીતે ?'

'એમના સંજોગો એવા હોય તો એ એમ પણ કરે. સૌના સંજોગો એકસરખા થોડા જ હોય છે ?'

'છતા પણ આવા પ્રતાપી પુત્રનો પરિત્યાગ કરતાં પહેલાં પ્રેમાળ માતા-પિતા તો મરવાનું જ વધારે પસંદ કરે.' પાંડુ બોલ્યા.

'મરવાનું ?' કુંતી ફીક્કું હસીને બોલી: 'મરવાનું એમ ક્યાં રસ્તામાં પડયું છે ને માગ્યું મળે છે ? સંજોગો અનુકૂળ ના હોય તો મૃત્યુયે નથી મળતું.'

'પરંતુ આપણે આવી ચર્ચા શા માટે કરી રહ્યા છીએ ? એ કોઈનો પુત્ર તો નથી જ. એ તો ચંદ્ર છે ચંદ્ર.'

'મને એને જોઈને અમસ્તો જ વિચાર આવી ગયો, એટલે આટલું કહેવાઈ ગયું. ઓહ, વિચારો પણ ક્યાં દોડી જાય છે. બાકી તો મને અને આખી દુનિયાને ખબર છે કે એમાં સહેજ પણ શંકા નથી કે એ ચંદ્ર છે.'

પાંડુએ ઉદાસ વદને સહેજ નિઃશ્વાસ નાખીને કહ્યું;

'ચંદ્રનું નામ જ કેટલું બધું કર્ણપ્રિય છે ? અને એનું સ્વરૂપ પણ કેટલું બધું સુધામય ? તારાઓ આકાશમાં અનેક છે પરંતુ ચંદ્રની બરાબરી કોઈનાથી ના થઈ શકે. ચંદ્ર એ ચંદ્ર છે ને તારા એ તારા. સહસ્ત્ર તારાઓ કરતાં જેમ એક ચંદ્ર વધારે કિંમતી હોય છે તેમ હજારો પુત્રો કરતાં એક જ મંગલમય, સત્કર્મપરાયણ, પ્રતાપી પુત્ર વધારે કિંમતી હોય છે. જગતમાં જેમને એવા પુત્રોની પ્રાપ્તિ થઈ હશે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે. મને પણ એવા સદ્દગુણસંપન્ન પ્રતાપી પુત્રની ઈચ્છા હતી ને થઈ આવે છે, પરંતુ ઋષિકુમારનો શાપ મળ્યા પછી આ જન્મમાં તો

હવે એની પ્રાપ્તિની કોઈયે આશા નથી રહી. જેમના ઘરનાં આંગણાં આવા પ્રતાપી પુત્રોથી અલંકૃત હશે એમના જીવન ખરેખર કૃતાર્થ હશે. મારા જીવનમાં તો એવું સૌભાગ્ય હવે નથી રહ્યું. એ માટે ઋષિકુમારને પણ શા માટે દોષ દઉં ? દોષ તો મારો, મારાં કર્મોનો છે. એ કર્મો જ મારી આડે આવ્યાં છે.'

પાંડુને ઉદાસ જોઈને કુંતી તથા માદ્રી પણ ઉદાસ બની ગઈ.

થોડીક પળો પહેલાંનો આનંદ એમ એકાએક વિષાદમાં પરિણમવા માંડ્યો.

માદ્રીએ પોતાના મ્લાન મુખમંડળને પ્રસન્નતાથી મઢી દેવાનો પ્રયાસ કરતાં કહ્યું;

'તમને ઉદાસ જોઈને મારું અંતર પણ ઉદાસ બની જાય છે. એ શાપ તમને ના મળ્યો હોત તો સારું હતું. પરંતુ એ મળી જ ગયો છે એટલે હવે શું થાય ? અમને પણ એનો વિચાર કરીને કદીક કદી દુઃખ તો થઈ આવે છે પરંતુ એ દુઃખ અથવા શોકસંતાપને સહન કર્યા વિના બીજો કોઈ રસ્તો જ નથી દેખાતો. અને અમે તમારી સહધર્મચારિણી હોવાથી તમારું દુઃખ એ અમારું દુઃખ છે.'

કુંતીએ કહ્યું:

'માદ્રીની વાત સાથે હું સહમત છું. છતાં પણ શાપનું સ્મરણ કરીને શોકિત થવાથી પણ હવે કશું જ નથી વળે તેમ. માટે તમે કોઈ જાતનો શોક ના કરશો. ઉદાસ પણ ના બનશો. મારા પિતાજીને ત્યાં દુર્વાસા જેવા વીતરાગ મહાન મુનિઓની તથા વિદ્વાનોની સેવાથી મને જાણવા મળ્યું છે કે જીવનની ધન્યતા કેવળ પુત્રપ્રાપ્તિમાં જ નથી સમાયલી. એની ધન્યતા તો તપ, ત્યાગ, તિતિક્ષા, પવિત્રતા તથા સેવામાં છે. એટલે જીવનમાં સંતાન હોય તોપણ શું અને ના હોય તો પણ શું ? એની ઉપર આપણા આનંદનો, જીવનસાફલ્યનો અથવા સુખદુઃખનો આધાર શા માટે હોય ? આખરે સંતાનપ્રાપ્તિ જ કાંઈ જીવનનું સારસર્વસ્વ તો નથી કે એના વિના જીવન જડ અથવા નીરસ બની જાય.'

'પરંતુ કુળની પરંપરાને કાયમ રાખવા માટે પણ પુત્રની આવશ્યકતા છે. એ પરંપરાને મારાથી કાયમ નહિ રાખી શકાય એનો અફસોસ છે.' પાંડુએ જણાવ્યું.

'એવો અફસોસ શા માટે ? કુળની પરંપરા તો ધૃતરાષ્ટ્ર તથા વિદુર પણ કાયમ રાખી શકશે.'

'એ વાત સાચી હોવા છતાં મને એથી સંપૂર્ણ સંતોષ નથી થઈ શકતો. પુત્રહીન રાજાનો યશ પણ આ સંસારમાં અધૂરો રહે છે. વળી સ્ત્રી-પુરૂષનું લગ્ન પણ સંતાનની પ્રાપ્તિ માટે જ છે.'

'મને એવું નથી લાગતું. યશ અને અપયશનો આધાર તો મનુષ્યનાં કર્મો પર રહેતો હોય છે. સંતાન નહિ પરંતુ સત્કર્મો જ મનુષ્યને યશસ્વી બનાવે છે. સંતાનો જો સારાં ના હોય તો યશને બદલે અપયશ જલદી મળે છે. સ્ત્રી-પુરુષનું લગ્ન પણ સંતાનની પ્રાપ્તિ માટે છે એવું કેટલાંક સંતાનની કામનાવાળા અથવા કામુક લોકો માને છે ને મનાવે છે ખરાં, પરતુ મને એ માન્યતા પણ બરાબર નથી લાગતી. સંતાનપ્રાપ્તિ તો લગ્નનું વારંવાર જોવા મળતું બાહ્ય પરિણામ છે એટલું જ, બાકી લગ્નજીવન એટલા માટે જ છે એમ માનવું બરાબર નથી. સંતાનપ્રાપ્તિ વગર પણ લગ્નજીવન પવિત્ર પ્રેમને લીધે સંતોષી ને સુખી હોઈ શકે છે ને હોવું જોઈએ. લગ્નજીવન તો પારસ્પરિક પ્રેમનો આસ્વાદ લઈને વિશ્વવ્યાપી વિશાળ પ્રેમને પ્રકટ કરવા, વધારે ને વધારે સંવેદનશીલ થવા અને એકમેકની તથા બીજાની સેવા કરવા માટે છે.'

પાંડુએ થોડીવાર શાંત રહીને કહ્યું;

'તારા મંતવ્યની ઉપેક્ષા નથી કરી શકાય તેમ તોપણ, આવો વિચાર મારા મનમાં કોણ જાણે ક્યાંથી આવ્યો ! જે વિચારનો અમલ નથી થઈ શકે તેમ તે વિચાર મારી અંદર ઉત્પન્ન જ શા માટે થઈ રહ્યો છે ? આવી રીતે મારી પરવશતા કે પંગુતાનું પ્રદર્શન કરીને ભાગ્ય શું મારો ઉપહાસ કરવા માગે છે ? એવા ઉપહાસથી એને શું મળે છે ? જે ફૂલ અનંત ઉપાયે પણ આકાશમાં કદી ઊગવાનું જ નથી ને મારા હાથમાં નથી આવવાનું, એની આશા હું શા માટે રાખી રહ્યો છું ? પૃથ્વી પર કરોડોવાર કામના કરવાથી પણ તારા, ચંદ્ર કે સૂર્યનો ઉદય થવાનો છે ? કોણ જાણે આજે આવો ભાવ મારામાં કેમ પેદા થઈ ગયો ! અત્યાર સુધી મારી બધી જ કામનાઓ પૂરી થઈ છે પરંતુ જીવનમાં પહેલી જ વાર સમજાય છે કે આ કામનાને પૂરી નહિ કરી શકું. મારી શક્તિની સીમા મને પહેલી જ વાર સમજાઈ ગઈ.

માદ્રીએ કહ્યું:

'તમારા મુખમાંથી આજે આવા ઉદ્દગારો સાંભળીને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. મને તો લાગે છે કે તમને મારું જ કોઈ કુકર્મ નડ્યું હશે.'

'નહિ માદ્રી, એ તારું કુકર્મ નથી કિન્તુ સંપૂર્ણપણે મારું છે. મારા કુકર્મને માટે તને, કુંતીને કે કોઈ બીજાને દોષ દેવો જરાય ઉચિત નથી જ નથી. આ દોષ અને એના પરિણામે એટલો દંડ તો મારા પોતાના કુકર્મનો છે. એ ઋષિકુમારની એની પત્ની સાથે મેં હત્યા ના કરી હોત તો આમાંનું કાંઈયે ના થાત. પરંતુ હવે શું થાય ? નદીનાં, વહી ગયેલાં ને સાગરમાં સમાઈ ગયેલાં પાણી કાંઈ અલગ કરી શકાય છે ?'

'માટે જ કહું છું કે શોક, ચિંતા તથા દુઃખને છોડી દઈને ધીરજ ધારણ કરો. જ્ઞાનનો આધાર લો, ને શાંતિ રાખો. અમે સદાય તમારી સાથે છીએ પછી તમને કે અમને શી વાતની ચિંતા છે ? અમે તમારી બનતી બધી જ સેવા કરીશું ને તમને લેશ પણ દુઃખ નહિ પડવા દઈએ.' કુંતી બોલી.

છતાં પણ પાંડુનું અંતર આનંદમય ના બની શક્યું.

રાતે પણ લાંબા વખત લગી એમને એ જ વિચારો આવ્યા કર્યા.

એ પછી દિવસો સુધી એ વિષયની ચર્ચા એક અથવા બીજી રીતે ચાલુ રહી.

પાંડુ પોતાના મનને સમજાવવાના અને આનંદમાં રાખવાના કેટલાક પ્રયત્નો કરવા માંડ્યા પરંતુ એ પ્રયત્નો નિષ્ફળ ગયાં.

કોઈ કોઈવાર એમના મનને રાહત મળતી પરંતુ આકાશમાં ક્ષણવાર ચમકીને અદૃશ્ય થઈ જતી ચપલાની જેમ એ રાહત ક્ષણજીવી નીવડતી. એમના જીવનમાં પાછો અંધકાર અથવા શોક ફરી વળતો.

એ શોકને એ અવારનવાર પ્રકટ પણ કરતા રહેતા.

કુંતી અને માદ્રી બંને એથી દુઃખી થતી.

કુંતી એ દિવસોમાં અસાધારણ મનોમંથનનો અનુભવ કરતી રહી. એવું મનોમંથન એને માટે સ્વાભાવિક હતું.

પાંડુ જ્યારે ચિંતાતુર ને દુઃખી હોય ત્યારે એ નિશ્ચિંત અથવા સુખી કેવી રીતે રહી શકે ?

પાંડુ પુત્રેચ્છાને લીધે ચિંતાતુર ને દુઃખી રહે, એ દશામાં એક પતિવ્રતા સ્ત્રી તરીકે પોતાનો શો ધર્મ છે અથવા પોતે શું કરવું જોઈએ એનો વિચાર એ વારંવાર કરવા લાગી.

પોતાની પાસે એ પુત્રેચ્છાની પૂર્તિનો ઉપાય તો હતો જ. એ ઉપાયથી પાંડુના દુઃખને દૂર કરી શકાય તેમ હતું. હા, અત્યંત અસરકારક અને સહેલાઈથી.

કુંતિભોજને ત્યાં રહેતી ત્યારે મુનિશ્રેષ્ઠ દુર્વાસાએ આવી પરિસ્થિતિનું દર્શન અગાઉથી પોતાની દૈવી દૃષ્ટિથી કરી લઈને જ એના ઉપાય રૂપે પોતાને પેલો આશીર્વાદાત્મક મહામંત્ર પૂરો પાડ્યો હશે.

એમણે આપેલો એ મંગલમય મંત્ર અત્યારે કામ નહિ લાગે તો ક્યારે લાગશે ?

અત્યારે જ એનો સાચો સાનુકૂળ સમય છે.

એ મંત્રનો પ્રયોગ પોતે પહેલાં કરી ચૂકી છે પણ ખરી, અને એથી એની અસરકારકતા, અક્સીરતા તથા સચ્ચાઈ પણ થઈ ચૂકી છે.

તો પછી પાંડુના આટઆટલા શોકપ્રદર્શન છતાં પોતે જડ, લાચાર, નિરુપાય, તટસ્થ પ્રેક્ષકની પેઠે મૂક બનીને શા માટે બેસી રહી છે ?

પાંડુનું દુઃખ પોતે અત્યારે જ દૂર કરી શકે એમ છે. એનો અમોઘ ઉપાય પોતાની પાસે છે. એથી પાંડુની પુત્રેચ્છા પૂરી થશે અને એમને શાંતિ મળશે. એમની શાંતિમાં પોતાની જ શાંતિ સમાયેલી છે. માદ્રીને પણ એથી આનંદ થશે ને શાંતિ મળશે.

* * *

## ૧૦. અદ્દભુત ઘટના

કુંતીના મનમાં એવાએવા અનેક પ્રકારના ભાવો અને વિચારો પેદા થવા માંડ્યા.

એ ભાવો અને વિચારોએ એને પાર વિનાની અસર કરવા માંડી.

એને થયું કે પોતાની પાસે સ્વચ્છ સ્વાદિષ્ટ પાણી હોય અને કોઈ પ્યાસી પાણી માટે પોકારો પાડતો ને વલખાં મારતો હોય છતાં પણ એ પાણી એને પાય જ નહિ તો તે શું કામનું ?

તાપથી તપેલો પ્રવાસી પોતાની તદ્દન પાસે જ ઊભો હોય ને તાપને મટાડવાની ઈચ્છા રાખતો હોય છતાં પણ વૃક્ષ એને પોતાની શીળી સુધામય છાયાનો લાભ ના આપે તો ? એ છાયાનો બીજો કયો ઉપયોગ હોઈ શકે ?

એક માણસ અંધકારમાં અટવાતાં પ્રકાશની ઝંખના કરે છે એ જોવા છતાં જેની પાસે પુષ્કળ પ્રકાશ પડેલો છે તે એના અંધકારનો અંત આણવા તૈયાર ના થાય તો ? એ પ્રકાશની શી કિંમત ?

જીવનમાં જે એક કે બીજી રીતે ચિંતાતુર ને દુઃખી છે તેમને ચિંતા તથા દુઃખમાંથી મુક્ત કરવાની શક્તિ હોવા છતાં જે એમની ચિંતા તથા વેદનાને નિષ્ક્રિય રીતે જોયા કરે છે એમની શક્તિનો શો અર્થ ? એવી શક્તિ હોય તો પણ શું, ને ના હોય તો પણ શું ?

જે જીવન બીજાને કામ લાગે તે જીવન જ જીવન અને બીજું તો મરણ છે.

જે શક્તિ અને સામગ્રી બીજાની સુખસમૃદ્ધિ કે સમુન્નતિમાં સહાયક ના બને તે શક્તિ અશક્તિ જેવી ને તે સામગ્રી મહાન બોજારૂપ છે. એનાથી કોઈનુંય કલ્યાણ નથી થતું; એને ધારણ કરનારનું પણ નહિ. એ શક્તિ અને સામગ્રી તો ના હોય તે જ સારું.

કુંતીના અંતરમાં એક પ્રકારની નવી પ્રેરણા, અવનવી પ્રકાશરેખા ફરી વળી.

એનું અત્યાર સુધીનું જીવન સેવામાં જ પસાર થયેલું. એ સેવાનો એક બીજો મહત્વનો સ્વર્ણ અવસર પોતાના જીવનમાં આવી ઊભો છે એ જોઈને એને આનંદ થયો.

પાંડુની સંમતિથી એમની સેવા કરવાનો એણે નિર્ણય કર્યો.

હા, એ સેવા એમની અનુમતિથી જ થઈ શકે તેમ હતી.

પરંતુ પોતાની વાતમાં એમને વિશ્વાસ આવશે ખરો ?

મંત્રની શક્તિ એટલી બધી પ્રબળ હોય છે એ વાતને એ માની શકશે ખરા ?

કેમ નહિ માને ? શરૂઆતમાં કદાચ એમને શંકા થશે તો પણ સ્વાનુભવ થશે એટલે એ માની લેશે.

એમને માટે એ સિવાય બીજો કોઈ માર્ગ જ નહિ રહે.

એ ધીમા પગલે પાંડુ પાસે આવીને બોલી:

'તમને છેલ્લા કેટલાક દિવસોથી દુઃખી દેખીને મારું દિલ પણ દુઃખી થયું છે. તમે ઉદાસ રહો છો એ દશામાં મને પણ આનંદ ક્યાંથી મળી શકે ? તમને પુત્રની ઈચ્છા ચિંતીત કરી રહી છે ખરું ?'

પાંડુએ કુંતી તરફ જોઈને કહ્યું:

'હા. તે તું જાણે જ છે. મનને ઘણું સમજાવું છું પરંતુ એ નથી માનતું. મને મારા જીવનમાં મોટી ઊણપ લાગે છે.'

'એ ઊણપને પૂરવાનો માર્ગ બતાવું તો ?'

'તો...તો એના જેવું કશું જ નહિ. પરંતુ એ ઊણપ પુરાય કેવી રીતે ? તને પેલા શાપનું સ્મરણ નથી થતું ?'

'થાય છે. નિરંતર થાય છે.'

'તો પછી ? એ સંજોગોમાં મારાથી શરીરસંબંધ કેવી રીતે થઈ શકે ને પુત્રની પ્રાપ્તિ પણ કેવી રીતે થાય ?'

'એને માટેનો એક બીજો અમોઘ ઉપાય છે.'

'બીજો અમોઘ ઉપાય ?' માદ્રીને એ સાંભળીને નવાઈ લાગી.

'હા. બીજો અમોઘ ઉપાય. પુત્રપ્રાપ્તિનો એ ઉપાય મને મહાત્મા દુર્વાસા પાસેથી પ્રાપ્ત થયો છે.'

પાંડુ સ્તબ્ધ બનીને એ સાંભળી રહ્યા ને બોલ્યા:

'દુર્વાસા પાસેથી ? એમણે તને ક્યારે ને કયો ઉપાય બતાવ્યો ? એ આપણે ત્યાં હસ્તિનાપુર કે અહીં અરણ્યમાં તો આવ્યા જ નથી. એમનો મેળાપ તને ક્યારે ને કેવી રીતે થઈ શકયો ? તું કોઈ વિનોદ તો નથી કરતી ?'

'વિનોદ શા માટે કરું ?' કુંતીએ સામું પૂછ્યું: 'અને એ પણ આવા ગંભીર વિષયમાં ? આ કાંઈ જેવો તેવો વિષય છે ? હું જવાબદારીના પૂરતા ભાન સાથે જે કહું છું તે પૂરેપૂરી ગંભીરતાથી કહી રહી છું. દુર્વાસાનો મેળાપ મને કુમારીદશામાં કુંતિભોજને ત્યાં થયો હતો. એમની સેવાનો લાભ પણ મને ત્યાં જ મળેલો. મારી સેવાથી સંતુષ્ટ ને પ્રસન્ન થઈને મારી અવારનવારની આનાકાની છતાં એમણે મારા પર અનુગ્રહ કરીને મને એક મંત્ર આપ્યો. એ વખતે મને એ મંત્ર એકદમ અનાવશ્યક લાગેલો પરંતુ હવે સમજાય છે કે એમણે આપેલા એ મંત્રની પાછળ એમની અલૌકિક આર્ષદૃષ્ટિ હતી. એ દૃષ્ટિથી પ્રેરાઈને જ એમણે એ મહામંત્ર પ્રદાન કરેલો. આપણાં જીવનમાં એક વખત આવી નાજુક પરિસ્થિતિ પેદા થશે એની જાણ એ મહાપુરુષને પ્રથમથી જ પડી ગઈ હોવી જોઈએ એટલે જ એમાંથી માર્ગ કાઢવામાં મદદ મળે એ હેતુથી એમણે મંત્રનું દાન કર્યું.'

'પરંતુ એ મંત્ર શું એટલો બધો શક્તિશાળી છે ?'

'એ ગમે તેટલો શક્તિશાળી હોય તોપણ એના પ્રયોગથી પુત્રેચ્છાની પૂર્તિ કેવી રીતે થઈ શકે ?' પાંડુ ને માદ્રી બંને વારાફરતી બોલી ઊઠ્યાં.

કુંતી એવી જ વિશ્વાસયુક્ત વાણીમાં શાંતિપૂર્વક બોલી :

'એ મંત્ર ખૂબ જ શક્તિશાળી છે ને પુત્રેચ્છાની પૂર્તિ સહેલાઈથી કરી શકે તેમ છે. એ મંત્ર છે જ એટલા માટે. એના પ્રયોગ દ્વારા કોઈ પણ દેવતાનું આહ્વાન કરી શકાય છે. એ દેવતા મંત્રની શક્તિથી અધીન થઈ જાય છે ને ધારેલા કામની સિદ્ધિ કરે છે.'

'એ તો ખૂબ જ આશ્ચર્યજનક અને આનંદદાયક કહી શકાય.' પાંડુએ જણાવ્યું.

'એ મંત્રને અને એના પ્રયોગને એ મંત્રદાતા મુનિએ ગુપ્ત રાખવાની સૂચના આપી છે તોપણ તમને આજે આવશ્યકતા ઊભી થઈ છે ત્યારે આટલી વાત કહી બતાવું છું.'

એમ કહીને કુંતીએ મહર્ષિ દુર્વાસાની સેવા તથા કૃપાની કથા સવિસ્તર કહી બતાવી.

પાંડુ તથા માદ્રી એ સાંભળીને સંતોષ પામ્યા.

'તારી હકીકત સાંભળીને મારી બધી શંકા ટળી ગઈ. હું તદ્દન નિરાશ બની ગયેલો પરંતુ હવે મારામાં આશા, શ્રદ્ધા અને ચેતનાનો સંચાર થયો છે. મને વિશ્વાસ થાય છે કે ભાગ્ય તદ્દન મરી પરવાર્યું તો નથી જ. એ મને અનુકૂળ છે અને મારી ઉપર વધારે નહિ તો થોડીક કૃપાદૃષ્ટિ તો રાખે જ છે. તારી મદદથી મારી આકાંક્ષાને અવશ્ય પૂરી કરી શકીશ. આવા વિપરીત ને વિકટ વખતમાં મને શાંતિ આપવાની તત્પરતા બતાવવા બદલ તારો જેટલો આભાર માનું એટલો ઓછો છે.'

કુંતીએ સંકોચમાં પડીને કહ્યું:

'તમે એવું બોલો છો તે મને જરાય સારું નથી લાગતું. તમારે મારો આભાર કદાપિ ના માનવાનો હોય. એવું કોઈયે કામ મેં નથી કર્યું. મેં તો મારો ધર્મ જ બજાવ્યો છે, એથી વિશેષ કશું જ નહિ.'

'તોપણ એ ધર્મ ખરી અણીને વખતે બજાવ્યો છે, એ મારાથી કદી પણ નહિ ભૂલી શકાય. પોતાના ધર્મને યાદ રાખનારી અને સારી પેઠે બજાવનારી સન્નારીઓ સંસારમાં ઘણી થોડી હશે; તારા જેવી ને માદ્રી જેવી કોઈક વિરલ જ. તું મને પ્રાપ્ત થઈ છે તે મારાં પૂર્વનાં સુકૃતનું જ પરિણામ છે. તારાથી હું સર્વ પ્રકારે સંપૂર્ણપણે સુખી છું. તારો પ્રવેશ મારા જીવનમાં એટલો બધો પવિત્ર ને મંગલમય થઈ પડ્યો કે તારી પાછળ પાછળ મને માદ્રી પણ આવી મળી. ગંગા ને જમના, સંધ્યા ને ઉષા અથવા શરદ ને વસંત જેવી તમને બંનેને પામીને હું કૃતાર્થ થયો છું. મારા જીવનમાં અપુત્ર રહેવાની એક વેદના છે તેને પણ શાંત કરવા તું તૈયાર થઈ છે એ જોઈને મારી પ્રસન્નતાનો પાર નથી રહેતો. તારી આ તૈયારી બદલ તને શું આપું ?'

'મારે બીજું કાંઈ જ નથી જોઈતું; તમારો પ્રેમ જ જોઈએ છે ને તે તો મારા પર છે જ. એથી સંપૂર્ણ સુખી છું. તમારી અપુત્ર રહેવાની વેદનાને શાંત કરવાનો અવસર મળવા માટે મને ભાગ્યશાળી માનું છું. મારા પ્રેમનો એથી વિશેષ કીંમતી પુરસ્કાર બીજો કયો હોઈ શકે ? તમારી અનુમતિથી થયેલા મારા મંત્રપ્રયોગથી તમે શાપના અનિષ્ટકારક પરિણામમાંથી ઊગરી જશો અને સાથે સાથે ઈપ્સિત વસ્તુની પ્રાપ્તિ પણ કરી લેશો. મને તો લાગે કે તમે અત્યાર સુધી જે ઊંડી નિષ્ઠાથી પ્રજાનું પાલન કર્યું છે એ જ આગળ આવીને તમારા જીવનમાં સુખનો સંયોગ પેદા કરી રહ્યું છે.'

'કુંતીનું કથન યથાર્થ છે.' માદ્રી બોલી: 'મને પણ એવું જ લાગે છે. પ્રજા પ્રત્યેની તમારી લાગણી જ ચિંતા ને દુઃખના આ દિવસોમાં આગળ આવીને તમને સહાયતા કરી રહી છે. જીવનમાં ચારે તરફ ઘોર નિરાશા છવાઈ ગયેલી ત્યારે આ આશાનું પરમપ્રકાશિત કલ્યાણકારક કિરણ એણે જ પ્રકટ કર્યું છે.'

એ રાતે કેટલાય દિવસો પછી પાંડુને મીઠી ઊંઘ આવી ગઈ.

ઊંઘમાં જાણે કે પોતાને પુત્રની પ્રાપ્તિ થઈ છે અને એ પુત્રને પોતે રમાડી તથા પ્રજાહિતનો ઉપદેશ આપી રહ્યા છે એવો અનુભવ થયો.

એ સ્વપ્નાનુભવ એમને અતિશય આનંદ આપનારો થઈ પડ્યો.

સવારે ઊઠીને એમણે સ્વપ્નની એ હકીકત કુંતીને કહી બતાવી તો કુંતીએ એનો ફળાદેળ બતાવતાં જણાવ્યું :

'એ સ્વપ્નનો સૂચિતાર્થ એવો છે કે તમને પુત્રની પ્રાપ્તિ થશે જ અને એ પણ થોડા જ સમયમાં. એ પુત્ર રાજ્યસુખથી સંપન્ન બનીને ખૂબ જ સરસ રીતે પ્રજાનું પાલન કરશે. એનો યશ ચારે દિશામાં ફરી વળશે.'

'એવા સુંદર, આદર્શ, પ્રજાપાલક, પ્રતાપી પુત્રની જ મને કામના છે, કુંતી ! જે એના અને આપણાં સૌનાં નામને પોતાનાં ઉત્તમ કર્મોથી ઉજ્જવળ કરે. સ્વાર્થી, લંપટ, દુર્ગુણી પુત્રની ઈચ્છા મને નથી થતી. એવા પુત્રને મેળવવા કરતાં તો અપુત્ર રહેવું જ વધારે સારું.'

'તમને એવા આદર્શ પુત્રની જ પ્રાપ્તિ થશે. મારો અંતરાત્મા એવું જ કહી રહ્યો છે. મંત્રના પ્રયોગના પરિણામે, દેવતાના અનુગ્રહથી સાંપડેલા પુત્રો કાંઈ સાધારણ ના હોય. તેમ જ કહો કે સૌથી પહેલાં કયા દેવતાનું ધ્યાન અથવા આવાહન કરું અને ક્યારે કરું ?'

પાંડુએ થોડો વિચાર કરીને કહ્યું:

'આવતી કાલનો દિવસ ખૂબ જ મંગલમય અને અનુકૂળ છે. એટલે કાલે એ મંત્રનો પ્રયોગ કરવો બરાબર છે. આપણે ધર્મપરાયણ, સત્યવતી, સત્કર્મી, પુણ્યાત્મા પુત્રની આવશ્યકતા છે. એવો જ સુપુત્ર આપણને શાંતિ આપી શકે. માટે સૌથી પહેલાં એમનું જ આવાહન કર. એ આવાહન સફળ થયા પછી આગળનો વિચાર કરી લઈશું.'

એ આખોય દિવસ કુંતીને સૂર્યદેવના આવાહનનું અને એમના અનુગ્રહથી પ્રાપ્ત થયેલા કવચકુંડળધારી પ્રતાપી પુત્રનું સ્મરણ થયું. એ સ્મરણે એના અંતરમાં સંવેદના પેદા કરીને ભારે ઊથલપાથલ મચાવી દીધી. એ બાળક ક્યાં હશે એના વિચાર એને અવારનવાર આવતાં રહ્યાં.

એને શી ખબર કે એ બાળક અધિરથ અને રાધાને ત્યાં સહીસલામત છે અને હવે તો એ મોટો પણ થઈ ગયો છે ?

એણે સરિતાના પ્રવાહમાં પ્રવાહિત કરેલી પેટી ક્રમપૂર્વક આગળ વધતી સુરક્ષિત સ્થાને પહોંચી ગઈ છે એની જાણ એને ક્યાંથી હોઈ શકે ?

બીજે દિવસે પાંડુની સૂચના પ્રમાણે એણે ધર્મરાજાને બોલાવવાનો નિર્ણય કર્યો.

એને મન થયું કે ધર્મરાજ સંસારમાં સૌથી શ્રેષ્ઠ પુણ્યાત્મા હોવાથી એમના આશીર્વાદ અથવા અનુગ્રહથી સાંપડેલ સંતાન સાચા અર્થમાં ધાર્મિક અને પુણ્યાત્મા થશે. એનું મન ભૂલેચૂકે પણ અધર્મમાં નહિ જાય. એ મને તથા પાંડુને તો શાંતિ આપશે પરંતુ સાથે સાથે સૌને માટે આશીર્વાદરૂપ થઈ પડશે.

એને એ પુત્ર પાંડુની સંમતિથી પ્રાપ્ત થયેલો હોવાથી એનો પરિત્યાગ કરવાનો, એને ગુપ્ત રાખવાનો કે નદીના પ્રબળ પ્રવાહમાં પ્રવાહિત કરવાનો પ્રશ્ન પણ નહિ ઊઠે. એવી પરિસ્થિતિને માટે કોઈ કારણ જ નહિ રહે.

સાયંકાલના સમય પછી, કુંતીએ સ્નાનાદિથી નિવૃત્ત થઈ, એકાંતમાં આસન પર બેસી, ધર્મરાજનું આવાહન કરવાના ઉદ્દેશથી પ્રેરાઈને દુર્વાસા મુનિએ આપેલા મંગલમય મંત્રનો જપ કરવા માંડ્યો.

જપ કરતાં કરતાં એનું મન એકદમ ભાવવિભોર બની ગયું ને સ્થિર થયું.

લાગણીની અતિશયતાને લીધે એની આંખમાંથી અશ્રુ ટપકવા લાગ્યાં.

એવી રીતે થોડોક કાળ પસાર થયો એટલે સૂર્ય સમાન પ્રકાશિત શરીરવાળા ધર્મરાજે એની આગળ પ્રગટ થઈને મધ જેવી મધુરી ભાષામાં પૂછ્યું:

'કુંતી, તારી શી ઈચ્છા છે ? કયી અભિલાષાથી પ્રેરાઈને તે મારું આવાહન કર્યું છે ? મારું આગમન નિરર્થક નથી થતું માટે બોલ, તારું શું પ્રિય કરું ?'

કુંતી એ સુધાસભર સુમધુર સ્વર સાંભળીને પ્રસન્ન થઈ.

એણે આંખ ઉઘાડીને ધર્મરાજને પ્રણામ કર્યા અને આનંદના અશ્રુ સાથે ગદગદ કંઠે કહ્યું:

'પ્રભુ, તમારા દર્શન બદલ તમારી ઋણી છું. તમારાં દૈવી દર્શનથી મારી પ્રસન્નતાનો પાર નથી રહ્યો. મારા અણુએ અણુમાંથી એક પ્રકારનાં અલૌકિક આનંદનો આવિર્ભાવ થઈ રહ્યો છે. તમારા દર્શનલાભથી મારું જીવન ધન્ય થયું છે. તમારા જેવાનું દર્શન કોઈ બડભાગી જીવને જ થઈ શકે છે. મેં તમારું આવાહન શાને માટે કર્યું છે તે તમે અંતર્યામી હોવાથી જાણો જ છો. એ આવાહન તમારી કૃપા દ્વારા પુત્રપ્રાપ્તિની કામનાથી પ્રેરાઈને જ કરવામાં આવ્યું છે. મને આશા જ નહિ પરંતુ શ્રદ્ધા છે કે તમે મને નિરાશ નહિ કરો ને મારી ઈચ્છા જરૂર પૂરી કરશો જ.'

ધર્મરાજે શાંતિદાયક સ્મિત કરીને કુંતીના મસ્તક ઉપર હાથ મૂકીને આશીર્વાદ આપતાં કહ્યું:

'તારી ઈચ્છા જરૂર પૂરી થશે. એને માટે મારો આશીર્વાદ છે જ. એ આશીર્વાદ અમોઘ થઈ પડશે ને સુખદ ઠરશે. એ આશીર્વાદના ફળરૂપે તને થોડા જ વખતમાં એ સર્વગુણસંપન્ન આદર્શ પુત્રની પ્રાપ્તિ થશે. મારો આશીર્વાદ આજથી-અત્યારથી જ કામ કરવાનું શરૂ કરશે. અમારી શક્તિ અસીમ હોવાથી અમે કેવળ સંકલ્પની મદદથી જે ધારીએ એ બધું જ કરી શકીએ છીએ. અમે પ્રકૃતિના અધીશ્વર હોવાથી પ્રકૃતિ અમને બધી રીતે અનુકૂળ રહે છે. એટલે તારી પુત્રેચ્છા તો પૂરી થઈ જ ગઈ એવું સમજી લે. એ ઈચ્છાની પૂર્તિ માટે તારે લૌકિક લોકોની પેઠે શરીરસંબંધ નહિ કરવો પડે. એ સિવાય બીજી કોઈ વસ્તુ માગવાની ઈચ્છા થઈ આવે છે ?'

'બીજું તો શું માંગુ ?' કુંતીએ થોડો વખત વિચાર કરીને કહ્યું: 'મારા મનમાં આ એક અપેક્ષાનું આધિપત્ય હતું. એ અપેક્ષા આંશિક રીતે પૂરી થઈ એટલે મને નિરાંત થઈ. મારા પતિ પાંડુને પણ આ સમાચાર સાંભળીને આનંદ થશે. બીજી કોઈએ વસ્તુની કામના મારા મનમાં નથી પેદા થતી. હા, તમે આપવા માગતા જ હો તો એવો આશીર્વાદ આપો કે હું હંમેશ ધર્મની મર્યાદામાં સ્થિત રહું, એ મર્યાદાનો સુખ તથા દુઃખમાં, લાભ અથવા હાનિમાં સંપતિ કે વિપત્તિમાં, જન્મ કે મૃત્યુમાં, અને નગર કે વનમાં કદી પણ પરિત્યાગ ના કરું ને મારો પુત્ર પણ એનો પરિત્યાગ ના કરે. મોહ, ભય, લોભ કે ત્રાસથી પણ હું ધર્મને ના છોડું ને મારો પુત્ર પણ એને ના છોડે. સત્ય અને ધર્મની ઉપાસના અમારા જીવનમાં સઘળા સંજોગોમાં કાયમને માટે ટકી રહે.'

'એને માટે પણ મારો આશીર્વાદ છે. તારું જીવન હંમેશા સત્યપરાયણ અને ધર્મમય રહ્યા કરશે. મારી કૃપાથી પ્રાપ્ત થનાર પુત્ર પણ એવો જ હશે. એની સત્યપ્રિયતા તથા ધર્મપરતાને લીધે એ સમસ્ત સંસારમાં યશસ્વી બનશે.'

એટલું કહીને ધર્મરાજ અદૃશ્ય થઈ ગયા.

કુંતી એ આખાય પ્રસંગનું સ્મરણ કરતી ભાવવિભોર બનીને પરમ કૃતકૃત્ય દશામાં લાંબા વખત લગી ત્યાં જ બેસી રહી.

પાંડુએ આખીય ઘટનાનું એની પાસે બેસીને શ્રવણ કર્યું ત્યારે એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એમના શરીરે રોમાંચ થયાં ને નેત્રોમાંથી હર્ષાશ્રુ ટપકવા લાગ્યાં. એ કહેવા માંડ્યા:

'કુંતી ! તારે લીધે મારું જીવન ધન્ય બનશે ને શરીરધારણ સફળ થશે. તારી પ્રાપ્તિ મારા જીવનમાં કોઈ અમૂલખ ઘડીએ જ થઈ છે એ નિઃશંક છે. તારું જીવન મારે માટે આધારરૂપ બની રહ્યું છે.'

'એવું કહીને મને લજવશો નહિ.' કુંતી બોલી ઊઠી: 'તમે હંમેશા મારા આધારરૂપ રહ્યા છો ને રહેવાના છો. તમારી સાચી કીંમત તો હું જ જાણું છું.'

પાંડુના પૂછવાથી કુંતીએ અદ્દભુત ઘટના ફરીફરી કહી બતાવી. એને વારંવાર સાંભળવા છતાં પાંડુને સંતોષ નહોતો થતો.

માદ્રી પણ એ સાંભળીને આનંદ પામી.

* * *

## ૧૧. યુધિષ્ઠિર ને ભીમ

ધર્મરાજાના શુભાશીર્વાદના પરિણામરૂપે કુંતીને ચોક્કસ સમયે સુંદર પ્રકાશપુંજ જેવા પુત્રની પ્રાપ્તિ થઈ.

એ વખતે આસો માસ ને શુક્લ પક્ષ ચાલી રહેલો.

પંચમીને દિવસે જ્યેષ્ઠા નક્ષત્ર અને અભિજિત મુહૂર્ત હતું. તથા તુલા રાશિ પર સૂર્ય હતો ત્યારે, એ પુત્રનો જન્મ થયો.

એનો જન્મ થતાંની સાથે જ આકાશવાણી થઈ:

'પાંડુ ! તારી સતી પવિત્ર સ્ત્રી કુંતીને ધર્મરાજના માત્ર શુભાશીર્વાદથી જ આ બાળકની પ્રાપ્તિ થઈ છે. આ બાળક અસાધારણ નથી કિન્તુ અત્યંત અસાધારણ છે. આ બાળકનું નામ અવનીમાં અનંતકાળ લગી યાવચ્ચંદ્રદીવાકરૌ અમર રહેશે. એ ધર્માત્મા મનુષ્યોમાં અગ્રગણ્ય થશે, પરમ સત્યવાદી, સત્યવતી ને શૂરવીર બનશે, તેમ જ સમસ્ત સૃષ્ટિમાં સુખપૂર્વક સફળ રીતે શાસન કરશે. એનું નામ યુધિષ્ઠિર પડશે. અને નામ પ્રમાણેના જ સદ્દગુણોથી સંપન્ન થઈને એ જીવનના જટિલ જંગમાં ધર્માનુષ્ઠાનના તથા સત્યની ઉપાસનાના સામર્થ્યથી મનને અચંચળ, શાંત, રાગદ્વેષરહિત અથવા સ્થિર રાખશે.'

એ આકાશવાણી સાંભળીને પાંડુ, કુંતી તથા માદ્રી ત્રણેને આનંદ થયો.

પાંડુએ કહ્યું :

'ઋષિકુમારનો શાપ આપણે માટે આશીર્વાદરૂપ થયો છે. ઈશ્વરની કૃપાથી તાપ છાયારૂપ, વિષ અમૃતરૂપ ને શત્રુ મિત્રરૂપ થાય છે એ સાચું છે. મારા ઉદ્વેગનો હવે અંત આવ્યો. પુત્રની ચિંતા મને ચિતા બનીને જલાવી રહેલી, એ ચિતામાંથી મારી રક્ષા થઈ.'

માદ્રી બોલી:

'તમારું સુખ એ અમારું સુખ અને તમારું દુઃખ એ અમારું દુઃખ છે. તમને દુઃખી દેખીને અમારા દુઃખનો પણ પાર નહોતો. હવે તમને આનંદમગ્ન જોઈને અમારા અંતરમાં પણ આનંદ છવાઈ રહ્યો છે.'

પાંડુની પ્રસન્નતા જોઈને કુંતી પણ પોતાને કૃતાર્થ માનવા લાગી.

યુધિષ્ઠિરના લાલનપાલનમાં એણે પોતાના મનને પરોવી દીધું.

ક્રમે ક્રમે યુધિષ્ઠિરની અંદર ચાલવાની શક્તિ પેદા થઈ, અને કાલીઘેલી તોતડી વાણીનો પણ આવિર્ભાવ થયો.

એ વાણી એ ત્રણેને કોઈ અનેરો આનંદ આપવા લાગી.

એને સંભાળતા કે એનો આસ્વાદ લેતાં કોઈ ધરાતું કે થાકતું નહિ.

એવા અસાધારણ આનંદમાં કેટલોય કાળ પસાર થઈ ગયા પછી પાંડુએ એક દિવસ કુંતીને કહ્યું:

'યુધિષ્ઠિરનો જન્મ આપણા જીવનમાં અભૂતપૂર્વ આનંદને પ્રકટાવનારો થઈ પડ્યો છે. એણે આપણને અનેરી શાંતિ આપી છે. છતાં પણ મારું મન હજી પૂરેપૂરી તૃપ્તિ નથી પામ્યું.'

'મન કદી પૂરેપૂરી તૃપ્તિ પામી શકે છે ?' કુંતીએ પ્રશ્ન કર્યો અને એનો પ્રત્યુત્તર પૂરો પાડતી હોય તેમ કહેવા માંડ્યું : 'ના. દુન્યવી વિષયોની બાબતમાં તો નહિ જ. એ ઈપ્સિત વસ્તુઓ કે વિષયોને પામીને પ્રસન્નતા

તથા પરિતૃપ્તિનો અનુભવ કરે છે પરંતુ કામચલાઉ વખતને માટે જ. એની એ પ્રસન્નતા તથા પરિતૃપ્તિ કાયમને માટે નથી ટકતી. મનનો સ્વભાવ જ એવો છે અથવા એનું બંધારણ જ એવું વિચિત્ર છે કે એની અંદર જુદી જુદી ઈચ્છાઓ પેદા થયા જ કરે છે અને એની શાંતિનો ભંગ કરે છે.'

'સાચું છે, યુધિષ્ઠિર જેવા સુંદર પુત્રની પ્રાપ્તિથી મારું અંતર આનંદમાં ગરકાવ બની ગયું છે, પરંતુ છેલ્લા કેટલાક દિવસથી મને એક બીજો વિચાર આવ્યા કરે છે.'

કુંતી પાંડુ તરફ ઊંડી જિજ્ઞાસાપૂર્વક જોઈ રહી એટલે એની જિજ્ઞાસાને શાંત કરતાં પાંડુએ આગળ કહ્યું :

'આપણને ધર્મરાજાની કૃપાથી યુધિષ્ઠિર જેવા ધર્મપરાયણ પવિત્ર પુત્રની પ્રાપ્તિ થઈ છે એનો મને સંતોષ છે છતાં પણ દુર્વાસા મુનિએ આપેલા અદ્દભુત મંત્રનો પ્રયોગ એકવાર ફરીથી કરવામાં આવે એવી મારી ઈચ્છા છે.'

'એનું કારણ ?'

'કારણ એ જ કે ક્ષત્રિયો બલપ્રધાન હોય છે. રાજ્યશાસન પર મારો ન્યાયોચિત અધિકાર હોવાથી મારી પાછળ સત્તાનાં સૂત્રો સંભાળનાર પુત્ર કેવળ ધાર્મિક જ નહિ, બળવાન પણ હોવો જોઈએ. યુધિષ્ઠિરને એ પોતાની લોકોત્તર શક્તિસંપત્તિથી ધર્મકર્મ તથા રાજ્યશાસનમાં મદદ કરી શકે. મારી ભાવના લોકોપયોગી ને સારી છે માટે તું એનો વિરોધ નહિ કરે અને અમલ કરશે એની મને ખાતરી છે.'

'મેં તમારી ભાવનાનો કદી વિરોધ કર્યો છે ? તમારી નાનીમોટી પ્રત્યેક ભાવનાની હું કદર કરું છું, એને સહાનુભૂતિથી સમજવાની કોશિશ કરું છું, અને એના અમલ માટે બનતી બધી જ શક્તિથી તૈયાર છું. તમારી આ ભાવનાને પણ સમજી શકું છું તો ખરી જ.'

'બસ ત્યારે, એનો અમલ કરવાની તૈયારી કર. એના અમલથી મને શાંતિ મળશે.'

'તમારી ઈચ્છાનો અનાદર કદાપિ નહિ કરું. ફરીવાર મંત્રપ્રયોગ કરીને દેવતાનું આવાહન કરીને હું બળવાન બાળકની માગણી કરીશ. મને તો દેવે દીધેલા આ સુંદર પુત્રથી શાંતિ છે પણ તમારી શાંતિને માટે એટલું જરૂર કરીશ.'

પાંડુને સંતોષ થયો.

એમણે કુંતીને પોતાની ભાવનાને સંતોષવાની તત્પરતા બતાવવા બદલ અભિનંદન આપ્યાં.

બીજે દિવસે કુંતીએ એકાંત સ્થાનમાં શુદ્ધ ચિત્તે આસન પર બેસીને બળવાન પુત્રની પ્રાપ્તિની કામનાથી પ્રેરાઈને મંત્રપ્રયોગ દ્વારા વાયુદેવનું આવાહ્ન કર્યું.

વાયુદેવે પ્રયોગની પરિસમાપ્તિ થતાં એની આગળ પ્રકટ થઈને કહ્યું:

'કલ્યાણી, તારી ઈચ્છાનુસાર હું પ્રકટ થયો છું. કહે તારું શું હિત કરું ? અમારું દર્શન જીવોનાં કલ્યાણ માટે જ હોય છે.'

કુંતીએ પ્રેમપૂર્વક પ્રણામ કરીને પ્રશસ્તિ કરતાં પોતાની અભિલાષા કહી બતાવી.

એ સાંભળીને વાયુદેવે જણાવ્યું:

'કુંતી, મુનિશ્રેષ્ઠ દુર્વાસાએ ઉપદેશેલો આ મંત્રપ્રયોગ અમોઘ હોવાથી કદી નિષ્ફળ નથી જતો. તારી અભિલાષા યોગ્ય સમયે જરૂર પૂરી થશે. મારો આશીર્વાદ છે. એ આશીર્વાદ જ તારા જીવનમાં ક્રાંતિ કરશે ને તને

પુત્રવતી બનાવશે. એ પુત્ર મારા આશીર્વાદરૂપે પ્રાપ્ત થયેલો હોવાથી મારા સમાન લોકોત્તર સામર્થ્યથી સંપન્ન હશે.'

કુંતીએ વાયુદેવનો આભાર માન્યો એટલે વાયુદેવે એના મનમાં ચાલી રહેલા મંથનને જાણી લઈને કહ્યું:

'મારા આશીર્વાદથી તને આનંદ થયો છે એ સાચું પરંતુ એ પણ એટલું જ સાચું છે કે તારું મન કોઈક જુદા જ વિચારે ચઢી ગયું છે.'

કુંતીએ સંકોચરહિત સ્વરે કહ્યું:

'હા. મારા મનમાં એક બીજો જ વિચાર પેદા થયો છે. અદ્દભુત શક્તિથી સંપન્ન અથવા અંતર્યામી હોવાથી તમારાથી એ અજ્ઞાત ના હોઈ શકે. એ વિચાર મને કુમારી દશામાં સૌથી પ્રથમ પ્રાપ્ત થયેલા પેલા કવચકુંડળધારી પ્રતાપી બાળકનો છે. એ અવારનવાર યાદ આવે છે અને કેટલીકવાર તો મને એકદમ અસ્વસ્થ બનાવે છે. મને થાય છે કે એનો ત્યાગ કરીને મેં મોટો અક્ષમ્ય અપરાધ કર્યો.'

'અપરાધ કર્યો છે એમ શા માટે માની લે છે ? તારો અપરાધ કશો જ નથી.'

'કેમ ! મેં એનો ત્યાગ કર્યો એ મારો અપરાધ ના કહેવાય ?' કુંતીએ પૂછી નાખ્યું.

'ના. એમાં અપરાધ જેવું કશુંયે નથી. એને પ્રાપ્ત કરવામાં જેમ તું સ્વતંત્ર ન હતી તેમ એનો પરિત્યાગ કરવામાં પણ તું પરાધીન જેવી જ બની ગયેલી. તારા પૂર્વસંસ્કારે તને એની પ્રાપ્તિ કરાવી દીધી અને એ સંસ્કારોની સમાપ્તિ થતાં તેં એનો ત્યાગ કર્યો. એ બાળકનો ઉછેરવાનો યોગ તારા નહિ પરંતુ બીજાના જીવનમાં શરૂ થયેલો એટલે ગમે તેટલા ઉપાય કરે તોપણ તું એને કેવી રીતે રાખી શકે ? તારે એનો ત્યાગ કરવો જ પડે નહિ તો એ તારો ત્યાગ કરી જાય. એવી રીતે સમજ તો તને કશો અપરાધ નહિ લાગે ને દુઃખ પણ નહિ થાય. આખુંયે જગત કર્મના ચોક્કસ નિયમો પ્રમાણે ચાલી રહ્યું છે.'

'છતાં પણ મને દુઃખ તો થાય જ છે અને એટલે જ એ દુઃખને હળવું કરવા એક પ્રશ્ન પૂછવાનું મન થાય છે. પૂછું ?'

'અવશ્ય પૂછ.'

'તમે મારો એ પ્રશ્ન સમજી ગયા હશો તોપણ પૂછું છું. તમે સર્વવ્યાપક છો. તમારો સંચાર સંસારમાં સર્વત્ર થઈ રહ્યો હોવાથી તમે સઘળું જાણો છો. મારા એ બાળકની પણ તમને ખબર તો હશે જ. તો હું પૂછું છું કે એ બાળક આનંદમાં તો છે ને ! એ ક્યાં છે ? કેવી રીતે રહે છે ? એને મેં નદીના પ્રબળ પ્રવાહમાં પ્રવાહિત કર્યા પછી એનું શું થયું ? એ નદીમાં ડૂબી તો નથી ગયો ? સમુદ્રમાં તો નથી મળી ગયો ? કે જળચરોએ એનો નાશ તો નથી કરી નાખ્યો ? મને એના વિશે માહિતી મેળવવાની ખૂબ ઈચ્છા થઈ આવી છે. મારી નમ્ર પ્રાર્થના છે કે તમે એ ઈચ્છા પૂરી કરો.'

વાયુદેવે શાંતિપૂર્વક ઉત્તર આપ્યો:

'કુંતી, તને એ બાળક વિશે જિજ્ઞાસા થાય એ તદ્દન સ્વાભાવિક છે. એ જિજ્ઞાસા સારી પેઠે સમજી શકું છું. એને સંતોષું છું પણ ખરો. એ બાળક સમુદ્રમાં મળી નથી ગયો, નદીમાં ડૂબી ગયો પણ નથી, ને જળચરોએ એનો નાશ પણ નથી કર્યો. એ બાળક હવે તો ઘણો મોટો થઈ ગયો છે ને કુશળ છે.'

'કુશળ છે ?'

'હા. સંપૂર્ણ કુશળ છે. તેં એને જે સાધારણ છિદ્રોવાળી પેટીમાં બંધ કરીને અશ્વનદીમાં પ્રવાહિત કરેલો તે પેટી અશ્વનદીમાં તરતી તરતી આગળ વધીને ચંબલ નદીમાં ગઈ અને ત્યાંથી પવિત્ર યમુનાના પ્રવાહમાં મળી ગઈ. યમુનાના પ્રબળ વેગથી વહેલા જળપ્રવાહે એને આગળ વધારીને ગંગામાં પહોંચાડી દીધી. એવી રીતે જુદી જુદી પવિત્ર નદીઓએ ઉત્તરોત્તર એની રક્ષા કરી એને ઉગારી લીધી.'

'પછી ?'

'પછી એ ગંગામાંથી આગળ વધતી ગંગાતટવર્તી ચંપાપુર નગર પાસે આવી પહોંચી. ત્યાં આવીને ગંગાના શાંત તરંગોની મદદથી એ કિનારે પહોંચી.'

'કિનારે ? અને એ પણ ગંગાને ? ત્યારે તો એ પેટી ખૂબ જ આગળ વધી ગઈ અને એ પણ તદ્દન સહીસલામત રીતે. આટલી માહિતી મેળવીને મને સંતોષ થયો પરંતુ સંપૂર્ણ શાંતિ નથી વળી. ચંપાપુરીના પાસેના ગંગાતટ પર પહોંચેલી એ પેટીનું શું થયું અને એ બાળક ક્યાં ગયો તે જાણવાની ઈચ્છા તો મને રહે છે જ. મારી એ ઈચ્છા પણ પૂરી કરો.'

'એ બધું જાણીને તારે શું કરવું છે ? આટલી માહિતી તારે માટે પર્યાપ્ત છે. હા, છતાં પણ એટલું કહી બતાવું છું કે એ બાળકને સૂતદંપતીએ પોતાને ત્યાં આશ્રય આપ્યો છે.'

'એ સૂતદંપતીના નામનો ઉલ્લેખ કરી બતાવશો ? અને એ ક્યાં રહે છે તે પણ કહી શકશો ?'

'એની માહિતી મારાથી નહિ આપી શકાય. એ માહિતી અત્યારે આવશ્યક નથી લાગતી. અત્યારે તો તારે આટલી માહિતીથી જ સંતોષ માનવો પડશે. તું જેવી માગે તેવી માહિતી તને બીજું કોઈ જ નહિ આપી શકે.'

કુંતી થોડીવાર શાંત રહી. એની કલ્પનાની આંખ આગળ એ બાળક રમવા લાગ્યો.

એને ભાતભાતના વિચારો આવવા માંડ્યા.

'એ બાળક મને મળશે અને મારાથી ઓળખી શકાશે ?'

'એ તને મળશે અને તું એને અવશ્ય ઓળખી શકીશ. એને જન્મથી જ સાંપડેલા કવચકુંડળને લીધે તું એને ગમે ત્યારે ને ગમે ત્યાં સહેલાઈથી ઓળખી શકીશ. એવો અદ્દભુત બાળક આજ સુધી બીજો કોઈ જ નથી થયો ને ભવિષ્યમાં પણ નથી થવાનો. એની પાસે જ્યાં સુધી એ અલૌકિક કુંડળ હશે ત્યાં સુધી એનો નાશ કોઈ પણ નહિ કરી શકે.'

'એનો મેળાપ મને ક્યાં ને ક્યારે થશે ?'

'એનો મેળાપ કયારે થશે તે નહિ કહું પરંતુ એનો મેળાપ થશે ચોક્કસ અને હસ્તિનાપુરમાં થશે.'

'હસ્તિનાપુરમાં ?' કુંતીને નવાઈ લાગી.

'હા. હસ્તિનાપુરમાં.'

'અમારે હસ્તિનાપુર જવાનું થશે ખરું ?'

'અવશ્ય થશે. સંજોગો તમને જરૂર લઈ જશે.'

'હવે એક છેલ્લો પ્રશ્ન પૂછી લઉં. એ બાળક મારા પર પ્રેમ રાખશે ? મારા ત્યાગની વાત જાણ્યા પછી એને મારા પર રોષ નહિ થાય ?'

'એ ચિંતા નકામી છે. જગતમાં માતા તથા સંતાનનો સ્નેહ સનાતન હોય છે, એ શબ્દો પરથી જ બધું સમજી લે. પરંતુ હવે હું જઉં. જતા પહેલાં તને મારો આશીર્વાદ છે.'

વાયુદેવ અદૃશ્ય થયા.

એમના અદૃશ્ય થયા પછી લાંબા વખત લગી કુંતી એમના અસાધારણ સુંદર સ્વપ્નનું ધ્યાન ધરતી અને એમના સુખમય શબ્દોનું સ્મરણ કરતી બેસી રહી.

એનું અવારનવાર પારાયણ કરવા છતાં એને તૃપ્તિ ના થઈ. પોતાના પ્રથમ પુત્રના સંબંધમાં એને મળેલી માહિતી ખૂબ જ કીંમતી અને અસાધારણ હતી. એ માહિતીએ એના સંતપ્ત અંતરને શાંતિ આપી.

એને થયું કે પોતાને સર્વ પ્રકારની સ્વતંત્રતા હોત તો અત્યારે જ ચંપાપુરીની આજુબાજુના ગંગાતટવર્તી પ્રદેશમાં તપાસ કરીને એ પ્રતાપી પુત્રનો પત્તો મેળવત. પરંતુ વાત તો એવી નાજુક છે જે કોઈને પણ ભૂલેચૂકે પણ ના કહેવાય. ના, અત્યારે તો નહિ જ. નહિ તો એને પરિણામે અનેક જાતની ચિત્રવિચિત્ર સમસ્યાઓ પેદા થાય. પાંડુને પોતાની ઉપર પ્રેમ ને વિશ્વાસ છે એટલે એમને એ કથા કહી શકાય, એ એને સમજે અને એ બાબતે જરૂરી મદદ પણ કરી શકે, છતાં પણ અત્યારના સંજોગોમાં એમની આગળ એ કથાનું રહસ્યોદ્દઘાટન કરવું બરાબર નથી. એનો ઉચિત સમય આવશે ત્યારે જોઈ લેવાશે.

એને પોતાની પરવશતા સાલવા લાગી. પરિસ્થિતિની પરવશતા અથવા વિવશતા.

તોપણ એણે જેમતેમ કરીને મનને મનાવ્યું ને શાંત રાખ્યું.

વાયુદેવના શાંતિદાયક શબ્દોમાં એને માટેની સામગ્રી પણ હતી જ.

એ પુત્રનો મેળાપ પોતાને થવાનો છે અને એ પણ હસ્તિનાપુરમાં.

હસ્તિનાપુરમાં ?

હા. હસ્તિનાપુરની પવિત્ર ભૂમિમાં.

વાયુદેવનું એ વચન છે. એ વચન વ્યર્થ ના જ હોઈ શકે.

તો પછી એનો અર્થ એ જ કે પોતાને હસ્તિનાપુર જવાનું થશે ખરું અને પાંડુને પણ.

હા. એ જ.

કાલે ઊઠીને કેવા સંજોગો ઉપસ્થિત થાય છે એ કોણ કહી શકે ?

કુંતી એવી રીતે એ પુત્રના ભાવિ મિલનના વિચારમાં મશગૂલ બની ગઈ.

એનું અંતર અવનવા ભાવોથી આપ્લાવિત બની રહ્યું.

છેવટે પોતાની જાતને સંભાળીને એ પાંડુ પાસે આવી પહોંચી.

વાયુદેવે આપેલા આશીર્વાદની વાત સાંભળીને પાંડુને આનંદ થયો.

યોગ્ય સમય પર કુંતીએ એક બીજા પુત્રને જન્મ આપ્યો.

એ બાળક અસાધારણ હોવાની સાથે સાથે અનંત સામર્થ્યથી સંપન્ન હતો.

જન્મ્યા પછી એ કુંતીની સોડમાં સૂઈ રહેલો ત્યારે એકાએક અરણ્યમાંથી એક વાઘ આવી પહોંચ્યો.

એની ગર્જના સાંભળી ને એને તદ્દન પાસે જોઈને કુંતી ભયભીત બનીને ધ્રુજવા લાગી, પરંતુ એ બળવાન બાળક તો લેશપણ ના ડર્યો. એ વાઘને જોઈને હસવા લાગ્યો. એને બાથ ભરીને ભેટવાની એણે તૈયારી કરી.

વાઘ એ જોઈને શાંત રહ્યો અને એના ચરણને ચાટીને ધીમી ગતિએ ચાલતો થયો.

એ વખતે આકાશવાણી થઈ કે આ બાળક બળવાનોમાં શ્રેષ્ઠ તથા સર્વોત્તમ થશે ને પોતાના બળનો ઉપયોગ સજ્જનોની સુરક્ષા માટે તેમજ દુર્જનોને દંડ દેવા ખાતર કરતો રહેશે. એની શક્તિ બીજાને માટે આતંકકારક નહિ બને પરંતુ આશીવાર્દરૂપ બનશે.

એ આકાશવાણી સાંભળીને કુંતી, માદ્રી ને પાંડુની પ્રસન્નતાને પાર ના રહ્યો.

આજુબાજુના આશ્રમવાસીઓને પણ એ આકાશવાણી સાંભળીને આનંદ થયો.

પાંડુએ કુંતીની સલાહ તથા બીજા વનવાસી તપસ્વીઓની સંમતિથી એનું નામ ભીમ પાડ્યું.

એવી રીતે ઋષિકુમારનો શાપ હોવા છતાં પાંડુને દેવતાના અનુગ્રહરૂપે બે પ્રતાપી પુત્રો પ્રાપ્ત થયા.

છતાં પણ પાંડુનું મન પાછું વિચારે ચઢ્યું.

એમને થયું કે સંસારમાં સર્વશ્રેષ્ઠ મનાય એવો ત્રીજો યશસ્વી પુત્ર મળે તો સારું. એમણે પોતાનો વિચાર કુંતી સમક્ષ રજૂ કર્યો. એ સાંભળીને કુંતીએ કહ્યું:

'શાપને લીધે આપણને એકે સંતાન સાંપડવાની આશા નહોતી તેને બદલે બે પુત્રોની પ્રાપ્તિ થઈ તો હવે સંતોષ રાખો. કામનાને વધારતા ના જાવ.'

'સંતોષ તો મને છે જ.' પાંડુએ કહ્યું: 'આવા દેવદુર્લભ બાળકોને જોઈને કોને સંતોષ અથવા આનંદ ના થાય. મને લાગે છે કે મારા જેવો સુખી આ સંસારમાં બીજો કોઈ જ નહિ હોય. છતાં પણ મારામાં ત્રીજા પુત્રની આકાંક્ષા પેદા થઈ છે. પ્રકૃતિ ત્રિગુણાત્મિકા છે અને એની મદદથી પેદા થયેલી સૃષ્ટિમાં પણ બધું ત્રિવિધ દેખાઈ રહ્યું છે. અવસ્થા, શરીર, લોક, બધું જ ત્રણ ત્રણ છે એટલે આપણા પુત્રો પણ ત્રણ હોય તો સારું. તને મળેલા મંગલમય આશીર્વાદથી તે વસ્તુ શક્ય બની શકે છે.'

કુંતી થોડીવાર શાંત બનીને બેસી રહી, ને પછી બોલી:

'તમારી ઈચ્છાનો અનાદર નહિ કરું, પરંતુ એ સંબંધમાં મારો એક સંકલ્પ પણ કહી દઉં.'

'શો સંકલ્પ ?'

'ત્રીજા પુત્રની પ્રાપ્તિ પછી દુવાર્સા મુનિએ આપેલા મંત્રનો પ્રયોગ મારા માટે કદાપિ નહિ કરું. ત્રણ સંતાનોથી હું સંતોષ વાળીશ ને તમારે પણ વાળવો રહેશે.'

'ભલે.'

'અધિક સંતાન જીવનને અસ્વસ્થ બનાવી દે છે અને અશાંત કરે છે એટલે વધારે સંતાનોની ઈચ્છા મને નથી થતી.'

'કુંતી, જે સંતાનોની મેં ઈચ્છા કરી છે તે સંતાનો મારા આત્માને શાંતિ આપવા માટે તો છે જ, પરંતુ સાથેસાથે પ્રજાને સુખી ને સમૃદ્ધ કરવાને માટે પણ છે. એ ઈચ્છામાં સ્વાર્થ સાથે પરમાર્થ ભળેલો છે. મારું અત્યાર સુધીનું બધું જ જીવન પરહિતમાં પસાર થયેલું હોઈ મને એમાં વધારે રસ છે. ત્રીજા પુત્રની અપેક્ષા પણ હું એટલા માટે જ રાખી રહ્યો છું.'

'કુંતી કાંઈ ના બોલી. એની શાંતિ સંમતિસૂચક છે એની શકા પાંડુને ના રહી.

* * *

## ૧૨. અશ્વિનીકુમારોના આશીર્વાદ

બીજે દિવસે પાંડુએ કુંતીને કહ્યું:

'દેવોમાં સૌથી શ્રેષ્ઠ ઈન્દ્ર સિવાય બીજું કોણ છે ? એમની પ્રસન્નતા પ્રાપ્ત થાય તો એમના અનુગ્રહથી પુત્રને મેળવતાં વાર ના લાગે.'

'હા.' કુંતી બોલી : 'તે દેવોના અધિપતિ કહેવાય છે. એમના અનુગ્રહથી એવા પુત્રની પ્રાપ્તિ જરાપણ અશક્ય ના હોઈ શકે.'

માદ્રીએ કહ્યું:

'પુરુવંશને માટે એવા દેવાધિદેવે દીધેલા પુત્રની આવશ્યકતા છે. એને લીધે સમસ્ત પ્રજા અને આપણે પણ યશસ્વી થઈ શકીએ.'

કુંતી ને માદ્રીનાં વચનથી પાંડુને પરમ સંતોષ થયો. એમના ઉત્સાહમાં વધારો થયો. એમણે થોડીકવાર વિચારમગ્ન દશામાં બેસી રહીને ગંભીરતાપૂર્વક જણાવ્યું:

'આ વખતે તો હું એક વરસ વ્રત કરીશ. કઠોર નિયમોના સમ્યક પાલનપૂર્વક એક વરસ સુધી તપશ્ચર્યા કરીને ઈન્દ્રની વિશેષ કૃપાની પ્રાપ્તિ કરવા પ્રયત્ન કરીશ. કુંતી, તું પણ આજથી એક વરસ કઠોર તપશ્ચર્યામાં પ્રવૃત્ત થજે. તારું તો સમસ્ત જીવન તપઃપૂત કે તપમય છે તોપણ અધિકનું ફળ અધિક હોય છે એમ માનીને થોડુંક વધારે તપ કર એવી મારી ઈચ્છા છે. માદ્રી પણ પોતાની રીતે તપ કરે છે ને કરશે.'

કુંતીએ તપ કરવાની તૈયારી બતાવી. એણે કહ્યું:

'તમારી આજ્ઞાનુસાર તમારી સૂચના પ્રમાણે હું જરૂર તપ કરીશ. તપથી જ બ્રહ્માએ સૃષ્ટિનું સર્જન કર્યું છે એમ કહેવાય છે એટલે તપનો મહિમા ઘણો મોટો છે. જીવનમાં વ્રત તથા તપ બધી રીતે કલ્યાણકારક છે.'

પાંડુની તપશ્ચર્યા ખૂબ જ કઠોર હતી.

સૂર્યની સામે એક પગ પર ઊભા રહીને ઉત્સાહ, આશા અને એકાગ્રતાપૂર્વક એમણે રોજ નિયમિત રીતે તપવા માંડ્યું.

એ તપશ્ચર્યાથી પ્રસન્ન થઈને ઈન્દ્રે એમને દર્શન આપ્યું ને કહ્યું:

'પાંડુ, તારી તીવ્ર તપશ્ચર્યાથી હું પ્રસન્ન થયો છું. આવી ઉગ્ર તપશ્ચર્યાનો આધાર લેનારા પુરુષો સંસારમાં કોઈક જ પાકે છે. કહે, તારી કયી ઈચ્છા પૂરી કરું ?'

પાંડુએ એમને પ્રણામ કરીને કહ્યું :

'તમારાથી મારી ઈચ્છા છૂપી ના રહી શકે એવો મને વિશ્વાસ છે. તમે સર્વજ્ઞ હોવાથી મારી તપશ્ચર્યાના પ્રયોજનથી માહિતગાર છો.'

'એ પ્રયોજનની મને ખબર છે, પાંડુ ! તેં તારા તપનો પ્રારંભ કર્યો ત્યારથી જ મને તેની ખબર છે. તારી આકાંક્ષા જરૂર પૂરી થશે ને તને એક મહાપરાક્રમી, પ્રજ્ઞાવાન, સદ્‌ગુણસંપન્ન, વિશ્વવિખ્યાત, ગોબ્રાહ્મણપ્રતિપાળ, સુહૃદોના સેવક, શત્રુઓને સંતાપ કરવાવાળા અસાધારણ પુત્રની પ્રાપ્તિ થશે. કુંતી પાસે મુનિએ પ્રદાન કરેલા

મંત્રની જે મહાશક્તિ છે તે મંત્રશક્તિથી એ મારું આવાહન કરશે એટલે હું એની આગળ પ્રકટ થઈશ અને મારા અમોઘ આશીર્વાદથી સઘળું કાર્ય સિદ્ધ કરીશ. તું એ બાબત હવે નિશ્ચિંત રહેજે.'

પાંડુ પાસેથી એ અસાધારણ દર્શનાનુભવની વાત સાંભળીને કુંતીના આનંદનો પાર ના રહ્યો.

એણે પાંડુની અનુમતિ મેળવીને એ પછી એક ધન્ય મંગલ દિવસે સવારે મંત્રપ્રયોગ કરીને ઈન્દ્રનું વિધિપૂર્વક આવાહન કર્યું.

એને પરિણામે ઈન્દ્રે કુંતીને દર્શન આપીને કહ્યું:

'કુંતી, પહેલાં તારા પતિ પાંડુને દર્શન આપીને મેં જે વરદાન આપ્યું છે તે વરદાન અવશ્ય પૂરું થશે. મારું વચન કદી પણ મિથ્યા નહિ થાય. તે પોતાનું કામ જરૂર કરશે. તારા મનમાં જેવા પુત્રને મેળવવાની ભાવના છે તેવો પુત્ર મારા આશીર્વાદરૂપે તને જરૂર મળશે. મારો આશીર્વાદ જ અમોઘ બનીને તને કોઈ પણ પ્રકારના શરીરસંબંધ વિના એવા મહાયશસ્વી પરમ પ્રતાપી પુત્રરત્નની પ્રાપ્તિ કરાવી આપશે. એ ઉપરાંત બીજું કાંઈ માંગવું હોય તો માગી લે.'

કુંતીએ બે હાથ જોડીને નમ્રતાપૂર્વક જણાવ્યું :

'તમારાં દૈવી પરમ સુખકારક શાંતિદાયક દર્શન અને અનુગ્રહથી હું સાચેસાચ કૃતાર્થ થઈ. મારું જીવન બધી રીતે ધન્ય બની ગયું. તમારા વરદાનથી જાણે કે મને ત્રિલોકનું રાજ્ય મળી ગયું. હવે મારે બીજું કશું જ નથી જોઈતું. કારણ કે દુન્યવી ઈચ્છાઓનો અંત જ નથી હોતો. એ ઈચ્છાઓ હંમેશા વધતી જ જાય છે અને એકસાથે એકઠી થઈને પણ કોઈને શાંતિ નથી આપી શકતી. એથી ઊલટું જીવનને અવારનવાર અશાંત બનાવ્યા કરે છે. એટલે બીજું કશુંય માંગવાનું મને મન નથી થતું. એટલો આશીર્વાદ અવશ્ય આપજો કે મારા જ્ઞાનની જ્યોતિ હંમેશા જાગ્રત રહે, મારી પવિત્રતા તથા સેવાભાવના કાયમ રહે, મને પ્રાતઃસ્મરણીય મહાન સાચા સત્પુરુષોનો સમાગમ સદા મળ્યા કરે, ને ધર્મ તથા નીતિની મંગલમય મર્યાદામાં રહીને મારું જીવન નિરંતર આગળ વધે.'

ઈન્દ્રે એની અભિલાષાને માટે એને અંતઃકરણપૂર્વકનાં અભિનંદન આપ્યાં.

ઈન્દ્રના આશીર્વાદને અનુસરીને કુંતીને જ્યારે પુત્રની પ્રાપ્તિ થઈ ત્યારે ફરી પાછી પૂર્વવત્ આકાશવાણી થઈ:

'કુંતી, આ બાળક ખૂબ જ ભાગ્યશાળી ને પ્રતાપી છે. એ કાર્તવીર્ય તથા શંકર જેવો પરાક્રમી તેમ જ ઈન્દ્ર જેવો અજય બનીને તારી કીર્તિમાં વધારો કરશે. પોતાનાં સત્કર્મોથી એ તને સુખી કરશે અને આનંદ આપશે. રાજાઓ અને સામંતો પર વિજય મેળવીને એ ત્રણ અશ્વમેધ યજ્ઞો કરશે. ભગવાન શંકર પોતે એના પરાક્રમથી પ્રસન્ન થઈને એને અલૌકિક અસ્ત્ર આપશે. એ અસુરોનો નાશ કરીને લોકોને સુખી કરશે ને એનાં લોકોત્તર કર્મો અનંતકાળ લગી સૌને માટે પ્રેરક બનશે.'

એ આકાશવાણી સાંભળીને સૌની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

આશ્રમવાસી ઋષિમુનિ એને સંસારની સુખાકારીની નિશાની માનવા લાગ્યા.

અંતરીક્ષમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો.

કુંતીએ ઋષિમુનિઓની સલાહ લઈને ઈન્દ્રની કૃપાથી જન્મેલા એ પુત્રનું નામ અર્જુન રાખ્યું.

આખી પ્રકૃતિ અર્જુનના જન્મનો ઉત્સવ કરવા લાગી.

પંખીઓ કિલ્લોલ કરવા લાગ્યાં, પવનની લલિત લહરીઓ મદમસ્ત બનીને પ્રસન્નતાપૂર્વક બધે ફરવા માંડી, ને વૃક્ષો તથા વેલીઓ પર નવાં નવાં પુષ્પો ખીલી ઊઠ્યાં.

પાંડુને પોતાનું શરીરધારણ સફળ લાગ્યું. જંગલ એમને માટે પરમ મંગલમય થઈ પડ્યું.

માદ્રીનું મન પણ મલકાઈ ઊઠ્યું.

એણે કુંતીને અભિનંદન આપતાં કહ્યું:

'આવા દેવદુર્લભ પ્રતાપી પુત્રોને પામીને મારું જીવન સાચોસાચ સફળ થયું છે. મહારાજા પાંડુ તને ધન્યવાદ આપે છે એમાં કાંઈ આશ્ચર્ય નથી. એ ધન્યવાદ ઉચિત છે. એમના સંતપ્ત શોકિત અંતરને તેં શાંત કર્યું છે. મારામાં તો એવું કરવાની શક્તિ ન હતી પરંતુ તેં તારી શક્તિનો સદ્ઉપયોગ કરીને એમને સુખી કર્યા છે એ જોઈને મને ઘણો જ આનંદ થઈ રહ્યો છે.'

'ઋષિકુમારનો શાપ યાદ કરીને તને દુઃખ નથી થતું ?' કુંતીએ પૂછ્યું.

'દુઃખ શા માટે થાય ? જે શાપ મળી ચૂક્યો છે તેનો કોઈ ઉપાય નથી પછી દુઃખી થવાનો અર્થ જ ક્યાં રહે છે ? સાચું કહું તો તેં નિમિત્ત બનીને એ શાપ હોવા છતાં એમને સંતોષ આપ્યો એથી મને આનંદ થાય છે. શરીરના ભોગવિલાસ તો અસ્થાયી છે. એ કોઈને શાંતિ નથી આપી શકતા. એવો વિચાર મને બેચેન બનાવવાને બદલે ધીરજ આપે છે.'

'પરંતુ તારા મનમાં પુત્રની ઈચ્છા નથી પેદા થતી ?'

'એ ઈચ્છા શાપની ઘટના સાંભળ્યા પછી શાંત થઈ છે. એને શાંત કર્યા વિના બીજો રસ્તો જ ન હતો. એની શાંતિ સારા માટે જ થઈ છે. તારા ત્રણ પુત્રોને જોઈને મને સંતોષ થાય છે. એમને હું મારા જ માનું છું. એ મોટા થાય ને મોટાં મંગલમય કામ કરે એટલે થયું. આપણે એ જોઈને શાંતિપૂર્વક મરી શકીએ.'

કુંતી વિચારમાં પડી.

માદ્રીનું મન કેટલું બધું મોટું છે ?

એના અંતરમાં કોઈ જાતની સંકુચિત સ્વાર્થભાવના પેદા જ નથી થતી. એ કાંઈ ઓછું અસાધારણ છે ?

એ રાતે એને નિંદ્રા જ ના આવી.

એના મનમાં માદ્રીના એ જ શબ્દો ગુંજતા રહ્યાં.

એને થયું કે માદ્રીને મારા પર આટલો બધો પ્રેમભાવ હોવા છતાં મેં પોતે એને માટે શું કર્યું ? ખાસ કશું જ નહિ. તોપણ એની મારે માટેની લાગણી એવી ને એવી જ અકબંધ છે ને વધી રહી છે.

એને નથી કોઈ ઈર્ષા કે નથી રોષ.

ખરેખર એ એક દેવી જ છે, એક મહાદેવી.

એનું અંતર એકદમ નિર્મળ, ઉદાર અને મહાન છે.

એને કેવી રીતે વધારે ને વધારે સુખી કરી શકાય એવા વિચાર કુંતીને આવવા માંડ્યાં.

પરંતુ એ કશો નિર્ણય ના કરી શકી.

બીજે દિવસે એણે પાંડુને એ વાતથી વાકેફ કર્યા.

પાંડુએ એ સાંભળીને કહ્યું:

'સાચું છે. માદ્રીનું મન મોટું છે. મેં એવો મોટો અપરાધ કર્યો કે હું એના સુખનો નાશ કરી બેઠો. જોકે એણે કદી કોઈ જાતનો અસંતોષ નથી પ્રકટ કર્યો, એને મારી સેવામાં ને મારા સહવાસમાં જ રસ છે અને સ્વર્ગસુખ લાગે છે, તોપણ એની યોગ્યતા જોઈને મને એના પ્રત્યે અનુકંપા ઊપજે છે. સાથે સાથે અફસોસ થાય છે કે હું એને માટે કશું જ નથી કરી શકતો. તારા ત્રણે પુત્રોને એ પ્રેમથી રમાડે છે ત્યારે એ જોઈને મને કોઈ કોઈવાર થઈ આવે છે કે એને પણ એકાદ પુત્રની પ્રાપ્તિ થઈ શકી હોત તો ? પરંતુ બીજી જ ક્ષણે એ વિચારથી મન પાછું પડે છે કે એને પુત્રની પ્રાપ્તિ કેવી રીતે થાય ? એને તારી જેમ કાંઈ મંત્ર થોડો જ મળ્યો છે ?'

કુંતીએ કહ્યું:

'એથી શું થયું ? તમને જે વિચાર આવે છે તે મને પણ આવી ચૂક્યો છે. મંત્ર માદ્રીને નથી મળ્યો છે એ સાચું પરંતુ માદ્રી બેન બરાબર હોવાથી એ મંત્રનો ઉપયોગ હું એની શાંતિ માટે જરૂર કરીશ.'

'એવું કરી શકાય ખરું ?'

'શા માટે ના કરી શકાય ? એને માટેનો પ્રયત્ન તો જરૂર કરી શકાય. મંત્ર દ્વારા દેવતાનું આવાહન કરીને એમને હું માદ્રી પર કૃપા કરવા માટે પ્રાર્થી જોઈશ. એ જો કૃપા કરવા તૈયાર થશે તો સારું છે, એથી અધિક આનંદદાયક બીજું કાંઈ જ નહિ હોય, નહિ તો મારું કર્તવ્ય બજાવ્યાનો સંતોષ તો મને મળશે જ. એને માટે માદ્રીને સમજાવી જોઈશ.'

કુંતીએ માદ્રીને બોલાવીને બધી વાત કહી બતાવી ત્યારે માદ્રી સંકોચ સાથે બોલી ઊઠી:

'તારા પુત્રો છે તે મારા પુત્રો નથી શું ? મને તો એમનામાં કોઈ જ ભેદભાવ નથી દેખાતો. હું તો એમને એ જ દૃષ્ટિથી જોઈ રહી છું.'

'છતાં પણ મારી એટલી ઈચ્છા છે.'

'અને મારી પણ,' પાંડુએ કહ્યું: 'તું એનો સ્વીકાર કર તો મને સંતોષ થશે.'

માદ્રી બોલી:

'કુંતીને તો સમજાવી શકું કિન્તુ તમારી ઈચ્છા પણ જો એવી જ હોય તો એ ઈચ્છાનો અનાદર નહિ કરી શકું. તમે તો ઈચ્છો છો પરંતુ મારા ભાગ્યમાં કશું નહિ હોય તો શું કરશો ?'

'એનો વિચાર તો પછી થશે.' કુંતીએ જણાવ્યું: 'એ વખતે આપણો કોઈ ઉપાય નહિ રહે છતાં પણ જે ભાવના પેદા થઈ છે તેને સાકાર કરવાનો પ્રયાસ કરવો બધી રીતે હિતાવહ છે. મારું અંતર એની સાક્ષી પૂરે છે.'

પાંડુના મુખમાંથી સહજ ઉદ્ગાર નીકળી પડ્યા:

'કુંતીના પુત્રોને તું તારા માને છે એ તારી મહત્તા છે પરંતુ કુંતી પણ તારે માટે પ્રયત્ન કરવા તૈયાર થઈને એની પોતાની મહત્તા બતાવી રહી છે. તમારું બંનેનું વર્તન જોઈને મને અપૂર્વ આનંદ થઈ રહ્યો છે. ઈશ્વર તમને બંનેને સુખી રાખે.'

'તમારી છત્રછાયામાં અમે સુખી જ છીએ.' કુતી તથા માદ્રી બંને લગભગ એકસાથે બોલી ઊઠ્યાં.

કુંતીએ પાંડુની સંમતિથી પોતાના સંકલ્પ પ્રમાણેના પ્રયત્નનો પ્રારંભ કર્યો.

માદ્રીની ઈચ્છાનુસાર એણે મંત્રપ્રયોગ દ્વારા અશ્વિનીકુમારોનું ચિંતન કર્યું.

અશ્વિનીકુમારોએ પ્રકટ થઈને ઈપ્સિત વસ્તુની માગણી કરવા કહ્યું એટલે કુંતીએ કહ્યું:

'તમારાં દર્શનથી મારાં લોચન કૃતાર્થ થયાં. તમે મને ઈપ્સિત વસ્તુની માગણી કરવા માટે આજ્ઞા કરી તે માટે તમારો આભાર માનું છું પરંતુ તમારું આવાહ્ન મેં મારે માટે નથી કર્યું. તેનું પ્રયોજન તમે જાણો છો. તમારા અલૌકિક અમોઘ આશીર્વાદથી માદ્રીને પુત્રની પ્રાપ્તિ થાય એવી મારી ઈચ્છા પૂરી કરીને મને વધારે કૃતાર્થ કરો.'

અશ્વિનીકુમારોએ કહ્યું:

'કુંતી, તારી ઉદાત્ત નિઃસ્વાર્થ ભાવનાનું દર્શન કરીને અમને ખરેખર આનંદ થાય છે. આવી ભાવના જેના તેનામાં જોવા નથી મળતી. તારું કુળ ધન્ય છે, તને ધારણ કરનાર ધરિત્રી ધન્ય છે. તારાં માતાપિતા ધન્ય છે, ને તને મંત્ર પ્રદાન કરનાર મહાપુરુષને પણ ધન્યવાદ ઘટે છે. તારા જન્મ ને કર્મને વારંવાર ધન્યવાદ ઘટે છે. તારી ઈચ્છાનુસાર માદ્રીને એકને બદલે બે જોડિયા પુત્રોની પ્રાપ્તિ થશે. એ બંને બાળકો રૂપ, ગુણ, સંપત્તિ તથા શક્તિમાં અમારા કરતાં પણ શ્રેષ્ઠ થશે તથા એમનાં સત્કર્મોથી સંસારમાં યશસ્વી બનશે. હવે તું બીજા કોઈ પુત્રને માટે પ્રયાસ ના કરતી.'

કુંતીનું હૈયું ભરાઈ આવ્યું.

એની આંખમાંથી આનંદથી ધારા ઢળવા માંડી.

આનંદની એ અખંડ ધારા સાથે એ અશ્વિનીકુમારોનો મૂક આભાર માની રહી.

માદ્રીને માટેનો એમનો આશીર્વાદ એને પોતાના આશીર્વાદ કરતાં પણ વધારે સુખદ લાગ્યો.

'ધન્ય છે આ પ્રેમને !' અશ્વિનીકુમારોના અંતરમાંથી પણ એકાએક ઉદ્દગાર નીકળી પડ્યા: 'આવા પવિત્ર પ્રેમનું દર્શન પણ કાંઈ ઓછું આનંદદાયક નથી લાગતું. મૃત્યુલોકનાં માનવીઓનો આવો પ્રેમ જોઈને અમે પણ કૃતાર્થ થયા. આવા નિઃસ્વાર્થ પવિત્ર પ્રેમભાવને લીધે જ મૃત્યુલોક વધારે મંગલ હશે અને એનો મહિમા બીજા બધા લોકોથી અધિક હશે.'

કુંતીને આશીર્વાદ આપીને એ અદૃશ્ય થયા એટલે કુંતીએ પોતાની સઘળી હકીકત પાંડુ તથા માદ્રીને કહી બતાવી.

એ બંનેને એ સાંભળીને અનેરો આનંદ થવા માંડ્યો :

'એને માટેનો બધો જ યશ તને ઘટે છે, કુંતી !' પાંડુ બોલી ઊઠ્યા: 'તું ના હોત તો આમાંનું કશુંયે ના થાત. મારા જીવનમાં આવી અભૂતપૂર્વ ઘટનાઓ ના બની શકત.'

કુંતીએ કહ્યું:

'એનો બધો યશ મને નહિ કિન્તુ તમને ઘટે છે. તમારા સુંદર સહયોગને લીધે જ મારાથી આ કામ થઈ શક્યું છે. વળી માદ્રી પણ એ યશમાં ભાગીદાર બની છે કારણ કે એણે જો અશ્વિનીકુમારોના આવાહ્ન માટે સંમતિ જ ના આપી હોત તો મારાથી પ્રયત્ન પણ ના થાત ને ના ફળત.'

* * *

## ૧૩. પાંડુનું મૃત્યુ

માદ્રીને અશ્વિનીકુમારોના આશીર્વાદ પ્રમાણે બે જોડિયા પુત્રોની પ્રાપ્તિ થઈ ત્યારે એને ખૂબ જ સંતોષ અને હર્ષ થયો.

કુંતી તથા પાંડુના ઉર પણ ઉલ્લાસથી ભરાઈ ગયાં.

પ્રકૃતિએ પણ એમનું દર્શન કરીને પોતાની પ્રસન્નતા પ્રકટ કરી.

શતશ્રૃંગ પર્વત પરના ઋષિમુનિઓએ એમના નામ નકુલ તથા સહદેવ પાડ્યાં.

યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ ને નકુલની વચ્ચે એકેક વરસનું અંતર હતું.

દેવે દીધેલા એ પુત્રોને પેખીને પાંડુનો પ્રાણ પુલકિત થતો.

જોતજોતમાં તો એ બાળકો મોટા થવા માંડ્યા.

એમની સ્નેહથી છલકાતી વાણી અને જુદી જુદી જાતની રમત-ગમત જોઈને તથા એમને રમાડીને પાંડુ પોતાની જાતને બડભાગી કે ધન્ય માનતા.

પોતાના અંતરની અભિવ્યક્તિ કરતાં એક દિવસ એમણે કુંતી તથા માદ્રીને કહ્યું પણ ખરું :

'હવે મને શાંતિ થઈ. આ પાંચે પુત્રરત્નોને પેખીને મારા અંતરમાં કેટલો બધો આનંદ થઈ રહ્યો છે તે કેમ કરીને કહી બતાવું ? ખરેખર, સંસારમાં પુત્રવાન જ સાચા અર્થમાં સુખી હશે. આ સુપુત્રોની સાથે મારા જીવનમાં સ્વર્ગસુખ ઊતરી આવ્યું છે.  અધિક આનંદની વાત તો એ છે કે તમે બંને પુત્રવતી બની છો. માદ્રીને માટે મારા દિલમાં જે થોડોઘણો અસંતોષ રહેતો હતો તે પણ દૂર થયો. હવે મારે મરવું પડશે તોપણ હું શાંતિથી મરી શકીશ. મને એટલી બધી તૃપ્તિ થઈ છે.'

'છતાં પણ અમે તો ઈચ્છીએ છીએ કે તમે અનંતકાળ લગી જીવતા રહો.' માદ્રી બોલી : 'તમે અમારી પાસેથી વિદાય થાવ તો પછી અમારું શું ? અમારા જીવનમાં બીજો આનંદ જ શો રહે ? તમારા વિનાનું જીવન તો મરણ બરાબર જ થઈ પડે.'

'પરંતુ અવનીમાં કોઈ અનંતકાળ લગી જીવતું રહી શક્યું છે ખરું કે હું રહી શકીશ ? જે જન્મ્યું છે તેણે જવાનું તો છે જ.'

'એ વાત તો સાચી છે છતાં પણ તમે બને તેટલું વધારે ને વધારે લાંબુ જીવન ભોગવો એવી ઈચ્છા તો અમારી હોય જ એ સ્વાભાવિક છે.' કુંતી બોલી.

'એ ઈચ્છાને સમજી શકું છું. પરંતુ એ કાંઈ આપણા હાથમાં થોડું છે ? સંસારનું સંચાલન કરનારી મહાશક્તિએ જેમ ધાર્યું હશે તેમ થયા કરશે. મારું કહેવાનું તાત્પર્ય માત્ર એટલું જ છે કે હવે મને સર્વપ્રકારે શાંતિ થઈ છે ને કદાચ મૃત્યુનો વખત આવે તોપણ મારા આત્માને કોઈ જાતનું દુઃખ નહિ થાય. બાકી તો મૃત્યુ એટલું બધું સહેલાઈથી ક્યાં આવે એમ છે  ? જેટલો વખત વધારે જીવવાનું થશે એટલો વખત પુત્રોના લાલનપાલનનો લાભ મળશે. સંસારમાં મોટો મોહ ઘર, બહાર ને સંતોનોનો જ હોય છે એ મને સમજાઈ ગયું. ઘર બહારના મોહમાં સ્ત્રીપુરુષનો પારસ્પરિક મોહ આવી જ જાય છે. હું પણ એ મોહથી પૂરેપૂરો મુક્ત તો નથી જ.'

'છતાં પણ તમારા સતત સહવાસને લીધે અમે જાણીએ છીએ કે સામાન્ય માનવના મનને બાંધનારી એ મજબૂત મોહશૃંખલાઓથી તમે મોટા પ્રમાણમાં મુક્ત છો.'

'એટલે તો તમે વનમાં વસો છો ને સાદાઈપૂર્વક મનને પરમાત્માના ચિંતન-મનનમાં લગાડીને સંયમનું પાલન કરો છો.' માદ્રીએ કુંતીના શબ્દોમાં સૂર પુરાવ્યો.

પાંડુ તરત જ બોલ્યા:

'તોપણ મને કોઈ કોઈવાર મોહ ઘેરી વળે છે ખરો. પુત્રોની પ્રાપ્તિની ઈચ્છા પાછળ એક પ્રકારનો મોહ જ હતો. પરંતુ હું હજુ પરમહંસ દશાએ થોડો જ પહોંચ્યો છું ? એટલે એવી ઈચ્છાઓ કદી કદી મારી અંદર પેદા થઈ આવે છે ખરી.'

કુંતી બોલી:

'એવી ઈચ્છા ના થઈ હોત તો દેવોના આશીર્વાદ આપણી ઉપર કેવી રીતે ઊતરી શકત ? જે થાય છે તે સારું જ થાય છે. આપણા આ બાળકોનાં ભાગ્ય લખ્યાં હશે એટલે જ તમને એવી ઈચ્છા થઈ આવી. જગતમાં જે થાય છે તે બધું સહેતુક જ થતું હોય છે. હેતુનું જ્ઞાન આપણને હોય કે ના હોય તોપણ એ પોતાનું કામ કર્યા જ કરે છે.'

પાંડુ, કુંતી તથા માદ્રી તરફ અત્યંત પ્રેમભરી દૃષ્ટિથી જોઈ રહ્યા.

એમની સમજ માટે એમને માન ઊપજ્યું.

કુંતીના દિલમાં પણ ભાતભાતના ભાવો પેદા થવા માંડ્યા. એને અવારનવાર થવા માંડ્યું કે આ પાંચ બાળકોની સાથે પેલો છઠ્ઠો બાળક પણ હોત તો ? પોતાને કેટલો બધો આનંદ થાત ? એ તો હવે કેટલો બધો મોટો થઈ ગયો હશે ?

એને વાયુદેવનાં વચનો યાદ આવ્યાં. એ વચનો મિથ્યા હોય જ નહિ. એ બાળકને એક સૂતદંપતીએ ઉછેરીને મોટો કર્યો છે અને એ પોતાને હસ્તિનાપુરમાં મળવાનો છે, પરંતુ એ મળવાનું કોણ જાણે ક્યારે થશે ને કેવું હશે ? વાયુદેવનાં વચનોમાં વિશ્વાસ રાખીને એ પળની પ્રતીક્ષા કર્યા સિવાય છૂટકો નથી પરંતુ ....

પરંતુ શું ?

એ જ કે એ બાળકની બધી હકીકત પાંડુ તથા માદ્રીને કહી બતાવું તો ?

તો એમને એ સાંભળીને શંકા તો ના જ થાય. આટલા બધા અંગત અનુભવ પછી એ હકીકતને એ સમજી તો શકે જ. એને માટે ભારે સહાનુભૂતિ પણ બતાવે. અને એ ઉપરાંત પાંડુ પોતાને વાયુદેવની પાસેથી સાંપડેલી માહિતીના આધારે એની ગંભીરતાપૂર્વક તપાસ પણ કરાવે. એવી રીતે એ બાળક પોતાને મળે પણ ખરો.

હા. એને મળવાનો પોતાને અધિકાર છે.

એનું અંતર એને કહેવા માંડ્યું:

'એવા અધિકારમાં માને છે તો પછી એને છોડ્યો કેમ ? એને છોડતાં પહેલાં વિચાર ના કર્યો ?'

સંજોગો એવા હતા એટલે છોડી દીધો પરંતુ એથી કાંઈ માતાની મમતા મટી જાય છે ? પાંડુ અતિશય સમજુ, દયાળુ ને ઉદાર દિલના છે એટલે હકીકત એમને કહેવામાં હરકત નથી. છતાં પણ....

હા. એ સમજુ છે તોપણ એમની આગળ એ રહસ્યનું ઉદ્દઘાટન કરવાની જરૂર નથી. એ રહસ્ય હમણાં રહસ્ય જ ભલે રહે. આગળ પર અવસર આવતાં જોઈ લેવાશે.

વાયુદેવે તો હસ્તિનાપુર જવાનું થશે એમ કહ્યું છે તો એ શબ્દો સાચા પડશે. પછી આગળ શું કરવું તેનો નિર્ણય કરતાં વાર નહિ લાગે.

'હા. એ જ બરાબર છે. ' એનું અંતર બોલી ઊઠ્યું.

એણે પાંડુને સહસા પ્રશ્ન કર્યો :

'આપણે હસ્તિનાપુર જઈએ એવી આકાંક્ષા કદી તમને થઈ આવે છે ?'

'હસ્તિનાપુર ?' પાંડુએ સામેથી પૂછ્યું : 'હસ્તિનાપુર શા માટે ? આ બાળકોની ઈચ્છા હશે ત્યારે આગળ પર જોઈશું. બાકી અત્યારે તો એવી કોઈ આકાંક્ષા નથી થતી. અરણ્યમાં બધી રીતે આનંદ છે ને મને તો એમ થાય છે કે મૃત્યુ પણ આ અરણ્યમાં જ આવે તોપણ કશી હરકત નથી. '

'તમે આમ વારંવાર મૃત્યુને શા માટે યાદ કરો છો ?'

'અમસ્તો જ. એમ કંઈ હું મરવાનો થોડો જ છું ? મરવાનું મને પસંદ પણ નથી. હું તો અરણ્યનો મારો આનંદ કહી બતાવું છું. પરંતુ તેં હસ્તિનાપુરને કેમ યાદ કર્યું ? તને હસ્તિનાપુરમાં જવાની ઈચ્છા થાય છે ખરી ?'

'હસ્તિનાપુરની સ્મૃતિ તો મને સહજ રીતે જ થઈ આવી, બાકી મારા મનને તો તમારા સંસર્ગમાં જ સ્વર્ગસુખ લાગે છે, એટલે તમને છોડીને ક્યાંય જવાની ઈચ્છા મને નથી થતી. આ તો એકાએક વિચાર આવ્યો એટલે મેં પૂછી નાખ્યું.'

પાંડુએ શાંતિથી કહ્યું:

'પાંચે પુત્રોને આપણે એકવાર હસ્તિનાપુર બતાવવું તો પડશે જ. રાજગાદીના અધિકારની રક્ષા માટે તો એમનો જન્મ થયો છે.'

કુંતી કશું ના બોલી.

બીજે દિવસે સાંજે પાંડુએ કુંતી તથા માદ્રીની આગળ વનવિહારની ઈચ્છા વ્યક્ત કરતાં કહ્યું:

'વસંતઋતુના આ દિવસોમાં આખુંયે અરણ્ય અતિશય આનંદદાયક અને આકર્ષક લાગે છે. એનું અવલોકન કરીને અંતર એક પ્રકારના અનેરા આહ્લાદથી આપ્લાવિત થઈ જાય છે. એના નૈસર્ગિક સૌન્દર્યથી આકર્ષાઈને મને આજે પાછું વિહારે નીકળવાનું મન થઈ આવ્યું છે.'

કુંતીએ આશ્રમમાં રહીને બાળકોની સંભાળ રાખવાની ને નિત્યકર્મમાંથી પરવારવાની ઈચ્છા પ્રદર્શિત કરી એટલે એને આશ્રમમાં મૂકીને પાંડુ તથા માદ્રી બંને વનવિહારે ચાલી નીકળ્યાં.

સૂર્યના સોનેરી છેલ્લા કિરણો પર્વતોનાં ઉત્તુંગ શિખરો પર પડી રહેલાં તે જોઈને પાંડુએ માદ્રીએ કહ્યું:

'માદ્રી, મહાપ્રતાપી સૂર્ય પણ દિવસભર તપીને આખરે અહીંથી પ્રયાણ કરવાની તૈયારી કરી રહ્યો છે. એનોય કાર્યકાળ સનાતન તો નથી જ. ખરેખર, જે આવે છે તે જાય છે જ. અવનીનો એ અવિચળ નિયમ છે.'

'સાચું છે.' માદ્રી બોલી: 'જે આવે છે તે જાય છે પણ જરૂર. છતાં પણ જે જાય છે તેની સુવાસ તો રહી જ જાય છે. એ એનું સનાતન સંભારણું થાય છે.'

'સૂર્ય ને પૃથ્વીની પ્રીતિ કેટલી બધી પવિત્ર ને પ્રબળ છે ? બંને એકમેક વગર રહી શકતાં જ નથી. વરસો વહી ગયાં ને વહી જશે તોપણ એમના પ્રેમમાં ફેર નહિ પડે. રાત વચ્ચે આવીને એમને વિખૂટાં પાડવાનો પ્રયાસ કરે છે પરંતુ એ દિનપ્રતિદિન મળે જ છે ને કાયમ માટે વિખૂટાં નથી પડતાં.'

'મને પણ એમને જોઈને આદર્શ પ્રેમીઓનું સ્મરણ થઈ આવે છે. એમની દશા આવી જ હોય છે.'

'સૂર્યના સોનેરી કિરણોમાં આ પર્વતો કેવા ચમકી રહ્યા છે ? એમના અંતરમાંથી આવિર્ભાવ પામીને સુમધુર સંગીતસ્વરોને છોડતી દોડતી ધારાઓને નિહાળીને અંતર પણ અનુરાગથી ઊભરાઈને દોડવા લાગે છે.'

'સાચું છે.' માદ્રીએ પાંડુનું સમર્થન કરતાં કહ્યું : 'એ દૃશ્ય ખૂબ જ સુંદર અને અજબ છે. મૂંગા પદાર્થો પણ સંવેદનશીલ બનાવીને કેવો આનંદ આપે છે ? એ આનંદનો અનુભવ કોઈક રસિક જ કરી શકે છે.'

'વનમાં જાણે કે વસંતે પોતાનો વિજ્યોત્સવ ઊજવ્યો છે. એનો વિલાસ જડ તથા ચેતનમાં બધે જ ફરી વળ્યો છે. પ્રકૃતિ આખીયે એનાથી મધુર તેમજ મંત્રમુગ્ધ બનીને ઊભી રહી છે ! એના મદમાં સ્થાવર જંગમ બધું જ મત્ત બની ગયું છે. એ મસ્તીને લીધે તો આ વેલીઓ વૃક્ષોને વળગી રહી છે, પુષ્પો પોતાના પ્રાણને ખુલ્લા કરીને પ્રકટી ઊઠ્યા છે, પંખીઓ ચાંચમાં ચાંચ મિલાવીને આનંદ કરે છે, ને પવનની લલિત લહરીઓ અભિસારે નીકળી હોય તેમ બધે ફરી વળે છે. આવ, આ સરિતાના સુંદર શાંત તટપ્રદેશ પર વૃક્ષોની વચ્ચે બેસી આગળ વધીએ.'

પાંડુ ને માદ્રી બંને વૃક્ષોની વચ્ચે બેસી ગયાં.

થોડેક છેટે સારસ પક્ષીનાં બે જોડાં કિલ્લોલ કરી રહેલાં. એમને જોઈને પાંડુએ કહ્યું:

'સારસ પક્ષી કેવાં કિલ્લોલયુક્ત કેલિ કરી રહ્યા છે ? વસંતની અસર એમને પણ બરાબર થઈ છે.'

'અને આ સરિતા કેટલી બધી સુંદર લાગે છે ?'

'એ સરિતા નથી, સ્નેહની દેવી છે.'

'સ્નેહની દેવી ?'

'હા. એ સ્નેહની દેવીએ જ જાણે સરિતાનું રૂપ ધારણ કર્યું છે. એ પોતાના પ્રિયતમ માટે ઝંખી રહી છે. સ્નેહનું સામ્રાજ્ય તો એના પર પણ ફરી વળ્યું છે.'

એટલામાં સૂર્યાસ્ત થઈ ગયો.

સરિતાએ જાણે કે રાતા રંગની સાડી પહેરી.

થોડા વખત પછી બંનેની પીઠ પાછળ ચંદ્ર ઊગ્યો એ જોઈને માદ્રી બોલી:

'ચંદ્રોદય ક્યારનોય થઈ ગયો છે. હવે બહુ મોડું થાય તે પહેલાં આપણે પાછાં જઈએ.'

'આ ચંદ્ર છે ?' પાંડુએ પૂછ્યું.

'તો પછી શું છે ?' માદ્રીએ સામેથી પૂછ્યું ને કહ્યું: 'જગત તો એને ચંદ્ર તરીકે જ ઓળખે છે.'

'મને તો એ મધુનો ઘટ લાગે છે. અમરાપુરની કોઈક અપ્સરા એને લઈને વિહારે નીકળી છે. એ અપ્સરા અત્યંત સુંદર હશે એની ના નહિ પરંતુ તારા જેટલી સુંદર તો નહિ જ હોય.'

'મારા જેટલી ? હું સુંદર છું ? સાચેસાચ સુંદર છું ?'

'સુંદર તો છે જ પરંતુ સાથે સાથે અત્યંત આકર્ષક, સુખદ અને રસમય. અરે સુધામય. તારું આખુંયે અંગ જાણે અમૃતના એકાદ ઘટ જેવું છે, તારી ચારુતા ચંદ્ર કરતાં પણ વિશેષ છે. ચંદ્રની ચાંદનીમાં એટલી બધી

અમૃતમયતા અથવા આહ્લાદકતા ક્યાં છે ? ચંદ્રની આકૃતિ તો તારી અમૃતમય આકૃતિનો એક સહસ્ત્રાંશ બરાબર પણ નથી લાગતી. એને જોઈને મન મુગ્ધ થાય છે ને મસ્ત બની જાય છે પરંતુ તને જોઈને, તારા સુધામય શબ્દો સાંભળીને ને તારા સહવાસનું સુખ મેળવીને મન એથીયે વધારે મદોન્મત્ત બની જાય છે. માદ્રી, એ મદોન્મત્ત અવસ્થાને તું કદાચ એટલી સહેલાઈથી નહિ સમજી શકે.'

એમ કહીને પૂર્ણિમાના ચારુ ચંદ્રના પ્રકાશમાં પાંડુએ માદ્રીનો હાથ પકડ્યો.

માદ્રીની કાયા કંપી ઊઠી.

એણે બાજુએ ખસી જવાનો ને ઊઠવાનો પ્રયાસ કર્યો પરંતુ પાંડુની આગળ એ લાચાર બની. પાંડુએ એને જોરથી પકડી રાખી.

એ જોઈને એ વેદનાયુક્ત વાણીમાં બોલી ઊઠી:

'અરે, તમે આ શું કરી રહ્યા છો ?'

'કેમ ? તને સ્પર્શ કરવાનો પણ મને અધિકાર નથી ?'

'છે. પરંતુ એક વાનપ્રસ્થી તરીકે આવો કામપ્રેરિત સ્પર્શ જરા પણ ઉચિત ના લેખાય. વાનપ્રસ્થાશ્રમીએ સંપૂર્ણ સંયમનું પાલન કરવાનું હોય છે એ તમે સારી રીતે સમજો છો.'

પાંડુએ માદક હાસ્ય કરીને કહ્યું:

'તારી સ્વર્ગીય સંનિધિમાં આ સુંદર શાંત એકાંત અરણ્યમાં આટલા દિવસો સુધી સંયમનું પાલન કર્યું ને સારી પેઠે કર્યું પરંતુ વધારે નહિ કરી શકું. આજે મને તારા ઉપભોગની ઈચ્છા થઈ આવી છે, તારા સૌન્દર્યની તરસ લાગી છે. તારા સહવાસના પરમરસની ઝંખના જાગી છે. આ વસંતનો વિજય સમસ્ત પ્રકૃતિ પર થયો છે તેમ મારા મન પર પણ થઈ ચૂક્યો છે. આજે મને હતાશ ના કર.'

પાંડુ માદ્રીને વળગી પડ્યા.

દૂર કોઈક કોયલ બોલી ઊઠી.

પાંડુનું હૃદય એ સાંભળીને વધારે રસાળ બન્યું પણ માદ્રીનું અંતર અફસોસની અગ્નિજ્વાળામાં જલવા લાગ્યું.

'તમે મને આટલા માટે જ વનવિહારે લઈ આવ્યા છો ?'

'હું તને મારી સાથે એટલા માટે નથી લાવ્યો, પરંતુ કુદરતની આ શોભા તથા માદકતા જોઈને મારું મન આજે વશમાં નથી રહેતું. એમાં કોઈ અપરાધ પણ નથી. મોટા મોટા મુનિઓના મન પણ આવા વાતાવરણમાં વશમાં નથી રહી શકે તેમ.'

'પરંતુ કુદરતની આવી અસાધારણ શોભામાં અને આવા રસમય વાતાવરણમાં તો તમે રોજ રોજ શ્વાસ લો છો છતાં પણ....આના કરતાં તો હું તમારી સાથે વનવિહારે ના નીકળી હોત તો સારું હતું. મને એકલી જોઈને તમને કાંઈક થઈ ગયું છે !'

'તું ગમે તેમ માન પણ આજે મને શાંતિ આપવી જ પડશે. આજે તારે મારી ઈચ્છા પૂરી કરવી પડશે.'

'એ નહિ બની શકે.'

'જરૂર બનશે. તું એટલી બધી કઠોર કે ક્રૂર નથી જ એ જાણું છું.'

માદ્રીની ચિંતા વધી ગઈ. એ મોટી મુસીબતમાં પડી. એણે અલગ થવાનો વ્યર્થ પ્રયત્ન કરતાં કહ્યું:

'તમે એકાએક આવા મોહાંધ કેમ બની ગયા ? મોહની આ અવસ્થા જરાય સારી નથી. ઊલટી વિઘાતક છે. મને તમારે માટે પ્રેમ તથા લાગણી છે કિન્તુ ઋષિકુમારના શાપને તો યાદ કરો. એ શાપ શું ભૂલી ગયા ?'

'એને જરા પણ નથી ભૂલ્યો. ભૂલી શકું જ કેવી રીતે ?'

'છતાં પણ આવું વિઘાતક અમંગલ કર્મ કરવા તૈયાર થયો છો એ આશ્ચર્ય છે.'

'એમાં આશ્ચર્ય જેવું કશું જ નથી, માદ્રી !'

'કેમ નથી ? તમે જે કર્મ કરવા તૈયાર થયા છો તેના પરિણામને જાણો છો ?'

'જાણું છું. પરિણામ મારું મૃત્યુ જ છે. એ જ ને ? ભલે હોય. સઘળા શાપ સાચા નથી હોતા, અને હોય તો પણ હવે હું મૃત્યુથી નથી ડરતો. એ આવવાનું હોય તો ભલે આવે.'

'પરંતુ એ પછી મારી, કુંતીની અને આપણા પુત્રોની દશા ? એ દશાનો વિચાર કરી લીધો છે ?'

'એ વિચાર પણ મને હતોત્સાહ નથી કરતો. મૃત્યુથી પ્રેમ મહાન છે, વિરાટ છે, ને મંગલમય છે. એ પ્રેમનો સ્વાદ લેવાનો મેં સંકલ્પ કર્યો છે.'

'આને તમે પ્રેમ કહો છો પણ આ પ્રેમ નથી, મોહ છે. માટે જ તમે વિવેક અને એને અનુરૂપ કરવાના આદર્શ કર્તવ્યપાલનને ચૂકી ગયા છો.'

'નથી ચૂક્યો. ઊલટું હું વધારે વિવેકી બન્યો છું ને કર્તવ્યપાલનમાં કોઈપણ પ્રકારના ભય કે સંકોચ વિના પ્રવૃત્ત થયો છું. તને મારા પ્રત્યે પ્રેમ અને લાગણી હોય તો મારી આજ્ઞાનો અમલ કર.'

'પ્રેમ ને લાગણી ? એ શું શરીરના કામુક સંબંધો પૂરતી જ મર્યાદિત હોય છે ?'

'એટલા પૂરતી એ મર્યાદિત નથી હોતી. એનું ક્ષેત્ર ખૂબ જ વિશાળ હોય છે. છતાં કોઈવાર એની અભિવ્યક્તિ કે તૃપ્તિ માટે શરીરના સંબંધની પણ આવશ્યકતા હોય છે.'

'હું એવું નથી માનતી.'

'છતાં પણ હું માનું છું અને એ માન્યતાનો અમલ કરવા તૈયાર થયો છું. તારો વિરોધ મારી આગળ નહિ ચાલી શકે. માટે વિરોધ કરવાનું છોડી દઈને મારી ઈચ્છાને અનુકૂળ થા એ જ ઉચિત છે. આજનો દિવસ મારે માટે સોનાનો ઊગ્યો છે અને આ પૂર્ણ ચંદ્રનું પ્રાકટ્ય પણ મને શાંતિ અથવા આનંદ આપવા માટે જ થયેલું છે.'

'તમને મોહને લીધે મતિભ્રમ થયો છે એટલે બધું ઊલટું લાગે છે. તમારી આ દશા મને ભારે ભયજનક લાગી રહી છે. ઈશ્વરે આ શું કરવા ધાર્યું છે ?'

'એ સઘળું સારું જ કરે છે ને સારું જ કરશે. મને મતિભ્રમ નથી થયો. જે કહું છું તે સંપૂર્ણ સમજપૂર્વક જ કહી કે કરી રહ્યો છું. એમાં શંકાને સ્થાન જ નથી. તારી દલીલો જરા પણ કામ નથી લાગવાની. તું મને આજે અત્યંત આકર્ષક અને અમૃતમય લાગી રહી છે. આ ચંદ્ર કરતાં પણ અધિક અમૃતમય. તારા અમૃતનો આકંઠ આસ્વાદ લઈશ ત્યારે જ મારા આત્માને તૃપ્તિ થશે. તે વિના નહિ થાય.'

કુંજમાંથી કોયલે ઉપરાઉપરી કૂજન કરવા માંડ્યું.

પાંડુનું અંતર એ સાંભળીને મોહમગ્ન બનીને અતિશય અધીર બની ગયું.

માદ્રીના બધા જ પ્રયત્નો નકામા ગયા ત્યારે એ વેદનાયુક્ત સ્વરે બોલી ઊઠી:

'અરે, તમે આટલા બધા સંયમી ને સમજુ હોવા છતાં તમને આવું તે શું સૂઝયું ? વૃક્ષો, વેલીઓ, પુષ્પો,, સરિતા, ચંદ્ર તથા તારામંડળ ! વનદેવી, વ્યોમ અને પૃથ્વી ! તમે જાણો છો કે આમાં મારો કશો જ અપરાધ નથી. હું તદ્દન નિર્દોષ છું. મારા પૂજ્ય પતિને ઉગારવાનો બધો જ પ્રયત્ન હું કરી રહી છું છતાં પણ એ નથી માનતા. મારી પરવશતા તથા અસહાયતાનાં તમે સૌ સાક્ષી છો.'

પાંડુને અરજ કરતી એ દીનસ્વરે પાછી બોલી:

'હજુ તમે સમજી જાઓ તો સારું, હજુ બાજી પૂરેપૂરી નથી બગડી. મૃત્યુના મુખમાં હાથે કરીને શા માટે પડી રહ્યા છો ? જરાક તો સમજો.'

પરંતુ પાંડુએ કહ્યું:

'હું સમજેલો જ છું. તું ભલે નિર્દોષ રહે ને હું દોષિત ગણાઉં. તારા ગુણો ને તારી યોગ્યતા અસાધારણ છે. તારા જેવું સ્ત્રીરત્ન કાંઈ જેનેતેને નથી મળતું. તારા પ્રેમની કદર કરું છું. છતાં થોડાક વિશેષ પ્રેમની માગણી કરું છું.'

માદ્રીની બધી જ વિનંતી વ્યર્થ ગઈ.

પાંડુની મોહાંધતામાં જરા પણ ફેર ના પડ્યો.

અને આખરે જે થવાનું હતું તે થઈ ગયું.

માદ્રીના શરીરને એ વિવેકહીન બનીને વળગી પડ્યા ત્યાં જ ચંદ્ર શ્યામ વાદળ પાછળ છુપાઈ ગયો.

પાંડુને પૂરી શાંતિ સાંપડે એ પહેલાં જ એ નિશ્ચેત બની ગયાં. એમનું મૃત્યું થયું.

* * *

## ૧૪. માદ્રી સતી થાય છે

પાંડુનું મૃત્યુ થયેલું જોઈને માદ્રી અતિશય શોકમગ્ન બની ગઈ ને વિલાપ કરવા લાગી.

પાંડુના શરીરે વીંટળાઈ વળીને એ બોલી:

‘તમે શું ઋષિકુમારના શાપ પ્રમાણે શાશ્વત નિદ્રામાં પોઢી ગયા કે મૃત્યુને આધીન થયા ? તમે બોલો તો ખરા. એકવાર મારા તરફ તમારો પ્રેમાળ દૃષ્ટિપાત તો કરો. એકવાર તો મને બોલાવો, મેં તમને કેટલા બધા સમજાવ્યા છતાં પણ તમે ના માન્યા. એને માટે તમને જરા પણ દોષ નથી દેતી. તમે કેવી રીતે માનો ? તમારા મસ્તક પર મૃત્યુ ભમતું’તું એટલે તમે તમારી ઈચ્છામાં અડગ રહ્યાં. તમે આવા પ્રતાપી ને પ્રાજ્ઞ હોવા છતાં ભાન ભૂલી ગયા અને જે અનુચિત હતું તે કરી બેઠા.’

માદ્રી થોડીવાર સુધી આંસુ સારતી રહી ને બોલી:

‘આપણો વિશુદ્ધ સ્નેહસંબંધ કાળને નહિ રુચ્યો હોય. એણે ઈર્ષાથી ભરાઈને આપણને વિખૂટાં પાડવાનું નક્કી કર્યું હશે. એટલે જ તમારા મનમાં આટલે બધે વખતે આવી કામના પેદા થઈ. એની પાછળ કાળની પ્રેરણા નહિ તો બીજું શું હોઈ શકે ? બાકી સદાય સત્કર્મપરાયણ તથા બીજાને કર્તવ્યપાલનનો ઉપદેશ આપનારા તમે તમારા પોતાના જ કર્તવ્યને ભૂલી જઈને આવી રીતે મોહાંધ બનો ખરા ?’

‘તમને મારો, કુંતીનો કે તમારા પ્રેમાળ પુત્રોનો પણ વિચાર ના આવ્યો ? એમનો ખ્યાલ કરીને પણ તમારું મન જરા પણ પાછું ના પડ્યું ? એમની પાસે જઈને હવે હું શું કહીશ ? એમને કેવી રીતે સમજાવીશ ને શાંત કરીશ ? એમનું કલ્પાંત કેટલું બધું કઠોર, કરુણ અને કાળજાને કંપાવનારું હશે ? એ મને શું કહેશે ?’

‘અરેરે, આજે હું તમારી સાથે બહાર નીકળી જ શા માટે ? મને પહેલેથી કશું સૂઝ્યું જ નહિ. આવી કશી ગંધ જ ના આવી. કુંતીએ પણ મને રોકી નહિ. અને એ શા માટે રોકે ? એને કાંઈ આવી ખબર હતી ? મારું નસીબ જ ફૂટેલું ત્યાં એ શું કરે ?’

પાંડુના વદનને હાથમાં લઈને ફરી બોલી:

‘તમે મારી પહેલાં શા માટે ચાલ્યા ગયા ? તમે વિદાય થયા તે પહેલાં મને જ જવા દીધી હોત તો ? તમે મૃત્યુ પામ્યા તે પહેલાં હું જ મરી ગઈ હોત તો ? તમારી ઈચ્છાને આધીન થતાં પહેલાં મેં મારો પ્રાણત્યાગ કર્યો હોત તો ? એ રીતે કરવાથી કદાચ તમને બચાવી શકત. પરંતુ એને માટેનો માર્ગ જ મારી પાસે ક્યાં હતો ? મને એવો માર્ગ જ ના દેખાયો. એટલી હું અભાગી. બીજું તો શું કહી શકાય ?’

માદ્રીના માર્મિક મર્મભેદક આક્રંદથી આખું અરણ્ય ગુંજી ઊઠ્યું.

વનનું વાતાવરણ ખૂબ જ વિષાદમય બની ગયું.

સરિતા, સમીર, તારામંડળ તથા ચંદ્રમાં પણ શોક ફરી વળ્યો.

માદ્રીના મ્લાન મુખમાંથી પાછા ઉદ્દગાર નીકળવા માંડ્યાં.

‘તમારા વિદાય થયા પછી મારા જીવનમાં હવે કોઈ જાતનો રસ જ ક્યાં રહ્યો ? તમારે લીધે જ જીવન નિશ્ચિંત અને સુખી હતું. એ નિશ્ચિંતતા જતી રહી. એ સુખ લૂંટાઈ ગયું. અરે જીવનમાંથી જાણે કે ચેતના જ ચાલી ગઈ. આખુંયે જીવન નીરસ ને નિશ્ચેતન બની ગયું. સર્વકાળે ને સર્વસ્થળે શાંતિ આપનારી તમારી છત્રછાયા હવે

કાયમને માટે ચાલી ગઈ. એ અવસ્થામાં મારે માટે જીવવાનું પ્રયોજન જ ક્યાં રહ્યું. આવી અસહાય, આર્ત, કરુણ અવસ્થામાં જીવવા કરતાં તો મૃત્યુને ભેટવું વધારે સારૂં. પરંતુ મૃત્યુ પણ એટલું બધું સહેલાઈથી કે સામેથી ક્યાં આવે છે ? એ પણ કઠોર થયું છે.'

માદ્રીનો વિલાપ વધી ગયો.

એનું અંતર એ એકાએક આવી પડેલી પરિસ્થિતિથી એકદમ અસ્વસ્થ બની ગયું.

એના અંગેઅંગમાં અશાંતિ ફરી વળી.

એની અતિપ્રદીપ્ત અગ્નિજ્વાળાથી એનું શરીર જાણે કે સળગવા લાગ્યું.

એની વાણી તથા વિચારશક્તિ કુંઠિત બની ગઈ.

પાંડુના મૃત શરીર પાસે શૂન્યમનસ્કસમી બનીને એ આજુબાજુના વાતાવરણને વીસરી જઈને ઊનાં ઊનાં અસ્ખલિત આંસુ સારવા લાગી.

એવી રીતે લાંબા વખત લગી એણે અશ્રુ સાર્યા કર્યા, અને પછી આખરે દિગ્મૂઢ બનીને બેસી રહી.

એ જ વખતે અરણ્યમાંથી અવાજ આવ્યો,

'માદ્રી, માદ્રી !'

એને થયું કે પોતાને કોઈ બોલાવી રહ્યું છે!

આ એકાંત અરણ્યમાં બીજું બોલાવે પણ કોણ ?

'માદ્રી, માદ્રી !' અવાજ ફરી વાર સંભળાયો અને એ પણ દૂરથી નહિ પણ પાસેથી, છેક જ પાસેથી.

અવાજને ઓળખતાં એને વાર ના લાગી. એ અવાજ બીજા કોઈનો નહિ કિન્તુ કુંતીનો હતો.

કુંતીનો ?

'હા.' એના આત્માએ કહ્યું: 'આ સ્વર કુંતીનો જ છે. વનમાં વિહાર માટે નીકળ્યા ને લાંબો વખત થઈ જવાથી અધીરી બનીને એ અમને શોધવા નીકળી લાગે છે. હા. એવું જ લાગે છે. પરંતુ એને શી ખબર કે અહીં શું બન્યું છે ! નહિ તો એ આવી રીતે અમને શોધવા માટે નીકળત જ નહિ. પાંડુના મૃત્યુના સમાચાર સાંભળીને એ જ્યાં હોત ત્યાં જ બેશુદ્ધ બની જાત. એ સમાચારને એ સહન જ ના કરી શકત. એનો પ્રેમ જ એવો પ્રબળ છે - અતિ પ્રબળ. અરેરે, કાળે એને પણ સુખી ના રહેવા દીધી. એના પર પણ કૃપા ના કરી. એનો ખ્યાલ પણ ના કર્યો, એનું જીવન પણ સૂનું બની ગયું.'

એટલામાં તો કુંતી પૂર્ણ ચંદ્રના પ્રકાશમાં આગળ વધતી કોઈક મુનિકુમાર તથા યુધિષ્ઠિરની સાથે માદ્રી પાસે આવી પહોંચી ને કહેવા માંડી:

'અરે, તું અહીં છે ? તને કેટલા બધા વખતથી શોધી રહી છું પણ તું બોલતી જ નથી ને ! તમને બંનેને બહાર નીકળ્યે કેટલોય વખત વીતી ગયો એટલે મારાથી રહેવાયું નહિ અને હું તમને શોધવા નીકળી. પરંતુ તું બોલતી કેમ નથી ? અને આ મહારાજા પાંડુ ? એ શું આજુબાજુના સુંદર શાંત વાતાવરણથી પ્રભાવિત થઈને સૂઈ રહ્યાં છે ? તું એમની નિદ્રાવસ્થામાં ખલેલ કરવા નથી માગતી એટલે કોઈ પણ પ્રકારનો ઉત્તર આપ્યા વિના શાંત બેસી રહી છે ?'

માદ્રીએ મ્લાન મુખે ઉત્તર આપ્યો:

‘હું શાંત નથી બેઠી, એકદમ અશાંત બનીને બેસી રહી છું.’

‘કારણ ?’

‘કારણ શું મારે જ કહેવું પડશે ? મહારાજા પાંડુનું એકાએક મૃત્યુ થયું છે. એ એમની ચિરનિદ્રામાંથી હવે નથી ઊઠી શકે તેમ. એ અસહ્ય શોકને લીધે જ હું નથી બોલી શકી.’

‘મહારાજી પાંડુનું - આપણા પ્યારા પતિદેવનું શું મૃત્યું થયું ?’

કુંતીના કાળજામાં ધ્રાસકો પડ્યો: ‘કેવી રીતે અને ક્યારે ?’

‘એમનું મૃત્યુ થોડા વખત પહેલાં જ થયું છે. એ મૃત્યુમાં હું નિમિત્ત બની. હું જો એમની સાથે બહાર ના નીકળત તો કદાચ કશું ના થાત. વનમાં વસંતનો વિલાસ વિલોકી ને મને પાસે જોઈને એ ભાન ભૂલી ગયા. મેં એમને ઘણું ઘણું સમજાવ્યા તોપણ એ ના માન્યા, અને આખરે પેલા ઋષિકુમારના શાપ પ્રમાણે મૃત્યુના શિકાર બન્યા. મારું કાળજું એટલું બધું કઠોર છે કે એ જોઈને ફાટી નથી ગયું કે બંધ નથી પડ્યું, બાકી કલ્પાંત તો કરી જ રહ્યું છે. આજનો દિવસ આપણા જીવનમાં અતિશય અમંગલ ઊગ્યો છે. મારો દેખીતી રીતે કોઈ જ દોષ ના હોવા છતાં હું સંપૂર્ણપણે નિર્દોષ તો નહિ જ હોઉં. એ દોષને લીધે જ મારે આ અમંગલ મૃત્યુ જોવું પડ્યું છે અને એવી ઘોર વિયોગવેદનાને વેઠવી પડી છે.’

માદ્રીએ પાંડુના મૃત્યુ પહેલાંના પ્રસંગને શોકિત હૃદયે ભારે પીડાપૂર્વક કહી બતાવ્યો.

એ સાંભળીને કુંતીના ક્લેશનો પાર ના રહ્યો.

એની આંખમાંથી અસ્ખલિત આંસુ વહેલા લાગ્યાં.

યુધિષ્ઠિરને પણ ખૂબ જ દુઃખ થયું અને મુનિકુમારનું મુખ પણ મ્લાન બની ગયું.

કુંતીએ શોકિત સ્વરમાં કહ્યું:

‘અરણ્યમાં આજે અમંગલ બનાવ બનશે એની કલ્પના પણ મને ક્યાંથી હોય ? નહિ તો આજે હું સાથે જ બહાર આવત. પરંતુ ભાવિએ મને ભુલાવી. આજે છેલ્લે દિવસે ને છેલ્લી ઘડીએ પણ હું એમની સાથે ના રહી શકી. ભાવિ પણ કેટલું બધું કઠોર હોય છે ? એણે આપણા આજ સુધીના સુખી જીવનમાંથી સઘળું સુખ લઈ લીધું. સઘળો રસ, આનંદ અથવા સાર લૂંટી લીધો. એણે આપણને અનાથ અથવા એકાકી કરી દીધાં. એમના વિનાના જે જીવનની કલ્પના પણ આપણને ના હતી તે જીવન જીવવાની એણે ફરજ પાડી. અરેરે, તમે જતાં પહેલાં મને મળ્યા પણ નહિ ? મારી સાથે વાત પણ ના કરી શક્યાં ? તમારા પ્રેમભીના પુત્રોને માટે કોઈ સંદેશ પણ ના મોકલ્યો ? એ બધા તમને કેટલા બધા વહાલાં લાગતા ? અને તમે ? તમારા વિના અમે કેવી રીતે જીવી શકીશું તેનો વિચારે ના કર્યો ?’

કુંતી એવી રીતે ભારે હૈયે ભાતભાતના શોકસૂચક ઉદ્દગારો કાઢવા માંડી.

પાંડુના મુખ અને મસ્તક પર હાથ ફેરવતાં થોડીવાર શૂન્યમનસ્કની જેમ બેસી રહીને એ બોલી:

‘જરાક તો જાગો, મારે ખાતર તો જાગો. મારી તરફ નેહભરેલી નજરથી નિહાળીને બે-ચાર સુધામય શબ્દો તો સંભળાવો. પરંતુ તમે કેવી રીતે બોલી શકો ? તમે તો હાલો છો પણ ક્યાં ? તમારા જીવનની ગતિવિધિ પર પડદો પડી ચૂક્યો છે.’

'મારા કૌમાર્ય જીવનનું કોઈક કુકર્મ જાણે કે આગળ આવ્યું અને મને આવો ઘોર દંડ દઈ બેઠું. આ કઠોર દંડને સહન કરવાની શક્તિ ક્યાંથી આવશે ?'

'સંસારમાં મૃત્યુને કોણે પેદા કર્યું ? એ ના હોત તો જીવન કેટલું બધું સરસ ને સુખમય લાગત ? જીવન દરમિયાન આટલો બધો પ્રેમ અને આટલી બધી મમતા કરીને તથા માયા લગાડીને માણસ આખરે એકાએક વિદાય થાય છે ત્યારે એના જીવન પર કાયમ માટે પડદો પડી જાય છે. એની સાથેનો બધો જ સંબંધ કપાઈ જાય છે. એના કોઈ સમાચાર નથી સાંપડી શકતા. કુદરતનો એ ક્રુર ઉપહાસ છે. જે વિખૂટાં પડે છે તેમને કોઈ પ્રકારનો ઉપાય ના દેખાતાં કરુણ રીતે ટળવળવું પડે છે.'

માદ્રી પણ આક્રંદ કરવા લાગી.

એવી રીતે કેટલોક વખત વીતી ગયા પછી મુનિકુમારે સાંત્વન આપવાથી કુંતી થોડીક સ્વસ્થ થઈને કહેવા લાગી:

'જે થઈ ગયું છે તે હવે અન્યથા નથી થવાનું. શક્તિ હોય કે ના હોય તોપણ એણે સહન કર્યે જ છૂટકો છે. આ સંજોગોમાં બીજો કોઈ રસ્તો નથી દેખાતો. જેણે આ ઘોર અથવા દારુણ દુઃખ નાખ્યું છે તે સહન કરવાની શક્તિ પણ ધીરે ધીરે પૂરી પાડશે. મૃત્યુ થઈ જ ચૂક્યું છે તો હવે આગળની વિધિ કરી લઈએ.'

કુંતીના કહેવાથી આશ્રમની આજુબાજુ રહેતા તપસ્વીઓ તેમજ વિરક્ત ઋષિમુનિઓને પાંડુના મૃત્યુની માહિતી આપવામાં આવી.

એ માહિતીએ સૌને શોકમગ્ન બનાવી દીધા.

સૌએ કુંતી, માદ્રી તથા યુધિષ્ઠિરાદિ પુત્રોને જુદી જુદી રીતે આશ્વાસન આપવાનો પ્રયત્ન કરી જોયો.

કુંતીએ માદ્રીને હિંમત આપી.

એ રાતે બંનેમાંથી કોઈને ઉંઘ ના આવી.

એમની આંખ આગળ પાંડુના મૃત્યુની ઘટના તરવરવા લાગી અને એમને ભાતભાતના વિચારો આવવા માંડ્યાં.

બીજે દિવસે ઋષિમુનિઓની મદદથી એમના માર્ગદર્શન પ્રમાણે ચિતાની તૈયારી કરવામાં આવી ત્યારે એ જોઈને કુંતીએ માદ્રીને કહેવા માંડ્યું:

'આપણે ત્યાં પતિની પાછળ સતી થવાનો ચાલ છે પરંતુ એ ચાલ સારો લાગે છે ? મને તો જરા પણ સારો નથી લાગતો. પતિનું મૃત્યુ એક અથવા બીજા કારણે થઈ જાય, પરંતુ એની પાછળ પત્નીએ પણ બળી મરવું જોઈએ. એ મત મને સારો નથી લાગતો. એ પ્રથા પરંપરાગત હોવા છતાં ઉત્તમ નથી.'

'તોપણ પરંપરાનું પાલન તો કરવું જ જોઈએ.' માદ્રી બોલી.

'પરંપરાગત હોવા છતાં એ પ્રથાનું પાલન સૌ કોઈ કરે જ છે એવું નથી. પતિ પાછળ સતી થવાનું કોઈ પણ સ્ત્રીને માટે ફરજિયાત તો નથી જ. કોઈ સ્ત્રી સતી થાય છે પણ ખરી ને કોઈ નથી પણ થતી. એ સંબંધમાં કોઈ સર્વસામાન્ય નિયમ નથી ઘડી શકાયો. પોતપોતાની રુચિ અને પ્રકૃતિ પ્રમાણે જેને ઠીક લાગે છે તે કરે છે, અને ઉચિત પણ એ જ છે.'

'પરંતુ કુંતી, સતી થવામાં કાંઈ ઓછા મનોબળની જરૂર નથી પડતી. સળગતી ચિતા પર બેસીને શાંતિપૂર્વક હસતાં હસતાં ભસ્મિભૂત થઈ જવામાં કાંઈ ઓછી શક્તિ નથી જોઈતી. એ મનોબળ, એ શક્તિ અને એનાથી અનુપ્રાણિત થઈને કરવામાં આવેલું અદ્દભુત આત્મસમર્પણ ખરેખર અમૂલખ અને અનેરૂં હોય છે.'

'એ સાચું છે માદ્રી ! પરંતુ પતિની પાછળ એમની સ્નેહસ્મૃતિને સાચવી રાખવામાં, એમના વિયોગની વ્યથાને જીવનભર મૂંગે મોઢે સહન કરવામાં, પવિત્ર રહેવામાં, અને પોતાના ફાળે આવેલાં કર્તવ્યોનું અનુષ્ઠાન કરવામાં, જે શક્તિ તથા મનોબળ જોઈએ છે તે પણ એના કરતાં જરા પણ ઊતરતું નથી હોતું, બલકે ચઢિયાતું જ હોય છે. મૃત્યુની ચિતામાં પતિના શરીર સાથે જોતજોતામાં જલી જવા કરતાં સંયમ, શુદ્ધિ ને સ્નેહના અલૌકિક અગ્નિમાં આખા જીવનપર્યંત જલતા રહેવાનું વધારે વ્યથાજનક કે કઠોર હોય છે. એમાં ઓછા આત્મસર્મપણની જરૂર નથી પડતી. અહર્નિશ અને અખંડ રીતે થનારું એ આત્મસર્મપણ અધિક આવકારદાયક લાગે છે.'

માદ્રી મંદ સ્વરે બોલી:

'છતાં પણ મેં સતી થવાનો નિર્ણય કરી લીધો છે.'

'શા માટે ?'

'મારા મનના ભાવોને સંપૂર્ણપણે નહિ બતાવી શકું, પણ એટલું નક્કી છે કે હવે મને જીવવાનું જરા પણ નથી ગમતું. મારું મન સંપૂર્ણપણે ઊઠી ગયું છે, એટલે હું પાંડુનું અનુગમન કરું એ જ ઠીક છે. જીવનમાં મને જરા પણ રસ નથી દેખાતો.'

કુંતી વિચારમાં પડી ને બોલી:

'એથી તો મને વધારે દુઃખ થશે.'

'પરંતુ મને નહિ થાય. મને એથી સુખ, શાંતિ અને આનંદ મળશે. પાંડુની પાછળ શરીરનું સમર્પણ કરીને હું કૃતાર્થ થઈશ. મને આશીર્વાદ આપ કે હું મારા સંકલ્પને શાંતિપૂર્વક સફળ કરું. તારી પાસે આશીર્વાદ માગું છું.'

'પરંતુ તારે બદલે હું સતી થાઉં તો ? હું તારાથી મોટી હોવાથી મારો અધિકાર પહેલો છે.'

'બિલકુલ નહિ. પાંડુનું મૃત્યુ મારે લીધે થયું હોવાથી એમની પાછળ હું જ સતી થાઉં તે બરાબર છે. ઋષિકુમારે એમને શાપ આપ્યો ત્યારે પણ મારે માટે જ સતી થવાનો સંકેત કરેલો. એટલે મારો નિર્ણય બરાબર છે.'

'પરંતુ આ તારા પુત્રો નકુલ અને સહદેવ ? એમનો વિચાર તને નથી આવતો ?'

'આવે છે છતાં એમની ચિંતા નથી થતી. એમના વિચારથી મન પાછું નથી પડતું. કારણ કે મને વિશ્વાસ છે કે તું એમનું પાલન મારા કરતાં વધારે સારી રીતે કરી શકીશ. તારા દિલમાં એમના પ્રત્યે મારા કરતાં જરાય ઓછો પ્રેમ નથી એ જાણું છું. એમના જીવન તારા હાથમાં સલામત છે ને સલામત રહેશે.'

કુંતીએ માદ્રીને સમજાવવાના શક્ય એટલે સઘળા પ્રયાસો કરી જોયા. એની સાથે જુદી જુદી દલીલો પણ કરી લીધી. પરંતુ માદ્રી એના નિર્ણયમાંથી ના ડગી.

એ આખર સુધી અડગ જ રહી ને ચિતા પર ચઢવા તૈયાર થઈ ત્યારે કુંતીની આંખમાં આંસુ આવી ગયાં.

એ આંસુને લૂછીને એ બોલી:

'માદ્રી, તું જે મંગલમય માર્ગે પ્રયાણ કરવા તૈયાર થઈ છે ત્યાંથી તને પાછી વાળવાના મારા બધા પ્રયાસો વ્યર્થ ગયા છે. ત્યારે તને આશીર્વાદ આપું છું કે તારું પ્રયાણ મંગલમય હો ! તારા આત્માની શાંતિ તથા સદ્દગતિ હો ! તું નિશ્ચિંતતાથી આગળ વધ એ જ બરાબર છે. તારા પુત્રો મારા જ પુત્રો છે. એમની ચિંતા ના કરતી. એમની સંભાળ મારા જીવનમાં છેલ્લા શ્વાસ સુધી લેતી રહીશ. પાંડુના વિયોગની સાથે આજે તારો વિયોગ પણ થઈ રહ્યો છે છતાં દિલને વજ્ર જેવું કઠોર કરીને સહ્યા સિવાય છૂટકો નથી. એ સહન કરવાની શક્તિ પરમાત્મા પૂરી પાડશે. તારા આ પવિત્ર પ્રયાણમાં તને સર્વ પ્રકારે સફળતા ઈચ્છું છું. તું કૃતસંકલ્પ છે તો હવે તારી વચ્ચે નહિ આવું. હું પણ તારી સાથે ચિતા પર બેસી જાઉં પરંતુ પુત્રો પ્રત્યેની કર્તવ્યબુદ્ધિનો ખ્યાલ કરીને એવું નથી કરતી. મારે માટે પાછળ રહેવું એટલું જ આવશ્યક છે. એથી મહારાજા પાંડુની સેવા થશે ને પ્રસન્નતા મળશે.'

માદ્રી કુંતીને પગે લાગી. પુત્રોને એણે આશિષ આપ્યાં.

કુંતીના શુભાશીર્વાદ લઈને એ પાંડુના મૃત શરીર સાથે સળગતી ચિતા પર બેસી ગઈ.

ત્યાં એકઠા થયેલા ઋષિમુનિઓએ એને અંતરના આશીર્વાદ આપ્યાં.

જોતજોતામાં તો ચિતા સળગી રહી.

એના પ્રોજ્વલ પ્રકાશથી વાતાવરણ ભરાઈ ગયું.



* * *

## ૧૫. હસ્તિનાપુરમાં

કુંતીએ અત્યાર સુધી તો પોતાના દિલને વજ્ર જેવું કઠોર રાખેલું પરંતુ હવે એની અવસ્થા કુસુમ કરતાં પણ કોમળ બની ગઈ. એના દિલના સઘળા સંયમબંધો જાણે કે તૂટી ગયા.

એ મુક્ત કંઠે જોરશોરથી રડવા માંડી ને બેહોશ થઈ.

યુધિષ્ઠિરાદિ પુત્રોના શોકનો પણ પાર ના રહ્યો.

ઋષિમુનિઓ અને તપસ્વીઓએ એમને અનેક પ્રકારે આશ્વાસન આપીને શાંત કર્યા.

કુંતી હોશમાં આવીને જુદીજુદી રીતે કલ્પાંત કરવા લાગી ત્યારે એને પણ એમણે જ સાંત્વન આપ્યું ને કહ્યું:

'કુંતી, હવે શાંત થા. જે થવાનું હતું તે થઈ ગયું. એનો કોઈ ઉપાય નથી. તું સમજુ થઈને આવી રીતે કલ્પાંત કરે છે તો પછી આ કુમળા, સમજ વિનાના બાળકો પર એની શી અસર થાય ? તારે તો ધીરજ તેમજ હિંમત ધારણ કરીને, શાંત રહીને, એમને શાંત રાખવાના છે. પાંડુ અને માદ્રી તો એમના માર્ગે વિદાય થયા કિન્તુ એમનું કર્તવ્ય તને સોંપતાં ગયા છે. એ કર્તવ્ય તારે શાંતિપૂર્વક નિભાવવાનું છે.'

કુંતીએ પુત્રોને આશ્વાસન આપતાં કહ્યું :

'પિતાના મુખને લાંબા વખત લગી જોવાનું તમારા નસીબમાં નહોતું લખાયું. એટલે ઊછરતી અવસ્થામાં જ ઈશ્વરે એમને તમારી પાસેથી લઈ લીધા. જીવનમાં આપત્તિઓના અંકનો આ પ્રથમ અધ્યાય શરૂ થયો લાગે છે. હજુ તો આવા બીજા કેટલા અધ્યાયો આવવાના બાકી છે તેની કોને ખબર છે ? એટલે હતાશ અને દુઃખી થયે નહિ ચાલે. સંકટોની સામે સ્મિત કરતાં આત્મબળનો આધાર લઈને આગળ વધવું રહેશે. એમાં જ વીરતા છે. પ્રેમ તથા લાગણીને લીધે અંતર આક્રંદ કરી ઊઠે છે ખરું. પરંતુ એ આક્રંદને જેમ બને તેમ અંતરમાં જ સાચવી રાખીને બહારથી શાંત રહીને કર્તવ્યોનું અનુષ્ઠાન કરતાં જીવીએ એ જ બરાબર છે. દુઃખને સહન કરવાનું જ છે તો શૂરવીરની પેઠે સહન કરીએ એ વધારે સારું છે. એથી દુઃખ દૂર તો નહિ થાય પણ એનો ભાર કદાચ હળવો થશે.'

પુત્રોને માટે એ શબ્દો ખૂબ જ આશ્વાસન આપનાર થઈ પડ્યા.

યુધિષ્ઠિરે કહ્યું:

'તું હંમેશા હસતી રહેશે તો અમે હસતા રહી શકીશું.'

'સંકટોથી હું ગભરાતો નથી.' ભીમ બોલ્યો: 'સંકટોનો શૂરવીરની પેઠે સામનો કરવાની વાત મને ખૂબ જ પસંદ પડે છે.'

અર્જુને કહ્યું:

'અમે અરણ્યમાં એકલા પડી ગયા છીએ તોપણ તારે લીધે અમને શાંતિ છે.'

નકુલ અને સહદેવ બંને માદ્રીના મૃત્યુને લીધે શોકમગ્ન બની ગયા. એમનો શોક કેમે કરીને ના મટ્યો. માદ્રીની સુખદ સ્મૃતિ એમને ક્ષણે ક્ષણે સતાવવા લાગી. એ દુઃખ એમને માટે એકદમ અસહ્ય થઈ પડ્યું.

કુંતી એમને શાંત કરવાનો અને આનંદમાં રાખવાનો પ્રયાસ કરતી પરંતુ એ પ્રયાસ સફળ ના થતો. આખુંયે અરણ્ય એમને નીરવ અને સૂનું લાગતું.

એમની દયનીય દશા દેખીને તપઃપૂત ઋષિવરોનાં હૃદય પણ રડી ઊઠતાં.

એમની આંખ પણ ઊભરાઈ આવતી.

એ ઋષિવરોએ એકઠા થઈને કુંતીને કહેવા માંડ્યું:

'પાંડુનું શરીર વનમાંથી વાનપ્રસ્થી તરીકેનું જીવન વિતાવતાં જ શાંત થયું. એવા સત્પુરુષને માટે શોક થાય એ સ્વાભાવિક છે છતાં પણ શોક કરીને બેસી રહેવાને બદલે આગળનું કર્તવ્ય વિચારવું જરૂરી છે.'

કુંતી કશું બોલી નહિ એટલે ઋષિઓએ આગળ કહ્યું:

'પાંડુના મૃત્યુ પછી હવે તારે માટે અરણ્યમાં રહેવાનું જરા પણ ઠીક નથી લાગતું.'

'તો પછી હું શું કરું ? મારું મગજ તો કશું કામ નથી કરતું એટલે તમારી સલાહની અપેક્ષા રાખું છું. એ સલાહ પ્રમાણે વર્તવામાં જ મારું શ્રેય હશે એવો મારો વિશ્વાસ છે.'

'પાંડુના અને માદ્રીના મૃત્યુના સમાચાર લાગતા વળગતા સૌને પહોંચાડવા પડશે અને એમની પાછળ આવશ્યક ધર્મક્રિયાઓ પણ કરાવવી રહેશે. એટલે આ પુત્રો સાથે તું હસ્તિનાપુર ચાલવાની તૈયારી કર. અમે પણ તારી સાથેસાથે આવીશું ને ધૃતરાષ્ટ્ર તથા ભીષ્મ અને વિદૂર જેવા વડીલોને સઘળી હકીકત સંભળાવીશું. આપણા એ કર્તવ્યમાં પ્રમાદ કરવો બરાબર નથી.'

કુંતીએ ઋષિમુનિઓની આજ્ઞાને માથે ચઢાવીને હસ્તિનાપુર જવાની તૈયારી કરી.

એને વાયુદેવનાં વચનો યાદ આવ્યાં.

એમણે હસ્તિનાપુર જવાની સૂચના કેટલાય વખત પહેલાં આપી દીધેલી.

છતાં પણ એ સૂચનાનો અમલ આવા સંજોગોમાં કરવો પડશે એવી કલ્પના પણ એને ક્યાં હતી ?

પાંડુ અને માદ્રી વિનાનું હસ્તિનાપુરપ્રયાણ કેટલું બધું હર્ષરહિત, શોકમય અને વિકટ થઈ પડશે ?

એમના વિનાનું હસ્તિનાપુર સ્મશાનસમું સૂનું હશે.

એની અંદર પ્રવેશવાનું ગમશે જ કેવી રીતે ?

આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં હસ્તિનાપુરગમનનો વિચાર પણ પોતે કદાપિ નહોતો કર્યો.

પરંતુ સંસારમાં જે કાંઈ થાય છે તે બધું પોતાના પૂર્વવિચાર પ્રમાણે ક્યાં થતું હોય છે ?

જે થાય છે કે બને છે તેને કોઈ પણ પ્રકારના વ્યર્થ ખડખડાટ વિના વધાવી લેવામાં જ શ્રેય છે.

એ જ માર્ગ આજની પરિસ્થિતિમાં ઉચિત છે.

આટલાં બધાં વરસો સુધી વસવાને લીધે એ એકાકી અરણ્ય પણ એને માટે અત્યંત આનંદદાયક થઈ પડેલું. એની સાથે એનો ચિરપરિચય ને પ્રેમ થઈ ગયેલો. એને માટેની મીઠી મમતા પણ એના મનમાં પેદા થયેલી. એક સ્વજનની પેઠે એનાં અસંખ્ય સંભારણા એના સ્મૃતિપટ પર જડાઈ ગયેલાં. એટલે એને એકાએક છોડવા માટે એનું મન નહોતું માનતું. તોપણ પુત્રોએ હસ્તિનાપુર જવાની હઠ પકડવાથી ને ઋષિઓનો સાથ મળવાથી એ તૈયાર થઈ ગઈ.

ઋષિઓએ કહ્યું:

'મહારાજા પાંડુ રાજ્યસુખ છોડીને વનમાં અમારે જ શરણે તપ કરવા આવેલા. એટલે એમનાં સંતાનોની માતા સાથે સંભાળ રાખવાની અમારી ફરજ છે. એ ફરજનો અમારાથી અનાદર ના કરી શકાય. એ ફરજ બજાવવામાં અમને ધર્મ લાગે છે એટલે એ બજાવીને અમે સંતોષનો શ્વાસ લઈ શકીશું.'

સૌ એક શુભ દિવસે હસ્તિનાપુર જવા માટે ચાલી નીકળ્યાં.

કેટલાક દિવસોના એકધારા પ્રવાસ પછી હસ્તિનાપુરના વિશાળ કિલ્લાના વર્ધમાન દ્વાર પાસે આવી પહોંચ્યાં.

એમના શુભાગમનના સમાચાર સાંભળીને લોકોના આશ્ચર્ય અને આનંદનો પાર ના રહ્યો.

રંક તથા રાય, સાક્ષર અને નિરક્ષર, તેમજ નાના ને મોટાના ભેદભાવને ભૂલીને સૌ ત્યાં એકઠા થયાં.

ઋષિઓનો સંદેશ મળવાથી ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, વિદૂર, સત્યવતી, ગાંધારી, દુર્યોધનાદિ ધૃતરાષ્ટ્રકુમારો ને બીજા સ્ત્રી-પુરુષો વર્ધમાન દ્વાર પાસે આવી પહોંચ્યાં.

સૌએ ઋષિઓનો સ્નેહપૂર્વક સત્કાર કર્યો.

ભીષ્મે ભીડને શાંત કરીને સૌના વતી પૂછ્યું:

'તમારા સૌના દર્શનથી મને ને સમસ્ત પ્રજાજનોને ઘણો જ આનંદ થઈ રહ્યો છે. તમારું સૌના વતી સ્વાગત કરું છું વનમાં વાનપ્રસ્થી તરીકેનું જીવન જીવતા ને તપ કરતા મહારાજા પાંડુ પ્રસન્ન તો છે ને ? એમની તપશ્ચર્યા સુચારૂરૂપે ચાલી રહી છે ખરી ?'

કુંતી સૌની આગળ આવીને એમને પ્રણામ કરીને ઊભી રહી એટલે ભીષ્મે પૂછ્યું:

'તારા વદન પર આટલો બધો વિષાદ તથા આટલી બધી વેદના કેમ ? અરણ્યમાં કશુંક અમંગલ તો નથી થયું ?'

'ભારે અમંગલ થયું છે.' કુંતીએ ઉત્તર આપ્યો: 'તમે કલ્પી શકો કે ધારો એથી પણ અધિક અમંગલ. મહારાજા પાંડુનું મૃત્યું થયું છે.'

'મહારાજાનું મૃત્યુ થયું ?'

'કયારે ?'

'અને કેવી રીતે ?'

'અરેરે, એ તો અતિશય અમંગલ કહેવાય. ભારે મર્મભેદક.'

એકત્રિત જનસમૂહમાંથી વારાફરતી એવા શોકસૂચક ઉદ્દગારો નીકળી પડ્યાં.

એ સાંભળીને કુંતીનું હૃદય વધારે વ્યથિત બની ગયું.

એની આંખમાંથી અશ્રુબિંદુ ટપકવા લાગ્યાં.

એણે પોતાની જાતને જેમતેમ કરીને કાબૂમાં રાખીને કરુણ અને શોકિત સ્વરે કહેવા માંડ્યું:

'એમના આકસ્મિક છતાં સહજ મૃત્યુને આજે સત્તર દિવસ થઈ ગયા. એમનું મૃત્યુ વજ્રપાત કરતાં પણ વધારે કઠોર છે, છતાં એને સહન કર્યા સિવાય છૂટકો નથી. એ વિદાય થયા છે તોપણ હું એમની પાછળ જીવતી રહી છું એ આશ્ચર્યજનક છે. પરંતુ એ વિશે હું કશુંક કહું એના કરતાં આ વીતરાગ, તપઃપૂત, પ્રાતઃસ્મરણીય, પૂજ્ય ઋષિવરો જ જે યોગ્ય લાગશે તે કહી બતાવશે.'

ઋષિવરોમાંના સર્વોત્તમ તપસ્વીશ્રેષ્ઠ ઋષિએ કહેવા માંડ્યું:

'કુરુવંશશિરોમણિ રાજા પાંડુ રાજ્યસુખ તથા વિષયભોગોનો ત્યાગ કરીને તપશ્ચર્યા દ્વારા જીવનને કૃતાર્થ કરવાના એક માત્ર હેતુથી પ્રેરાઈ શાંતશ્રૃંગ પર્વત પર રહેતા હતા તે તો તમે જાણો જ છો. એ ત્યાં કઠોર સંયમનું

પાલન કરતાં શાંતિપૂર્વક વાસ કરતા. ત્યાં જ એમનું મૃત્યુ થવાથી માદ્રી એમની પાછળ સતી થઈ છે. કુંતીની ઈચ્છા પણ સતી થવાની હતી, પરંતુ અમારા આદેશને લક્ષમાં લઈને એ એના તથા માદ્રીના પુત્રોનું પાલન કરવાના ઉદ્દેશથી જીવતી રહી છે.'

ઋષિના કહેવાથી યુધિષ્ઠિરાદિ પુત્રો ભીષ્મને પગે લાગ્યા.

'આ પાંચે પુત્રો પાંડુના છે ?'

ઋષિએ કહ્યું:

'હા. પાંડુના એ પુત્રો અલૌકિક રીતે પ્રકટ થયા છે એથી છે પણ અત્યંત અસાધારણ. પાંડુ તો વનમાં વિરક્તની પેઠે રહીને સંપૂર્ણ સંયમનું પાલન કરતાં પરંતુ કુંતીને મહર્ષિ દુર્વાસાની કૃપારૂપે એક મહાન મંત્ર મળેલો. એ મંત્રથી એ કોઈ પણ દેવતાનું આવાહન કરીને એમનો અનુગ્રહ મેળવી શકતી. પાંડુની અનુમતિથી એણે એ મંત્રનો પ્રયોગ કરીને ધર્મરાજ, વાયુદેવ, ઈન્દ્ર અને અશ્વિનીકુમારોનો આશીર્વાદ મેળવ્યો. એ અમોઘ આશીર્વાદને લીધે એને યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન જન્મ્યા તથા માદ્રીને અશ્વિનીકુમારના આશીર્વાદથી નકુલ અને સહદેવ પ્રાપ્ત થયાં.'

'આ તો એકદમ અવનવું કહેવાય.'

'છતાં પણ સાચું છે. અમે એના સાક્ષી છીએ. કુંતી તથા પાંડુપુત્રોની તમને સોંપવણી કરવા જ અમે આવી પહોચ્યા છીએ. પાંડુના પુત્રો ખૂબ જ પ્રતાપી છે. તે પિતાવિહોણા હોવાથી એમની સારી પેઠે સંભાળ રાખજો.'

ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, વિદુર તથા સત્યવતી ને ગાંધારીએ એમની સંભાળ રાખવાની બાંયધરી આપી એટલે પ્રજાજનો પ્રસન્નતા પ્રકટ કરવા લાગ્યા.

એમનો વિષાદ થોડોક હળવો થયો.

ઋષિવરે આગળ જણાવ્યું:

'પાંડુની મરણોત્તર ક્રિયા તમારા દ્વારા સારી રીતે, એમને છાજે તેમ સંપન્ન થશે એવો અમને વિશ્વાસ છે. માદ્રી તથા પાંડુના શરીરના અસ્થિ અમારી સાથે લેતા આવ્યા છીએ તે તમને સુપ્રત કરું છું.'

પાંડુ તથા માદ્રીના મૃત્યુના સમાચાર સાંભળીને ધૃતરાષ્ટ્ર, વિદુર, સત્યવતી તથા ગાંધારી રડવા લાગ્યા.

એમના આક્રંદથી દિશાપ્રદિશાઓ ભરાઈ ગઈ.

વાતાવરણમાં ફરીવાર વિષાદ ફેલાઈ ગયો.

ભીષ્મનું અંતર પણ વેદનામય તો બની જ ગયું. એમની આંખ પણ ઊભરાઈ આવી. છતાં પણ સૌને આશ્વાસન આપવાના આશયથી એ પોતાના મનને સ્વસ્થ રાખીને કહેવા માંડ્યા:

'કુરુવંશને માથે આજે પાછી એક મહાન આપત્તિ આવી પડી. પાંડુનો સ્વર્ગવાસ આપણે સૌને માટે અસહ્ય શોકજનક છે. એથી આપણા હૃદય રડી ઊઠે એ સ્વાભાવિક છે. મારું હૃદય પણ રડી રહ્યું છે. પાંડુ અને માદ્રીની ખોટ આપણને આજીવન સાલ્યા કરશે. છતાં પણ આપણે શાંતિ રાખીને કર્તવ્યરત બનવું પડશે. બીજો કોઈયે માર્ગ નથી દેખાતો.'

ભીષ્મે અશ્રુની ધારા લૂછીને ફરી કહ્યું:

'જગતનો અનાદિકાળનો નિયમ જ એવો છે કે જે જન્મે છે તે વિદાય પણ થઈ જાય છે. દેવ, દાનવ, ગંધર્વ કે માનવ કોઈપણ મૃત્યુમાંથી મુક્ત નથી જ. મૃત્યુ સૌને માથે ભમ્યા કરે છે. વહેલાંમોડા બધા જ એના ગ્રાસ બને છે. પાંડુ તથા માદ્રી માટે આપણે રડીએ ને શોક કરીએ છીએ એ રુદન ને શોક તદ્દન સ્વાભાવિક છે. પરંતુ આ અવનીમાં આપણે પણ ક્યાં અમર છીએ ? આપણે પણ એક દિવસ વિદાય તો થવાનું જ છે. એ જ પંથે પ્રયાણ કરવાનું છે.'

'ભીષ્મની વાત સંપૂર્ણ સાચી છે.' ઋષિએ કહ્યું : 'એનો વિચાર કરીને હવે શોકને દૂર કરો. જે થવાનું હતું તે થઈ ગયું છે. કુદરતનો એ ક્રમ છે એમાંથી કોઈ જ નથી છૂટયું ને કોઈ જ નથી છૂટવાનું.'

'આપણા સદ્દભાગ્યે પાંડુ પોતાની પાછળ ઉજ્જવળ યશ, ઉત્તમ કર્મપરંપરા અને સેવાના સ્મારકો મૂકી ગયા છે. એ આપણને પ્રેરણા પાશે. વળી એ કુંતીને અને પ્રતાપી પુત્રોને પણ છોડી ગયા છે. એ પુત્રોને આપણા માનીને આપણે એમની સંભાળ રાખીશું તથા એમની પાછળ યશસ્વી સુંદર સત્કર્મો કરીશું તો એમના આત્માને આનંદ થશે. આ સમય શોક કરવાનો ને નિરાશ થવાનો નથી પરંતુ નવા સંકલ્પ કરવાનો ને નવા નિરધાર અથવા અવનવી આશાથી અલંકૃત બનવાનો છે.'

ભીષ્મના શબ્દો સૌને માટે ઉત્સાહપ્રદાયક થઈ પડ્યાં.

સૌને એથી શાંતિ મળી.

ઋષિઓએ ભીષ્મને એમની ઉદ્દાત્ત ભાવના બદલ અભિનંદન આપ્યા ને પોતાનું કર્તવ્ય પરિપૂર્ણ થયેલું જાણીને ઊંડા સંતોષ સાથે વિદાય લીધી.

ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, વિદુર, સત્યવતી, ગાંધારી ને બીજા પ્રજાજનો કુંતી અને એના પાંચે પુત્રોને સન્માનપૂર્વક હસ્તિનાપુરમાં લાવ્યા.

એમના અંતરમાં શોક અને હર્ષનું અદ્દભુત સંમિશ્રણ હતું.

* * *

## ૧૬. ગાંધારીના પુત્રો

હસ્તિનાપુરમાં પાંડુ તથા માદ્રી વિના પ્રવેશ કરતી વખતે કુંતીના દિલમાં એક પ્રકારની ઊંડી વ્યથા થવા લાગી. શહેરની સઘળી શેરીઓ એને સૂની લાગવા માંડી.

પોતે પાંડુ તથા માદ્રી સાથે વનમાં જવા માટે પ્રસ્થાન કરેલું એ વખતનો અનેરો આનંદ એને યાદ આવ્યો.

એ અનંત જેવો આનંદોદ્રેક ક્યાં અને અત્યારનો શોક ક્યાં ?

એ શોક આખાયે નગરને ઘેરી વળ્યો છે ! સૌનાં કાળજાંને કોરી ખાય છે !

પ્રજાજનોનાં મુખ પર કોઈ જાતનો ચિરસ્થાયી આનંદ જ ક્યાં છે ?

જેમના મુખમંડળ પર હર્ષની આછીપાતળી રેખા દેખાય છે એમના અંતરમાં પણ શોક સિવાય બીજું કશું જ નથી દેખાતું. એ શોકે સૌ કોઈનાં મુખમંડળને મ્લાન કરી દીધાં છે.

આજે હસ્તિનાપુરના આ શાંત, સુંદર, વિશાળ રાજમાર્ગ પરથી પસાર થતી વખતે પોતાની સાથે પાંડુ અને માદ્રી હોત તો ? તો કેટલો બધો આનંદ હોત ?

પ્રજાજનો પુષ્પવૃષ્ટિ કરતા હોત, આરતી ઉતારતા હોત, હરખાયેલા બનીને સ્તુતિગીતો ગાતા તેમજ નૃત્ય કરતા હોત, અને એવી રીતે સર્વત્ર એક મંગલમય મહોત્સવનું પરમ પ્રસન્ન વાતાવરણ ફરી વળ્યું હોત.

ઉત્સાહી નરનારીઓએ શહેરને પણ કેટલું સરસ રીતે શણગાર્યું હોત ?

'મહારાજા પાંડુની જય'ના ધ્વનિથી આખુંયે વાયુમંડળ ભરાઈ ગયું હોત.

સૌની વચ્ચેથી વિજયયાત્રા કરીને પાછો આવતો હોય એવો પાંડુનો રથ ધીમી ગતિએ ચાલ્યો જાત.

પરંતુ એ ધન્ય દિવસ હવે નહિ આવી શકે. આ જીવનમાં તો નહિ જ.

કુંતીને એવા એવા અનેકવિધ વિચારો આવવા માંડ્યાં.

તોપણ આંખમાંથી ટપકી પડતાં આંસુને રોકીને, મનને બને તેટલું મક્કમ રાખીને, એ આગળ વધી.

રાજપ્રાસાદમાં પ્રવેશતી વખતે તો એને કોઈ જુદી જ લાગણી થઈ આવી. એનું હૈયું હાલી ઊઠ્યું. એની સાથે સંકળાયેલી અસંખ્ય સુંદર સ્મૃતિઓ એની આંખ આગળ આવીને એને વ્યથિત કરતી ઊભી રહી. પાંડુ વિનાનો રાજપ્રાસાદ એને ખાવા ધાવા  અથવા અગ્નિજ્વાળાની જેમ જલાવા લાગ્યો. પાંડુનું સ્મરણ એને એક ક્ષણને માટે પણ ના છોડી શક્યું.

જીવવાનું ગમતું નહોતું છતાં જીવ્યા સિવાય છૂટકો પણ ન હતો એવી પરિસ્થિતિ એને વધારે પીડિત કરવા લાગી. તોપણ પોતાના પુત્રોનો વિચાર કરીને એણે ઉપરઉપરથી શક્ય એટલી શાંતિ જાળવી રાખી.

એનો પ્રાણ પુત્રોને માટે જ ટકી રહ્યો એમ કહીએ તો ચાલે.

રાજા ધૃતરાષ્ટ્રે કુંતી તથા એના પ્રતાપી સુંદર શીલવાન પુત્રોની સમુચિત વ્યવસ્થા કરી ને પછી વિદૂરને સૂચના કરી:

'વિદુર, પાંડુનું મૃત્યુ અરણ્યમાં અને એકાએક થયું એટલે આપણે અંતકાળે એને મળી ના શક્યા. વનમાં જ સ્વજનોથી દૂર એકાંતમાં અરણ્યવાસી ઋષિઓએ એનો અગ્નિસંસ્કાર કરી દીધો એ એક રીતે ઉચિત જ થયું છે. છતાં પણ આપણી શાંતિ માટે આપણે કેટલીક મરણોત્તર ક્રિયાઓ કરવી જ જોઈએ.'

વિદૂરે કહ્યું:

'પાંડુ આપણા ભાઈ હોવાથી એમની પાછળ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ક્રિયાઓ કરવા-કરાવવાનો આપણો ધર્મ છે. એ ધર્મનું પાલન આપણે ગમે તે ભોગે કરવું જ જોઈએ.'

પાંડુ તથા માદ્રી બંનેની અંત્યેષ્ટિ ક્રિયા રાજાને છાજે એવી રીતે કરાવીને અન્ન, વસ્ત્ર, ધન, સુવર્ણ ને પશુનું દાન કરવાની મારી ઈચ્છા છે.'

'એ ઈચ્છાનો અમલ કરતાં મને આનંદ થશે.'

વિદૂરે રાજા ધૃતરાષ્ટ્રના આદેશાનુસાર બધી વ્યવસ્થા કરી દીધી.

ભીષ્મની પણ એમાં સંમતિ મળી.

એ સંમતિ પ્રમાણે હસ્તિનાપુરથી તદ્દન નજીકમાં વહેતી ગંગાના પવિત્ર પ્રશાંત તટ પર શાસ્ત્રજ્ઞ પંડિતોની મદદથી વિવિધ ક્રિયાઓ કરવામાં આવી.

સુવર્ણ, રત્ન, અન્ન અને બહુમૂલ્ય વસ્ત્રોનું દાન દેવામાં આવ્યું.

ગંગામાં પાંડુ તથા માદ્રીના અસ્થિનું વિસર્જન થયું.

એ વખતે પાંડુ તથા માદ્રીને યાદ કરીને સૌ રડવા ને શોક કરવા લાગ્યાં.

ભીષ્મ, ધૃતરાષ્ટ્ર ને કુંતીની દશા ખૂબ જ કરુણ બની ગઈ.

મંત્રીઓએ એમને અનેક રીતે આશ્વાસન આપીને શાંત કર્યા.

આખાય નગરમાં ઘેરો શોક છવાઈ ગયો.

પ્રજાજનોએ એકધારા બાર દિવસો સુધી કઠોર વ્રત, તપ તેમજ સંયમનું પાલન કર્યું.

મરણોત્તર ક્રિયાઓનું અનુષ્ઠાન પૂરું કરીને સૌ હસ્તતિનાપુરમાં પાછાં આવ્યાં ત્યારે સત્યવતી અને ગાંધારીએ કુંતીને કેટલીય કથાઓ કહી સંભળાવીને શાંતિ આપી.

સત્યવતી ને ગાંધારીનો સંસર્ગ કુંતીને માટે ખૂબ જ સુખકારક ને શાંતિપ્રદાયક થઈ પડ્યો.

એને લીધે એનું દુઃખ થોડુંક હળવું થયું.

એક દિવસ સવારે વાતવાતમાં ગાંધારીએ કુંતીને કહ્યું:

'તને જેમ દેવોના આશીર્વાદથી પુત્રપ્રાપ્તિ થઈ છે તેમ મને પણ મારા પુત્રોની પ્રાપ્તિ આશીર્વાદથી જ થઈ શકી છે.'

'કોના આશીર્વાદથી ?'

'મહર્ષિ વ્યાસના.'

'વ્યાસના આશીર્વાદથી ? કેવી રીતે ?'

'મહર્ષિ વ્યાસના આશીર્વાદમાં અસાધારણ અમોઘ શક્તિ સમાયેલી છે. એનો અનુભવ મને એકવાર આપોઆપ મળી ગયો. મહર્ષિ વ્યાસ સત્યવતી અને પરાશરના પુત્ર છે એ તો તું જાણે જ છે. પોતાના જન્મ પછી એ વનમાં નીકળી પડેલાં.'

'હા, એની મને ખબર છે.' કુંતી બોલી: 'પરાશર અને સત્યવતીનો સમાગમ થવાથી એમનો જન્મ થયેલો. મહાત્મા પરાશરની અસાધારણ શક્તિને લીધે સત્યવતીના શરીરમાંથી નીકળતી માછલીની દુર્ગંધ સુંદર સુગંધમાં

પલટાઈ ગયેલી. એ પછી એ બંનેનો સમાગમ થયેલો. સત્યવતીનું લગ્ન પાછળથી મહારાજા શાંતનુની પોતાની ઈચ્છાથી એમની સાથે થયેલું.'

'એ લગ્ન પહેલાં ભીષ્મને અપરિણીત રહેવાની પ્રતિજ્ઞા લેવી પડેલી. તેમજ રાજગાદી પરથી અધિકાર પણ ઉઠાવી દેવો પડેલો.'

'એ હકીકત પણ મેં સાંભળી છે.'

'એ મહર્ષિ વ્યાસ એકવાર ફરતાં ફરતાં હસ્તિનાપુર આવ્યાં.'

'પછી ?'

'એવા મહાત્મા પુરુષનાં દર્શનનો લાભ કાંઈ જેનેતેને ને જ્યારેત્યારે મળે છે ? પૂર્વના પુણ્યોનો ઉદય થાય ત્યારે જ એવા લોકોત્તર મહાપુરુષનું દર્શન મળતું હોય છે. એમના આગમનથી આનંદમાં આવી જઈને મેં એમની ખૂબ જ પ્રેમથી મન લગાડીને સેવા કરી.'

કુંતીએ પોતાની પૂર્વસ્મૃતિને તાજી કરીને કહ્યું:

'આ પ્રસંગ તો મને મહર્ષિ દુર્વાસાની સેવા કરવાનો લાભ મળેલો તેના જેવો જ થઈ ગયો. બરાબર તેને મળતો જ. ફેર માત્ર એટલો જ કે મને મુનિની સેવાનો લાભ કુમારી દશામાં મળ્યો ને તને વ્યાસની સેવાનો સુવર્ણ અવસર લગ્ન કરીને હસ્તિનાપુર આવ્યા પછી સાંપડ્યો.'

'સાચું છે.' ગાંધારીએ કહેવા માંડ્યું: 'અને એ પણ એટલું જ સાચું છે કે સત્પુરુષોની સેવા કદાપિ નકામી નથી જતી. એ સદાયે ફળે જ છે. વ્યાસે મારી સેવાથી પ્રસન્ન થઈને મને વરદાન માગવાનું કહ્યું.'

'એ ઘટના પણ મારા જીવનની ઘટનાને મળતી આવે છે. દુર્વાસા મુનિએ મારા પર પ્રસન્ન થઈને મને પણ વરદાન માગવા જણાવેલું. પરંતુ પછી ? પછી શું થયું ? તેં વરદાન માગ્યું ?'

'હા. મેં મારી જાતને બડભાગી માનીને માગી લીધું કે મને મારા પતિ જેવા શક્તિશાળી સો પુત્રોની પ્રાપ્તિ થાય. મહર્ષિ વ્યાસે મારી એ માગણીનો સ્વીકાર કર્યો. મને એમનો અમોઘ આશીર્વાદ પ્રાપ્ત થયો.'

'એવા મહાપુરુષનો આશીર્વાદ અમોઘ જ હોય. એ કદી પણ મિથ્યા ના થઈ શકે. એ તો જે અનુભવે તે જ જાણે.'

'કુંતી, મહર્ષિ વ્યાસના શુભાશીર્વાદનો પ્રભાવ થોડા વખતમાં જ જોવા મળ્યો. સમય પર મને ગર્ભ રહ્યો. એ ગર્ભને મેં બરાબર બે વરસ સુધી ધારણ કર્યો.'

ગાંધારી એ ગર્ભધારણના કાળની વિગત કહી બતાવી એટલે કુંતી બોલી:

'એ વખત દરમિયાન મને યુધિષ્ઠિરની પ્રાપ્તિ થઈ ચૂકેલી. ત્યારે તો યુધિષ્ઠિરનો જન્મ પહેલાંનો છે. એ સૌથી મોટો છે.'

ગાંધારીએ કુંતીની વાતને અનુમોદન આપ્યું ને જણાવ્યું:

'બે વરસ સુધી કશું જ નક્કર પરિણામ ના આવવાથી મારી ગભરામણનો પાર ના રહ્યો. અને સ્ત્રીના સહજ સ્વભાવ પ્રમાણે ચિંતા થવા માંડી. અને આખરે ભયભીત બનીને મારા પતિ ધૃતરાષ્ટ્રને જણાવ્યા વગર ચોરીછૂપીથી એક દિવસ મેં ગર્ભપાત કરાવ્યો.'

'એ તો ઘણું જ ખરાબ કહેવાય. મહાન દોષરૂપ અથવા અપરાધરૂપ.'

'એને દોષ, અપરાધ કે પાપ ગમે તે કહેવામાં આવે પરંતુ એ કુકર્મ મારાથી કરી દેવાયું. એ વખતે મને જાણે કે મતિભ્રમ થયેલો. એટલે મને શુભાશુભનું ભાન જ ના રહ્યું. મે થોડીક વધારે ધીરજ રાખી હોત તો ઘણું સારું થાત પણ એ વખતે મને એવું સૂઝ્યું જ નહિ. મારાથી મોટી ભૂલ થઈ ગઈ. મારા પેટમાંથી લોઢાના ગોળા જેવો એક સખત માંસપિંડ નીકળી પડ્યો.'

કુંતીના મુખમાંથી 'ઓહ' શબ્દ નીકળી પડ્યો.

એ જિજ્ઞાસાયુક્ત વદને બેસી રહી અને બીજું કશું ના બોલી એટલે ગાંધારીએ આગળ કહ્યું:

'મારી એ ભૂલનો સ્વીકાર કરું છું. એ મારી ભૂલ જ હતી. મોટામાં મોટી ભૂલ. પરંતુ એ વખતે લાચાર હોવાથી મારી પાસે કોઈ રસ્તો જ ન હતો. મારી જગ્યાએ કોઈ બીજી સ્ત્રી હોત તો તે પણ એવું જ કરત. તું પણ.'

'હું તો એવું કદાપિ ના કરું.'

'એ તો તું કહે છે એટલે ને ? બાકી મારા જેવા સંજોગોનો સામનો કરવાનો હોય તો તું પણ એવું જ કરી બેસે.'

'મારું મનોબળ એવું નબળું નથી.'

'નબળું મનોબળ તો મારું પણ ક્યાં છે ? એ તો મારા પતિનો વિચાર કરીને મેં લગ્ન પહેલાં જ મારી આંખે પાટા બાંધવાનો પ્રારંભ કર્યો છે તેના પરથી જ સમજી શકાશે. બીજી કોઈ સ્ત્રી આવું ભાગ્યે જ કરી શકે.'

'બીજી કોઈ સ્ત્રીને એવું કરવાની જરૂર પણ ના હોય ને ! છતાં પણ એ મનોબળ પણ કાંઈ ઓછું તો ના જ કહેવાય.'

'હા, તો પછી શું થયું એ કહી બતાવું. એ મજબૂત માંસપિંડને નાખી દેવાનો મેં નિર્ણય કર્યો.'

'નાખી દેવાનો ?'

'હા. નાખી દેવાનો. પરંતુ મારો એ નિર્ણય ફળીભૂત ના બની શક્યો. મેં એને નાખી દેવાનો નિર્ણય કર્યો તેની ખબર મહર્ષિ વ્યાસને એમની અલૌકિક શક્તિથી પડી ગઈ હોય એમ એ એકાએક મારી પાસે આવી પહોંચ્યા ને કહેવા માંડ્યા કે અરે, તું આ શું કરવા બેઠી છે ?'

'મેં એમને પ્રણામ કરીને સ્ત્રીસહજ સંકોચ સાથે સઘળી હકીકત કહી બતાવી ત્યારે એ બોલ્યા કે મને એ વાતની પહેલેથી જ ખબર છે. તેં ભયભીત બનીને એક ભૂલ તો કરી નાખી છે પણ હવે એથી આગળ વધીને બીજી મોટી ભૂલ શા માટે કરી રહી છે ?'

'મેં મારી ભૂલ માટે ક્ષમા માગી ને પૂછ્યું કે ત્યારે શું કરું ? મારે માટે બીજો કોઈ માર્ગ જ ક્યાં છે ? બે વરસ પૂરાં થયાં તોપણ તમારા વરદાન પ્રમાણે સો પુત્રો તો શું, એક પણ પુત્રની પ્રાપ્તિ નથી થઈ, ને પુત્રને બદલે નિર્જીવ માંસપિંડ આવી મળ્યો છે.'

'મહર્ષિએ મારી વાતના ઉત્તરમાં ગંભીર બનીને દૃઢતાયુક્ત સ્વરે જણાવ્યું કે ગાંધારી ! સમુદ્ર સુકાઈ જાય, ધરતી ધારણ કરવાના ગુણને છોડી દે, પર્વતો હાલવા લાગે, ને વૃક્ષો ફળ તથા શાખારહિત થાય, તથા સૂર્ય, ચંદ્ર ને તારાગણ તેજરહિત બની જાય, તોપણ મારું વરદાન, મારો આશીર્વાદ કે મારા શબ્દો કદી મિથ્યા નહિ થાય. મેં જે કહ્યું છે તે સત્ય થઈને જ રહેશે. મારા જેવા સત્પુરુષોની વાણીની અમોઘતાની તને ખબર નથી તેથી જ તું આવી

રીતે શંકાશીલ બનીને આવી અમંગલ પાપયુક્ત પ્રવૃત્તિ કરી રહી છે. પરંતુ વિશ્વાસ રાખ કે મારો આશીર્વાદ કદાપિ નહિ ફરે.'

'મહર્ષિનું કથન સંપૂર્ણ સાચું છે. મહાપુરુષોના આશીર્વાદ એકદમ અફર હોય છે. મને તો એનો પૂરેપૂરો અનુભવ છે.'

'પરંતુ કુંતી, મારો અનુભવ એ વખતે કાચો હોવાથી જ મારા મનમાં એવો સંભ્રમ પેદા થયેલો. એ સંભ્રમ મહર્ષિ વ્યાસની કૃપાથી દૂર થયો. મારું એટલું સદ્દભાગ્ય કે મને એ વખતે એમનાં દર્શનનો લાભ મળ્યો. એમણે મને જણાવ્યું કે ગાંધારી, હું સ્વપ્નમાં કે મશ્કરીમાં પણ કદી જૂઠું નથી બોલતો. માટે મારા વચનમાં વિશ્વાસ રાખ ને મારી આજ્ઞાનું પાલન કરવા તૈયાર થા.'

'મેં એમની આજ્ઞાના અમલ માટે તત્પરતા બતાવી એટલે એ બોલ્યા કે હવે વિનાવિલંબ સો કુંડ તૈયાર કરાવી દે. એ કુંડને ઘીથી ભરીને સુરક્ષિત સ્થાનમાં સાચવવાનો પ્રબંધ કર અને આ માંસપિંડ પર ઠંડુ પાણી છાંટવાનો આરંભ કર.'

'એમની સૂચના મુજબ મેં બધી તૈયારી કરી. મારે માટે બીજો કોઈ રસ્તો જ ના રહ્યો. પેલા માંસપિડ પર પાણી છાંટ્યા કરવાથી થોડા વખત પછી એના સો ટુકડા થઈ ગયા.'

'એ તો ઘણું નવાઈ ભરેલું કહેવાય.' કુંતી બોલી: 'પરંતુ સત્પુરુષોના સંકલ્પ અને એમનાં પરિણામ એવાં જ નવાઈ ભરેલાં ને ચમત્કૃતિરૂપ હોય છે.'

ગાંધારી આગળ બોલી:

'મારી માન્યતા પણ એવી જ છે. મહર્ષિની આજ્ઞાનુસાર એ સો ટુકડા ઘી ભરેલા કુંડોમાં મૂકવામાં આવ્યા. એ વખતે એક ટુકડો વધારાનો પણ જોવામાં આવ્યો.

'મહર્ષિએ એ કુંડોને બે વરસ પછી ઉઘાડવાનો આદેશ આપ્યો અને એ તપશ્ચર્યા કરવાના ઉદ્દેશથી હિમાલયના પવિત્ર પ્રદેશ તરફ વિદાય થયા.

'એમની વિદાય પછીનાં બે વરસ મેં જેમતેમ કરીને પસાર કર્યા. એ સમય દરમિયાન મારા મનમાં ભાતભાતના વિચારો અને ભાવોનું તાંડવ નૃત્ય થવા માંડ્યું. મારું હૃદય ખૂબ જ સંવેદનશીલ બની ગયું. મારી અસ્વસ્થતાનો અતિરેક થયો.'

કુંતીએ કહ્યું:

'એ દશાને હું સારી રીતે સમજી શકું છું.'

ગાંધારી બોલી ઊઠી:

'આજે તો એ વાતને વરસો વીતી ગયાં છે તોપણ એ વખતની મારી કરુણ દશાને યાદ કરીને મને રોમાંચ થઈ રહ્યો છે. મારું હૈયું હાલી ઊઠે છે.'

'એ દશા ખૂબ જ કફોડી હતી. મહર્ષિ વ્યાસના શબ્દોમાં શ્રદ્ધા રાખીને એ બે વરસ બે યુગની પેઠે પીડા ને ચિંતામાં પસાર કર્યા. પરંતુ આખરે મારી પીડા ને ચિંતાનો અંત આવ્યો. મારી સંવેદના શાંત થઈ.'

'રાત પછી જેમ દિવસ આવે તેમ મારા જીવનમાં અંધકાર પછી પ્રકાશ પ્રકટ્યો. દુઃખને બદલે સુખ છવાયું અને શોકને બદલે આનંદ પ્રસર્યો. વ્યાસના શબ્દો સાચા ઠર્યા.'

'એમણે સૂચવેલા સમય પર એ માંસપિંડોમાંથી દુર્યોધનાદિ સો પુત્રોનો જન્મ થયો. દુર્યોધનનો જન્મ સૌથી પહેલાં થયો.'

ગાંધારીના મુખથી દુર્યોધનની જન્મની વિગત સાંભળીને કુંતી થોડીવાર વિચારમાં પડી ને પછી બોલી:

'એ પણ કેવો યોગાનુયોગ છે ?'

'કેમ ?'

'દુર્યોધન અને ભીમસેનનો જન્મ એક જ દિવસે થયો છે. એટલે જ એ બંને એકસરખા પરાક્રમી છે. દુર્યોધનાદિ પુત્રોના જન્મથી તારા અંતરને આનંદ થાય એ સ્વાભાવિક છે. '

'હા. મને એથી અત્યંત આનંદ થયો. પરંતુ એક વાતને મારાથી આજે પણ નથી ભૂલી શકાય. દુર્યોધને જન્મતાવેંત કોણ જાણે કેમ પણ ગધેડાની પેઠે ભૂંકવા માંડ્યું. એના શ્રવણથી શિયાળ, ગધેડાં, ગીધ તથા કાગડાઓ અવાજ કરવા લાગ્યાં. જુદાં જુદાં સ્થાનોમાં આગ લાગી અને આંધી ચાલી.'

'એવા એવા અનેકવિધ ઉપદ્રવોથી ભયભીત તથા ચિંતાતુર બનીને મારા પતિ ધૃતરાષ્ટ્રે, ભીષ્મ, વિદૂર તથા બીજા જ્ઞાની સત્કર્મી પુરુષોની સલાહ લીધી તો એમણે કહ્યું કે એવા ઉપદ્રવો કોઈક અમંગલની આગાહી કરે છે એમાં શંકા નથી.'

'વિદૂરે કહ્યું કે દુર્યોધન કુળનો નાશ કરનારો થશે એવું લાગ્યા વિના રહેતું નથી. એનું પાલન કરવાથી તમારે દુઃખી થવું પડશે માટે એનો ત્યાગ કરો તો સારું છે. કુળના કલ્યાણ માટે એવો ત્યાગ યોગ્ય જ લેખાશે ને વધારે પડતો નહિ મનાય.'

'પરંતુ ધૃતરાષ્ટ્ર દુર્યોધનનો ત્યાગ ના કરી શક્યા. એકસો એક માંસપિંડમાંથી સો પુત્રો અને એક કન્યા પેદા થઈ હોવાથી એનો ત્યાગ કરત તોપણ અમારાં સો સંતાન તો રહેત જ, પણ એને માટે ખૂબ જ મમતા હોવાથી એ એને ના છોડી શક્યા.'

'એ તો શું બીજા કોઈયે પિતાથી એવો કોઈ પણ જાતના કારણ વગરનો ત્યાગ ના કરી શકાય. બીજાના વચનોમાં વિશ્વાસ રાખીને એવું ઉતાવળિયું પગલું ના ભરાય. હવે તો દુર્યોધન મોટો થઈ ગયો છે.' કુંતી બોલી.

'છતાં પણ મારી ચિંતા નથી મટી.'

'એ ચિંતા અસ્થાને છે. દુર્યોધન પોતે સુખી થાય ને બીજાં બધાને સુખી કરે !'

ગાંધારી થોડીવાર શાંતિ રાખીને બોલી:

'મારી પુત્રી દુશ્શલા ઘણી ડાહી છે. એનું લગ્ન જ્યારે ત્યારે પણ રાજા જયદ્રથ સાથે કરવાનો વિચાર છે. એથી એ સુખી થશે. એ ઉપરાંત, દુર્યોધનથી નાનો યુયુત્સુ ધૃતરાષ્ટ્રની સેવામાં રહેનારી એક વૈશ્યકન્યાથી પેદા થયો છે. તે પણ ખૂબ જ બુદ્ધિમાન છે.'

* * *

## ૧૭. કર્ણનું પુનર્મિલન

ગાંધારીએ એટલી વાત પૂરી કરી એટલે કુંતીએ એને આશ્વાસન આપતાં કહેવા માડ્યું:

'મહર્ષિ વ્યાસના આશીર્વાદરૂપે પ્રાપ્ત થયેલા પુત્રોની તારી જીવનકથા પણ ખરેખર રોચક છે. એ કથા સાંભળીને મને આનંદ થયો. તું નકામો શોક ના કરતી. એમના જેવા અસાધારણ વિરલ સત્પુરુષની કૃપારૂપે પ્રકટેલા પુત્રો સારા જ થશે. એ વિદૂરની કલ્પના પ્રમાણે કુળનો નાશ કરનારા નહિ જ નીવડે.'

ગાંધારીએ કરુણ સ્વરે કહ્યું :

'તારી વાત સારી રીતે સમજી શકું છું ને તારી લાગણી માટે તને અભિનંદન આપું છું, છતાં પણ વિદૂરના શબ્દોની સ્મૃતિ કોઈ કોઈવાર મારા હૈયાને હલાવી નાખે છે. એ ઘટનાને લાંબો વખત વીતી ગયો છે તોપણ કોઈવાર તદ્દન તાજી લાગે છે. મને પણ શ્રદ્ધા છે કે મહર્ષિ વ્યાસનો આશીર્વાદ એવો અશુભ અથવા અમંગલ નહિ ઠરે. એ કલ્યાણકારક જ સાબિત થશે. છતાં પણ કાલની કોને ખબર છે ?'

'ખબર હોય કે ના હોય તોપણ એની નકામી ચિંતા કરવાથી શું વળે ? મને તો દુર્યોધનના લક્ષણો સારા લાગે છે.'

'અત્યાર સુધી તો સારાં જ છે.'

'બસ ત્યારે, પછી આગળની ચિંતા શા માટે કરવી ? આગળ પર પણ એ સારાં જ રહેશે. ભીષ્મ ને વિદૂર જેવા વડીલોની એના પર છત્રછાયા છે પછી શું ?'

ગાંધારી મૂક રહી.

એ જ વખતે દુર્યોધન અંદર આવી પહોંચ્યો.

કુંતી એને દેખીને બોલી:

'દુર્યોધનનું આયુષ્ય ઘણું લાંબું લાગે છે. આપણે એની વાત કરીએ છીએ અને એ આવી પહોંચ્યો. વેદના ઋષિવરોની પ્રાર્થના પ્રમાણે પરમાત્મા એને શતાયુ કરે.'

'તે શું હું એટલો જલદી મરી જવાનો છું ?' દુર્યોધને હસતાં હસતાં પૂછ્યું ને કહ્યું: 'હું તો ઘણું લાંબું જીવવાનો છું. સો વરસથી પણ વધારે, હજારો વરસ.'

ગાંધારી ને કુંતી બંને હસી પડી.

ગાંધારી બોલી:

'જોયું ? બોલવામાં કેવો એક્કો છે ?'

'સાચું છે.' કુંતીએ જણાવ્યું અને દુર્યોધન તરફ જોઈને કહ્યું: 'પરમાત્મા તને તારી ઈચ્છા પ્રમાણે હજારો વરસ જિવાડે. તારી માતાએ તને મહામુસીબતે મેળવ્યો છે તે કાંઈ જલદી ખોઈ નાખવા માટે નથી મેળવ્યો.'

'તમારી ઈચ્છા મુજબ કાંઈ બધું થોડું જ બનવાનું છે ? પણ મારી મરજી મુજબ તો બનશે.'

'તારી મરજી મુજબ પણ બધું નથી બનવાનું.' ગાંધારી બોલી : 'સંસારનું સંચાલન કરનારી જે મહાન શક્તિ છે તેની મરજી મુજબ બધું બન્યા કરે છે ને બન્યા કરશે. છતાં તું દીર્ઘાયુ થાય એવી આંકાક્ષા તો મને છે જ.'

દુર્યોધન થોડીવાર શાંત રહીને બોલ્યો:

'ભવિષ્યના ગર્ભમાં શું લખાયલું છે તેની ખબર કોને પડે છે ? છતાં પણ જે થશે તે સારું જ થશે ને મારી ઈચ્છા પ્રમાણે થશે તેની મને ખાતરી છે. આજે હું વનવિહારે જાઉં છું. મને પાછા આવતાં થોડુંક મોડું થાય તો ચિંતા ના કરતી.'

'વનવિહારે ? વનવિહારે એકલો જ જાય છે કે બીજું કોઈ સાથે છે ?'

'સાથ બીજા કોનો હોય ? મારા બાહુબળનો, થોડાક સેવકોનો ને મારા મિત્ર કર્ણનો. મારી સાથે કોઈયે ના હોય અને એક કર્ણ જ હોય તોપણ મને કોઈનોય ભય નથી લાગતો. જંગલી જનાવરોનો પણ નહિ. કર્ણ પર મને કેટલો બધો પ્રેમ તથા વિશ્વાસ છે તે તું જાણે જ છે.'

'તો શું કર્ણ તારી સાથે આવે છે ?'

'હા.'

'તો ભલે જા. તારી સાથે કર્ણ હશે તો મને કોઈ જાતની ચિંતા નહિ થાય. કર્ણ મારી સાથે જ આવ્યો છે ને બહાર ઊભો છે.'

'એને બહાર શા માટે ઊભો રાખ્યો છે ? અંદર જ લાવવો'તો ને ?'

'કર્ણ !' દુર્યોધને કર્ણને બોલાવ્યો એટલે એ અંદર આવ્યો. ને ભારે વિનયપૂર્વક ગાંધારી તથા કુંતીને પ્રણામ કરીને ઊભો રહ્યો.

ગાંધારીએ કહ્યું:

'કર્ણ, તું દુર્યોધનની સાથે વનવિહારે જાય છે તો એનું ખાસ ધ્યાન રાખજે. એને કોઈ જાતની મુસીબત ના પડે. મને એ ખૂબ જ વહાલો છે તે તું જાણે છે.'

કર્ણે કહ્યું:

'દુર્યોધનની ચિંતા તમે જરા પણ ના કરતાં. એ તમને ઘણો વહાલો છે તો મને પણ પ્રિય નથી એવું ના સમજતાં. એની સારી પેઠે સંભાળ રાખીશ. એને માટે જાનની બાજી લગાવી દેવી પડે તોપણ લગાવી દેવા હું તૈયાર છું.'

'એવો અશુભ અવસર કદી પણ ના આવે. છતાં પણ એની સંભાળ રાખજે જ.'

દુર્યોધનથી રહેવાયું નહિ એટલે એ બોલ્યો:

'હું કાંઈ નાનો બાળક છું કે મારી આટલી બધી ફિકર કરી રહી છે ? હવે તો હું મોટો થયો છું ને મારી સંભાળ મારી મેળે રાખવા સાથે બીજાની સંભાળ રાખવાની પણ શક્તિ ધરાવું છું.'

'ઈશ્વર તને એવી શક્તિ પૂરી પાડે. એ જોઈને હું આનંદ પામીશ.'

'ઈશ્વર શું પૂરી પાડે ? ઈશ્વર જેવું છે જ શું ? એની શક્તિ મારી પોતાની અંદરથી જ પેદા થઈ છે ને પેદા થતી રહેશે. માટે તું નચિંત રહેજે.'

ગાંધારી શાંત રહી.

એ બધાયે વખત દરમિયાન કુંતી કર્ણને કોણ જાણે કેમ પણ ભારે રસપૂર્વક ધારીધારીને જોવા માંડી.

એના મુખમંડળ અને એની આકૃતિને અવલોકીને એના અંતરમાં અવર્ણનીય, અવનવો ભાવ થવા લાગ્યો.

એને થયું કે આ છોકરાને ક્યાંક જોયો છે ખરો, એની આકૃતિને નિહાળી છે આજે અને અત્યારે જ, તો પણ એ ચિરપરિચિત લાગે છે. એને ક્યાં જોયો છે એ એને ના સમજાયું છતાં પણ ક્યાંક જોયો હોવાનું ભાન તો થયું જ.

એણે પોતાના મનની સાથે દલીલ કરી કે, કર્ણનું નામ પણ પોતે પહેલાં નથી સાંભળ્યું તો પછી એની સાથે પોતાનો ચિરપરિચય કેવી રીતે હોઈ શકે ? છતાં પણ હૈયું એ દલીલથી હાર્યું નહિ. એ તો પોતાના ભાવને વળગી જ રહ્યું.

કર્ણના કાનમાં ચળકતાં સુંદર આકર્ષક કુંડળ હતાં. એ એને પરિચિત અને આહ્લાદક લાગ્યાં.

દુર્યોધન ગાંધારીની રજા લઈને કર્ણ સાથે વિદાય થયો તોપણ એ કુંડળ અને એથી અલંકૃત કર્ણની મુખાકૃતિ એની આંખ આગળ રમી રહી.

ગાંધારીને એ કશુંક પૂછવા જતી'તી ત્યાં જ ગાંધારીએ એને પૂછ્યું:

'આ કર્ણને તેં ઓળખ્યો ?'

કુંતીથી બોલાઈ ગયું:

'એને ઓળખતી તો નથી, પણ ક્યાંક જોયો હોય એવું લાગે છે ખરું !'

'તેં એને વળી ક્યાં જોયો હોય ? એ અહીં આવ્યો ત્યારે તો તું વનમાં હતી. ત્યારે તો પાંડુનું મૃત્યુ પણ નહોતું થયું. એને બદલે એના જ જેવા બીજા કોઈને જોયો હશે. સમાન આકૃતિ અથવા રૂપરંગવાળી વ્યક્તિઓને જોઈને ઘણીવાર એવી ભ્રાંતિ થયા કરતી હોય છે.'

'આ સંબંધમાં એવું પણ હોય, પરંતુ આ કર્ણ છે કોણ ?'

'એ તને હમણાં જ કહી બતાવું છું, પરંતુ એના વિશેની એક આશ્ચર્યકારક હકીકતનો તને ખ્યાલ જ નહિ હોય. ક્યાંથી હોય ? મને પણ ક્યાં હતો ? પણ આ તો વિશ્વસ્ત સૂત્રો દ્વારા જાણ્યું ત્યારે જણાયું કે કર્ણ શરીર પર કવચ અને કુંડળ સાથે જ જન્મ્યો છે.'

'કવચ અને કુંડળ સાથે જન્મ્યો છે ?' કુંતીને જાણે કે ધ્રાસકો પડ્યો.

પરંતુ ગાંધારીને એની ચિંતા ક્યાં હતી ?

કુંતીના મુખ પરના ભાવોને નિહાળવાનું પણ એને માટે શક્ય નહોતું એ એક રીતે સારું જ હતું.

એ આગળ બોલી:

'મારી વાત સાંભળીને તને નવાઈ લાગી ને ? મેં એની કલ્પના પહેલેથી જ કરી રાખેલી. પરંતુ એમાં નવાઈ જેવું કશું જ નથી. પરમાત્માની શક્તિ બધું જ કરી શકે તેમ છે. એને માટે કશું જ અશક્ય નથી. કર્ણ હજુ બહુ મોટો નથી થયો તો પણ ખૂબ જ પ્રતાપી છે.'

કુંતીની આંખ આગળ પોતાનો પહેલો કવચકુંડળધારી પુત્ર રમવા માંડ્યો.

એ પણ એવો જ પ્રતાપી હતો ને ?

અત્યારે એ આટલો જ, કર્ણના જેટલો, મોટો થયો હશે.

એને કર્ણની મુખાકૃતિ એ બાળકની મુખાકૃતિ સાથે મળતી લાગી.

એને થયું કે એટલા માટે જ કર્ણ પોતાને ચિરપરિચિત લાગ્યો હશે !

'કર્ણ કોનો પુત્ર છે ? શું એ કોઈ રાજપુત્ર છે ?' એણે પ્રશ્ન કર્યો.

'તું એને રાજપુત્ર ધારે તેમાં તારો જરા પણ દોષ નથી. એના ઉત્તમ લક્ષણો પરથી એ રાજપુત્ર જેવો જ લાગે છે. રાજપુત્રો પણ આટલા બધા સદ્દગુણી, સંસ્કારી ને શક્તિશાળી નથી હોતા. છતાં પણ સૌ કોઈ એને રાજપુત્ર માની લે છે. કોઈ પણ રાજા એને પોતાના પુત્ર ગણાવામાં ગૌરવનો અનુભવ કરે એ સાચું છે, છતાં એ પણ એટલું જ સાચું છે કે એ રાજપુત્ર નથી પરંતુ સૂતપુત્ર છે.'

'સૂતપુત્ર ? એ સૂતપુત્ર હોઈ શકે જ નહિ.' કુંતીના મુખમાંથી ઉદ્દગાર નીકળી પડ્યાં :

'આવો સુંદર યુવાન સૂતપુત્ર ?'

ગાંધારી બોલી:

'કેમ ? સૂતને ઘેર સુંદર બાળક ના જન્મે ? કર્ણ સૂતપુત્ર જ છે. એનો જન્મ ગંગાતટવર્તી ચંપાપુર નગરમાં અધિરથ નામના સૂતને ત્યાં થયેલો છે. એનું માતાનું નામ રાધા છે. ઈશ્વરે એમને ઘણી મોટી ઉંમરે આવો પ્રતાપી પુત્ર આપ્યો છે. બોલ, હવે તો તને શાંતિ થઈને ?'

પરંતુ કુંતીનું અંતર તો ઊલટું અધિક અશાંત બની ગયું. એને વાયુદેવના શબ્દો યાદ આવ્યા.

એમણે જ કહેલું કે પોતે સરિતાપ્રવાહમાં પ્રવાહિત કરેલી પેટી ચંપાપુરની પાસે પહોંચેલી ને ત્યાં રહેતાં એક પરિવારને પ્રાપ્ત થયેલી. એટલે પોતે ત્યાગેલો પુત્ર જ કર્ણ છે એની એને ખાતરી થઈ. એની પ્રાપ્તિ પોતાને હસ્તિનાપુરમાં થવાની છે એવું પણ વાયુદેવે ભાખેલું.

પરંતુ એ વાત પોતે કોને કહી બતાવે ? અને કેવી રીતે તથા કોને કહી બતાવે કે કર્ણ સૂતપુત્ર નથી પરંતુ રાજપુત્ર, દેવતાના અલૌકિક આશીર્વાદરૂપે પ્રકટેલો પુત્ર, પોતાનો પુત્ર છે ? ગાંધારીથી પણ એ બધી હકીકત ગુપ્ત જ રાખવાની છે. એ ભૂલેચૂકે પણ પ્રકટ ના થાય એમાં જ શ્રેય છે.

ગાંધારી કહે છે તેમ કર્ણનો જન્મ અધિરથ નામના સૂતને ત્યાં નહિ જ થયો હોય. સૂતને તો મોટી ઉંમરે એની પ્રાપ્તિ થઈ હશે અને એના પાલક પિતા થવાનું સદ્દભાગ્ય સાંપડ્યું હશે. ચંપાપુરમાં તો એ વાતની માહિતી સૌને હશે, અને અહીં પણ કોઈ કોઈ એ વાતને જાણતા હશે, પરંતુ ગાંધારી એથી અનભિજ્ઞ હશે છતાં પણ હરકત નહિ, જ્યાં સુધી એ હકીકત એની મેળે જ પ્રકટ થાય નહિ ત્યાં સુધી મારે એને પ્રકટ કરવાની જરૂર નથી. એ જ બરાબર છે.

એણે પૂછ્યું:

'તો પછી કર્ણ ચંપાપુરથી અહીં કેવી રીતે ને શા માટે આવ્યો ?'

ગાંધારી બોલી:

'તને પણ કર્ણ પ્રત્યે પ્રેમ થયો લાગે છે માટે જ તું એના વિશે વધારે ને વધારે જાણવાની ઈચ્છા રાખે છે, પણ એમાં તારો દોષ જરા પણ નથી. એ છોકરો જ એવો સુંદર, સદ્દગુણી ને પ્રતાપી કે એને જોનારને એને માટે પ્રેમ થઈ જાય છે. એની અસાધારણતાની પ્રતીતિ તો એ એક જ હકીકતથી થઈ જાય છે કે એ જન્મ્યો છે ત્યારથી જ કવચ તથા કુંડલ સાથે જન્મ્યો છે. એવો દૈવી બાળક તો જગતમાં બીજો કોઈ જ નહિ હોય. તેં જોયો હોય તો ભલે પરંતુ મેં તો નથી જોયો કે નથી સાંભળ્યો.'

'હું પણ ક્યાંથી જોઉં ? આ તો ખરેખર અદ્દભુત બાળક છે.'

'એના પિતા અધિરથ અહીં રાજા ધૃતરાષ્ટ્રની અશ્વશાળામાં સેવા કરવા રહ્યાં છે. એમણે કર્ણને દુર્યોધન જેવા બીજા રાજપુત્રો સાથે ભણવા મૂક્યો છે. એની બુદ્ધિ ઘણી તીક્ષ્ણ હોવાથી એ પ્રત્યેક વિષયમાં બીજા કરતાં ઝડપથી આગળ વધી જાય છે. દુર્યોધનનું મન એની સાથે મળી ગયું છે. એ બંને વચ્ચે ઘનિષ્ઠ મિત્રતાનો સંબંધ હોવાથી કોઈ કોઈ વાર એ અહીં આવી જાય છે. પહેલાં એનું નામ વસુષેણ હતું પણ હવે એને સૌ કર્ણ કહે છે.'

એ દિવસ કુંતીને માટે ભારે વિચિત્ર રીતે પસાર થયો.

કર્ણની મૂર્તિ એની આંખ આગળ દિનભર રમતી રહી.

એણે એના અંતરને એકવાર ફરીથી સંવેદનશીલ બનાવી દીધું.

એ મૂર્તિ એને અવારનવાર કહેવા માંડી:

'તેં તારી ઈચ્છાથી જ મને જન્મ આપ્યો ને પછી તરત કઠોર થઈને મારો ત્યાગ કર્યો તોપણ મારું જીવન સલામત રહ્યું. થોડાંક વરસોનો ગાળો વીતવા દઈને હું ફરી પાછો તારી આગળ આવીને ઊભો રહ્યો છું. તેં મને ઓળખી લીધો છે પણ ખરો. તારી ભૂલને સુધારવાનો અવસર તને તારા જીવનમાં પ્રાપ્ત થયો છે. એનો લાભ ઉઠાવવો હોય તો ઉઠાવી લે.'

'પરંતુ ગાંધારીના કહ્યા પ્રમાણે ખરેખર તું સૂતપુત્ર જ હશે તો ?'

'હજુ પણ તને એ વાતની શંકા થાય છે ? એ વિશે ગાંધારીને કે બીજા કોઈને પૂછવાને બદલે તારા હૃદયને જ પૂછી જોને ! બીજાનાં અભિપ્રાયોથી દોરવાઈ જવાને બદલે તારા પોતાના આત્માના અભિપ્રાયને જ મહત્વનો માની લે ને ! તારો આત્મા શું કહે છે ?'

કુંતી આગળ દલીલ ના કરી શકી. પણ એ એટલું બોલી કે તું કોઈ બીજાનો પુત્ર નથી પણ મારો જ પુત્ર છે. મારું અંતર એની સાક્ષી પૂરે છે. છતાં પણ એ વાત હમણાં જાહેર નહિ કરી શકું.

'એનો અર્થ એમ કે તું ડરપોક છે, કાયર છે. તારામાં સત્યને સ્વીકારવાની વૃત્તિ ને સત્યનો પ્રેમ નથી. ડર કોઈનો ના હોવો જોઈએ. લોકોનો, શાસ્ત્રોનો, પરંપરાનો કે ગુરુજનોનો પણ નહિ. સત્ય પક્ષે ઊભા રહેવાની વૃત્તિ હંમેશા કેળવવી જોઈએ.'

'એ વાતનો સ્વીકાર કરું છું છતાં પણ અત્યારે આપણા અંગત સંબંધની વાત ગુપ્ત જ રાખવી પડશે.'

રાતે પણ એને ઘણાં લાંબા વખત પછી ઊંઘ આવી ત્યાં સુધી કર્ણની મુખાકૃતિ એની આંખ આગળ રમતી રહી અને એને ભાતભાતના વિચારો ઘેરી વળ્યાં.

એનું કાળજું ઉત્તરોત્તર કરુણ બનતું ગયું.

એ પછીના અઠવાડિયામાં એણે ખાસ ગુપ્તચરની મદદથી યુક્તિપૂર્વક એ માહિતી પણ મેળવી લીધી કે કર્ણ અધિરથ અને રાધાનો પોતાનો પુત્ર ન હતો પણ પાલક પુત્ર હતો. એ પુત્ર એમને સરિતામાં પ્રવાહિત થઈને આવેલો એક પેટીમાંથી જ મળેલો. ત્યારે જ એને શાંતિ થઈ.

એ માહિતી કોઈની આગળ પ્રકટ કરી શકાય તેમ નહોતી છતાં પણ એને મેળવીને એને નિરાંત તો વળી જ. પરંતુ એ નિરાંત ક્ષણજીવી નીવડી.

કર્ણ પોતાનો છે એ સંબંધમાં એને કોઈ શંકા ના રહી પરંતુ એથી તો એની વેદના વધી ગઈ.

એ વેદના એને વ્યથિત કરવા લાગી.

એક વસ્તુ પોતાની હોય, પોતાની તદ્દન પાસે હોય છતાં પણ એ પોતાની છે એવું નિસ્સંકોચ રીતે જાહેર કરીને એના પર પોતાનો અધિકાર પ્રસ્થાપિત ના કરી શકાય ત્યારે હૃદય કેટલી બધી બેચેની કે કરુણતાનો અનુભવ કરે ?

એવી જ બેચેની કે કરુણતા એના જીવનમાં ફરી વળી.

એને થયું, એના હૃદયે કબૂલ કર્યું કે વાયુદેવના કથન પ્રમાણે કર્ણનું પુનર્મિલન થયું તો ખરું પરંતુ એ મિલન અધૂરું રહ્યું ભવિષ્યમાં કોઈવાર એ પૂરું થાય ત્યારે ખરું.

* * *

## ૧૮. દુર્યોધનનો દ્વેષભાવ

પાંડુની શ્રાદ્ધ ક્રિયા પૂરી થયા પછી એમનાં કુટુંબીજનો ચિંતીત અને દુઃખી રહ્યાં.

સત્યવતીનો શોક પણ ચાલુ જ રહ્યો.

એને આશ્વાસન આપવા માટે એક દિવસ મહર્ષિ વ્યાસ હસ્તિનાપુરમાં આવી પહોંચ્યા.

સત્યવતીને શાંતિ આપવા એમણે પોતાનાથી બનતો પ્રયત્ન કરી જોયો ને કહ્યું:

'પાંડુના મૃત્યુનું દારુણ દુઃખ તમને થઈ રહ્યું છે એ તદ્દન સ્વાભાવિક છે છતાં પણ આવે વિપરીત વખતે ધીરજ, હિંમત તથા સહનશક્તિથી કામ લઈને તમારે બનતી શાંતિ રાખવી જોઈએ. મારી દૈવી દૃષ્ટિથી જોઈ શકું છું કે આગળ પર વધારે દુઃખદ દિવસો આવી રહ્યા છે. દિનપ્રતિદિન પાપવૃત્તિ વધતી જશે. છળકપટ અને દોષથી લોકોનાં મન ભરપૂર બનશે. સદાચાર લુપ્ત થતો જશે. હસ્તિનાપુરમાં અત્યારના જેવી સુવ્યવસ્થા તેમજ શાંતિ નહિ રહી શકે. ધૃતરાષ્ટ્રના પુત્રોના અનીતિમય વર્તનને લીધે અંદરઅંદર ભયંકર સંહાર ફાટી નીકળશે.'

'એ પરિસ્થતિમાં તો મને અહીં રહેવું ગમશે નહિ. એના કરતાં તો કાળ મને લઈ લે તે સારું. ઉઘાડી આંખે કુળનો સંહાર તથા નાશ જોવા કરતાં આંખને વેળાસર બંધ કરી દેવી એ જ વધારે સારું છે. પણ એ કાંઈ આપણા હાથમાં થોડું જ છે ? મારે માટે શું શ્રેયસ્કર છે તે મને નથી સમજાતું.'

સત્યવતીના શબ્દો સાંભળીને વ્યાસે કહ્યું:

'એ ભયંકર નરસંહાર ઘણો મોડો થવાનો છે એટલે એને જોવા માટે તમે નહિ રહી શકો. છતાં પણ મારી સલાહ એ જ છે કે તમે હવે એકાંતવાસ કરીને તમારા મનને તપશ્ચર્યામાં લગાડી દો. તમારે માટે જીવનના આ પાછલા દિવસોમાં એ જ શ્રેયસ્કર છે.'

સત્યવતીને એ સલાહ પસંદ પડી.

એણે અંબિકા અને અંબાલિકા સાથે એકાંતસેવન તેમ જ તપશ્ચર્યા માટે વનમાં જવાની તૈયારી કરી.

એ કામમાં ભીષ્મની અનુમતિ પણ મળી ગઈ.

સત્યવતીએ અરણ્યના એકાંતવાસ માટે પ્રસ્થાન કરતાં પહેલાં ભીષ્મને કહ્યું:

'મારા દિલમાં એક ડંખ રહી ગયો છે ને કાયમ માટે રહી જશે. મૃત્યુ વખતે પણ એ મારે માટે વેદનાજનક સાબિત થશે.'

'કયો ડંખ ?'

'એની કલ્પના બીજા કોઈથી નહિ કરી શકાય. એ તો હું જ જાણું છું. છતાં પણ પ્રસંગ નીકળ્યો છે તો કહી દઉં. મારું દિલ એ વાતનું દુઃખ હંમેશા અનુભવી રહ્યું છે કે મારે લીધે તમારું જીવન એકલવાયું ને દુઃખી બની ગયું.'

'કેવી રીતે ? મને તો એવું નથી લાગતું.'

'નથી લાગતું એ તમારી મોટાઈ છે, ભીષ્મ ! બાકી મને તો એવું જ લાગે છે. મારે લીધે તમારે આજીવન અવિવાહિત રહેવું પડ્યું એ શું મારો ઓછો અપરાધ છે ?'

'એમાં અપરાધ જેવું કશું જ નથી.' ભીષ્મે જણાવ્યું.

'એ તો તમે કહો છો એટલે ને ? પરંતુ મારું મન એમ સહેલાઈથી કેમ માને ? હું તો એને અપરાધ જ માનું છું. મારા સ્વાર્થ માટે થયેલો એક મોટામાં મોટો ઘોર અપરાધ. પશ્ચાતાપ તેમજ કઠોર વ્રતતપ વિના મારાથી એ ભયંકર અક્ષમ્ય અપરાધમાંથી બીજી કોઈયે રીતે નથી છુટાય એવું. લગ્નજીવન માનવને માટે કેટલું બધું આવશ્યક અને આનંદદાયક છે એ જાણવા છતાં મેં મારા પિતા સાથે મળીને તમને એથી વંચિત કર્યા.'

'બીજાને માટે એ આનંદદાયક અને આવશ્યક હશે, પરંતુ મારે માટે નહોતું માટે તો મારો પ્રવેશ એમાં ના થયો. મને એનું લગાર પણ દુઃખ નથી લાગતું. ઊલટું સુખ જ સુખ લાગે છે. મેં મારા પિતાને સુખી કરવા માટે જે જરૂરી હતો તે ભોગ આપ્યો એની મને શાંતિ છે. એ ભોગ આપવાનો અવસર આવી મળ્યો એને મારું સદ્દભાગ્ય સમજું છું. તમે તેનું લેશ પણ દુઃખ ના લગાડો એવી વિનતિ કરું છું. મારો ભોગ તમારી શાંતિ માટે પણ અપાયો હોવાથી તમે દુઃખી ના થાવ એ આવશ્યક છે.'

સત્યવતી વેદનાયુક્ત સ્વરે કહેવા માંડી:

'એ વખતે તો મારી દૃષ્ટિ સ્વાર્થી તથા મોહાંધ હોવાથી મેં તમારી પાસેથી જે વચન લઈ લીધું તેનું દુઃખ મને ના થયું. પરંતુ હવે મારામાં ફેરફાર થયો છે. મારી દૃષ્ટિ વિશાળ બની છે. એને લીધે મારી ભૂલને સહેલાઈથી સમજી શકું છું. તમે રાજગાદી પરથી તમારો અધિકાર પાછો ખેંચી લીધેલો એ પૂરતું હતું. છતાં પણ એટલેથી સંતોષ માનીને અટકી જવાને બદલે મેં સાશંક બનીને તમારી પાસે આજીવન અવિવાહિત રહેવાની પણ પ્રતિજ્ઞા કરાવી. એવી પ્રતિજ્ઞા તમારા વિના કોઈ ભાગ્યે જ કરી શકે. એ પ્રતિજ્ઞાની કોઈ જરૂર ન હતી એવું તમને નથી લાગતું. ?'

ભીષ્મે કાંઈક ગંભીરતાથી કહ્યું:

'એ પ્રતિજ્ઞાની જરૂર હતી કે નહિ એની ચર્ચા કરવાથી હવે શો હેતુ સરે તેમ છે ? જે થવાનું હતું તે થઈ ગયું. હવે એનો અફસોસ કરવો નકામો છે. મારી આજીવન અવિવાહિત રહેવાની પ્રતિજ્ઞાથી તમને તે વખતે શાંતિ જ થયેલી એ જ એ પ્રતિજ્ઞાની આવશ્યકતા પુરવાર કરી બતાવે છે.'

'તમે કોઈ અપરાધ કર્યો જ નથી પછી ક્ષમા કરવાનો સવાલ જ ક્યાં ઊભો થાય છે ?'

'છતાં પણ મારી શાંતિ માટે કહી દો કે તમે મને ક્ષમા કરી.'

'જે થાય છે તે સારાને માટે જ થાય છે એવી મારી શ્રદ્ધા છે. છતાં પણ મારા કહેવાથી તમારા સંતપ્ત અંતરને સહેજ પણ શાંતિ થતી હોય તો જાવ મેં તમને સંપૂર્ણપણે ક્ષમા કરી દીધી.'

ભીષ્મના શબ્દોથી સત્યવતીને શાંતિ વળી. એણે જણાવ્યું :

'તમારા શબ્દો મારે માટે મોટામાં મોટા આશ્વાસનરૂપ થઈ પડશે. જ્યારે પણ મરવાનું થશે ત્યારે હવે હું શાંતિથી મરી શકીશ.'

સત્યવતીએ વનમાં રહીને કઠોર તપશ્ચર્યા કરી.

અંબિકા અને અંબાલિકાએ પણ એની સાથે રહીને તપ કર્યું અને એની સેવામાં મન પરોવી દીધું.

છેવટે ક્રમે ક્રમે એ ત્રણેનાં શરીર શાંત થયાં.

એ સમાચાર હસ્તિનાપુર પહોંચ્યા ત્યારે સૌ શોકમગ્ન બની ગયાં.

સત્યવતીની લાગણીની યાદ કરીને ભીષ્મની આંખમાંથી પણ અશ્રુ ટપકી પડ્યાં.

એથી વિશેષ અનુરાગપૂર્ણ અંજલિ એ એને ભાગ્યે જ આપી શકત.

હસ્તિનાપુરમાં પ્રસરેલો શોક ધીમે ધીમે ઘટતો ગયો.

કુંતીના બધા પુત્રો દિનપ્રતિદિન મોટા થતા ગયાં.

ભીષ્મે એમના શિક્ષણનો સમુચિત પ્રબંધ કર્યો.

એનો લાભ લઈને થોડી જ વારમાં એ મેધાવી બન્યા.

વેદપાઠ, શાસ્ત્રાભ્યાસ તથા બીજી વિદ્યામાં એમણે પ્રવીણતા મેળવી.

ભીષ્મ અને ધૃતરાષ્ટ્રની સૂચનાનુસાર કૃપાચાર્યે એ સૌને દુર્યોધનાદિ ધૃતરાષ્ટ્રપુત્રોની સાથે શસ્ત્રવિદ્યા શીખવવા માંડી.

એ વિદ્યામાં પણ એ જોતજોતમાં આગળ વધવા માંડ્યા.

એમની વચ્ચે પુષ્કળ પ્રેમભાવ હતો.

એ દુર્યોધનાદિ ધૃતરાષ્ટ્રના પુત્રો સાથે પ્રેમથી હરતા ફરતા ને ક્રીડા કરતા: પરંતુ દુર્યોધનનો સ્વભાવ જરા જુદો હતો. એને ભીમ સાથે જરા પણ ના બનતું.

ભીમસેનની શક્તિ અથવા યોગ્યતા એવી અસાધારણ હતી કે એ જોઈને એને ઈર્ષા થતી.

દોડવામાં, નિશાન તાકવામાં, ખાવામાં ને જુદી જુદી રમતો રમવામાં ભીમ દુર્યોધન અને એના બધા જ બંધુઓને હરાવી દેતો.

કોઈવાર છૂપી રીતે પાછળથી આવીને એ એમનાં મસ્તક પકડતો ને એકમેકના મસ્તક સાથે ભટકાવતો.

કોઈવાર એમના વાળ ખેંચતો અને એમને જમીન પર પાડીને ઘસડતો. એથી એ સૌનાં શરીર છોલાઈ જતાં.

દુર્યોધન બીજા ભાઈઓ સાથે વૃક્ષ પર ચઢીને ફળ તોડતો ત્યારે એ વૃક્ષને હલાવતો. એથી ફળની સાથે એ બધા ભાઈઓ વૃક્ષો પરથી નીચે પડતા તથા ઈજા પામતા.

એના મનમાં કોઈના પ્રત્યે વેરભાવ ના હોવા છતાં દુર્યોધન એના પર દુર્ભાવ રાખતો.

એ ભીમના દોષ જ દેખ્યા કરતો.

દોષદર્શનની એ વૃત્તિ વધવાથી એ ભીમનો વેરી બની રહ્યો.

એણે ભીમને ગંગામાં ડુબાડી દઈને કે ઝેર આપીને મારી નાખવાનો અને યુધિષ્ઠિર તેમ જ અર્જુનને કેદ કરીને પૃથ્વીનું રાજ્ય કરવાનો નિર્ણય કર્યો. એની પૂર્તિ માટે એણે એક યોજના તૈયાર કરી.

ગંગાના તટપ્રદેશ પરના પ્રમાણકોટિ નામે સ્થાનમાં જલવિહારનો કાર્યક્રમ ઘડીને એણે સૌને આમંત્રણ આપ્યું.

એ સ્થાનમાં તંબુ નાખવામાં આવ્યા, અને એમને સુંદર ભોગસામગ્રીથી સજાવવામાં આવ્યાં.

એ સ્થાનને ઉદકક્રીડનનું નવું નામ આપવામાં આવ્યું.

રસોઈમાં કુશળ રસોઈયાઓ ત્યાં ભાતભાતની સ્વાદિષ્ટ ભોજનસામગ્રી બનાવવાના વ્યવસાયમાં લાગી ગયાં.

દુર્યોધનના આમંત્રણને માન આપીને યુધિષ્ઠિર એ સ્થળમાં પોતાના ભાઈઓ સાથે આવી પહોંચ્યા.

વનની સુંદરતાનું નિરીક્ષણ કરતા સૌ ઉપવનમાં પ્રવેશ્યા ને ભોજનનો આનંદ લેવા લાગ્યા.

દુર્યોધને ભીમને મારી નાખવાના ઉદ્દેશથી પ્રેરાઈને એને માટે વિષવાળું અલગ ભોજન ખૂબ ખૂબ આગ્રહ કરીને પીરસવા માંડ્યું.

ભીમે એ ભોજન અજ્ઞાત દશામાં પૂરેપૂરું આરોગી લીધું.

એ પછી પૂર્વયોજિત કાર્યક્રમ પ્રમાણે જલક્રીડાનો આરંભ થયો.

જલક્રીડા કરતાં કરતાં ભીમને થાક લાગવાથી એ સૌની સાથે ઉતારા પર આવીને સૂઈ ગયો.

ભોજન દ્વારા આપવામાં આવેલું વિષ એના અંગેઅંગમાં ફેલાઈ જવાથી થોડા વખતમાં તો એ નિશ્ચેત બની ગયો.

એ દેખીને દુર્યોધનના આનંદનો પાર ના રહ્યો.

પોતાની ધારેલી યોજના પાર પડવાથી એને ખૂબ જ સંતોષ થયો.

એણે ભીમના નિશ્ચેત શરીરને વેલના દોરડાથી બાંધીને ગંગાના પ્રબળ ગતિથી વહેતા પ્રવાહમાં ધકેલી દીધું.

દુર્યોધન ભીમનો નાશ કરવા માટે કૃતસંકલ્પ હતો પરંતુ ભીમનું મૃત્યુ એટલું નજદીક ન હતું. એનું જીવન હજુ શેષ હોવાથી એ બદ્ધદશામાં જ નાગલોકમાં જઈ પહોંચ્યો.

ઉદકક્રીડન સ્થાનમાં કૌરવો ને પાંડવો જ્યારે ઘોર નિદ્રામાંથી જાગ્રત થયા ત્યારે, દિવસભરની આનંદક્રીડાથી સંતુષ્ટ થઈને હસ્તિનાપુર તરફ ચાલવા લાગ્યાં.

બધાએ માની લીધું કે ભીમ વહેલો ઊઠીને આગળ ગયો છે.

દુર્યોધનના કુકર્મની ખબર કોઈને ના પડી.

યુધિષ્ઠિરને તો એની ગંધ પણ ના આવી.

એ દુર્યોધનને પોતાના જેવો જ સરળ, સ્નેહયુક્ત ને નિષ્કપટ માનતા હોવાથી એના કુવિચારની કલ્પના પણ એમને ના આવી શકી.

ઘેર આવીને એમણે કુંતીને પૂછ્યું :

'ભીમના કોઈ સમાચાર ?'

કુંતીએ ઉત્તર આપ્યો :

'મારા કરતાં એના સમાચાર તું વધારે જાણતો હોઈશ. એ તારી સાથે રમવા આવ્યો'તો ને ?'

'રમવા તો આવેલો પરંતુ ત્યાંથી અમને સૌને છોડીને એ ક્યારે ને ક્યાં ગયો તેની કાંઈ ખબર જ ના પડી. અમે એને આજુબાજુ બધે જ શોધી જોયો પરંતુ એ ક્યાંયે મળ્યો જ નહિ ત્યારે માની લીધું કે કદાચ એ ઘેર પહોંચી ગયો હશે.'

'અહીં તો એ હજુ સુધી આવ્યો જ નથી.'

'તો પછી એ ગયો ક્યાં ?'

કુંતીની ચિંતા વધી પડી. એણે વિદુરને બોલાવીને સઘળી હકીકત કહી સંભળાવી ને કહ્યું:

'મને તો એમ લાગે છે કે દુરાત્મા દુર્યોધને રમતગમતના નામે કાવતરું કરીને કદાચ એને મુસીબતમાં મૂકી દીધો હોય. એ એની ઉપર પહેલેથી જ વેરભાવ રાખતો એટલે એનું ભલું પૂછવું. મને તો એનો વિશ્વાસ આરંભથી જ નહોતો આવતો. એટલા માટે તો મેં આ બધાને રમવા ને જમવા જવાની ના પાડેલી, પણ મારી ઉપરવટ થઈને એ ગયા તો પરિણામ કેવું માઠું આવ્યું ? દુર્યોધન ઘણો ક્રુર, ક્ષુદ્ર, સ્વાર્થી અને મલિન મનનો છે. એને ભીમ જરા પણ નથી ગમતો. એને એણે મારી નાખ્યો ના હોય.'

વિદૂરે એને હિંમત આપીને કહ્યું:

'એવા વિચારો કરીને દુઃખી ના થાવ. વ્યાસના કથનાનુસાર તમારા પુત્રો દીર્ઘાયુ છે એટલે દુર્યોધન ધારશે કે ગમે તેટલા ઘાટ ઘડશે તોપણ એમનો નાશ નહિ કરી શકે. એ દેવતાઓના આશીર્વાદથી પ્રાપ્ત થયેલા હોવાથી એ એમનો વાળ પણ વાંકો નહિ કરી શકે. દુર્યોધનને અત્યારે એ સંબંધમાં કાંઈક પૂછવા જતાં વાત વિફરશે અને એ વધારે રોષે ભરાશે એટલે મૌન સેવવું જ વધારે સારું છે. ભીમ જ્યાં પણ હશે ત્યાંથી જરૂર પાછો આવી પહોંચશે.'

નવમે દિવસે ભીમ સંપૂર્ણ સ્વસ્થ થઈને ઘેર પાછો આવ્યો ત્યારે કુંતી, વિદૂર ને યુધિષ્ઠિરાદિ ભાઈઓને અત્યંત આનંદ થયો. ભીમના શરીર પર હેતાળ હાથ ફેરવતાં કુંતીએ પૂછ્યું:

'ભાઈ, તું કુશળ તો છે ને ! આટલા બધા દિવસો સુધી તારા કશા સમાચાર જ ના મળ્યા એટલે મને તો કાંઈનું કાંઈ થઈ ગયું. અનેક જાતના અમંગલ વિચારો પણ આવવા માંડ્યા. તું આટલો વખત હતો ક્યાં ?'

'નાગલોકમાં.'

'નાગલોકમાં ?' કુંતીએ આશ્ચર્ય પ્રકટ કરતાં પૂછ્યું: 'ત્યાં કેવી રીતે જઈ પહોંચ્યો ?'

'દુર્યોધનની મદદથી. એને લીધે જ મને એ લોકમાં પ્રવેશવાનું સૌભાગ્ય સાંપડી શક્યું.'

'એણે તો તને સૌની સાથે જલવિહાર માટેનું આમંત્રણ આપેલું.'

'સાચું છે. એ આમંત્રણનો સ્વીકાર કરીને તો અમે ત્યાં જઈ પહોંચેલા. પરંતુ મને લાગે છે કે એનો ગેરલાભ લઈને એણે મને ઝેરમિશ્રિત ભોજન કરાવ્યું, ને પાછળથી જળક્રીડા કરીને થાકીને લોથપોથ થવાથી ઊંઘી જતાં એકાંતનો લાભ લઈને એણે જ મને વેલથી બાંધીને અચેત અવસ્થામાં ગંગામાં નાખી દીધો. એ મને મારી નાખવા માગતો'તો અને હજુ પણ મરેલો જ માનતો હશે, પણ મારું જીવન બાકી હતું એટલે હું બચી ગયો. એની બધીયે બાજી ઊંધી વળી.'

'ખરેખર, તારું આયુષ્ય બળવાન હોવાથી જ તું બચી ગયો. ને અમારી પાસે પાછો આવી શક્યો, નહિ તો......' યુધિષ્ઠિર આગળ ના બોલી શક્યા. એમનું ગળું રૂંધાઈ ગયું.

કુંતીએ એમના વાક્યને પૂરું કરતાં કહ્યું:

'નહિ તો અમારું આખુંયે જીવન અકારું બની જાત. જે દેવે આશીર્વાદ આપીને તને જન્માવ્યો તે જ દેવે અણીને વખતે તારી રક્ષા કરી. એમના અનુગ્રહથી જ તું જીવતો રહી શક્યો.'

ભીમે કહ્યું:

'એ તો સાચું જ છે પરંતુ એ પણ સાચું છે કે દુર્યોધન મારો નાશ કરવા માગતો'તો છતાં પણ હું વધારે શક્તિની પ્રાપ્તિ કરીને પાછો ફર્યો છું.'

‘કેવી રીતે ? નાગલોકમાંથી કેવી રીતે પાછો ફર્યો તે તો કહી બતાવ.’

કુંતી, યુધિષ્ઠિર ને બીજા ભાઈઓએ તથા વિદૂરે એની આપવીતી સાંભળવાની ઈચ્છા પ્રદર્શિત કરી એટલે એણે આગળ કહેવા માંડ્યું:

‘નાગલોકમાં મને વિષમય સાપો કરડવા માંડ્યા એથી મારા શરીરમાંથી વિષનો પ્રભાવ દૂર થયો. વિષ ઉતરવાથી મને ભાન આવ્યું. એ વખતે મારી પાસે વાસુકિ નાગ આવી પહોંચ્યો. એના સાથી આર્યક નાગે મને ઓળખી લીધો.’

‘એ તો આપણા સ્નેહી કે સંબંધી થાય.’

‘હા. મને એની માહિતી નહોતી પરંતુ એમણે પોતાનો પરિચય આપ્યો. વાસુકિએ મને પુષ્કળ ધન તેમ જ રત્નો આપીને પાછો મોકલવાની સૂચના કરી ત્યારે એમણે જણાવ્યું કે ધન તથા રત્નોને લઈને એ શું કરશે ? તમે એના પર પ્રસન્ન થયા હો તો એને પેલા અલૌકિક કુંડોનો રસ પીવાનો આદેશ આપો. એ રસના પાનથી હજારો હાથીનું બળ મળે છે. એ બળ એને આગળ પર કામ લાગશે.’

‘પછી ?’

‘પછીની કલ્પના સહેલાઈથી કરી શકાય તેમ છે. વાસુકિએ આર્યકના પ્રસ્તાવનો સ્વીકાર કર્યો. એને પરિણામે મને એ અલૌકિક કુંડોનો રસ પીવાનો લાભ મળ્યો ને અસાધારણ બળની પ્રાપ્તિ થઈ. નાગોએ મને જણાવ્યું કે આ રસના પાનને લીધે તમને દસ હજાર હાથીના સામર્થ્ય જેટલું સામર્થ્ય પ્રાપ્ત થશે. યુદ્ધમાં તમને જીતવાનું કોઈને માટે શક્ય નહિ બને. હવે તમે દૈવી પાણીથી સ્નાન કરો ને શુદ્ધ સફેદ વસ્ત્ર પહેરીને હસ્તિનાપુર જવા તૈયાર થાવ. ત્યાં જઈને તમારી માતા કુંતીને તથા ભાઈઓને શાંતિ આપો. તે તમારા વગર ઘણાં વ્યથિત હશે.’

‘આ તો ઘણું અવનવું લાગે તેવું છે. નાગોએ તારે માટે ખૂબ જ લાગણી બતાવી તથા તને અણીને વખતે મૂલ્યવાન મદદ કરી.’

‘એ લાગણી તથા મદદ મારાથી કદી પણ નહિ ભૂલી શકાય. એનો બદલો પણ કેમે કરીને નહિ વાળી શકાય. નાગોએ મને ઉદકક્રીડનના પેલા ઉપવન સુધી ફરી પાછો પહોંચાડી દીધો ને મારી વિદાય લીધી. દુર્યોધન મારું અમંગલ કરવા ગયો પરંતુ એણે યોજેલો પ્રસંગ મારે માટે આશીર્વાદરૂપ થઈ પડ્યો. એ પ્રસંગને હું જીવનભર નહિ ભૂલી શકું. દુર્યોધનની વેરવૃત્તિને પણ નહિ ભૂલી શકું. વખત મળતાં અથવા અનુકૂળ અવસર ઉપસ્થિત થતાં એને મારા બાહુબળનો પરચો બતાવી આપીશ. ત્યારે એને ખબર પડશે કે એની સાથે કામ લેવામાં હું પણ પાછો નથી પડું એવો.’

કુંતીએ થોડીવાર શાંતિ રાખીને કહ્યું:

‘દુર્યોધને ખૂબ જ ખરાબ કામ કરી નાખ્યું. એ તો તારું આયુષ્ય બળવાન એટલે તું બચી ગયો નહિ તો બચી શકત જ નહિ. છતાં પણ જે થવાનું હતું તે થઈ ગયું. એ તારા પર વેરભાવ ભલે રાખે. તું એના પર વેરભાવ ના રાખે એ જ ઉચિત છે. આખરે એ પસ્તાશે.’

‘અત્યારે તો એવું કોઈ ચિહ્ન નથી દેખાતું.’

'ભલે ના દેખાય. એથી આપણને કશું જ નુકશાન નથી થવાનું. નુકશાન એને જ થશે. જે ખાડો ખોદે છે તે જ તેમાં પડે છે એ નિયમ છે.'

યુધિષ્ઠિરે કુંતીના શબ્દો સાથે સંમત થઈને એવો જ અભિપ્રાય આપતાં કહ્યું:

'આ આખીયે ઘટનાને ગુપ્ત રાખવી જ હિતાવહ છે. મનમાં સઘળું સમજવું ને સારી પેઠે સમજવું પરંતુ બહારથી ઊહાપોહ ના કરવો એ નીતિ વધારે સારી છે.'

'કેમ ? આપણને દુર્યોધનનો ડર લાગે છે ?' ભીમ બોલી ઊઠ્યો.

'ડર નથી લાગતો પણ એનાથી સંભાળીને ચાલવું સારું.'

વિદૂરે જણાવ્યું:

'દુર્યોધનના જન્મ વખતે થયેલા અપશુકન સાચા પડવાનો પ્રારંભ થઈ ચૂક્યો લાગે છે. પોતાની દુષ્ટ પ્રકૃતિથી પ્રેરાઈને એ કુળનો નાશ ના કરી નાખે તો સારું. આ પ્રસંગ પરથી સાવધ રહીને તમે એકમેકની રક્ષા કરજો. કદી પણ ગફલતમાં ના પડાય તેનું ધ્યાન રાખજો.'

દુર્યોધનને ભીમના પાછા ફરવાની ખબર પડી ત્યારે એને ઘણી નવાઈ લાગી. એનો બધો આનંદ ઊડી ગયો.

પોતાના કુકર્મની કોઈને જાણ નહોતી થઈ એટલા પૂરતો એ નિશ્ચિંત હતો.

એનો વેરભાવ ઘટવાને બદલે વધતો જ ગયો.

એ વેરભાવને વશ થઈને એણે ભીમસેનના સારથિને મારી નાખ્યો ત્યારે પણ વિદૂરે પાંડુપુત્રોને શાંત રહેવાની સલાહ આપી.

દુર્યોધને ભીમને બીજીવાર ઝેર આપ્યું ત્યારે યુયુત્સુએ એ સમાચાર પાંડવોને પહોંચાડી દીધા. કર્ણ તથા શકુનિની મદદથી એણે ભીમને હેરાન કરવાના બનતા બધાં જ પ્રયત્નો કરી જોયા પણ તે નિષ્ફળ ગયા.

વિદૂરની સલાહથી પાંડવો શાંત જ રહ્યાં. દુર્યોધનનો દ્વેષભાવ એમને કદીકદી ઉત્તેજિત કરી દેતો તો પણ એ ઉત્તેજના છેવટે શમી જતી.

* * *

## ૧૯. દ્રોણાચાર્યનો ડંખ

મહર્ષિ ગૌતમના પ્રતાપી, વીર, અશ્ત્રશસ્ત્રકળાકુશળ પુત્ર શરદ્વાનના પુત્ર કૃપાચાર્ય શસ્ત્રવિદ્યામાં પોતાના પિતાની પેઠે કુશળ હોવાથી ભીષ્મ તથા ધૃતરાષ્ટ્રે એમને કૌરવપાંડવને તાલીમ આપવાનું કામ સોંપેલું.

એમણે રાજકુમારોને આપેલી તાલીમને લીધે બધા રાજકુમારો ધનુર્વેદમાં પ્રવીણ થયા.

એ જાણીને ભીષ્મ, ધૃતરાષ્ટ્ર ને વિદુર પ્રસન્ન થયાં.

એમણે કૃપાચાર્યને અભિનંદન આપ્યાં.

રાજકુમારોનું મન રમતગમતમાં પણ મશગૂલ રહેતું. થોડોક અવકાશ મળતો કે તરત જ એ રમત માટે દોડી જતાં.

કૃપાચાર્યે આજે એમને રમત રમવાની સામેથી રજા આપી એટલે એ ઘણા રાજી થઈને હસ્તિનાપુરની બહાર એકાંત વિશાળ મેદાનમાં રમવા માટે નીકળી પડ્યાં.

લાંબા વખત સુધી જુદીજુદી જાતની રમતો રમ્યા પછી એમણે એક સુંદર દડો લઈને રમવાનું શરૂ કર્યું.

થોડોક વખત તો રમતમાં ખૂબખૂબ ઉત્સાહ અને રસ રહ્યો, પરંતુ પછીથી એ ઉલ્લાસ તથા રસ એકાએક મોળો પડ્યો.

રમતાંરમતાં એમનો દડો મેદાનની બાજુના કૂવામાં પડવાથી રંગમાં ભંગ પડ્યો ને રમત અટકી ગઈ.

રાજકુમારોએ દડાને કૂવામાંથી કાઢવાનો ભરચક પ્રયાસ કરી જોયો. પરંતુ એમનો પ્રયાસ નિષ્ફળ ગયો ત્યારે એમને સમજ ના પડી કે હવે શું કરવું !

એ ઉદાસ થઈને દડા તરફ જોવા લાગ્યા, આમતેમ આંટા મારવા માંડ્યા, ને વાતે વળગ્યાં.

એટલામાં એમની દૃષ્ટિ મેદાનના ખૂણામાં બેઠેલા કોઈક બ્રાહ્મણ પર પડી.

એનું શરીર શ્યામ રંગનું ને દુર્બળ હતું.

નિત્યકર્મમાંથી નિવૃત્ત થઈને એ રાજકુમારોની પ્રવૃત્તિનું નિરીક્ષણ કરતો બેસી રહેલો.

રાજકુમારો એ બ્રાહ્મણની પાસે જઈને ઊભા રહ્યા એટલે એમના ઉદાસ મુખમંડળને જોઈને એણે એનું કારણ પૂછ્યું.

રાજકુમારોએ સઘળી હકીકત કહી સંભળાવી એટલે એણે કહ્યું:

‘કૂવામાં પડેલા દડાને કાઢવાની તો તમારામાં શક્તિ નથી, પછી તમે ધનુર્વિદ્યા શીખ્યા છો અને એમાં પ્રવીણ બન્યા છો એવું કેવી રીતે કહી શકાય ? તમારું ક્ષાત્રબળ અને અસ્ત્રકૌશલ અધૂરું છે. તમને કોઈ વિદ્યાગુરુ મળ્યો હોય એવું નથી લાગતું.’

‘અમારા ગુરુ કૃપાચાર્ય છે અને એ ભારે આદર્શ તેમ જ સિદ્ધહસ્ત મનાય છે. એમની બરાબરી કરવાની શક્તિ બીજા કોઈનામાં નથી.’

યુધિષ્ઠિરના શબ્દો સાંભળીને બ્રાહ્મણે સ્મિત કરીને કહ્યું:

‘તમારા ગુરુ આદર્શ ને સિદ્ધહસ્ત છે એ જાણીને મને આનંદ થાય છે પરંતુ એમની બરાબરી કરવાની શક્તિ બીજા કોઈનામાં છે નહિ એ તો તમે પૂરતા અનુભવ વિના કેવી રીતે કહી શકો ? છતાં પણ એ વાત જવા દો.

તમારા સૌના વદન પર છવાયેલી ચિંતા જોઈને મારા અંતરમાં અનુકંપા થઈ છે. તમને મદદ કરવાની ને ચિંતામુક્ત બનાવવાની ઈચ્છા થાય છે. તમે કહેતા હો તો તમારા દડાને કૂવામાંથી બહાર કાઢી આપું.'

'તો તો તમારા જેવું બીજું કોઈયે નહિ.' રાજકુમારો બોલી ઊઠ્યાં: 'અમે તમારો અંતઃકરણપૂર્વક આભાર માનીશું.'

'ઉપહારરૂપે જે કહેશો તે બધું જ આપીશું.'

'તમને બધી રીતે પ્રસન્ન કરીશું.'

'અમે રાજકુમારો છીએ ને તમને અમારી સાથે રાજપ્રાસાદમાં લઈ જઈને તમારો સમુચિત સત્કાર કરીશું.'

'એકવાર તમે અમારા દડાને બહાર કાઢી આપો, પછી જુઓ કે અમે તમારે માટે શું કરીએ છીએ.'

બ્રાહ્મણે પોતાનો સામાન સમેટીને ઊભા થતાં કહ્યું:

'મારે બીજું કશું જ નથી કરવું. એ દડાને બહાર કાઢી આપું તો તમારે મારા ભોજનનો પ્રબંધ કરવો પડશે.'

'બસ ? એટલું જ ? એટલું તો અમે અવશ્ય કરીશું. કૃપાચાર્યની અનુમતિ મેળવીને અમે તમારે માટે એક દિવસનો નહિ પરંતુ રોજનો, કાયમનો, ભોજનપ્રબંધ કરી દઈશું.'

બ્રાહ્મણે પોતાના હાથ પરની વીંટી કૂવામાં નાખી દીધી ને કહ્યું:

'આ મૂઠીભર સળી છે. એ અભિમંત્રિત કરવામાં આવી છે. એક સળીની મદદથી એ દડાને બહાર ખેંચી કાઢું છું.'

બ્રાહ્મણે પોતાના વર્ણવ્યા પ્રમાણેનો પ્રયોગ કરી બતાવ્યો. એ જોઈને રાજકુમારોની નવાઈનો પાર ન રહ્યો. એમણે પ્રસન્નતાને પ્રકટ કરતાં કહ્યું:

'દડાને તો તમે આશ્ચર્યકારક રીતે બહાર કાઢી બતાવ્યો. હવે તમારી વીંટીને પણ કાઢી લો.'

બ્રાહ્મણે બાણનો પ્રયોગ કરીને બાણ સાથે વીંટીને કાઢી બતાવી. એ જોઈને રાજકુમારો ભાવવિભોર બનીને બોલી ઊઠ્યા:

'ધન્યવાદ. ખરેખર ધન્યવાદ.'

'અમારાં અંતઃકરણપૂર્વકનાં અનેક અભિનંદન.'

'આવો અદ્દભુત વિદ્યાપ્રયોગ તો અમે અમારા આજ સુધીના જીવનમાં કદી પણ નથી જોયો.'

'એ તો એકદમ અસાધારણ છે.'

'ખરેખર અસાધારણ.'

'એવો અદ્દભુત પ્રયોગ બીજું કોઈ કરી શકે કે કેમ એ શંકાસ્પદ છે. મને તો નથી લાગતું કે કોઈ કરી શકે.'

યુધિષ્ઠિરે પુષ્કળ પૂજ્યભાવપૂર્વક કહ્યું:

'તમે કરેલી સહાયતા માટે અમે તમારા ઋણી છીએ. કૃપા કરીને અમને તમારો પૂરો પરિચય આપો અને અમારે યોગ્ય કોઈ સેવા બતાવો. તમારો સંસર્ગ અમને અમારા સદ્દભાગ્યને પરિણામે જ પ્રાપ્ત થયો છે. તમારા જેવા મહાપુરુષોનો મેળાપ કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે નથી થતો. પૂર્વનાં પુણ્યો કે સત્કર્મોના ઉદયથી જ એ શક્ય બને છે.'

બ્રાહ્મણે કહ્યું:

‘મારો પરિચય હવે તમને બનતી વહેલી તકે યોગ્ય સમયે થઈ રહેશે. તમે રાજભવનમાં જઈને આ બધી હકીકત ભીષ્મને કહી બતાવજો. એ મેધાવી હોવાથી મારા રૂપ તથા ગુણ પરથી મને ઓળખી લેશે. એ જેમ કરવાનો આદેશ આપશે તેમ કરવા હું તૈયાર રહીશ.’

રાજકુમારોએ ઉલ્લાસપૂર્વક રાજપ્રાસાદમાં પહોંચીને ભીષ્મને બધી વાતથી વાકેફ કર્યા એટલે એ બોલી ઊઠ્યા :

‘એ નિઃસ્પૃહ, અસ્ત્રશસ્ત્રપ્રયોગમાં પારંગત, તેજસ્વી બ્રાહ્મણ બીજા કોઈ નહિ કિન્તુ દ્રોણાચાર્ય જ હોવા જોઈએ.’

‘દ્રોણાચાર્ય ?’

‘હા, દ્રોણાચાર્ય જ. એમના વિના આટલી બધી કુશળતા તથા સિદ્ધહસ્તતા બીજા કોઈની અંદર ના હોઈ શકે. છતાં પણ એ દ્રોણાચાર્ય જ છે કે બીજા કોઈ તેની ખાતરી કરી લઉં.’

ભીષ્મ રાજકુમારો ને મંત્રીઓ સાથે નગરની બહાર મેદાનમાં આવ્યા ત્યારે સૂર્યાસ્ત થવાને થોડો જ સમય શેષ રહેલો.

મેદાનમાં પ્રવેશતાંવેંત જ એ બોલી ઊઠ્યા:

‘મારું અનુમાન સંપૂર્ણ સાચું છે. એ મહાપુરુષ બીજા કોઈ નથી પણ દ્રોણાચાર્ય જ છે. હું એમને ઓળખું છું.’

ભીષ્મને પાસે આવેલા જોઈને દ્રોણાચાર્યે ઊભા થઈને પ્રણામ કર્યા.

ભીષ્મે પણ એમને પ્રણામ કર્યા અને એમનો સમુચિત સત્કાર કરીને કહ્યું:

‘રાજકુમારોએ વર્ણવેલી વિગતો પરથી મેં તમારે માટે જે અનુમાન કરેલું તે સાચું પડ્યું એથી મને અનેરો આનંદ થઈ રહ્યો છે. તમારા જેવા મહાન સત્પુરુષ આવી રીતે નગરની બહાર આશ્રયરહિત દશામાં રહે તે બરાબર નહિ. તમારું સ્થાન તો નગરમાં અને એમાં પણ રાજપ્રાસાદમાં જ હોઈ શકે. માટે મારી વિનંતીનો સ્વીકાર કરીને મારી સાથે નગરમાં પધારવાની કૃપા કરો. ત્યાં તમારો સેવાસત્કાર થઈ રહેશે.’

દ્રોણાચાર્યે કહ્યું:

‘ભીષ્મ ! તમારા મેળાપથી મને ખરેખર આનંદ થાય છે. તમારો વિનય તમારા જેવા લોકમાન્ય મહાપુરુષને અનુરૂપ જ છે. મને સેવા કે સત્કારની ભૂખ નથી, નિષ્કપટ પવિત્ર પ્રેમની ભૂખ છે, અને એથી પ્રેરાઈને જ તમારા આમંત્રણનો સ્વીકાર કરીને હું તમારી સાથે આવવાનું પસંદ કરીશ.’

દ્રોણાચાર્યે ભીષ્મ તથા મંત્રીઓ અને રાજકુમારો સાથે હસ્તિનાપુરમાં પ્રવેશ કર્યો.

રાજપ્રાસાદના વિશાળ પ્રાંગણની બહાર આવેલી અતિથિશાળામાં ભીષ્મે એમને રહેવાનો પ્રબંધ કરી દીધો. એ પ્રબંધથી દ્રોણાચાર્ય પ્રસન્ન થયાં.

રાજકુમારોને ધનુર્વિદ્યા તથા શસ્ત્રવિદ્યા શીખવવાનું કામ પણ ભીષ્મે દ્રોણાચાર્યને સુપ્રત કર્યું.

કૃપાચાર્યે એમને અનુમોદન આપ્યું.

થોડા દિવસો શાંતિપૂર્વક પસાર થયા પછી એક દિવસ ભીષ્મે દ્રોણાચાર્યને અતિથિશાળાને બદલે એક અલંકૃત, આકર્ષક, સુંદર, સ્વતંત્ર ભવનમાં ઉતારો આપ્યો ને પૂછ્યું:

‘તમને અહીં કોઈ પ્રકારનું કષ્ટ તો નથી ને ? સેવામાં સેવકો તરફથી કોઈ જાતની કસર તો નથી રહેતી ?’

'ના, બધી રીતે આનંદ છે.' દ્રોણાચાર્યે ઉત્તર આપ્યો: 'તમારી સૂચનાનુસાર મારી સર્વપ્રકારે સંભાળ રાખવામાં આવે છે. સેવામાં કોઈયે જાતની ત્રુટિ નથી રહેતી.'

'તો પછી તમારા વદન પર વિષાદ કેમ દેખાય છે ? તમારી આંખમાં એક પ્રકારની ઊંડી ઉદાસીનતા લાગે છે. તમારા આત્મામાં અંદરઅંદર જાણે કે તમને કાંઈક ઓછું આવતું હોય એવો આભાસ થાય છે.'

દ્રોણાચાર્યે થોડીક શાંતિ રાખીને કહ્યું:

'એ આભાસ સાચો છે. એ હકીકતને તમારાથી નહિ છુપાવું.'

'તો પછી એનું કારણ શું છે એ કહેશો ? મને તમારો સુહૃદ સમજીને મારાથી કશો પડદો ના રાખશો. તમને ચિંતામુક્ત કે સુખી કરવા મારાથી બનતું બધું જ કરી છૂટીશ.'

'તમારી લાગણી માટે તમારો આભારી છું. મારા દિલમાં એક ડંખ છે. અંતરમાં આઘાત છે. એટલે જ મારા મુખ પર ઉદાસીનતા દેખાતી હશે. એ આઘાત અથવા જખમ જરા ઊંડો છે. છતાં વખતના વીતવા સાથે હળવો થતો જશે.'

'તો પણ....એની વાત તો કહી બતાવો.'

'તમને સાંભળવી ગમશે ?'

'જરૂર.'

'તો કહી બતાવું. તમને કદાચ કલ્પનાયે નહિ હોય કે એ જખમ પંચાલ દેશના રાજા દ્રુપદે કરેલો છે.'

'દ્રુપદે ? એણે વળી એવું શું કર્યું ?'

'એ કથા વિસ્તારથી કહી બતાવું. હું જ્યારે બ્રહ્મચર્યનું પાલન કરતાં વિદ્યાપ્રાપ્તિ કરી રહેલો ત્યારે પંચાલરાજનો પુત્ર દ્રુપદ અમારી સાથે રહીને ધનુર્વિદ્યા શીખતો. અમારી વચ્ચે એ વખતે ગાઢ મૈત્રી હતી. એ વખતે એ મને અવારનવાર કહ્યા કરતો કે હું રાજા બનીશ ત્યારે તારી મૈત્રીને યાદ રાખીને તને મારી સાથે રાખીશ. હું પ્રતિજ્ઞાપૂર્વક કહું છું કે મારું રાજ્ય, સુખ, ઐશ્વર્ય અને જીવનસર્વસ્વ તારે માટે હશે. તારા જીવનને સુખમય અને સમૃદ્ધ કરવા મારાથી બનતું બધું જ કરી છૂટીશ.'

'મિત્રોનો પારસ્પરિક પ્રેમભાવ એવો જ લાગણીયુક્ત ને ગાઢ હોય છે.' ભીષ્મે જણાવ્યું : 'મને પણ એવા પ્રેમનો અનુભવ છે. પણ પછી ?'

'પછી તો અમે વધારે ભાગે એકમેકની સાથે જ રહેવા લાગ્યા. વિદ્યાનો નિર્ધારિત વખત પૂરો થયા પછી અમે છૂટા પડ્યા ત્યારે પણ દ્રુપદનાં વચનોને યાદ કરીને મારું મન પ્રફુલ્લિત કે પ્રસન્ન રહ્યા કરતું. ઘેર પાછા ફર્યા પછી થોડે વખતે શરદ્વાનની સુપુત્રી કૃપી સાથે મારું લગ્ન થયું અને એને પરિણામે તેજસ્વી અશ્વત્થામાનો જન્મ થયો.'

'એ પ્રસંગ તો મને કૃપાચાર્યે કહી બતાવ્યો છે એટલે હું જાણું છું. અશ્વત્થામાના અસાધારણ સામર્થ્યની વાતો પણ એમણે જ સંભળાવેલી.'

એટલામાં તો કૃપાચાર્ય આવી પહોંચ્યા.

દ્રોણાચાર્યે એમનો સુયોગ્ય સત્કાર કરીને કહ્યું:

'કૃપાચાર્યે અશ્વત્થામાના સામર્થ્યની વાતો જરૂર કહી હશે, કિન્તુ મારા જીવનની આગળની હકીકતની ખબર તો એમને પણ નથી પડી. એ હકીકત એ પણ ભલે જાણે.'

દ્રોણાચાર્ય થોડોક વિચાર કરીને આગળ બોલ્યા:

'મારો ગૃહસ્થાશ્રમ ધાર્યા જેટલો સુખમય બનવાને બદલે દુઃખરૂપ જ થતો ગયો. કૃપી મારી સેવા ઘણી સારી રીતે કરતી એટલે એના તરફથી મને સંપૂર્ણ સંતોષ હતો, પણ અમારું જીવન ઉત્તરોત્તર દરિદ્ર બનતું જતું હોવાથી મારા દુઃખનો અંત ના રહ્યો.'

'દરિદ્રતા એવી દુઃખદ વસ્તુ છે.' કૃપાચાર્યે કહ્યું: 'એ જીવનને ખરેખર અશાંત બનાવી દે છે. હસ્તિનાપુર આવ્યા પહેલાં મને પણ એનો અનુભવ થઈ ચૂક્યો છે.'

'મારે માટે દ્રુપદે મારી સેવાસહાયતા કરવાનું આપેલું વચન મહાન આશ્વાસનરૂપ હોવાથી એ પ્રતિકૂળ પરિસ્થિતમાં મને સહેજે એનું સ્મરણ થઈ આવ્યું. દ્રુપદ રાજા થયો છે એવી માહિતી મળતાં કૃપી તથા અશ્વત્થામાને લઈને હું એની પાસે જવા ચાલી નીકળ્યો. દ્રુપદના વચનમાં મને સપૂર્ણ વિશ્વાસ હતો.'

'ત્યારે તો દ્રુપદની સહાયતાથી તમારી દરિદ્રતા દૂર થઈ ગઈ હશે ! ભીષ્મે કહ્યું: 'એવા પ્રતાપી રાજાની મદદ મળે પછી શું બાકી રહે ?'

'એ જ જોવાનું છે ને ? બધાયનો વિશ્વાસ કરી શકાય છે પરંતુ માણસના સ્વભાવનો વિશ્વાસ નથી કરી શકાતો. એ સ્વભાવ જો એકસરખો રહેતો હોત તો તો પછી કહેવાનું જ શું હતું ? માણસનું મન અસ્થિર અને ચંચળ છે એની પ્રતીતિ મને ત્યાં ગયા પછી થઈ ગઈ.'

'મેં દ્રુપદ પાસે પહોંચીને મારી દરિદ્રતાની કથા કહી બતાવી તો એણે મારો ઉપહાસ કરતાં કહ્યું કે દ્રોણ ! તું પણ ખરો છે. તારી બુદ્ધિ અનુભવહીન અને અપરિપક્વ છે માટે જ તું આવી રીતે મારે ગળે પડવા આવી પહોંચ્યો છે. તારી ને મારી મિત્રતા કેવી ? મિત્રતા તો સમાન સાથે જ હોઈ શકે છે. સિંહ તથા સસલાની, હાથી ને મગતરાની, અને સાગર તથા નાળાની મિત્રતા હોઈ શકે ? અને હોય તોપણ ટકી શકે ખરી ? એ વખતે તો આપણા બંનેમાં સમાનતા હતી પરંતુ હવે તો હું રાજા છું ને તું દરિદ્ર છે.'

'દ્રુપદના એ શબ્દો તો ખૂબ જ ખરાબ કહેવાય. મિત્રધર્મની વિરુદ્ધનો એનો વ્યવહાર પણ જરાય આવકારદાયક ના લેખાય.'

'છતાં પણ એ શબ્દો સાંભળીને મેં શાંતિ રાખી. એના વિરોધી વ્યવહારની વેદનાને જેમતેમ કરીને દબાવી રાખીને મેં એને એણે આપેલા વચનની યાદ દેવડાવી તો એણે અટ્ટહાસ કરતાં કહ્યું કે એવા કોઈ વચનને વગર વિચાર્યે આપવાની મૂર્ખતા હું કદી પણ નથી કરું તેવો. એવા કોઈ વચનનું મને સ્મરણ જ નથી. હા, તું આવી જ પહોંચ્યો છે તો એક બે દિવસ જમીને જરૂર જજે. બાકી એથી વિશેષ કશાની આશા ના રાખતો. મારાથી બીજું કશું જ નથી થઈ શકે તેમ.'

'ઓહ !' કૃપાચાર્યના મુખમાંથી ઉદ્દગાર નીકળી પડ્યા: 'દ્રુપદ ધારત તો તમને અણીને વખતે ઘણી મોટી મદદ કરી શકત. એ એનો ધર્મ હતો. એ ધર્મનો ત્યાગ કરીને એણે મોટો અપરાધ કર્યો.'

'મને પણ એવું જ લાગે છે.' ભીષ્મે કહ્યું : 'દ્રુપદે તમારું ઘોર અપમાન કર્યું. એના જેવા પુરુષે એવું નહોતું કરવું જોઈતું.'

'એ અપમાનને હું આજે પણ નથી ભૂલી શક્યો.' દ્રોણાચાર્યે જણાવ્યું: ' એ અપમાન મારા હાડેહાડમાં લાગી ગયું છે. મારા દિલમાં જે ડંખ છે એ એનો જ છે.'

'દ્રુપદના શબ્દો મારા રોમેરોમમાં બાણની પેઠે વાગી ગયા. એમણે મારા અંતરને જખમી કરી દીધું. કેટલા બધા ભયંકર શબ્દો ! એ શબ્દો આજે પણ મારે કાને અથડાયા કરે છે ને મારા મનમાં વેદના ભરે છે. એ શબ્દોએ મને છેક જ નિરાશ કરી દીધો. મારી અંદર વધારે નહિ તો થોડુંક સ્વમાન તો હતું જ, એટલે મને થયું કે આવા માણસને ત્યાં ભોજન કરવા કરતાં ભૂખે રહેવું કે ભિક્ષાન્ન પર જીવવું વધારે સારું છે.'

'મેં એને ફરીવાર સમજાવવાનો પ્રયત્ન કરી જોયો પરંતુ એ જરા પણ ના સમજ્યો ને મને કટુ શબ્દો સંભળાવવા માંડ્યો ત્યારે હું ત્યાંથી ચાલી નીકળ્યો.'

'નીકળતી વખતે મેં એક પ્રતિજ્ઞા કરી.'

'કેવી પ્રતિજ્ઞા ?' ભીષ્મે પૂછ્યું.

'દ્રુપદની બુદ્ધિને ઠેકાણે લાવવા અથવા એના દુર્વ્યવહારનો બદલો લેવા કરાયેલી એ પ્રતિજ્ઞા તમે સમજ્યા તો હશો જ, તોપણ મારી જાણ પૂરતી જ હમણાં મર્યાદિત રહે તે જરૂરી છે. હું અનુકૂળ અવસર આવ્યે દ્રુપદને એના દુર્વ્યવહાર બદલ દંડ દેવા માગું છું. ત્યારે જ મારા દિલનો ડંખ દૂર થઈ શકશે. તે વિના નહિ થઈ શકે.'

'હવે તો તમે સુયોગ્ય સ્થાનમાં સત્કારપૂર્વક આવી પહોંચ્યા છો એટલે એવો ડંખ રાખવાનું કોઈ કારણ નથી. તમે બ્રાહ્મણશ્રેષ્ઠ હોવાથી એ ડંખનો ત્યાગ કરી શકો એમ છો.'

'છતાં પણ દ્રુપદને દંડ દેવાની કરેલી પ્રતિજ્ઞાને તો નહિ જ તોડી શકું. એ પ્રતિજ્ઞા પૂરી થશે ત્યારે જ મને શાંતિ વળશે.'

કૃપાચાર્યે કહ્યું:

'તમારી આપવીતી સાંભળીને તમારે માટે સહાનુભૂતિ થઈ આવે છે. ઈશ્વર તમારી પ્રતિજ્ઞાને સફળ કરવાની શક્તિ આપે.'

ભીષ્મે એમને આશ્વાસન આપતાં કહ્યું:

'અહીં કોઈ પણ પ્રકારના સંકોચ વિના શાંતિથી રહીને રાજકુમારોને તાલીમ આપતાં રહો. કૌરવોનું ધન, ઐશ્વર્ય અને રાજ્ય તમારું જ છે એમ જાણીને આનંદપૂર્વક વાસ કરો. અમને તમારા સુહૃદ ને સેવક સમજી આવશ્યકતાનુસાર આજ્ઞા કરતા રહેજો. તમારા જેવા પ્રતાપી પુરુષનું આગમન અમારે માટે આનંદદાયક અને કલ્યાણકારક થઈ પડ્યું છે. ધૃતરાષ્ટ્ર તથા દુર્યોધન પણ તમારી વિદ્યા તથા તમારા વ્યવહારથી પ્રસન્ન છે.'

દ્રોણાચાર્ય કશું ના બોલ્યા.

ભીષ્મના શબ્દોથી એમને શાંતિ થઈ. તોપણ એમનો ડંખ તો ચાલુ જ રહ્યો.

એ એટલો બળવાન હતો કે સહેલાઈથી નહોતો મટે એવો.

* * *

## ૨૦. ગુરુદક્ષિણા

ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, વિદૂર, દુર્યોધન અને બીજા રાજપુત્રોના પ્રેમમય વ્યવહારથી સંતુષ્ટ થઈને દ્રોણાચાર્યે હસ્તિનાપુરમાં શાંતિપૂર્વક રહેવા માડ્યું.

પોતાના પ્રયોજન તેમ જ જીવનદર્શનની પૂર્તિ માટે હસ્તિનાપુરની ભૂમિ એમને અનુકૂળ લાગી.

ધૃતરાષ્ટ્ર ને પાંડુના પુત્રોને ધનુર્વેદની વિધિપૂર્વક તાલીમ આપવામાં એમનો મોટા ભાગનો સમય પસાર થવા લાગ્યો.

કૃપી અને અશ્વત્થામાને પણ હસ્તિનાપુરનું નવું વાતાવરણ ગમી ગયું. એમની દીનહીન અસહાય અવસ્થાનો અંત આવ્યો એનો આનંદ એમને સૌથી અધિક થયો.

એ આનંદની અભિવ્યક્તિ એમણે દ્રોણાચાર્ય આગળ કરી બતાવી ત્યારે દ્રોણાચાર્યે જણાવ્યું:

‘તમારી જેમ મને પણ અહીં રહેવાથી આનંદ થાય છે. એક વખત આપણી અવસ્થા એવી હતી કે અશ્વત્થામાને દૂધ માટે પણ ટળવળવું પડતું. આપણે એને દૂધ પણ નહોતા આપી શકતા. બીજા સંપન્ન છોકરાઓ એની મશ્કરી કરતા કે ઠેકડી ઉડાવતાં ત્યારે મને ઘણું દુઃખ થતું ને લાગી આવતું. એવે વખતે મારા દિલમાં જે વેદના થતી એને લીધે મારી આંખમાંથી આંસુ ટપકી પડતાં. હવે આપણા સંજોગો સુધરવાથી એ જ અશ્વત્થામા દૂધની સરિતામાં જાણે કે સ્નાન કરી રહ્યો છે. કોઈ પણ પ્રકારની તકલીફ કે કમી નથી. આપણને દૈવ અનુકૂળ થતાં એકાએક સ્વર્ગસુખની પ્રાપ્તિ થઈ ગઈ છે, છતાં પણ દ્રુપદના વ્યવહારથી મારા દિલમાં પેદા થયેલો ડંખ નથી મટતો. કોઈ કોઈવાર તો એ અતિશય પ્રબળ થઈ આવે છે.’

કૃપીએ કહ્યું:

‘મને તો વિશ્વાસ છે કે તમારો એ ડંખ પણ આખરે દૂર થશે.’

‘પરંતુ એ એમ ને એમ તો દૂર નહિ જ થાય. દ્રુપદને યોગ્ય દંડ દીધા વિના એની શાંતિ કદાપિ નહિ થાય.’

‘તમે એને દંડ દેવાની ચિંતા શા માટે કરી રહ્યા છો ? કુદરત જ એને દંડ દેશે અને એ પણ સારી રીતે.’

‘કુદરત તો દેશે જ પરંતુ મારાથી પણ એને કદાપિ માફ નહિ કરી શકાય. હું એને એવી શિક્ષા કરીશ કે એ કાયમ માટે યાદ રાખશે.’

અશ્વત્થામાએ ઉમંગપૂર્વક કહી બતાવ્યું:

‘પિતાજી, મને થોડોક વધારે મોટો થવા દો ને શસ્ત્રવિદ્યામાં કુશળ બનવા દો. પછી દ્રુપદને શિક્ષા કરવા માટે હું જ પૂરતો થઈ પડીશ.’

‘મને તારી પાસેથી ઘણી મોટી આશા છે, બેટા ! તું મારા કેટલાંય કામો પૂરા કરી શકીશ.’ દ્રોણાચાર્યે અશ્વત્થામાની પીઠ પર હાથ ફેરવતાં કહ્યું.

હસ્તિનાપુરમાં આવ્યે અનેક દિવસો થઈ ગયા તોપણ દ્રોણાચાર્યનો ડંખ ના મટ્યો.

એના વિચારો એમના મનમાંથી ના હઠ્યા.

એક દિવસ એમણે સૌ રાજકુમારોને એકાંતમાં એકઠા કરીને જણાવ્યું:

'તમે મારી પાસેથી ધનુર્વેદ અથવા શસ્ત્રવિદ્યા શીખી રહ્યા છો ને ભારે સફળતાપૂર્વક શીખી રહ્યા છો એ જોઈને મને આનંદ થાય છે. પરંતુ આજે તમને એક પ્રશ્ન પૂછવા માગું છું. મારા મનમાં એક આકાંક્ષા છે. એ આકાંક્ષા તમારી વિદ્યા શીખી લીધા પછી તમે પૂરી કરી શકશો ?'

બધાં રાજપુત્રો એકમેક તરફ જોવા માંડ્યા.

દુર્યોધન બોલ્યો:

'તમારી આકાંક્ષા પૂરી કરવા માટે મારા સિવાય બીજા કોઈની જરૂર નથી. હું એકલો જ પૂરતો છું. પરંતુ મને જણાવો તો ખરા કે એ આકાંક્ષા શી છે ? તે પછી જ કશું નિર્ણયાત્મક કહી શકાય.'

'મારો અભિપ્રાય પણ એવો જ છે.' કર્ણે કહ્યું.

'મારો પણ.' યુધિષ્ઠિર જણાવ્યું: 'વગર વિચાર્યું સાહસ કરવામાં હું નથી માનતો,'

દ્રોણાચાર્ય થોડા નિરાશ થયા ત્યાં તો અર્જુન બોલ્યો:

'તમારી આકાંક્ષા ગમે તે હોય તે જાણવાની મારી ઈચ્છા નથી. એ આકાંક્ષા તમારી છે એટલી માહિતી મારે માટે પૂરતી છે. એને સંતોષવા માટે આદેશ આપશો ત્યારે મારાથી બનતા બધા જ પ્રયત્નો કરી છૂટીશ. તમે એ બાબત એકદમ નચિંત રહેજો.

દ્રોણાચાર્યની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એમણે અર્જુનને આલિંગન આપ્યું, શાબાશી આપી, ને કહ્યું:

'તારી વાણી પરથી લાગે છે કે તું મારી ઈચ્છા જરૂર પૂરી કરીશ. સમય પર તને એ ઈચ્છા કહી બતાવીશ.'

'તમારે ખાતર પ્રાણત્યાગ કરવો પડશે તોપણ હું તૈયાર છું.'

દ્રોણાચાર્યની વિદ્યાને શીખવા માટે અનેક યુવકો એકઠા થતાં, અર્જુનનો જુસ્સો, ઉત્સાહ તથા ખંત કાંઈક જુદો જ હોવાથી અર્જુન એ વિદ્યામાં જલદી કુશળ બનતો ગયો.

એની શક્તિ સૌથી વધારે ખીલી ઊઠી.

એ દ્રોણાચાર્ય પર પુષ્કળ શ્રદ્ધા રાખતો અને એમની ખૂબ જ મન લગાડીને સેવા કરતો એટલે દ્રોણાચાર્ય પણ એના પર રાજી રહેતા.

એને સંસારમાં સૌથી શ્રેષ્ઠ ધનુર્ધર બનાવવાનો એમણે સંકલ્પ કર્યો.

*

એકવાર બધા વિદ્યાર્થીઓ દ્રોણાચાર્યની અનુમતિથી વનમાં વિહાર કરવા ચાલી નીકળ્યા.

એમના સરસામાન તથા કૂતરા સાથે એક સેવક પણ એમની સાથે ચાલ્યો.

વનની અંદરના વિભાગમાં પ્રવેશ કર્યા પછી કૂતરો એકલો પડીને એક દુર્ગમ એકાંત સ્થાનમાં આવી પહોંચ્યો.

એ સ્થાનમાં બાણવિદ્યાનો અભ્યાસ કરી રહેલો એક મલિન વસ્ત્ર, અંગ અને જટાવાળા નવયુવકને નિહાળીને એ ભસવા લાગ્યો.

નવયુવકે એને પોતાના કાર્યમાં વિક્ષેપરૂપ થતો જોઈને સાત બાણ માર્યા.

એ બાણ એના વદનમાં વાગતાંની સાથે જ એનું વદન એથી ભરાઈ ગયું. એથી એ વધારે ભસી ના શક્યું.

અધિક આશ્ચર્યજનક વસ્તુ તો એ બની કે એના વદનમાં કશી વિશેષ ઈજા પણ ના થઈ.

કૂતરો એ દશામાં વનમાં રાજકુમારો પાસે આવી પહોંચ્યો ત્યારે એ બધા એને જોઈને આશ્ચર્યચકિત બની ગયા, ને બોલી ઊઠ્યા:

'ઓહો ! આવો આશ્ચર્યકારક પ્રયોગ તો આપણે આજે જ જોયો. આ બાણપ્રયોગ કેટલો બધો અદ્દભુત છે ?'

'આ તો સામાન્ય ધનુર્ધરનું કામ નથી લાગતું.'

'સામાન્ય ધનુર્ધરને તો આવું સૂઝે પણ નહિ.'

'એ ધનુર્ધરનો પત્તો તો મેળવીએ.'

'એ કયા ગુરુ પાસેથી ધનુર્વિદ્યા શીખ્યો છે એ પણ જાણી લઈએ.'

'એના ગુરુ ઘણા પ્રતાપી હોવા જોઈએ.'

'આપણા ગુરુ દ્રોણાચાર્ય કરતાં પણ પ્રતાપી ?'

'એ તો કેમ કહેવાય ? એમને જોઈએ ત્યારે જ ખબર પડી શકે.'

કૂતરાને આગળ કરીને સૌ વનમાં આગળ વધ્યા.

કૂતરો પેલા નવયુવકની આગળ આવીને ઊભો રહ્યો એટલે એ બધા સમજી ગયા કે એનું મુખ બાણોથી ભરી દેનાર નવયુવક આ જ છે.

એ યુવક પોતાના અભ્યાસમાં મગ્ન હતો.

રાજકુમારોને જોઈને એણે પોતાનો અભ્યાસ મુલતવી રાખ્યો ને કહ્યું:

'હું મારા અભ્યાસમાં મગ્ન હોવાથી તમારું સ્વાગત નથી થઈ શકે તેમ માટે મને માફ કરજો. અનવરત અભ્યાસ સિવાય સિદ્ધિ નથી સાંપડી શકતી અને સિદ્ધિની પ્રાપ્તિ મારે માટે વિશેષ મહત્વની હોવાથી બીજા બધા જ વિષયોમાંથી મનને નિવૃત્ત કરીને હું એની પાછળ પડ્યો છું.'

અર્જુને કહ્યું:

'તારો બાણપ્રયોગ ખરેખર અદ્દભુત અને આશ્ચર્યકારક છે. એને જોઈને મુગ્ધ થઈને અમે તને મળવા માટે આવ્યા છીએ.'

'એ પ્રયોગ તો તદ્દન સાધારણ છે.' યુવકે કહ્યું : 'એથી ઉત્તમ અથવા અધિક અસાધારણ પ્રયોગો બીજા અનેક છે.'

રાજકુમારો એના પ્રતિ વિસ્મયથી જોઈ રહ્યા એટલે એણે બાણનો પ્રયોગ કરીને કૂતરાના મુખમાંથી સાતે બાણોને એકસાથે બહાર કાઢી બતાવ્યાં.

એ બાણોને ભાથામાં ખોસીને એણે કહ્યું:

'તમે તરસ્યા થયા છો એવું તમારા સૌના મુખ પરથી જણાઈ આવ્યા વિના નથી રહેતું. અહીંથી થોડેક છેટે એક સરસ સરોવર છે પણ ત્યાં જતાં તમને વાર લાગશે એટલે મારો અતિથિસેવાનો ધર્મ યાદ કરીને તમારી અનુમતિ હોય તો બાણપ્રયોગથી તમારે માટે પાણીની અહીં જ વ્યવસ્થા કરી આપું.'

રાજકુમારોએ હા પાડી એટલે એ નવયુવકે શરસંધાન કરીને બાજુની જમીનમાંથી પાણીનો પવિત્ર પ્રવાહ પ્રકટ કરી દીધો.

'આશ્ચર્ય, આશ્ચર્ય ! રાજકુમારો બોલી ઊઠ્યા: 'ખરેખર આશ્ચર્ય ! આવું તો ક્યારેય નથી જોયું.'

'જોવાની વાત તો બાજુએ રહી પણ આવી કલ્પનાય નથી આવી.'

યુવકે કહ્યું:

'આવા પ્રસંગો અનેક છે. એ બધી ગુરુની કૃપા છે. મારી શક્તિ કશી નથી. બધી શક્તિ એમની જ છે.'

'તારા એ બડભાગી ગુરુ કોણ છે ?' દુર્યોધને પૂછ્યું.

'મારા ગુરૂ દ્રોણાચાર્ય છે.'

'દ્રોણાચાર્ય ?'

'હા. દ્રોણાચાર્ય. એમના પ્રત્યક્ષ માર્ગદર્શન મુજબ એમની પાસે રહીને ધનુર્વિદ્યા શીખવાનું સદ્દભાગ્ય મને નથી સાંપડ્યું છતાં પણ એ મારા ગુરુ છે. એમણે મને સાધારણ શૂદ્ર બાળક સમજીને સૌની સાથે વિદ્યા શીખવવાની ના પાડી ત્યારથી એમની માટીની મૂર્તિ બનાવી મારી સામે રાખીને એમની જ પ્રેરણા પ્રમાણે ઉત્કટ ઉત્સાહ તેમ જ અચળ શ્રદ્ધાભક્તિપૂર્વક મારો અભ્યાસ કર્યા કરું છું. એમના અનુગ્રહથી મને મારા અભ્યાસમાં સિદ્ધિ સાંપડતી જાય છે, એને લીધે મને સંતોષ છે. ગુરુ દૂર હોય કે પાસે પરંતુ એમના પ્રત્યેની શ્રદ્ધાભક્તિ નકામી નથી જતી. એ ફળે જ છે. મારો એવો અનુભવ છે.'

એમ કહીને એ યુવકે સામેના વિશાળ વટવૃક્ષની પાસે ગોઠવેલી દ્રોણાચાર્યની પુષ્પમાળા સુશોભિત મૂર્તિ બતાવી.

એની ગુરુભક્તિ જોઈને સૌને એને માટે માન પેદા થયું.

દુર્યોધનને થયું કે આવા સિદ્ધહસ્ત નવયુવકનો સાથ સાંપડે તો ભીમની સાથે સહેલાઈથી કામ લઈ શકાય તેમ જ યુધિષ્ઠિર જેવા બીજા બધા જ પાંડુપુત્રોને એમના સાથીઓ સાથે પરાસ્ત કરીને પોતાના માર્ગને સરળ કરી શકાય.

પોતાનો વિચાર એણે કર્ણને કહી બતાવ્યો પણ ખરો.

કર્ણે એને શાંત રહેવાની સલાહ આપી ને કહ્યું: 'પાંડવોની તું નકામી ચિંતા કરી રહ્યો છે. એ કાંઈ તારા કરતાં વધારે શક્તિશાળી નથી. હું તારી સાથે છું પછી તારે કોનો ભય છે ? હું સૌ કોઈને પહોંચી વળું તેમ છું. બાકી મારો મત તો એવો છે કે ભીમ તથા તેના બીજા બંધુઓ સાથે સ્નેહ તથા સંપ કે શાંતિથી રહેવું જ વધારે સારું છે. એથી આપણું બળ વધશે, ઘટશે નહિ.'

દુર્યોધનને કર્ણની સલાહ જરાક કડવી લાગી, છતાં પણ એ એને આદરભાવે જોતો હોવાથી શાંત રહ્યો.

એણે પેલા યુવકને પૂછ્યું:

'તારા ગુરુ દ્રોણાચાર્ય તો અમારા પણ ગુરુ છે. એ જાણીને અમને આનંદ થયો. પરંતુ તારું નામ તેં જણાવ્યું નહિ !'

'મારું નામ એકલવ્ય.'

'એકલવ્ય ? ' અર્જુને પૂછ્યું.

'હા. એકલવ્ય. ભીલરાજ હિરણ્યધનુ મારા પિતા છે. પરંતુ હવે હું મારો અભ્યાસ કરું. સાધનાના સર્વોચ્ચ શિખર પર પહોંચવા માટે અખંડ અભ્યાસની અનિવાર્ય આવશ્યકતા રહેતી હોય છે. મારાથી કોઈ અવિનય થતો હોય તો ક્ષમા કરજો.'

એકલવ્યે અભ્યાસનો આરંભ કર્યો એટલે રાજકુમારો પાછા વળ્યાં.

બીજા બધા જ રાજપુત્રો એકલવ્યને જોઈને પ્રસન્ન થયા અને એની પ્રશંસા કરવા લાગ્યા.

દુર્યોધને એકલવ્ય સાથે મૈત્રી કરવા અરણ્યમાં ફરીવાર એકલા આવવાનો વિચાર કર્યો.

એકલવ્યના પ્રયોગો અર્જુનને પણ આશ્ચર્યકારક તો લાગ્યા જ. પણ એમને યાદ કરીને એનું મન અસ્વસ્થ બન્યું.

હસ્તિનાપુરમાં પ્રવેશીને એણે દ્રોણાચાર્યને એ પ્રયોગોની કથા કહી બતાવી ને જણાવ્યું:

‘મને લાગે છે કે તમારું કથન સાચું નહિ થઈ શકે.’

‘કેમ ? કયું કથન ?’

‘તમે કહેલું કે તમારા સઘળા શિષ્યોમાં હું શ્રેષ્ઠ થઈશ. પરંતુ એકલવ્ય તો મારા કરતાં આગળ વધી ગયો છે. એના જેવો પ્રયોગો કરવાની શક્તિ હજુ મારામાં નથી આવી.’

‘મારી કૃપાથી તને એથી પણ વધારે શક્તિની પ્રાપ્તિ થશે. મારું કથન સાચું જ ઠરશે. તારા કરતાં એકલવ્ય તો શું બીજું કોઈ પણ આગળ નહિ વધી શકે.

ત્રણ-ચાર દિવસ સુધી અર્જુનને એકલવ્યના જ વિચારો આવ્યા કર્યા.

એને લીધે એ થોડોક ઉદાસ પણ રહેવા લાગ્યો.

પાંડવોને, દુર્યોધનને ને કર્ણને લઈને એકલવ્યને જોવા માટે એ વનમાં જઈ પહોંચ્યા.

દૂરથી તલ્લીનતાપૂર્વક, એકાગ્રચિત્તે અભ્યાસ કરતા એકલવ્યને ઓળખતાં એમને જરા પણ વાર ના લાગી.

બાણ પર બાણ ચલાવતા એકલવ્યે દ્રોણાચાર્યને પાસે આવેલા જોઈને પ્રણામ કરીને કહ્યું:

‘તમારા દર્શનથી આજે હું કૃતાર્થ થયો. મને કલ્પના પણ નહોતી કે મારા સરખા એક સામાન્ય, અતિસામાન્ય શિષ્યને દર્શન આપવા તમે આટલે દૂર આવી પહોંચશો.’

દ્રોણાચાર્યે કહ્યું:

‘એકલવ્ય ! તારી અસાધારણ યોગ્યતાની વાત સાંભળીને જ હું તારી પાસે આવી પહોંચ્યો છું. તારી સિદ્ધિ જોઈને મને આનંદ થાય છે.’

‘ખરેખર ?’

‘ખરેખર. એમાં શંકા કરવાનું કારણ કશું જ નથી. તારી ધનુર્વિદ્યાની સિદ્ધિને માટે તને ધન્યવાદ આપું છું.’

‘એ ધન્યવાદ તમને જ ઘટે છે, ગુરુદેવ ! મને નહિ.’

‘મને શા માટે ? મેં તો કશુંયે નથી કર્યું. ઊલટું, તું જ્યારે મારી પાસે ધનુર્વિદ્યા શીખવા આવ્યો ત્યારે તારો અસ્વીકાર કરેલો.’

‘એ અસ્વીકાર મારે માટે કલ્યાણકારક જ સાબિત થયો છે.’

‘કેવી રીતે ?’

‘હસ્તિનાપુરના રાજસી વાતાવરણના રંગથી હું બચી ગયો, અને એ ઉપરાંત મારો અભ્યાસ તો તમારી કૃપાથી અહીં પણ ચાલુ રહ્યો. તમને જ ગુરુ માની, તમારી મૃણ્મય મૂર્તિ કરી, મારા અભ્યાસનો આરંભ કર્યો, અને

આજે તો હું જેવો છું, તેવો તમારા અનુગ્રહને લીધે જ છું. મારા ગુરુ તમે જ છો ને તમે જ રહેશો. તમારા જેવા સમર્થ ગુરુના શિષ્ય બનવામાં મને ગૌરવ લાગે છે.'

દ્રોણાચાર્યે એકલવ્ય તરફ થોડીવાર સુધી જોયા કરીને કહ્યું:

'તું મારો શિષ્ય છે માટે તો તારી પાસે આવી પહોંચ્યો છું. તારે મને ગુરુદક્ષિણા આપવાની છે.'

'મારું એવું ભાગ્ય ક્યાંથી કે તમે મારી પાસે સામેથી ચાલીને ગુરુદક્ષિણાની માગણી કરો ? દક્ષિણા આપવાની મારી પૂરેપૂરી તૈયારી છે. તમે આદેશ આપો એટલી જ વાર છે. એવી એકેય વસ્તુ નથી જે તમને ના આપી શકું.'

'હું માગીશ અને તું આપવાની આનાકાની કરશે તો ?'

'નહિ કરું. મારામાં એટલો વિશ્વાસ રાખો. હું ભીલકુમાર છું છતાં તમારો પ્રિય શિષ્ય છું એની ખાતરી તો તમને થઈ જ હશે.'

'તો પછી તારા જમણા હાથનો અંગૂઠો આપી દે. ગુરુદક્ષિણામાં એ જ માગી લઉં છું. બીજું કાંઈયે નથી માગતો.'

'ઓહ ! આ શું ?' દુર્યોધનના મુખમાંથી ઉદ્દગાર નીકળી પડ્યા.

'આવી ક્રૂરતા ?' કર્ણ મનમાં ધીમેથી બોલી ઊઠ્યો.

'આ તો ભારે નિર્દયતા કહેવાય, ગુરુદેવ !' યુધિષ્ઠિરે કહી નાખ્યું.

'એકલવ્ય પાસે આવી દક્ષિણા માગવાનો વિચાર તમને ક્યાંથી આવ્યો ?' અર્જુન પણ બોલી ઊઠ્યો: 'જમણો અંગૂઠો તો ધનુર્ધરની જીવાદોરી જેવો હોય છે.'

દ્રોણાચાર્યે કહ્યું:

'મને એની ખબર છે છતા હું મારી માગણીમાં મક્કમ છું. મેં જે માગ્યું છે તે પૂરેપૂરા વિચાર પછી જ માગેલું છે અને એમાં કોઈ પણ પ્રકારનો ફેરફાર નથી થવાનો. એકલવ્ય ! મને તારી શ્રદ્ધાભક્તિ તથા વાણીમાં વિશ્વાસ છે. તું મારો સાચો શિષ્ય હોય ને મને ગુરુદક્ષિણા આપવા માગતો હોય તો તારા જમણા હાથનો અંગૂઠો આપી દે. એમાં વિલંબ ના કર.'

એકલવ્ય બોલ્યો:

'ગુરુદેવ ! તમારી આજ્ઞાનું પાલન કરવા હું તૈયાર જ છું. તમારે માટે પ્રાણ આપવો પડે તો પણ તૈયાર છું. તો પછી એક અંગૂઠાની શી વિસાત છે ? મેં તમને ગુરુદક્ષિણા આપવાનું વચન આપ્યું છે તેનો ભંગ મારાથી કદાપિ નહિ થઈ શકે. ધર્મના પાલનનું મૂલ્ય સૌથી મોટું છે. ધર્મ નિત્ય છે, પરમ સુખકારક અને યશદાયક છે. એટલે એને હું ગમે તે ભોગે વળગી રહીશ. તમારી ઈચ્છા પ્રમાણેની દક્ષિણા તમને હસતાં હસતાં આપી દઉં છું.'

દુર્યોધન, કર્ણ તથા યુધિષ્ઠિર વચ્ચે પડ્યા છતાં એમના પ્રયત્નો વ્યર્થ ગયા.

બધાના આશ્ચર્ય ને દુઃખ વચ્ચે એકલવ્યે પોતાના જમણા હાથનો અંગૂઠો કાપીને દ્રોણાચાર્યની આગળ મૂકી દીધો.

એના હાથમાંથી લોહીની ધારા નીકળવા માંડી.

એની આંખે અંધારા આવવા લાગ્યાં.

એ દ્રોણાચાર્યને પ્રણામ કરીને નીચે બેસી ગયો.

દુર્યોધને એને ઉદ્દેશીને કહ્યું:

'એકલવ્ય ! તેં આ શું કર્યું ? અમે ના પાડી તોપણ તેં અમારું ના માન્યું ને હાથે કરીને દુઃખ અથવા નુકશાન વહોરી લીધું. ગુરુ દક્ષિણા માગવાના અધિકારી જરૂર છે, પરંતુ એનો અર્થ એવો થોડો જ છે કે સારી કે નરસી, મંગલ કે અમંગલ, જે પણ માગણી કરે તે શિષ્યે કોઈપણ પ્રકારની વિરોધ વિના સ્વીકારી લેવી અને એમાં જ શ્રદ્ધાભક્તિની ઈતિકર્તવ્યતા માનવી ? હું તો એવું નથી માનતો.'

'ગુરુ જો શિષ્યના હિતનો વિચાર ના કરે તો શિષ્યે તો એવો વિચાર કરવો જ જોઈએ ને જરૂર પડ્યે એમનો વિરોધ પણ કરવો જોઈએ. શ્રદ્ધાભક્તિના અતિરેકમાં અને એના ખોટા ખ્યાલમાં એકલવ્ય એ વાત વિસરી ગયો ને હાથે કરીને દુઃખી થયો.' કર્ણ બોલ્યો.

'હું આવી રીતે અંગૂઠો ના કાપી આપત.'

'જે થયું તે કરુણ તો થયું જ છે. અતિકરુણ.' યુધિષ્ઠિરે પોતાનો અભિપ્રાય આપ્યો.

'મને એનું જરા પણ દુઃખ નથી થતું.' એકલવ્યે જણાવ્યું : 'ઊલટું, આનંદ થાય છે. મારે માટેની લાગણીને લીધે તમે બધા આવા વિચારો વ્યક્ત કરો છો પરંતુ મેં તો મારું કર્તવ્યપાલન જ કરી બતાવ્યું છે. એનો મને આનંદ છે.'

દ્રોણાચાર્યે કહ્યું:

'એકલવ્ય ! તારી અનેરી ગુરુભક્તિ જોઈને હું પ્રસન્ન થયો છું. તું ધનુર્વિદ્યામાં તો હવે આગળ નહિ વધી શકે પરંતુ તારા આ અસાધારણ ત્યાગકર્મથી કાયમને માટે યશસ્વી બનશે. વરસો વીતશે ને યુગો જશે તોપણ તારી કીર્તિ નહિ સુકાય. એ અક્ષય અને અમર રહેશે.'

દ્રોણાચાર્ય સૌની સાથે હસ્તિનાપુર જવા ચાલી નીકળ્યા.

માર્ગમાં એમણે અર્જુનને કહ્યું:

'હવે તને સંસારમાં સર્વોત્તમ ધનુર્ધર બનાવવાની મારી ઈચ્છા પૂરી થઈ શકશે.'

અર્જુન ઉદાસ સ્વરે બોલી ઊઠ્યો:

'પરંતુ ગુરુદેવ ! એને માટે તમે આ શું કર્યું ? એકલવ્યની મહામુસીબતે મેળવેલી વિદ્યા લગભગ નકામી બની ગઈ.'

'મારે એ કરવું પડ્યું. એ સિવાય તું સર્વશ્રેષ્ઠ ના થઈ શકત. એકલવ્ય એમાં અંતરાયરૂપ હતો. એ અંતરાય હવે દૂર થયો.'

'પંરતુ એને સાજો રાખીને ઉત્તમ ધનુર્ધર બનવા દીધો હોત તો શું ? હું વધારે અભ્યાસ કરીને એના કરતાંયે શ્રેષ્ઠ બની જાત. મારી શ્રેષ્ઠતા માટે એને અપંગ કે અશક્ત કરવા કરતાં મને ખંતપૂર્વક આગળ વધારીને વધારે મહાન બનાવ્યો હોત અને એને અપવાનીને આપણો આત્મીય કર્યો હોત તો વધારે સારું થાત એવું નથી લાગતું ?'

'મેં જે માર્ગ લીધો છે તે પૂરેપૂરો વિચાર કરીને જ લીધો છે. હવે એમાં કશો ફેરફાર નથી થાય તેમ.'

એકલવ્યના અપંગ થવાથી દુર્યોધનની યોજના પડી ભાંગી.

એકલવ્યની મદદથી એ પાંડવોને પીડિત નહિ કરી શકે એનું એને દુઃખ થયું.

કર્ણે એને આશ્વાસન આપ્યું.

હસ્તિનાપુરમાં પાછા ફર્યા પછી દ્રોણાચાર્યનો અંતરાત્મા જુદા જ ભાવોનો અનુભવ કરતાં ડંખવા લાગ્યો.

એમને પોતાના કર્મને માટે અફસોસ થયો.

'એ યુવાનનો અંગૂઠો માગવાને બદલે મેં એની પાસેથી યુદ્ધમાં કદી અર્જુનનો સામનો ના કરવાનું વચન લઈ લીધું હોત તો ? એને અર્જુનનો મિત્ર બનાવીને અર્જુનથી આગળ ના વધવા સમજાવ્યો હોત તો ? પરંતુ એવું કેવી રીતે સમજાવી શકાય ? એ સમજે પણ કેવી રીતે ?'

દ્રોણાચાર્યને થોડો પશ્ચાતાપ તો થયો જ. એમણે જે કરેલું તે અર્જુનને માટે જ કરેલું, પરંતુ અર્જુન કરતાં જે આગળ વધશે એનો અંગૂઠો પોતે ક્યાં કાપવા જશે, એ વિચારે એમની વેદના વધી ગઈ. પોતાની ગુરુદક્ષિણા કે માગણી બરાબર નહોતી એની એમને ખાતરી થઈ. પણ હવે શું થાય ?

* * *

## ૨૧. કસોટી

એકલવ્યના પ્રસંગની અસર દ્રોણાચાર્યના મન પર દિવસો સુધી એવી ને એવી જ તાજી રહી.

એમનો આત્મા એમને અવારનવાર ડંખતો જ રહ્યો.

એકલવ્યનું અદ્દભુત આત્મસમર્પણ એમને અત્યંત આદરણીય લાગતું, અભિનંદનીય જણાતું, અને એની સામે પોતાનું વર્તન કાંઈક કઠોર દેખાતું. અંગૂઠો કપાવાથી એકલવ્યની સ્ફૂર્તિ અને શક્તિ ઓછી થઈ એ વાત એમને કોઈ કોઈવાર દુઃખી કરવા લાગી.

એવી રીતે કેટલાક દિવસો પસાર થઈ ગયા પછી એમણે ધનુર્વિદ્યા શીખનારા રાજકુમારોની કસોટી કરવાનો નિર્ણય કર્યો. એ નિર્ણય જાણીને રાજકુમારો પ્રસન્ન થયા.

દ્રોણાચાર્યની નિપુણતાની વાતો સાંભળીને દૂરદૂરના દેશોમાંથી વિદ્યા શીખવા આવેલા અસંખ્ય રાજકુમારો ને કિશોરો કસોટીમાં પોતાની સર્વોત્તમતા બતાવવા તૈયાર થયા.

દ્રોણાચાર્યે એમની કસોટી કરવાના ઉદ્દેશથી પ્રેરાઈને એક અવનવી યોજના તૈયાર કરી.

એમણે એક બનાવટી ગીધ પક્ષી તૈયાર કરાવીને રાજકુમારોને ખબર ના પડે એવી રીતે એક વૃક્ષની ઉપર મુકાવી દીધું.

બીજે દિવસે સવારે જ્યારે રાજકુમારો નિયત સમયે નિશ્ચિત સ્થાન પર એકઠા થયા ત્યારે એમણે કહ્યું :

'દુર્યોધન જેવા કેટલાક રાજકુમારોને એવું લાગે છે કે મને અર્જુન વધારે ગમે છે અને અર્જુન માટે વિશેષ લાગણી છે, પરંતુ હકીકતમાં એવું નથી. મને સૌ પ્રત્યે સરખો પ્રેમ છે. આ કસોટીપ્રસંગ મેં એટલા માટે જ યોજ્યો છે કે પોતાની સર્વોપરીતા બતાવવાનો અને એવી રીતે મારી વિશેષ કૃપા મેળવવાનો અવસર સૌ કોઈને મળી રહે. સામેના વૃક્ષ પર એક ગીધ બેઠેલું છે. તમારે તેનું મસ્તક છેદી નાખવાનું છે. માટે ધનુષ્ય પર બાણ ચઢાવીને તૈયાર થઈ જાવ. આ કસોટીમાં જે સફળ થશે તે જ મારો સૌથી વિશેષ કૃપાપાત્ર બની શકશે.'

બધા રાજકુમારો ધનુષ્યબાણ લઈને તૈયાર થઈ ગયા.

દ્રોણાચાર્યના વિશેષ કૃપાપાત્ર થવાનું મન કોને ના થાય ?

એમના આદેશનું પાલન કરવાની વૃત્તિથી પ્રેરાઈને સૌ એમના તરફ જોવા લાગ્યા.

એમણે સૌથી પહેલાં યુધિષ્ઠિરને આગળ આવવાની આજ્ઞા કરી.

યુધિષ્ઠિર આગળ આવીને ઊભા રહ્યા ને કસોટી માટે ઉત્સુક બન્યા એટલે દ્રોણાચાર્યે પૂછ્યું:

'શરસંધાન માટેની પૂરતી તૈયારી છે ?'

'હા.'

'કોઈ હરકત તો નથી ને ?'

'ના.'

'વૃક્ષ પર શું દેખાય છે ?'

'ગીધ પક્ષી.'

'અને બીજું શું દેખાય છે ? બીજું કાંઈ દેખાય છે ખરું ? આ વૃક્ષ, હું અને આ બધા રાજકુમારો - એ બધું દેખાઈ રહ્યું છે ?'

'ના કેમ દેખાય ?' યુધિષ્ઠિરે સામેથી પૂછ્યું: 'હું કાંઈ દૃષ્ટિહીન થોડો જ છું ? મારા લોચન હજુ બરાબર કામ કરી રહ્યાં છે. મને આ વિશાળ વૃક્ષ દેખાય છે, તમે દેખાવ છો, મારા ભાઈઓ દેખાય છે, અને જેનું મસ્તક છેદવાનું છે તે ગીધ પણ દેખાઈ રહ્યું છે.'

'ત્યારે તો ધનુષ્ય પરથી બાણ ઉતારીને એક તરફ ઊભા રહેશો. તમારી કસોટી થઈ ચૂકી. એ કસોટીમાં તમે સફળ ના થઈ શક્યા.'

'પરંતુ મેં હજુ બાણને તો છોડ્યું નથી !'

'બાણને છોડવાની જરૂર નથી. તમારાથી ગીધના મસ્તકને નહિ છેદી શકાય.'

'પરંતુ છેદવાનો પ્રયાસ કરતાં પહેલાં જ એવું કહી દીધું ?'

'હા. મેં કસોટી કરી લીધી અને એ પણ પૂરેપૂરી.'

યુધિષ્ઠિર એક બાજુએ જઈને ઊભા રહ્યા.

એ પછી દ્રોણાચાર્યે ભીમ, સહદેવ, નકુલ ને બીજા રાજકુમારોને બોલાવ્યા.

એમણે પણ યુધિષ્ઠિરના ઉત્તરને મળતા જ ઉત્તર આપવાથી દ્રોણાચાર્યે એમને અસફળ જાહેર કરીને એક તરફ ઊભા રાખ્યા.

એવી રીતે અનેક રાજકુમારોને બોલાવીને વિદાય કર્યા પછી એમણે દુર્યોધનને બોલાવ્યો ત્યારે અહંભાવથી ઉન્મત્ત થઈને કહ્યું:

'ગીધ મારા જ હાથે મરવાનું છે એટલે બીજા એના મસ્તકને છેદવાની કસોટીમાં કેવી રીતે સફળ થઈ શકે ? તમારા શિષ્યોમાં સર્વોત્તમ ઠરવાનો લેખ બીજા કોઈના નહિ પણ મારા જ લલાટમાં લખાયલો છે તે કેવી રીતે મિથ્યા થઈ શકે ? તમે આદેશ આપો એટલી જ વાર છે. આ ગીધના શીશને હમણાં જ, ચપટી વગાડતામાં જ, છેદી નાખું છું.'

દુર્યોધન શરસંધાન કરીને ઊભો રહ્યો.

દ્રોણાચાર્યે પૂછ્યું:

'બાણ મારવા તૈયાર છે ?'

'હા. તૈયાર છું. કેવળ તમારા આદેશની જ રાહ જોઉં છું.'

'તો પછી મને કહી બતાવ કે તું અત્યારે શું જુએ છે!'

'શું જોઉં છું ? એ તે કોઈ પ્રશ્ન છે ? તમે જ કહો ને કે બીજું શું જોવાનું છે ! આ નીલરંગી સુંદર આકાશ જોઉં છું, વચ્ચે વચ્ચે કોઈક વાદળ જોઉં છું. આજુબાજુ બીજાં અનેક વૃક્ષો તથા તેની ઉપર ઊડતાં પંખી જોઉં છું, અને ગીધને પણ જોઈ રહ્યો છું.'

'એ બધું બરાબર જોઈ રહ્યો છે ?'

'બરાબર નહિ તો શું જોયા વિના જ કહેતો હોઈશ ? તમારી કસોટી પણ ખરી ! કસોટી તે કાંઈ આવી હોતી હશે ?'

'બસ હવે તારી કસોટી પણ પૂરી થઈ. તું એમાં નિષ્ફળ ગયો.'

'પરંતુ બાણ છોડ્યા વગર જ કેવી રીતે નિષ્ફળ જાઉં ?'

'તારે બાણ છોડવાનો વખત બગાડવાની જરૂર નથી. બાણ છોડવાથી કશું જ નહિ વળે, માટે તારી જગ્યાએ જઈને ઊભો રહે.'

'બીજા બધા તો તમારા કહેવાથી ડાહ્યાડમરા બનીને એમની જગ્યાએ જઈને ઊભા રહ્યા પરંતુ હું નહિ ઊભો રહું. મને એક તરફ ઊભો રાખીને તમારે અર્જુનને માટે વિજયનો માર્ગ ખુલ્લો કરવો હશે !'

'ના. એવું નથી.'

'તો પછી ?'

'તારાં લક્ષણો જ એવાં છે કે તું લક્ષ્ય નહિ ભેદી શકે.'

'ભેદી શકીશ. જરૂર છેદી શકીશ. મને બાણ તો છોડવા દો.'

'તો પછી છેદી જો.'

દુર્યોધને ઉત્સાહિત બનીને બાણ છોડ્યું તો ખરું, પરંતુ બાણ વૃક્ષની ડાળીમાં પેસી ગયું.

રાજકુમારો જોરથી હસી પડ્યા એથી એ ભોંઠો પડીને પોતાના અસલ સ્થાને જઈને ઊભો રહ્યો.

દ્રોણાચાર્યે જણાવ્યું:

'દુર્યોધન ! હજુ તું ધનુર્વિદ્યામાં કાચો છે માટે જ મારી ઈચ્છાની ઉપરવટ જઈને બાણ છોડવા છતાં નિષ્ફળ ગયો. હરકત નહિ. હવે તારો વારો છે, અર્જુન !'

દ્રોણાચાર્યને પૂજ્યભાવે પ્રણામ કરીને અર્જુન આગળ આવીને ઊભો રહ્યો.

એણે શરસંધાન કર્યું એટલે દ્રોણાચાર્યે પૂછ્યું:

'તું પૂરેપૂરો તૈયાર છે ?'

'હા, તૈયાર છું.' અર્જુને ઉત્તર આપ્યો: 'હવે આજ્ઞા કરો તો બાણ છોડી દઉં.'

'આજ્ઞા કરું એ પહેલાં મને કહી બતાવ કે તને શું દેખાય છે ?'

'મને ગીધ સિવાય બીજું કશું જ નથી દેખાતું.'

'ગીધની આકૃતિ કેવી છે ?'

'મને એના મસ્તક વિના બીજું કાંઈ દેખાતું જ નથી પછી એની આકૃતિનું વર્ણન કેવી રીતે કરી શકું. ?'

દ્રોણાચાર્યનું અંતર ઉલ્લાસથી ઊભરાઈ રહ્યું. એ બોલ્યા:

'તો પછી બાણ છોડી દે.'

અર્જુને બાણ છોડ્યું કે તરત જ ગીધનું મસ્તક એના આઘાતથી છેદાઈને નીચે પડ્યું.

રાજકુમારો અર્જુન તથા દ્રોણાચાર્યનો જયજયકાર કરી ઊઠ્યા.

'દુર્યોધન સિવાય સૌ કોઈને આનંદ આનંદ થઈ રહ્યો.

સૌએ અર્જુનને અભિનંદન આપ્યાં.

દ્રોણાચાર્યે એને ભેટી પડીને કહ્યું:

'અર્જુન ! તું મારી કસોટીમાં સફળ થયો ને સર્વોત્તમ સાબિત થઈ ચૂક્યો. તને મારો આશીર્વાદ છે. તારી વિદ્યા ચંદ્રકળાની પેઠે ઉત્તરોત્તર વધતી જાય ને કલ્યાણકારક થાય.'

અર્જુન દ્રોણાચાર્યને પગે લાગ્યો. એની આંખ ઊભરાઈ આવી.

'પરંતુ ગુરુદેવ !' દુર્યોધન બોલી ઊઠ્યો: 'બીજા કોઈને તમે બાણ મારવાની અનુજ્ઞા જ ના આપી પછી બીજા આ કસોટીમાં કેવી રીતે સફળ થઈ શકે ?'

દ્રોણાચાર્યે ઉત્તર આપ્યો:

'દુર્યોધન ! બાણ મારવાની જરૂર તો પછી પડે છે. પહેલાં તો મનને એકાગ્ર કરવું રહે છે. તમારા કોઈનું મન એકાગ્ર જ નહોતું એટલે તમે ગીધની સાથે બીજું જોયા કરતા. એ દશામાં બાણ મારવાનો અર્થ કશો જ નથી હોતો. બાણ મારીને લક્ષ્યસિદ્ધિ કરવાની યોગ્યતા એકાગ્રતા પછી જ આવી શકે છે. અર્જુન સિવાય બીજા કોઈનામાં એવી એકાગ્રતા નહોતી એટલે એ સફળ થયો ને બીજા બધી નિષ્ફળ ગયા. તેં તો બાણ મારીને પણ જોઈ લીધું.'

દુર્યોધન કશું ના બોલી શક્યો.

*

એ પ્રસંગ પછી એકવાર દ્રોણાચાર્યે શિષ્યોની એક બીજી કસોટી કરી.

એ ગંગામાં સ્નાન કરી રહેલા ત્યારે મગરે એકાએક એમનો પગ પકડ્યો.

મગરના મજબૂત બંધનમાંથી છૂટવાની શક્તિ હોવા છતાં એમણે ગંગાતટ પર ઊભેલા શિષ્યોને મગરનો નાશ કરીને બચાવવા માટે આજ્ઞા કરી.

ગંગાતટ પર ઊભેલા સઘળા શિષ્યો કોઈ ઉપાય ના સૂઝવાથી વિચારમાં પડ્યા, પરંતુ અર્જુન તરત જ બોલી ઊઠ્યો:

'ગુરુદેવ ! તમે ચિંતા ના કરશો. મગર તમને કાંઈ જ નહિ કરી શકે. હું એને હમણાં મારી નાખું છું.'

એણે ઉપરાઉપરી પાંચ બાણ છોડીને પાણીની અંદર રહેલા મગરને વીંધી નાખ્યો. એથી મગરનું મૃત્યું થયું ને દ્રોણાચાર્ય મુક્ત બન્યા.

દ્રોણાચાર્યે અર્જુનના પરાક્રમથી પ્રસન્ન થઈને કહ્યું:

'તેં આજે પણ તારી સર્વોત્તમતા સિદ્ધ કરી બતાવી. એથી પ્રસન્ન થઈને તને બ્રહ્મશિર નામનો અલૌકિક અસ્ત્રપ્રયોગ બતાવી રહ્યો છું. એ પ્રયોગ અમોઘ છે અને સમસ્ત જગતને જલાવી દેવાની શક્તિ ધરાવે છે. એનો પ્રયોગ કોઈ સાધારણ મનુષ્ય પર ના કરતો.'

દ્રોણાચાર્યે અર્જુનને એ પ્રયોગનું રહસ્ય બતાવ્યું ને કહ્યું :

'હવે સૃષ્ટિમાં તું સાચેસાચ સર્વોત્તમ બની જઈશ. તારા જેવો મહાન ધનુર્ધર બીજો કોઈ જ નહિ હોય.'

દ્રોણાચાર્યનું અંતર એ દિવસે આનંદમગ્ન બની ગયું. એમને લેશ પણ શંકા ના રહી કે દ્રુપદના દુર્વ્યવહારનો બદલો હવે વાળી શકાશે અને એ બદલો અર્જુન જ વાળી શકશે. એ જ એને દંડ દેશે.

*

એક દિવસ સાંજે ધૃતરાષ્ટ્રે દ્રોણાચાર્યને પૂછ્યું:

'રાજકુમારો અસ્ત્રવિદ્યામાં પ્રગતિ તો કરી રહ્યા છે ને ?'

'એમની પ્રગતિ ઘણી સંતોષકારક છે.' દ્રોણાચાર્યે ઉત્તમ આપ્યો: 'બધા રાજકુમારો એ વિદ્યા તથા બીજી બધી વિદ્યાઓમાં નિપુણ થઈ ચૂક્યા છે. તમારી ઈચ્છા હોય તો એમની અસ્ત્રવિદ્યાની નિપુણતાના પ્રયોગોનો જાહેર કાર્યક્રમ એકવાર કરી બતાવું.'

'જરૂર કરી બતાવો. એ કાર્યક્રમ મને ગમશે ને પ્રજાજનો ઘણો પસંદ પડશે. આપણે જેની ખૂબ જ મોટી આવશ્યકતા છે તે શરીરસૌષ્ઠવ તથા શૂરવીરતાની પ્રેરણા પણ એથી પ્રાપ્ત થશે. એવી પ્રેરણા પ્રજાને માટે કલ્યાણકારક છે. તમે રાજપુત્રોનું ગુરૂપદ સ્વીકારીને અમારું તથા હસ્તિનાપુરની પ્રજાનું ખૂબ જ હિત કર્યું છે. એ હિતનો બદલો અમારાથી નથી વાળી શકાય તેમ. તમને જ્યારે પણ ને જ્યાં યોગ્ય લાગે ત્યાં ને ત્યારે એ કાર્યક્રમ યોજી શકો છો. વિદુર તમને એની તૈયારી માટેની બધી જ મદદ કરી રહેશે.'

ભીષ્મ, વ્યાસ અને વિદૂરે ધૃતરાષ્ટ્રની વાતને ટેકો આપ્યો.

દ્રોણાચાર્યે રંગમંડપને માટે સુંદર સમતલ ભૂમિની પસંદગી કરી.

શુભ તથા મંગલ મુહૂર્તમાં વિધિપૂર્વક રંગમંડપનો પાયો નાખવામાં આવ્યો.

એ મંડપ તૈયાર થઈ જતાં એને આકર્ષક રીતે સજાવવામાં આવ્યો.

એ મંડપમાં નિશ્ચિત સમયે હસ્તિનાપુરના પ્રજાજનો એકઠા થયા.

રાજા ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, વિદૂર તથા કૃપાચાર્ય પણ આવી પહોંચ્યા.

ગાંધારી, કુતી તથા રાજકુટુંબની બીજી સન્નારીઓ પોતાની દાસીઓ સાથે આવીને પોતપોતાના સ્થાનમાં બેસી ગઈ.

લોકોની ભીડનું નિરીક્ષણ કરીને પ્રસન્નતાનો અનુભવ કરતા દ્રોણાચાર્ય કૃપાચાર્ય અને અશ્વત્થામા સાથે આવી પહોંચ્યા ત્યારે સૌએ હર્ષધ્વનિ કરીને એમનો સત્કાર કર્યો.

એમણે દૂધ જેવાં શ્વેત વસ્ત્રો પહેરેલાં તથા શ્વેત પુષ્પોની સુંદર માળા ધારણ કરેલી.

એમના મસ્તક તથા દાઢીના વાળ પણ શ્વેત હતા.

સૌથી પહેલાં દેવતાઓની પૂજા કરવામાં આવી, પછી વેદજ્ઞ પંડિતો સુમધુર સ્વરે વેદપાઠ કરવા લાગ્યાં, અને આખરે રાજકુમારોનો કાર્યક્રમ શરૂ થયો.

રાજકુમારોના પ્રયોગોનું વર્ણન વિદૂર ધૃતરાષ્ટ્રને કરી બતાવતા ને કુંતી ગાંધારીને કરી બતાવતી.

સૌથી પહેલાં રથ, હાથી તથા ઘોડા પર ચઢી એમણે પોતાની પ્રવીણતાનું પ્રદર્શન કર્યું.

પછી બાણપ્રયોગ કરી બતાવ્યો તથા કુસ્તી કરી.

પછી ઢાલ તથા તલવારના પ્રયોગો કરી બતાવ્યા.

એ પ્રયોગોએ સૌને પ્રસન્ન કર્યા.

એ પછી દુર્યોધન તેમ જ ભીમના ગદાપ્રયોગો શરૂ થયા.

એ સુદૃઢ શરીરવાળા વીર યુવાનો જુદા જુદા દાવ અજમાવતા એકમેક સાથે લડવા લાગ્યાં.

એમનાં પરાક્રમને જોઈને દર્શકોમાંના કેટલાક ભીમસેનનો તો કેટલાક દુર્યોધનનો જયજયકાર કરવા માંડ્યા. એ સાંભળીને દ્રોણાચાર્યે અશ્વત્થામાને કહીને એમનું યુદ્ધ બંધ કરાવી દીધું. વિવિધ પ્રકારના વાદ્યો પણ બંધ કરાવ્યાં, ને દર્શકોને જણાવ્યું :

'આ બધા પ્રયોગોએ તમને આનંદ આપ્યો છે તે જાણું છું. એથી મારા આત્માને સંતોષ થયો છે. આ બધા પ્રયોગો અસાધારણ છે એ સાચું છે, પરંતુ આથી પણ અધિક આશ્ચર્યકારક અસાધારણ પ્રયોગો તો હજુ હવે થશે. એ પ્રયોગો અર્જુનના છે. એ સઘળી વિદ્યામાં સૌથી વધારે નિષ્ણાત છે અને એથી મને વધારે પ્રિય છે.'

દ્રોણાચાર્યની આજ્ઞાથી અર્જુને રંગભવનની પ્રયોગભૂમિમાં પ્રવેશ કરીને એમને પ્રણામ કર્યા.

એના પ્રયોગો પેખીને સૌ કોઈ મંત્રમુગ્ધ બની ગયા.

આગ્નેયાસ્ત્રનો પ્રયોગ કરીને એણે આગ ઉત્પન્ન કરી ને વારુણાસ્ત્રની મદદથી પાણી પેદા કરીને એને ઓલવી નાખી. વાયવ્યાસ્ત્રથી આંધી ચલાવી, પર્જન્યાસ્ત્રથી વરસાદનાં વાદળ કર્યા. ભૌમાસ્ત્રથી પૃથ્વી તથા પર્વતાસ્ત્રથી પર્વતમાળા પ્રકટ કરી.

એ પછી અંતર્ધાનાસ્ત્રના પ્રયોગથી એ અદૃશ્ય બની ગયો ને પાછો પ્રકટ થયો.

એ વિશાળકાય તો ક્ષણવારમાં વામન જેવો બની રહ્યો.

રથ પર, રથનાં મધ્યભાગમાં ને ધરતી પર રહીને એણે અસ્ત્ર કૌશલનું પ્રદર્શન કર્યું.

લોઢાના બનાવટી ભૂંડને એણે ઉપરાઉપરી પાંચ બાણ માર્યા તોપણ લોકો એક જ બાણને જોઈ શક્યા.

એ પછી તલવાર, ગદા અને ધનુષ્યનું યુદ્ધ કરી બતાવ્યું.

એ જોઈને લોકો તાળીઓ પર તાળીઓ પાડવા લાગ્યા અને એનો જયજયકાર કરવા માંડ્યા.

દ્રોણાચાર્ય તથા કુંતી બંનેના મુખ મલકાઈ ઊઠ્યાં.

અર્જુન લોકસમૂહનો ઉત્સાહ જોઈને વધારે ઉત્સાહી બની ગયો.

એ હજુ પણ વધારે મહત્વના અવનવા પ્રયોગો કરી બતાવત પરંતુ એને એકાએક અટકી જવું પડ્યું.

એના, દ્રોણાચાર્યના ને લાગતાવળગતા સૌના આશ્ચર્ય વચ્ચે કર્ણે એકાએક પ્રયોગભૂમિમાં પ્રવેશ કર્યો ને કહ્યું:

'અર્જુન ! તારા પ્રયોગો અસાધારણ અને આશ્ચર્યકારક છે. પરંતુ હું એથીયે વધારે સરસ અને આશ્ચર્યકારક પ્રયોગો કરી બતાવું તેમ છું. મારા પ્રયોગો હજુ દર્શકોએ નથી જોયા ત્યાં સુધી એ તારા પ્રયોગોને પેખીને ભલે તાળીઓ પાડ્યા કરે. એ એમને પણ જોઈ લે. ગુરુદેવ ! મને પણ આદેશ આપો તો મારા અસ્ત્રકૌશલનું પ્રદર્શન કરું. આ અમૂલખ અવસર પર મને પણ મારી વિદ્યાનો પરિચય કરાવવાની અનુમતિ મળવી જોઈએ.'

કર્ણના શબ્દોએ રંગમંડપમાં ખળભળાટ પેદા કર્યો.

લોકોનો મોટો ભાગ ઊભો થઈ ગયો.

અર્જુન સંકોચમાં પડી ગયો. તે પછી રોષે ભરાયો.

દ્રોણાચાર્ય એ બંનેને જોઈ રહ્યા ને વિચારમાં પડી ગયા.

સૌથી વધારે કરુણ દશા કુંતીની થઈ.

એને થયું કે કર્ણને પોતાના જન્મસંબંધી પૂરી માહિતી મળી હોત તો એ આવી રીતે અર્જુનની સ્પર્ધા કરવા તૈયાર થાત ખરો ?

પરંતુ એને એ માહિતી મળે કેવી રીતે ? એ માહિતી આપવાની શક્તિ માત્ર પોતાનામાં છે, પરંતુ પોતે તો એને પ્રકટ ના કરવાનો નિર્ણય કર્યો છે ! પછી એ અર્જુનને પારકો માનીને એની સાથે વિરોધ કરે એમાં નવાઈ છે ?

એનું કાળજું કંપી ઊઠ્યું.

ગાંધારીએ પૂછ્યું :

'રણભૂમિમાં અત્યારે કર્ણ ક્યાંથી આવ્યો ?'

'કોણ જાણે ક્યાંથી આવ્યો. પણ એના આવવાથી અત્યારે તો રંગમાં ભંગ પડી ગયો છે. વાતાવરણ વિક્ષુબ્ધ બન્યું છે.' કુંતીએ ઉત્તર આપ્યો.

'એક રીતે એ આવી પહોંચ્યો તે સારું થયું. એ પણ વિવિધ વિદ્યામાં કુશળ હોવાથી લોકોને એનો પરિચય થશે. દુર્યોધન પાસેથી મેં એની વિશેષતાની કેટલીય વાતો સાંભળી છે. એ કેટલે અંશે યથાર્થ છે તેની મને પણ ખાતરી થશે.'

દ્રોણાચાર્યની સંમતિથી કર્ણે અર્જુનને બતાવેલા બધા જ પ્રયોગો કરી બતાવ્યા એ જોઈને દર્શકો આનંદમાં આવી ગયા.

કર્ણને એમણે તાળીઓથી સત્કાર્યો.

કુંતી તથા ગાંધારીને પણ સંતોષ થયો.

કુંતીને થયું કે પ્રયોગભૂમિમાં જઈને કર્ણને ભેટી પડું ને સૌની સમક્ષ સાચી હકીકતને પ્રકટ કરું, પરંતુ અંતરના એ ઉમળકાને એણે જેમતેમ કરીને દાબી દીધો.

દુર્યોધને પ્રસન્નતાપૂર્વક કર્ણને ભેટી પડીને અભિનંદન આપતાં કહ્યું:

'તારા શુભાગમનથી મને અતિશય આનંદ થયો છે. તેં અર્જુનનું અભિમાન ઉતારી નાખ્યું. આ રાજ્ય તારું સમજીને હવે અમારી સાથે જ રહી જા તથા ઈચ્છાનુસાર સુખોપભોગ કર.'

કર્ણે કહ્યું:

'તારા સ્નેહને સમજી શકું છું ને સ્વીકારું છું. તારી લાગણીને માટે તને ધન્યવાદ આપું છું. અર્જુનની તૈયારી હોય તો એની સાથે દ્વંદ્વયુદ્ધ કરવા ઈચ્છું છું.'

અર્જુન એ સાંભળીને રોષે ભરાઈને બોલી ઊઠ્યો:

'કર્ણ ! તું ભરી સભામાં મારું અપમાન કરવાના આશયથી ફાવે તેમ બકવાદ કરી રહ્યો છે પરંતુ હું તને હમણાં જ એનો દંડ આપી દઉં છું. તું સભામાં વગર બોલાવ્યે આવી પહોંચ્યો છે તે ભૂલી ગયો લાગે છે.'

'તું પણ ભૂલી ગયો લાગે છે કે આ રંગમંડપ તારા એકલાને માટે નથી પણ સૌને માટે છે. તું દંડ દેવાની વાત કરે છે પણ તારામાં શક્તિ હોય તો ધનુષબાણ લઈને વાત કર.'

દ્રોણાચાર્યની સૂચનાથી અર્જુન કર્ણ સાથે લડવા તૈયાર થયો.

કર્ણ પણ ધનુષ્યબાણ લઈને ઊભો રહ્યો.

એ જોઈને કુંતીએ ગાંધારીને કહ્યું:

'અરે, આ અનર્થકારક દૃશ્ય દેખીને મારું હૃદય રડી ઊઠે છે. આ બંને તો લડવા પણ તૈયાર થયા ! કોઈ એમને વારતુંયે નથી.'

'તને અર્જુન તારો પુત્ર હોવાથી વધારે પ્રિય હોય તે સમજી શકું છું, પણ મને કર્ણને માટે પણ એટલો જ પ્રેમ થાય છે.' ગાંધારી બોલી.

કુંતી કેવી રીતે કહે કે મારે મન બંને સરખા જ છે !

એ શાંત રહી પણ એનું શરીર તો જાણે સળગવા માંડ્યું.

એટલામાં કૃપાચાર્યે સમયસૂચકતા વાપરીને કહ્યું:

‘કર્ણ ! પાંડુનંદન અર્જુન કુંતીનો સૌથી નાનો છોકરો છે. એની સાથે લડતાં પહેલાં તું પણ તારા માતાપિતા તથા કુળનો પરિચય કરાવ. એવા પરિચય પછી જ યુદ્ધ કરવું કે નહિ તે નક્કી થશે કારણ કે અજ્ઞાતકુળ કે નીચ વંશના પુરુષ સાથે રાજપુત્રોનું દ્વંદ્વયુદ્ધ નથી થઈ શકતું.’

કુંતીના પેટમાં એ સાંભળીને જાણે શેરડો પડ્યો.

એને એમ થયું કે પોતે ગુપ્ત રાખેલી હકીકત અત્યારે આશીર્વાદરૂપ બની જશે ને બંનેના ભીષણ યુદ્ધને અટકાવી શકાશે.

કર્ણનું મુખ ફીકું પડી ગયું. શરીર શ્રીહીન થયું.

એ દેખીને દુર્યોધનને દુઃખ થયું. એને થયું કે ખરી કસોટીને વખતે કૃપાચાર્યે આ શું કર્યું ! રંગમાં ભંગ પાડ્યો !

એ તરત જ બોલ્યો:

‘કર્ણ રાજા ના હોવાથી અર્જુન એની સાથે દ્વંદ્વયુદ્ધ ના કરતો હોય તો કર્ણને હું અત્યારે જ અંગ દેશનો રાજા બનાવું છું. ઉચ્ચ કુળનો પુરુષ, શૂરવીર તેમ જ સેનાપતિ ત્રણે રાજા થઈ શકે છે. કર્ણના કુળનો તમને વાંધો હોય તોપણ એની શૂરવીરતા શંકારહિત છે.’

દુર્યોધને કર્ણને સિંહાસન પર બેસાડીને એનો એ જ વખતે અભિષેક કર્યો.

કુંતીને એથી પ્રસન્નતા તો થઈ પણ એની વેદના વધી ગઈ. એ ચિંતાતુર બનીને ભારે મનોમંથનમાં પડી.

ઈશ્વરે એને ખૂબ જ કપરી કસોટીએ ચઢાવી.

* * *

## ૨૨. ડંખ દૂર થયો

કર્ણનો અંગદેશના રાજારૂપે અભિષેક થયેલો જોઈને રંગમંડપમાં બેઠેલા એના પાલકપિતા અધિરથને અતિશય આનંદ થયો.

એની કાયા કંપવા લાગી, આંખમાંથી અશ્રુ પડવા માંડ્યા, ને વાણી રૂંધાઈ ગઈ.

છતાં પણ પોતાની જાતને મહામહેનતે સંભાળીને, કર્ણની પાસે આવીને એને આશીર્વાદ આપતાં એણે કહ્યું: 'આજનો આ અસાધારણ અવસર જોઈને મને અપાર આનંદ થઈ રહ્યો છે. આજે મારું શરીરધારણ સફળ થયું. તારા જેવો સુપુત્ર કોઈક ભાગ્યશાળી માતાપિતાને જ મળી શકે છે.'

કર્ણે એના ચરણ પર મસ્તક મૂકીને પ્રણામ કર્યાં.

અધિરથે એને આલિંગન આપ્યું.

એ વખતે કુંતીના હૈયામાં હેતના ફુવારા ફૂટવા માંડ્યા.

આખરે એ માતા હતી.

એને થયું કે ગાંધારીની પાસેથી ઊઠીને હું પણ કર્ણની પાસે જઈ પહોંચું ને મારો પ્રેમસંબંધ પ્રકટ કરું. પરંતુ .... આગળના વિચારોને લીધે એની હિંમત ના ચાલી; એને એ કવખતનું દુસ્સાહસ લાગવાથી એ બેસી રહી.

પોતાના પુત્રને બીજું કોઈ અભિનંદન આપે અને પોતાને એને અડવાનોય અધિકાર નહિ ?

એની આંખ ભરાઈ આવી.

અધિરથના વ્યવહાર પરથી કર્ણને સૂતપુત્ર સમજી લઈને ભીમ બોલી ઊઠ્યો:

'કર્ણ ! તું સૂતપુત્ર હોવાથી રાજા થવાને જરા પણ લાયક નથી. તું તો તારા પરંપરાગત કુળવ્યવહાર પ્રમાણે ઘોડાઓની માવજત કરે તથા લગામ સંભાળે તે જ બરાબર છે. અર્જુન તારી સાથે લડે ને તને મારે એ એને માટે જરા પણ શોભાસ્પદ નથી. તું તો હવે અહીંથી વિદાય થાય એ જ બરાબર છે.'

એના શબ્દો સાંભળીને દુર્યોધન બોલ્યો:

'ભીમ ! તારો પ્રલાપ તદ્દન અયોગ્ય છે. કર્ણ શૂરવીર છે, અને શૂરવીર ગમે તે કુળનો હોય તોપણ તેની સાથે યુદ્ધ કરવું જ જોઈએ. તું વિચાર તો કર કે કવચકુંડળ સાથે જન્મેલો કર્ણ કોઈ હીન જાતિનો હોઈ શકે છે ? એને કોઈ સામાન્ય માતાપિતા જન્માવી શકે ? પોતાના બાહુબળ તથા મારી સહાયતાથી એ અંગદેશનું જ નહિ, સમસ્ત સૃષ્ટિનું શાસન કરી શકે તેમ છે. તને તે ના ગમતું હોય તો લડવા માટે મેદાને પડ. કોઈ બીજાને પણ પસંદ ના પડતું હોય તો તે લડવા માટે આવી શકે છે. અમે બંને કોઈને પણ પહોંચી વળીશું.'

રંગમંડપમાં હાહાકાર મચી રહ્યો.

વાત વીફરશે એમ જાણીને દ્રોણાચાર્યે સૌને શાંત કર્યા.

સૂર્યાસ્ત થઈ ચૂક્યો હોવાથી એમણે રંગમંડપના પ્રયોગોને બંધ થયેલા જાહેર કર્યાં.

રોષ તેમજ દ્વેષથી ભરાયેલો દુર્યોધન કર્ણનો હાથ પકડીને બહાર નીકળ્યો.

પાંડવો પણ દ્રોણાચાર્ય તથા કૃપાચાર્ય સાથે બહાર નીકળ્યા.

એ જોઈને દર્શકો પણ ઊભા થયા.

એમના અંતર એકાએક બનેલા અમંગળ બનાવોથી ઉદાસ બની ગયાં.

પાંડવો પોતાના નિવાસસ્થાનમાં આવીને કુંતીને પગે લાગ્યા એટલે કુંતીએ સૌના પ્રયોગોની પ્રશંસા કરી અને અર્જુનને વિશેષ અભિનંદન આપ્યાં.

એ વખતે ભીમ બોલી ઊઠ્યો:

‘કર્ણ તથા દુર્યોધનનું ભાગ્ય સારું નહિ તો એ બંનેને આજે હું રણમાં રગદોળી નાખત. એ તો સાંજ પડી ગઈ તે દ્રોણાચાર્યે પ્રયોગોની પૂર્ણાહુતિ કરી, બાકી એ બંનેની ખબર લઈ નાખત. દુર્યોધનની ખબર તો પછી લેત, પણ પેલા સૂતપુત્રને તો બરાબરનો સ્વાદ ચખાડી દેત.’

‘એ સૂતપુત્રને તો હું પણ ના છોડત.’ અર્જુન બોલી ઊઠ્યો: ‘એ ખૂબ જ ઘમંડી છે.’

કુંતીનું કાળજું કંપવા લાગ્યું. હૃદયના ભાવોને રોકી રાખીને એણે કહ્યું:

‘કર્ણ સૂતપુત્ર હોય એવું લાગતું તો નથી. એનાં લક્ષણો અને એની વીરતા વિલક્ષણ છે. એણે પ્રયોગો પણ કેટલા બધા સરસ કરી બતાવ્યા ?’

‘તો શું એ સૂતપુત્ર નથી તો રાજપુત્ર છે ? તું પણ ખરી છે ! સમસ્ત સમાજ જાણે છે કે એ ચંપાપુરના સૂત અધિરથ અને રાધાનો પુત્ર છે. એટલે તો એનો સ્વભાવ પણ સૂતના જેવો જ સંકુચિત, સ્વાર્થી તથા મલિન છે. દુર્યોધન જેવા દુષ્ટની મિત્રતા કરી રાખી છે એટલે એ પણ એના જેવો જ હોવો જોઈએ. મિત્રતા સમાનની જ થાય છે, ટકે છે ને શોભે છે, અસમાનની નહિ.’

કુંતીને થયું તો ખરું કે કહી દઉં કે કર્ણ અધિરથ અને રાધાનો પાલક પુત્ર છે ને મૂળ તો મારો પોતાનો પુત્ર છે. પણ એ શાંત રહી ને થોડીવારે બોલી:

‘એ દુર્યોધનનો મિત્ર છે એને બદલે તમારો મિત્ર બની જાય તો કેવું સારું ? તમારી શક્તિ એથી વધી જાય.’

‘પરંતુ એ અમારો મિત્ર બને જ કેવી રીતે ?’ ભીમ બોલ્યો: ‘એવા દુષ્ટને તો મૃત્યુનો મિત્ર બનાવવો વધારે સારો.’

‘દુર્યોધન એને છોડે તેમ જ ક્યાં છે ?’ અર્જુન બોલ્યો: ‘કર્ણને એણે પોતાના સ્વાર્થ માટે જ મિત્ર બનાવ્યો છે.’

‘છતાં પણ એ વાત વિચારવા જેવી છે ખરી.’ યુધિષ્ઠિરે જણાવ્યું: ‘એનો રસ્તો નીકળશે તો વિચારી જોઈશું. કડવાશ વધારવા કરતાં મીઠાશ વધારવી વધારે સારી.’

‘પણ તે વધે તો ને ?’ ભીમ બોલી ઊઠ્યો: ‘જેને કડવાશમાં જ રસ લાગે છે તે મીઠાશ કેવી રીતે વધારી શકે ? સૂતપુત્રનો સ્વભાવ જ કડવો હોય, મીઠો નહિ.’

કર્ણને માટે સૂતપુત્ર શબ્દપ્રયોગ સાંભળીને કુંતીને કાંઈનું કાંઈ થઈ ગયું.

કર્ણ સૂતપુત્ર નથી એ વાત પોતે જ જાણે છે. હા, પોતે જેની મદદથી એને પેટીમાં મૂકીને નદીમાં પ્રવાહિત કરેલો તે સેવિકાને તેની ખબર હતી ખરી, પરંતુ એનું તો હવે મૃત્યું થયું છે. બાકી અધિરથ અને રાધા તો જાણે જ છે કે એ પુત્ર એમનો નથી છતાં પણ એ હકીકત એમણે મોટે ભાગે ગુપ્ત જ રાખી છે.

એ રાતે કુંતીનું મન એકદમ અસ્વસ્થ બન્યું, અશાંત રહ્યું, ને વિવિધ પ્રકારના સારાનરસા વિચારે ચઢ્યું.

એને લાગ્યું કે પોતાના બીજા પુત્રોના તથા માદ્રીના પુત્રોના હિતને માટે કર્ણ વિશેની સાચી માહિતી એમની આગળ રજૂ કરવી જોઈએ. કિન્તુ એને માટે સુયોગ્ય સમયની પ્રતિક્ષા કરવાનું પણ એને એટલું જ ઉચિત લાગ્યું.

*

હસ્તિનાપુરમાં આવ્યે લાંબો વખત વીતી ગયો હોવા છતાં દ્રોણાચાર્યના દિલનો ડંખ નહોતો મટ્યો.

એ ડંખ ઓછો થવાને બદલે વધતો જ રહ્યો.

દ્રુપદે કરેલા દુર્વ્યવહાર કે અપમાનનો બદલો લેવાની એમની વૃત્તિમાં લેશ પણ ફેર ના પડ્યો. એ વૃત્તિ દિનપ્રતિદિન પોષણ પામતી વધતી ગઈ અથવા અંકુરિત થઈ.

એ ડંખથી પ્રેરાઈને જ એમણે રાજકુમારોનું ગુરુપદ ગ્રહણ કરેલું.

એમને શૂરવીર બનાવવાનો બનતો બધો જ પ્રયાસ પોતે કરી જોયેલો.

પોતાની સંકલ્પસિદ્ધિનો સમય સમીપ આવેલો જાણીને એકવાર એમણે સઘળા રાજકુમારો કે શિષ્યોને ભેગા કરીને કહ્યું:

‘તમે બધા ધનુર્વિદ્યા તથા બીજી વિદ્યામાં પ્રવીણ થયા છો. મેં તમને કોઈપણ પ્રકારના પક્ષપાત કે ભેદભાવ વિના બધી વિદ્યાનું જ્ઞાન પૂરું પાડ્યું છે. તમારી યોગ્યતા પ્રમાણે તમે એને અપનાવ્યું છે.’

‘હા ગુરુદેવ ! એ તમારી કૃપા છે.’ અર્જુન બોલી ઊઠ્યો.

‘તમારા અનુગ્રહને લીધે જ અમે જુદીજુદી જાતનું જ્ઞાન મેળવી શક્યા.’ દુર્યોધને એકરાર કર્યો.

‘તો હવે હું તમારી પાસેથી ગુરુદક્ષિણા માંગુ છું.’ દ્રોણાચાર્યે જણાવ્યું : ‘ એ માગવાનો મારો ધર્મ છે અને એને આપવાની તમારી ફરજ છે.’

‘તમે જે માગશો તે હું હસતાં હસતાં, કૃતજ્ઞતાની ઊંડી ભાવના સાથે, પ્રદાન કરીશ. આ સમસ્ત રાજ્ય એમાંના અપાર ધન, વૈભવ અને ઐશ્વર્ય સાથે તમારું છે. એ તમારા ચરણે પહેલેથી જ અર્પણ કરેલું છે.’

‘છતાં પણ મારે એમાંનું કશું જ નથી જોઈતું. મને ધન, ઐશ્વર્ય, વૈભવ કે સામાન્ય સુખોપભોગની સ્પૃહા નથી. હું તો ગુરુદક્ષિણામાં એક બીજી જ વસ્તુની માગણી કરું છું. પરંતુ પહેલાં કહી બતાવો કે એ વસ્તુ તમે બધા આપી શકશો ?’

‘આપી શકીશું. અવશ્ય આપી શકીશું. તમે જે કહેશો તે બધું જ આપી શકીશું. તમારે ખાતર સર્વ કાંઈ સમર્પી શકીશું’

શિષ્યો વારાફરતી બોલી ઊઠ્યા.

‘બસ ત્યારે, હવે મારી કામના કહી બતાવું. ગુરુદક્ષિણામાં હું એ જ માગું છું કે તમે બધા ભેગા મળીને પાંચાલરાજ દ્રુપદને યુદ્ધ કરીને, બંદી બનાવીને, મારી પાસે લઈ આવો.’

‘ખરેખર ?’

‘હા. ખરેખર.’

‘પરંતુ.....’

'પરંતુ કહેવાથી કે દલીલ કરવાથી કશો જ હેતુ નહિ સરે. મારી માગણી એ જ છે. તમારામાં ગુરુદક્ષિણા આપવાની તાકાત હોય તો તમે તેને પૂરી કરો.'

'અમે એને અવશ્ય પૂરી કરીશુ.' સૌ બોલી ઊઠ્યા: 'અમારામાં તાકાત છે. પૂરતી તાકાત છે.'

દ્રોણાચાર્યના આશીર્વાદ લઈને સૌ શસ્ત્રાસ્ત્ર ધારણ કરીને દ્રુપદ સાથે યુદ્ધે ચઢવાની તૈયારી કરવા લાગ્યા.

અર્જુનને પોતાના કાર્ય માટે સુયોગ્ય સમજીને દ્રોણાચાર્યે એને ખાસ આશીર્વાદ આપીને કહ્યું:

'તું તારા કાર્યમાં વિજયી થશે એવો મને વિશ્વાસ છે. તારા જેટલી નિપુણતા બીજા કોઈનામાં નથી. તું વિજયી થઈશ એટલે મને આનંદ થશે.'

અર્જુન એમના આશીર્વાદથી આનંદ પામતાં બોલી ઊઠ્યો:

'મારામાં જે કાંઈ નિપુણતા છે તે તમારી દ્વારા જ પ્રાપ્ત થયેલી છે, અને હું વિજયી થઈશ તે પણ તમારે લીધે જ, તમારા આશીર્વાદ મને બળપ્રદાન કરશે અને અમોઘ ઠરશે.'

દુર્યોધન, કર્ણ, દુઃશાસન તથા બીજા રાજકુમારો દ્રુપદને કેદ પકડીને દ્રોણાચાર્યના ધન્યવાદ મેળવવાની ભાવનાથી પ્રેરાઈને પોતપોતાના રથમાં બેસીને દ્રુપદનગરમાં આવી પહોંચ્યા.

દુશ્મનોને પોતાની ઉપર આક્રમણ કરવા આવેલા જોઈને દ્રુપદે કિલ્લાની બહાર નીકળીને એમના પર એકાએક વળતો હુમલો કરી દીધો.

એ હુમલાએ કૌરવોને મુસીબતમાં મૂકી દીધા.

અર્જુન પોતાના ભાઈઓ સાથે દ્રુપદની રાજધાનીથી અડધો ગાઉ દૂર રહ્યો.

દ્રુપદનાં બાણોની વર્ષાનો સામનો કરવા એ પણ તૈયાર થઈ ગયા.

શંખ, ભેરી તથા મૃદંગના નાદથી આખું નગર ગુંજી ઊઠ્યું.

નગરના લગભગ બધા જ પ્રજાજનો લાઠી, મૂશળ તથા બીજાં હથિયારો લઈને કૌરવોની સેના પર તૂટી પડ્યા.

કૌરવોએ એ સૌનો શૂરવીરતાપૂર્વક સામનો તો કર્યો પરંતુ દ્રુપદની બાણવર્ષા તથા શૂરવીરતાની આગળ એ ટકી ના શક્યા. દ્રુપદની અજોડ યુદ્ધશક્તિ સામે ટકી રહેવાનું અને વિજયી બનવાનું અશક્ય લાગવાથી એ બધા પાંડવોના પડાવ તરફ નાસી ગયા.

દુર્યોધને પાંડવો પાસે પહોંચીને કહ્યું :

'દ્રુપદનું નામ નથી લેવા જેવું. એ ખૂબ જ પરાક્રમી છે. એણે અમારો એવો મજબૂત સામનો કર્યો કે મહામહેનતે મરતાં મરતાં બચીને પાછા આવ્યાં.'

અર્જુને કહ્યું:

'તમે બધા પરાસ્ત થઈને પાછા આવશો એ હું જાણતો જ હતો. દ્રુપદ પરમ પરાક્રમી છે એની ખબર હોવા છતાં ગુરુદક્ષિણા આપવાનો સંકલ્પ કર્યો હોવાથી મારે તો એની સાથે લડવા જવું જ પડશે.'

'જીવન વહાલું હોય તો ના જઈશ.'

'જીવન વહાલું છે પરંતુ ગુરુદેવ જેટલું કે મારી પ્રતિજ્ઞા જેટલું વહાલું તો નથી જ.'

'તો પછી ભલે જા. તને પણ ખબર પડશે.'

'એને દ્રુપદના ક્રોધાગ્નિમાં પડીને હાથે કરીને મરવું હોય તો તું શા માટે પકડી રાખે છે ? એ ભલે ને મરતો.' દુઃશાસન બોલ્યો.

'હું મરીશ નહિ પણ કેટલાયને મારીશ તથા દ્રુપદને પકડીને પાછો આવીશ.'

પોતાની પાસે આવી પહોંચેલા દ્રોણાચાર્યના ચરણોમાં પ્રણામ કરીને અર્જુન એટલું બોલીને ભીમ, સહદેવ અને નકુલ સાથે ચાલી નીકળ્યો.

ભીમ ગદા સાથે દ્રુપદની હર્ષનાદ કરતી સેનામાં ફરવા લાગ્યો.

એણે હાથી તથા સૈનિકોનાં શિર તોડી નાંખ્યા ને બીજા કેટલાયને ઘાયલ કર્યા.

બીજી બાજુ એની સાથે સાથે અર્જુને બાણોની વર્ષા કરીને આખી સેનાને ઢાંકી દીધી. એથી સૈનિકો મરવા માંડ્યા ને ઘવાઈને ચીસો પાડતા નાસભાગ કરવા લાગ્યા. એમના કરુણ ભયંકર ચિત્કારથી દિશાપ્રદિશા ભરાઈ ગઈ.

અર્જુને દ્રુપદના ધનુષ્યને તોડી નાખ્યું. રથની ધજાના ટુકડા કરી દીધા. ને પાંચ બાણો મારીને ઘોડા તેમ જ સારથિનો નાશ કર્યો.

એથી અસ્વસ્થ બનીને એણે બીજું ધનુષ્ય લેવાની તૈયારી કરી ત્યાં જ અર્જુન તલવાર સાથે રથમાંથી કૂદી પડીને એના રથ પર પહોંચી ગયો.

રથમાંથી કૂદીને નાસી જવાની કોશિશ કરતા દ્રુપદને એણે પકડી લીધો ને કેદ કર્યો.

એ જોઈને સેના નાસભાગ કરવા લાગી.

દ્રુપદની રાજધાનીમાં લૂંટફાટ કરવાની ઈચ્છાવાળા રાજકુમારોને અર્જુને રોકી રાખ્યા, ભીમને પણ વધારે સંહાર કરવાની ના પાડી, ને કહ્યું:

'રાજા દ્રુપદ કૌરવોના સંબંધી છે. છતાં આપણે ગુરુદક્ષિણા આપવાના ઉદ્દેશથી એમની સાથે લડવું પડ્યું. હવે એ પકડાઈ ગયા હોવાથી યુદ્ધ બંધ કરો ને લૂંટફાટ કરવાનો વિચાર પણ પડતો મૂકો.

ભીમ તથા બીજા રાજકુમારો અર્જુનની વાત માની ગયા.

દ્રુપદને લઈને પાંડવો દ્રોણાચાર્ય પાસે આવી પહોંચ્યા ત્યારે દ્રોણાચાર્યે વેર વાળ્યું છે એ સમજતાં એને વાર ના લાગી.

દ્રોણાચાર્યે અર્જુનને ભેટી પડીને અભિનંદન આપ્યાં ને કહ્યું :

'હાશ. આજે મારી વરસોની મહત્વકાંક્ષા પૂરી થઈ. મારા આત્માને શાંતિ વળી. અર્જુને મારી લાજ રાખી. દ્રુપદ! તું મને ઓળખે છે કે ભૂલી ગયો ?'

'ઓળખું છુ.' દ્રુપદે દીનતાયુક્ત ઉદ્દગાર કાઢ્યા.

'હા. હવે તો ઓળખતો જ હોઈશ. અને અત્યાર સુધી નહિ ઓળખતો હોય તે હવે બરાબર ઓળખી શકશે. આપણે બંને બાળમિત્રો હતા તે જાણે છે ?'

'જાણું છું.'

'પહેલેથી એ  જાણી અને યાદ રાખી શક્યો હોત તો તારી આવી દુર્દશા ના થાત. પરંતુ તું સંપત્તિ અને રાજ્યસુખના મદમાં પડીને એ હકીકત ભૂલી ગયેલો. હું તારી મદદની આશાથી આવેલો ત્યારે તેં મારું અપમાન કરેલું તે યાદ છે ને ?'

દ્રુપદ નીચું મુખ રાખીને ધરતી તરફ જોઈ રહ્યો. એ કાંઈ બોલ્યો નહિ એટલે દ્રોણાચાર્યે આગળ કહ્યું:

'દ્રુપદ ! મારા એ અપમાનનો બદલો લેતાં મને આજે અપાર આનંદ થઈ રહ્યો છે. એ અપમાન મને હંમેશા કોરી ખાતું'તું. હું એને કોઈ રીતે ભૂલી નહોતો શકતો. તું હવે હારી ગયો છે ને મારે અધીન બન્યો છે. તારું જીવન મારા હાથમાં છે. મારા સંકેત કે સૂચનમાત્રથી તારું મસ્તક ધડથી અલગ કરી શકાય તેમ છે. છતાં હું તારા જેવો કૃતઘ્ની નહિ થાઉં. બાળપણની એ મિત્રતાને યાદ રાખીને તારી સાથે સારો વર્તાવ કરવાનું ધ્યાન રાખીશ. તને મારી મિત્રતા ગમશે ?'

'ગમશે.'

'તારા અહંકારને ચૂર્ણ કરવા માટે જ મેં આ પગલું ભર્યું છે. તેં કહેલું કે જે રાજા ના હોય તે રાજાનો મિત્ર નથી થઈ શકતો. તારા એ કથનને હું નથી ભૂલી શક્યો. તો હું તારું રાજ્ય લઈને રાજા બન્યો છું. અડધા રાજ્યનો ઉપભોગ તું કર અને અડધા રાજ્યનો હું કરું. આપણે બંને મિત્રભાવને સાચવી રાખીશું. એ મિત્રભાવ શોભશે પણ ખરો.'

દ્રુપદ એના એ પ્રસ્તાવ સાથે સહમત થયો એટલે દ્રોણાચાર્યે સમૃદ્ધ રસાળ રાજ્યની વહેંચણી કરીને ગંગા નદીનો દક્ષિણતટ પ્રદેશ દ્રુપદને અર્પણ કર્યો ને ઉત્તરતટ પ્રદેશ પોતે રાખ્યો.

દ્રુપદે રાજ્યનો અડધો ભાગ મળવાથી પ્રસન્નતા પ્રકટ કરીને કહ્યું:

'આપણે બંને હવે મિત્રભાવે રહી શકીશું. તમે બ્રાહ્મણત્વને છોડ્યું નહિ ને મારો વધ કરવાને બદલે હૃદયની ઉદારતા તથા વિશાળતાને બતાવીને મને મિત્ર માનીને અડધું રાજ્ય અર્પણ કર્યું એથી તમારો આભાર માનું છું ને તમને ધન્યવાદ આપું છું. તમારા જેવા સાધુચરિત આચાર્યને માટે આવો વ્યવહાર યોગ્ય જ છે.'

દ્રોણાચાર્યનો ડંખ દૂર થયો.

એમણે દ્રુપદને છોડી દઈને આનંદપૂર્વક સત્કાર સાથે ગંગાના દક્ષિણ તટ તરફનું રાજ્ય અર્પણ કર્યું.

દ્રુપદે દક્ષિણ પાંચાલમાં ચર્મણ્વતી નદીની બાજુના કામ્પિલ્ય નામે નગરમાં રહેવા માંડ્યુ.

દ્રોણાચાર્ય ઉત્તર પાંચાલની અહિચ્છત્રા નગરીમાં રહેવા લાગ્યા.

એ રાજ્ય અર્જુનના પરાક્રમથી પ્રાપ્ત થયું હોવાથી એમણે અર્જુનને અનેકાનેક ધન્યવાદ આપ્યા.

ભય તથા દંડ વિના પ્રીતિ નથી થતી એ સિદ્ધાંતનું એમણે શિષ્યો સમક્ષ સમર્થન કરી બતાવ્યું.

* * *

## ૨૩. વારણાવત તરફ

ભય તથા દંડ વિના પ્રીતિ નથી થતી એવું કહેવાય છે કિન્તુ એ કથન સદાને માટે ને સંપૂર્ણપણે સાચું ઠરે છે એવું થોડું છે ? ભય કે દંડથી કોઈવાર પ્રીતિ કે મૈત્રી થતી દેખાય તોપણ એવી પ્રીતિ કે મૈત્રી સઘળા સંજોગોમાં સનાતન નથી હોતી. એની પાછળ સમજ, સદ્દભાવ કે સ્નેહ ભાગ્યે જ હોય છે. એ પ્રીતિ કે મૈત્રી મોટે ભાગે ઉપર ઉપરની, તકલાદી, સ્વાર્થયુક્ત તથા લાચારીથી પ્રેરાયલી અથવા અનિચ્છાથી થયેલી હોય છે. એ દિલના ડંખને કાયમને માટે દૂર નથી કરતી, પોતાની પાછળ કડવાશ મૂકી જાય છે, નવો ભય ઊભો કરે છે, ને નવા દંડની શક્યતા વધારે છે. સમજ તથા સ્નેહ સાથેની પ્રીતિ કે મૈત્રી જ ચિરસ્થાયી બને છે, અને ફળે છે. એટલે કોઈ પણ પ્રકારના પ્રલોભન, દબાણ, ડર, દંડ કે વેરભાવ વિના પ્રેમથી જ પ્રેમ તથા મિત્રતા થઈ શકતી હોય તો વધારે સારું છે. બીજી જાતની પ્રીતિ ને મિત્રતા વિરોધ, ઘર્ષણ, કડવાશ કે વેરભાવમાં પરિણમે છે પણ ખરી.

દ્રોણાચાર્ય તથા દ્રુપદ સંબંધમાં એ વિધાન સાચું ઠર્યું.

દ્રુપદને હરાવીને કેદ કરવાથી અને એનું અડધું રાજ્ય લઈ લેવાથી દ્રોણાચાર્યના દિલનો ડંખ તો દૂર થયો પરંતુ દ્રુપદના દિલમાં નવો બીજો ડંખ પેદા થયો.

એ વખત તો પરવશતા, લાચારી કે પ્રતિકૂળતાને લીધે દ્રુપદે પોતાની અનિચ્છા હોવા છતાં દ્રોણાચાર્યની શરત સ્વીકારી અને એમની સાથે મિત્રતા કરી, પરંતુ પાછા આવ્યા પછી એને ભયંકર વેદના અને દુઃખનો અનુભવ થવા લાગ્યો.

એણે પોતાના વિશ્વાસુ મંત્રીને જણાવ્યું:

'દ્રોણાચાર્યની માગણીને હું મંજૂર ના રાખત તો એ મારો વધ કરત અથવા મને આજીવન કેદ કરત. એ સંજોગોમાં મારે માટે બીજો કોઈ રસ્તો જ નહોતો રહ્યો. એટલે અડધા રાજ્યને જતું કરીને પણ મેં મારો પ્રાણ બચાવી લીધો. પરંતુ એ ઘટનાના સ્મરણથી મને દુઃખ થાય છે. દ્રોણે કરેલું અપમાન મને સાલી રહ્યું છે. હું એનો બદલો લઈશ ત્યારે જ મને શાંતિ વળશે.'

'પરંતુ એનો બદલો કેવી રીતે લઈ શકાશે ?' મંત્રીએ પૂછ્યું ને કહ્યું: 'પાંડવો પુષ્કળ પરાક્રમી ને દ્રોણની નિરંતર રક્ષા કરે છે. એ ઉપરાંત કૌરવો પણ એમની પડખે છે.'

'કૌરવોનો ભય તો મને નથી લાગતો. એમને હું સહેલાઈથી પહોંચી વળું તેમ છું. પણ અર્જુનને મારાથી નથી પહોંચી વળાય તેમ. દ્રોણે એની મદદથી જ મને કેદ કરવાનું સ્વપ્ન સિદ્ધ કર્યું. બ્રાહ્મણ થઈને એણે એટલો બધો ક્રોધ તથા દ્વેષભાવ રાખવાને બદલે શાંત રહેવુ જોઈતું'તું. હવે હું પણ એને બતાવી આપીશ.'

'જ્યારે આપણે નિર્બળ હોઈએ ત્યારે શાંત રહેવું અને સુયોગ્ય સમયની પ્રતીક્ષામાં બેસવું વધારે સારું છે. નિર્બળતાપૂર્વક કરેલો ઘા નકામો જાય છે, ધારેલું પરિણામ નથી લાવતો, ને કરનારને માટે જ કષ્ટકારક કે વિઘાતક થઈ પડે છે.'

'એની ખબર છે માટે તો ચૂપ છું. પરંતુ મને ચેન નથી, શાંતિ નથી, અને કોઈ પ્રકારનો આનંદ નથી લાગતો. મારું મન ઉદાસ તથા વ્યથિત રહ્યા કરે છે.'

દ્રુપદનું શરીર દુઃખ તથા ચિંતાને લીધે દિવસે દિવસે સુકાવા લાગ્યું.

એની નિદ્રા પણ ઊડી ગઈ.

રાજકાજમાં એનું મન ઓછું લાગવા માડ્યું.

આખરે એણે વેર વાળવાનો માર્ગ શોધી કાઢ્યો ને એ માટે મદદ મેળવવાના હેતુથી પ્રેરાઈને અરણ્યમાં આવેલા આશ્રમોમાં ફરીને તપસ્વી પુરુષની શોધ કરવા માંડી.

એ શોધમાં છેવટે એને સફળતા મળી.

ગંગાના શાંત તપઃપૂત તટ પર ફરતાં ફરતાં કલ્માષી નગરની બાજુમાં આવેલા એક આહ્લાદક આશ્રમમાં એણે પ્રવેશ કર્યો.

એ આશ્રમમાં યાજ અને ઉપયાજ નામે કશ્યપ ગોત્રના બે શાંત, તપસ્વી, જ્ઞાની ભાઈઓ વાસ કરતા.

નાના ભાઈ ઉપયાજને એણે પોતાની સઘળી હકીકત કહી સંભળાવી ને જણાવ્યું:

‘તમે કોઈ એવો ક્રિયાયોગ કરી બતાવો કે જેથી મારે ત્યાં દ્રોણનો નાશ કરનારા પુત્રનો જન્મ થાય તો હું તમને દસ કરોડ ગાયો અથવા જે કહેશો તે અર્પણ કરીશ.’

ઉપયાજે દ્રુપદને ઘસીને ના પાડી ને કહ્યું:

‘મારાથી એવા અશુભ પ્રયોજનથી પ્રેરાયેલું કર્મ નહિ થઈ શકે.’

દ્રુપદે એની એક વરસ સુધી મન લગાડીને સેવા કરી ત્યારે તેણે પ્રસન્ન થઈને જણાવ્યું :

‘મારો ભાઈ યાજ શુદ્ધિ અશુદ્ધિનો વિશેષ વિચાર નથી કરતો. એની પાસે જઈને પ્રાર્થના કરો તો કદાચ એ તમારા મનોરથની પૂર્તિ કરવા તૈયાર થાય.’

દ્રુપદે યાજની આગળ મહામૂલી ઉપહાર ધરીને પોતાની મનોકામના પ્રકટ કરી.

યાજે દસ કરોડ ગાયો લેવાની શરતે એને મદદરૂપ થવાની તત્પરતા બતાવી અને એક વિશાળ યજ્ઞનું આયોજન કરવાનો આદેશ આપ્યો.

યાજે દ્રુપદને ત્યાં આવીને યજ્ઞ કરાવ્યો.

એ યજ્ઞની ફળશ્રુતિરૂપે એની પૂર્ણાહુતિ થતાં દ્રુપદને એક સુંદર પુત્ર તથા પ્રતાપી પુત્રીની પ્રાપ્તિ થઈ.

પુત્રનું નામ ધૃષ્ટદ્યુમ્ન રાખવામાં આવ્યું. પુત્રી કૃષ્ણ વર્ણની હોવાથી કૃષ્ણા કહેવાઈ.

કોઈએ એને પાંચાલી કહી તો કોઈએ દ્રોપદીની નામથી ઓળખવા માંડી.

દ્રૌપદી સર્વાંગસુંદરી, સુંદર લોચનવાળી અને અતિશય આકર્ષક હતી.

એની સુંદરતાના સદન સમાન શરીરમાંથી એક પ્રકારની અલૌકિક આનંદદાયક સુવાસ નીકળતી.

એના જન્મતાંની સાથે યાજે પોતાની અસાધારણ આત્મિક શક્તિના આધાર પર કહ્યું:

‘રાજા! તમારા મનમાં પ્રતાપી પુત્રની પ્રાપ્તિની ઈચ્છા હતી પરંતુ મેં તમને પુત્રની સાથે પુત્રી પણ પ્રદાન કરી. આ કુમારી ખૂબ જ યશસ્વિની થશે, સૃષ્ટિમાં સૌથી સુંદર ગણાશે, ને સદ્દબુદ્ધિથી સંપન્ન હશે. એને લીધે ભવિષ્યમાં કૌરવો મોટી મુસીબતમાં મુકાઈ જશે ને અસંખ્ય લોકોનો સંહાર થશે.’

દ્રૌપદી દેવાંગના જેવી સુંદર દેખાતી.

એને જોઈને તથા એને માટેનું ભવિષ્યકથન સાંભળીને દ્રુપદની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એ પોતાને સૃષ્ટિમાં સૌથી વધારે સૌભાગ્યશાળી સમજવા લાગ્યો.

એણે જિજ્ઞાસા પ્રકટ કરતાં પૂછ્યું:

'આ પુત્ર તો મારી ઈચ્છા પૂરી કરશે ને ?'

'અવશ્ય પૂરી કરશે.' યાજે ઉત્તર આપ્યો: 'એ એટલા માટે જ પ્રકટ થયો છે. એને કોઈ સામાન્ય બાળક ના સમજશો. એનો આવિર્ભાવ સહેતુક થયેલો છે. એ પણ ખૂબ જ પ્રતાપી થશે. એને લીધે તમારા દિલનો ડંખ દૂર થશે, તમારી ચિંતા ટળી જશે, ને તમારો સમસ્ત શોક મટી જશે. એ તમારા નાનામોટા સઘળા મનોરથની સિદ્ધિ કરશે.'

'પરંતુ દ્રોણનો નાશ ? દ્રોણનો નાશ કરવામાં એ નિમિત્ત બની શકશે કે નહિ ? મારી મોટામાં મોટી ઈચ્છા એ જ છે.'

'એ ઈચ્છાની સફળતા તથા શાંતિ માટે તો મેં યજ્ઞ કરાવ્યો. એ ઈચ્છા જરૂર પૂરી થશે. ધૃષ્ટદ્યુમ્નનો જન્મ દ્રોણાચાર્યના નાશ માટે જ થયેલો છે. દ્રોણાચાર્યનું મૃત્યુ ધૃષ્ટદ્યુમ્નના હાથે જ થઈ શકશે; બીજા કોઈના હાથે નહિ થઈ શકે. દ્રોણાચાર્ય એની આગળ નહિ ટકી શકે.'

દ્રુપદને શાંતિ થઈ.

પોતાના સંકલ્પની સિદ્ધિમાં સહાય કરવા માટે એણે યાજનો ઊંડો આભાર માન્યો ને વિશેષ સત્કાર કર્યો.

યોગ્ય સમયે ધૃષ્ટદ્યુમ્ન દ્રુપદના કહેવાથી દ્રોણાચાર્ય પાસે પહોંચી ગયો અને એમના માર્ગદર્શન મુજબ ધનુર્વિદ્યા તથા અસ્ત્રશસ્ત્રની તાલીમ લેવા લાગ્યો.

એની બુદ્ધિ તીવ્ર તેમજ ગ્રહણશક્તિ ઉત્કટ હોવાથી વિદ્યાપ્રાપ્તિમાં એને વિશેષ વાર ના લાગી.

જોતજોતામાં તો એણે જુદીજુદી જાતની બધી જ વિદ્યાઓમાં પ્રવીણતા મેળવવા માંડી.

*

દ્રુપદને હરાવવામાં, કેદ કરવામાં અને એવી રીતે દ્રોણાચાર્યના સૌથી વિશેષ કૃપાપાત્ર બનવામાં પોતાને તદ્દન નિષ્ફળતા મળી અને અર્જુનને સંપૂર્ણ સફળતા સાંપડી ત્યારથી દુર્યોધન અર્જુન તેમ જ બીજા પાંડવો પર રોષે ભરાયો.

એના અંતરમાં સળગતો દ્વેષ તેમજ ઈર્ષ્યાનો અગ્નિ એ દિવસથી અનેકગણો વધી ગયો.

એની વેરવૃત્તિમાં વધારો કરતાં કેટલાક બીજા બનાવો પણ બની ગયા.

કૌરવોની સભામાં એકવાર દ્રોણાચાર્યે અર્જુનને એના પરાક્રમ માટે અભિનંદન આપતાં કહ્યું:

'અર્જુન ! તારા બળની ને તારી બુદ્ધિના બરાબરી કરી શકે એવું કોઈ જ નથી. તને સર્વશ્રેષ્ઠ બનાવવાની મારી મહેચ્છા પૂર્ણ થઈ છે. મારા સઘળા શિષ્યોમાં તું સર્વોત્તમ સાબિત થઈ ચૂક્યો છે. દ્રુપદને હરાવીને તેં મને મારી ઈચ્છાનુસાર ગુરુદક્ષિણા આપી દીધી છે તેથી મારા આત્માને પ્રસન્નતા તથા શાંતિ થઈ છે. એ પ્રસન્નતાના બદલામાં તને શું આપું ?'

અર્જુને નમ્રતાપૂર્વક ઉત્તર આપ્યો:

'દ્રુપદને હરાવવાની શક્તિ મને તમારી કૃપાથી જ સાંપડી શકેલી. તમે શીખવેલી વિદ્યાનો જ એ પ્રભાવ હતો. મેં જે કામ કર્યું તે તો તમારી આજ્ઞાના પાલનના ઉદ્દેશથી જ કર્યું છે. એની પાછળ કોઈ બદલાની ભાવના નહોતી ને નથી જ.'

'તો પણ તારી સેવાની કદર કરીને તને કાંઈક આપવાની મારી ઈચ્છા છે.'

'તમારો આટલો બધો પ્રેમભાવ તથા તમારી કૃપાદૃષ્ટિ છે એ મારી કદર જ છે. એથી અધિક કદર બીજી કયી હોઈ શકે ?'

'છતાં પણ હું તને બ્રહ્મશિર નામના અસ્ત્રનો પ્રયોગ શીખવીશ. મારા ગુરુ અગ્નિવેશ્ય મહર્ષિ અગસ્ત્યના શિષ્ય હતા. એમની પાસેથી મને એ પ્રયોગની પ્રાપ્તિ થઈ છે. એ ઉપરાંત તું મને સૌની સમક્ષ ગુરુદક્ષિણા આપ.'

'કયી ગુરુદક્ષિણા ?'

'ગુરુદક્ષિણાના રૂપમાં મને વચન આપ કે કોઈવાર મારી સામે લડવુ પડે તોપણ મારો સામનો કરતાં નહિ અચકાય.'

'એવું વચન કદી આપી શકાતું હશે ? તમારી સાથે લડવાની કલ્પના પણ હું નથી કરી શકતો.'

'છતાં પણ તું એટલું વચન આપી દે. એથી મને શાંતિ થશે.'

અર્જુને નિરુપાયે વચન આપ્યું.

દુર્યોધનનું મન એ જોઈને વધારે બળવા લાગ્યું.

એમાં વળી ઘી હોમાયું હોય તેમ દ્રુપદના પરાજય પછી એકાદ વરસે રાજા ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરનો યુવરાજપદ પર અભિષેક કર્યો.

યુધિષ્ઠિર સર્વપ્રકારના સદ્દગુણો તથા સાત્વિકતાની મૂર્તિરૂપ હતા તથા પ્રજા પણ એમને યુવરાજ કરવાની કામના કરતી હોવાથી જ ધૃતરાષ્ટ્રે એવું પગલું ભર્યું, પણ દુર્યોધન, કર્ણ અને એના બીજા બંધુઓ કે સાથીઓને એ જરા પણ ના ગમ્યું.

ધૃતરાષ્ટ્રને પહેલાં તો પાંડવોને માટે સદ્દભાવના અને લાગણી હતી પરંતુ પાંડવોની પ્રસિદ્ધિ, શક્તિ ને સમૃદ્ધિ વધતી ગઈ તેમ તેમ એમનું મન પણ બદલાવા લાગ્યું.

એમણે પોતાના મંત્રી કણિકની સલાહ લઈને પાંડવોના વધતા જતા બળ તેમ જ પ્રતાપને અટકાવવાનો નિર્ણય કર્યો.

દુર્યોધન પણ ભીમની અસીમ શક્તિ અને અર્જુનનું અસાધારણ અસ્ત્રજ્ઞાન જોઈને ચિંતા કરવા લાગ્યો.

હસ્તિનાપુરના પ્રજાજનો યુધિષ્ઠિરને રાજ્ય મળે એવી ઈચ્છાને પ્રકટ કરવા લાગ્યા એથી પણ એ બળવા માંડ્યો. એણે પોતાના પિતા ધૃતરાષ્ટ્રને કહ્યું:

'પ્રજાજનોના પ્રલાપો સાંભળ્યા ? એ બધા તમને ગાદી પરથી હઠાવીને યુધિષ્ઠિરને રાજા બનાવવા માગે છે. ભીષ્મ તો એમની ભાવનાને માન્ય કરશે, પરંતુ આપણે માટે એથી મોટો ભય પેદા થશે. આપણું જીવન દુઃખી બનશે. તમે જન્માંધ હોવાથી રાજ્યનો અસ્વીકાર કરીને પાંડુને રાજા બનવા દીધા એ બિલકુલ સારું ના કર્યું.'

કર્ણ, દુઃશાસન અને શકુનિ સાથે વિચારવિનિમય કરીને દુર્યોધને બીજે દિવસે ધૃતરાષ્ટ્રને કહ્યું:

'પાંડવો અહીંથી વારણાવત જાય એવી કોઈ યોજના તૈયાર કરો તો સારૂં. પાંડવો આપણી દૂર જશે તો એમનો ભય પણ ઓછો થશે.'

ધૃતરાષ્ટ્રે કહ્યું:

'પાંડુનો મારા પરનો પ્રેમ પ્રબળ હતો. એ મારી સાથે ઘણો સારો વ્યવહાર કરતા. યુધિષ્ઠિર પણ એવા જ ધર્માત્મા છે. પ્રજા એમનાથી સંપૂર્ણપણે સંતુષ્ટ છે. એ દશામાં એમને પરંપરાપ્રાપ્ત રાજ્યાધિકારથી વંચિત કેવી રીતે કરી શકાય ? એમને એવી રીતે ન્યાયોચિત અધિકારથી વંચિત કરવામાં અધર્મ જ થાય. એવા અન્યાય અથવા અધર્મની કલ્પના પણ ના કરી શકાય. વિદુર, ભીષ્મ, કૃપાચાર્ય ને દ્રોણ પણ કૌરવપાંડવ પર સરખો પ્રેમ રાખે છે. એમને પણ તારો પ્રસ્તાવ જરા પણ પસંદ નહિ પડે.'

છતાં પણ દુર્યોધન ડગ્યો નહિ.

એણે ધૃતરાષ્ટ્રને જેમતેમ કરીને સમજાવી લીધા.

એમણે વારણાવતની પુષ્કળ પ્રશંસા કરીને પાંડવોને ત્યાં જવા માટે ઉત્સાહ આપ્યો.

એમણે કહ્યું:

'વારણાવત નગર ખૂબ જ સુંદર ને સુખમય છે. એની પ્રશંસા જેટલી કરું એટલી ઓછી છે. આજકાલ ત્યાં મેળો ભરાય છે. એ અવસર પર લાખો લોકો ભેગાં થાય છે અને પોતપોતાની રીતે આનંદ કરે છે. તમે બધા ભાઈઓ એની મુલાકાત લો તો સારું. તમારે માટેની બધી વ્યવસ્થા ત્યાં કરી દઈશ.'

પાંડવો વારણાવત જવા તૈયાર થયા એટલે દુર્યોધનના આનંદનો પાર ના રહ્યો.

એણે પોતાના પ્રિય તથા વિશ્વાસુ મંત્રી પુરોચનને બોલાવીને કહ્યું:

'પુરોચન! આ રાજ્ય ફક્ત મારું નથી, તારું પણ છે. એના ઉપભોગનો અધિકાર તને પણ છે. એનું અનિષ્ટ ના થાય એ જોવાની તારી ફરજ છે. પાંડવો હસ્તિનાપુરના રાજ્યને પચાવી પાડવા માગે છે, એ તો તું પણ જાણતો જ હોઈશ.'

'જાણું છું.' પુરોચન ઉત્તર આપવામાં પાછો પડે તેવો નહોતો.

'પરંતુ હું મૂર્ખ નથી કે રાજ્યને એમના કે બીજા કોઈના હાથમાં જવા દઉં. પાંડવોને મેં મહામહેનતે વારણાવત જવા તૈયાર કર્યા છે. એમનું કાસળ કાઢવાનું અડધું કામ તો એવી રીતે થઈ ગયું પણ બીજું અડધું અગત્યનું કામ હજુ બાકી રહ્યું છે.'

'તે પણ તમારી ઈચ્છા ને યોજના પ્રમાણે થઈ રહેશે. તમે જે ધારો તે બધું જ કરી શકો એમ છો. મને તમારી બુદ્ધિ અને શક્તિમાં વિશ્વાસ છે.'

'મને પણ તારામાં પૂરેપૂરો વિશ્વાસ છે માટે જ આ વાત કહી રહ્યો છું. તને વિશેષ વિશ્વાસપાત્ર માનીને પાંડવોનું કાસળ કાઢવાનું કામ સોંપી રહ્યો છું. મેં એમનું કાસળ કાઢવાની જે ગુપ્ત યોજના તૈયાર કરી છે એનો તારે અમલ કરવાનો છે. તું પહેલેથી જ વારણાવત પહોંચી જા અને ત્યાં એકાંત સુંદર સ્થાનમાં પાંડવોને રહેવા માટે અગ્નિથી સહેલાઈથી સળગી ઊઠે એવું માટી, લાખ તથા કાષ્ઠનું ભવન તૈયાર કરાવી લે. પાંડવોને એની સ્વપ્ને પણ ખબર ના પડે એનું ધ્યાન રાખજે.'

પુરોચને કહ્યું:

'આપણા આશયની એમને ગંધ પણ નહિ આવે. એ બાબત તમે તદ્દન નચિંત રહેજો.'

'હા. એમને જો જરા પણ ગંધ આવશે તો બધી બાજી બગડી જશે. એ ભવનને સારી પેઠે શણગારજે. એમાં ભાતભાતના ભોગવિલાસના પદાર્થો રાખજે. કુંતી તથા યુધિષ્ઠિરાદિ બધા ભાઈઓને એમાં જ ઉતારો આપજે.

થોડા દિવસ એમને એમાં આનંદ કરવા દેજે. અને પછી લાગ જોઈને એક દિવસ રાતે એ બધાં ભરઊંઘમાં હોય ત્યારે એ ભવનને આગ લગાડી દેજે. સમજ્યો ?'

'ઘણી સારી રીતે સમજી ગયો. તમારી બુદ્ધિ જોઈને તમારે માટે માન પેદા થાય છે. આવી બુદ્ધિ તમારા સિવાય બીજા કોઈને ના સૂઝે. તમે ઘણી સરસ યોજના તૈયાર કરી છે.'

'પણ એને પૂરી કરવાનું કામ તારું છે.'

'તમારી કૃપાથી હું એને જરૂર પાર ઉતારીશ. હવે પાંડવો તથી કુંતીનો કાળ પાસે છે. એટલે જ તમને આવી સરસ યોજના સ્કુરી આવી છે.'

દુર્યોધનના હર્ષનો પાર ના રહ્યો.

એની છાતી ઊછળવા લાગી.

પુરોચનને પ્રસન્નતાપૂર્વક જુદીજુદી જાતની ભેટ આપીને એણે અગાઉથી વારણાવત માટે વિદાય કર્યો.

નિશ્ચિત સમય પ્રમાણે પાંડવો કુંતી સાથે વારણાવત જવા તૈયાર થયા.

સુંદર સુસજ્જ રથોમાં બેસતાં પહેલાં એ ભીષ્મ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર તથા વિદુર જેવા વડીલોને પગે લાગ્યાં.

કુંતીએ પ્રસ્થાન કરતાં પહેલાં ગાંધારીને મળી લીધું.

વિદુરે યુધિષ્ઠિરને દુર્યોધનની દુર્બુદ્ધિયુક્ત યોજનાની ગંધ આવવાથી સાવચેત રહેવાની સલાહ આપી:

'નીતિમાં કુશળ પુરુષે પોતાની રક્ષા માટે સદા તૈયાર રહેવું જોઈએ. અગ્નિ ઘાસ, કાષ્ઠ તથા બીજા પદાર્થોને બાળી નાખે છે પરંતુ ભૂગર્ભમાં રહેનારને નથી બાળી શકાતો. જે મન તેમજ પાંચે ઈન્દ્રિયોને વશમાં રાખે છે તે સદા સલામત રહે છે. માટે સદા સંયમપૂર્વક સંપીને રહેજો.'

યુધિષ્ઠિર એ સાંકેતિક સલાહ સમજી ગયા.

* * *

## ૨૪. રક્ષા

પાંડવોના પોતાના નગરમાં આવવાના સમાચાર સાંભળીને વારણાવતના પ્રજાજનો એમને માટે ભાતભાતની ભેટવસ્તુઓ લઈને સામે ગયા.

એમના સરસ સ્નેહમય સ્વાગત અને અભિનંદનનો આનંદ અનુભવતા પાંડવો કુંતી સાથે નગરમાં પ્રવેશ્યા ત્યારે પુરોચનને પણ પ્રસન્નતા થઈ.

એણે એમને દુર્યોધનના આદેશાનુસાર એમને માટે ખાસ તૈયાર કરાયલા લાક્ષાગૃહમાં ઉતારો આપ્યો.

પાંડવો એ સુંદર, સ્વચ્છ, ચિત્તાકર્ષક ગૃહની શોભા જોઈને સંતુષ્ટ થયા.

પરંતુ....થોડા જ વખતમાં એમની આંખ ઊઘડી ગઈ.

યુધિષ્ઠિરે એક દિવસ શાંતિથી જણાવ્યું:

'ભીમ! આ આખુંયે ભવન છે તો સુંદર, પરંતુ સત્વર સળગી ઊઠે એવી સામગ્રીથી તૈયાર કરવામાં આવ્યું છે. પુરોચન દુર્યોધનનો મંત્રી છે એ તો આપણે જાણીએ જ છીએ. એણે દુર્યોધનના કહેવાથી આપણા આવાસ માટે ખાસ ઈરાદાપૂર્વક આ મકાન તૈયાર કરાવ્યું લાગે છે. દુર્યોધનની દુર્બુદ્ધિ આની પાછળ કામ કરી રહી છે એવું વિદુરજીના ગૂઢ સંકેત પરથી મને સમજાય છે. એ આપણને બાળી નાખવા માગતો હોય તો ના નહિ.'

ભીમ બોલ્યો:

'મને પણ આ વિશાળ સુંદર ભવન મણિમંડિત સાપની પેઠે ભયંકર અથવા આપણું અમંગલ કરનારું લાગે છે. તમારી વાત મને સંપૂર્ણ સાચી લાગે છે. દુર્યોધનનો આપણે માટેનો દ્વેષભાવ જાણીતો છે. એને દુઃશાસન, શકુનિ, પુરોચન અને પેલા સૂતપુત્ર કર્ણ જેવા મિત્રો તથા સલાહકારો મળ્યા છે. એટલે એ દ્વેષભાવ ઘટવાને બદલે વધતો જાય છે. એણે આપણું કાસળ કાઢવા માટે કોઈક અમંગળ યોજના ઘડી કાઢીને આપણને અહીં મોકલ્યા લાગે છે. જોકે એનાથી આપણો વાળ પણ વાંકો નથી થઈ શકતો, છતાં પણ એના કુટિલ સ્વભાવને લીધે એ આપણને હેરાન કરવાના બનતા બધા જ પ્રયત્નો કર્યા કરે છે.'

અર્જુન બોલી ઊઠ્યો:

'દુર્યોધન આપણને હેરાન કરવાના કે મારી નાખવાના ગમે તેટલા પ્રયત્નો કરે તોપણ એ પ્રયત્નોને નિષ્ફળ બનાવતાં આપણને ક્યાં નથી આવડતું કે આપણે એમની ચિંતા કરવી પડે ? આ મકાન વિસ્ફોટક પદાર્થોમાંથી આપણને બાળી નાખવા માટે બનાવવામાં આવ્યું હોય તોપણ આપણે એમ જાણી જોઈને બળી મરીએ એવા તો નથી જ. આપણે આ મકાનનો ત્યાગ કરીને બીજા મકાનમાં રહેવા જઈ શકીએ છીએ.'

'છતાં પણ મને એમ કરવું ઉચિત નથી લાગતું.' યુધિષ્ઠિરે પોતાનો અભિગમ આપતાં જણાવ્યું: 'એમ કરવાથી તો દુર્યોધનની આંખે ચઢાશે. એનો વેરભાવ વધશે, અને એ આપણને હેરાન કરવાના બીજા કીમિયાઓ કર્યા કરશે. માટે વધારે સારું તો એ છે કે આપણે અહીં જ રહીએ અને, વખત પર અહીંથી યુક્તિપ્રયુક્તિપૂર્વક નીકળી છૂટવાનો રસ્તો શોધી કાઢીએ.'

'મને તો એમ લાગે છે કે અહીંથી બીજા મકાનમાં રહેવા માટે જો ના જ જવું હોય તો આપણે કોઈ કુશળ કારીગર પાસે આ મકાનમાં એક છૂપી સુરંગ ખોદાવી લઈએ જેથી અવસર પર એની મારફત સહીસલામત બહાર નીકળી શકાય.'

'પરંતુ એવો વિશ્વાસપાત્ર કુશળ કારીગર કોણ ને કેવી રીતે મળે ? પુરોચનને જો એની લેશ પણ ગંધ આવી જાય તો એ આપણને જીવતા જ સળગાવી દે તેવો છે.' સહદેવે કહ્યું.

એમની ચર્ચાવિચારણાને શાંતિથી સાંભળી રહેલી કુંતી બોલી:

'આવી ખબર હોત તો આપણે અહીં આવત જ નહિ. હસ્તિનાપુરમાં બધી રીતે નિરાંત હતી. દુર્યોધને દ્વેષભાવથી પ્રેરાઈને જ આ યોજના બનાવી છે. એની પાછળ કર્ણ કે બીજા કોઈની સલાહ નથી લાગતી. કોઈની સલાહ સિવાય એ પોતે જ બધું કરી શકે તેમ છે. હવે તો આ આફતમાંથી ઊગરવા માટે સતત સાવધાન રહેવાની ને સુરંગ તૈયાર કરવાની વાત મને યોગ્ય જ લાગે છે. વિદુરજીને આપણા પ્રત્યે સાચો પ્રેમ અને લાગણી છે એટલે આ બાબતમાં એ પણ આપણને મદદરૂપ થઈ શકશે.'

એટલી વારમાં તો એમની પાસે એક કારીગર આવી પહોંચ્યો.

પાંડવોએ એનો પરિચય પૂછ્યો એટલે એણે જણાવ્યું:

'હું હસ્તિનાપુરનો નિવાસી છું ને ખોદકામ કરવામાં કુશળ છું. વિદુરનો મારા પર પ્રેમ તથા વિશ્વાસ છે. એમણે મને તમારી પાસે સુરંગ ખોદવા માટે મોકલ્યો છે. પુરોચન થોડા જ વખતમાં આ ભવનને આગ લગાડવાનો છે. માટે તમારી સેવા ભાવનાથી હું આવી પહોંચ્યો છું.'

પાંડવોએ એની પ્રામાણિકતાની ખાતરી કરી લીધી અને એને સુરંગ ખોદવાની અનુમતિ આપી.

એણે ખાઈને સાફ કરવાને બહાને ભવનની વચ્ચે સુરંગ ખોદવાનું કામ શરૂ કર્યું.

કોઈ બીજાને ખબર ના પડે એવી રીતે એણે બધું કામ એની ગંભીરતાને સમજીને થોડી વખતમાં જ પૂરું કર્યું.

પુરોચનને એની ખબર પણ ના પાડી.

પોતાનું કામ પૂરું કરીને એ કુશળ કારીગર પાંડવ તથા કુંતીને પ્રણામ કરીને તથા જરૂરી સૂચનાઓ આપીને હસ્તિનાપુર જવા માટે ચાલી નીકળ્યો.

યુધિષ્ઠિરે એને અભિનંદન આપતાં કહ્યું:

'તેં આવે અણીને વખતે અમારે માટે ઊંડી લાગણી બતાવીને અમારી જે મોટી સેવા કરી છે એ અમારાથી કદી પણ નહિ ભૂલી શકાય. હસ્તિનાપુરમાં આવીશું ત્યારે તને યાદ કરી અમે તારી સેવાની કદર કરીશું.'

'તમારી કૃપા છે તે મારી કદર જ છે.' કારીગરે કહ્યું : 'હું તમારી કૃપાનો જ ભૂખ્યો છું. તમારી થોડીઘણી સેવા કરવાનું સૌભાગ્ય સાંપડવા બદલ હું મારી જાતને ધન્ય માનું છું. તમારી સેવા કોઈક બડભાગીને જ મળી શકે છે. મેં એ સેવા કેવળ કર્તવ્યભાવે જ કરેલી છે, અને એ કરતાં કરતાં મને જે સંતોષ મળ્યો છે એ જ એનો બદલો છે. હું તો જાઉં છું પરંતુ તમે હવે સંભાળીને સાવચેત બનીને વાસ કરજો. જરા પણ ગફલતમાં ના રહેશો. વિદુરજીને તમારી ખૂબ ચિંતા છે.'

કુંતી બોલી:

'વિદુરને ચિંતા થાય તે સ્વાભાવિક તથા સહેજે સમજી શકાય તેમ છે તોપણ એમને કહેજો કે અમારી જરા પણ ચિંતા ના કરે. દુર્યોધન કે પુરોચન ગમે તેટલા પ્રપંચ કરશે તોપણ અમારું જીવન સત્યપરાયણ હોવાથી અમે બચી જઈશું. એ સત્ય તથા ધર્મ જ અમારી રક્ષા કરે છે અને આગળ પર પણ કર્યા કરશે. હા, અમે સાવધાન તો રહીશું જ. અમારે આ જગતમાં જ્યાં લગી જીવવાનું છે ત્યાં લગી અમને ઊની આંચ પણ નથી આવી શકે તેમ.'

કારીગર ચાલી નીકળ્યો.

એણે સુરંગનું મોં બંધ રાખેલું.

એમાં પ્રવેશ કરીને પાંડવો એની રચનાથી સંતોષ પામ્યાં.

દિવસના મોટા ભાગ દરમિયાન એ વનમાં વિહરતા રહેતા ને રાતે એમના વિશાળ, સુંદર છતાં ભયજનક ભવનમાં ખૂબ જ સાવધાનીથી સૂતા.

બધા જ ભાઈઓ વારાફરતી જાગીને ચોકી કરતાં.

એમ કરતાં કરતાં લાંબો વખત વીતી ગયો એટલે પુરોચન દુર્યોધનના સંકેતાનુસાર પોતાની ભયંકર યોજના પાર પાડે તે પહેલાં જ પાંડવોએ સાથે મળીને શાંતિથી એક યોજના ઘડી કાઢી.

કુંતીએ એ યોજનાને સંમતિ આપી એટલે એમને ઘણો આનંદ થયો.

ભીમે કહ્યું:

'આ યોજના ખૂબ જ સુંદર છે. એ અનુસાર આપણે હવે આ વિશાળ ભવનને ને પાપી પુરોચનને બાળી નાખીને જતા રહીએ.'

'પુરોચનને શા માટે બાળવો જોઈએ ?' કુંતીએ કહ્યું: 'એકલા મકાનને બાળી નાખો એ જ બરાબર છે. પુરોચનને એના કુકર્મ કે દુર્ભાવનો દંડ એની મેળે મળશે. આપણે એને નથી બાળવો.'

યુધિષ્ઠિરે પણ કુંતીને ટેકો આપ્યો.

ભીમને એમની વાત પસંદ તો ના પડી પરંતુ એ શાંત રહ્યો.

બીજે દિવસે કુંતીએ બ્રહ્મભોજન કરાવ્યું.

એની પૂર્ણાહુતિ વખતે એક ભીલની સ્ત્રી એના પાંચ પુત્રો સાથે ત્યાં ભોજન માગવા આવી.

એમને ભોજન તો મળ્યું પરંતુ શરાબના નશામાં ચકચૂર હોવાથી એ સૌ લાક્ષાભવનના બહારના ખંડમાં સૂઈ રહ્યાં.

પુરોચન પણ એ જ ભવનમાં એક તરફનાં વિભાગમાં સૂઈ રહેલો.

ભીમે મધ્યરાત્રિ પછી એ વિશાળ ભવ્ય ભવનના દરવાજાને આગ લગાડી દીધી.

અગ્નિની જ્વાળાઓ વિરાટ અને વિકરાળ રૂપ ધારણ કરીને વિશાળ ભવનને અને એની સૂતેલાં સૌ કોઈને ભસ્મિભૂત કરવાની જાણે કે હરીફાઈ કરવા લાગી.

ભીમ એમાંથી બચવા માટે કુંતી તથા બીજા ભાઈઓ સાથે સુરંગનો આશ્રય લઈને બીજે છૂપે રસ્તે બહાર નીકળવા માંડ્યો.

અગ્નિની ભીષણ જ્વાળાઓએ પુરોચન, પેલી ભીલ સ્ત્રી તથા તેના પાંચ પુત્રોનો નાશ કરી દીધો.

વારણાવતના વાસીઓમાંના કેટલાક અગ્નિજ્વાળાઓએ જોઈને ત્યાં એકઠા થયા ને વાતે વળગ્યા:

'પુરોચને આખરે પોતાનું પોત પ્રકાશ્યું ખરું. મકાનને આગ લગાડીને એણે પાંડવોને કુંતી સાથે બાળી નાખ્યાં.'

'આગ એણે લગાડી કે કોઈ બીજાએ તેની શી ખબર પડે ?'

'કોઈએ આગ લગાડી કે પછી પાંડવોની ભૂલથી આપોઆપ લાગી તેનો નિર્ણય કેવી રીતે કરી શકાય ?'

'પુરોચને આગ લગાડી હોય તો એ પોતે એમાં ભસ્મિભૂત થઈ જાય ખરો ? એ તો પોતાને બચાવી લે ને ?'

'બચાવવા જતાં એ અગ્નિની પ્રચંડ જ્વાળામાં ઝડપાઈ ગયો હોય એવું પણ બની શકે.'

'કે પછી આ ભારેખમ ભવનને સળગાવીને એ પોતે હસ્તિનાપુરની દિશામાં નાસી છૂટ્યો હોય.'

કોઈકોઈ કહેવા લાગ્યા:

'પુરોચનના બળવાનો શોક સાચું કહું તો આપણને એટલો નહિ થાય. પાંડવોને અહીં લાવવા માટે એ જ જવાબદાર હતો. એની દાનત જરા પણ સારી ન હતી. પરંતુ એને બદલે દેવ જેવા પ્રતાપી પાંડવો બળી ગયા હશે તો આપણા દુઃખનો પાર નહિ રહે.'

'સાચું છે. ઈશ્વરની કૃપાથી પાંડવો ગમે તેમ કરીને બચી ગયા હોય તો સારું.'

જોતજોતામાં તો આખું મકાન ભસ્મિભૂત થઈ ગયું.

વારણાવતના પ્રજાજનોએ સમજી લીધું કે પુરોચન, કુંતી તથા પાંડવો અગ્નિની ભીષણ જ્વાળામાં ભસ્મિભૂત થઈ ગયા.

પાંડવો પ્રત્યેના પ્રેમભાવને લીધે એ પુરોચનને ધિક્કારતા શોક કરવા લાગ્યા.

એમને શી ખબર કે ઈશ્વર જેની રક્ષા કરે છે તેને મારી કે બાળી શકે તેવું કોઈ જ નથી!

પાંડવો સુરંગ તૈયાર કરનાર કારીગર તથા વિદુરના ઉપકારને યાદ કરતા સુરંગના સલામત માર્ગે આગળ વધીને વનમાં બહાર નીકળ્યા.

કુંતી સાથે એ બધા બનતી ઝડપી ચાલે ચાલતા ગંગાના શાંત એકાંત તટ પર પહોંચી ગયા.

ત્યાં પહોંચીને હસ્તિનાપુર જતા વિદુરના એક સેવક મારફત એમણે વિદૂરને સાંકેતિક ભાષામાં એક છૂપો સંદેશો મોકલ્યો.

વારણાવતના પ્રજાજનોએ સવારે સંભાળપૂર્વક જોયું તો ભસ્મિભૂત થયેલા છ શરીરો મળી આવ્યાં.

એના ઉપરથી એમને ખાતરી થઈ ગઈ કે પુરોચને કુંતી સાથેના પાંચ પાંડવોને બાળી નાખ્યા છે અને અગ્નિની લપેટોમાંથી પોતે પણ નથી ઊગરી શક્યો.

સૌને થયું કે પાંડવોને આવી રીતે બાળી નાખવા પાછળ એકલા પુરોચનનો હાથ ના હોઈ શકે; એની પાછળ દુર્યોધનની જ યોજના હોવી જોઈએ, અને ધૃતરાષ્ટ્ર પણ એમાં જાણ્યેઅજાણ્યે નિમિત્ત બન્યા હોવા જોઈએ.

એમણે પુરોચન, કુંતી તથા પાંડવોના મૃત્યુના સમાચાર હસ્તિનાપુર પહોંચાડી દીધા.

એ સમાચાર સાંભળીને દુર્યોધનના આનંદનો પાર ના રહ્યો.

એણે ધૃતરાષ્ટ્ર પાસે પહોંચીને કહ્યું:

'આજે તો કોઈક ધન્ય દિવસ ઊગ્યો છે.'

'કારણ ?'

'કારણ વળી બીજું શું હોઈ શકે ? પાંડવો કુંતી સાથે બળી ગયા એ સમાચાર તમને નથી મળ્યા ?'

'મળ્યા છે પરંતુ એ સમાચાર ખૂબ જ દુઃખદાયક છે. મને આવી ખબર હોત તો હું એમને વારણાવત મોકલત જ નહિ.'

'હું પણ ના મોકલત, પણ હવે લાગે છે કે હું તો માત્ર નિમિત્ત હતો. ખરી રીતે તો એમનો કાળ જ એમને ત્યાં બોલાવી ગયો. હવે મને એની ખાતરી થાય છે. જે થયું છે તે સારું જ થયું છે. મને એનો જરા પણ શોક નથી થતો. શોકને બદલે આનંદ થાય છે. એ આનંદ તદ્દન સ્વાભાવિક છે. પાંડવો હસ્તિનાપુરના રાજ્યને હાથ કરવા માગતા'તા. એમની દાનત કાળી હતી. એ મેલી દાનતનો બદલો એમને બીજા કોઈએ નહિ પણ કુદરતે જ પૂરો પાડ્યો. આપણે કદાચ છોડીએ પણ કુદરત કોઈને નથી છોડતી.'

'પરંતુ એમની સાથે પુરોચન પણ બળી મર્યો છે ને ?'

'એનું મને દુઃખ છે છતાં એ બતાવે છે કે એ અકસ્માત કુદરતી હતો. પુરોચન જેવો ડાહ્યો ને વફાદાર મંત્રી મળવો મુશ્કેલ છે.'

ધૃતરાષ્ટ્રે બનતી શાંતિ રાખી.

ભીષ્મ, દ્રોણ, વિદુર ને ગાંધારીએ દુઃખ વ્યક્ત કર્યું.

ધૃતરાષ્ટ્રની સૂચના પ્રમાણે પુરોચન, પાંડવો ને કુંતીની અંત્યેષ્ટિ ક્રિયા કરવામાં આવી.

પ્રજાજનોની વ્યથાનો પાર ના રહ્યો.

દુર્યોધને બનાવટી દુઃખ પ્રકટ કરતાં કહ્યું:

'કુંતી તથા પુરોચન ને પાંડવોના મૃત્યુનું દુઃખ મને પણ થઈ રહ્યું છે, પરંતુ શું થાય ? બીજા બધાનો ઉપાય થઈ શકે છે પણ કાળનો ઉપાય નથી થતો. એની આગળ આપણે લાચાર છીએ. જે કાંઈ થવાનું હતું તે થઈ ગયું. હવે વિલાપ કે શોક કરવાથી કશું જ નથી વળે તેવું. હવે તો પ્રાર્થના કરીએ કે એમની સદ્દગતિ થાય અને એમના આત્માને શાંતિ મળે.'

દુર્યોધન બનાવટી દુઃખ પ્રકટ કરવામાં કુશળ હતો. એટલે બધા પ્રજાજનોને એના ખરા મનોભાવોની ખબર ના પડી. એના અંતરમાં તો આનંદ હતો અને એ આનંદ એણે દુઃશાસન, કર્ણ તથા બીજાની પાસે પ્રકટ કર્યો. પાંડવોની રક્ષાની ખબર વિદુર વિના બીજા કોઈને ના પડી.

* * *

## ૨૫. હિડિમ્બા અને ઘટોત્કચ

નૌકા દ્વારા ગંગાના પ્રબળ પ્રશાંત પ્રવાહને પાર કરીને પાંડવો કુંતી સાથે સીમા તટ પર પહોંચી ગયા અને દક્ષિણ દિશામાં આગળ વધ્યા.

એકાંત ઘોર અરણ્યમાંથી આગળ વધ્યા વિના છૂટકો ન હતો.

થોડુંક અંતર કાપ્યા પછી કુંતીને તરસ લાગી એટલે એ સૌને એક વૃક્ષ નીચે બેસાડીને ભીમ કોઈ જળાશયની શોધમાં ચાલી નીકળ્યો.

બાજુમાં જ સારસ પક્ષીઓના મધુર ધ્વનિ સંભળાતા હોવાથી એણે કોઈક જળાશયનું અનુમાન કર્યું.

પાણી લઈને એ પાછો આવ્યો ત્યારે એના આશ્ચર્ય વચ્ચે એણે જોયું તો કુંતી તથા એના બીજા ભાઈઓ વૃક્ષની નીચેની ધરતી પર થાકને લીધે સૂઈ ગયેલાં.

એ જોઈને એ મજબૂત હૃદયનો હોવા છતાં એની આંખમાં આંસુ આવી ગયાં.

એને થયું કે ભાગ્યની ગતિ કેટલી બધી ગહન છે ? જેમને સુંદર સુવાસિત સુકોમળ સેજ પર સુવાનું મળતું તે આજે ઉઘાડી જમીન પર સૂઈ રહ્યાં છે! મારી માતા વસુદેવની બેન અને કુંતિભોજની પુત્રી, મહારાજા પુણ્યશ્લોક પાંડુની પત્ની અને અમારા જેવા પ્રતાપી પુત્રોની જનની છે. છતાં આજે એની દશા કેવી કરુણ છે ? આ સ્વનામધન્ય ધર્મરાજ યુધિષ્ઠિર, નરરત્ન વીર અર્જુન, સૌન્દર્યમૂર્તિ સહદેવ તથા નમ્રાતિનમ્ર નકુલ સુખસંપત્તિથી રહિત થઈને અસહાયની પેઠે ઊંઘી ગયા છે. ભાગ્યે અમને લાક્ષાગૃહમાંથી બચાવી લીધા પણ હવે ક્યાં જઈશું ને શું કરીશું તે નથી સમજાતું.

થોડીવાર પછી એના ભાવ બદલાયા.

એણે વિચાર્યું કે આવા દુષ્ટ દુર્યોધનનો તરત જ વિના વિલંબ વધ કરી નાખવો જોઈએ. હું આજે જ એનો નાશ કરી શકું તેમ છું અને એના સૂતપુત્ર જેવા મિત્રો તથા બંધુઓનો પણ, પરંતુ યુધિષ્ઠિર મને રોકી રહ્યા છે. એ હજુ પણ શાંત રહ્યા છે ને શાંતિનો જ સંદેશ આપી રહ્યા છે. વારણાવત અહીંથી થોડે જ દૂર છે છતાં આ બધાં સૂઈ રહ્યા છે એ પણ વિધિની વિચિત્રતા છે. પરંતુ ... એ સૂઈ જાય નહિ તો બીજું કરે પણ શું ?

ભીમ જાગતો રહીને એમની ચોકી કરતો. એ એકાંત શાંત અરણ્યમાં આમતેમ આંટા મારવા લાગ્યો.

થોડોક વખત એવી રીતે પસાર થયા પછી એના આશ્ચર્ય વચ્ચે એણે જોયું તો એની સામેની દિશા તરફથી એક સુંદર સુકુમારી આવી રહેલી.

એ સ્વરૂપવતી સુકુમારી સહેજ પણ સંકોચ વિના એની પાસે આવીને ઊભી રહી એટલે ભીમે એના અસાધારણ સૌન્દર્યથી મુગ્ધ બનીને પૂછ્યું:

‘સુંદરી! તું કોણ છે અને આવા એકાંત અરણ્યમાં એકલી શા માટે ફરી રહી છે ? તું વનદેવી છે ? આજુબાજુના અરણ્યની અધિષ્ઠાત્રી છે ? પાસેના પ્રદેશની નિવાસિની છે ? કે પછી ભૂલી પડી છે ?’

સુકુમારી બોલી:

‘હું કોઈ વનદેવી કે અરણ્યની અધિષ્ઠાત્રી નથી. હું આ પ્રદેશની નિવાસિની છું, મારી પોતાની ઈચ્છાથી અહીં આવી છું, ને ભૂલી નથી પડી. અથવા એમ કહો કે ભૂલી પડી છું પણ ખરી.’

'એટલે ?' ભીમ બોલી ઊઠ્યો: 'તારા એ વિરોધાભાસી વચનને હું સમજી ના શક્યો. તું ભૂલી નથી પડી અને ભૂલી પડી છે પણ ખરી એ દ્વિવિધ ભાવનો મેળ ના બેસાડી શક્યો.'

'એનો મેળ બેસાડવા માટે આવો, પેલા વૃક્ષની નીચે બેસીએ.'

ભીમ અનિચ્છા હોવા છતાં એ સુકુમારી સાથે ચાલી નીકળ્યો.

વૃક્ષની નીચે બેસીને એ સુકુમારીએ કહ્યું:

'મારા શબ્દોનો મર્મ સ્પષ્ટ છે. હું કોઈ સ્થૂલ માર્ગ પર ભૂલી નથી પડી પરંતુ પ્રેમના પ્રકૃતિસહજ પવિત્ર પથ પર ભૂલી પડી છું. તમારે મને એ પથ પર આગળ લઈ જવાની છે. એટલી આશા સેવીને જ તમારી પાસે આવી પહોંચી છું.'

'એટલે ? મને કાંઈ સમજ ના પડી.'

'એ પણ શું મારે જ સમજાવું પડશે ? લો ત્યારે સમજાવી દઉં. તમને જોઈને હું તમારા પર મુગ્ધ કે મોહિત બની છું. મને તમારા પ્રત્યે ઊંડો પ્રેમ થયો છે. હું તમને મારા પતિ તરીકે સ્વીકારવાનો સંકલ્પ કરી ચૂકી છું. તમે મારો પત્નીરૂપે સ્વીકાર કરો એટલે હું કૃતાર્થ થઈશ અને મારા પ્રાણમાં પેદા થયેલા પ્રેમભાવની ભુલભુલામણીમાંથી બહાર નીકળીશ.'

ભીમ એના તરફ નેહભરી નજરે નિહાળી રહ્યો ને બોલ્યો:

'તું બોલવામાં ખૂબ જ મધુર અને ચતુર લાગે છે. તારી બુદ્ધિ માટે મને માન ઊપજે છે. પરંતુ તારું નામ અને કામ તો કહી બતાવ.'

'મારું કામ અત્યારે તો તમારા મનને જીતવાનું ને તમારી થવાનું છે. મારું નામ હિડિમ્બા છે.'

'હિડિમ્બા ?'

'હા. હિડિમ્બા. આમ તો મારું મૂળ નામ હેમમયી છે પરંતુ હિડિમ્બ મારો ભાઈ હોવાથી મોટે ભાગે મારું હિડિમ્બા નામ વધારે પ્રચલિત બન્યું છે.'

'હેમમયી નામ તો ઘણું સરસ છે.'

'તમને ગમ્યું ?'

'કેમ ના ગમે ? એ નામ તને અત્યંત અનુરૂપ છે. તારા નામ પ્રમાણે તું હેમમયી જ છે. એવી જ સુંદર અને આકર્ષક.'

'હું હિડિમ્બાસુરની બેન છું. એનું આ વનપ્રદેશ પર પૂરેપૂરું વર્ચસ્વ છે. એને તમારા સૌના આગમનની માહિતી મળવાથી એણે મને તમારો નાશ કરવા મોકલેલી, પરંતુ તમને જોતાંવેંત જ મારો વિચાર બદલાઈ ગયો. કોઈક અજ્ઞાત સંસ્કારને લીધે મને તમારે માટે સ્નેહ થયો અને મારું અંતર તમારે માટે આતુર બન્યું. એ આતુરતા તમે મળશો ત્યારે જ મટી શકશે. તે સિવાય નહિ મટે.'

'પરંતુ તારા પ્રસ્તાવની પ્રતિક્રિયા તારા ભાઈ પર કેવી પડશે ? એ તારી વાત માની લેશે ?'

'એને મારે માટે પાર વિનાનો પ્રેમ હોવાથી એ મારી વાત જરૂર માની લેશે, હું એને મનાવી લઈશ. તમારા જેવા પુરુષસિંહની સાથેના મારા સ્નેહસંબંધને એ આવકારશે.'

'પરંતુ અસુરની સાથેનો એવો સ્નેહસંબંધ....'

હિડિમ્બા વચ્ચે જ બોલી ઊઠી:

'એમાં શું ? અમે અસુર છીએ તોપણ અમારે હૃદય છે અને એ હૃદયના બીજાના જેવા જ ભાવો છે. તમારા જેવા સંસ્કારી શિષ્ટ દેવપુરુષો અમારી સાથે સંબંધ બાંધશે એથી અમારું કલ્યાણ અથવા અભ્યુત્થાન જ થશે. અમારે માટે એ સંબંધ અનેક રીતે આશીર્વાદરૂપ ઠરશે.'

'છતાં પણ મારા મનમાં કોઈ પણ પ્રકારની કામુકતાનો અભાવ હોવાથી તારી વાતને એટલો જલદી નહિ સ્વીકારી શકું. મને અસુરોનો જરા પણ ભય નથી. મારા બાહુબળથી હું ગમે તેવા કે તેટલા બળવાન અસુર અથવા અસુરોના સમૂહને પહોચી વળું તેમ છું. કશુંક પણ કરતાં પહેલાં મારે મારી માતા તથા મારા ભાઈઓની સલાહ લેવી જોઈએ. એમને અસુરની દયા પર છોડી દઈને મારાથી તારી કે બીજા કોઈની સાથે કોઈ પણ પ્રકારની છૂટ ના લઈ શકાય.'

હિડિમ્બા વિચારમાં પડી અને બોલી:

'મેં તો તમને મારી પરિસ્થિતિ જણાવી દીધી. મને તમારે માટે જે સત્ય પ્રેમ છે તેનો પડઘો મેં પાડી બતાવ્યો. મારો સ્નેહ સાચો હશે તો તમે તેનો સ્વીકાર જરૂર કરશો ને તમારી માતા તથા તમારા ભાઈઓ પણ મને અપનાવી લેશે. તમે એમને પૂછી શકો છો.'

'હું એમને અત્યારે એમની સુખમય ગાઢ નિદ્રામાંથી જગાડવા નથી માગતો. મારી માતા તથા ચાર ભાઈઓ પેલા વિશાળ વૃક્ષ નીચે સૂતા છે તે એમની ઈચ્છાનુસાર નિરાંતે ભલે સૂઈ રહે.'

'પરંતુ એટલામાં મારો ભાઈ હિડિમ્બ આવી પહોંચશે તો ? સંભવ છે કે એ ક્રોધમાં આવીને તમારા સૌના પર પ્રહાર કરી દે.'

ભીમે ઊભા થઈને કહ્યું:

'મને હિડિમ્બાસુરનો કે બીજા કોઈનોય ભય નથી લાગતો. એને અહીં આવવું હોય તો ભલે આવે. એને ચપટી વગાડતામાં ધૂળ ચાટતા કરી દેવાની મારામાં શક્તિ છે. તને ડર લાગતો હોય તો તું તારે ઘેર જઈ શકે છે. હું તો ઊભો !'

હિડિમ્બા બોલી:

'મને તમારો વિચાર કરીને ભય લાગે છે ખરો પરંતુ હું હવે તમને છોડીને ક્યાંય નથી જઈ શકું તેમ. મારું સ્થાન હવે તમારી પાસે ને સાથે જ રહેશે. તમને હું વરી ચૂકી છુ, અને તમે ધર્મજ્ઞ હોવાથી મારો અસ્વીકાર નહિ કરો એવો મને વિશ્વાસ છે.'

એટલામાં તો હિડમ્બ ત્વરિત ગતિએ આવી પહોંચ્યો. હિડિમ્બા એને જોઈને ઊભી થઈ ગઈ ને બોલી:

'આ મારો ભાઈ આવી પહોંચ્યો.'

હિડિમ્બે રોષ ભરેલા અવાજે કહ્યું:

'હિડિમ્બા, તું પણ ખરી છે ! મેં તને આ બધાને મારી નાખવા મોકલી ત્યારે તું અહીં આનંદથી આની સાથે વાતે વળગી છે. હું ભૂખ્યો છું છતાં તને આવી રીતે અકર્મણ્ય બનીને બેસી રહેતાં શરમ નથી આવતી ?'

'આ બધાંને નિહાળીને મને એમને મારવાનું મન ના થયું એટલે હું એક બાજુ ઊભી રહી ને પછી આ

પુરુષરત્નની સાથે વાતે વળગી.'

'ત્યારે તો એ બધાં તારાં સગાં થતાં હશે !' હિડિમ્બ વ્યંગમાં કહેવા માંડ્યો: 'અથવા તું અમને જોઈને મોહિત થઈ ગઈ હશે. હું એમને મારો સ્વાદ હમણાં જ ચખાડું છું.'

હિડિમ્બાસુર કુંતી તથા બીજા સૂતેલા બંધુઓ પર આક્રમણ કરવા આગળ વધ્યો એ જોઈને ભીમ એની વચ્ચે આવીને ઊભો રહ્યો ને બોલી ઊઠ્યો:

'અરે દુષ્ટ ! તું મારી માતા અને મારા ભાઈઓનો નાશ કરવાના આશયથી આગળ વધી રહ્યો છે ? હું તને તેનું ફળ હમણાં જ આપું છું. આવ, એ બધાંની પાસે જવાને બદલે મારી સાથે જ લડી લે.'

હિડિમ્બ બોલ્યો:

'તારી અંદર લડવાની તાકાત હોય તો તું એકલો આવી જા. તને તારું જીવન પ્યારું નથી લાગતું. તને મરવાની ઉતાવળ હોય તો હમણાં જ મસળી નાખું છું.'

અને એ ભીમ પર તૂટી પડ્યો. ભીમ પણ એની સાથે ભારે વીરતાપૂર્વક લડવા લાગ્યો.

હિડિમ્બ ભીમના અસાધારણ સામર્થ્ય આગળ ટકી ના શકયો.

એણે ભીમનો બનતો મુકાબલો તો કરવા માંડ્યો પરંતુ લડતાં લડતાં ભીમે એના પગ પકડીને એને ચારે તરફ ફેરવીને પૃથ્વી પર જોરથી પટકી દીધો. એથી એ ભયંકર રીતે ઘાયલ થઈને તરત જ મરી ગયો.

એ દરમિયાન એમનો શોરબકોર સાંભળીને કુંતી તથા યુધિષ્ઠિરાદિ ભાઈઓ જાગી ગયેલા.

હિડિમ્બનું મરણ થવાથી એમને આનંદ થયો.

ભીમસેનના પરાક્રમ બદલ એમણે એને અભિનંદન આપ્યાં.

અર્જુને કહ્યું:

'અહીંથી વારણાવત બહુ દૂર નથી પણ પાસે જ છે. માટે આપણે હવે અહીંથી બને તેટલા જલદી આગળ વધીએ. દુર્યોધનને જો કોઈ રીતે આપણી ખબર પડી જશે તો નાહક મુશ્કેલી ઊભી થશે.'

કુંતી તથા પાંડવો આગળ વધ્યાં એટલે હિડિમ્બા પણ એમની પાછળ પાછળ ચાલવા લાગી.

એ જોઈને ભીમ બોલ્યો:

'રાક્ષસોનો કોઈ ભરોસો નથી હોતો. એમના દિલમાંથી વેરભાવના કદી પણ નથી મટતી. વખત જોઈને એ પોતાના વેરભાવનો બદલો લે છે. માટે તને પણ તું અહીંથી વિદાય ના થતી હોય તો તારા ભાઈની પાસે પહોંચતી કરૂં.'

હિડિમ્બાએ કહ્યું:

'હું તો તમને ચાહું છું અને મારા પતિ તરીકે માનું છું એટલે મારે માટે પાછા જવાનો પ્રશ્ન જ નથી રહેતો. મને તમારા પ્રત્યે પ્રેમ છે એ વાત મેં તમને પહેલેથી જ કહી બતાવી છે. મારા મનમાં તમારે માટે વેરભાવ પેદા થવાનો કે વેરભાવનો બદલો લેવાનો પ્રશ્ન જ નથી રહેતો. તમારે કઠોર કે ક્રુર થઈને મને મારી નાખવી હોય તો ભલે, તમે તેમ કરવા સ્વતંત્ર છો, બાકી હું તો તમારી પાછળ આવવાની જ. તમને મેં મારું હૃદય અર્પણ કર્યું છે તે તમે જાણો છો. હવે તમે જ કહો કે હું ક્યાં જાઉં ?'

હિડિમ્બાના શબ્દો સાંભળીને યુધિષ્ઠિરે કહ્યું:

'ભીમ ! આ સુકુમારી સાથે આવો વ્યવહાર કરવો ઉચિત નથી. એ ખૂબ જ સંસ્કારી તથા એના ભાઈ કરતાં જુદી જ માટીથી ઘડાયલી લાગે છે.'

હિડિમ્બાએ પોતાનો પરિચય આપીને સઘળી હકીકત કહી બતાવી એટલે કુંતીને પણ એને માટે સહાનુભૂતિ થઈ આવી.

હિડિમ્બા બોલી:

'મારું મન ભીમને નિહાળીને મોહિત બન્યું છે. એ મારો કોઈ કારણે સ્વીકાર નહિ કરે તો હું મારા પ્રાણનો ત્યાગ કરી દઈશ. હું ભીમને તમારી અનુમતિથી મારી સાથે લઈ જઈશ ને તમે કહેશો ત્યારે ને ત્યાં તમારી પાસે પહોંચાડી દઈશ. હું તમારી બીજી ઘણી રીતે સેવા કરીને તમને મદદરૂપ થઈશ.'

યુધિષ્ઠિરને હિડિમ્બાની દયા આવી. એમણે ભીમને સમજાવી લઈને જણાવ્યું:

'રોજ આખો દિવસ ભીમસેન તારી સાથે રહેશે પરંતુ સાંજ પડતાં તારે એને અમારી પાસે પહોંચાડી દેવો પડશે.'

હિડિમ્બાએ આનંદમાં આવી જઈને કહ્યું:

'એ શરતને હું કબૂલ રાખું છું. મારી અસાધારણ શક્તિની મદદથી ભીમને રોજ સાંજે તમારી પાસે પહોંચાડીશ. મારે માટે એ કામ તદ્દન સહેલું છે.'

'મારી એક બીજી શરત પણ સાંભળી લે.' ભીમે કહ્યું: 'એ શરત પણ મંજૂર રાખવી પડશે.'

'કહો.'

'તારી સાથે હું આવીશ ખરો અને પતિ તરીકેનો સંબંધ પણ રાખીશ; પરંતુ જ્યાં સુધી પુત્ર નહિ થાય ત્યાં સુધી જ આવી શકીશ. પુત્રની પ્રાપ્તિ થતાં હું તારી પાસે નહિ આવી શકું. આ શરત મંજૂર હોય તો જ આગળ વધું.'

'એ શરત પણ મને માન્ય છે. મેં એને મંજૂર રાખી. મારો તમારે માટેનો સ્નેહ સાચો છે. એ સ્નેહ કદી પણ નથી ખૂટે તેવો. એથી પ્રેરાઈને હું તમારે માટે ગમે તેવો નાનો કે મોટો ભોગ આપી શકું એમ છું. અમે અસૂરો બીજી રીતે ગમે તેટલા ખરાબ કે પછાત હોઈશું પરંતુ પ્રેમની બાબતમાં તો પછાત નથી જ. કરેલા પ્રેમને અમે નિભાવી જાણીએ છીએ અને એને માટે જરૂરી ત્યાગ પણ કરી શકીએ છીએ. તમે મારો સ્વીકાર કર્યો એ માટે તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે.'

એ પછી કુંતી તથા બીજા બધાએ એ બંનેને આશીર્વાદ આપ્યા.

હિડિમ્બા ભીમની સાથે પરમ સંતોષપૂર્વક સૌને પ્રણામ કરીને ચાલી નીકળી.

સમય પર એણે એક પુત્રને જન્મ આપ્યો. એના મસ્તક પર કેશ ના હોવાથી એનું નામ ઘટોત્કચ પાડવામાં આવ્યું. એ પાંડવોને ઘણો પ્રિય થઈ પડ્યો.

ભીમની શરત પૂરી થઈ એટલે એણે હિડિમ્બાને કહ્યું:

'હવે આપણે છૂટા પડીશું. તને અને ઘટોત્કચને છોડી જવા માટે મન માનતું તો નથી છતાં બીજો કોઈ રસ્તો નથી. મારી શરત પ્રમાણે મારે ચાલવું જ જોઈએ.'

'તો પછી અમને સાથે લઈ લો.'

'એ નથી બને તેવું. હમણાં મારા સંજોગો જુદા છે. એ સંજોગો સુધરતાં કદાચ સાથે રહેવાનો અવસર આવી રહેશે. મારા સંજોગોનો વિચાર કરીને જ મેં છૂટા પડવાની શરત મૂકી હતી.'

હિડિમ્બાનું હૈયું ભરાઈ આવ્યું. એણે કહ્યું:

'આપણે અલગ થવાનો અવસર એક દિવસ આવી રીતે આવશે જ એની મને ખબર હતી છતાં એનો વિશેષ શોક નહિ કરું. તમે મને આટલા દિવસ સુધી આનંદ આપ્યો એને પણ મારું મોટામાં મોટું સૌભાગ્ય માનું છું. સંયોગ ને વિયોગ તો જીવનમાં આવ્યા જ કરે છે. એ છેક જ સ્વાભાવિક છે. તમારા વિયોગને તમે ફરી મળશો ત્યાં સુધી સહન કરતી રહીશ. મારા મનમાં અધિક અફસોસ તો એ થઈ રહ્યો છે કે આ ઘટોત્કચને તમારા સ્નેહનું સુખ નહિ મળે. બાળકને માટે પોતાનાં માતાપિતાનું સુખ સૌથી મહત્વનું હોય છે. એ સુખથી એને વંચિત થવું પડે એ નુકશાન કાંઈ જેવુંતેવું નથી. પોતાના પુત્રનો ત્યાગ તો કોઈક જ કરી શકે.'

'હા, કોઈક જ કરી શકે. પરંતુ આ ત્યાગ તો મારે કરવો પડે છે.'

'ભીમને માટે એ સિવાય કોઈ રસ્તો જ નથી રહ્યો નહિ તો પોતાના પુત્રનો અને પોતાની પત્નીનો ત્યાગ કોઈ કરતું હશે ?'

કુંતીની આંખમાંથી આંસુ ટપકી પડ્યાં. એનું હૈયું હાથમાં ના રહ્યું.

એના હૃદયના સંવેદનને કોઈ સમજી ના શક્યું. એને કર્ણની સ્મૃતિ થઈ આવી.

એ સ્મૃતિ સાથે સંકળાયેલી કેટલીયે ઘટનાઓ એની આંખ આગળ આવીને ઊભી રહી.

પોતાને પણ કઠોર બનીને અત્યંત પ્રતિકૂળ પરિસ્થિતિમાં જ કર્ણનો ત્યાગ કરવો પડેલો.

એની અને પોતાની વચ્ચે પડદો કોણ જાણે ક્યારે, ક્યાં અને કેવી રીતે હઠે છે !

જેમતેમ કરીને એણે પોતાની જાતને ઠેકાણે રાખી.

હિડિમ્બા કુંતીને પ્રણામ કરીને કહેવા માંડી:

'તમારી ઉત્કટ લાગણી માટે તમારી આભારી છું. તમારા સૌના પ્રેમને નહિ ભૂલી શકું. તમારા આશીર્વાદ અવશ્ય ફળશે, તો આશીર્વાદ આપો કે ઘટોત્કચ ખૂબ જ પરાક્રમી તેમ જ દીર્ઘાયુ થાય, તથા તમારી ને બીજાની સેવામાં લાગી જાય. તમારો મારા પર પૂરેપૂરો અધિકાર છે. જ્યારે યાદ કરશો ત્યારે એને લઈને તમારી સેવામાં હાજર થઈશ. મને જરૂર યાદ કરજો.'

'યાદ તો તું હંમેશા આવ્યા કરીશ, હિડિમ્બા ! તારી સરળતા, નિષ્કપટતા, સેવાભાવના અને લાગણી કદી પણ નહિ ભુલાય. તારા મેળાપથી અમને ખૂબખૂબ આનંદ થયો છે. તારા જેવું સુંદર અને સંસ્કારી સ્ત્રીરત્ન સંસારની સુધરેલી કહેવાતી જાતિઓમાં પણ ભાગ્યે જ મળી શકે. તું તો કાદવમાંથી પ્રકટેલી કોઈક કાંતિવાળી કમલિની છે.'

હિડિમ્બા તથા ઘટોત્કચને મૂકીને પાંડવો કુંતી સાથે આગળ ચાલ્યા.

એમણે તપસ્વીઓનો વેશ ધારણ કર્યો.

અરણ્યમાં થઈને ધીમે ધીમે આગળ વધવા માંડ્યા ત્યારે એકાએક એમને મહર્ષિ વ્યાસનો મેળાપ થયો. એથી એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એમણે વ્યાસના ચરણોમાં પ્રણામ કર્યા એટલે એમણે એમને આશીર્વાદ આપીને કહ્યું:

'તમે છેલ્લા કેટલાય વખતથી જે વિપત્તિ વેઠી રહ્યા છો તેની ખબર મને પહેલેથી જ પડી ચૂકી છે.'

પાંડવોએ પોતાની પરિસ્થિતિની સ્પષ્ટતા કરી એટલે વ્યાસે કહ્યું:

'દુર્યોધન પોતાની દુષ્ટતાને લીધે પોતે તો દુઃખી થશે જ પરંતુ સાથે સાથે હસ્તિનાપુરના પ્રજાજનોને પણ દુઃખી કરી દેશે. દુર્યોધને કપટ કરીને તમને બહાર કાઢ્યા છે છતાં પણ તમને તેથી લાભ જ થશે. તમારા પ્રત્યે મારી સંપૂર્ણ સહાનુભૂતિ છે.'

કુંતીએ કહ્યું:

'અમે દુઃખથી ડગી કે ડરી ના જઈએ અને ન્યાય, નીતિ કે સત્યના માર્ગને મૂકી ના દઈએ એટલી કૃપા કરી દો.'

'સુખ તથા દુઃખના પ્રસંગો તો જીવનમાં આવ્યા જ કરે છે. એ દિવસોમાં મનની સ્વસ્થતા, સદબુદ્ધિ અને શાંતિ જાળવી રાખીએ તોપણ ઘણું. સાચી આવશ્યકતા એની જ છે.' યુધિષ્ઠિર બોલ્યા.

વ્યાસે કહ્યું:

'તમારી નિર્વેરતા તથા સમજ જોઈને મને તમારે માટે વિશેષ પ્રેમ થઈ રહ્યો છે. તમારું જીવન આગળ પર ઘણું જ સુખી થશે. કુંતી ! યુધિષ્ઠિર ખરેખર ધર્માત્મા છે. એ ધર્મની મર્યાદામાં રહીને જીવશે તથા જુદા જુદા રાજાઓને જીતીને સૃષ્ટિ પર શાસન કરશે. ભીમ, અર્જુન,  સહદેવ અને નકુલ પણ પ્રતાપી, પરાક્રમી ને યશસ્વી બનશે. દુઃખના દિવસો કાંઈ હંમેશાને માટે બેસી નથી રહેતા. આ દિવસો પૂરા થશે ને પરંપરાપ્રાપ્ત રાજ્યના ઉપભોગના દૈવી દિવસો થોડા જ વખતમાં આવી પહોંચશે.'

વ્યાસ એ સૌને આશ્વાસન આપીને એમની સાથે એકચક્રા નગરીમાં આવી પહોંચ્યા.

કુંતી તથા યુધિષ્ઠારાદિ ભાઈઓને એક બ્રાહ્મણને ત્યાં ઉતારો આપીને એમણે પ્રયાણ કર્યું.

પ્રયાણ કરતી વખતે એમણે જણાવ્યું:

'એક માસ સુધી મારી પ્રતીક્ષા કરજો એટલે હું પાછો મળીશ. તમારું કલ્યાણ થાઓ.'

કુંતીએ કહ્યું:

'તમારા દર્શનની ઈચ્છા અમારા મનમાં હંમેશા રહ્યા કરશે. દુઃખ તથા વેદનાના વખતમાં તમારા જેવા સત્પુરુષનો સમાગમ સુખ અને શાંતિકારક થઈ પડે છે ને સુખના સમયમાં પ્રેરણાદાયક અથવા માર્ગદર્શક બને છે. અમે તો ઈચ્છીએ છીએ કે તમે હંમેશા અમારી સાથે જ રહો, પરંતુ એવું ભાગ્ય તો ક્યાંથી હોય ?'

'કોઈ કોઈની સાથે હંમેશા રહી શક્યું છે, કુંતી ? સંસારનું સ્વરૂપ જ એવું વિચિત્ર છે કે જેમને પોતાનાં માન્યાં હોય છે તેમનોય ત્યાગ કરવો પડે છે.'

'ખરું છે.' કુંતી વધારે ના બોલી શકી.

એના મનમાં પાંડુ, માદ્રી ને કર્ણની સ્મૃતિ સળવળવા માંડી.

ભીમની આંખ પણ હિડિમ્બા તથા ઘટોત્કચને જોવા લાગી.

* * *

## ૨૬. બકાસુરનો નાશ

એકચક્રા નગરીમાં કુંતી તથા પાંડવોના દિવસો શાંતિપૂર્વક પસાર થતા રહ્યા.

નગરીના પ્રજાજનો પણ એમના પર પ્રેમ રાખવા લાગ્યાં.

એમને આશ્રય આપનાર બ્રાહ્મણ કુટુંબ તદ્દન સાધારણ સ્થિતિનું હોવાથી એ ભિક્ષાવૃત્તિથી પોતાનો નિર્વાહ કરતા.

ભિક્ષાવૃત્તિ દ્વારા જે કાંઈ મળતું તેનો અડધો ભાગ ભીમ ખાતો અને બીજા અડધા ભાગમાંથી ચારે ભાઈ તથા કુંતી વચ્ચે વહેંચણી કરવામાં આવતી.

એવી રીતે કેટલાક દિવસો પસાર થયા પછી એકવાર યુધિષ્ઠિર બીજા બંધુઓ સાથે બહારથી પાછા આવ્યા ત્યારે એમને ભારે આશ્ચર્ય થયું.

કુંતીના મુખ પર વેદના તથા ચિંતા જોઈને એમને કાંઈનું કાંઈ થઈ ગયું.

એમણે એનું કારણ પૂછ્યું તો કુંતીએ કહ્યું :

'મારા દુઃખનું કારણ જરાક જુદું છે.'

'જુદું એટલે ? એ કારણ અમને કહે તો ખરી. અમે બનતી બધી જ શક્તિથી એ દુઃખને દૂર કરીશું અથવા દૂર કરવાનો પ્રયત્ન કરીશું.'

'ખરેખર ? તમે એ દુઃખ દૂર કરી શકશો ?'

'જરૂર. અમારો એ ધર્મ છે.'

'એ ધર્મને અમે પ્રાણાંતે પણ પાળી બતાવીશું.'

ભીમ અને અર્જુન વારાફરતી બોલી ઊઠ્યા એટલે કુંતી બોલી:

'પરંતુ એ દુઃખ મારું નથી, બીજાનું છે.'

'બીજાનું એટલે ?'

'આપણે જેના અતિથિ અથવા આશ્રિત તરીકે રહીએ છીએ એ બ્રાહ્મણ કુટુંબનું.'

'તો તો એને વહેલી તકે દૂર કરવું જોઈએ.' અર્જુને જણાવ્યું : 'આપણું દુઃખ તો ધીરજ તથા શાંતિપૂર્વક થોડું સહન પણ કરી શકાય, પરંતુ બીજાનું દુઃખ કેવી રીતે સહી શકાય અને એ પણ આ સીધાસાદા ધર્મપરાયણ બ્રાહ્મણ કુટુંબનું ?'

'અર્જુનની વાત સાચી છે.' યુધિષ્ઠિરે એને અનુમોદન આપતાં કહ્યું : 'હું પણ એની સાથે સંમત થાઉં છું. પરંતુ પહેલાં કહે તો ખરી કે એ દુઃખ કેવું છે અથવા શેનું છે!'

કુંતીએ કહેવા માંડ્યું:

'આજે તમે બધા બહાર ગયા ત્યાર પછી થોડેક વખતે ઘરની અંદરના ઓરડામાંથી મને શોક તથા ક્રંદનનો સ્વર સંભળાયો. એથી સહેજ ચિંતાતુર બનીને હું અંદર ગઈ તો મને એક અવનવો વિચિત્ર અનુભવ થયો. બ્રાહ્મણ, એની પત્ની, એનો પુત્ર અને એની પુત્રી ભારે શોકમગ્ન દશામાં બેઠાં હતાં અને એમની વચ્ચે દુઃખદ વાર્તાલાપ ચાલતો હતો. એ વાર્તાલાપ કોણે પહેલાં મરવા જવું જોઈએ એ વિશેનો હતો.'

'કોણે પહેલાં મરવા જવું જોઈએ એ વિશેનો ? એ તો ભારે વિચિત્ર કહેવાય. માણસ પોતાની ઈચ્છા મુજબ મરવા જઈ શકે છે ખરો ? એને પોતાના મરણની ખબર જ ક્યાં પડે છે ?'

'સામાન્ય રીતે એ વાત સાચી છે. મને પણ આરંભમાં તો એ સૌનો વાર્તાલાપ સાંભળીને ખૂબ જ વિસ્મય થયો પરંતુ પાછળથી એમની પરિસ્થિતની માહિતી મળતાં ખાતરી થઈ કે એમનો શોક અસ્થાને નથી જ. એમનામાંથી એકને સામે ચાલીને રાક્ષસની પાસે જઈને મરવું જ પડે એમ છે. એના વિના બીજો કોઈ રસ્તો જ નથી દેખાતો.'

'એટલે ? એમને મારવા માટે કયો રાક્ષસ તૈયાર થયો છે ?'

ભીમની જિજ્ઞાસાના જવાબમાં કુંતીએ કહેવા માંડ્યું:

'એ રાક્ષસનું નામ બકાસુર છે. એ એકચક્રા નગરીની બહાર એકાંત ઘોર અરણ્યમાં એના સાથી તથા સેવકો સાથે વાસ કરે છે. એ કુકર્મી ક્રૂર રાક્ષસથી સમસ્ત પ્રજા પીડિત છે. નગરના પ્રત્યેક ઘરમાંથી એક માણસે રોજ રાત્રે એની પાસે જંગલમાં ગાડું ભરીને ભોજન લઈને જવું પડે છે. બકાસુર એ બધું ભોજન આરોગી જાય છે અને ભોજન લઈ જનારા માણસને પણ મારી નાખે છે. કોઈ એની સામે અવાજ સુધ્ધાં નથી ઉઠાવી શકતું.'

'એ તો અત્યંત દુઃખદ અથવા કરુણ કહેવાય.'

'છતાં પણ એનો એ ક્રમ દિવસોથી ચાલ્યા કરે છે. અત્યાર સુધીમાં કેટલાય લોકોની એણે હત્યા કરી અને કેટલાંય કુટુંબોને ખેદાનમેદાન કરી નાખ્યાં.'

'અહીંના રાજાને શું એની માહિતી નથી મળી ?'

'મળી છે છતાં એ નિષ્ક્રિય બનીને બેસી રહ્યા છે. આદર્શ રાજા પ્રત્યેક પ્રકારની પીડા અને વિપત્તિથી પ્રજાની રક્ષા કરે છે એ સાચું છે પરંતુ અહીંનો રાજા અન્યાયી, અધર્મી ને સ્વાર્થી હોવાથી લોકહિતનો વિચાર નથી કરતો. એ અહીંથી થોડેક દૂર આવેલા વેત્રકીયગૃહ નામે સ્થાનમાં રહે છે અને આનંદ કરે છે.'

'એવો અધર્મી રાજાને તો દંડ દેવો જોઈએ અથવા ગાદી પરથી ભ્રષ્ટ કરવો જોઈએ.' યુધિષ્ઠિર બોલી ઊઠ્યા.

'એ તો જનતાને જે કરવું હશે તે સંગઠિત થઈને કરશે. એની ચિંતા આપણે નથી કરવાની. આપણે તો અત્યારે ગમેતેમ કરીને આ દુઃખી બ્રાહ્મણ કુટુંબને દુઃખમાંથી મુક્ત કરવાની યોજના કરવાની છે. એ કુટુંબે આપણને આદરપૂર્વક આશ્રય આપ્યો છે તો એને ક્લેશમુક્ત કરવાની આપણી ફરજ છે. એટલી કૃતજ્ઞતા તો આપણે બતાવવી જ જોઈએ. આવા વિપત્તિના વખતે તમે એમની રક્ષા ના કરી શકો તો તમારા બળની કીંમત શી ? બળ તો નિર્બળોની રક્ષા માટે હોય છે, કાંઈ રાખી મૂકવા માટે નથી હોતું. બ્રાહ્મણકુટુંબ દુઃખી હોય ત્યારે આપણે સુખી ના હોઈ શકીએ.'

'બકાસુર પાસે જવાનો આ કુટુંબનો વારો ક્યારે આવે છે ?'

'કાલે રાતે.'

કુંતીએ થોડોક સમય શાંતિ રાખીને કહ્યું:

'બ્રાહ્મણની પત્ની પતિને બદલે પોતે રાક્ષસ પાસે જવા ને મરવા તૈયાર થયેલી ને એમના પુત્ર તથા

પુત્રી એ બંનેને જીવિત રાખીને પોતે મૃત્યુને ભેટવા તૈયાર થયેલાં. એમનો એ પ્રેમ અને કરુણ વાર્તાલાપ સાંભળીને મારું હૈયું તૂટવા માંડ્યું. મેં એમને ઘણી રીતે સમજાવીને શાંતિ આપવા પ્રયાસ કર્યા પરંતુ તે બધા વ્યર્થ ગયા. છેવટે મેં એમને એક વચન આપ્યું.'

'કેવું વચન ?'

'મેં એમને કોઈ પણ પ્રકારની ચિંતા ના કરવા કહ્યું ને વચન આપ્યું કે તમારે બદલે કાલે રાતે ભોજન લઈને મારા પુત્રોમાંથી કોઈ એક જઈ પહોંચશે.'

ભીમે કહ્યું:

'એ તો ઘણું સારું કર્યું. મને ગમ્યું. આપણે આ ઘરમાં રહીએ છીએ એટલે જવાના અધિકારી છીએ. એ નરાધમ ક્રૂર રાક્ષસની પાસે હું જ જઈશ અને એની સાથે બરાબર કામ લઈશ. હવે એ રાક્ષસનો કાળ આવી પહોંચ્યો છે એમ જ લાગે છે. એનો નાશ એટલે આખા નગરને અને આજુબાજુના મોટા પ્રદેશને શાંતિ વળશે.'

કુંતી એની વાત સાંભળીને પ્રસન્ન થઈ.

એણે ભીમને એની ઉદાત્ત ભાવના બદલ અભિનંદન આપ્યાં ને કહ્યું:

'જીવનનો ઉપયોગ બીજો કયો હોઈ શકે ? એ દ્વારા બીજાને મદદરૂપ થવા હંમેશા તૈયાર રહેવું જોઈએ. એની સાચી સફળતા કે ધન્યતા એમાં જ છે.'

રાતે બ્રાહ્મણ અને એની પત્નીએ આવીને કુંતીને ખૂબ જ સમજાવી પણ કુંતી માની જ નહિ. એણે કહ્યું:

'અમારામાં વિશ્વાસ રાખીને હવે તમે ચિંતારહિત થઈને સુખેથી સૂઈ રહો. મારો એક પુત્ર કાલે રાક્ષસ પાસે જરૂર જશે.'

'પરંતુ એ રાક્ષસ ખૂબ જ ઘાતકી ને પરાક્રમી છે.'

'ભલે હોય. દુષ્ટોનું પરાક્રમ પ્રબળ નથી હોતું ને લાંબો વખત નથી ટકતું.'

'છતાં પણ તમારા પુત્રને હાથે કરીને મૃત્યુના મુખમાં શા માટે ધકેલી રહ્યાં છો ? એનું મૃત્યુ અમારે માટે કેટલું બધું દુઃખદ થઈ પડશે તે જાણો છો ?'

'જાણું છું છતાં બીજો કોઈ ઉપાય નથી એટલે લાચાર છું. મારો પુત્ર પણ છે તો પરાક્રમી.'

'તોપણ એ રાક્ષસ જેવો પરાક્રમી તો ના જ હોય. રાક્ષસના હાથે એનું મરણ થશે તો....'

'તો શું ? મારે બીજા પુત્રો તો રહેશે ને ? તમારા મરણથી તો આખું કુટુંબ નષ્ટ થઈ જશે એટલે તમને તો અમે નહિ જ જવા દઈએ.'

'એ રાક્ષસને હું પહોંચી વળીશ.' ભીમ બોલી ઊઠ્યો.

એ આગળ બોલવા જતો'તો કિન્તુ કુંતીએ એને વિશેષ રહસ્ય પ્રકટ ના થઈ જાય માટે શાંત રાખ્યો.

બીજે દિવસે સહદેવ અને નકુલે કુંતીને કહ્યું:

'ભીમને બદલે બકાસુર પાસે આજે રાતે અમે બંને જઈએ તો ? અમે એને પહોંચી વળીશું.'

'ના.' યુધિષ્ઠિરે જણાવ્યું: 'એમાં તમારું કોઈનું કામ નહિ.'

'અમે મોટા એક બાજુ બેસી રહીએ ને તમે રાક્ષસ પાસે મરવા જાઓ એ કદી પણ ના બની શકે.' અર્જુને કહ્યું: 'ભીમ નહિ જાય તો હું જઈશ.'

'પરંતુ હું ના જાઉં એવું બને જ કેવી રીતે ?' ભીમ બોલી ઊઠ્યો: 'એ રાક્ષસને યમપુરીમાં પહોંચાડવા માટે મારું અંતર અધીરું બન્યું છે. એ મરશે ને લોકો એના ત્રાસમાંથી છુટશે ત્યારે જ મને શાંતિ વળશે.'

નકુલ અને સહદેવને શરીરે પોતાનો હેતાળ હાથ ફેરવતાં કુંતીએ કહ્યું:

'બકાસુરની પાસે ભીમ જ જશે. એ જાય એ જ બરાબર છે, તમને બંનેને તો કોઈયે સંજોગોમાં ત્યાં નહિ મોકલી શકું. માદ્રીએ સતી થતાં પહેલાં ખૂબખૂબ પ્રેમ, લાગણી ને વિશ્વાસપૂર્વક મને તમારી સોંપણી કરી છે એટલે તમારું જીવન ને તમારી રક્ષા મારે મન વધારે કીમતી છે. ભૂલેચૂકે પણ તમને કાંઈક થઈ જાય તો મારા દિલને પાર વિનાનું દુઃખ થાય. એ દુઃખમાંથી હું જીવનભર ના છૂટી શકું. એટલે એવું કોઈ જોખમ મારે નથી વહોરવું. યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન કરતાંયે તમે મને વધારે વહાલા છો એટલે એ હોય ત્યાં સુધી તમારે જવાની જરૂર જરા પણ નથી.'

સહદેવ ને નકુલ માની ગયા.

મોડી રાતે ભીમ સૌને હિંમત ને ધીરજ આપીને બકાસુર પાસે જવા જરૂરી ખાદ્યસામગ્રી સાથે ચાલી નીકળ્યો.

એકાંત અરણ્યમાં બકાસુરના આશ્રયસ્થાન આગળ આવીને ભીમે સૌથી પહેલાં તો રાક્ષસને માટે આણેલું ભોજન આરોગવા માંડ્યુ અને ભોજન લગભગ પૂરું થવા આવ્યું એટલે બૂમો પાડવા માંડી:

'બકાસુર ! બકાસુર !'

બૂમો સાંભળીને બકાસુર બહાર આવ્યો એટલે ભીમે કહ્યું:

'તારે માટે ભોજન લાવ્યો છું. આજે મારો વારો છે.'

બકાસુર રોષે ભરાઈને બોલ્યો:

'પરંતુ મારું ભોજન તો તું ખાવા માંડ્યો છે. તને મારા બળની ખબર નથી કે શું ?'

'તારા બળની ખબર તો પછી લઈશ. હમણાં તો મને ખૂબ ભૂખ લાગી છે એટલે પેટ ભરીને જમી લઉં !'

'અરે અભાગી, ત્યારે તો તું યમપુરીમાં પહોંચવા ઉતાવળો થયો લાગે છે !'

'યમપુરીમાં પહોંચવાની ઉતાવળ તો તને છે, મને નહિ, એટલે હું તો નિરાંતે બેઠો છું. પણ તારા પાપનો ઘડો હવે ભરાઈ ગયો છે.'

બકાસુર બંને હાથ ફેલાવીને ભીમ પર તૂટી પડવા માટે દોડવા લાગ્યો.

એનું શરીર ભારે હતું. એની આંખ તથા દાઢીમૂછ લાલ હતી, અને વાણી નીરસ, કઠોર ને કટુ હતી.

એણે ભીમસેનની પાસે પહોંચીને એની પીઠ પર બે હાથથી બે મુક્કા મારી દીધા.

ભીમસેન એ ભયંકર રાક્ષસનો સામનો કરવા તૈયાર થયો.

બંને વચ્ચે ભીષણ લડાઈ ફાટી નીકળી.

બકાસુર ભીમને પકડીને ખેંચવા લાગ્યો.

એમ કરતાં એ થાકી ગયો ત્યારે ભીમે એને જમીન પર પછાડીને ઘૂંટણોથી દબાવવા માંડ્યો.

બકાસુરે એના સકંજામાંથી છૂટવાનો બનતો બધો જ પ્રયાસ કરી જોયો પણ એ ના ફાવ્યો ત્યારે સમજી ગયો કે પોતે હવે નહિ બચી શકે.

ભીમે એનું ગળું દબાવ્યું અને એની કમરને મજબૂત મુક્કાપ્રહારથી તોડી નાખી.

બકાસુરના દુર્ગંધયુક્ત મલિન મુખમાંથી લોહી પડવા લાગ્યું અને જોતજોતામાં તો એ નિષ્પ્રાણ બની ગયો.

એ બંનેના ભીષણ દ્વંદ્વયુદ્ધને નિહાળી રહેલા બકાસુરના સાથીઓ અને સેવકો બકાસુરને મરેલો દેખીને ડરી ગયા.

ભીમે એમને અભય પ્રદાન કરતાં કહ્યું:

'મારા તરફથી તમે લેશ પણ ભય ના રાખશો. બકાસુરના હાલ કેવા થયા તે તમે નજરે જોઈ લીધું. જો તમે મનુષ્યોને હેરાન કરશો કે સતાવશો તો તમારા હાલ પણ એવા જ થશે. તમારે સહીસલામત છૂટવું હોય તો વચન આપો કે તમે કોઈ પણ માણસને નહિ સતાવો.'

બકાસુરના સાથીઓ અને સેવકોએ વચન આપ્યું એટલે ભીમસેને એમને છોડી દીધા.

બકાસુરની લાશને નગરના મુખ્ય દ્વાર પર મૂકીને ભીમ પાછો આવ્યો ત્યારે એની વીરતાની વાત સાંભળીને કુંતી યુધિષ્ઠિરાદિ બંધુઓ અને બ્રાહ્મણ કુટુંબને આનંદ થયો.

બ્રાહ્મણકુટુંબે એને શાબાશી આપી ત્યારે એણે નમ્રતાપૂર્વક કહ્યું:

'એમાં શાબાશી આપવા જેવું કશું જ નથી. મેં તો કેવળ કર્તવ્ય બજાવ્યું છે. એથી વિશેષ બીજું કશું જ નથી કર્યું. મારા સરખું બીજું કોઈ આવું કામ હોય તોપણ કહેજો. હું તે જરૂર કરી દઈશ. માનવનું જીવન આખરે છે જ શાને માટે ? એનાથી બીજાની જેટલી પણ સેવા થઈ શકે એટલી ઓછી છે.'

બ્રાહ્મણકુટુંબને ખાતરી થઈ કે પોતાના ઘરમાં રહેતા અતિથિ કોઈ સાધારણ અતિથિ તો નથી જ.

એકચક્રા નગરીના નિવાસી સવાર પડતાં એ ભયંકર રાક્ષસના મૃત શરીરને જોઈને અત્યંત આશ્ચર્યમાં પડી ગયા.

એ રાક્ષસના મૃત્યુના સમાચાર મળતાં ત્યાં અસંખ્ય લોકો એકઠા થઈ ગયા.

બધાએ બ્રાહ્મણના ઘેર તપાસ કરી તો બ્રાહ્મણે કહ્યું:

'એ કામ મારું નથી પણ કોઈ દેવતા કે મંત્રસિદ્ધ બ્રાહ્મણનું છે. એ મંત્રસિદ્ધ બ્રાહ્મણે જ મારું રુદન સાંભળીને મને ધીરજ આપેલી. મારે બદલે ભોજન લઈને રાક્ષસને આપવા એ જ ગયેલા.'

લોકો વધારે ચર્ચામાં ના ઊતર્યા.

આવા ભયંકર રાક્ષસનો ગમે તે રીતે પણ નાશ થવાથી એ બધા આનંદમાં આવીને ઉત્સવ કરવા લાગ્યાં. એમને ઊંડી શાંતિ થઈ.

* * *

## ૨૭. લક્ષ્યવેધ

બકાસુરના નાશથી પાંડવોને ખૂબ જ આનંદ થયો.

બધા ભાઈઓએ ભીમને એના અસાધારણ પરાક્રમ બદલ અભિનંદન આપ્યાં એટલે ભીમે કહ્યું:

'અફસોસની વાત તો એ છે કે આપણે સૌ સામર્થ્યશાળી હોવા છતાં આવી રીતે કષ્ટો ભોગવીએ છીએ. આપણે પાંચે પરાક્રમી છીએ છતાં દુર્યોધન આપણને ડરાવી ને હેરાન કરી રહ્યો છે. તમારી અનુમતિ હોય તો દુષ્ટ દુર્યોધનના પણ બકાસુરના જેવા જ હાલ કરી દઉં.'

યુધિષ્ઠિરે ગંભીરતાથી કહ્યું:

'હમણાં એવું નથી કરવું. હમણાં શાંતિ રાખીને સહન કરવામાં જ ડહાપણ છે. દુર્યોધન દુષ્ટ હોવા છતાં આપણો ભાઈ છે. એને સુધરવાનો અવસર આપીએ. સંભવ છે કે એ સુધરી જાય.'

'કાગડો કદી કોયલ થઈ શકે છે ને બગલો હંસ બની શકે છે ? તમે જો એના સુધરવાની આશા રાખતા હો તો એ આશા ઠગારી ઠરશે.'

કુંતી બોલી:

'ભીમ સાચું કહી રહ્યો છે. દુર્યોધનનો સ્વભાવ તદ્દન વિચિત્ર છે. એનું મન દ્વેષાગ્નિથી ભરેલું છે. છતાં હમણાં સમય જોઈને શાંતિ રાખવામાં જ સારું છે. દુર્યોધને આપણને મરેલાં માની લીધાં હશે.'

'અને આપણી પાછળ લોકોને બતાવવા ખોટીખોટી અંત્યેષ્ટિ ક્રિયા પણ કરી હશે.' અર્જુન બોલ્યો.

'હા. એ છતાં પણ આપણે હાલ ગુપ્ત રહીએ ને યોગ્ય સમય જોઈને જાહેર થઈએ એ જ ઉચિત છે. માટે ભીમ, તું ધીરજ રાખ. આપણે બધા જ ધીરજ રાખીએ.'

'વધારે પડતી ધીરજ પણ દોષરૂપ ગણાય છે. વળી દુનિયામાં બધા દુર્બળને જ સતાવે છે ને દુઃખ દે છે છતાં તમારી સૌની ઈચ્છા હશે તો હું હજુ પણ ધીરજ રાખીને બેસીશ ને જે થશે તે જોયા કરીશ. દુર્યોધનના દુષ્ટ વર્તનથી આખરે તમારી સૌની ધીરજ પણ તૂટી ના જાય તે જોજો.'

એટલું કહીને ભીમ ચૂપ રહ્યો.

બીજા કોઈયે કશું ના બોલ્યા.

એ જ વખતે એક બ્રાહ્મણે ઘરમાં પ્રવેશ કર્યો.

એ ધીરગંભીર વિદ્વાન તથા તેજસ્વી દેખાતા નવાંગતુકનો એ ઘરના સભ્યોએ સત્કાર કર્યો.

એ એમનો પૂર્વપરિચિત હોય એવું જણાઈ આવ્યું.

એ પવિત્ર બ્રાહ્મણકુટુંબના અતિથિ તરીકે કેટલાંક દિવસો સુધી ત્યાં રહીને એણે પોતાના પ્રવાસના વિશાળ અનુભવની કથાઓ કહી બતાવી.

કુંતી તથા પાંડવો એને ભારે પ્રેમભાવે જોવા લાગ્યાં.

એની પાસેથી દ્રૌપદીના સ્વયંવરની માહિતી મેળવીને એમને એ સ્વયંવરમાં ભાગ લેવા માટે પાંચાલ દેશનો પ્રવાસ કરવાનું મન થયું.

એ જ અરસામાં એમની પાસે મહર્ષિ વ્યાસ આવી પહોંચ્યા.

એમને દેખીને એમના આનંદનો પાર ના રહ્યો.

એમણે દ્રૌપદીના સ્વયંવરમાં જવા માટે એમની સલાહ માગી તો એમણે જણાવ્યું:

'દ્રુપદપુત્રી દ્રૌપદીનો જન્મ ખૂબ જ અદ્દભુત રીતે થયેલો છે. એના જેવી સૌંદર્યવતી કન્યા ધરાતલ પર બીજી કોઈ જ નથી. એ સુંદરી હોવાની સાથે સાથે શીલવતી પણ છે. એના રાજા દ્રુપદે યોજેલા સ્વયંવરમાં તમે જરૂર જાઓ. તમારે માટે ત્યાં જવાનું ભારે લાભકારક થઈ પડશે.'

યુધિષ્ઠિરે કહ્યું:

'એવું કન્યારત્ન તો કોઈક ભાગ્યશાળીને જ મળી શકે. બાકી હા, એના સ્વયંવરમાં જવાથી અમને ઘણું જોવાજાણવાનું મળી રહેશે એટલે જ અમને જવાની ઈચ્છા થઈ રહી છે.'

'એ ઈચ્છા ઘણી સારી છે. એવું કન્યારત્ન કોઈક ભાગ્યશાળીને જ મળી શકે એ સાચું છે પરંતુ એ પણ સાચું છે કે તમે બધા રાજપુત્રો હોવાથી ભાગ્યશાળી જ છો. ભાગ્ય કોની ઉપર, ક્યારે ને કેવી રીતે કૃપા કરે છે તે કાંઈ કહી શકાય છે ?'

'અમારી ઉપર તો એની કૃપા જરા પણ નથી લાગતી. અમે તો અત્યાર સુધી એક અથવા બીજી રીતે વિપત્તિઓ જ વેઠ્યા કરી છે. રાજપુત્રો તરીકે જન્મીને પણ અમે સુખ, શાંતિ અને સમૃદ્ધિના દિવસો થોડા જ જોયા છે ? થોડાક સુખ, થોડીક શાંતિ ને સહેજ સમૃદ્ધિનો અનુભવ કર્યો ના કર્યો ત્યાં તો ભાગ્યે અમારા પર વિપત્તિ વરસાવવા માંડી.'

'પરંતુ યુધિષ્ઠિર, વિપત્તિ ગમે તેટલા લાંબા વખત લગી ચાલે તોપણ સ્થાયી નથી હોતી. એનો અંત એક દિવસ આવે જ છે ને તમારા જીવનમાં પણ જરૂર આવશે. નજદીકના ભવિષ્યમાં જ તમને રાજ્યસુખ તથા શાંતિસમૃદ્ધિની પ્રાપ્તિ થશે. મારો આત્મા એની સાક્ષી પૂરાવી રહ્યો છે. મને એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. માટે તમે હતાશ અથવા ઉત્સાહરહિત ના થાઓ. તમારી આકાંક્ષાનુસાર દ્રૌપદીના સ્વયંવરમાં જરૂર જાઓ. તમારું એ પ્રયાણ તમારે માટે ઉત્કર્ષના કારણરૂપ બની રહેશે.'

વ્યાસે એમને આશીર્વાદ આપ્યાં.

એમની વિદાય પછી કુંતી તથા પાંડવોએ પોતાના આશ્રયદાતાની અનુજ્ઞા મેળવીને પાંચાલ દેશની દિશા પ્રતિ પ્રયાણ કર્યું.

સૌથી આગળ અર્જુન અને ભીમ ચાલ્યા, એમની પાછળ કુંતી, અને એ પછી યુધિષ્ઠિર, સહદેવ અને નકુલ ચાલ્યાં.

એમના વેશપલટાને લીધે એ સહેલાઈથી ઓળખી શકાય એવા નહોતાં રહ્યાં.

ચોવીસ કલાકના પ્રવાસ પછી એ ગંગાતટવર્તી તીર્થસ્થાન સોમાશ્રયાયણમાં આવી પહોંચ્યાં.

થોડોક આરામ કરીને અંધકારમાંથી એ આગળ વધ્યાં ત્યારે અર્જુન મશાલ લઈને આગળ ચાલ્યો અને માર્ગ બતાવવા માંડ્યો.

એ જ વખતે નદીના પ્રવાહ તરફથી અવાજ આવ્યો:

'અત્યારે આ નદીના તટપ્રદેશ પરના એકાંત માર્ગ પરથી કોણ ચાલી રહ્યું છે ? સંધ્યાકાળ પછીનો રાતનો સઘળો સમય અમારે ગંધર્વોને મુક્ત રીતે વિહરવાનો હોય છે તેની ખબર નથી કે શું ? હું ગંધર્વરાજ

ચિત્રરથ છું અને નદીના નીરમાં સ્ત્રીઓ સાથે વિહાર કરી રહ્યો છું. તમારા સૌની ધૃષ્ટતા બદલ મારે તમને કેદ કરી લેવાં પડશે.'

'અમને કેદ કરતાં પહેલાં અમે તને મૃત્યુના મુખમાં હોમી દઈશું તે ખબર છે ?' ભીમ બોલી ઊઠ્યો: 'અમારા સામર્થ્યથી તું જરા પણ માહિતગાર નથી માટે જ મૃત્યુના મુખમાં જવા માટે ઉતાવળો બનીને તું જેવા ફાવે તેવા પ્રલાપ કરી રહ્યો છે.'

'એમ ? તો તો મારે તને આ અપરાધ બદલ બરાબરનો દંડ દેવો પડશે. તારું પોતાનું મૃત્યુ નજદીક આવ્યું છે એવું મને લાગ્યા કરે છે. માટે જ તું મારી માફી માગવાને બદલે જેમતેમ બોલી રહ્યો છે. તારા સાથીઓને જીવતા રાખવા હોય તો મારી માફી માગી લે, નહિ તો.... ?'

'નહિ તો શું ? તું શું કરી નાખવાનો છે ?'

'એ તો હમણાં બહાર આવીશ એટલે ખબર પડશે.'

'તો પછી ડરપોકની પેઠે પાણીમાં રહીને શું બોલી રહ્યો છે ? મોટો બહાદુર ગંધર્વરાજ છે તો આવી જાને બહાર. જરા મારી શક્તિનો સ્વાદ પણ ચખાડી લઉં.'

વાતને વણસેલી જોઈને યુધિષ્ઠિરે ભીમને શાંત રાખીને કહેવા માંડ્યું:

'અમારાથી તમારો કોઈ અપરાધ થયેલો લાગ્યો હોય તોપણ એ અપરાધ અમે જાણીજોઈને નથી કર્યો.'

'અપરાધ ગમે તે રીતે થયો હોય તોપણ અપરાધ એ અપરાધ જ છે અને એનો દંડ તમને સૌને મળશે જ. હવે મારી માફી માગશો તોપણ કશું નહિ વળે.

ગંધર્વરાજના શબ્દો સાંભળીને ભીમ પાછો બોલી ઊઠ્યો:

'તારા જેવા અધમની માફી માગવાનો વિચાર પણ અમે ના કરી શકીએ. અમારો કશો અપરાધ નથી તોપણ તું અમને આવી રીતે દબડાવી રહ્યો છે તે શું અમને કોઈ સામાન્ય મનુષ્યો સમજે છે ? અમે તો વીર છીએ વીર. તને ઘડીના છઠ્ઠા ભાગમાં જ એની ખબર પાડી દઈશું.'

ચિત્રરથ નદીમાંથી બહાર આવીને બોલ્યો:

'હું પણ જોઉં છું કે તું મને કેવીક ખબર પાડી દે છે ! લે ખબર પાડ, હું આ ઊભો !'

ભીમ એને મુક્કો મારવા તૈયાર થયો પણ અર્જુને એને અટકાવી દીધો ને કહ્યું:

'હું અત્યાર સુધી શાંત રહ્યો પરંતુ હવે તારી ઉદ્દંડતા જોઈને વધારે શાંત નહિ રહી શકું. સમુદ્ર, પૃથ્વી તથા ગંગા સૌને માટે છે અને પોતાની ઈચ્છાનુસાર એવો લાભ કોઈ પણ લઈ શકે છે, તું અમને અટકાવી રહ્યો છે એ એકદમ અન્યાયપૂર્ણ છે.'

'અન્યાયપૂર્ણ ?'

'હા, અન્યાયપૂર્ણ, એટલું જ નહિ અધમ પણ ખરું.'

'એમ ? તો પછી લે તારો ન્યાય કરું.'

'ન્યાય કરવો હોય તો આવી જા. અમે પણ વીર હોવાથી તારી ધમકીથી નથી ડરીએ એવા.'

ચિત્રરથે રથ પર ચઢીને ધનુષ્યમાંથી બાણ છોડવા માંડ્યા.

પરંતુ અર્જુનની શક્તિ આગળ એ નિરર્થક થયાં.

અર્જુન બોલ્યો:

'ગંધર્વ ! તું મને કોઈ સાધારણ પ્રવાસી સમજતો હોઈશ પણ મારા ગુરુની કૃપાથી હું અસ્ત્રશસ્ત્રને ચલાવવાની વિદ્યામાં નિષ્ણાત છું. એ વિદ્યાને લીધે તું મારી આગળ નહિ ફાવી શકે. આ અગ્નેયાસ્ત્ર મને મારા ગુરૂ દ્રોણાચાર્યે આપેલું છે. દ્રોણાચાર્યને એ અસ્ત્ર અગ્નિવેશ્યે, અગ્નિવેશ્યને ભરદ્વાજે અને ભરદ્વાજને બૃહસ્પતિએ પ્રદાન કરેલું એ અલૌકિક અસ્ત્રનો સ્વાદ જરા ચાખી જો.'

અર્જુને છોડેલા આગ્નેયાસ્ત્રને લીધે ચિત્રરથનો સુવર્ણમયરથ ક્ષણવારમાં સળગવા લાગ્યો.

ચિત્રરથે દિગ્મૂઢની જેમ રથ પરથી નીચે કૂદકો માર્યો.

પરંતુ અર્જુને સમયસૂચકતા વાપરીને એ જ વખતે એના વાળ પકડી લીધા, અને એને ખેંચીને પોતાના ભાઈ પાસે આણ્યો.

એ જોઈને ભીમ બોલી ઊઠ્યો:

'તું અમને કેદ કરવા કે મારવા માગતો'તો પણ કોને બદલે કોણ કેદ થયું તે જોઈ લે. તારું જીવન હવે અમારી દયા પર નિર્ભય છે. અમે ધારીએ તો તને અત્યારે જ મારી શકીએ તેમ છીએ.'

ચિત્રરથ કશું જ ના બોલ્યો.

એ શરમનો માર્યો નીચે જોઈ રહ્યો.

એ જોઈને એની પત્ની કુંતી તથા યુધિષ્ઠિર પાસે આવી અને એના જીવનની રક્ષા માટે પ્રાર્થના કરવા લાગી.

કુંતી તથા યુધિષ્ઠિરના કહેવાથી અર્જુને ચિત્રરથને છોડી દીધો ને કહ્યું:

'યુધિષ્ઠર તથા મારી માતા કુંતીના કહેવાથી તને અભયદાન આપું છું. હવેથી આવી રીતે કોઈ નિર્દોષને ના સતાવતો.'

અર્જુને એને પોતાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો.

એ પરિચયથી પ્રસન્ન થઈને ચિત્રરથે એનો આભાર માન્યો ને પોતાના દુર્વ્યવહાર બદલ માફી માગી.

બંને વચ્ચે મિત્રતા થઈ એટલે અર્જુનના ઉપકારને યાદ કરીને ચિત્રરથે એને ચાક્ષુષી વિદ્યા શિખવાડી. એની મદદથી જગતની કોઈ પણ સૂક્ષ્મ વસ્તુ આંખ દ્વારા પ્રત્યક્ષ જોઈ શકાતી.

અર્જુને એને આગ્નેયાસ્ત્રનું રહસ્ય કહી બતાવ્યું.

એના સત્કારસુખનો આસ્વાદ લઈને ધૌમ્ય મુનિના આશ્રમ પર જઈ પહોંચ્યા.

ધૌમ્યે કંદ, મૂળ, ફળ, ફૂલથી પાંડવોનું સ્વાગત કર્યું.

પાંડવોની પ્રાર્થનાનો સ્વીકાર કરીને ધૌમ્યે એમના પુરોહિત બનવાની હા પાડી.

એ પછી પાંડવો પ્રસન્ન ચિત્તે રાજા દ્રુપદની રાજધાની તરફ આગળ વધ્યાં.

દ્રુપદનગરમાં પહોંચીને એમણે માતા કુંતીની સાથે એક કુંભારના ઘરમાં ઉતારો રાખ્યો.

કુંભાર ઘણો સમૃદ્ધ અને સેવાભાવી હતો. એણે એમને કોઈ પણ પ્રકારની તકલીફ ના પડે એવી રીતે બધી જ વ્યવસ્થા કરી લીધી.

કુંભારનો અત્યંત આગ્રહ અને અપાર આદરભાવ હોવા છતાં એમણે ભિક્ષાવૃત્તિથી જ પોતાનો નિર્વાહ કરવા માંડ્યો.

દ્રુપદનગરમાં દ્રૌપદીના સ્વયંવરની તૈયારી પૂરજોશમાં ચાલી રહેલી.

એ તૈયારી પૂરી થઈ અને સ્વયંવરનો નિશ્ચિત સમય થવા માંડ્યો એટલે પાંડવો કુંતીની અનુજ્ઞા મેળવીને બહાર નીકળ્યા.

એમના વેશપલટાને લીધે એમને કોઈ ઓળખી ના શક્યું.

રસ્તામાં ભીમે અર્જુનને કહ્યું:

'દ્રૌપદી ભારે અલૌકિક કન્યા લાગે છે. અત્યાર સુધી આપણે એના સંબંધી જે કાંઈ સાંભળ્યું છે એના ઉપરથી એવું અનુમાન કર્યા વિના નથી રહેવાતું. એવી અસાધારણ કન્યા તો કોઈક ભાગ્યશાળીને જ મળી શકે.'

'સાચું છે.' અર્જુને બોલી ઊઠ્યો: 'કોઈકનું ભાગ્ય તો એને મેળવવા માટે જોર કરી જ રહ્યું હશે. બાણનો પ્રયોગ કરવાનો હશે ત્યાં હું પાછો નહિ પડું.'

'અને બળના પ્રયોગમાં હું પાછો પડું તેવો નથી તે તો તું જાણે જ છે.'

'હા. જાણું છું.'

'બસ ત્યારે. સંજોગો પ્રમાણે શું કરવું તે જોઈ લેવાશે.'

'અને બુદ્ધિનો ઉપયોગ કરવાનો હશે તો યુધિષ્ઠિર આપણને કામ લાગશે.'

પાંચે ભાઈઓ સ્વયંવરમંડપમાં આવી પહોંચ્યા.

સ્વયંવરમંડપની સજાવટ અને શોભા અસાધારણ હતી.

એની રચના નગરના ઈશાન ખૂણામાં સમતલ ને સુંદર સ્થળે કરવામાં આવેલી.

સ્વયંવરના અનુસંધાનમાં છેલ્લા સોળ દિવસથી ત્યાં જુદી જુદી જાતના ઉત્સવો ચાલી રહેલા.

મંડપની શોભા નિહાળીને પાંડવો મુગ્ધ બન્યા અને અભ્યાગતોને બેસવાના સ્થાનમાં બેસી ગયા.

સ્વયંવરમંડપમાં બેઠેલા રાજાઓ, રાજપુત્રો ને બીજા પ્રતિષ્ઠિત તથા વીરપુરુષો દ્રૌપદીને જોવા ઉત્સુક બની રહેલા ત્યારે દ્રૌપદી રાજા દ્રુપદ સાથે વાતચીત કરી રહેલી. એ બોલી:

'સાચો વીર તો તમને હરાવનાર અર્જુન જ હોઈ શકે. એના જેવી વીરતા બીજા કોઈનામાં નહિ હોય. મારું મન તો તમારા મુખથી એની વીરતાની વાતો સાંભળીને એના પર મુગ્ધ થયું છે. સ્વયંવર કરવાને બદલે મારો સંબંધ જો એની સાથે જ નક્કી કર્યો હોત તો મને વધારે આનંદ થાત.'

દ્રુપદે કહ્યું:

'મને પણ લાગે છે કે અર્જુન જેવો પ્રતાપી કે પરાક્રમી બીજો કોઈ જ નહિ હોય. એ તારે માટે બધી રીતે યોગ્ય છે, છતાં પણ આપણા કુળની પરંપરા પ્રમાણે મને સ્વયંવર કરવાનું જ ઠીક લાગ્યું છે. તને મેળવવા માટે જે ભગીરથ મહાન કામ કરવાનું છે એ અર્જુન વિના બીજા કોઈનાથી નથી કરી શકાય તેમ. અને બીજો કોઈ એ અદ્દભુત કર્મ કરશે તો એ અર્જુન જેટલો જ કે એનાથી પણ વધારે પ્રતાપી હશે એમાં શંકા નથી. એ સંજોગોમાં તારું લગ્ન એની સાથે થશે તોપણ કશો અફસોસ કરવાનું કારણ નહિ રહે.'

'પરંતુ અર્જુન સ્વયંવરમંડપમાં આવ્યો છે ?'

'હજુ તો નથી આવ્યો. મેં હસ્તિનાપુરમાં રાજા ધૃતરાષ્ટ્રને આમંત્રણ મોકલ્યું છે પરંતુ હજુ રાજા પાંડુના પુત્રો આવ્યા નથી લાગતા. દુર્યોધન, કર્ણ, અશ્વત્થામા, યુયુત્સુ, શકુનિ, શિશુપાલ, જરાસંધ, ચેકિતાન તેમ જ શલ્ય જેવા બીજા કેટલાય પ્રતાપી પુરુષો આવી પહોંચ્યા છે પરંતુ અર્જુન, ભીમ કે યુધિષ્ઠિર ક્યાંય નથી દેખાતા.'

રાજા દ્રુપદ દ્રૌપદી સાથે બહાર નીકળ્યા.

સખીઓથી વીંટળાયેલી દ્રોપદી તારાઓથી વીંટળાયેલી ચંદ્રિકા જેવી ચારુ દેખાવા લાગી.

મંડપમાં એકઠા થયેલા આમંત્રિતો અને અભ્યાગતો એને એકીટસે જોઈ રહ્યા.

સૃષ્ટિનું સમગ્ર સૌંદર્ય જાણે કે એના રૂપમાં સાકાર બન્યું હોય અથવા એની અંદરથી છૂટું પડ્યું હોય એવું લાગવા માંડ્યું.

એના હાથમાં સુવર્ણની વરમાળા હતી.

એનું શરીર સહેજ શ્યામ છતાં સુંદર અને આકર્ષક હતું.

એટલે તો એનું બીજું નામ અને સાર્થક નામ કૃષ્ણા પણ પાડવામાં આવેલું.

એણે સફેદ દૂધ જેવાં સુંદર વસ્ત્રો પરિધાન કરેલાં.

એ બહાર આવીને સૌની આગળ ઊભી રહી એટલે ધૃષ્ટધુમ્ને એની પાસે પહોંચીને સ્વયંવરમંડપમાં ચારે તરફ દૃષ્ટિપાત કરતાં જણાવ્યું:

'સ્વયંવરમંડપમાં સંમિલિત સત્પુરુષો, રાજવીઓ, રાજપુત્રો અને વીરો! મારી વિજ્ઞપ્તિને ધ્યાનપૂર્વક સાંભળી લો.'

સ્વયયંવરમંડપનો શોરબકોર શાંત થયો એટલે એણે આગળ કહેવા માંડ્યું:

'તમે બધા અમારા આમંત્રણને માન આપીને આવ્યા છો તેને માટે તમારો આભાર માનું છું. સામે ધનુષ્ય અને બાણ પડ્યું છે. એને ઉપાડીને જે લક્ષ્યવેધ કરશે તેને મારી બેન દ્રૌપદી પોતાની વરમાળા પહેરાવી દેશે. જે લક્ષ્યનો વેધ કરવાનો છે તે લક્ષ્યનો નિર્ણય પૂરતા વિચાર પછી કરવામાં આવ્યો છે. એનો વેધ કરવામાં બળ તથા બુદ્ધિ બંનેની જરૂર પડવાની છે. નીચે જે ગોળ ફરતું યંત્ર છે તેના છિદ્રમાંથી વધારેમાં વધારે પાંચ બાણો મારીને યંત્રની ઉપર લટકાવેલા મત્સ્યનો વેધ કરવાનો છે. ઉપર લટકાવેલા એ યંત્ર ને મત્સ્યનું પ્રતિબિંબ નીચે પાણીના હોજમાં પડી રહ્યું છે. લક્ષ્યવેધ એ પાણીમાં પડતાં પ્રતિબિંબને જોઈને જ કરવાનું છે.'

ધૃષ્ટદ્યુમ્ને થોડીવાર શાંતિ રાખીને કહ્યુ :

'મારા વકતવ્યે તમને વિચાર કરતાં કરી મૂક્યા હશે, પરંતુ એમાં વિચાર કરવા જેવું કશું જ નથી. કાર્ય કઠિન લાગે તેવું છે છતાં એનું ફળ પણ એવું જ અસાધારણ છે. જે ખરેખર ને સૌથી વધારે બહાદુર હશે તે જ આ કાર્ય કરી શકશે. સ્વયંવરમંડપમાં વિરાજેલા શક્તિશાળી, સુંદર અને કુલીન પુરુષોને લક્ષ્યવેધ કરીને એનો પુરસ્કાર મેળવવા માટે હું અત્યંત આદરપૂર્વક આમંત્રણ આપું છું.'

એ પછી ધૃષ્ટદ્યુમ્ને દ્રૌપદીને ધૃતરાષ્ટના દુર્યોધનાદિ પ્રતાપી પુત્રોનો, કર્ણનો, અશ્વત્થામાનો તથા

બીજા સુપ્રસિદ્ધ રાજામહારાજાઓનો પરિચય કરાવ્યો.

એ વખતે વસુદેવપુત્ર શ્રીકૃષ્ણ ને બલરામ, યુદુવંશના મુખ્ય મુખ્ય આગેવાનો અને બીજા કેટલાક મહાનુભાવો દ્રૌપદીના એ સુંદર સ્વયંવરમડપમાં આવી પહોંચ્યાં.

રાજા દ્રુપદ તથા ધૃષ્ટદ્યુમ્ને એ સૌનો સત્કાર કર્યો અને એમને સુયોગ્ય સ્થાને બેસાડ્યા.

ધૃષ્ટદ્યુમ્નના શબ્દો સાંભળીને સૌ ઊંડા વિચારમાં પડી ગયા અને પરસ્પર વાતો કરવા લાગ્યા.

'આ સ્વયંવર તો વીર પુરુષોની વીરતાને પડકારરૂપ છે.'

'પડકારરૂપ હોય તોપણ આપણી વીરતા ક્યાં મરી પરવારી છે ? આપણે એ પડકારનો પ્રત્યુત્તર પૂરો પાડી શકીએ એટલા શૂરવીર તો છીએ જ.'

'બરાબર છે. બરાબર છે.'

'અરે લક્ષ્યવેધ હમણાં જ થઈ ગયો ને દ્રૌપદીએ મને વરમાળા પહેરાવી દીધી એમ સમજોને ! એ રૂપસુંદરી જન્મી છે જ મારે માટે.'

'તારે માટે કે મારે માટે ? એને મારી કરવાની ઈચ્છાથી તો હું અહીં આવ્યો છું.'

'અરે ભાઈ, વાતોમાં વખતનો વ્યય કરવાને બદલે દ્રૌપદીને મેળવવી હોય તો લક્ષ્યવેધ કરવા તૈયાર થાવ. આ કેટલાય ધનુષ્ય પાસે જઈને એને ઉપાડ્યા વિના જ પાછા ફરે છે તેવી દશા તમારી પણ ના થાય.'

'હું કાંઈ એવો નામર્દ નથી.'

એમ કહીને દુર્યોધન ઊભો થયો.

એણે ધનુષ્યને ઉપાડી બાણ ચઢાવવાનો પ્રયત્ન કર્યો પરંતુ એ પ્રયત્ન પૂરો થયો ના થયો ત્યાં જ એ તમ્મર ખાઈને જમીન પર પડી ગયો.

એનો મણિમય મુકુટ તથા હાર નીચે પડી ગયા.

એ હતોત્સાહ બનીને નીચે બેસી ગયો.

સ્વયંવરમંડપમાં ચારેકોર હાસ્યનું મોજું ફરી વળ્યું. એથી એ શરમાઈ ગયો.

જુદા જુદા કેટલાય રાજાઓ, રાજપુત્રો ને વીરો પોતાના પ્રયાસમાં ઉપરાઉપરી નિષ્ફળ ગયા ત્યારે દુર્યોધનની સંમતિ મેળવીને કર્ણ ઊઠ્યો.

એને દેખીને ભીમે યુધિષ્ઠિરને કહ્યું:

'આ સૂતપુત્ર પણ અહીં આવી પહોંચ્યો છે. એના મનમાં પણ દ્રૌપદીને મેળવવાનો કોડ જાગ્યો છે. એ ધનુર્વિદ્યામાં ખૂબ જ કુશળ છે એટલે કાંઈ કહેવાય નહિ.'

કર્ણે ધનુષ્યને સહેલાઈથી ઉપાડીને શરસંધાન કર્યું ને લક્ષ્યવેધની તૈયારી કરી ત્યાં જ દ્રૌપદી જોરથી બોલી ઊઠી:

'કર્ણ સૂતપુત્ર છે એટલે લક્ષ્યવેધ કરશે તોપણ હું એને નહિ વરું.'

એ સાંભળીને મંડપમાં હાહાકાર મચી રહ્યો.

કર્ણનો ઉત્સાહ ઓસરી જવાથી એ ધનુષ્યને નીચે નાખીને ભારે અફસોસ સાથે પાછો ફર્યો.

'શું સૂતપુત્ર થવું એ અપરાધ છે ?' એનાથી બોલી જવાયું.

'અપરાધ નથી, પણ દ્રૌપદી કુલીનને જ વરવા માગે છે.' ધૃષ્ટદ્યુમ્ને કહ્યું.

'કર્ણ કુલીન છે.' દુર્યોધન બોલ્યો

'હું એવું નથી માનતી.' દ્રૌપદી બોલી : 'અને દુનિયાય નથી માનતી.'

કર્ણને એ વચન બાણ જેવા લાગી ગયાં તોપણ એ ચૂપ રહ્યો.

શિશુપાલ, જરાસંઘ ને શલ્ય નાસીપાસ થવાથી સભામંડપ છોડી ગયા.

એ જોઈને યુધિષ્ઠિરની અનુમતિથી અર્જુન ઊભો થયો ને ધનુષ્ય તરફ ચાલવા લાગ્યો.

સ્વયંવરમંડપમાં બેઠેલા બધા એને આશ્ચર્યથી જોવા માંડ્યા.

ધનુષ્યની પ્રદક્ષિણા કરી, ધનુષ્યને ઉપાડીને એણે શરસંધાન કર્યું ને જોતજોતામાં તો એક જ બાણથી લક્ષ્યવેધ કરી દીધો.

ગોળગોળ ફરતા ચક્રમાંથી આગળ વધેલા એના બાણે મત્સ્યને વીંધી નાખ્યું ને સૌના વિસ્મય વચ્ચે નીચે પાડ્યું.

* * *

## ૨૮. દ્રૌપદીની પ્રાપ્તિ

અર્જુને કરેલા અસંભવ દેખાતા લક્ષ્યવેધને લીધે સ્વયંવરમંડપમાં કોલાહલ થઈ રહ્યો.

કેટલાય નિરીક્ષકો વિજયધ્વનિ કરવા તથા તાળીઓ પાડવા લાગ્યા.

યુધિષ્ઠિરાદિ ભાઈઓ અતિશય આનંદમાં આવી ગયા અને અર્જુનને અપ્રકટ અભિનંદન આપવા માંડ્યા.

દ્રુપદના પરિચારકો કે સેવકોએ એના પર પુષ્પોની વૃષ્ટિ કરી.

અર્જુનની સાથે આવેલા નગરના કેટલાક બ્રાહ્મણો સ્વસ્તિવચનો ઉચ્ચારીને પોતાના ઉલ્લાસની અભિવ્યક્તિ કરવા લાગ્યા.

દ્રુપદ તથા ધૃષ્ટદ્યુમ્નના પ્રાણમાં પ્રસન્નતાનો પારાવાર પેદા થયો.

એમની આંખમાં આનંદના આંસુ આવ્યાં.

એ બોલી ઊઠ્યા:

'આખરે પૃથ્વીમાં એક પ્રતાપી, પરમ પ્રતાપી પુરુષ પાક્યો ખરો. ધન્ય છે એની માતાને અને ધન્ય છે એના પિતાને !'

'પરંતુ એ તો બ્રાહ્મણ છે !' દુર્યોધન બોલી ઊઠ્યો.

'બ્રાહ્મણ હોય કે ગમે તે હોય, એ કુલીન તો છે જ. દ્રૌપદી એને મારી પ્રતિજ્ઞા પ્રમાણે અવશ્ય વરશે. મોટા મોટા મહારથીઓ જ્યારે નાસીપાસ થયા ને નિષ્ફળ ગયા ત્યારે એ વીર પુરુષે મારી અને મારા પરિવારની લાજ રાખી છે. એનો ઉપકાર મારાથી નહિ ભૂલી શકાય. એનો બદલો પણ નહિ વાળી શકાય. મારું સર્વકાંઈ એની સેવામાં સમર્પિત કરવાનો મારો સંકલ્પ છે. એણે મારા ને દ્રૌપદીના જીવનમાં નવો પ્રાણ પેદા કર્યો છે.'

દ્રૌપદીનું અંતર પણ એ વીરને નિહાળીને અને એની વીરતાનું દર્શન કરીને આનંદી ઊઠ્યું.

એનો આત્મા થનગની ઊઠ્યો.

એ ધીમે પગલે પોતાની પરિચારિકાઓ તથા સખીઓ સાથે અર્જુનની પાસે જઈને ઊભી રહી.

બ્રાહ્મણોએ વેદમંત્રોનો ઉચ્ચાર કર્યો અને એના સુમધુર સુરીલા સ્વરો વચ્ચે એણે અર્જુનના કંઠે પોતાની મહામૂલી વરમાળા આરોપી દીધી.

આખાય મંડપમાં ચારેકોર આનંદધ્વનિ થઈ રહ્યો.

એ વખતે યુધિષ્ઠિર સહદેવ તથા નકુલ સાથે સંભાળપૂર્વક બહાર નીકળી ગયા.

એમના બહાર નીકળ્યા પછી સ્વયંવરમંડપનું વાતાવરણ થોડુંક બદલાઈ ગયું.

દ્રૌપદીએ અર્જુનને વરમાળા પહેરાવી અને દ્રુપદે અર્જુન સાથે એનું લગ્ન કરવાનો સંકલ્પ જાહેર કર્યો તે સ્વંયવરમાં આવેલા કેટલાક સંકુચિત, સ્વાર્થી, દ્વેષભાવયુક્ત રાજાઓ અને રાજપુત્રોને ના ગમ્યું.

દ્રુપદના ન્યાયોચિત નિર્ણયથી એ છેડાઈ પડ્યા ને બોલ્યા:

'આ મંડપમાં આટલા બધા પ્રતિષ્ઠિત તથા પરાક્રમી રાજપુત્રો ને રાજાઓ બેઠા છે છતાં પણ એમની

અવજ્ઞા કરીને રાજા દ્રુપદે પોતાની પુત્રીનો વિવાહ એક સાધારણ ભિક્ષુક જેવા બ્રાહ્મણ સાથે કરવાનો નિર્ણય કર્યો છે એ શું જરા પણ ઉચિત છે ?'

'આપણને અહીં બોલાવીને એણે આપણું ઘોર અપમાન કર્યું છે, અપમાન.

'અપમાન નહિ તો બીજું શું ?'

'એ અપમાનનો બદલો આપણે અવશ્ય વાળવો જોઈએ.'

'અરે બદલો તો એવો વાળીશું કે વાત નહિ. બધા સાથે મળીને દ્રૌપદીને ઉપાડી જઈશું.'

'હા હા, એ જ બરાબર છે. ત્યારે જ એની બુદ્ધિ ઠેકાણે આવશે અને પેલા બ્રાહ્મણની પણ.'

કોઈક વિવેકી પુરુષ બોલી ઊઠ્યા:

'દ્રૌપદીનો સ્વયંવર આદર્શ રીતે પાર પડ્યો છે. હવે એ સંબંધી ખોટો ઊહાપોહ કરવાનો કશો જ અર્થ નથી.'

'સ્વયંવરનું આયોજન નિષ્પક્ષ રીતે કરવામાં આવેલું. તેમાં તમારા પરાક્રમનો પરચો બતાવવાની પૂરેપૂરી તક હતી, એ તક તમે ખોઈ નાખી અને હવે જેમ ફાવે તેમ પ્રલાપ કરો છો એ શું બરાબર છે ?'

'તમે ખરેખર બહાદુર હો તો તમારે રાજા દ્રુપદ તથા દ્રોપદીના નિર્ણયને બહાદુરીપૂર્વક મોટા દિલથી સ્વીકારી લેવો જોઈએ.'

પરંતુ એમની શિખામણ કોઈએ માની નહિ.

દ્વેષયુક્ત રાજાઓ અને રાજપુત્રો બોલી ઊઠ્યા:

'દ્રુપદ અને દ્રૌપદીના નિર્ણયને શા માટે સ્વીકારી લેવો જોઈએ ? એ નિર્ણય અન્યાયી અને એકપક્ષીય છે માટે એનો તો વિરોધ જ કરવો જોઈએ.'

'સ્વયંવર ક્ષત્રિયોને માટે જ હોય છે. તેમાં બ્રાહ્મણોને આવવાનો અથવા ભાગ લેવાનો અધિકાર જ નથી.'

'વધારે વખત બગાડવાને બદલે હવે યુદ્ધનો આરંભ કરીને દ્રુપદનો નાશ કરી નાખો. એને એના દુષ્કર્મનો દંડ મળે એ જ બરાબર છે.'

રાજાઓ પોતાનાં શસ્ત્રો લઈને દ્રુપદને મારવા માટે તૈયાર થયા.

એ દેખીને દ્રુપદને ડર લાગ્યો.

રાજાઓના સંયુક્ત બળ સામે ટકવાનું એને અશક્ય લાગવાથી એનો બધો આનંદ ઊડી ગયો.

દ્રુપદની એવી દયનીય દુઃખદ દશાને દેખીને ભીમ અને અર્જુન એની મદદે આવ્યા ને બોલ્યા:

'તમને દંડ દેવા માટે જેને પણ આવવું હોય તે ભલે આવે. અમે બધાને પહોંચી વળીએ તેમ છીએ. અમે તમારી પડખે છીએ ત્યાં સુધી તમારે કોઈનો ભય નથી રાખવા જેવો.'

અર્જુન ધનુષ્યબાણ લઈને ભીમ સાથે રાજાઓનો પ્રતિકાર કરવા માટે તૈયાર થયો.

રાજાઓમાંના કેટલાક એમના પર તૂટી પડ્યા.

ભીમ તથા શલ્યનું ભીષણ દ્વંદ્વયુદ્ધ શરૂ થયું.

બંને એકમેકને લલકારતા અને પકડવાનો તથા પછાડવાનો પ્રયાસ કરતા તરેહ તરેહની

યુક્તિપ્રયુક્તિ અજમાવતા લડવા લાગ્યા.

છેવટે ભીમસેને શલ્યને નીચે પાડી દીધો.

એની છાતી પર ચઢીને એની ગરદન પકડીને એ બોલ્યો:

‘બોલ, તારી ગરદન દબાવીને હવે તને મારી નાખું ? તારું જીવન અત્યારે મારા હાથમાં છે. હું તારો કાળ બનીને તારા પર ચઢી બેઠો છું. તારું પરાક્રમ પૂરું થયું કે બાકી છે ?’

‘પૂરું થયું.’ શલ્ય નિરુપાય બનીને છૂટવાની આશાથી બોલી ઉઠ્યો.

‘તો પછી જા તને છોડી દઉં છું. બ્રાહ્મણ થઈને તારું ગળું દબાવીને કે બીજી રીતે તારો નાશ નહિ કરું.’

શલ્ય છૂટો થઈને એક બાજુ દીનવદને ઊભો રહ્યો, ને પછી સ્વયંવરમંડપમાંથી બહાર નીકળ્યો.

એને હારેલો જોઈને એના મિત્રો તથા સાથીદારો પણ ચાલી નીકળ્યા.

બીજી બાજુ અર્જુને કર્ણને બાણોનો પ્રહાર કરીને બેહોશ જેવો બનાવી દીધો.

એ જોઈને કર્ણ બોલી ઊઠ્યો:

‘અરે બ્રાહ્મણ ! તું સ્વયં વિષ્ણુ કે ઈન્દ્ર જેવો શક્તિશાળી છે. તું પરશુરામ તો નથી ? ઈન્દ્ર, વિષ્ણુ, પરશુરામ અને અર્જુન સિવાય મારો સામનો યુદ્ધમાં બીજું કોઈ જ નથી કરી શકે તેમ.’

અર્જુને બનાવટી સ્વરે કહ્યું:

‘હું વિષ્ણુ, ઈન્દ્ર કે પરશુરામ નથી પરંતુ શસ્ત્રાસ્ત્રોના રહસ્યને જાણનારો બ્રાહ્મણ યોદ્ધો છું. મારા ગુરુની મારા પર કૃપા છે. એમની કૃપાથી જ મારામાં આવી શક્તિ છે. પરંતુ એ વાત તો જુદી છે. એનું અત્યારે શું કામ છે ? તારે લડવું હોય તો હું ગમે તે હોવા છતાં તારી સાથે લડવા માટે તૈયાર છું. એટલું શું ઓછું છે કે આપણે બીજી નિરર્થક અને વ્યક્તિગત ચર્ચામાં ઊતરવું પડે ?’

ભીમ બોલ્યો:

‘તું તો સૂતપુત્ર હોવાથી લડાઈ તને વારસામાં મળી હશે પરંતુ અમે તો બ્રાહ્મણ હોવાથી આ પહેલી જ વાર લડીએ છીએ. છતાં યુદ્ધથી નાસીપાસ નથી થતા.’

અર્જુન સાથે થોડોક વખત યુદ્ધ કરીને મહારથી કર્ણ એને અજેય સમજીને હઠી ગયો ને દુર્યોધનાદિને કહેવા માંડ્યો:

‘આ વીરને કોઈ જ નથી જીતી શકે તેમ. એનું પરાક્રમ અતિશય અદ્દભુત છે. માટે ચાલો આપણે પાછા જઈએ. આ પરમ પ્રતાપી પુરુષ પોતાની શક્તિ ને બુદ્ધિનું પ્રદર્શન કરીને દ્રૌપદીને જીત્યો છે તો એ એને ભલે લઈ જાય. એની પ્રવૃત્તિ તદ્દન ન્યાયયુક્ત હોવાથી આપણે માટે એનો કે દ્રુપદનો વિરોધ કરવો નીતિસંગત કે ઉચિત નથી લાગતો.’

કર્ણ વિદાય થયો એટલે એની પાછળ ધીરેધીરે સમસ્ત સ્વયંવરમંડપ ખાલી થઈ ગયો.

એ પહેલાં કૃષ્ણ અને બળરામે પાંડવોને ઓળખી લીધા હોવાથી એમણે પણ બીજા કેટલાક રાજાઓ અને રાજપુત્રોને સમજાવીને વિદાય કર્યા.

સ્વયંવરમંડપમાં શાંતિ સ્થપાઈ ગયા પછી દ્રુપદે અર્જુનને નમ્રતાપૂર્વક પૂછ્યું:

'તમારું નિવાસસ્થાન ક્યાં છે તે જણાવશો ?'

'હું વતની તો હસ્તિનાપુર તરફનો છું. માતા તથા મારા ભાઈઓ સાથે યાત્રાએ નીકળ્યો છું. અમારો ઉતારો એક કુંભારને ત્યાં છે. સ્વંયવરના સમાચાર સાંપડતા હું કુતૂહલથી પ્રેરાઈને અહીં આવ્યો ત્યારે મને કલ્પનાય નહોતી તેમ ભાગ્યે મારી ઉપર એકાએક કૃપા કરી.'

'હવે તમારે કુંભારને ત્યાં જવાની જરૂર નથી. હવે તો આ રાજપ્રાસાદ તમારો છે એમ માનીને અહીં જ વાસ કરો.'

'મારી માતા મારી રાહ જોતી હશે. એને અને મારા ભાઈઓને મારે સ્વયંવરના સઘળા સમાચાર આપવા જોઈએ. એ ઉપરાંત મારે તેમ જ દ્રૌપદીએ એના આશીર્વાદ પણ લેવા જોઈએ. તે પછી જ મારાથી રાજપ્રાસાદમાં રહેવાનો વિચાર કરી શકાય.'

'પરંતુ તમારી માતા તથા તમારા ભાઈઓને સઘળા સમાચાર પહોંચાડીને અહીં જ બોલાવી લઉં તો ?'

'એવું થઈ શકે અને ઘણી સારી રીતે થઈ શકે, છતાં પણ પહેલાં દ્રૌપદીને લઈને હું જ એને પગે લાગવા જઈ પહોંચું એ વધારે સારું છે. પછી અમે તમારું આતિથ્ય સ્વીકારવા અહીં આવી પહોંચીશું.'

દ્રુપદે અર્જુનની વાત મંજૂર રાખી.

રાજા દ્રુપદે મોકલેલા સુંદર રથમાં બેસીને સંધ્યા સમયે અર્જુન અને ભીમ દ્રૌપદી સાથે પોતાના ઉતારા પર આવી પહોંચ્યા ત્યારે કુંતી એમને જોઈને ગળગળી બની ગઈ ને કહેવા માંડી:

'હું તો તમારા બધાની રાહ જોઈ જોઈને થાકી ગઈ. છેવટે યુધિષ્ઠિરે આવીને બધી વિગતવાર હકીકત કહી બતાવી ત્યારે મને શાંતિ વળી. ગુરુ દ્રોણાચાર્યની કૃપાથી તેં એકદમ અસાધારણ કામ કરી બતાવ્યું અને આપણું કુળ ઉજાળ્યું. એને માટે તને જેટલાં અભિનંદન આપું અને તારાં જેટલાં ગુણગાન કરું એટલાં ઓછા છે.'

અર્જુને કુંતીને પગે લાગીને જણાવ્યું:

'તારા અનુગ્રહ અને તારી અમીદૃષ્ટિને લીધે જ મને સ્વયંવરમાં સફળતા સાંપડી શકી છે અને આ કન્યારત્ન પ્રાપ્ત થયું છે. માતાપિતાના આશીર્વાદનું બળ સૌથી મોટું હોય છે. એ બળ મારી મહામૂલી મૂડીરૂપ છે ને મને સફળતા અપાવે છે એવો મારો વિશ્વાસ છે.'

દ્રૌપદી પણ કુંતીને પગે લાગી એટલે કુંતીએ એને આશીર્વાદ આપ્યો:

'તારું લગ્નજીવન સુખી બનો, તારું સૌભાગ્ય અખંડ રહો. તથા તું પરમપ્રતાપી પુત્રની માતા બનો.'

કુંતીની આંખ ભરાઈ આવી.

ભાવવિભોર અંતરને લીધે એ આગળ કશું ના બોલી શકી.

થોડોક વખત એવી જ રીતે શાંતિમા વીતી ગયો એટલે ભીમ બોલ્યો:

'સ્વયંવર પૂરો થયા પછી તો ભારે અવ્યવસ્થા થઈ ગઈ. રાજાઓ અને રાજપુત્રો અમારી સાથે લડવા તૈયાર થયા પરંતુ અમે એમનો સફળતાપૂર્વક સામનો કરીને હરાવી તથા ભગાડી દીધા. પેલો સૂતપુત્ર કર્ણ પણ અમારી સાથે લડી પડ્યો.'

'કર્ણ ?'

'હા. સૂતપુત્ર કર્ણ. દુર્યોધનનો પરમ મિત્ર.'

ભીમે કર્ણ અને અર્જુનના યુદ્ધની કથા કહી બતાવીને કહ્યું:

'સ્વયંવરમાં દુર્યોધન સાથે એ સૂતપુત્ર પણ આવેલો. પરંતુ એને નિરાશ થવું પડ્યું. એ મહાપરાક્રમી હોવાથી કદાચ લક્ષ્યવેધ કરી નાખત પણ દ્રૌપદીએ સાફ શબ્દોમાં સંભળાવી દીધું કે હું તો કુલીનને જ વરવા માગું છું એટલે એ લક્ષ્યવેધ કરશે તોપણ એને નહિ વરું. સૂતપુત્રને રોષ તો ચઢ્યો, એણે પૂછ્યું પણ ખરું કે સૂતપુત્ર થવું એ શું અપરાધ છે, પરંતુ એનું કાંઈયે ના ચાલ્યું ને લક્ષ્યવેધ કર્યા વિના જ એને અપમાનિત કે ઉપહાસપાત્ર થઈને નીચે બેસી જવું પડ્યું. દ્રૌપદી તથા ધૃષ્ટદ્યુમ્ને જો રોક્યો ના હોત તો એ સૂતપુત્ર જરૂર સફળ થઈ જાત. મને તો એવું જ લાગેલું. પરંતુ....'

'પરંતુ એક સૂતપુત્રને હું વરું જ કેવી રીતે ?' દ્રૌપદી વચ્ચે જ બોલી ઊઠી: 'આજીવન કુંવારી રહેવું પડે તો ભલે રહું કિન્તુ એવા સૂતપુત્રને તો કદાપિ ના વરું.'

કુંતી બોલી:

'હવે તો એ પ્રશ્ન જ નથી. હવે તો બધું પતી ગયું છે ને ખૂબ જ સંતોષકારક ને સારી રીતે પતી ગયું છે. સ્વયંવરમાં સફળતા મેળવીને બીજા બધાની પેઠે એના મનમાં પણ દ્રૌપદીને મેળવવાનો મનોરથ હશે અને હોય એ સ્વાભાવિક છે, છતાં પણ દ્રૌપદી કાંઈ સૌને મળી શકે ? એ તો જેનું ભાગ્ય હોય તેને જ મળે.'

ભીમ બોલ્યો:

'એવા અધમ સૂતપુત્રને જો ભૂલેચૂકે પણ દ્રૌપદી જેવું સ્ત્રીરત્ન મળી જાય તો એનું અભિમાન અનેકગણું વધી જાય.'

કુંતીનું કાળજું 'અધમ સૂતપુત્ર' શબ્દપ્રયોગ સાંભળીને કપાઈ ગયું. એની ઉપર કઠોર મરણતોલ ઘા થયો. તોપણ એણે પોતાની જાતને સંભાળી લઈને કહેવા માંડ્યું:

'કર્ણ દુર્યોધન જેવો અધમ અથવા દુર્બુદ્ધિ નથી જ. એની અંદર કેટલાક સારા ગુણો પણ છે. એની મુખાકૃતિ કોઈક રાજપુત્ર જેવી સ્વમાની ને તેજસ્વી છે.'

'ત્યારે તો તને એના પ્રત્યે પ્રેમ લાગે છે !'

'પ્રેમની વાત નથી પરંતુ દ્વેષ પણ નથી. એને દુર્યોધનની મિત્રતા ના મળી હોત તો એ વધારે સારો થઈ શક્યો હોત.'

'તારું કહેવું તદ્દન સાચું છે.' અર્જુન બોલી ઊઠ્યો: 'એનામાં કેટલુંક સારું પણ છે. એણે મારી સાથે લડયા પછી મારી અસાધારણ શક્તિને જોઈને બીજા રાજાઓ તથા રાજપુત્રોને શાંતિપૂર્વક સમજાવીને પાછા વાળી દીધા. એનું એ સુલક્ષણ કાંઈ ઓછું ઉત્તમ ના કહેવાય. એણે મારી ઉપર ઘણી સારી છાપ પાડી.'

'તોપણ કોણ જાણે કેમ, મને તો એ જરાય નથી ગમતો.'

'નથી ગમતો તો તારે અત્યારે એની સાથે ક્યાં કશો વ્યવહાર કરવો છે ? તું તારે રસ્તે છે અને એ એને.' ભીમના શબ્દો સાંભળીને યુધિષ્ઠિર તરત બોલી ઊઠ્યા.

'અરે વ્યવહાર કરવાનો હોય તોપણ શું ? હું ક્યાં કોઈનાથી ડરું એવો છું ?'

એ વાત ત્યાં જ અટકી ગઈ. કારણ કે એટલામાં તો પાંડવો તથા પોતાની ફોઈ કુંતીને મળવા માટે કૃષ્ણ ને બળદેવ આવી પહોંચ્યા.

સૌએ એમનો સત્કાર કર્યો.

કુંતીને પગે લાગીને એક સુંદર આસન પર બેસીને કૃષ્ણે કહ્યું:

'દ્રૌપદી જેવું સ્ત્રીરત્ન પ્રાપ્ત કરીને કોઈ પણ સુખી થઈ શકે તેમ છે. તમારું મોટું ભાગ્ય છે કે દ્રૌપદી તમારી પુત્રવધૂ બની.'

કુંતીની આંખમાંથી અશ્રુપ્રવાહ ચાલવા માંડ્યો.

અશ્રુને લૂછીને એણે કહ્યું:

'એ બધો તમારા જેવા સત્પુરુષોના શુભાશીવાર્દનો જ પ્રભાવ છે. ભાગ્ય મારા પુત્રોને દુઃખી કરવા માગે છે પરંતુ એમની આગળ એક અથવા બીજી રીતે સુખ આવીને ઊભું રહે છે. અમે તો અહીં ગુપ્ત રીતે રહીએ છીએ છતાં તમે અમને શોધી કાઢ્યાં ખરા ?'

કૃષ્ણે કહ્યું:

'તમે ગુપ્ત રહેવા માગો તોપણ મારાથી ગુપ્ત કેવી રીતે રહી શકો ? તમને સૌને આવા ઉત્તમ અવસર પર મળીને મને આનંદ થયો. પાંડુના પુત્રોને મેં આજે લાંબે વખતે જોયા. છતાં પણ સ્વયંવરમંડપમાં ભીમ અને અર્જુને કરેલો મત્સ્યવેધ તો ખરેખર અદ્દભુત હતો. એના સિવાય એ બીજા કોઈનાથી નહોતો કરી શકાય તેમ. દુર્યોધને તમને દુઃખ આપવાનો પ્રયાસ કર્યો પરંતુ તમને એ મારી ના શક્યો ને સુખ મળ્યું.'

કૃષ્ણે અને બળદેવે દ્રોપદીને આશીર્વાદ આપ્યા.

કૃષ્ણે દ્રૌપદીને કહ્યું:

'તારા પતિ પાંડુપુત્ર અર્જુન કોઈ સામાન્ય મનુષ્ય નથી એ તો તેં પણ જોઈ લીધું. એની સેવા કરીને તું સંપૂર્ણ સુખી થા એવો મારો આશીર્વાદ છે. આ બધા ભાઈઓને કેટલાંક કારણોથી ગુપ્ત રહેવું પડે છે છતાં પણ તને મેં અર્જુનની ઓળખાણ એટલા માટે આપી દીધી કે એને મેળવીને તને ગૌરવાનુભવ થાય.'

દ્રૌપદીની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એણે મધથી પણ મીઠા, ઉલ્લાસયુક્ત સ્વરે જણાવ્યું:

'મેં અર્જુનને જ વરવાની અભિલાષા રાખેલી. મારી એ અભિલાષા પૂર્ણ થઈ છે એ જાણીને મને ઊંડા આનંદનો અનુભવ થઈ રહ્યો છે. મારું ભાગ્ય મને બધી રીતે અનુકૂળ બન્યું એથી અધિક કૃતાર્થતા બીજી કયી હોઈ શકે ? તમને જોઈને ને મળીને પણ મને એક પ્રકારનો અવર્ણનીય આનંદ થાય છે અને કોણ જાણે કેમ મારા અંતરમાં તમારે માટે એક પ્રકારનો ઊંડો પૂજ્યભાવ પેદા થઈ રહ્યો છે.'

કૃષ્ણ કશું ના બોલ્યા.

થોડોક વખત શાંત રહ્યા પછી એમણે કુંતીને પૂછ્યું:

'તમને સૌને ઘણું દુઃખ પડ્યું, નહિ ?'

કુંતી બોલી:

'સમસ્ત સંસાર અને એ સંસારનું જીવન છે જ સુખદુઃખના સંમિશ્રણરૂપ, એટલે એમાં સુખની પેઠે દુઃખ

પણ આવ્યા કરે એ તદ્દન સ્વાભાવિક છે. હું જન્મી છું જ કોઈ એવા નક્ષત્રમાં કે મારા જીવનમાં પ્રતિકૂળતા, પીડા, ચિંતા કે દુઃખ આવ્યા જ કરે છે. એ બીજા કોઈથી લઈ શકાય એવું થોડું છે ? એ તો ભોગવ્યે જ છૂટકો છે. છતાં પણ પ્રાતઃસ્મરણીય સંતોના અનુગ્રહથી મને એવી દૃષ્ટિ, વૃત્તિ અને સમજશક્તિ મળી છે કે પ્રત્યેક પ્રકારની પ્રતિકૂળ પરિસ્થિતિમાં પણ હું સુખ ને શાંતિ અનુભવ કરી શકું છું.'

થોડોક વખત શાંત રહીને એ બોલી:

'જીવનમાં જે થોડુંઘણું આવવાનું હોય તે આવે પરંતુ એથી અમે નાસીપાસ ના થઈએ, જીવનની શ્રદ્ધાને ના ખોઈએ, ધર્મ તથા ન્યાય, નીતિ અથવા સત્યના માર્ગને ના મૂકીએ, અને તમારાં દર્શન તેમ જ સમાગમના સુખથી વંચિત ના રહીએ, એ જ ઈચ્છીએ છીએ.'

કૃષ્ણે એમને સૌને આશ્વાસન આપ્યું ને કહ્યું:

'દ્રૌપદીના આગમન સાથે તમારા જીવનમાં હવે નવા અધ્યાયનો આરંભ થશે ને તમને સુખ તથા શાંતિ મળશે. દુર્યોધનનો દુર્ભાવ તમારું વધારે નહિ બગાડી શકે.'

'દુર્યોધન, દુઃશાસન, શકુનિ અને પેલા સૂતપુત્ર કર્ણની ટોળી છે.' ભીમ બોલી ઊઠ્યો.

'એમની ટોળી ભલેને હોય. તમારા પાંચે ભાઈઓના સંપ અને સંયુક્ત બળ આગળ એમનું કશું નહિ ચાલે અને આખરે વિજય તમારો જ થશે. જરા પણ ઉત્તેજિત થયા વગર ધીરજ, હિંમત ને તિતિક્ષાપૂર્વક કામ લેતા રહેજો.'

એટલામાં તો ધૃષ્ટદ્યુમ્ન રથ લઈને પાંડવોને બોલાવવા માટે આવી પહોંચ્યો.

કુંતી તથા પાંડવો રાજપ્રાસાદમાં જવા માટે તૈયાર થયાં.

કૃષ્ણ તથા બળદેવ પણ દ્રૌપદી, ધૃષ્ટદ્યુમ્ન, કુંતી તેમ જ પાંડવોના પ્રેમાગ્રહને માન આપીને સાથે જવા ચાલી નીકળ્યા.

રાજા દ્રુપદને જ્યારે દ્રૌપદી તથા કૃષ્ણ દ્વારા પાંડવોનો સાચો પરિચય થયો ત્યારે તો એનું અંતર ઊછળવા લાગ્યું.

એણે દ્રૌપદીને કહ્યું પણ ખરું:

'તારી ભાવના પૂરી થઈ એનો સૌથી અધિક આનંદ મને થઈ રહ્યો છે. પરંતુ પાંડવો માતા કુંતી સાથે રાજ્યશ્રીથી રહિત અને અસહાય બનીને ગુપ્ત રીતે વિચરણ કરે છે તે જોઈને મને ભારે દુઃખ થઈ રહ્યું છે. એમની સઘળી પૂર્વકથા સાંભળીને મારાથી બની શકતી બધી જ મદદ કરવા હંમેશા તૈયાર રહીશ. એમની સાથેનો આપણો આ આકસ્મિક અને અભિનવ સ્નેહસંબંધ સહેતુક થયો હોય એવું મને લાગ્યા વિના નથી રહેતું.'

દ્રૌપદીનું હૃદય ઘણું ભાવવિભોર બની ગયું હોવાથી એ કશું ના બોલી. ના બોલી શકી.

કુંતીને માટે એ આખીયે રાત ખૂબ જ સંવેદનમય સાબિત થઈ. એ આખી રાત એ ઊંઘી ના શકી.

એણે આંખ મીંચવાનો ઘણો પ્રયાસ કર્યો કિન્તુ એ પ્રયાસ વ્યર્થ ગયો.

અર્જુનને સ્વયંવરમાં સફળતા સાંપડી ને દ્રૌપદી મળી એ આનંદ કાંઈ જેવો તેવો ન હતો. એથી એનું અંગેઅંગ આનંદી ને નાચી ઊઠતું, પરંતુ કર્ણની સ્મૃતિ એને સતાવ્યા કરતી.

ભીમના 'સૂતપુત્ર કર્ણ'ના કઠોર શબ્દપ્રયોગ એને હથોડાના ઘાની પેઠે વાગ્યા કરતા.

કર્ણ સૂતપુત્ર નથી એ જાણવા છતાં ના કહી શકવાનું દુઃખ કાંઈ જેવું તેવું મર્મભેદક ન હતું. એ દુઃખ શું જીવનભર રહેવા સરજાયલું છે ? એના શમનનો કોઈ ઉપાય જ નથી ? હશે, પણ અત્યારે તો નથી દેખાતો.

અર્જુન પર અપાર પ્રેમ હોવા છતાં એને થયું કે પોતાને લીધે કર્ણને કેટલુંય સોસાવું પડ્યું છે ને હજુ પણ કોણ જાણે કેટલુંય સોસાવું પડશે. એ પરાક્રમી હોવા છતાં દ્રૌપદીને પ્રાપ્ત ના કરી શક્યો ને વધુમાં સ્વયંવરમંડપમાં સૌની વચ્ચે અપમાનિત થયો એ પોતાના અપરાધને લીધે જ. એને એનું કેટલું બધું દુઃખ હશે ? અને દ્રૌપદીને મળવાથી કેટલું બધું સુખ થાત ?'

કુંતીનું હૃદય એવા એવા વિચારે રાતભર રડતું જ રહ્યું.

* * *

## ૨૯. ધૃતરાષ્ટ્રની સૂચના

બ્રાહ્મમુહૂર્તમાં કુંતીની આંખ મહામહેનતને મીંચાઈ ગઈ ત્યારે એની આગળ કવચકુંડળધારી કર્ણ આવીને ઊભો રહ્યો.

એને જોઈને એ બોલી ઊઠી:

'આવ ભાઈ કર્ણ, આવ! તું મારો જ પુત્ર છે.'

'હું તારો પુત્ર છું કે સૂતનો ?'

'સૂતનો નથી, મારો છે.'

'દુનિયા ભલેને કહે, તું મારો છે એ મારું હૃદય જાણે છે, મારી પરિચારિકા જાણતી, ને ઈશ્વર જાણે છે. તું પણ હવે જાણી લે.'

'તો પછી તેં મને પહેલાં કેમ ના કહ્યું ? હું દ્રુપદે યોજેલા વિશાળ સ્વયંવરમાં અર્જુનને ના ફાવવા દેત અને દ્રૌપદીને એની પહેલાં જ પામી લેત.'

'અર્જુન પણ તારો ભાઈ જ છે ને ?'

'એટલે જ તને એની ઉપર વધારે પડતી મમતા લાગે છે. એવી મમતા જો મારા પર હોત તો તેં મારા ને તારા સાચા સંબંધને ના છુપાવ્યો હોત.'

કુંતીએ જરા બેચેન બનીને કહ્યું:

'હું શું કરું ? તું કદાચ નહિ માને પણ પરિસ્થિતિને વશ થઈને મારે એ છુપાવવો પડ્યો છે.'

'તું એને ક્યાં સુધી છુપાવ્યા કરીશ ?' કર્ણે પૂછી નાખ્યું : 'મારું અહિત થશે તોપણ....'

'ના. હું તારું અહિત નહિ થવા દઉં. એટલી હદે એને નહિ છુપાવું.'

'આથી અધિક અહિત બીજું કયું કહેવાય ? મારા જીવનમાં મને ઉપરાઉપરી ફટકા પડતા જ જાય છે તોપણ તું નથી સમજતી. પછી કાલે ઊઠીને મારું કાંઈક અમંગલ થાય તો મને દોષ ના દેતી.'

કુંતી રડવા લાગી ત્યાં તો એની આંખ ઊઘડી ગઈ.

લાંબા વખત લગી એ એજ સ્વપ્નવિચારમાં પડી રહી.

એનું અંતર એકદમ ઉદાસીન બની ગયું.

એ જ દિવસે મહર્ષિ વ્યાસ આવી પહોંચ્યા અને એમણે અર્જુનને અભૂતપૂર્વ કર્મ કરવા બદલ અભિનંદન આપ્યાં.

રાજા દ્રુપદે શુભ દિવસ જોઈને દ્રૌપદીનો અર્જુન સાથેનો વિધિપૂર્વક વિવાહ નક્કી કર્યો.

પાંડવોએ ધૌમ્ય મુનિની મદદથી એ મંગલ પ્રસંગ ભારે પ્રસન્નતાપૂર્વક પૂરો કર્યો.

અર્જુન સાથે દ્રૌપદીનું લગ્ન પૂરું થયું એટલે કુંતીએ દ્રૌપદીને અંતરના આશીર્વાદ આપતાં કહ્યું:

'તારું સૌભાગ્ય અમર રહે એવું ઈચ્છું છું. અર્જુનની સાથેનો તારો પ્રેમ દિનપ્રતિદિન વધતો જાય અને એ પણ તારા પર એવો જ અખંડ અવિચળ પ્રેમ રાખે એમ ઈચ્છું છું. ઈન્દ્રાણીએ ઈન્દ્ર પ્રત્યે, રોહિણીએ ચંદ્રમા સાથે, અરુંધતીએ વસિષ્ઠ પ્રત્યે, લક્ષ્મીએ નારાયણ સાથે ને દમયંતીએ નળ પ્રત્યે જેવી રીતે પવિત્ર પ્રેમ

રાખેલો તેવી રીતે અર્જુન પ્રત્યે એકધારો પ્રેમ રાખીને તું પણ એની ને બીજા બધાની સેવા કરતી રહેજે.'

રાજા દ્રુપદે દ્રૌપદીને અસંખ્ય બહુમૂલ્ય રત્નો, સુવર્ણ તથા ધન પ્રદાન કર્યું. એ ઉપરાંત ઉત્તમ ઘોડાવાળા સો રથ, સો હાથી અને સુંદર વસ્ત્રભૂષણોવાળી સો દાસીઓ અર્પણ કરી.

કૃષ્ણે પણ અર્જુનને મણિમંડિત સ્વર્ણાલંકાર, સુંદર મૂલ્યવાન વસ્ત્રો, શાલ, ઘોડાવાળા સો રથ, સો હાથી તથા રથ, સુવર્ણમુદ્રાઓ અને સુવર્ણની ભેટ આપી.

અર્જુને કૃષ્ણના સંતોષ માટે એ ભેટનો સ્વીકાર કર્યો.

મહર્ષિ વ્યાસે અને કૃષ્ણે અર્જુન અને દ્રૌપદીને આશીર્વાદ આપ્યા.

*

સત્ય કાંઈ કાયમને માટે અજ્ઞાન અથવા ગુપ્ત રહી શકે છે ? એને ગુપ્ત રાખવામાં આવે કે ગુપ્ત ગુપ્ત રાખવાનો પ્રયાસ કરવામાં આવે તોપણ એક દિવસ તો એ પ્રકટ થાય છે જ. એનું એ પ્રકટીકરણ કેટલીકવાર અત્યંત આશ્ચર્યકારક હોય છે.

પાંડવો પોતાની જાતને ગુપ્ત રાખવા માગતા હતા છતાં એમના સંબંધમાં પણ એવું જ બન્યું.

દ્રુપદની સાથે બીજા રાજાઓ અને રાજપુત્રોને પણ ખબર પડી ગઈ કે સ્વયંવરમાં મત્સ્યવેધ કરીને દ્રૌપદીને પ્રાપ્ત કરનાર પ્રતાપી વીર પુરુષ અર્જુન જ હતો.

એ જાણીને રાજાઓ અને રાજપુત્રો તથા બીજા પ્રજાજનો આશ્ચર્યચકિત થયા અને આનંદ પામ્યા પરંતુ દુર્યોધનના દ્વેષભાવ તેમ જ દુઃખનો પાર ના રહ્યો.

એનું મોં એકદમ ફીકું પડી ગયું અને એની પીડા વધી ગઈ.

એણે દુઃશાસનને કહ્યું:

'આપણે તો સમજી બેઠેલા કે પાંડવો વારણાવતમાં લાક્ષાગૃહમાં બળી મર્યા છે. એથી મને નિરાંત હતી ને સારી પેઠે ઊંઘ આવતી. પરંતુ એમના જીવંત હોવાના ચોક્કસ સમાચાર સાંપડ્યા પછી મારું અંતર એકદમ અશાંત બની ગયું છે. આજથી મારી ઊંઘ ઊડી ગઈ એમ જ સમજી લે. જગતમાં જ્યાં સુધી પાંડવો જેવો પ્રતાપી શત્રુઓ જીવતા હોય ત્યાં સુધી મને ઊંઘ આવે જ કેવી રીતે ?'

'બરાબર છે.' દુઃશાસને કહ્યું: 'તારી ચિંતા સમજી શકું છું. એ ચિંતા જરા પણ અસ્થાને નથી. મને પણ અત્યાર સુધી શાંતિ હતી પરંતુ હવે એ શાંતિનો અંત આવ્યો. હવે મને ખાતરી થઈ કે પ્રયત્ન નહિ પણ ભાગ્ય જ પ્રબળ છે. ભાગ્ય પાંડવોના પક્ષમાં હોવાથી આપણા અનેક પ્રયત્નો છતાં પણ એ બચી ગયા ને સુખી થયા. અર્જુનને દ્રૌપદી જેવી સુંદર સ્ત્રી પણ મળી.'

દુર્યોધન માથે હાથ મૂકીને બેસી રહ્યો ને બોલ્યો:

'એ હકીકત પણ કાંઈ ઓછી વ્યાથાજનક નથી લાગતી. તોપણ હવે શું થાય ? પહેલેથી ખબર હોત તો અર્જુનને કેદ કરત અને દ્રૌપદીનું હરણ કરત. પાંડવો જીવતા રહ્યા છે એ જાણીને મારી પીડાનો પાર નથી રહ્યો.'

'પીડા તો મને પણ થાય છે. છતાં પણ એની શાંતિ માટેનો કોઈક રસ્તો તો શોધવો જ રહેશે.'

'મને તો કશું સૂઝતું જ નથી એટલે એને માટેનો કોઈ રસ્તો જ નથી દેખાતો. એ સંબંધમાં કદાચ

કોઈક ચોક્કસ માર્ગદર્શન આપી શકે તો ભલે.'

એટલામાં તો કર્ણ આવી પહોંચ્યો.

દુર્યોધન તથા દુઃશાસનની સમગ્ર વાત સાંભળીને એણે કહ્યું:

'પાંડવો જીવતા છે એવી માહિતી તો મને પણ મળી છે. રાજા દ્રુપદના યોજેલા સ્વયંવરમાં લક્ષ્યવેધ કરીને દ્રૌપદીને મેળવ્યા પછી અર્જુને મારી સાથે જે ભીષણ ચતુરતાયુક્ત યુદ્ધ કરેલું એ એના વિના બીજું કોઈયે ના કરી શકે. એ વખતે જ મારા મનમાં શંકા થયેલી. એવા અસાધારણ પરાક્રમીને દ્રૌપદી વરી અને મને સૂતપુત્ર જાણીને ના વરી એથી મને દુઃખ થયેલું, છતાં હવે તેને ખંખેરી કાઢ્યું છે. દ્રૌપદીના સંસ્કાર અર્જુન સાથે જ સંકળાયલા હશે એટલે એ એને જ મળી ગઈ. એનું દુઃખ લગાડવાથી હવે શું વળે ?'

'કેમ ? આપણે એનો બદલો ના લઈ શકીએ ?'

'બદલો લેવાની વૃત્તિથી તો તેં એમને વારણાવત મોકલેલા છતાં પણ બદલો ક્યાં લેવાયો ? બદલાની એ વૃત્તિ જ તને દુઃખી કરે છે ને ચિંતાથી ભરે છે માટે એનો ત્યાગ કરવો જ બરાબર છે.'

'એટલે શું હું પાંડવો પ્રત્યે પ્રેમ રાખું ?'

'પ્રેમ રાખે તો કશું ખોટું નથી. એથી કશું નુકશાન નહિ થાય. છતાં પણ પ્રેમ ના જ રાખી શકે તો દ્વેષ તો ના જ રાખે એ વધારે સારું છે. દ્વેષનો અગ્નિ તને નિરંતર જલાવ્યા કરશે અને ઘોર અશાંતિ ધરશે.'

'એ જાણું છું તોપણ એમની પ્રત્યેના દ્વેષનો ત્યાગ નહિ કરી શકું. દ્વેષ મારે માટે સહજ છે. સ્વાભાવિક છે. એના વિના રહેવાની કલ્પના પણ મારાથી નથી થઈ શકતી.'

'તારી પરિસ્થિતિ સમજી શકું છું.' કર્ણે શાંતિથી કહેવા માંડ્યું: 'પરંતુ પરિસ્થિતિનો સમગ્રપણે વિચાર કર. પાંડવો જીવતા છે એ વાતની ખબર બધાને પડી ગઈ છે. એ પરમ પરાક્રમી છે અને એમને રાજા દ્રુપદનું પીઠબળ પ્રાપ્ત થયું છે એટલે એમની સાથે દ્વેષભાવ રાખવાને બદલે પ્રેમભાવ રાખવામાં લાભ છે. એમનો શક્તિપૂર્વક સામનો કરવાનું અથવા એમને દબાવવાનું પરિણામ સારું નહિ આવે. એ તારે માટે, અને આખાય હસ્તિનાપુરને માટે જોખમકારક થઈ પડશે. મારું કથન તને કડવું લાગશે છતાં સાચું છે અને તારા હિતની ભાવનાથી પ્રેરાયલું છે.'

'તો પછી મારે શું કરવું ? કોઈ પણ હિસાબે પાંડવોને મારાથી સુખી અને સમૃદ્ધ તો નહિ જ જોઈ શકાય.'

'ભાગ્ય એમને સુખી ને સમૃદ્ધ બનાવવા માગે છે તો તેની ચિંતા તું શા માટે કરે છે ? તારે તો ફક્ત જોવાનું જ છે.'

'છતાં પણ એ મારાથી એ નથી જોઈ શકાતું.'

'ના જોઈ શકાતું હોય તો એમનાથી તું વધારે સમૃદ્ધ અને શક્તિશાળી થા એ જ માર્ગ છે.'

'એ માર્ગ તો મને નથી પસંદ પડતો.'

'તો પછી એક બીજો માર્ગ છે.' દુઃશાસન વચ્ચે જ બોલી ઊઠ્યો: 'પાંડવોને ઉપર ઉપરનો કૃત્રિમ પ્રેમભાવ બતાવીને હસ્તિનાપુરમાં બોલાવી લે અને પછી કોઈક અનુકૂળ અવસર જોઈને એમનું અમંગલ કરવાની યોજના કર. એ યોજનામાં હું પણ સહયોગ પ્રદાન કરીશ અને કર્ણ પણ સહયોગ પ્રદાન કરશે.'

'કોઈ પણ અન્યાય અથવા અધર્મયુક્ત કામમાં મારાથી સહેજ પણ સહયોગ નહિ કરી શકાય.' કર્ણ તરત જ બોલી ઊઠ્યો: 'છતાં હું તમારો મિત્ર છું એટલે તમને અવારનવાર સલાહ આપીશ ને તમારી શાંતિ માટે કોશિશ કરીશ એટલું તો ચોક્કસ છે.'

દુર્યોધનને દુઃશાસનનો વિચાર પસંદ પડ્યો. એણે કહ્યું:

'તારી તથા કર્ણની સૂચના મને સારી લાગે છે. પાંડવોની સાથે વધારે બગાડવા કરતાં એમને અહીં જ બોલાવી લઉં. પછી જોઈ લેવાશે. બળવાન સાથે કેટલીકવાર સ્વાર્થ માટે મિત્રતા પણ કરવી પડે છે. એવી ઉપલક મિત્રતા આપણા હિતમાં હોય તો તે કરતાં પાછા પડવું કે અચકાવું ન જોઈએ.'

દ્રુપદનગરના સઘળા સમાચાર સાંભળીને વિદુરને ખરેખર ખૂબ જ આનંદ થયો.

એમણે ધૃતરાષ્ટ્રને એ બધી માહિતી પૂરી પાડી એટલે ધૃતરાષ્ટ્રે કહ્યું:

'હું તો પાંડવોને મરેલા માનતો'તો. દુર્યોધને તો મારી સૂચનાનુસાર એમની મરણોત્તર ક્રિયા પણ કરી નાખી છે.'

'છતાં પણ એ જીવતા છે.'

'એ અતિશય આશ્ચર્યજનક છે. અને એ રાજા દ્રુપદને ત્યાં છે અને અર્જુને સ્વયંવરમાં મત્સ્યવેધ કરીને દ્રૌપદીને પ્રાપ્ત કરી છે એ તો એથીય અધિક આશ્ચર્યજનક.'

'અર્જુનને દ્રૌપદી મળી અને દુર્યોધનને ના મળી એ તમને ગમ્યું ?'

ધૃતરાષ્ટ્રે કાંઈક ઉદાસીનતાપૂર્વક કહ્યું:

'શા માટે ના ગમે ? સ્વયંવરમાં દુર્યોધનને સફળતા સાંપડી હોત તો મને વધારે આનંદ થાત એ સાચું છે, છતાં પણ અર્જુનની સફળતાનું પણ કશું દુઃખ તો નથી જ, અને ના હોય એ સહેજે સમજી શકાય તેવું છે. પાંડવો પિતા વિનાના છે એટલે વિશેષ સહાનુભૂતિને પાત્ર છે. એમની સુખ-શાંતિ ને સમૃદ્ધિ વધારે ઈચ્છવાયોગ્ય છે. એમનો અભ્યુદય ખરેખર આનંદદાયક છે. એ અભ્યુદય મારા પોતાના પુત્રોનો છે એવું લાગ્યા વિના નથી રહેતું. રાજા દ્રુપદના સહકારથી એમની ઉત્તરોત્તર વધારે ને વધારે ઉન્નતિ થયા કરશે.'

વિદુરે કહ્યું:

'તમારી દૃષ્ટિ જીવનભર આવી જ ઉદાર અથવા વિશાળ રહે એવું ઈચ્છું છું. એથી પાંડવોને તો લાભ થશે જ પરંતુ સાથે સાથે તમારા પુત્રો પણ એમની સાથે શાંતિથી રહી શકશે. એ જોઈને હસ્તિનાપુરની પ્રજા પણ સુખી થશે.'

વિદુરના ગયા પછી દુર્યોધન તથા દુઃશાસન ધૃતરાષ્ટ્ર પાસે આવી પહોંચ્યા.

દુર્યોધન બોલ્યો:

'તમે વિદુર સાથે કરેલી વાતચીત મને વિદુરની મારફત જાણવા મળી છે. પાંડવોના અભ્યુદયથી તમે આનંદ પામ્યા છો એ જાણીને મને ખૂબ જ આશ્ચર્ય થાય છે. એમના અભ્યુદયના સમાચાર સાંભળીને મારી તો ઊંઘ જ ઊડી ગઈ છે ત્યારે એને તમે અમારો અભ્યુદય માનો છો એ ભારે દુઃખદ છે.'

ધૃતરાષ્ટ્રે ધીમા સ્વરે જણાવ્યું:

'દુર્યોધન ! પાંડવોનો અભ્યુદય તો મને પણ નથી ગમતો. એ તારા કરતાં વધારે સુખી ને સમૃદ્ધ

બને એ મને કોઈયે સંજોગોમાં પસંદ ના જ પડે. છતાં પણ વિદુરને એમના પ્રત્યે પ્રેમ તથા પક્ષપાત હોવાથી એની આગળ મારા હૃદયના સાચા ભાવોને છુપાવી રાખીને મારે કુત્રિમ વાત કરવી પડે છે. બાકી પાંડુના પુત્રો ને હું મારા પુત્રો કેવી રીતે માની શકું ? અને એમની ઉન્નતિને તારી ઉન્નતિ બરાબર શી રીતે સમજી શકું ? પાંડવો પાંડવો છે ને કૌરવો કૌરવો. દ્રૌપદી અર્જુનને મળી એના કરતાં તને મળી હોત તો મારું જીવન ઉત્સવમય ને ધન્ય બની જાત. પરંતુ હવે શું થાય ? દિલનું દુઃખ દિલમાં રાખીને બહારથી હસતા રહેવાનો પ્રયાસ કરવામાં ને મીઠું બોલવામાં જ મજા છે.'

'મને તો મીઠું બોલતાં કે હસતા રહેવાનો પ્રયાસ કરતાં નથી આવડતું. એવા પ્રયાસમાં હું માનતો પણ નથી.'

'તો પછી શેમાં માને છે ?'

'મારું ચાલે તો એમની વચ્ચે ભેદભાવ પેદા કરીને એમની સાથે લડીને એમનો નાશ કરી નાખું. પણ કર્ણ એને માટે ના પાડે છે.'

'કર્ણની વાત સાચી છે. એમની અંદર કટુતા કે ભેદભાવ પેદા કરવાનું ને સીધા યુદ્ધમાં એમના પર વિજય મેળવવાનું તારે માટે તદ્દન અશક્ય છે. કર્ણ વધારે વિવેકી ને બુદ્ધિશાળી હોવાથી તારા હિતની વાત કહી રહ્યો છે.'

'એટલે જ મેં વિચાર કર્યો છે કે પાંડવોને સૌથી પહેલાં અહીં બોલાવી લેવા, અને પછી ઉપાય દ્વારા એમના નાશનો પ્રયાસ કરવો.'

'તારો વિચાર ઘણો સારો છે. મને પણ થાય છે કે પાંડવોને અહીં બોલાવી લેવામાં જ મંગલ છે. પછી શું કરવું એ આગળ પર જોઈ લેવાશે. એ વિષયમાં ભીષ્મ, દ્રોણાચાર્ય, કૃપાચાર્ય તથા વિદુરની સાથે પરામર્શ કરીને કોઈ સર્વસંમત સુંદર યોજના ઘડી કાઢીશું. એ યોજના ગમે તેવા હેતુવાળી હશે તોપણ મારી સહાનુભૂતિ, શુભેચ્છા, મમતા અને મારો સ્નેહ તો તારી સાથે જ રહેશે એની ખાતરી રાખજે.'

દુર્યોધનને શાંતિ થઈ.

ધૃતરાષ્ટ્રે એ જ દિવસે ભીષ્મને બોલાવીને એમની સલાહ માગી તો ભીષ્મે જણાવ્યું:

'પાંડવો સાથે ભેદભાવ તથા વેર રાખવાની નીતિ મને જરા પણ પસંદ નથી પડતી. એ નીતિ અન્યાયયુક્ત હોવાથી એની સાથે મારાથી સ્વપ્ને પણ સહમત નહિ થઈ શકાય. ના. હું ન્યાય, નીતિ તથા સત્યના માર્ગે ચાલવામાં માનું છું. કૌરવો ને પાંડવો બંને મારે મન સરખા છે. હું પૂછું છું કે આ પરંપરાગત પ્રાપ્ત થયેલા રાજ્ય પર શું એકલા દુર્યોધનનો જ અધિકાર છે અને પાંડવોનો નથી ?'

'પાંડવોનો પણ અધિકાર છે.' ધૃતરાષ્ટ્રે કહ્યું: 'એ અધિકારનો ઈન્કાર કેવી રીતે કરી શકાય ?'

'બસ ત્યારે. દુર્યોધન એમના પ્રત્યે જે દુર્ભાવ રાખે છે એ દુર્ભાવ એના, આપણા અને હસ્તિનાપુરના હિતમાં નથી. એને લીધે તો વધારે ને વધારે અશાંતિ જ થતી જશે. પાંડવો કુંતી સાથે જલી ગયા છે એવું જાણીને મને ખૂબ જ દુઃખ થયેલું, કિન્તુ હવે એ દુઃખ મટી ગયું છે. એમના જીવિત રહેવાથી તમારો અપયશ પણ દૂર થયો છે. જો તમને ધર્મ પ્રત્યે પ્રેમ હોય ને તમે ન્યાયનીતિમાં જરા પણ માનતા હો તો પાંડવોને પાછા બોલાવીને અડધું રાજ્ય આપી દો. એ સિવાય બીજો કોઈ રસ્તો નથી.'

પાછળથી આવી પહોંચેલા દ્રોણાચાર્યે પણ ભીષ્મની સલાહનું સમર્થન કરતાં કહ્યું:

‘મિત્રોનો ધર્મ ધર્મસંગત સાચી સલાહ આપવાનો છે. ભીષ્મનું કથન તદ્દન ન્યાયયુક્ત છે. હું એનું સંપૂર્ણ સમર્થન કરું છું. રાજા દ્રુપદને ત્યાં રહેતા પાંડવોની પાસે તમે કોઈ મધુભાષી વિવેકી મનુષ્યને મોકલી આપો. એ એમને સર્વ પ્રકારે શાંતિ આપે, દ્રૌપદીના અર્જુન સાથેના લગ્ન બાબત પ્રસન્નતા બતાવે, એમને મહામૂલ્યવાન ઉપહારો આપે, અને અહીં આવવાનું આમંત્રણ પણ આપી દે. એ આમંત્રણનો સ્વીકાર થતાં એમને સન્માનપૂર્વક અહીં લાવીને અડધું રાજ્ય આપવામાં આવે એ જ બરાબર છે.’

ભીષ્મ તથા દ્રોણની સલાહ ધૃતરાષ્ટ્ર, દુર્યોધન,દુઃશાસન તથા કર્ણને ના ગમી: ખાસ કરીને પાંડવોને અડધું રાજ્ય આપવાની. એમણે એનો વિરોધ પણ કર્યો.

છતાં એમણે પાંડવોને કુંતી સાથે હસ્તિનાપુરમાં પાછા બોલાવી લેવાની વાત માની લીધી.

ધૃતરાષ્ટ્રે પાંડવો પાસે વિદુરને મોકલવાનો નિર્ણય કર્યો ને જણાવ્યું:

‘વિદુર ! ભીષ્મ પિતામહ, આચાર્ય દ્રોણ અને તમારા અભિપ્રાય સાથે હું સંપૂર્ણપણે મળતો થાઉં છું. તમે જે સલાહ આપી છે તેમાં મારું અને લાગતાવળગતા સૌનું હિત રહેલું છે. પાંડવો મારા પુત્રો બરાબર છે. દુર્યોધન જેવા મારા બીજા પુત્રોની પેઠે રાજ્ય પર એમનો પણ અધિકાર છે. એમને પાછા બોલાવવાની, મળવાની ને બને તેટલા વધારે પ્રમાણમાં સુખી કરવાની મારી ઈચ્છા છે. માટે મેં તમને રાજા દ્રુપદને ત્યાં મોકલવાનો નિર્ણય કર્યો છે.’

‘રાજા દ્રુપદને ત્યાંથી તો સ્વયંવરમાં ભાગ લઈને દુર્યોધન, દુઃશાસન તથા કર્ણ થોડા વખત પહેલાં જ પાછા ફર્યા છે.’

‘તોપણ તમે ત્યાં જરૂર જાઓ. એ બધાનું ત્યાં જવાનું પ્રયોજન જુદું હતું ને તમારું પણ જુદું છે. તમારે રાજા દ્રુપદ પાસે જઈને એમની અનુમતિથી કુંતી, દ્રૌપદી તથા પાંડવોને અહીં સ્નેહ તેમ જ સન્માનપૂર્વક લઈ આવવાનાં છે. એ અહીં આવશે ત્યારે જ મને શાંતિ વળશે.’

વિદુરે દ્રુપદને ત્યાં જવાની તૈયારી બતાવી એટલે ધૃતરાષ્ટ્રે કહ્યું:

‘આ કાર્યને માટે તમારા કરતાં વધારે યોગ્ય બીજું કોઈ જ નથી. કુંતી તથા પાંડવોને તમારા પર પર્યાપ્ત પ્રેમ અને વિશ્વાસ હોવાથી એ તમારી સલાહને જરૂર સ્વીકારી લેશે. તમારું કાર્ય શુભ છે અને એમાં તમને સફળતા મળે એમ ઈચ્છું છું.’

વિદુરે શાંતિ રાખી.

ધૃતરાષ્ટ્રની સૂચના એમના અંતરને માટે અતિશય આનંદદાયક થઈ પડી.

* * *

## ૩૦. અવનવા અધ્યાયનો આરંભ

દ્રુપદનગરમાં બીજી બધી રીતે આનંદ અને શાંતિ હોવા છતાં પાંડવોનું મન જરાક ઊંચું રહેતું.

એમના અસંતોષની માત્રા કદી કદી વધી જતી.

એમને હસ્તિનાપુરની સ્મૃતિ અવારનવાર થઈ આવતી.

દ્રુપદના રાજપ્રાસાદના સુંદર, સુમનસુવાસિત, શાંત, વિશાળ ઉદ્યાનમાં એક સરસ વૃક્ષ નીચે બેસીને એ હસ્તિનાપુરને યાદ કરવા લાગ્યા.

યુધિષ્ઠિરે કહ્યું:

'હસ્તિનાપુરની સ્મૃતિ આટલી બધી બળવાન બનીને મનની અંદર શા માટે ઉત્પન્ન થયા કરે છે ? હસ્તિનાપુર આપણામાંથી કોઈની જન્મભૂમિ નથી. આપણી જન્મભૂમિ તો એકાંત આહ્લાદક અરણ્ય છે. છતાં પણ એનું સ્મરણ હમણાં હમણાંથી રોજ રોજ સતાવ્યા કરે છે.'

'મને પણ એનું સ્મરણ સહજ રીતે જ થયા કરે છે. દ્રોણાચાર્યની મારે માટેની મમતા તથા લાગણીનું સ્મરણ થતાં અંતર એક પ્રકારના અવર્ણનીય મીઠા સંવેદનથી ભરાઈ જાય છે. કોણ જાણે આવું શા માટે થાય છે ?'

અર્જુનના શબ્દો સાંભળીને ભીમ તરત જ બોલી ઊઠ્યો:

'એનું કારણ વળી બીજું કયું હોઈ શકે ? મને તો એનું કારણ એ જ લાગે છે કે ભાગ્ય આપણને હસ્તિનાપુર જવા પ્રેરિત કરી રહ્યું છે.'

'હસ્તિનાપુર જવા માટે ?'

'હા. આપણે હસ્તિનાપુર શા માટે ના જઈએ ? એના પર ધૃતરાષ્ટ્રના પુત્રોની પેઠે આપણો અધિકાર પણ છે જ. એ અધિકારથી દુર્યોધન આપણને વંચિત રાખવા માગે છે એટલે આપણે શું વંચિત રહેવું ? વારણાવતમાંથી સહીસલામત રીતે ઊગરીને આપણે કેટલાય દિવસોથી ગુપ્તરૂપે ફરીએ છીએ, પરંતુ મને લાગે છે કે હવે એ ગુપ્તતાનો અંત આણવો જોઈએ.'

સહદેવ અને નકુળ એના વિચાર સાથે સંમત થયા એટલે એ ઉત્સાહયુક્ત સ્વરે આગળ બોલ્યો:

'દ્રુપદને ત્યાં આપણે ક્યાં સુધી બેસી રહીશું ? હવે આપણે હિંમત તથા ગૌરવપૂર્વક હસ્તિનાપુરમાં પ્રવેશ કરીએ તો દુર્યોધન આપણને શું કરવાનો છે ? દુઃશાસન, સૂતપુત્ર કર્ણ અને એના બીજા બંધુઓ તેમ જ સાથીઓ સાથે એ આપણને હસ્તિનાપુરમાં પ્રવેશતા અટકાવશે કે આપણી સાથે યુદ્ધે ચઢશે તો આપણે એને પહોંચી વળીશું. શક્તિમાં આપણે એના અને એના સાથીઓ કરતાં સહેજ પણ ઊતરતા નથી. એ આપણો વિરોધ કરશે તો આપણે એને એવો પાઠ શીખવીશું કે એ જીવનભર યાદ કરશે. હું તો કહું છું કે આપણે આવતી કાલે જ હસ્તિનાપુર જવા માટે રવાના થઈએ.'

યુધિષ્ઠિરે કહ્યું:

'આવી બાબતમાં ઉતાવળ કરવી બરાબર નથી.'

'ડરપોક બનવાનો કે બેસી રહેવાનો પ્રશ્ન જ નથી છતાં પણ થોડીક વધારે ધીરજ રાખીએ. ધીરજના

ફળ હંમેશા મીઠાં હોય છે. મને પણ હસ્તિનાપુર એટલુંય પ્રિય છે પણ પરિસ્થિતિથી વિવશ બનીને બેસી રહ્યો છું.'

કુંતી તથા દ્રૌપદી પણ એ વખતે રમણીય રાજપ્રાસાદમાં બેસીને હસ્તિનાપુરની જ વાતો કરી રહેલાં.

દ્રૌપદીએ એ વાતના અનુસંધાનમાં કહ્યું:

'હસ્તિનાપુર સંબંધી સાંભળ્યું છે ત્યારથી જ મને ત્યાં જવાની આકાંક્ષા થઈ રહી છે. એ આકાંક્ષા કોણ જાણે ક્યારે પૂરી થશે ને પૂરી થશે કે નહિ થાય!'

કુંતી બોલી:

'તારી એ આકાંક્ષા અવશ્ય પૂરી થશે. હસ્તિનાપુરમાં જવાનો અવસર આવશે અને એને લીધે તને અભૂતપૂર્વ આનંદ થશે.'

'જોકે મારે મન તો અર્જુન અને તમે બધા જ્યાં હો ત્યાં હસ્તિનાપુર જ છે અને આનંદ જ છે, છતાં કોઈ કોઈવાર મને હસ્તિનાપુરના દર્શનની ઈચ્છા થઈ આવે છે. ખાસ કરીને તમારા ને પાંડવોના મુખથી એની પ્રશસ્તિ સાંભળું છું ત્યારે, બાકી તો મને અહીં પણ કોઈ પ્રકારની કમી નથી. તમે બધા જ્યાં રહેશો ત્યાં હું તમારી સાથે રહીશ ને સ્વર્ગસુખનો અનુભવ કરીશ.'

'તારી એવી ભાવના જોઈને મને ખરેખર આનંદ થાય છે ને તારે માટે પ્રેમ જાગે છે. એક દિવસ ભાગ્ય અનુકૂળ થતાં આપણે હસ્તિનાપુર જરૂર જઈશું. મને પણ ત્યાં જવાની ઈચ્છા તો છે જ.'

કુંતીને હસ્તિનાપુરની સાથે કર્ણની સ્મૃતિ થઈ આવી.

કવચકુંડળધારી કર્ણ એની આંખ આગળ રમવા લાગ્યો.

છેલ્લે છેલ્લે એને રંગમંડપમાં જોયેલો એને પણ કેટલો બધો લાંબો વખત વીતી ગયો.

હવે એને જોવાનો અવસર કોણ જાણે ક્યારે ને ક્યાં આવશે ? એ સુખી તો હશે ને ?

એ પોતાનો છે છતાં પોતાના સ્નેહ અને સમાગમથી વંચિત છે કે કેવી કરૂણતા છે ?

એ કરુણતા શું આજીવન રહેવા સરજાયલી છે ?

એ શું કદાપિ દૂર નહિ થાય ?

કર્ણને પોતે કદી પણ એની માતા તરીકે અને કર્ણ પોતાને પોતાના પુત્ર તરીકે નહિ મળી શકે ?

મળશે તો ક્યારે ને કેવી રીતે ?

એનો આધાર સંજોગો પર રહે છે એટલે અત્યારે એના વિશે ચોક્કસપૂર્ણ કશું જ ના કહી શકાય. કેવળ કલ્પના જ  કરી શકાય અને એ પણ નહિ જેવી.

અરેરે, પોતાની એક ભૂલને લીધે પોતાને કેવી લાચારીભરી, કરુણ, આર્ત અવસ્થામાં મુકાવું પડ્યું છે ?

એના અંતરમાં અજબ પ્રકારનું સંવેદન પેદા થયું, અને એને લીધે એની આંખ ઊભરાઈ આવી.

દ્રૌપદી એ જોઈને બોલી ઊઠી:

'આ શું ? તમારી આંખમાં આંસુ આવ્યાં છે. હસ્તિનાપુરની સુખદ સ્મૃતિએ તમારી અંદર સંવેદન પેદા કર્યું લાગે છે.'

કુંતી તરત તો કશું ના બોલી પરંતુ થોડોક વખત પછી પોતાની જાતને સ્વસ્થ કરીને કહેવા માંડી:

'સ્મૃતિ સુખદ હોય છે ત્યારે પણ સંવેદન પેદા કરે છે, આંસુ આણે છે, અને દુઃખદ હોય છે ત્યારે પણ.'

'એટલે ? તમારી સ્મૃતિ સુખદ છે કે દુઃખદ ?'

'બંને જાતની.'

દ્રૌપદી કશુંક આગળ બોલવા જતી'તી ત્યાં કોઈક પરિચારકે અંદર આવીને સમાચાર આપતાં કહ્યું:

'હસ્તિનાપુરથી વિદુરજી પધાર્યા છે; એમણે એમના શુભાગમનનો ખાસ સંદેશો મોકલાવ્યો છે.'

'વિદુરે ? એ અહીં આવ્યા છે ?'

'હા.'

'એ સમાચાર તો અત્યંત સુખદ છે. દ્રૌપદી ! કુદરતની લીલા તો જો. આપણે હસ્તિનાપુરની વાતો કરતા'તા ત્યાં જ વિદુરના શુભાગમનના સમાચાર સાંપડ્યા.'

દ્રૌપદી બોલી:

'એની પાછળ કુદરતનો કોઈક સંકેત લાગે છે.'

'બરાબર છે. મને પણ એમ જ લાગે છે, ને લાગે છે કે એ સંકેત શુભ જ હશે. અશુભ તો નહિ જ હોય.'

'આપણે ઈચ્છીએ કે એ અશુભ ના હોય.'

*

સુંદર વાયુવેગી અશ્વવાળા રથમાં બેસીને આવેલા વિદુરનો રાજા દ્રુપદે સારી પેઠે સત્કાર કર્યો.

દ્રુપદે વિદુરના ઉતારાની સરસ વ્યવસ્થા કરી દીધી.

દ્રુપદને મળ્યા પછી વિદુર કુંતી, દ્રૌપદી, પાંડવો, કૃષ્ણ તથા બળદેવને મળ્યા.

હસ્તિનાપુરની પરિસ્થિતિથી એમને વાકેફ કરીને એમણે ધૃતરાષ્ટ્રનો સંદેશ સંભળાવીને કહ્યું:

'તમારા વિના હસ્તિનાપુર સૂનું છે અને અમારાં જીવન પણ નીરસ ને સૂનાં છે. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રોણાચાર્ય ને બીજા બધા તમને મળવા માટે આતુર છે. સ્વયંવરના સમાચાર સાંભળીને એમને ખૂબ જ આનંદ થયો છે અને એમણે મને તમારી પાસે તમને હસ્તિનાપુર લઈ જવા માટે મોકલ્યો છે.'

ભીમ તરત બોલી ઊઠ્યો:

'અમે હસ્તિનાપુરમાં તો હતા જ. દુર્યોધને જ ત્યાંથી અમને ધૃતરાષ્ટ્ર સાથે સલાહ કરીને કૂડકપટ દ્વારા કાઢી મૂકેલા.'

'એ વાત તો ભૂતકાળની થઈ ગઈ.'

'છતાં ફરીવાર એવું નહિ થાય એની ખાતરી આપી શકાય તેમ છે ?' અર્જુને પૂછ્યું.

એવી ખાતરી તો બીજું કોણ આપે ?' વિદુરે કહ્યું.

'કોણ તે દુર્યોધન ને ધૃતરાષ્ટ્ર !' ભીમ બોલ્યો.

'એમણે તો ભીષ્મ તથા દ્રોણના સમજાવ્યાથી તમારી સાથે સારું વર્તન કરવાની તૈયારી બતાવી છે. તમે સુખ શાંતિથી જીવી શકો તથા તમારો ન્યાયોચિત અધિકાર ભોગવી શકો તે માટે તમને અડધું રાજ્ય

આપવાની પણ સંમતિ આપી છે. એટલે એમના આમંત્રણને માન આપીને હસ્તિનાપુર આવવામાં હરકત નથી.'

'પરંતુ હસ્તિનાપુર આવ્યા પછી એ અમારા અમંગલની કોઈ બીજી યોજના કરે તો ?'

'નહિ કરે. છતાં પણ એની આશંકા રાખી દૂર રહેવું એના કરતાં ત્યાં રહીને સાવધ રહેવું વધારે સારું છે.'

'મને પેલા દુર્યોધનનો તથા સૂતપુત્રનો ભરોસો નથી આવતો.'

'કર્ણ તો દુર્યોધનને તમારી સાથે સંપ તથા સ્નેહથી રહેવા સમજાવે છે. એ એટલો દુષ્ટ પ્રકૃતિનો નથી. દુર્યોધન પણ તમે ન્યાયોચિત ભાગ લઈને એનાથી દૂર રહેશો એટલે શું કરવાનો છે ?'

યુધિષ્ઠિરે કહ્યું:

'સાચું છે. હું વિદુરની વાત સાથે સંપૂર્ણપણે સહમત થાઉં છું. ધૃતરાષ્ટ્ર તથા દુર્યોધનના આમંત્રણને આપણે સ્વીકારી લેવું જોઈએ. આપણે પરાક્રમી હોવાથી કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર રહીશું પરંતુ ડરપોક બનીને દૂર ના બેસી શકીએ. હસ્તિનાપુરમાં જવાનું આપણે માટે હિતાવહ છે. એ હિતાવહ ના હોત તો આપણા પર સાચો સ્નેહ રાખનારા અને આપણા હિતમાં રાજી રહેનારા વિદુરજી આપણને એવી સલાહ આપત જ નહિ.'

કુંતીએ યુધિષ્ઠિરના કથનને ટેકો આપતાં કહ્યું:

'મારો આત્મા પણ એમ જ કહે છે કે આપણે હસ્તિનાપુર જઈએ જ. ભાગ્ય આપણી તરફેણમાં હશે તો દુર્યોધન કે કોઈપણ આપણું કશું જ નહિ બગાડી શકે. રાજ્ય પર તમારો અધિકાર છે અને એ તમને મળે છે ત્યારે એનો સ્વીકાર કરી લેવો જોઈએ.'

કૃષ્ણ તથા બળદેવે પણ પાંડવોને એ જ સલાહ આપી.

વિદુરે કહ્યું:

'હસ્તિનાપુરના સઘળા પ્રજાજનો તમને મળવા માટે આતુર છે. એ ઉપરાંત દ્રૌપદીને જોવાની ઉત્કંઠા પણ તેમને ઘણી છે. હું વ્યક્તિગત રીતે નથી આવ્યો પરંતુ તે સૌના પ્રતિનિધિ તરીકે જ આવેલો છું. એવી વિશાળ દૃષ્ટિથી વિચારીને તમે મારા પ્રસ્તાવનો સ્વીકાર કરો. મને તમારા અહિતનો વિચાર સ્વપ્ને પણ નથી આવી શકતો અને એવો વિચાર ભૂલેચૂકે પણ પસંદ નથી પડતો એ તો તમે જાણો જ છો. એટલો વિશ્વાસ તો તમને મારામાં છે જ.'

'એ વિશ્વાસ તો પૂરેપૂરો છે.' યુધિષ્ઠિરે કહ્યું: 'એટલે તો અમે તમને એક પ્રકારના વિશેષ પ્રેમભાવથી જોઈએ છીએ અને તમારા પ્રત્યે પરમ પૂજ્યભાવ રાખીએ છીએ. તમે હંમેશા અમારા હિતની ચિંતા કરી છે અને અમારું હિત કરવાની કોશિશ કરી છે એટલે અમે તમારા ઋણી છીએ. તમારો પ્રસ્તાવ અમને માન્ય છે.'

વિદુરે રાજા દ્રુપદની અનુમતિ માગી એટલે દ્રુપદે જણાવ્યું:

'વિદુરજી ! તમે જે કહો છો તે બરાબર છે. પાંડવો દ્રૌપદી તથા કુંતી સાથે હસ્તિનાપુર જાય તે બધી રીતે ઉચિત છે. છતાં પણ એમની પ્રત્યેના પ્રેમને લીધે એમને છોડવાનું મન મને નથી થતું એટલે મારાથી એવું નથી કહી શકાતું. મારી જેમ કૃષ્ણના દિલમાં પણ એમના કલ્યાણની કામના રહેલી છે. એટલે એમના

સંકેત પ્રમાણે કરવા આપણે સૌ તૈયાર રહીએ એ બરાબર છે.'

દ્રુપદના સ્પષ્ટીકરણથી વિદુરને ઘણો આનંદ થયો.

અઠવાડિયા પછી એક શુભ દિવસે સવારે એમણે રાજા દ્રુપદની અનુજ્ઞા લઈને પાંડવો, કુંતી, દ્રૌપદી તથા કૃષ્ણ સાથે હસ્તિનાપુર જવા પ્રયાણ કર્યું.

ધૃષ્ટદ્યુમ્ન પણ દ્રૌપદીને વળાવવાને નિમિત્તે સૌની સાથે ચાલી નીકળ્યો.

દ્રુપદે એ સૌને તથા ખાસ કરીને દ્રૌપદીને આપેલી વિદાય પથ્થરદિલને પણ પીગળાવી નાખે એવી કરુણ હતી.

વિદાય વખતે સૌની આંખ સ્નેહની સાક્ષી પૂરતી ભરાઈ આવી.

*

હસ્તિનાપુરમાં પ્રવેશ કરતી વખતે પાંડવો, કુંતી. દ્રૌપદી તથા કૃષ્ણનો ખૂબ જ પ્રેમપૂર્વક સત્કાર કરવામાં આવ્યો.

એમના શુભાગમનના સમાચાર ધૃતરાષ્ટ્રને પહેલેથી જ પ્રાપ્ત થયા હોવાથી એમણે એમના સ્વાગતની પૂરતી તૈયારી કરી રાખેલી.

એમણે મોકલેલા વિકર્ણ, ચિત્રસેન જેવા કૌરવો તથા દ્રોણાચાર્ય અને કૃપાચાર્યથી વીંટળાયલા પાંડવોને નિહાળીને હસ્તિનાપુરની પ્રજા ખૂબ જ હરખઘેલી બની ગઈ.

પુષ્પમાળાઓ તથા તોરણોથી શણગારેલી સુંદર સડકો પરથી પાંડવો રત્નજડિત રમણીય રથોમાં આગળ વધ્યા ત્યારે એમની ઉપર પુષ્પોની વૃષ્ટિ કરવામાં આવી અને એમના જયકારધ્વનિથી આખુંય વાતાવરણ ગુંજી ઊઠ્યું.

એ અભૂતપૂર્વ સત્કારમાં પ્રજાના નાનામોટા બધા જ વર્ગોનો એમના પ્રત્યેનો પ્રેમભાવ પ્રકટ થયા વિના ના રહ્યો.

દ્રોણાચાર્ય અને અર્જુનનો મેળાપ અતિશય આનંદદાયક અને અનેરો થઈ પડ્યો.

જાણે કે વિશ્વાસ અને આશીર્વાદ સાકાર બનીને ભેગા થયા.

દ્રૌપદીએ અર્જુનની સૂચના પ્રમાણે કૃપાચાર્ય તથા દ્રોણાચાર્યને પ્રણામ કર્યા એટલે એ બંનેએ એને આશીર્વાદ આપ્યાં.

લાંબા વખત પછી હસ્તિનાપુરમાં પ્રવેશ કરીને સૌની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

બદલાયલી પરિસ્થિતિમાં એ પ્રસન્નતા અનેકગણી વધી પડી.

હસ્તિનાપુરનો પ્રવેશ દ્રૌપદીને માટે ખૂબ જ રોમાંચક થઈ પડ્યો.

રાજ્યસભાના સુંદર વિશાળ સ્થાનમાં પહોંચીને પાંડવોએ ધૃતરાષ્ટ્ર, ભીષ્મ તથા બીજા પૂજ્ય પુરુષોને પ્રણામ કર્યા.

કૃષ્ણને પાંડવોની સાથે આવેલા જોઈને ધૃતરાષ્ટ્ર, ભીષ્મ તથા દ્રોણાચાર્યને ઘણો આનંદ થયો.

ધૃતરાષ્ટ્રે કૃષ્ણને પાંડવોની ઉપસ્થિતિમાં જ જણાવ્યું:

'તમારા ચરણસ્પર્શથી હસ્તિનાપુરની ભૂમિ પવિત્ર ને મહિમાવંતી બની છે. તમે પાંડવોની સાથે અહીં

આવી પહોંચ્યા એ અમારું સૌભાગ્ય છે. પાંડવોને મળવા માટે મારું અંતર આતુર હતું. અર્જુને રાજા દ્રુપદે યોજેલા સ્વયંવરમાં દ્રૌપદીને પ્રાપ્ત કર્યાની વાત જાણીને તો એ આતુરતા અનેકગણી વધી ગયેલી. એ પૂરી થઈ એનો મને આનંદ છે.'

કૃષ્ણે કહ્યું:

'હસ્તિનાપુરમાં આવ્યાનો ને તમને સૌને મળ્યાનો આનંદ તો મને તથા પાંડવોને પણ થઈ રહ્યો છે. પરંતુ એ આનંદ કામચલાઉ કે ઉપર ઉપરનો ના નીવડે કિન્તુ કાયમનો ને સાચો ઠરે એનું ધ્યાન રાખવાનું કામ તમારું છે.'

'એટલે ?'

'દુર્યોધને દ્વેષમાંથી પ્રેરાઈને પાંડવોને વારણાવત મોકલેલા એવું કશું ના થાય અને પાંડવો સાથે એ સ્નેહ તથા સંપથી રહે એ જોવાની જવાબદારી તમારી છે.'

'એ જવાબદારી કે ફરજને સમજું છું એટલા માટે તો મેં ભીષ્મ અને દ્રોણ જેવા સત્પુરુષોની સલાહ લઈને કૌરવો તથા પાંડવો વચ્ચે ઘર્ષણ કે ક્લેશ ના થાય એવી એક સરસ યોજના ઘડી કાઢી છે. એ અનુસાર પાંડવોને અડધું રાજ્ય આપવામાં આવશે અને એ ખાંડવપ્રસ્થમાં પોતાની રાજધાની બનાવીને ત્યાં જ નિવાસ કરશે. મને ખાતરી છે કે તમને મારી એ યોજના પસંદ પડશે. મેં દુર્યોધનને પણ એ માટે રાજી કરી લીધો છે એટલે પાંડવો જ્યારથી ધારે ત્યારથી એનો અમલ કરી શકે છે. એના અમલ માટે એ સંપૂર્ણપણે સ્વતંત્ર છે. નવી રાજધાનીની સ્થાપના માટે એમને બનતી બધી જ સહાયતા કરવામાં આવશે.'

કૃષ્ણે ધૃતરાષ્ટ્રની યોજનાને માન્ય રાખીને કહ્યું:

'તમારી યોજના ખૂબ જ સંતોષકારક હોવાથી પાંડવો તેમ જ કુંતી એને જરૂર સ્વીકારશે. એ તો શરૂઆતથી જ સાત્વિક સ્વભાવના હોવાથી ન્યાય, નીતિ, સંપ, સહકાર, સ્નેહ અને શાંતિથી રહેવામાં માને છે. એમનું જીવન એમના જીવતા જાગતા ઉદાહરણરૂપ છે. કુટુંબીઓમાં ક્લેશ થવાથી કુટુંબની શક્તિ નષ્ટ થઈ જાય છે એટલે કુટુંબીઓએ અને ખાસ કરીને ભાઈઓએ તો સંપથી રહેવું જ જોઈએ.'

એટલામાં તો ધૃતરાષ્ટ્રના બોલાવાથી દુર્યોધન આવી પહોંચ્યો.

એણે કૃષ્ણને પ્રણામ કર્યા, પાંડવોને કુશળ સમાચાર પૂછયા, ને કહ્યું:

'વારણાવતમાં તમારા બળી મર્યાના સમાચાર સાંભળીને મને ઊંડો આઘાત લાગેલો. મારી ઊંઘ ઊડી ગયેલી ને મને ભોજન પણ નહોતું ભાવતું. પાછળથી હમણાં હમણાં દ્રૌપદીના સ્વયંવર પછી ખબર પડી કે તમે જીવતા છો ત્યારે મારો જીવ હેઠે બેઠો ને મને શાંતિ વળી. તમે જીવતા હતા તો પછી બીજે જવાને બદલે અહીં જ આવવું'તું ને ? અમને ચિંતા તો ના થાત !'

યુધિષ્ઠિરને થયું કે દુર્યોધન આ શું બોલી રહ્યો છે ! વખતના વીતવા સાથે એના વિચારો ને ભાવોમાં પરિવર્તન થયું કે શું ? એ પરિવર્તન ઉપર ઉપરનું, બતાવવાનું, કે સાચું છે તેની સમજ એટલી સહેલાઈથી એમને ના પડી.

પરંતુ ભીમના મનમાં કોઈ ભ્રાંતિ ના હોવાથી એ તરત બોલી ઊઠ્યો:

'વારણાવતમાં અમને સમજાવી પટાવીને મોકલનાર અને બાળી નાખવાની યોજના કરનાર તો તું જ

હતો !'

'હું ?'

'હા, તું.' ભીમ મૂઠીઓ વાળીને બોલી ઊઠ્યો.

'એવો વિચાર પણ મને ના આવી શકે.' દુર્યોધન બોલ્યો: 'તું મારા પર ખોટું આળ ચઢાવી રહ્યો છે. મને તો તમારા બધા પર પ્રેમ છે એટલે તો મેં તમને જીવતા જાણીને અહીં બોલાવ્યા.'

'સાચું છે.' ધૃતરાષ્ટ્રે કહ્યું: 'દુર્યોધન ઉપરથી કઠોર દેખાય છે પરંતુ એને તમારા પ્રત્યે પાર વિનાનો પ્રેમભાવ છે. તમને અહીં બોલાવવાનો વિચાર સૌથી પહેલાં એણે જ રજૂ કરેલો અને એની સંમતિથી જ શક્ય બન્યો છે. માટે હવે એકમેક પ્રત્યે આક્ષેપો કરીને કટુતા વધારવાને બદલે અવસર આવ્યો છે તો શાંતિથી જીવન યાપન કરો એ વધારે સારું છે.'

યુધિષ્ઠિરે ને કૃષ્ણે ભીમને શાંત રાખ્યો એટલે એ વાત ત્યાં જ અટકી પડી.

*

દુર્યોધન કર્ણને મળ્યો ત્યારે એણે એને સઘળી હકીકત કહી સંભળાવીને જણાવ્યું:

'મને તો એમ થાય છે કે પાંડવોને વહેલી તકે પાછા હાંકી કાઢું કે મારી નાખું. પણ શું કરું ? કોઈ ઉપાય નથી દેખાતો. આગળ પર નિરાંતે વિચારી જોઈશું.'

કર્ણે કહ્યું:

'પાંડવો આવ્યા જ છે તો એમને હવે શાંતિથી રહેવા દે અને તું પણ શાંતિથી રહે એ આવશ્યક છે. કાયમની કટુતા કોઈનુંય કલ્યાણ નથી કરતી.'

'છતાં પણ કર્ણ, મને તારા પર વિશ્વાસ છે. તારી શક્તિથી મને પાંડવો પર પ્રભુત્વ સ્થાપિત કરવામાં મદદ મળશે એમ માનું છું.'

કર્ણ થોડીવાર શાંત રહીને બોલ્યો:

'પાંડવો શાંતિથી રહેતા જ હોય તો એમને હેરાન કરવાનો અર્થ શો તે મને નથી સમજાતું. તું એમની સાથેનો વેરભાવ છોડી દે એ જ બરાબર છે.'

'એ તો કદી પણ નહિ બની શકે. સ્વપ્ને પણ નહિ.'

'બસ ત્યારે, એ વેરભાવને પોષ્યા કર.'

*

કુંતી દ્રૌપદીને ગાંધારી પાસે લઈ ગઈ ત્યારે દ્રૌપદી ગાંધારીને પગે લાગી.

ગાંધારીએ એને આશીર્વાદ આપ્યાં.

એની આંખમાં આનંદના આંસુ આવ્યા. એ આંસુને લૂછવાનો પ્રયાસ કર્યા વગર એ બોલી:

'તું હસ્તિનાપુરમાં આવી એ હસ્તિનાપુરનું સૌભાગ્ય છે. અર્જુન તથા બીજાં બધાં તારે લીધે સુખી થશે.'

કુંતીએ પૂછ્યું:

'દુર્યોધન તથા બીજા બધા ભાઈઓ કુશળ છે ને ?'

'કુશળ છે.'

'અને એનો મિત્ર કર્ણ ?'

'એ પણ કુશળ છે. કદી કદી અહીં આવે છે પણ ખરો.'

કર્ણની કુશળતા જાણીને કુંતીને ખરેખર આનંદ થયો. એને જોવાનો અવસર તો જ્યારે આવે ત્યારે પરંતુ એના સમાચાર સાંભળીને પણ એને સંતોષ થયો.'

એ સંતોષને એના સિવાય બીજું કોણ સમજી શકે ? એને સમજાવવાની જરૂર પણ શી હોય ?

હસ્તિનાપુરમાં દ્રૌપદી, કુંતી તથા પાંડવો શાંતિ અથવા સંતોષથી રહેવા લાગ્યાં.

એમને પ્રસન્ન તથા સુખી જોઈને કૃષ્ણને પણ સંતોષ થયો.

ધૃતરાષ્ટ્ર તથા વિદુર પણ પોતપોતાની આગવી દૃષ્ટિ અથવા વિચારધારાથી સંતોષ પામ્યા,

ભીષ્મ તથા દ્રોણાચાર્યને પણ નિરાંત વળી.

હસ્તિનાપુરના પ્રજાજનો તો સંતુષ્ટ બન્યા જ.

પાંડવોના અત્યાર સુધીના જીવનમાં એક અવનવા અધ્યાયનો આરંભ થયો.

એ અધ્યાયની એક ખાસ વિશેષતા એ થઈ પડી કે થોડાક વખતમાં રાજા દ્રુપદે પોતાની બેનો તથા પોતાના ભાઈની બે કન્યાઓના વિવાહ યુધિષ્ઠિર, ભીમ, સહદેવ તથા નકુલ સાથે કરી દીધા.

માદ્રીની સ્મૃતિરૂપ નકુલ અને સહદેવ પર કુંતીનો પ્રેમ એટલો બધો પ્રખર હતો કે એમને એ પોતાની જનેતા બરાબર જ લાગ્યા કરતી.

એમને કોઈ જાતનું ઓછું ના આવે એનું કુંતી ખાસ ધ્યાન રાખતી.

* * *

## ૩૧. દુર્યોધનની વરાળ

એક સુવિવેકી કવિએ પોતાની સુંદર સારવાહી કવિતા પંક્તિમાં કહ્યું છે કે, 'એકસરખા દિવસ સુખના કોઈના જતા નથી.' એ કથન સર્વથા સાચું લાગે છે. પરંતુ એ કવિતાપંક્તિમાં થોડો ફેરફાર કરીને એવું પણ કહી શકાય કે, 'એકસરખા દિવસ દુઃખના કોઈના જતા નથી.'

સુખ અને દુઃખ બંને તાપ અને છાયાની જેમ જીવનમાં આવ્યા કરે છે. તેજ અને અંધાર અથવા દિવસ ને રાતની પેઠે એ ફેરફુદરડી ફર્યા જ કરે છે. પ્રકૃતિની રહસ્યમય શતરંજના એ વારાફરતી પડનારા પાસાં છે અથવા એનાં વારા ફેરતી ફેરવતાં પાસાં છે. સાંસારિક સુખ જેમ ચંચળ અને અસ્થાયી છે તેમ દુઃખ પણ શાશ્વત તો નથી જ. એ પણ આવે છે ને જાય છે.

સુખને અસ્થાયી માનવાથી સુખનો ને સુખના સમયનો સદુપયોગ થાય, સુખનો નશો ના લાગે, સુખની લાલસા અને આસક્તિ ના રહે એ લાભ : અને દુઃખ પણ કાયમી નથી એવું સમજવાથી દુઃખના દિવસોમાં ધીરજ રહે, સહનશક્તિ મળે, આગળ વધવાનું બળ પ્રાપ્ત થાય, ને દુઃખથી નાસીપાસ કે નિરાશ ના થવાય.

કુંતી તથા પાંડવોએ પોતાના જીવનમાં એ કવિતાવચનનો અનુભવ કરી લીધો.

આરંભમાં એમણે થોડાક સુખના દિવસો પણ જોયા ને પછી વારણાવતમાંથી સહસલામત છૂટી નીકળ્યા પછી દુઃખનો કડવો અનુભવ પણ કરી લીધો.

હસ્તિનાપુરમાં પ્રવેશ્યા પછી હવે પાછા સુખના દિવસો શરૂ થયા ત્યારે પણ એ ઉન્માદી ના બન્યા પણ શાંત જ રહ્યા. કારણ કે એમને ખબર હતી કે સાંસારિક સુખ કાંઈ સનાતન તો નથી જ.

એમના દિવસો શાંતિ અને આનંદપૂર્વક પસાર થવા લાગ્યા.

ધૃતરાષ્ટ્રના આદેશાનુસાર એમણે ખાંડવપ્રસ્થમાં મંગલમય મુહૂર્તમાં શાસ્ત્રવિધિને અનુસરીને રાજભવનનો પાયો નાખ્યો.

એ રમણીય રાજભવન થોડા વખતમાં જ તૈયાર થઈ ગયું એટલે એની આજુબાજુ એક સુંદર સમૃદ્ધ નગર વસી ગયું. યુધિષ્ઠિરે એનું નામ ઈન્દ્રપ્રસ્થ પાડ્યું.

એને પોતાના રાજ્યની રાજધાની તરીકે રાખીને યુધિષ્ઠિર પોતાના પ્રતાપી ભાઈઓની મદદથી સફળતાપૂર્વક શાસન કરવા લાગ્યા.

ઈન્દ્રપ્રસ્થની ચારે તરફ ઊંડી ખાઈ ખોદવામાં આવેલી અને સુંદર સુદૃઢ કોટ બાંધવામાં આવેલો.

નગરમાં અનેક સ્થળે અસ્ત્રશસ્ત્રની તાલીમ માટેના અખાડા તૈયાર કરવામાં આવેલા.

કેટલેય ઠેકાણે તોપો, બંદૂકો, બરછીઓ અને બીજાં યુદ્ધ સંબંધી યંત્રો રાખવામાં આવેલાં.

ઈન્દ્રપ્રસ્થ એના નામ પ્રમાણે અમરાપુરી જેવું આકર્ષક અને આહ્લાદક હતું.

આખુંયે નગર એકસરખાં રંગબેરંગી સુદર ભવનોથી ભવ્ય લાગતું, સુશોભિત દેખાતું, અને સ્વર્ગનું સ્મરણ કરાવતાં એક પ્રકારનું અવર્ણનીય અસીમ સુખ પૂરું પાડતું.

ઈન્દ્રપ્રસ્થની એક બીજી વિશેષતા એનાં મોટાંમોટા વિશાળ ઉપવન તથા ક્રીડાસ્થાન હતી.

એ ઉપવનો અને સ્થાનો સુંદર પુષ્પો તથા વૃક્ષોથી આચ્છાદિત હતાં. અને એમાં જાતજાતનાં પંખીઓ કિલ્લોલ કરતાં ગાતાં ને ઊડતાં રહેતાં.

ક્યાંક મોર કળા કરતા, ચક્રવાક તથા સારસ ફર્યા કરતું તો ક્યાંક કોયલો હૈયાનું હરણ કરતી ટહુકા કરતી.

સરોવરમાં ખીલેલાં વિવિધરંગી સુંદર કમળો પોતાની સ્વર્ગીય સુવાસનો વિસ્તાર કરતાં આનંદ આપતાં.

એવા આકર્ષક આનંદદાયક નગરમાં પાંડવો ચિંતારહિત થઈને રહેવા લાગ્યાં.

એમનું ભાગ્ય ઊઘડી ગયું.

એટલે તો એમને અડધુ રાજ્ય મળ્યું, ઈન્દ્રપ્રસ્થ જેવું સરસ રાજધાનીનું નગર મળ્યું, અને પ્રજાનો પવિત્ર પ્રેમ મળ્યો.

દિવસે દિવસે એમની ઉન્નતિ થવા લાગી.

ઈન્દ્રપ્રસ્થમાં રહીને એ સારી રીતે રાજ્ય કરવા લાગ્યા એટલે શ્રીકૃષ્ણ એ જોઈને સંતોષ પામ્યા અને એમની અનુજ્ઞા લઈને દ્વારકા જવા ચાલી નીકળ્યા.

પાંડવો, કુંતી તથા દ્રૌપદીએ એમને અત્યંત ભાવભરી વિદાય આપી.

કૃષ્ણના પ્રયાણ પછી બીજે દિવસે ગાંધારીનો સંદેશ આવવાથી કુંતી રત્નજડિત રથમાં બેસીને હસ્તિનાપુરમાં એને મળવા ગઈ.

ગાંધારીએ એનો ભારે ઉમળકાપૂર્વક સત્કાર કર્યો ને કુશળ સમાચાર પૂછ્યા.

કુંતીએ કહ્યું:

'જ્યાં સુધી તમારા બધાનો અમારા પર પ્રેમભાવ છે અને કૌરવો પાંડવો પરસ્પર સંપથી રહે છે ત્યાં સુધી કુશળ જ છીએ.'

'યુધિષ્ઠિર ઈન્દ્રપ્રસ્થમાં રહીને સારી રીતે રાજ્ય તો કરી રહ્યા છે ને ?'

'હા.'

'પ્રજા એમની ઉપર પ્રેમભાવ તો રાખે છે ને ?'

'ઘણો જ રાખે છે.'

'એમના કોઈ શત્રુઓ તો નથી ?'

'ના. બધા જ એમની ઉપર મિત્રભાવ રાખે છે. જે થોડા ઘણા દુષ્ટ, અધમ, વિરોધી અને શત્રુભાવનાવાળા માનવો હતા તે પણ એમને વશ થઈ ગયા છે.'

'ઈન્દ્રપ્રસ્થમાં પ્રજાને કોઈ દુઃખ તો નથી ?'

'દુઃખ તો જાણે ઈન્દ્રપ્રસ્થમાંથી વિદાય લઈને બહાર બેઠું હોય એવું લાગે છે. પ્રજા સમગ્ર રીતે સુખી છે.'

'દ્રૌપદીને ઈન્દ્રપ્રસ્થમાં ગમે છે તો ખરું ને ?'

'કેમ ના ગમે ? ઈન્દ્રપ્રસ્થમાં હસ્તિનાપુર કે દ્રુપદનગર જેવો વૈભવ નથી છતાં અમારા સૌના

સહવાસમાં એને સુખ લાગે છે. દ્રુપદનગર તો એને જાણે કે યાદ જ નથી આવતું.'

એટલામાં તો દુર્યોધન કર્ણ સાથે અંદર આવ્યો ને બોલ્યો:

'એને યાદ નહિ આવતું હોય પરંતુ મને તો લગભગ રોજ યાદ આવે છે. હું એને જરા પણ નથી ભૂલ્યો.'

કુંતીએ ચમકીને પાછળ જોયું તો દુર્યોધન કર્ણ સાથે અંદર આવી રહેલો. કર્ણ થોડાક દિવસથી પોતાની રાજધાનીથી દુર્યોધનને મળવા હસ્તિનાપુર આવેલો.

અંદર આવીને એણે ગાંધારી તથા કુંતીને પ્રણામ કર્યા.

કર્ણે પણ એનું અનુકરણ કર્યું.

'કોણ ? દુર્યોધન છે ?' ગાંધારીએ પૂછ્યું.

'હા. હું દુર્યોધન છું. મારી સાથે કર્ણ પણ છે. વનમાં એની સામે મૃગયા રમવા જવાની તૈયારી કરી રહેલો ત્યાં જ કુંતીના આવવાની ખબર પડવાથી એમને મળવા માટે અહીં આવી પહોંચ્યો.'

એટલું કહીને દુર્યોધને કુંતીને પ્રશ્ન કર્યો:

'પાંડવો તથા દ્રૌપદી કુશળ તો છે ને ?'

'કુશળ છે.'

'હું સમજતો જ હતો કે એ કુશળ હશે છતાં પણ મેં જાણી જોઈને પ્રશ્ન કરેલો. એમને ધન મળ્યું, ઐશ્વર્ય મળ્યું, અને દ્રૌપદી જેવી સુંદર સ્ત્રીનું સુખ જોવાનું સૌભાગ્ય મળ્યું છે !'

કુંતીએ શાંતિથી કહ્યું:

'રાજ્ય મળ્યું છે એ સાચું છે પરંતુ એ તો એમના પરંપરાગત અધિકારને લીધે મળ્યું છે.'

'અધિકારનો દાવો દુનિયામાં કોણ કરી શકે તેમ છે ? અને એ પણ એક રાજ્યની ઉપર ? છતાં એ એવો દાવો કરતા હોય તો ભલે. એમને સુખી જાણીને મને પણ સુખ થાય છે.'

'ખરેખર ?'

'ખરેખર.'

'તો પછી તને દ્રુપદનગર શા માટે યાદ આવી રહ્યું છે ?'

દુર્યોધન થોડોક વિચાર કરીને બોલ્યો:

'એ તો સહેલાઈથી સમજી શકાય તેવું અને સાવ સ્વાભાવિક છે. એ એકલું મને જ યાદ નથી આવતું, આ મારા મિત્ર કર્ણને પણ યાદ આવે છે. ત્યાંના રાજા દ્રુપદે યોજેલા દ્રૌપદીના સ્વયંવરમાં અમે ગયેલા ત્યારે અમારું જે અપમાન થયેલું એ અમે કદી પણ નહિ ભૂલી શકીએ.'

'તમારું અપમાન ? અને એ પણ સ્વયંવરમાં ?'

'હા. સુંદર વિશાળ સ્વયંવરમંડપમાં. મારા હાથમાંથી ધનુષ્ય પડી ગયું અને મારી આંખે અંધારા આવી ગયાં ત્યારે સૌ હસી પડ્યા એ મારું અપમાન. અને એથીયે અધિક અસહ્ય અપમાન તો આ કર્ણનું થયેલું. એ અપમાન દ્રૌપદીએ કરેલું.'

'દ્રૌપદીએ અપમાન કરેલું અને એ પણ કર્ણનું ? એ કોઈનું પણ અપમાન કરે એવી નથી દેખાતી.'

'છતાં એ અપમાન કરી બેઠી, અને એ પણ કોઈ સામાન્ય નહિ પરંતુ ઘોર અપમાન.'

'કેવી રીતે ?'

'કર્ણ ધનુષ્ય પર બાણ ચઢાવીને મત્સ્યવેધ કરવા તૈયાર થયો ત્યારે એની અવજ્ઞા કરતાં એ સૌના સાંભળતાં એકાએક બોલી ઊઠી કે કર્ણ સૂતપુત્ર હોવાથી લક્ષ્યવેધ કરશે તોપણ એને નહિ વરું. એ શબ્દો સાંભળીને કર્ણને માથે જાણે કે વીજળી પડી. મેં રાજા દ્રુપદ તથા ધૃષ્ટદ્યુમ્નને જણાવ્યું કે કર્ણ શૂરવીર છે અને સ્વયંવરમાં વીરતાની જ કસોટી કરવાની છે, છતાં પણ એમણે મારું ના માન્યું. એથી કર્ણ સ્વયંવરમંડપમાં સૌની સમક્ષ તિરસ્કૃત થઈને નિરુપાયે નીચે બેસી ગયો. એ અપમાન મને હાડોહાડ લાગી ગયું છે. કર્ણ મારો મિત્ર હોવાથી એ અપમાન એકલા એનું નથી પરંતુ મારું પણ છે. એ મારાથી નથી ભુલાતું. એનો બદલો લેવા સમય પર હું તૈયાર રહીશ.'

ગાંધારી વચ્ચે બોલી:

'તું પણ ખરો છે ! ગઈ ગુજરી વાતને હજુ પણ યાદ કરે છે અને એનો ડંખ રાખે છે, પરંતુ જે થવાનું હતું તે થઈ ગયું. એને યાદ કરી, દ્વેષભાવથી પ્રેરાઈને બદલો લેવાની વાતો કરવાથી શું વળે ? એથી તો કટુતા અને અશાંતિ વધતી જાય એટલું જ.'

કર્ણે કહ્યું:

'આપણે કોઈ જાતની કટુતા કે બદલો લેવાની ભાવના નથી રાખવી. દ્રુપદે યોજેલા સ્વયંવરની એ ઘટનાને મારાથી કદી પણ નહિ ભૂલી શકાય છતાં પણ એને યાદ કરીને કટુતા કે વેરવૃત્તિ વધારવાનો કશો અર્થ નથી.'

'દુર્યોધન એના શબ્દો સાંભળ્યા ના સાંભળ્યા કરીને કહેવા માંડ્યો:

'કોઈ સૂતપુત્ર હોય એટલે શું સ્વમાની ના હોય ? એને દિલ જેવું કશું જ ના હોય અને એ માનાપમાનથી પણ પર હોય ? કર્ણ જેવા પ્રતાપી કે પરાક્રમી પુરુષના માતાપિતાને ખરેખર ધન્યવાદ ઘટે છે. એના કુળને, અરે એના પૂર્વજોને પણ ધન્યવાદ ઘટે છે. એ કેવળ સૂતપુત્ર છે માટે જ દ્રૌપદીએ એનું ઘોર અપમાન કરીને એને વરવાનો ઈન્કાર કર્યો એ બરાબર નથી થયું. દ્રૌપદી એના જેવા પુરુષવીરને વરીને ધન્ય બની શકી હોત. પરંતુ એનું ભાગ્ય આટલું બધું ઉજ્જવળ નહિ હોય. એ સિવાય એને એવું સૂઝે નહિ.'

કુંતીએ કહ્યું:

'દ્રૌપદીએ પોતાના મનની વાત કહી બતાવીને પોતાની સ્થિતિનું સ્પષ્ટીકરણ કરેલું એટલું જ. એનો ઉદ્દેશ, કર્ણનું કે કોઈનું અપમાન કરવાનો હતો જ નહિ. પોતાની પરિસ્થિતિની ચોખવટ કરવાનો અધિકાર તો એને હોય જ, એ તો તું પણ સ્વીકારીશ.'

'સ્વીકારું છું. છતાં પણ એણે કાઢેલા ઉદ્દગારો એટલા બધા તિરસ્કારયુક્ત હતા કે એ કર્ણનું અપમાન કરવાના ઉદ્દેશથી જ કઢાયલા એવું માન્યા વગર રહેવાય જ નહિ. દ્રૌપદીને કર્ણને તથા એના જેવા કોઈક બીજાને વરવાની ઈચ્છા ના હોત તો એ વાતનું સ્પષ્ટીકરણ એણે સૌની સમક્ષ જાહેર રીતે અને આરંભથી જ કરી દીધું હોત. પરંતુ પહેલાં તો એ મૂંગી રહી. દ્રુપદ તથા ધૃષ્ટદ્યુમ્ન પણ એ બાબતે મૂંગા રહ્યા. કર્ણ ઊભો થયો, ધનુષ્ય પાસે ગયો ને ધનુષ્યને ઉપાડીને ઊભો રહ્યો ત્યાં સુધી સૌ મૂંગા રહ્યા, ને એ લક્ષ્યવેધ કરવા

તૈયાર થયો ત્યારે જ દ્રૌપદીએ એનો સૂતપુત્રનો ઉલ્લેખ કરીને વિરોધ કર્યો. એ શું બતાવે છે ? એ જ કે દ્રૌપદી કર્ણનો તિરસ્કાર કરવા અને ગમે તે ભોગે એને ના વરવા કૃતનિશ્ચય હતી. કર્મની નિશ્ચિત જેવી થઈ ચૂકેલી સફળતાએ એના હૈયાને હચમચાવી દીધું.'

'એણે કોને વરવું એ તો એની ઈચ્છાની વાત હતી.'

'તો પછી એણે સ્વયંવર શા માટે યોજ્યો ? બીજાને બતાવવા કે ઠઠ્ઠા મશ્કરી કરવા ?'

'સૌથી શ્રેષ્ઠ ધનુર્વિદ કે શૂરવીરને શોધી કાઢીને વરવા માટે.'

'એવો શૂરવીર તો કર્ણ છે એ સારી પેઠે સિદ્ધ થઈ ચૂકેલું છતાં એણે એ ના માન્યું ને પોતાનું વચન ના પાળ્યું. પ્રતિયોગિતા કેવળ ક્ષત્રિયો કે બ્રાહ્મણો પૂરતી જ મર્યાદિત હતી તો એણે એ શરૂઆતથી જ સ્પષ્ટ કરવું જોઈતું'તું. કર્ણને જો એણે પર્યાપ્ત અવસર આપ્યો હોત તો એ એની શ્રેષ્ઠતા સહેલાઈથી પુરવાર કરી આપત. પરંતુ હકીકત તો એ છે કે સ્વયંવર ફક્ત નામનો જ હતો. ને દ્રૌપદીએ પહેલેથી અર્જુનને જ વરવાનો નિર્ણય કરી નાખેલો.'

'એ જ કહેતી'તી કે એણે સ્વયંવરમંડપમાં અર્જુનને ઓળખેલો જ નહિ. દ્રુપદે ને ધૃષ્ટદ્યુમ્ને પણ નહિ ઓળખેલો.'

'એ તો બધી બનાવટ, એમને ખબર ના હોય એવું બને જ નહિ. રાજા દ્રુપદ ને દ્રૌપદી જો ખરેખર ધર્મપરાયણ અને ન્યાયી હોત તો એમણે કર્ણને પોતાનું પરાક્રમ બતાવવાનો પૂરતો અવસર આપ્યો હોત, પરંતુ એ અધર્મપરાયણ અને અન્યાયી હોવાથી કર્ણનો વિરોધ કરવામાં ગૌરવ માની બેઠાં. એ સ્વયંવરમાં યુધિષ્ઠિર પણ આવેલા. એ તો ભારે ધર્મયુક્ત આચરણ કરનારા કહેવાય છે. એ પણ અધર્મી જ સાબિત થયા. એમણે અર્જુનને દ્રૌપદીનો લોભ જતો કરવા તથા લક્ષ્યવેધમાં ભાગ ના લેવા સમજાવવો જોઈતો હતો ને દ્રુપદને ધર્મમાં દૃઢ રહીને કર્ણને કસોટીની પૂરી તક આપવાનો આગ્રહ કરવો જોઈતો'તો. આ તો એમની ધર્મપરાયણતા પર પાણી ફરી વળ્યું.'

એટલું કહીને દુર્યોધન શાંત થયો એટલે કર્ણ બોલ્યો:

'હવે તો તારા હૃદયની વરાળ નીકળી ગઈ ને ? તને મારા પ્રત્યે પુષ્કળ પ્રેમ છે તે જાણું છું, પરંતુ જે વીતી ગયું છે તેનો ડંખ તું નકામો રાખે છે અને એને માટેની વાતો પણ નકામી કરે છે. એથી કશો જ હેતુ નથી સરવાનો.'

'હેતુ સરે કે ના સરે છતાં જે સાચું લાગે છે તે તો નીડર બનીને કોઈની પણ શેહમાં તણાયા વગર કહેવાનો જ.'

'મારું અપમાન મને ઉત્તેજિત નથી કરતું ને તને આટલો બધો ઉત્તેજિત શા માટે કરી રહ્યું છે ?'

'મને તારા પ્રત્યે પ્રેમ તથા લાગણી છે માટે.'

'પ્રેમ અને લાગણી છે તો થોડુંક સહન કરતાં તથા શાંત રહેતા પણ શીખ. આ વાતને અહીં જ પૂરી કરીને હવે મૃગયા માટે જઈએ, પછી મોડું થશે.'

દુર્યોધન ગાંધારીની આજ્ઞા લઈને જવા માટે તૈયાર થયો એટલે કુંતી બોલી:

'ઈન્દ્રપ્રસ્થને જોવા માટે વખત કાઢીને કદીક આવી જજે. હું તને અત્યારથી જ આમંત્રણ આપું છું.'

'આમંત્રણ તો માત્ર તમારું નહિ, યુધિષ્ઠિરનું પણ જોઈએ. રાજા છે એટલે.'

'એમનું આમંત્રણ પણ આવી જશે. પણ તું આવવાનું અવશ્ય રાખજે. અમને આનંદ આવશે.'

'સારું. તમને પસંદ પડશે તો હું આવીશ. પરંતુ કર્ણને સાથે લેતો આવું કે એકલો આવું ?'

'તારી ઈચ્છા હોય તેને સાથે લેતો આવજે.'

'કર્ણ સૂતપુત્ર છે એટલે પૂછી રહ્યો છું. દ્રૌપદી એને ઈન્દ્રપ્રસ્થના રાજભવનમાં પ્રવેશ તો કરવા દેશે ને ? કે ત્યાંય એનો તિરસ્કાર કરશે ?'

દુર્યોધનના વ્યંગ ભરેલા શબ્દો સાંભળીને કુંતીનું કાળજું કપાવા લાગ્યું. છતાં એને શાંત રાખવાનો પ્રયત્ન કરતાં એ બોલી:

'એનો તિરસ્કાર કોઈયે નહિ કરે. ને શા માટે કરે ? એ પરાક્રમી છે, પ્રતાપી છે, તથા સદ્દગુણી છે.'

'અને ત્યાં ક્યાં કોઈનો સ્વયંવર થવાનો છે ?' ગાંધારી હસતાં હસતાં બોલી ઊઠી.

'સારું ત્યારે. યુધિષ્ઠિરને કહીને આમંત્રણ મોકલજો.'

એમ કહીને દુર્યોધન કર્ણ સાથે વિદાય થયો.

એના વિદાય થયા પછી ગાંધારીએ કુંતીને કહ્યું:

'દુર્યોધન વધારે પડતું બોલી ગયો ખરું ? હું એને અવારનવાર કહું છું તોપણ એ એનો સ્વભાવ નથી છોડતો.'

'હરકત નહિ.' કુંતી બોલી: 'એના મનની વરાળ ઠાલવવાની એને તક મળી એટલે એ બોલી ગયો. મનની વરાળ મનમાં જ રહે ને મન ધૂંધવાયા કરે એના કરતાં એ બહાર નીકળી જાય એ સારું પણ છે.'

'પરંતુ એવા વિચારો સેવવાથી ને વ્યક્ત કરવાથી કેવળ કટુતા તથા વેરભાવ વધે એટલું જ. એથી કોઈનું કલ્યાણ તો થાય જ નહિ. એ તો કર્ણ જરા સમજુ છે નહિ તો એનું મન પણ વિદ્વેષથી ભરાઈ જાય.'

કુંતી શાંત રહી.

બીજી કેટલીક વાતો કરીને એ ઈન્દ્રપ્રસ્થ જવા માટે રથમાં બેસીને વિદાય થઈ ત્યારે આખે રસ્તે એને દુર્યોધનની વિદ્વેષયુક્ત વાણી અને કર્ણની આકર્ષક આકૃતિ યાદ આવ્યા કરી.

કર્ણ જાણે પડછાયાની પેઠે એની સાથે જ, એની આગળ ને પાછળ ચાલવા લાગ્યો.

એને એના અનુભવરૂપે અજબ જેવી લાગણી થવા માંડી.

* * *

## ૩૨. સુંદ અને ઉપસુંદ

રથમાં બેઠેલી કુંતીના મનને જાતજાતના વિચારો ને ભાવો ઘેરી વળ્યા.

હસ્તિનાપુરની હદ છોડીને ઈન્દ્રપ્રસ્થની દિશામાં રથ જેમજેમ દોડવા માંડયો તેમતેમ એના મનના ઘોડા પણ દોડવા માંડ્યા. એના અંતરનું સંવેદન વધતું ગયું.

એને થયું કે દ્રુપદે યોજેલા સ્વયંવરમાં કર્ણના પરાક્રમથી પ્રભાવિત થઈને દ્રૌપદી કર્ણને વરી હોત તો ? તો પરિસ્થિતિ કેટલી બધી જુદી હોત ?

એ સંજોગોમાં દ્રૌપદી અર્જુનને ના મળત એ સાચું, પરંતુ એ કર્ણને મળત તોપણ પોતાને કોઈ પ્રકારનું દુઃખ તો થાત જ નહિ. દુઃખ થવાને બદલે આનંદ જ થાત.

કારણ કે અર્જુન પોતાને પ્રિય છે તો કર્ણ પણ ક્યાં પારકો છે અને અપ્રિય છે ?

ફક્ત બીજું કોઈ એ હકીકત નથી જાણતું એટલું જ.

એ સૂતપુત્ર નથી, અધિરથ સૂતે તો એનું કેવળ પાલનપોષણ જ કર્યું છે, એટલી માહિતી જો દ્રૌપદી અને બીજા બધાને મળી હોત તો એનું ભાગ્ય આજે જુદું જ હોત.

પરંતુ એ માહિતી કોઈને મળી શકે જ કેવી રીતે ?

એ માહિતી કાં તો અધિરથ આપી શકે અથવા તો પછી પોતે પૂરી પાડી શકે. કે પછી અધિરથની પત્ની રાધાના મુખથી નીકળી શકે.

પોતે તો એ સંબંધી વરસોથી ચૂપ છે. પોતાની વિશ્વાસુ પરિચારિકાની મદદથી એ કવચકુંડળધારી કર્ણને રાત્રિના ઘોર અંધકારમાં નદીના નિર્મળ પ્રવાહમાં પેટી સાથે વહેતો કર્યો ત્યારથી તે ઠેઠ આજ સુધી.

ભવિષ્યમાં કોઈકવાર પોતાની દ્વારા કર્ણના જન્મપ્રસંગની એ સાચી હકીકત બહાર પડશે ત્યારે લોકો એને માનશે કે કેમ અને કર્ણ પણ એને માનશે કે નહિ એ કેવી રીતે કહી શકાય ? એની તો કેવળ કલ્પના જ કરવી રહી.

એ હકીકતને કર્ણ તથા બીજા બધા માની લેશે તોપણ પોતાને માટે એ કેવો અભિપ્રાય બાંધશે કે શું માનશે ?

રથમાં એની પાસે જ બેઠેલો કર્ણ જાણે એને કહેવા માંડ્યો:

‘હજુ ચૂપ જ રહીશ ને હું સૂતપુત્ર નથી પરંતુ તારો પુત્ર છું એ હકીકત ગુપ્ત રાખીશ ?’

‘ગુપ્ત ના રાખું તો શું કરું ?’ એ બોલી ઊઠી: ‘મારી અંદર એને પ્રકટ કરવાની હિંમત નથી.’

‘એ હિંમત ક્યારે આવશે ?’

‘એ તો કેવી રીતે કહી શકું ? પરંતુ જીવનમાં વહેલી કે મોડી એકવાર તો લાવવી જ પડશે.’

‘ત્યાં સુધી મને કેટલું બધું નુકશાન થશે ને સોસાવું પડશે તે વિચાર્યું ?’

‘વિચાર્યું છે. એને માટે તારી ક્ષમા માગી લઉં છું. બીજો કોઈ રસ્તો જ નથી દેખાતો.’

‘તેં જો પહેલેથી જ આપણા સાચા રહસ્યને પ્રકટ કર્યું હોત તો મને કેટલો બધો લાભ થાત તેની કલ્પના કરી શકે છે ? મારે દ્રુપદના સુંદર સ્વયંવરમાં વિનાકરણ અપમાનિત કે તિરસ્કૃત ના થવું પડત તથા

મને મારા અભૂતપૂર્વ પરાક્રમને પરિણામે દ્રૌપદી જેવી સુંદર સ્ત્રી મળત. મારી નિષ્ફળતા અને અવહેલનાનું મૂળ કારણ તું જ છે તે સમજી શકે છે ?'

'સમજી શકું છું.'

'છતાં પણ હજુ કઠોર-હૃદય બનીને મને સૂતપુત્ર તરીકે જ ખપાવવા માગે છે ?'

'હું કઠોર-હૃદય નથી એ તને કેવી રીતે સમજાવું ? મારું હૃદય ખૂબ જ પ્રેમાળ છે તથા તારે માટેના પ્રખર પ્રેમથી પરિપ્લાવિત છે. સંજોગોએ મને મૂક રહેવાની ફરજ પાડી છે ને લાચાર બનાવી છે એટલું જ. એને કઠોરતા કે ક્રૂરતા માનીને મને અન્યાય ના કરતો. દ્રૌપદી તારા ભાગ્યમાં નહિ હોય એટલે તને ના મળી, પરંતુ ઈચ્છું છું કે તને દ્રૌપદી કરતાં પણ વધારે સુંદર, સદ્દગુણી, પ્રેમાળ પત્ની પ્રાપ્ત થાય. એ મારી શુભેચ્છા જ નહિ, શુભાશિષ છે.'

'દ્રૌપદી કરતાં પણ વધારે સુંદર ને પ્રેમાળ પત્ની ?'

'હા. એથીયે વધારે સુંદર ને સ્નેહાળ સ્ત્રી તને મળે એવી મારી અભિલાષા છે. એવી સ્ત્રીને નિહાળીને મારો આત્મા પણ આનંદ પામશે, પ્રાણ પુલકિત થશે, ને મારાં લોચન ધન્ય બનશે.'

'ખરેખર ?'

'ખરેખર. કારણ કે તું મારો છે ને મારાથી દૂર રહે છે તોપણ તારા સુખ અને મંગલની ચિંતા મને નથી છોડી શકતી ને નહિ છોડી શકે. તારી સુખાકારી ને સમૃદ્ધિ જોઈને મને સારું લાગશે. એક માતાને માટે એ છેક સ્વાભાવિક છે.'

કર્ણ થોડીવાર શાંત રહ્યો ને પછી બોલ્યો:

'તારી ભૂલનું ને ગુપ્તતાનું એક બીજું દુષ્પરિણામ તું જાણી શકી ?'

કુંતીએ પૂછ્યું:

'કયું દુષ્પરિણામ ? હું કદાચ ના પણ જાણતી હોઉં.'

'પાંડવો મને સૂતપુત્ર સમજીને મારાથી દૂર રહ્યા ને દૂર રહે છે તથા મને તિરસ્કારની નજરે જુએ છે, જ્યારે દુર્યોધને મારા પ્રત્યે પહેલેથી જ પ્રીતિ રાખી છે. એ મને માન આપે છે ને મારી સંપૂર્ણપણે સંભાળ રાખે છે. પાંડવોને ખબર હોત કે હું એમનો ભાઈ છું તો એ મારા પર પ્રેમ રાખત, મને દુર્યોધન કરતાં પણ વધારે માન આપત, અને હું દુર્યોધન તરફ આટલો બધો ના ઢળત. પાંડવોની સાથે રહીને, એમને બનતી બધી જ રીતે મદદરૂપ થઈને, હું એમના સંયુક્ત બળમાં વધારો કરત. પરંતુ તારી ગુપ્તતાને લીધે એ પણ નથી થઈ શક્યું. એનો દોષ મને ના દેતી.'

'નહિ દઉં. હું સમજી શકું છું કે એનો દોષ મારો છે. મને એનું દુઃખ પણ થઈ રહ્યું છે.'

'તને ખરેખર દુઃખ થતું હોત તો તું આવી ઉદાસીન ના રહેત અને આપણા સંબંધને આટલો બધો ગુપ્ત પણ ના રાખત.'

'મને દુઃખ થાય છે એ વાતને પણ તું નથી મની શકતો ? એ વાતનો વિશ્વાસ પણ તને નથી આવી શકતો ?'

'કેવી રીતે આવી શકે ? મારી જગ્યાએ તું હોય તો તને પણ એવો વિશ્વાસ ના આવે. તારી વાણી

અને તારા વર્તનમાં ફેર દેખાય છે - બહુ મોટો ફેર.'

'તો પછી તને મારી પરિસ્થિતિની પ્રતીતિ નહીં કરાવી શકું. એ પ્રતીતિ કેવી રીતે કરાવી શકું ? મારા હૃદયને ખોલી બતાવવાની શક્તિ તો મારામાં છે જ નહિ.'

'તારામાં ખરેખર માતૃપ્રેમ હોત તો બીજી બધી જ ગણતરીઓને ગૌણ ગણીને કે બાજુએ મૂકીને તું મને વહેલી તકે ભેટી પડત. પરંતુ તારામાં એનો અભાવ છે. હું દુર્યોધનની વધારે ને વધારે પાસે જાઉં તો એમાં મારો અપરાધ ના માનતી. એ અપરાધ બીજા કોઈનો નહીં પણ તારો હશે. માત્ર તારો જ.'

કુંતીની આંખમાંથી અશ્રુધારા ચાલવા લાગી. લાગણીના પ્રબળ ઉદ્રેકને લીધે એને એની ખબર પણ ના રહી. એને લૂછવાનો પ્રયત્ન તો પછી એ કરે જ કેવી રીતે ?

એટલામાં તો ઈન્દ્રપ્રસ્થ આવી પહોંચ્યું.

રથના સારથિએ પાછળ જોઈને નવાઈ પામતાં પૂછ્યું:

'તમારી આંખમાં આંસુ કેમ છે ? હસ્તિનાપુરનો પ્રવાસ કષ્ટકારક તો નથી થયો ?'

કુંતીએ ઉત્તર આપ્યો:

'ના. કષ્ટ તો જરા પણ નથી પડ્યું, છતાં આંસુ એમ જ આવી ગયાં.'

'કદાચ ઠંડા પવનને લીધે હશે !'

'એમ પણ હોય.'

'કે પછી કોઈ પૂર્વસ્મૃતિ જાગવાથી ...'

'એવી કોઈ પૂર્વસ્મૃતિયે નથી જાગી.'

કુંતી એટલું બોલીને ચૂપ રહી. એણે આંસુ લૂછી નાખ્યાં.

એના મનમાં વિચાર તો જાગ્યો કે કહી દઉં કે હસ્તિનાપુરનો જ નહિ, સમસ્ત જીવનનો પ્રવાસ મારે માટે એક અથવા બીજી રીતે વધારે કે ઓછા પ્રમાણમાં કષ્ટકારક રહ્યો છે છતાં પણ મેં એને સુખદાયક ગણ્યો છે ને શાંતિદાયક કર્યો છે, કિન્તુ એ મનના ભાવને મનમાં જ સમાવીને શાંત રહી.

પોતાના હૃદયને ખેલવાનું એને અનાવશ્યક અને અસ્થાને લાગ્યું.

*

કુંતી ઈન્દ્રપ્રસ્થમાં આવી પહોંચી એટલે પાંડવોએ એને હસ્તિનાપુરના સમાચાર પૂછયા.

કુંતીએ ત્યાંના સમાચાર સંક્ષેપમાં કહી બતાવ્યા.

એ સમાચાર પૂરા થયા એટલે દેવર્ષિ નારદ આવી પહોંચ્યા. કુંતી તથા પાંડવોએ એમનો અત્યંત પ્રેમ, પૂજ્યભાવ અને પ્રસન્નતાથી સત્કાર કર્યો.

નારદે યુધિષ્ઠિરને રાજ્યશાસન સંબંધી ઉપદેશ આપ્યો. કેટલીક જરૂરી ભલામણો કરી, સૂચનાઓ આપી, ને કહ્યું:

'ભાઈઓનો પારસ્પરિક પ્રેમ કેટલીકવાર મોહવૃત્તિને લીધે નષ્ટ થઈ જાય છે ને ભાઈઓમાં વિખવાદ જાગે છે. એ મોહવૃત્તિ સ્ત્રીને લીધે કેટલીકવાર વધી જાય છે. એ સંબંધમા સુંદ અને ઉપસુંદની કથા પ્રસિદ્ધ છે.'

'એ કથા પ્રસિદ્ધ હોય તોપણ અમે તો એને નથી જાણતા. તમે એને કહી બતાવો તો સારું.'

યુધિષ્ઠિર તથા બીજા ભાઈઓની જિજ્ઞાસાને સંતોષવાના ઉદ્દેશથી નારદે જણાવ્યું:

'હિરણ્યકશિપુના વંશના નિકુંભ નામે એક પરમ પરાક્રમી પ્રતાપી દૈત્ય થઈ ગયો. સુંદ અને ઉપસુંદ બંને એના જ પુત્રો હતા. મોટા થતાં એ પરાક્રમી, પ્રતાપી ને ક્રુર પ્રકૃતિના ભાઈઓ દૈત્યોના સરદાર બન્યા.'

'એમની વચ્ચે એટલો પ્રેમભાવ તથા મેળ હતો કે વાત નહિ. એ બંને સાથે જ રહેતા, સાથે જ જમતા, ને સાથે ફરતા. એમના દેહ જુદા પરંતુ આત્મા જાણે કે એક હતા.'

'વખતના વીતવા સાથે એમના અંતરમાં ત્રિલોકનું સ્વામિત્વ પ્રાપ્ત કરવાની મહત્વકાંક્ષા પેદા થઈ. એ મહત્વકાંક્ષાથી પ્રેરાઈને એમણે શાસ્ત્રોક્ત રીતે દીક્ષા લઈને વિંધ્યાચલ પર્વત પર જઈને તપશ્ચર્યા કરવાનો પ્રારંભ કર્યો.

'તપશ્ચર્યા પણ કેવી ? એકદમ કઠોર કહી શકાય એવી. અન્ન તથા જળનો ત્યાગ કરીને કેવળ વાયુ પર રહીને બંને હાથ ઉપર ઉઠાવીને સર્વની સામે દૃષ્ટિને સ્થિર કરીને એ તપવા માંડ્યા.'

'એ તપશ્ચર્યા તો ઘણી તીવ્ર તેમ જ કષ્ટમય કહેવાય.' યુધિષ્ઠિરે ઉદ્દગાર કાઢ્યા.

'તીવ્ર અને કષ્ટમય તો ખરી જ, પરંતુ અશક્ય જેવી પણ ખરી.' ભીમ બોલી ઊઠ્યો: 'મને એવી તપશ્ચર્યા કરવાનું મન જ ના થાય. ખાસ કરીને અન્ન ને જળ છોડવાનું તો મને ગમે જ નહિ.'

'તારે એવી તપશ્ચર્યા કરવાની છે જ ક્યાં કે તું એની ચિંતા કરે છે ?' અર્જુન બોલી ઊઠ્યો: 'આ તો સુંદ અને ઉપસુંદની તપશ્ચર્યા છે અને એ પણ પૂર્વકાળની.'

કુંતી બોલી:

'પછી એ દૈત્યોની તપશ્ચર્યાનું શું થયું એ વિશે આગળ કહી બતાવો. એમની કથા ખૂબ જ રસિક છે.'

નારદ બોલ્યા:

'દૈત્યો કેવાં કેવાં કઠોર તપ કરે છે ? એમનામાં તપ કરવાની શક્તિ હોય છે. પરંતુ એમની બુદ્ધિ મલિન હોવાથી એ એનો સદુપયોગ નથી કરી શકતા એટલે સમાજને માટે આશીર્વાદરૂપ બનવાને બદલે આતંકકારક અને અભિશાપરૂપ બની જાય છે. એમનામાં સદ્દબુદ્ધિ હોય તો તો સમાજને મોટો લાભ થાય.'

'એમના પ્રખર તપથી પ્રસન્ન થઈને એમની આગળ બ્રહ્મા પ્રકટ થયા. એમણે એમને વરદાન માગવા કહ્યું તો એ પ્રણામ કરીને બોલ્યા:

'દેવ! તમે અમારા પર પ્રસન્ન થઈને અમને વરદાન આપવા માગતા હો તો અમે બંને માયાવી, શસ્ત્રાસ્ત્રમાં કુશળ, ઈચ્છાનુસાર રૂપ ધારણ કરનારા, બળવાન અને અમર બની જઈએ એવું વરદાન આપીને અમને કૃતાર્થ કરો.'

બ્રહ્માએ કહ્યું:

'મનુષ્યો કે દૈત્યોને માટે અમર બનવાનું અશક્ય છે. અમર તો કેવળ દેવો બની શકે છે. એટલે અમર બનવા સિવાયનાં તમે માગેલાં બીજા વરદાન તમને આપી રહ્યો છું. અમર બનવાનું વરદાન તમને નહિ આપી શકું.'

'તો પછી એને બદલે એવું વરદાન આપો કે અમે દુનિયાના કોઈપણ પ્રાણી કે પદાર્થથી ના મરીએ.

અમારું મૃત્યુ જ્યારે થાય ત્યારે એકબીજાના હાથે જ થાય.'

'તથાસ્તુ કહીને બ્રહ્મા પોતાના દિવ્ય લોકમાં જવા માટે ચાલી નીકળ્યા અને તપશ્ચર્યા દ્વારા પ્રાપ્ત થયેલા વરદાનથી સંતુષ્ટ બનેલા સુંદ અને ઉપસુંદ ઘેર આવ્યા.

ઘેર આવીને એમણે અહંકારથી ઉન્મત્ત બનીને મોટો ઉત્સવ કર્યો.

એ ઉત્સવમાં એમના બંધુઓ, મિત્રો તથા સ્નેહીઓએ પણ ભાગ લીધો.

એ પછી થોડોક વખત આમોદપ્રમોદમાં પસાર કરીને એ બંને ભાઈઓ દિગ્વિજય કરવા તૈયાર થયા.

'ઈન્દ્રલોક, યક્ષ, રાક્ષસ, નાગ મ્લેચ્છ તથા બીજા બધાને જીતીને સમસ્ત પૃથ્વી પર પોતાનું અધિપત્ય જમાવવાના સંકલ્પને સાકાર કરવાના પ્રયત્નો એમણે આરંભી દીધા.'

'એ તો ઘણું જ વિચિત્ર કહેવાય.' યુધિષ્ઠિર બોલી ઊઠ્યા: 'અસુરો અસાધારણ શક્તિ મેળવીને સમાજને માટે કેટલા બધા આંતકરૂપ થઈ પડે છે એનો ખ્યાલ આ પ્રસંગ પરથી સહેજે આવી રહે છે.'

'હા. સુંદ અને ઉપસુંદના સંબંધમાં એવું જ બન્યું. એમની પ્રવૃતિ આજુબાજુ બધે જ અશાંતિ પેદા કરનારી થઈ પડી. એમના આદેસાનુસાર અસુરો બધે ફરવા માંડ્યા ને બ્રહ્મર્ષિ તથા રાજર્ષિઓનું નિકંદન કાઢવા લાગ્યા. તપસ્વીઓ અને એકાંતવાસી તપશ્ચર્યારત મુનિઓના આશ્રમોનો નાશ કરવામાં એમને આનંદ મળવા માંડ્યો.

'એ માયાવી શક્તિવાળા ભયંકર અસુરોના ઉત્પાતને લીધે પૃથ્વી નીરસ, શોકમયી અને ભયંકર લાગવા માંડી.

'યજ્ઞ, સ્વાધ્યાય, વ્યાપાર તથા ઉત્સવોનો અંત આવ્યો ને પ્રજા દુઃખી બની ગઈ.'

'એમની ભયંકર પ્રવૃત્તિને જોઈને જીતેન્દ્રિય મુનિઓ અને મહાત્મા પુરુષોની પીડાનો પાર ના રહ્યો. એમની ચિંતા, વેદના અને અશાંતિનો અતિરેક થતાં એમણે બ્રહ્મલોકમાં જઈને સુંદ અને ઉપસુંદ તથા એમના અનુચરોના અનર્થની વાતો બ્રહ્માને કહી બતાવી ને પ્રજાની પીડાના નિવારણ માટે પ્રાર્થના કરી.

'બ્રહ્માએ એમને આશ્વાસન આપ્યું અને એ માયાવી અસુરોનો નાશ કરવાની ખાતરી આપી એટલે એ બધા પ્રસન્નતાપૂર્વક પાછા ફર્યા.

'એ પછી એમણે વિશ્વકર્માને બોલાવીને એક અનુપમ સૌંદર્યવતી સ્ત્રીને તૈયાર કરવાનો આદેશ આપ્યો.

'વિશ્વકર્માએ એ આદેશને અનુસરીને સુંદર સ્ત્રીનું નિર્માણ કર્યું.'

'સૃષ્ટિના સર્વશ્રેષ્ઠ રત્નોના અંશમાંથી એના અંગોપાંગોની રચના થઈ હોવાથી, એ સ્ત્રીનું નામ બ્રહ્માએ તિલોત્તમા પાડ્યું.

'તિલોત્તમા બ્રહ્માના આદેશાનુસાર પોતાના અસાધારણ સૌંદર્યની મદદથી સુંદ તથા ઉપસુંદને મોહિત કરવા તથા લડાવવા માટે ચાલી નીકળી.

'દેવો અને ઋષિઓને વિશ્વાસ થયો કે તિલોત્તમા પોતાના કાર્યમાં જરૂર સફળ થશે.

'સુંદ તથા ઉપસુંદ સૃષ્ટિના સામ્રાજ્યનો નિશ્ચિંતતાથી ઉપભોગ કરવા લાગ્યા. એ પોતાને પ્રતિસ્પર્ધીરહિત સમજીને પ્રમાદી વિલાસી બન્યા.

'એક દિવસ એ બંને ભાઈઓ વિંધ્યાચલના સુંદર વનપ્રદેશમાં રંગબેરંગી પુષ્પોને નિહાળતા વિહાર કરી રહેલા. એ વખતે એમની દૃષ્ટિ તિલોત્તમા પર પડી.

'મદ્યપાનના નશામાં ડૂબેલા હોવાથી એમની આંખ ઉત્તેજિત હતી. તિલોત્તમાને જોઈને એ કામાસક્ત બનીને ભાન ભૂલી ગયા અને એનો હાથ પકડીને ઊભા રહ્યા. સુંદે એનો જમણો હાથ પકડ્યો અને ઉપસુંદે ડાબો. બંને મદોન્મત્ત બનીને લગભગ એકસાથે જ બોલી ઊઠ્યા: 'આ રૂપસુંદરી મારી છે; મારી !'

તિલોત્તમા પોતાની મૃતમયી આંખને નચાવતાં બોલી :

'મારો સંકલ્પ છે કે હું જ્યારે પણ થઈશ ત્યારે કોઈ એકની જ થઈશ, બેની નહિ થઉં.'

'તો તો તું મારી છે.' સુંદ બોલ્યો.

'ના, એ તારી નથી, મારી છે.' ઉપસુંદ બોલી ઊઠ્યો: 'સૌથી પહેલાં એનો હાથ મેં પકડ્યો હોવાથી એના પર મારો અધિકાર છે.'

'અરે જા જા અધિકારવાળા ! આ સુંદરીના હાથને છોડી દે નહિ તો હમણાં આવી બન્યું સમજજે.'

'તું એમ ધમકાવે છે તે તારાથી ડરી જવાનો નથી. હું આનો હાથ નથી છોડવાનો.'

'તો પછી આવી જા લડવા. જે યુદ્ધમાં જીતશે તે એને લઈ જશે.'

'તારે લડવું જ હોય તો આવી જા. હું યુદ્ધથી નથી ડરતો.'

'સુંદ અને ઉપસુંદ તિલોત્તમાને મેળવવાના ઉદ્દેશથી ભયંકર ગદાયુદ્ધમાં પ્રવૃત્ત થયા.

બંને એકબીજા પર તૂટી પડ્યા.

બંનેના શરીર લોહીથી લથપથ થઈ ગયાં અને આખરે બંને નિર્જીવ બનીને ચિત્કાર કરતા ધરતી પર ઢળી પડ્યા.

તિલોત્તમા પોતાનું કાર્ય સંપૂર્ણપણે સફળ થયેલું જોઈને સંતોષ પામી. દેવો, મુનિઓ અને બ્રહ્માએ એને અભિનંદન આપ્યાં.

સુંદ અને ઉપસુંદની કથા સાંભળીને અર્જુને કહ્યું:

'સ્ત્રીનો મોહ કેટલો બધો મારક નીવડે છે તે કથા પરથી સહેજે સમજી શકાય છે. એ મોહને લીધે સુંદ તથા ઉપસુંદના પારસ્પરિક પ્રેમનો નાશ થયો અને આખરે એ પણ લડીને મરણ પામ્યા.

નારદે કહ્યું:

'સાચું છે. એટલા માટે માણસે મોહથી સદાય સાવધાન રહેવાનું છે. જો જાગ્રત રહેવામાં ના આવે તો ક્ષુલ્લક દેખાતું કારણ પણ ફૂટ ઊભી કરે છે ને નાશ કરે છે. તમે પાંચે ભાઈઓ ખૂબ જ પ્રેમાળ છો. તમારી અંદર કોઈ કારણથી મોહ કે ભેદભાવ નથી પેદા થાય તેમ છતાં પણ તમે બધા નિયમ કરો કે કોઈ ભાઈ એકાંતમાં હોય ત્યારે બીજાએ એની અનુમતિ વિના અંદર ના જવું. એ નિયમનો જે ભંગ કરે તે એના બાર વરસ સુધી વનમાં રહે.'

નિયમ અને દંડ ઘણો ભારે હોવા છતાં પાંડવોએ નારદની સૂચનાથી એમની વાત કબૂલ રાખી.

* * *

## ૩૩. અર્જુનનો નિયમભંગ

એ વખતે પાંડવોને શી ખબર કે એ નિયમનો ભંગ થોડા વખતમાં જ થઈ જશે, એ પણ બીજા કોઈ નહિ પણ અર્જુન દ્વારા, અને એનો દંડ પણ ભોગવવો પડશે ?

કુંતીને પણ એની કલ્પના ક્યાંથી હોઈ શકે ?

નારદના પ્રયાણ પછી ભીમે યુધિષ્ઠિરને કહ્યું:

'દુર્યોધનનો દ્વેષભાવ એ જીવે છે ત્યાં લગી નહિ મટે. એ આપણે હેરાન કરવાના કીમિયા કર્યા જ કરશે.'

કુંતીએ કહ્યું:

'મને પણ એવું જ લાગે છે. એ મને હસ્તિનાપુરમાં એકાએક મળી ગયેલો ત્યારે એના શબ્દો સાંભળીને મારા પર એવી જ છાપ પડી છે. કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી જ રહે છે તેમ એનો સ્વભાવ સુધરે કે બદલાય એવું નથી લાગતું. પ્રાણ અને પ્રકૃતિ મરે ત્યારે જ જાય એવું કહેવાય છે તે એના સંબંધમાં સાચું છે.'

'એના સંબંધમાં એ વિધાન સંપૂર્ણ સાચું નથી લાગતું. એ વિધાનમાં ફેરફાર કરવો પડે તેમ છે.' અર્જુન બોલ્યો.

'કેમ ?'

મને તો લાગે છે કે એ મરશે પછી પણ પોતાના પ્રકૃતિજન્ય કુસંસ્કારોને સાથે લેતો જશે. જન્માંતરમાં પણ એ એવો જ રહેશે.'

'એ તો કેવી રીતે કહી શકાય ? બુદ્ધિ તથા વૃત્તિનું કાંઈ કહેવાય છે ? એ કોઈવાર સુધરે પણ ખરી. આપણે ઈચ્છીએ છીએ કે એ સુધરે. છતાં એનાથી સાવધાન રહેવાની જરૂર તો છે જ. એ દૂર હોવા છતાં ક્યારે શું કરે તે ના કહેવાય. એટલે કોઈ કારણે ગાફેલ રહેવું તો ના જ પાલવે.'

ભીમ બોલ્યો:

'એમાંથી એવી રીતે સાવધ અને ડરતા રહેવા કરતાં એનો અંત આણી દઈએ એ શું ખોટું છે ? એનું કાયમને માટે કાસળ જ કાઢી નાખીએ તો ? પછી આપણને હેરાન કરવાની એની યોજનાઓ એની સાથે જ યમલોકમાં જતી રહે.'

'ના. એવી ખોટી ઉતાવળ નથી કરવી. એવા અધીરા નથી બનવું. એના કરતાં તો આપણે જાગ્રત રહીએ એ જ બરાબર છે. આપણે જો જાગ્રત હોઈશું તો એ આપણો વાળ પણ વાંકો નહિ કરી શકે. એ ઉપરાંત એક બીજી વાત પણ યાદ રાખવાની છે. એ આપણે માટે ગમે તેટલો દુર્ભાવ કે દ્વેષ રાખે તોપણ આપણે એને માટે દ્વેષ કે દુર્ભાવ રાખવાની જરૂર નથી. દ્વેષ માણસનું અમંગલ કરે છે અને એને જીવતાં જ બાળી અને મારી નાંખે છે. એટલે એ આપણી ઉપર દ્વેષ રાખે તોપણ આપણે એના પ્રત્યે પ્રેમ જ રાખીએ. આપણે એના દુર્ભાવને જાણવા છતાં એની પ્રત્યે સદ્દભાવ જ ધારણ કરીએ. સ્નેહ અને સદ્દભાવથી સંભવ છે કે છેવટે એનું હૃદયપરિવર્તન થઈ જાય. સ્નેહ અને સદ્દભાવમાં એવી શક્તિ છે.' યુધિષ્ઠિરે સલાહ આપી.

પરંતુ એ સલાહ ભીમને ના રુચી. એ તરત જ બોલી ઊઠ્યો:

‘સ્નેહ અને સદ્દભાવમાં એવી શક્તિ હશે તોપણ મને એનો વિશ્વાસ નથી આવતો. આપણા અત્યાર સુધીના સ્નેહ તથા સદ્દભાવનું કોઈ સારું પરિણામ નથી આવ્યું. એને લીધે ઊલટું આપણે હેરાન જ થવું પડ્યું છે, અને આગળ પર પણ કદાચ હેરાન થવું પડશે. લાતોના દેવ વાતોથી ના માને એ લોકોક્તિ તો તમને યાદ હશે. દુર્યોધન અને એના સૂતપુત્ર કર્ણ સરખા સાથીઓના સંબંધમાં એ જ ઉક્તિ લાગુ પડે છે.’

કર્ણનો ઉલ્લેખ સાંભળીને કુંતી તરત જ બોલી:

‘હસ્તિનાપુરમાં હું ગાંધારી પાસે બેઠેલી ત્યારે દુર્યોધન અને કર્ણ બંને ત્યાં આવેલા. એ વખતે કર્ણે દુર્યોધનને ઉદ્દેશીને વાતવાતમાં જે સલાહ આપેલી તેને સાંભળીને મને ખાતરી થઈ કે કર્ણને આપણે માટે દુર્યોધન જેવો દ્વેષ કે દુર્ભાવ નથી. કેટલોક વિપરીત વ્યવહાર એણે દુર્યોધનનો મિત્ર હોવાથી કર્યો હશે છતાં એ એવો દુષ્ટ પ્રકૃતિનો નથી જ.’

‘અને હોય તોપણ શું થઈ ગયું ? એ દુષ્ટ પ્રકૃતિનો હશે કે થશે તોપણ એનાથી ડરવાની જરૂર નથી. હું એને, દુર્યોધનને, દુઃશાસનને ને બીજા બધાને સારી રીતે પહોંચી વળું તેમ છું. મને એનો કે બીજાનો જરા પણ ભય નથી લાગતો.’

થોડોક સમય સુધી સૌ શાંત રહ્યા. પછી યુધિષ્ઠિરે ભીમને કહ્યું:

‘તું બહુ જલદી ઉત્તેજિત થઈ જાય છે એ સારું નથી. થોડીક શાંતિ રાખવી જોઈએ. શાંતિના ફળ હંમેશા મીઠાં હોય છે.’

‘પરંતુ મને તો એ હંમેશા કડવા લાગ્યાં છે.’

’આરંભમાં એ કડવાં લાગે તોપણ આખરે મીઠાં જ હોય છે. એટલે ઉશ્કેરાઈ જવાનું નકામું છે.’

‘મારી વીરતા મને ડરપોક તથા શાંત નથી રહેવા દેતી.’

અર્જુને જણાવ્યું:

‘દુર્યોધનનો સ્વભાવ જોતાં એ એના મિત્રો તથા બંધુઓની મદદથી આપણને શાંતિથી નહિ બેસવા દે. એને લીધે આપણે જાગ્રત તો રહેવું જ પડશે પરંતુ વધારે ને વધારે બળવાન પણ બનવું જોઈશે. દુર્યોધને આપણી સાથે કરેલા ભૂતકાળના વ્યવહારને આપણે ભૂલી ના શકીએ. ભાવિમાં કોઈ પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા થાય ને જરૂર પડે તો મારી ધનુર્વિદ્યાથી હું એને અને એના સાથીઓને સારી પેઠે પહોંચી શકું તેમ છું, છતાં પણ મને કોઈ કોઈવાર એવો વિચાર થઈ આવે છે કે મારી વિદ્યામાં વધારો કરવાના હેતુથી જુદા જુદા સ્થળોમાં વિચરણ કરું. એવી રીતે વીચરીને પ્રતાપી અનુભવી વીરપુરુષો દ્વારા મેળવેલી વિદ્યા કોઈવાર અવસર આવતાં કામ લાગે ખરી.’

‘પરંતુ દ્રૌપદી તને એવી રીતે બહાર જવાની અનુજ્ઞા આપશે ખરી ?’ કુંતીએ પૂછ્યું.

‘નહિ શા માટે આપે ? મારા પ્રયોજનને સમજીને એ મને બધી રીતે મદદરૂપ થશે. એના સહકારની મને પૂરેપૂરી ખાતરી છે. એની અનુજ્ઞાની મને ચિંતા નથી. અનુજ્ઞા તો તારી તથા યુધિષ્ઠિર અને ભીમ જેવા ભાઈઓની મેળવવાની છે. એ મળી જાય એટલે થયું. દ્રૌપદીને તો સમજાવી લઈશ.’

યુધિષ્ઠિરે અર્જુનની ઉદાત્ત ભાવના માટે એને ધન્યવાદ આપતાં કહ્યું:

'તારી ભાવના જોઈને મને આનંદ થાય છે. પરંતુ અત્યારે તો એ ભાવનાનો અમલ નથી કરવાનો ? જ્યારે અમલ કરવાનો અવસર આવશે ત્યારે જોઈ લેવાશે.'

'તારા પરના પ્રબળ પ્રેમભાવને લીધે કોઈ તને બહાર જવાની અનુજ્ઞા આપવા તૈયાર થશે કે કેમ એ પણ શંકા છે.' કુંતી બોલી.

એ વખતે તો વાત ત્યાં જ અટકી અને બધાં વિખરાયાં પરંતુ એની પછીના અઠવાડિયામાં જ એક વિચિત્ર બનાવ બની ગયો.

ઈન્દ્રપ્રસ્થમાં ઊતરી પડેલા દસ્યુઓના દળે એક વેદપાઠી, પવિત્ર આચારવિચારવાળા, બ્રાહ્મણની ગાયોને હાથ કરીને નગર બહાર ચાલવા માંડ્યું.

એ અસહાય બ્રાહ્મણે અર્જુનની પાસે પહોંચીને ક્રંદન કરવાનું શરૂ કર્યું.

એ કરુણ ક્રંદન સાંભળીને અર્જુનનું દિલ દ્રવી ગયું.

અર્જુને પૂછેલા ક્રંદનના કારણના ઉત્તરમાં બ્રાહ્મણે કહ્યું:

'હું રડું નહિ તો બીજું શું કરું ? દસ્યુઓએ મારી એક માત્ર જીવાદોરી જેવી ગાયોનું હરણ કરીને હજુ હમણાં પ્રયાણ કર્યું છે. હજુ એ નગરની બહાર પણ નહિ પહોંચ્યા હોય. મારી ગાયો જવાથી મને ઘણું દુઃખ થયું છે. તમે એમને બચાવી શકો તો સારું. એ આશાથી જ તમારી પાસે આવી પહોંચ્યો છું. રાજા પ્રજા પાસેથી જે કર લે છે તેના બદલામાં પ્રજાનું પોષણ તથા જતન ના કરે તો ખરેખર અપરાધી ગણાય. એવા રાજાથી પ્રજાનું કલ્યાણ ના થઈ શકે.'

'અહીંના રાજા તો યુધિષ્ઠિર છે.'

'એની મને ખબર છે. પરંતુ તમે તેમના ભાઈ હોવાથી તમારી જવાબદારી પણ કાંઈ ઓછી નથી. રાજા યુધિષ્ઠિરને મળવામાં અત્યારે કદાચ વિલંબ થાય તો બધું કામ બગડી જાય એમ માનીને એમની પાસે પહોંચવાને બદલે તમારી પાસે આવી પહોંચ્યો છું. તો તમે મહા શૂરવીર હોવાથી મને મદદ કરો ને મારી ગાયો પાછી લાવી આપો તો તમારો હંમેશને માટે ઋણી રહીશ.'

અર્જુને એને આશ્વાસન આપતાં કહ્યું:

'ગાયો અને બ્રાહ્મણો પ્રત્યે તો મને પણ પૂજ્ય ભાવ છે એટલું જ નહિ સમસ્ત પ્રજા પ્રત્યે પ્રેમભાવ છે. પ્રજાની રક્ષા કરવી અને એનાં દુઃખો દૂર કરવાં એ અમારો ધર્મ છે. એ ધર્મના પાલન માટે સદાય તૈયાર રહું છું. હું હમણાં જ એ દસ્યુઓનો પીછો કરીને તમારી ગાયોને એમના હાથમાંથી મુક્ત કરીને તમને સુપ્રત કરું છું.'

એમ કહીને અર્જુને સારથિને રથ તૈયાર કરવાનો આદેશ આપ્યો.

એ પોતાનાં શસ્ત્રો લેવા ઊભો થયો ત્યાં જ એને યાદ આવ્યું કે શસ્ત્રો તો યુધિષ્ઠિરના રમણીય રાજભવનમાં છે અને યુધિષ્ઠિર તો અત્યારે સ્ત્રી સાથે એકાંતમાં બેઠા છે !

એ થોડીવાર સુધી વિચારમાં પડી ગયો.

એટલામાં ત્યાં ભીમ આવી પહોંચ્યો.

ભીમને એણે સઘળી હકીકત કહી બતાવીને જણાવ્યું:

'અત્યારે જો યુધિષ્ઠિરના ભવનમાં જઉં છું તો આપણે સર્વસંમત થઈને કરેલા નિયમનો ભંગ થાય છે ને નથી જતો તો આ મદદની આશાથી આવેલા બ્રાહ્મણને નુકસાન થાય છે.'

ભીમે પૂછ્યું:

'બ્રાહ્મણની મદદે હું જાઉં તો ?'

'તો બરાબર નહીં થાય. એણે મારી મદદ માગી છે એટલે એ મદદ મારે જ કરવી જોઈએ. મારા ધર્મમાંથી મારાથી ના ડગાય. દસ્યુઓનો સામનો તારા કરતાં મારાથી વધારે સારી રીતે થઈ શકશે. માટે એમની પાછળ પડીને એમનો સામનો કરીને ગાયોને બચાવવા માટે હું પોતે જ જાઉં એ જ બરાબર છે.'

'તો પછી ...'

'અત્યારે વધારે વિચારવાનો ને વાતો કરવાનો વખત નથી. જે ક્ષણો જાય છે તે મહામૂલ્યવાન જઈ રહી છે. નિયમભંગનો દંડ મારાથી ભોગવી લેવાશે પણ ધર્મ કે કર્તવ્યપાલનનો ભંગ નહીં કરી શકાય. કોઈ પણ પ્રકારના લોભ, મોહ, સ્વાર્થ કે ભયની વૃત્તિને વશ થઈને બીજાની સેવાના ધર્મમાંથી ચલિત ના થઈ શકાય. એ ધર્મનું પાલન કરતાં કરતાં નાનું કે મોટું બીજું નુકસાન વેઠવા ઉપરાંત શરીરની આહૂતિ આપવી પડે તોપણ શું ? સેવાધર્મના પાલનથી જે સંતોષ સાંપડે છે એની આગળ મોટી મોટી વિપત્તિઓની પણ કશી વિસાત નથી. એવી વિપત્તિઓ આવે તોપણ એમને હસતાં હસતાં સહન કરવી જોઈએ.'

એમ કહીને અર્જુને યુધિષ્ટિરના રાજપ્રાસાદમાં પ્રવેશ કર્યો.

યુધિષ્ઠિરની અનુમતિ મેળવીને એણે ધનુષ્યબાણ ધારણ કર્યાં ને બ્રાહ્મણની સાથે દસ્યુઓનો પ્રતિકાર કરવા પ્રયાણ કર્યું.

દસ્યુઓ ગાયો સાથે ઈન્દ્રપ્રસ્થની સીમા છોડીને આગળ વધવાની તૈયારીઓમાં હતા ત્યાં જ અર્જુને એમને અટકાવ્યા અને એમની ઉપર બાણોની વર્ષા કરી.

દસ્યુઓ એમ સહેલાઈથી પાછા પડે તેમ ન હતા.

એમણે અર્જુનનો વીરતાપૂર્વક સામનો કર્યો.

પરંતુ અર્જુનની વીરતા આગળ એમની વીરતા જરા પણ વિસાતમાં ન હતી.

અર્જુનના અસાધારણ સામર્થ્ય આગળ એ લાંબો વખત ટકી ના શક્યા.

કેટલાય દસ્યુઓ ભયંકર રીતે ઘાયલ થયા ને કેટલાય મરી ગયા.

જે થોડાઘણા બચ્યા તે પોતાના પ્રાણ બચાવવા અર્જુનને શરણે આવ્યા.

બ્રાહ્મણને પોતાની ગાયો પાછી મેળવીને ઘણો આનંદ થયો.

એણે અર્જુનને અંતઃકરણપૂર્વકનાં અભિનંદન આપતાં કહ્યું:

'તમારો પરિશ્રમ ઘણો પ્રશસ્ય છે. સુખ, સગવડ તથા સલામતીની વચ્ચે રહીને બીજાની સેવા કરવી એ એક વાત છે. એમાં પણ જોકે ઓછી શક્તિ નથી જોઈતી. પરંતુ દુઃખ, પ્રતિકૂળતા તથા વિપત્તિમાંથી માર્ગ કાઢીને બીજાને મદદરૂપ થવું એ જુદી જ વાત છે અને એમાં અધિક મનોબળની જરૂર પડે છે. તમારી સેવા એ દૃષ્ટિએ જોતાં ઘણી મૂલ્યવાન છે. હું એને જીવનભર નહીં ભૂલી શકું.'

ગાયોની રક્ષાની વાત સાંભળીને ઈન્દ્રપ્રસ્થના નાગરિકો અર્જુનનાં મુક્ત કંઠે વખાણ કરવા લાગ્યા.

અર્જુનને પોતાના કર્તવ્યપાલનનો સંતોષ થયો.

યુધિષ્ઠિરની પાસે પહોંચીને એણે પોતાના પરાક્રમની હકીકત કહી સંભળાવી ત્યારે એમને પણ આનંદ થયો.

કુંતી, દ્રૌપદી, નકુલ, સહદેવ અને ભીમ પણ રાજી થયા.

પ્રસન્નતાની એ પળોમાં પણ અર્જુન પોતાના પ્રકૃતિસહજ વિવેકને નહોતો ભૂલ્યો એટલે યુધિષ્ઠિરને ઉદ્દેશીને બોલ્યો:

‘તમે મારા પરાક્રમની પ્રશસ્તિ તો કરી પરંતુ મારા અપરાધ સંબંધી તો કશું કહ્યું નહિ.’

‘કયો અપરાધ ?’ યુધિષ્ઠિરે પૂછ્યું.

‘કેમ ? ભૂલી ગયા ? તમે એકાંત આવાસમાં બેઠા’તા એમાં તમારી અનુજ્ઞા વિના પ્રવેશ કરીને મેં આપણા સર્વસંમત નિયમનો ભંગ કર્યો. એથી વધારે મોટો અપરાધ બીજો ક્યો હોઈ શકે ? એનો દંડ મને મળવો જોઈએ. એ દંડ ભોગવવાની મારી તૈયારી છે.’

‘પરંતુ એ અપરાધ સહેતુક હતો.’

‘સહેતુક હોય તોપણ અપરાધ તો હતો જ ને ?’

‘એ અપરાધને ક્ષમા કરી દઉં છું. મારા દિલમાં એનું દુઃખ જરા પણ નથી. ઊલટું, તેં જે સેવાનું શુભ કર્મ કર્યું છે એને લીધે આનંદ છે.’

‘પરંતુ મારા દિલમાં મારા અપરાધનું દુઃખ છે તેનું શું ?’

‘એ દુઃખ કાઢી નાખ.’

‘એ નથી નીકળે તેવું.’

‘નીકળી જશે. તેં જે કર્યું છે તેથી મારું તમારે માટેનું માન વધી ગયું છે.’

‘છતાંપણ તમે જ કહ્યું છે કે ધર્મના પાલનમાં પ્રમાદ ના હોઈ શકે. નિયમનું પાલન સંપૂર્ણપણે ને સઘળા સંજોગોમાં કરાવું જોઈએ.’

કુંતીએ, ભીમસેને ને યુધિષ્ઠિરે અર્જુનને વારંવાર સમજાવ્યો તોપણ અર્જુન ના માન્યો.

વનવાસની દીક્ષા લઈને એ વનમાં જવા માટે તૈયાર થયો ને બોલ્યો:

‘ઈન્દ્રપ્રસ્થની બહાર જવાથી મને નિયમપાલનનો સંતોષ તો થશે જ પરંતુ બીજી રીતે પણ લાભ થશે એવો વિશ્વાસ છે. સુખ તથા સમૃદ્ધિ તો જીવનમાં મળ્યા કરે છે પરંતુ ધર્મપાલનના અવસરો અવારનવાર નથી મળતા. એ અવસરોને ખોઈ દેવામાં બુદ્ધિમાની નથી દેખાતી. માટે તમે બધાં મને મોટા દિલથી આશીર્વાદ આપો કે નિયમનો દંડ ભોગવીને હું પૂરેપૂરા સંતોષપૂર્વક ઈન્દ્રપ્રસ્થમાં પાછો ફરું.’

*

અર્જુન ઈન્દ્રપ્રસ્થની બહાર નીકળવા તૈયાર થયો ત્યારે કુંતી, દ્રૌપદી અને યુધિષ્ઠિરાદિ ભાઈઓની આંખમાં આંસુ આવ્યાં.

અર્જુને સૌને હિંમત આપીને કહ્યું:

‘છેલ્લા કેટલાક દિવસોથી મારા મનમાં જુદા જુદા પ્રદેશોનો પ્રવાસ કરવાની ઈચ્છા પેદા થયેલી. એ

આવી રીતે પૂરી થશે. એકમેકથી છૂટા પડતી વખતે આપણને દુઃખ થાય એ સ્વાભાવિક છે પરંતુ એને શાંતિથી સહન કર્યા સિવાય બીજો રસ્તો જ નથી. દુઃખનો વિચાર કરીને ધર્મપાલનમાંથી પાછા ના વળાય. કાળને કાંઈ વાર લાગે છે ? વચગાળાનો વખત હમણાં વીતી જશે અને એક દિવસ ઈન્દ્રપ્રસ્થમાં પાછા આવવાનું પણ થઈ રહેશે.'

દ્રૌપદીને એણે ખાસ આશ્વાસન આપ્યું.

ઈન્દ્રપ્રસ્થના પ્રજાજનો અર્જુનની વિદાયના સમાચાર સાંભળીને અવસ્થ તો બન્યા જ પરંતુ સાથેસાથે કેટલાક એની કર્તવ્યપરાયણતાની પ્રશંસા કરવા લાગ્યા.

કોઈ કોઈ કહેવા લાગ્યા.

'આટલા બધા કઠોર નિયમો ના રાખવા જોઈએ.'

'અને રાખે તોપણ એમના ભંગનો દંડ આવો ભારે ના હોવો જોઈએ.'

'અરે આપણાથી એવો દંડ ભોગવી શકાય તેમ છે ? એ તો અર્જુન જેવા મહાવીર જ ભોગવી શકે. આપણે તો આવી રીતે વનમાં જવા તૈયાર પણ ના થઈએ.'

'અને જરૂર પડ્યે એવો દંડ કરનારના સામા પણ થઈએ.'

'સાચું છે. અર્જુન કોઈ સામાન્ય માનવ નથી, મહામાનવ છે. છતાં હવે ઈન્દ્રપ્રસ્થની શોભા ઘટી જશે.'

રાજા યુધિષ્ઠિર અર્જુનના વનવાસનો વખત ઓછો કરી નાખે તોપણ સારું.'

'એ તો એને સમજાવીને પારસ્પરિક સમજૂતીથી ઓછો કરશે જ.'

'કદાચ એમણે ઓછો કર્યો પણ હશે.'

'તો તો ઘણું સારું થાય.'

'પરંતુ સાંભળ્યું છે કે અર્જુને નિયમપાલનનો દૃઢ આગ્રહ રાખીને કોઈનીય વાત ના માની.'

'માતા કુંતીની પણ નહિ ?'

'ના.'

'અને મોટા ભાઈ રાજા યુધિષ્ઠિરની ?'

'એમની પણ નહિ.'

'એ તો ઘણું વિચિત્ર કહેવાય.'

'અર્જુનના ઈન્દ્રપ્રસ્થ ત્યાગના સમાચાર હસ્તિનાપુર પહોંચતાં વાર ના લાગી.

હસ્તિનાપુરના પ્રજાજનો પણ એ સમાચાર સાંભળીને ભારે શોકમગ્ન બની ગયા.

કોઈકે કહ્યું:

'પાંડવો વનમાં જન્મીને થોડાંક વરસથી જ નગરમાં આવ્યા છે. ત્યાંથી આવ્યા પછી એમનું જીવન સુખી હતું. ઈન્દ્રપ્રસ્થમાં તો એમનું સુખ પરાકાષ્ઠાએ પહોચેલું. પરંતુ કાળથી એ ના જોઈ શકાયું એટલે અર્જુનને વનમાં જવું પડ્યું.'

'એમના ગ્રહયોગો જ કાંઈક એવા છે કે એમના જીવનમાં એક અથવા બીજી જાતની આફત આવતી જ જાય છે. એમના જીવનનો પ્રવાહ એકસરખો વહેતો જ નથી.'

'મને તો લાગે છે કે આ વખતની આફત તો એમણે હાથે કરીને કરીને ઊભી કરી છે. નહિ તો અર્જુને પોતાનાં હથિયારો લેવા માટે યુધિષ્ઠિરના ખંડમાં પ્રવેશ કર્યો એનો વળી એવો કઠોર દંડ હોઈ શકે ? હું ત્યાં હોત તો યુધિષ્ઠિર અને અર્જુન બંનેને સમજાવત.'

'અરે, ભાઈ, નિયમ એટલે નિયમ. એના ભંગનો દંડ ભોગવ્યે જ છૂટકો.'

'પરંતુ એ દંડ આવો ભારે હોય અને નિયમ પણ આવો જડ, અંધ કે કઠોર હોઈ શકે ?'

દુર્યોધનને એ સમાચાર મળ્યા ત્યારે એ અતિશય આનંદમાં આવી ગયો ને બોલ્યો:

'એ તો ખૂબ સારું થયું. પાંડવોનું બળ હવે ઓછું થશે. અર્જુનને લીધે એ ખૂબ જ શક્તિશાળી હતા. દ્રૌપદી કેવી દુર્ભાગી અથવા અપશુકનવંતી છે એની માહિતી પણ હવે એમને મળી રહેશે. એ હજુ હમણાં જ આવી છે ત્યાં તો અર્જુનના જીવનમાં મોટું અમંગલ આવી પડ્યું તો આગળ પર તો શુંય થશે ? દ્રૌપદીનાં પગલાં પુનિત નથી પરંતુ અપવિત્ર અને હાનિકારક છે એની એમને ખાતરી થશે.'

દુઃશાસને એની વાતને ટેકો આપ્યો.

* * *

## ૩૪. કૃષ્ણ અને અર્જુન

ઈન્દ્રપ્રસ્થમાંથી બહાર નીકળ્યા પછી અર્જુન એકલો પડ્યો ત્યારે એના હૃદયના દુર્ભેદ્ય સંયમબંધો તૂટી ગયા. એના હસતા રહેતા મુખમંડળ પર કરુણાની રેખાઓ ફરી વળી. એની અમીમય, દિપ્તિભરી આંખમાં અશ્રુ ઊમટી પડ્યાં.

એ કઠોર હૃદય તો હતો જ નહિ. ફક્ત નિયમપાલનના આગ્રહને લીધે કઠોર થયેલો દેખાયેલો એટલું જ. કઠોરતાના એ બહારના કવચને ભેદીને એનું માખણમૃદુ હૃદય અવસર મળતાં અખૂટ અથવા અગાધ લાગણીના રૂપમાં બહાર નીકળી આવ્યું.

એ જેમ જેમ આગળ વધતો ગયો તેમ તેમ યુધિષ્ઠિરાદિ ભાઈ, કુંતી તથા દ્રૌપદીનો સ્નેહ એને વધારે ને વધારે યાદ આવવા માંડ્યો. એમની લાગણીસભર આકૃતિ એની આંખ આગળ રમવા લાગી.

એ બધાં જાણે એની સાથે જ ચાલતાં હોય એવો આભાસ એને થવા માંડ્યો.

સ્નેહનાં સંસ્મરણોની સ્મૃતિ થવાથી એનું અંતર ગદ્દગદ્ બની ગયું કે દ્રવી રહ્યું.

પુરુષ પરમહંસ કે પથ્થર હોય તો એની વાત જુદી છે બાકી તો સ્વજન કે સ્નેહીઓનો વિયોગ સૌને હલાવે છે ને રડાવે છે. વિદ્વાનને પણ અને અવિદ્વાનને પણ. વીરને પણ અને નિર્વીયને પણ. સમૃદ્ધિશાળીને તથા સમૃદ્ધિરહિતને પણ. અરે કદીકદી તો પરમહંસને પણ.

એની આગળ કશા જ ભેદભાવ નથી રહેતા. બધા જ ભેદભાવ લુપ્ત થઈ જાય છે.

અર્જુનનું હૈયું પણ સ્નેહનાં સંવેદનોને લીધે હાલી ગયું તો ખરું જ છતાં એણે એને બનતી વહેલી તકે સંભાળી લીધું ને કાબૂમાં કરી દીધું.

એણે પોતાના મનને કહ્યું:

'અરે, આટલી બધી કરૂણતા શા માટે ? વખત વખતનું કામ કરશે, હમણાં જ વહી જશે, ને પાછું સૌને મળવાનું થશે. વખત લાંબો છે તોપણ એને જતાં વાર નહિ લાગે.'

*

અર્જુન જુદાં જુદાં સ્થળોમાં રહેતાં ને પ્રવાસ કરતાં ગંગા તટવર્તી હરિદ્વારમાં આવ્યો.

ત્યાંનું નૈસર્ગિક વાતાવરણ એને અતિશય આનંદમય લાગ્યું.

ત્યાંની લોકપ્રસિદ્ધ ભૂમિનાં પ્રશાંત પરમાણુઓએ એના અંતરને શાંતિ આપી.

જુદા જુદા તપપરાયણ ઋષિમુનિઓના દર્શન સમાગમનો લાભ પણ એને સહેજે મળી ગયો.

હરિદ્વારથી આગળ વધીને એણે હિમાલયના અંદરના પર્વતીય પ્રદેશમાં પ્રવેશ કર્યો.

ગંગાના પવિત્ર પ્રવાહને કિનારે કિનારે સુંદર સડક હતી.

એ સડક ક્યાંક આકાશને અડવા મથતી ઉપર ચઢતી, ક્યાંક સીધી હતી તો ક્યાંક ગંગાના સુખદ શાંતિમય સ્પર્શની કામના કરતી નીચે ઊતરતી.

દેવદાર, ચીડ, ચીનાર તથા બીજાં અસંખ્ય પર્વતીય વૃક્ષોની શોભા આંખને આનંદ આપતી.

પર્વતોના શિખરો પરથી પ્રવાહિત થતાં ઝરણાં પણ કલકલ નિનાદે નીચે પડતાં અને આનંદ

આપતાં.

પર્વતોની સોડમાં રંગબેરંગી પુષ્પો પ્રકટેલાં.

એમનું અવલોકન કરનારના અંતરનું આકર્ષણ થયા વિના ના રહેતું.

હિમાલયના પુનિત પ્રદેશના એ પ્રવાસથી ઘણો લાભ થયો.

એણે નાગદેશ તથા અંગ, બંગ અને કલિંગ દેશોમાં પણ વિહાર કર્યો.

એ પછી મહેન્દ્ર પર્વત પરથી પસાર થઈને સમુદ્રના તટપ્રદેશ પરથી આગળ વધીને એ મણિપુર પહોંચ્યો. ત્યાંથી એણે ગોકર્ણ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો.

એવી રીતે વનવાસનો મોટા ભાગનો વખત પૂરો કરી એણે પશ્ચિમી સમુદ્રનાં તટવર્તી તીર્થોના પ્રવાસનો પ્રારંભ કર્યો.

એ સુંદર સુખદ પ્રવાસ દરમિયાન એ પ્રભાતક્ષેત્રમાં આવી પહોંચ્યો ત્યારે કૃષ્ણને એના શુભાગમનના સમાચાર સાંપડવાથી એ પ્રભાતક્ષેત્રમાં આવીને એને મળવા માટે નીકળી પડ્યા.

કૃષ્ણ અને અર્જુન પ્રભાસક્ષેત્રના પાવન તીર્થમાં મળ્યા ત્યારે જાણે લાંબા સમયથી છૂટા પડેલા જીવ અને શિવ ભાવપૂર્વક ભેગા થયા હોય એવો ભાસ થવા માંડ્યો.

એમના અંતરનો આનંદ અવર્ણનીય હતો.

એકમેકના કુશળ સમાચાર પૂછ્યા પછી અર્જુને કૃષ્ણને પોતાના પ્રવાસની માહિતી પૂરી પાડીને કહ્યું:

'મારા જીવનમાં થયેલા નિયમભંગને પરિણામે એકાએક આવી પડેલો આ પ્રવાસ મારે માટે ખરેખર લાભકારક પુરવાર થયો છે. સૌથા મોટો લાભ તો તમારા મેળાપનો થયો. લાંબા વખતથી તમને મળવાની ઈચ્છા હતી તે આજે અચાનક પૂરી થઈ એ પણ તમારા અનુગ્રહનું જ પરિણામ છે. તમારા અનુગ્રહ સિવાય આવી રીતે મળવાનું શક્ય ના બની શકત.'

કૃષ્ણે કહ્યું:

'તને, બીજા પાંડવોને અને કુંતીને મળવા માટે મને અવારનવાર ઈચ્છા થઈ આવે છે પરંતુ કામકાજમાં વ્યસ્ત હોવાને લીધે એ ઈચ્છાનો અમલ નથી કરી શકતો. છેલ્લા થોડાક દિવસથી તો એ ઈચ્છા અત્યંત બળવાન બનેલી. એને લીધે દૈવે જાણે કે સામેથી ચાલીને તારો મેળાપ કરાવી દીધો. તું પ્રભાસમાં આવી પહોંચ્યો છે એ સમાચાર મળતાં જ મને આનંદ થઈ રહ્યો. તને મળવા સારું મારું અંતર તલપાપડ બની રહ્યું અને મારાથી અહીં આવ્યા વિના રહી જ ના શકાયું.'

'એ બધી તમારી કૃપા છે. મને પણ તમારું સ્મરણ નિરંતર થયા કરતું અને તમારી પાસે પહોંચી જવાનું મન થતું. પરંતુ બીજા કેટલાક પ્રદેશોનું નિરીક્ષણ કરવાની મને આકાંક્ષા હોવાથી મેં મનોમન નક્કી કરેલું કે એ પ્રદેશોનો પ્રવાસ પતાવીને છેવટના દિવસો દરમિયાન તમારા સંસર્ગનું સ્વર્ગીય સુખ પ્રાપ્ત કરીશ. આજે મારો એ મંગલ મનોરથ પરિપૂર્ણ થાય છે ત્યારે લાગે છે કે આ જગતમાં મારા જેવો બડભાગી બીજો કોઈ જ નથી.'

'તું સાચેસાચ બડભાગી છે, અર્જુન ! સૌથી વધારે બડભાગી. તારી યોગ્યતા તથા શક્તિ અત્યંત અસાધારણ છે એટલે તો તને દ્રૌપદી મળી છે.'

'છતાં પણ એને લીધે હું મારી જાતને એટલી બધી બડભાગી નથી માનતો. સંસારમાં સ્ત્રી તો મોટે ભાગે સૌને મળી રહે છે. કોઈને વધારે સારી, કોઈને સારી, ઓછી સારી કે કોઈને નઠારી. સ્ત્રીને પુરુષ પણ મળી રહે છે. એને લીધે કોઈને ભાગ્યશાળી માનીએ તોપણ એ ભાગ્ય બહુ મોટું અથવા ઈર્ષ્યા કરવા લાયક નથી લાગતું. આ સંસારમાં માણસને ઓછાવત્તા પ્રમાણમાં બીજું બધું મળી રહે છે પરંતુ તમારા જેવા માયાળુ, માંગલ્યમૂર્તિ મહાપુરુષોનો સમાગમ, સ્નેહ અને અનુગ્રહ નથી મળતો. એનું મૂલ્ય મારે મન સૌથી વિશેષ છે. હિમાલય જેવી રીતે પર્વતોમાં એક જ છે, નદીઓમાં પતિતપાવની ગંગા એક જ છે, અને વૃક્ષોમાં ચંદનવૃક્ષ તથા સાગરોમાં ક્ષીરસાગર પણ એક જ છે, તેમ પુરુષોમાં પણ તમારા જેવા તમે એક જ અથવા અજોડ છો. તમારાં દર્શનને મારું મોટામાં મોટું સૌભાગ્ય સમજું છું.'

'કિન્તુ હું તો તારો સંબંધી અથવા સ્વજન છું.'

'એ બરાબર છે.'

'એટલે આપણા અંતરમાં એકમેકને માટેની લાગણી કે પ્રીતિ અથવા મમતા હોય જ. એ તદ્દન સ્વાભાવિક છે.'

'છતાં પણ હું તમને કોણ જાણે કેમ પણ એક સંબંધી અને સ્વજન કરતાં જરા જુદી દૃષ્ટિએ જોયા કરું છું. એ દૃષ્ટિ મારાથી સમજાવી શકાય તેમ નથી અને એનું કારણ પણ નથી કહી શકાય તેમ, છતાં પણ એ દૃષ્ટિ છે એ એક હકીકત છે. બાકી સંબંધી તથા સ્વજનો તો બીજાં અનેક છે તોપણ કોઈના પ્રત્યે તમારા જેવો ને જેટલો પ્રેમભાવ નથી થતો અને તમારા જેવું ને જેટલું આકર્ષણ પણ નથી થતું.'

'તું મને કેવીક દૃષ્ટિથી જુએ છે તે કહી બતાવીશ ?'

'એને જો કહી બતાવવાની શક્તિ હોત તો તો પછી બાકી રહેત જ શું ? મારા હૃદયનું અથવા એમાં રહેલી ભાવનાનું શબ્દોમાં સંપૂર્ણપણે વર્ણન કરવાની શક્તિ મારામાં નથી લાગતી. છતાં પણ એટલું તો અવશ્ય કહી શકું કે જગતમાં જેટલું મંગલ છે, મધુમય છે, સરસ, સુંદર અને સામર્થ્યવાન છે, જેટલું પ્રેમાળ, ઉદાત્ત અને ઉત્તમ છે, તથા જેટલું અસાધારણ અને સર્વોત્તમ ચૈતન્યતત્વના પ્રતીકરૂપ છે, તે બધું તમારી અંદર પૂર્ણપણે પ્રકટ થયું હોય, તમારા સ્વરૂપમાં સાકાર બન્યું હોય, અને તમારામાં એકત્ર થયું હોય એવું મને લાગ્યા કરે છે. આજથી જ નહિ પરંતુ આપણે પહેલવહેલાં મળ્યા ત્યારથી જ. દિવસે દિવસે મારા અંતરનો એ ભાવ કે વિશ્વાસ વધતો જ જાય છે.'

કૃષ્ણે સમધુર સ્મિત સાથે જણાવ્યું:

'સ્નેહ અને ખાસ કરીને ઉત્કટ સ્નેહ હોય ત્યાં એવી ભાવના સ્વાભાવિક થઈ જાય છે.'

અર્જુને શાંત છતાં લાગણીયુક્ત સ્વરે કહ્યું:

'એ કેવળ ભાવના જ નથી, પ્રતીતિ છે. બુદ્ધિ એને સમજી શકે છે ખરી પરંતુ સંપૂર્ણપણે સમજાવી નથી શકતી. કારણ કે એને પોતાની નિશ્ચિત મર્યાદા છે. એવી પ્રતીતિ કેવળ મારી જ છે એવું નથી, બીજાની પણ છે.'

'બીજા કોની ?'

'યુધિષ્ઠિર તથા દ્રૌપદીની.'

'દ્રૌપદીની પણ ?'

'હા. એણે મને ઈન્દ્રપ્રસ્થમાં એક દિવસ એ હકીકત કહી બતાવેલી. એને તમારા પ્રત્યે અખંડ અનંત ભાવભક્તિ છે. એ બાબતમાં એ મારાં કરતાં જરાય પાછળ નથી લાગતી. મારા કરતાં બે ડગલાં આગળ હશે એની ના નહીં. એ તમારા પરિચયમાં વધારે વાર નથી આવી તોપણ તમારે માટે એને ખૂબ જ પૂજ્યભાવ પેદા થયો છે.'

કૃષ્ણે કહ્યું:

'કોને કોના પ્રત્યે ક્યારે ને કયા કારણે પ્રેમ અને પૂજ્યભાવ પેદા થાય ને પેદા થયેલો ભાવ ઓછો થાય કે નષ્ટ થઈ જાય એ કાંઈ કહી શકાય તેમ છે ? તમારો સૌનો મારા પ્રત્યેનો પ્રેમભાવ અખંડ રહે એવી આશા રાખું છું, પરંતુ સાથે સાથે કહી દઉં કે હું એક સામાન્ય માનવ છું અને જીવનમાં ક્રમેક્રમે વિવેકપૂર્વક આગળ વધું છું.'

અર્જુન તરત જ બોલી ઊઠ્યો:

'તમને સામાન્ય માનવ કોણ કહી શકે ? તમને જાણતા હોય તે તો ના જ કહી શકે.'

'એ એમની ઈચ્છાની વાત છે છતાં હું કોઈ અસાધારણતાનો દાવો નથી કરતો.'

'એવો દાવો કરવાનો હોતો જ નથી. એ તો આપોઆપ આવી જાય છે.'

'મેં તો તને મારી પરિસ્થિતિ કહી બતાવી. પછી તારે જે માનવું હોય તે માનવા તું સ્વતંત્ર છે. સૌ કોઈ સ્વતંત્ર છે.'

'એક બીજી વાત પણ કહી બતાવું.' અર્જુન થોડીવાર શાંત રહીને આગળ બોલ્યો: 'તમને મળું છું ને તમારી પાસે બેસું છું ત્યારે એવું લાગે છે કે હવે બીજે ક્યાંય નથી જવું ને બીજું કશું જ નથી મેળવવું. કોઈયે તપવ્રત કે તીર્થાટન નથી કરવું. બધું તમારામાં સમાઈ ગયું કે મૂર્તિમંત થયું લાગે છે. એ સૌના ફળરૂપે જ તમે મળ્યા હો એવું લાગ્યા કરે છે. તમારા સાંનિધ્યની શાંતિ અજબ છે. તમારા સહ્વાસનું સ્વર્ગીય સુખ તમે કદાચ નહિ સમજી શકો. એ તો મારું મન જાણે છે ને માણે છે. તમને નિહાળીને કોણ જાણે કેમ પણ એમ થાય છે કે આ જગતમાં મેળવવા જેવું બધું જ મળી ગયું, જડવા જેવું સઘળું જડી ગયું, હવે કાંઈ જ શેષ ના રહ્યું. બસ હવે તમને જોતા, સાંભળતા, તમારી સેવા કરતા ને તમારા આદેશને અનુસરતા તમારી પાસે જ બેસી રહીએ, તમારી સાથે જ રહીએ, ને તમારા કૃપાપાત્ર થઈને જીવન યાપન કરીએ. કોણ જાણે એવું કેમ થાય છે ? પણ થાય છે એ ચોક્કસ.'

કૃષ્ણે એવી જ નિર્વિકારિકતાથી કહ્યું:

'એવી લાગણી પાછળ તારો મારા પ્રત્યેનો પવિત્ર પ્રેમ રહેલો છે એટલે જ. એ લાગણી સારી છે એની ના નહિ તોપણ એને વશ થઈને બેસી રહેવાનું બરાબર તો નથી જ. જીવન જેમ પોતાના વ્યક્તિગત સુખ અને શ્રેયને માટે છે તેમ સાથે સાથે સમષ્ટિગત સમુન્નતિને માટે પણ છે. જીવનમાં એને માટે પણ સતત પરિશ્રમ કરતા રહેવાનું છે. દબાયલાં અને કચડાયલાને ઉપર ઉઠાવવા, બંધનગ્રસ્તને વિવિધ પ્રકારનાં બંધનથી મુક્ત કરવા તેમ જ વ્યથિતને વ્યથારહિત કરીને આ પૃથ્વીને વધારે સરસ, સમૃદ્ધ અને સ્વર્ગીય કરવા માટે મહેનત કરવાની છે. એ માટે જ મારું જીવન છે. મારા અત્યાર સુધીના જીવનમાં મેં એને માટે જ

કામ કર્યું છે: દુષ્ટોના દમન માટે ને સજ્જનોના સંરક્ષણ માટે. તારે એ મહાન મંગલ કાર્યમાં મને મદદરૂપ થવાનું છે.'

'હું એને માટે તૈયાર જ છું. તમારા એ સત્કર્મમાં સહભાગી થવામાં મને આનંદ આવશે ને ગૌરવ લાગશે.'

'હાલ તો આપણે દ્વારકા જઈએ. ત્યાં મારી સાથે થોડા દિવસ રહેશે ત્યાં સુધી તારો ઈન્દ્રપ્રસ્થથી બહાર રહેવાનો સમય પૂરો થશે એટલે પછી નિરાંતે જવાશે.'

અર્જુનને વાયુવેગી સુંદર અશ્વોવાળા રથમાં બેસાડીને કૃષ્ણે દ્વારકાની દિશામાં પ્રયાણ કર્યું.

માર્ગમાં આવતાં નયનાભિરામ, આકર્ષક, આનંદદાયક દૃશ્યોને નિહાળતા બંને આગળ વધતા ગયા ને થોડા જ વખતમાં દ્વારકા પહોંચી ગયા.

દ્વારકામાં પ્રવેશતી વખતે કૃષ્ણે અર્જુનને ઉદ્દેશીને કહ્યું:

'વિધિની વિચિત્રતા કેવી અનેરી છે તેનો વિચાર તો કરી જો. એનો વિચાર કરતાં મન સ્તબ્ધ બની જાય છે. મારો જન્મ થયો કંસના એકાંત કારાગારમાં, મારું લાલનપાલન થયું નંદ તથા યશોદાના ઘરે યમુનાતટવર્તી નાનાસરખા ગામ ગોકુલમાં, વચ્ચેનો થોડોક વખત મથુરામાં પસાર થયો, અને હવે મેં દ્વારકામાં વાસ કર્યો છે. સમુદ્રના પ્રશાંત તટપ્રદેશ પર વસેલું દ્વારકા સઘળી રીતે સુંદર, સ્વચ્છ, સમૃદ્ધ, સુશોભિત અને અમરાપુરીથીય અધિક આનંદદાયક છે. મને તો એ ખૂબ જ ગમે છે. તને કદાચ ખબર નહિ હોય પણ આ સુંદર સમૃદ્ધ પુરીને મેં જ વસાવી છે.'

'મને એની માહિતી છે. એ માહિતી મને કુંતીએ જ આપેલી.'

'કુંતીએ ?'

'હા. કુંતીએ. એણે હજુ આ સુંદર નગરી નથી જોઈ પરંતુ એના દર્શનની અભિલાષા તો એને છે જ.'

'કોઈકવાર એ અભિલાષા પૂરી થશે ખરી.'

દ્વારકાના ચિત્તાકર્ષક મંગલમય માર્ગો પરથી પસાર થતા જીવ અને શિવની સુંદર જોડી જેવા દેખાતા અર્જુન તથા કૃષ્ણને નિહાળીને પુરવાસીઓએ પ્રસન્નતા પ્રકટ કરી.

કૃષ્ણનું કળાત્મક રમણીય રાજભવન જોઈને તો અર્જુન એકદમ આભો જ બની ગયો ને બોલી ઊઠ્યો:

'મારા પ્રવાસકાળ દરમિયાન જુદા જુદા રૂપરંગવાળાં અનેક રમણીય રાજભવનોને અવલોકવાનો અવસર મને પ્રાપ્ત થયો છે. હસ્તિનાપુર, દ્રુપદનગર અને ઈન્દ્રપ્રસ્થનાં રાજભવનમાં તો રહેવાનો સુયોગ પણ સાંપડી ચૂક્યો છે. છતાં પણ આટલું બધું રમણીય રાજભવન તો મેં આજ સુધી બીજે ક્યાંયે નથી જોયું. આ તો અત્યંત અનોખું લાગે છે. સ્વયં વિશ્વકર્માએ જ એને બનાવ્યું હોય એવી છાપ પડે છે. દ્વારકાની સમૃદ્ધિ પણ એવી જ અસાધારણ છે. એને જોયા છતાં મન નથી ભરાતું કે નથી ધરાતું.'

અર્જુનની પ્રશંસા સાંભળીને કૃષ્ણ શાંત રહ્યા.

એમને કશું બોલવા જેવું ના લાગ્યું.

* * *

## ૩૫. સુભદ્રાનો સ્નેહ

દ્વારકાના હૃદયાભિરામ રમણીય રાજભવનમાં કૃષ્ણે અર્જુનને ઉતારો આપ્યો ને કહ્યું:

'આ ભવનને તારું જ માની લેજે. અહીં રહેવામાં કોઈયે પ્રકારનો સંકોચ ના રાખીશ. રાજભવન, દ્વારકા તથા હું તારાં જ છીએ એમ માનીને અહીં આનંદપૂર્વક વાસ કરજે. અહીંથી હવે તારે ઈન્દ્રપ્રસ્થ સિવાય બીજે ક્યાંય નથી જવાનું. તને જેમ મારા પ્રત્યે પ્રેમ છે તેમ મને પણ તારા પ્રત્યે સહજ ને પ્રબળ પ્રેમ છે તે તો જાણે જ છે.

અર્જુનની આંખ ભરાઈ આવી. એ ગળગળો થઈને બોલ્યો:

'તમારા પ્રેમ માટે તમારો ઋણી છું. મારા કોઈક જન્માંતરના શુભ સંસ્કારને લીધે જ મને તમારો પ્રેમભાવ પ્રાપ્ત થયો છે એમાં મને લેશ પણ શંકા નથી. તમારા જેવા સત્પુરુષોનો સ્નેહ કાંઈ જેનેતેને નથી મળતો અને તમારો સહવાસ તો દેવોને પણ દુર્લભ છે. મને એ બંનેની પ્રાપ્તિ થઈ છે એને મારું સર્વોત્તમ સૌભાગ્ય સમજું છું. તમારો એ સ્નેહ, અનુગ્રહ અને સહવાસ મને મહાન શક્તિરૂપ લાગે છે. એ સદાયે વધતો જાય અને શાશ્વત રહે એવી મારી અભિલાષા છે. જીવનમાં બીજું બધું જ હોય પરંતુ સ્નેહીજનો કે સ્વજનોની છત્રછાયા ના હોય તો જીવન અધૂરું અથવા સૂકું લાગે છે. આટલાં વરસોના એકાંતિક જીવન પછી મને એ સત્ય સારી પેઠે સમજાઈ ગયું છે.'

'તારી વાત સાચી છે, અર્જુન !' કૃષ્ણે કહેવા માંડ્યું: 'સ્નેહ સમસ્ત સંસારની ને જીવનની મોટામાં મોટી આશીર્વાદરૂપ શક્તિ છે. એના વિના માનવ તથા માનવસમાજ સાચે જ શુષ્ક થઈ જાય. સ્નેહના સુદૃઢ આધારથી જ આ અવની ટકી રહી છે ને જીવન જીવવા જેવું, જ્યોતિર્મય અને આનંદદાયક લાગે છે. એ સ્નેહના દૈવી દેવતાને મારા નમસ્કાર છે. આપણે એને સન્માનીએ, સેવીએ, અને એનું સંવર્ધન કરીએ પરંતુ એના બંધનમાં બંધાઈને એના નશામાં ભાન ભૂલીને અકર્મણ્ય ના બનીએ એટલે થયું. એનું આપણે ધ્યાન રાખવાનું છે.'

'એ તો તમારા જેવા મહામાનવના શુભાશીર્વાદ હોય તો જ બની શકે.'

'એ તો છે જ. એ આશીર્વાદ તારા પર નહિ વરસે તો બીજા કોના પર વરસશે ?'

એટલામાં કૃષ્ણે બોલાવેલી સુભદ્રા આવી પહોંચી એટલે એની ઓળખાણ આપતાં એમણે કહ્યું:

'આ મારી બેન સુભદ્રા છે.'

અર્જુને સુભદ્રાને જોઈને સ્મિત કર્યું એટલે એમણે ફરી કહ્યું:

'સુભદ્રા ! આ પાંડુપુત્ર વીર અર્જુન છે. એ અહીં રહે ત્યાં સુધી એની સંભાળ તારે જ રાખવાની છે. એની સેવામાં કોઈ પ્રકારની ત્રુટિ ના આવે.'

'સારું.' સુભદ્રાએ ઉત્તર આપ્યો: 'મારું એવું સૌભાગ્ય ક્યાંથી કે મને એમની સેવા કરવાનો અવસર મળે ?'

સુભદ્રા અર્જુનની સારી પેઠે સંભાળ રાખવા માંડી.

પરંતુ કોણ જાણે કેમ, એનું અંતર અર્જુનને જોતાવેંત જ એક પ્રકારના અસાધારણ સ્નેહભાવ અને

આકર્ષણનો અનુભવ કરવા માંડ્યું.

એને એવું લાગવા માંડ્યું કે દિવસો કે વરસોથી હું જેને શોધતી'તી તે પાત્ર મને આખરે આકસ્મિક રીતે જ આવી મળ્યું.

એણે એક દિવસ સાંજે અર્જુનને પૂછ્યું પણ ખરું:

'મારી સેવા તમને ગમી ?'

અર્જુને સામેથી પૂછ્યું:

'કેમ ? એવું કેમ પૂછ્યું ?'

'ખાલી પૂછવા ખાતર. અથવા કહો કે સહેજ જાણવા માટે.'

'તારી સેવા મને કે કોઈને ના ગમે એવું બને જ કેમ? એ સેવા એટલી બધી સરસ છે કે વાત નહિ ?'

'અને હું ? તમને ગમી કે નહિ ?'

'તારો સ્વભાવ પણ મને ખૂબ જ ગમ્યો છે. તારા વિચાર, તારી વાણી, તારો વ્યવહાર, બધું જ ગમ્યું છે.'

'જીવનમાં આપણે જેને ઝંખતા હોઈ તે મળે એવું બને ખરું ?' સુભદ્રાએ એકાએક પૂછી નાખ્યું.

'કેમ ?'

'મને જરા જિજ્ઞાસાવૃત્તિ થઈ આવી હતી એટલે મેં પૂછી નાખ્યું.'

'કોઈવાર જેને ઝંખતાં કે શોધતાં હોઈએ તે મળે પણ અને કોઈવાર ના પણ મળે. એ સંબંધી કોઈ ચોક્કસ અથવા એક સરખો નિયમ થોડો જ બાંધી શકાય છે ?' અર્જુને જણાવ્યું.

સુભદ્રા બોલી:

'મારે માટે તો એ વિધાન સાચું ઠર્યું છે.'

'કેવી રીતે ?'

'તમારા જેવા પ્રતાપી પુરુષોને મળવાની ઈચ્છા હું વરસોથી કરી રહેલી. વરસોથી તમારો પ્રત્યક્ષ પરિચય ના હોવા છતાં તમને મેળવવાનાં સ્વપ્નાં સેવી રહેલી. મારી કલ્પનાની મધુમયી દુનિયામાં મેં તમારા જેવા સુંદર, શીલવાન, સર્વોત્તમ પુરુષને અનુરૂપ ભાવનામૂર્તિ ઘડેલી. દિવસોથી મારા મનના મંગલ મંદિરમાં એની પ્રતિષ્ઠા કરેલી. એની પૂજા તથા સેવામાં સંલગ્ન રહેવામાં મને સ્વર્ગસુખનો આસ્વાદ મળતો. મને થતું કે મારી પૂજા અને સેવા સાચી હશે તો વહેલી મોડી એક ધન્ય દિવસે ફળશે જ. તમે અહીં આવ્યા ને તમને પહેલવહેલા જ જોયા ત્યારે થયું કે મારી સેવાપૂજા અને ઝંખના ફળી ખરી. મેં જેવું ઈચ્છેલું તેવું જ મને આવી મળ્યું. મારી પ્રતીક્ષા પૂરી થઈ અને મને મારા આરાધ્યદેવ આવી મળ્યા.'

'સુભદ્રા ! આ તું શું બોલે છે ?'

'હું જે બોલું છું તે સાચું જ બોલું છું. દિવસોથી જે વાત મારા દિલમાં ઘોળાઈ રહેલી તેને આજે અવસર મળતાં મેં વાચા આપી એટલું જ.'

'પરંતુ મને તો તને જોઈ છે ત્યારથી એવું કશું નથી થતું.'

'એથી શું ? તમને શું થાય છે ને શું નથી થતું એ અલગ વાત છે. આ તો મેં મારા મનોભાવોને કહી

બતાવ્યા. એ મનોભાવો જરા પણ કુત્રિમ નથી પણ સાચા છે. વળી અટલ છે. મારા હૃદયના રહસ્યને મેં તમારી આગળ રજૂ કર્યું. આટલી વાત કરી જ છે તો એક બીજી વાત પણ તમને કહી દઉં કે મારી પૂજાની પૂર્ણાહુતિ હજુ નથી થઈ.'

'એટલે ? એની પૂર્ણાહુતિ ક્યારે થશે તે કહી બતાવીશ ?' અર્જુને લાગણીસભર, સહાનુભૂતિસંપન્ન સ્વરે પ્રશ્ન કર્યો.

સુભદ્રાએ શાંત છતાં સ્નેહાળ, લાગણીયુક્ત સ્વરે ઉત્તર આપતાં કહેવા માંડ્યું:

'એ પૂજાની પૂર્ણાહુતિ તમારી પ્રાપ્તિ થશે ત્યારે જ થઈ શકશે. તમારી પ્રાપ્તિ વિના એ પૂજા કાયમને માટે અધૂરી જ રહેશે.'

'પરંતુ એ પૂજા અધૂરી રહેવા જ સરજાયલી હશે તો ?'

'મને એવું નથી લાગતું. એની સફળતા ને પૂર્ણતામાં મને પૂરેપૂરો વિશ્વાસ છે.'

'એવા વિશ્વાસનું કારણ ?'

'કારણ બીજું શું હોઈ શકે ? કારણ એ જ કે મારો પ્રેમ સાચો છે. મારા પ્રેમની પવિત્રતા ને પ્રામાણિકતા તમારા અંતરાત્માને અવશ્ય અસર કરશે, અથવા અનુકંપાથી ભરશે. એ અંતરાત્મા એટલો બધો લાગણીહીન કે કઠોર તો નહિ જ હોય કે કોઈના પ્રેમપારાવારથી પણ ના પલળે. સાચું કહું છું કે હું તમને મનોમન વરી ચૂકી છું ને મારો તમારી સહચરી તરીકે સ્વીકાર કરશો એવી આશા રાખું છું. મારા જીવનની સફળતા તથા સુખાકારીનો આધાર તમારા પર જ રહે છે. મારી પૂજાની પૂર્ણાહુતિ પણ એક તમારી ઉપર જ અવલંબે છે.'

'પરતું સુભદ્રા ! તને ખબર નથી કે હું પરણેલો છું ?'

'ખબર છે. રાજા દ્રુપદે યોજેલા સ્વયંવરમાં તમે તમારી જાતને સર્વોત્તમ સાબિત કરીને દ્રૌપદીને પ્રાપ્ત કરેલી એ ઘટના લગભગ સર્વવિદિત જેવી છે. એ માહિતી હોવા છતાં મારું મન પાછું નથી પડતું, નિરાશ નથી થતું, કે પોતાના મનોરથનો ત્યાગ પણ નથી કરતું. મારી પ્રાર્થના છે કે તમે મારી માગણીનો સ્વીકાર કરો. તમે પરણેલા છો તેથી શું થયું ? હું દ્રૌપદીની નાની બેન બનીને સ્નેહ, શાંતિ અને સંવાદપૂર્વક રહી શકીશ. એનું સ્થાન પહેલાં છે તો મારું પછી રહેશે.'

અર્જુન એ પ્રેમની પ્રતિમા પ્રત્યે પ્રેમમય દૃષ્ટિથી દેખી રહ્યો.

એ કેટલી બધી સરળ અને સાદી હતી ? અને છતાં પણ કેટલી બધી આકર્ષક અને અનુરાગમય ? એને માટે એના મનમાં માન જાગ્યું. થોડોક સમય સુધી એ શાંત બનીને બેસી રહ્યો એટલે સુભદ્રા બોલી:

'તમે તો મૂક બનીને બેસી ગયા. કોઈ ઊંડા વિચારમાં પડી ગયા કે શું ?

વિચાર તો કરવો જ જોઈએ ને ?

'એમાં વિચાર કરવા જેવું છે જ શું ? હવે તો નિર્ણય કરવાનો છે.'

'પરંતુ નિર્ણય કરતાં પહેલાં વિચાર તો કરવો પડે ને ?'

'હું તમને ગમું છું તો ખરી ને ? કે પછી ગમતી જ નથી ?'

'ગમે છે એટલું જ નહિ ખૂબ જ ગમે છે.'

'વિચાર એક જ છે અને એ કૃષ્ણનો.'

'કૃષ્ણનો ?'

'હા. કૃષ્ણનો. હું અત્યારે એમનો અતિથિ છું. ઉપરાંત આત્મીય પણ છું. મને એમના પ્રત્યે પ્રખર પ્રેમ અને પૂજ્યભાવ છે. એ પ્રેમ અને પૂજ્યભાવ એમની સાથે આટલો લાંબો વખત રહેવાથી દિનપ્રતિદિન વધતો ગયો છે. એમને મેં મારા જીવનના સારથિ, સલાહકાર ને હિતેચ્છુ માન્યા છે. આ બાબતમાં એમનો અભિપ્રાય જાણવાની મારી ઈચ્છા છે. એ જેવું માર્ગદર્શન કરશે એ પ્રમાણે વર્તીશ એવી બાંયધરી આપું છું.'

સુભદ્રાના વદન પર સુંદર સુધામય સ્મિત ફરી વળ્યું. એણે કહ્યું:

'મને પણ એની ખાતરી છે. એમની સલાહ પ્રમાણે કરવાનું હું વચન આપું છું.'

'તો તમે કૃષ્ણને પૂછી જોજો. મને તો શ્રદ્ધા છે કે મારી પૂજા જરૂર પૂરી થશે ને મારા આરાધ્યદેવનો અનુગ્રહ મારા પર થઈ રહેશે. હવે એની ઘડીઓ ગણાઈ રહી છે એ સંબંધી મને લેશ પણ શંકા નથી લાગતી. તમને પહેલવહેલાં જોયા ત્યારથી જ તમને મેળવવાનો મનોરથ મારા મનમાં પેદા થયો છે. મને કોણ જાણે કેમ પણ એવું થાય છે કે હું તમારાથી કોઈક કારણે ક્યારેક છૂટી પડી ગયેલી તે હવે આ જીવનમાં તમને મળી શકી. તમારું બધું જ મારું પૂર્વરચિત હોય એવું મને લાગ્યા કરે છે. ખોવાયેલું પાછું મળી ગયું હોય અથવા પોતાનું પોતાની પાસે આવી પહોંચ્યું હોય એવી અનુભૂતિ થયા કરે છે. તમે મારા છો ને મને મળશો જ એવું આત્મા કહ્યા કરે છે. કૃષ્ણ તમને સાચી સલાહ આપશે એની મને ખાતરી છે.'

સુભદ્રા શાંતિથી ધીમે પગલે ચાલી નીકળી.

એના ગયા પછી અર્જુન એના ઉદ્દગારોને લાંબા વખત લગી યાદ કરતો રહ્યો. એ ઉદ્દગારો કેટલા બધા ભાવમય, મધુરા અને સાચા હતા ? એમણે એના હૈયાને હલાવ્યું ને હેતથી ભરી દીધું.

સુભદ્રાનું હૃદય આટલું બધું લાગણીવાળું હશે એની કલ્પના પણ એને ક્યાં હતી ?

એ હૃદયમાં વહેનારા પ્રબળ પ્રેમપ્રવાહની કલ્પના ઉપર ઉપરથી જોનારને ભાગ્યે જ આવી શકે.

ઉપર ઉપરથી જોનારને તો એવું જ લાગે કે એનું હૃદય રસહીન અથવા સૂકું છે.

એ હૃદય પોતાને માટેના પ્રેમથી પરિપ્લાવિત થયું છે ને પોતાના તરફ વહેવા માંડ્યું છે એ જોઈને એને અજબ જેવી લાગણી થઈ આવી. એ હૃદયમાં કેવાંકેવાં સંવેદનો જાગી ઊઠ્યા છે ?

હૃદયની ગતિ એવી ગૂઢ અથવા ગહન છે કે એના તાગ કોઈ ભાગ્યે જ પામી શકે. એ ક્યારે શું અનુભવે અને એ શું કરે એ કોણ કહી શકે ? એની રચના, અવસ્થા અને ગતિવિધિ એવી અદ્દભુત છે કે એનું અનુમાન પણ કોઈ ભાગ્યે જ કરી શકે.'

અર્જુન એવા એવા વિચારોથી વીંટળાઈને બેઠેલો ત્યાં જ થોડાક વખત પછી એની પાસે કૃષ્ણ આવી પહોંચ્યા.

અર્જુને એમનું સ્નેહપૂર્વક સ્વાગત કર્યું એટલે આકર્ષક સુંદર આસન પર બેસીને એમણે પૂછ્યું:

'દ્વારકામાં મન લાગે છે તો ખરું ને ?'

'લાગે છે.' અર્જુને ઉત્તર આપ્યો: 'તમારા સ્નેહ તથા સહવાસને લીધે અહીં સ્વર્ગસુખ લાગે છે.'

'અને ઈન્દ્રપ્રસ્થ ?'

'ઈન્દ્રપ્રસ્થને તો નથી ભૂલી શકતો. એ નિરંતર યાદ આવે છે અને કુંતી, દ્રૌપદી તથા યુધિષ્ઠિર જેવા ભાઈઓ પણ યાદ આવે છે. તોપણ અહીં મને ઘણી શાંતિ લાગે છે અને આનંદ આવે છે.'

'સુભદ્રા સારી પેઠે સેવા તો કરે છે ને ? એની સેવામાં કોઈ ત્રુટિ તો નથી રહેતી ?'

'એની સેવા સંપૂર્ણપણે સંતોષકારક છે. એમાં કશી જ ત્રુટિ નથી દેખાતી. એનો સ્વભાવ પણ ઘણો સારો છે. પરંતુ એ સેવા કરતાં કરતાં ઘણી આગળ વધી ગઈ છે.'

'એટલે ? એને શું થયું છે ?'

'સ્નેહ. એને મારા પ્રત્યે સ્નેહ થયો છે.'

'એમાં ખોટું શું છે ? તારો સ્વભાવ જ એવો સુંદર છે કે તારે માટે સૌ કોઈને સ્નેહ થાય જ. અને સ્નેહ વિના સેવા થઈ શકે છે ? સ્નેહ વિનાની સેવા શુષ્ક, ઉપર ઉપરની, જડ કે કુત્રિમ હોય છે. જેને માટે લાગણી હોય તેની જ સેવા સારી રીતે કરી શકાય છે. સુભદ્રા સ્વભાવથી જ સ્નેહાળ છે એટલે તારે માટે પણ સહજ રીતે જ સ્નેહની લાગણી રાખતી હશે.'

'પરંતુ એ લાગણી સાધારણ નથી, અસાધારણ છે, અને જરાક જુદી છે.'

'જુદી એટલે ?'

'તમે કલ્પી પણ ના શકો તેવી. એને મારે માટે એક પ્રકારનું ઊંડું અનેરું આકર્ષણ છે. આકર્ષણ મમતામાં પરિણમ્યું છે, અને એ મમત્વ પણ ધાર્યા કરતાં ઘણું આગળ વધી ગયું છે.'

કૃષ્ણે કહ્યું:

'સુભદ્રા જેવી સ્નેહમયી, સંવેદનશીલ, સુકુમારીને માટે એમ થવું તદ્દન સ્વાભાવિક છે. પરંતુ તને તેની માહિતી કેવી રીતે મળી શકી તે તો કહી બતાવ.'

અર્જુને સુભદ્રા સાથેના સંભાષણનો સંક્ષેપમાં ખ્યાલ આપ્યો એટલે કૃષ્ણે થોડોક સમય શાંત રહીને જણાવ્યું:

'સુભદ્રાનો વિચાર ઉત્તમ તથા નીતિસગંત છે. એના વિચાર સાથે હું પૂરેપૂરો સંમત છું, ને તું પણ સંમત થાય એમ ઈચ્છું છું. તું એને નિરાશ કરીશ તો એનું જીવન એકદમ નીરસ બની જશે માટે એની માગણીને મંજૂર રાખ. તમારા બંનેના લગ્નસંબંધથી આપણા સંબંધો વધારે મજબૂત બની શકશે. એ સંબંધ બીજી ઘણી રીતે લાભકારક થઈ પડશે.'

અર્જુને થોડોક વખત વિચાર કરીને કહ્યું:

'તમારી સલાહ પ્રમાણે વર્તવામાં મને કશી હરકત નથી. એ સલાહની અવગણના મારાથી નહિ કરી શકાય. એ સલાહ મારે માટે મૂલ્યવાન અને મંગલ છે એમાં શંકા નહિ. પરંતુ છેવટનો નિર્ણય કરતાં પહેલાં હું એની સૂચના યુધિષ્ટિરને આપું એવી મારી ઈચ્છા છે.'

'એ ઈચ્છાને સમજી શકું છું. એને માટેની જરૂરી વ્યવસ્થા કરી દઈશ.'

*

સુભદ્રાને જ્યારે પોતાના ભાઈ કૃષ્ણની સંમતિના સમાચાર સાંપડ્યા ત્યારે એ અતિશય આનંદમાં આવી ગઈ.

રોજની જેમ એ અર્જુનની પાસે આવીને બોલી:

‘કૃષ્ણની સલાહ લીધી કે ના લીધી ?’

‘લીધી.’

‘એમણે શું કહ્યું ?’

‘બીજું કહે પણ શું ? એમણે તારા પ્રસ્તાવનું સમર્થન કર્યું.’

‘સાચેસાચ ?’

‘હા.’

સુભદ્રાની આંખ અલૌકિક આનંદથી અંજાઈ ગઈ. એ આંખમાં બે-ચાર અશ્રુબિંદુ પણ ઊપસી આવ્યા. પોતાની ગુલાબી રંગની સુંદર સાડીથી એને લૂછતાં લૂછતાં એ કહેવા માંડી:

‘મારી શ્રદ્ધા આખરે ફળશે ખરી. તમારા વચન પ્રમાણે હવે તમે બંધાઈ ચૂક્યા. કૃષ્ણે તમને તમે માગેલી સલાહ પૂરી પાડી.’

ક્ષણ બે ક્ષણ સુધી શાંત રહીને એ આગળ બોલી:

‘સાચા દિલનો સ્નેહ અને એ સ્નેહથી પ્રેરાઈને કરાયલો સંકલ્પ કદી નિષ્ફળ જાય છે ખરો ? કદાપિ નહિ. એ વહેલો કે મોડો ફળે જ છે. હવે મારી પ્રેમપૂજા પૂર્ણાહુતિ પર પહોંચશે ખરી. હવે મને શાંતિ થઈ. મારી પ્રસન્નતાનો પાર ના રહ્યો.’

અર્જુને કહ્યું:

‘તારો સ્નેહ સાચો છે એટલે ફળશે જ અને તારી પૂજા પણ પ્રામાણિક હોવાથી પૂર્ણાહુતિ પર પહોંચી જશે એમાં શંકા નથી. હવે તું સુખપૂર્વક સૂઈ રહેજે. ઈન્દ્રપ્રસ્થથી યુધિષ્ઠિરની સંમતિ આવી પહોંચતા તારી ઈચ્છા પૂરી થશે.’

‘હવે સૂવાનું કેવું ? આનંદના અતિરેકમાં હવે ઊંઘ જ નહિ આવે. હવે તો આપણા કાયમને માટેના મંગલમય મિલનની પ્રતીક્ષા કરીશ ને સમયને સ્વપ્નની પેઠે પસાર કરીશ. આપણો હસ્તમેળાપ વહેલી તકે થાય પછી જ મને સુખની નિદ્રા આવી શકશે. ત્યાં સુધી મારી આરાધના અનવરત ચાલુ જ રહેશે. એ કદી પણ નહિ અટકે.’

યુધિષ્ઠિરની સંમતિ આવી ગઈ. અર્જુન દ્વારકામાં છે એવી માહિતી મળવાથી એ રાજી થયા.

બીજા બધા આપ્તજનોને પણ આનંદ થયો.

સુભદ્રા અને અર્જુનના લગ્નનો કૃષ્ણે રજૂ કરેલો પ્રસ્તાવ કેટલાકને ના ગમ્યો એટલે એમણે એનો વિરોધ કર્યો. કૃષ્ણે એમના વિરોધને શાંત કરવાનો પ્રયાસ કર્યો. એમાં એમને બળરામની મદદ મળી ગઈ.

એ વિરોધની ખબર પડવાથી સુભદ્રા રૈવતક પર્વત પર દેવપૂજા કરવા ગઈ.

પૂજા પૂરી કરીને એણે દ્વારકાની દિશામાં પ્રયાણ કરવાને બદલે અર્જુનની સાથે રથમાં બીજી દિશામાં પ્રયાણ કર્યું. સૈનિકો, રક્ષકો અને બીજા આપ્તજનોમાંના કેટલાક એથી રોષે ભરાયા.

એમણે અર્જુન સાથે યુદ્ધ કરીને સુભદ્રાને છોડાવવાનો વિચાર કર્યો.

કૃષ્ણે એને શાંત પાડતાં કહ્યું:

'અર્જુન અને સુભદ્રાએ જે કર્યું છે તે યોગ્ય જ કર્યું છે. એમણે આપણા કુળનું અપમાન નથી કર્યું પણ સન્માન કર્યું છે. આપણે અર્જુન સાથે લડવાને બદલે મિત્રતા કરીએ તો એનું પરિણામ ઘણું સારું આવશે.'

કૃષ્ણની સૂચનાનુસાર સૌએ અર્જુન અને સુભદ્રાને પાછાં બોલાવી લીધા.

એ પછી એક ધન્ય દિવસે એમનો વિધિપૂર્વક વિવાહ કરવામાં આવ્યો.

હસ્તમેળાપ વખતે સુભદ્રાનું અંતર આનંદમાં ઊછળવા માંડ્યું.

કૃષ્ણે સુભદ્રાના લગ્નના ઉપલક્ષમાં મહામૂલ્યવાન ભેટો આપી.

એ ભેટોમાં ચારચાર ઘોડાવાળા, સારથિ સાથેના એક સહસ્ત્ર સુવર્ણમય રથ, સ્વસ્થ, સુંદર, દૂધ આપનારી દસ હજાર ગાયો, એક સહસ્ત્ર સુવર્ણભૂષિત સફેદ ઘોડીઓ, હજારો ઘોડાઓ, દાસીઓ, એક સહસ્ત્ર મદઝરતા હાથીઓ, સુવર્ણ અને કીમતી કાપડનો સમાવેશ થતો હતો.

લગ્નપ્રસંગની પરિસમાપ્તિ પછી સુભદ્રાએ અર્જુનને અસાધારણ સંતોષ અને આનંદની અનુભૂતિ કરતાં જણાવ્યું:

'હવે મારી પૂજા પૂરી થઈ.'

'પૂરી થઈ ?'

'હા. એ પૂર્ણાહુતિએ પહોંચી ગઈ. મને મારા આરાધ્યદેવ મળી ગયા.'

'એને માટે તારો પવિત્ર ને પ્રખર પ્રેમ તો કારણરૂપ છે જ પરંતુ કૃષ્ણને પણ ઓછો ધન્યવાદ નથી ઘટતો. એમના સ્નેહ, અનુગ્રહ અને એમની અનુભૂતિ તેમ જ સહાયતા વિના તારી આકાંક્ષા ભાગ્યે જ પૂરી થઈ શકી હોત.'

'સાચું છે. સંસારમાં એમના જેવા ભાઈ મળવા મુશ્કેલ છે. હું એમની ઋણી છું ને ઋણી રહીશ. એમણે મને શીખવ્યું છે કે લગ્નજીવન કેવળ વિલાસ અથવા અંગત સુખોપભોગ માટે નથી. પરંતુ સમાજની સહાયતા, સેવા કે સમુન્નતિ માટે છે. એમાં પ્રવેશ કરીને બીજાને મદદરૂપ થવાનું છે. એમનો એ સંદેશ સદા યાદ આવે છે ને યાદ રહેશે. તમે સદ્દગુણી તથા શૂરવીર છો તેમ આપણો જે પુત્ર થાય તે પણ સદ્દગુણી અને શૂરવીર થઈને સમાજની સુખાકારી તથા સમુન્નતિનાં કામ કરે એવી ભાવના અથવા આશા રાખું તો એ અસ્થાને નહિ ગણાય. એ એના અને એના કુળના નામને લેશપણ કલંકિત ના કરે પરંતુ ઉજાળે એવું ઈચ્છું છું.'

'તારી ભાવના ઘણી સારી છે.' અર્જુન બોલી ઊઠ્યો: 'અને એ ફળશે એવી મને ખાતરી છે.'

લગ્ન પછી કૃષ્ણે એમને આશીર્વાદ આપ્યા ને કહ્યું:

'સુભદ્રાનો સ્નેહ સાચો હોવાથી સફળ થયો. શુદ્ધ સ્નેહ હંમેશા ફળે જ છે. એવી રીતે તમારું લગ્નજીવન પણ ફળશે જ. એ તમને આનંદ આપશે જ પરંતુ સાથે સાથે સમાજને માટે પણ સુખમય થશે.'

એ આશીર્વાદ સાંભળીને સુભદ્રાની આંખ ભીની બની ગઈ.

લગ્ન પછી સુભદ્રા અને અર્જુન એકાદ વરસ સુધી દ્વારકામાં જ વાસ કર્યો.

અર્જુનનો ઈન્દ્રપ્રસ્થથી બહાર રહેવાનો સમય એવી રીતે પૂરો થયો.

* * *

## ૩૬. દ્રૌપદીનું દિલ

અર્જુને સુભદ્રા સાથે ઈન્દ્રપ્રસ્થમાં પ્રવેશ કર્યો ત્યારે આખું ઈન્દ્રપ્રસ્થ એમનું સ્વાગત કરવા માટે જાણે કે હિલોળે ચઢ્યું.

કૃષ્ણ તથા બળરામ પણ એમની સાથે ઈન્દ્રપ્રસ્થ આવ્યા છે એમ જાણીને કુંતી, દ્રૌપદી અને યુધિષ્ઠિરનો આનંદ અનેક ગણો વધી ગયો.

યુધિષ્ઠિરે પોતાના ભાઈઓ અને મંત્રીઓ સાથે સૌનો સત્કાર કર્યો.

ઈન્દ્રપ્રસ્થે એના નામ પ્રમાણે ઈન્દ્રપુરી જેવી શોભા ધારણ કરી.

એના માર્ગો પર સુગંધિત દ્રવ્યો છાંટવામાં આવેલાં, તોરણો બાંધવામાં આવેલાં, અને સ્વાગત વાક્યો લખાયલાં.

એમને જોતાં ને વાંચતાવેંત જ સૌને આનંદ થવા લાગ્યો.

યુધિષ્ઠિરે કૃષ્ણને કહ્યું:

‘સુભદ્રાના અર્જુન સાથેનાં લગ્નથી આપણો સંબંધ વધારે દૃઢ બન્યો. આપણે પહેલાં કરતાં વધારે નજીક આવ્યાં.’

‘તમને એ લગ્નસંબંધ ગમ્યો તો ખરો ને ?’ કૃષ્ણે પૂછ્યું.

‘કેમ ના ગમે ? તમને જે ગમે તે અમને પણ ગમે જ. અમારે એનો સહર્ષ સ્વીકાર જ કરવાનો હોય. એમાં અમારું મંગલ જ હોય એવો અમારો વિશ્વાસ છે. સુભદ્રા સુંદર, સદ્દગુણી ને માયાળુ છે એટલે એને લીધે ઈન્દ્રપ્રસ્થની શોભામાં અભિવૃદ્ધિ થશે.’

‘અર્જુનને માટે એ બધી રીતે યોગ્ય છે એમ જાણીને જ મેં એના લગ્નની અનુમતિ આપેલી. એને લીધે મારે પણ અહીં આવવાનું થઈ ગયું.’

‘એ અમારું સૌભાગ્ય છે. તમારાં દર્શનની ઈચ્છા તો અમને હંમેશા રહ્યા કરે છે. તમારા સહવાસમાં અમને સ્વર્ગસુખ લાગે છે ને શાંતિ તથા પ્રેરણા મળે છે. અમે તો ઈચ્છીએ છીએ કે તમે અહીં કાયમને માટે અમારી સાથે જ રહો, પરંતુ એવું ભાગ્ય ક્યાંથી હોય ? અમારું ભાગ્ય એટલું બધું બળવાન નથી લાગતું. એટલે આવી રીતે કોઈ કોઈવાર દર્શન કરીને જ અમારે સંતોષ માનવો રહ્યો.’

ભીમ પણ પોતાના ભાવોને પ્રકટ કરતાં કહેવા માંડ્યો:

‘તમારા પ્રવેશથી ઈન્દ્રપ્રસ્થ પાવન થયું છે. તમારે લીધે એ કેટલું બધું રળિયામણું લાગે છે ? એની શોભા અનેકગણી વધી ગઈ છે. અત્યાર સુધી એમાં કશુંક ખૂટતું’તું. તમારા અને અર્જુનના આગમનને લીધે એ હર્યું ભર્યું બની ગયું અને એની ખોટ પુરાઈ ગઈ.’

કૃષ્ણે કહ્યું:

‘એ તો તમારા સૌના પ્રેમને લીધે એવું લાગે છે એટલું જ, બાકી ઈન્દ્રપ્રસ્થ તો જેવું છે તેવું જ છે. એની રચના જ સુંદર હોવાને લીધે આકર્ષક અને સુંદર બનાવવા માટે બીજા કોઈની આવશ્યકતા નથી રહેતી.’

'તોપણ તમારે લીધે એ અધિક આકર્ષક કે સુંદર અને આનંદદાયક લાગે છે એ એક હકીકત છે. તમે છો જ એવા સુંદર, આકર્ષક અને આનંદદાયક કે વાત નહિ. તમારી હાજરી કોઈપણ સ્થળને સૌંદર્ય અર્પે છે, રસ બક્ષે છે, સજીવ કરે છે, મહત્તા ધરે છે, ને પ્રતિષ્ઠિત બનાવે છે.'

ભીમના શબ્દો સાંભળીને કૃષ્ણે યુધિષ્ઠિર પ્રત્યે દૃષ્ટિ કરીને વિનોદમાં કહ્યું:

'મને તો લાગતું'તું કે ભીમ કેવળ ભોજન કરવામાં કુશળ હશે પરંતુ એની વક્તૃત્વકળા પણ એટલી જ સરસ અને વિશદ છે. એમાં પણ એ એટલો જ આગળ વધ્યો છે.'

'એ બધું તમારા જેવા આપ્તજનના અનુગ્રહનું જ પરિણામ છે.' ભીમ બોલ્યો: 'બાકી મારામાં તો કોઈ પણ પ્રકારની કળા, યોગ્યતા કે શક્તિ નથી દેખાતી.'

અર્જુનને લાંબા વખતે મળીને યુધિષ્ઠિરાદિ બંધુઓ, કુંતી તથા દ્રૌપદીને અતિશય આનંદ થયો.

એને સ્વસ્થ ને પ્રસન્ન જોઈને સૌ ખાસ સંતોષ પામ્યા.

દ્રૌપદીને જાણે કે નવું જીવન મળ્યું.

એની કાયા તરફ સંકેત કરીને અર્જુને પૂછ્યું:

'તારી કાયા આટલી બધી કૃષ કેમ બની ગઈ છે ? કોઈ વ્યાધિ તો નથી થયો ?'

દ્રૌપદીએ ઉત્તર આપતાં મંદ છતાં મધુર અને શાંત સ્વરે કહ્યું:

'વ્યાધિ થયેલો અને ઘણો જ મોટો થયેલો.'

'ક્યારે ને ક્યો વ્યાધિ ? મને તો કશી ખબર જ ના પડી !'

'તમને ખબર ના પડી ? હા, પણ તમને તેની ખબર પડે પણ કેવી રીતે ? તમે ગયા પછી તરત જ મને એ વ્યાધિ લાગુ પડેલો. એ તો મારું સૌભાગ્ય એટલું સારું કે હું જીવતી રહી, નહિ તો અત્યારે તમારું દર્શન પણ ના કરી શકત. કાયા કેવળ કૃશ જ થઈને રહી છે પરંતુ એની અંદર પ્રાણ ટકી રહ્યો છે એ ભાગ્ય પણ કાંઈ જેવું તેવું તો નથી જ.'

અર્જુન ગળગળો બનતાં બોલ્યો:

'પરંતુ તને એવો કયો વ્યાધિ લાગુ પડેલો તે તો કહી બતાવ.'

'તમે હજુ પણ ના સમજ્યા ? જરા અનુમાન અથવા કલ્પના તો કરી જુઓ.'

'વ્યાધિ તો કેટલીય જાતના હોય છે એટલે એની કલ્પના કેવી રીતે કરી શકાય ?'

'તોપણ...જરાક બુદ્ધિ તો દોડાવો.'

'મારી બુદ્ધિ એટલી બધી નહિ દોડે.'

'કેમ ? આમ તો તમારી બુદ્ધિ અત્યંત અસાધારણ છે.'

'છતાં પણ એ બુદ્ધિ આવી બાબતમાં વધારે કામ નહિ કરે. એ કાંઈક કુંઠિત થઈ જાય છે. એને કલ્પના કરવાનું કહેવાને બદલે તું જ તેનું સ્પષ્ટીકરણ કરે એ વધારે સારું છે.'

'તો પછી લો હું જ બોલી બતાવું. એ વ્યાધિ બીજો કોઈ સ્થૂલ વ્યાધિ નહોતો પરંતુ તમારા વિયોગનો સૂક્ષ્મ વ્યાધિ હતો. એ વ્યાધિએ જ મારાં ગાત્રોને ગાળી નાખ્યાં છે અથવા મારી કાયાને કૃશ કરી છે. મારા દિલમાં તમારે માટે એટલો બધો પ્રેમ છે કે તમારાથી દૂર રહેવાનું અને એ પણ લાંબા વખત લગી દૂર

રહેવાનું મારે માટે કઠિન બની ગયું. મારું મનોબળ ખૂબ જ મજબૂત હોવા છતાં મને અનુભવવા મળ્યું કે મારાથી બીજું ગમે તેવું ને તેટલું દુઃખ સહી શકાશે પણ તમારા વિયોગનું દુઃખ નહિ સહી શકાય. એ દુઃખને સહન કરવા કરતાં મને મરવાનું વધારે પસંદ પડે. પરંતુ મરણ કાંઈ આપણી પસંદગી પ્રમાણે થોડું જ આવે છે ?'

અર્જુન દ્રૌપદીના સ્નેહછલ્યા, લાગણીભર્યા, શબ્દોને આભો બનીને સાંભળી રહ્યો ને બોલ્યો:

'પરંતુ દેહથી દૂર જવા છતાં પણ મનથી તો હું તારી પાસે જ હતો એ તું નહોતી જાણતી ?'

'જાણતી'તી પણ એવું જ્ઞાન મને આત્મિક શાંતિ ના આપી શક્યું. મનથી તો હું પણ તમારી સમીપતાનો અનુભવ કરતી'તી, છતાં પણ એ સ્થૂળ સમીપતાની બરાબરી કરી શકે ખરું ? સ્નેહીજનોના સૂક્ષ્મ સંપર્કથી સંતૃપ્ત થવાને બદલે મન એમના સ્થૂલ સંપર્કની કામના કર્યા જ કરે છે, અને સ્થૂલ સંપર્ક પામે છે ત્યારે જ સુખી થાય છે ને શાંતિ મેળવે છે. તમે પાછા આવ્યા એટલે મારો જીવ પણ પાછો આવ્યો હોય એવું લાગ્યા કરે છે. હવે મને નિરાંત વળી કે શાંતિ થઈ.'

અર્જુન એના પ્રત્યે પ્રેમપરિપ્લાવિત નેત્રે નીરખી રહ્યો.

થોડીવાર પછી એ બોલ્યો:

'તારો પ્રેમ અતિશય પવિત્ર ને પ્રબળ છે. વિયોગના આ પ્રસંગથી એની પ્રતીતિ થઈ.'

'પરંતુ એવી પ્રતીતિ કરવા માટે આપણે વિયોગને મહત્વનો માનીએ. મહત્વ તો સંયોગનું જ સ્વીકારીએ, વિયોગનું નહિ.'

'એટલે ? તારા કહેવાનું તાત્પર્ય ના સમજી શક્યો.'

'મારા કહેવાનું તાત્પર્ય સાવ સાધારણ છે અને તે એ કે હવે કોઈવાર તમારે આવી રીતે લાંબા વખત લગી ક્યાંય જવું પડે તો મને સાથે લઈને જ જવાનું. આવી રીતે તમારા વિયોગની જ્વાળામાં જલાવતાં એકલી મૂકીને નહિ જવાનું. મારાથી તમારા વિના નથી રહી શકાતું.'

અર્જુને કહ્યું:

'પરંતુ હવે એવી રીતે રહેવાનું છે જ ક્યાં ? હવે તો આનંદપૂર્વક ઈન્દ્રપ્રસ્થમાં જ રહેવાનું છે. તારી કાયાને નિહાળીને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. એને પહેલાં જેવી હૃષ્ટપુષ્ટ જોઈશ ત્યારે જ મને આનંદ થશે.'

દ્રૌપદી બોલી:

'હવે તમે પાછા આવ્યા છો એટલે મારું શરીર જ નહિ પરંતુ સમસ્ત જીવન ભરાઈ જશે. એમાં એક પ્રકારની નવી તાજગી, જ્યોતિ તથા ચેતના ફરી વળશે. એનું સ્વરૂપ જ બદલાઈ જશે. પાનખરને ઠેકાણે વસંત ખીલી ઊઠશે. તમને જોયા છે ત્યારથી જ મારા નવજીવનની શરૂઆત થઈ ચૂકી છે—અરે, તમારા શુભાગમનના સુખદ સમાચાર સાંભળ્યા છે ત્યારથી જ. ત્યારથી જ એનું સ્વરૂપ બદલાવા માંડ્યું છે.'

કાંઈક યાદ કરતી હોય તેમ જરાક શાંત રહીને એ આગળ બોલી:

'તમારા વિયોગનો આ લાંબો કાળ મેં કેટલી બધી કરુણતા અને કઠિનતાપૂર્વક પસાર કર્યો છે તે તો હું જ જાણું છું. તમારા શુભાગમનનો વખત હું આંગળીને વેઢે ગણ્યા કરતી'તી. મારું શરીર તો અહીંના

વિવિધરંગી વાતાવરણમાં ફર્યા કરતું પરંતુ એમાં આત્મા ન હતો. એ આત્મા તમારી સાથે જ વિદાય થઈ ગયેલો. પીંજર પડી રહેલું પરંતુ એની અંદર પંખી ન હતું, નદી એવી જ વહી રહેલી પરંતુ એની અંદર નીર ન હતું રહ્યું, ને દીપિકા એવી ને એવી જ પડી રહેલી પરંતુ એની અંદરની જ્યોતિ ક્રમેક્રમે કરતાં તદ્દન ઓલવાઈ ગયેલી.'

અર્જુન એ શબ્દોને ભારે સ્નેહ તથા સંવેદનપૂર્વક સાંભળી રહ્યો ને બોલ્યો:

'તારા જેવો પ્રેમ આ પૃથ્વીમાં ભાગ્યે જ મળી શકે. તારો આત્મા અત્યંત અલૌકિક, અજોડ અથવા અસાધારણ છે. તારા જેવી પત્નીને પામીને હું કૃતાર્થ થયો છું. તારા દિલ જેવું સર્વોત્તમ દિલ દુનિયામાં બીજે કશે ભાગ્યે જ જોવા મળી શકે. આકાશમાં ચંદ્રકળા જેમ એક જ છે તેમ તું પણ પૃથ્વી પર એક જ છે એમાં શંકા નથી.'

'ખરેખર ? તમે જે કહો છો તે પૂરેપૂરી ગંભીરતાથી કહો છો કે મને ખુશ કરવા કહી રહ્યા છો ?

'તને ખુશ કરવા નથી કહેતો. તે પૂરેપૂરી ગંભીરતાથી કહી રહ્યો છું.'

દ્રૌપદી કાંઈક કરુણતાપૂર્વક કહેવા માંડી:

'તમારા વર્તન પરથી તેવું નથી દેખાતું.'

'કેમ ?'

'તમારી વાણી અને તમારા વર્તનમાં ભેદ દેખાય છે.'

'કેવી રીતે ?'

'એ પણ શું મારે જ કહેવું પડશે ? લો ત્યારે તે પણ કહી બતાવું. એ સંબંધી ખોટો સંકોચ નહિ રાખું. તમે જ કહો છો તે ખરેખર ગંભીરતાથી કહેતા હોત ને હૃદયપૂર્વક માનતા હોત તો સુભદ્રા સાથે લગ્ન શા માટે કરત ? મારી પ્રીતિ, લાગણી કે નિષ્ઠામાં કાંઈક ખામી જણાઈ હશે ત્યારે જ તમે એને અપનાવી હશે ને ?'

'ના. એવું નથી. એનું કારણ જુદું છે.'

'જુદું એટલે ?'

'મેં એને અપનાવી છે એવું કહેવા કરતાં મારે એને અપનાવી પડી છે એમ કહેવું વધારે યોગ્ય થશે.'

'એટલે ? તમે એને ના અપનાવત તો ના ચાલત ?'

'ના. પરિસ્થિતિ જ એવી પેદા થઈ ગઈ કે મારે એને અપનાવવી પડી. એને અપનાવ્યા સિવાય કોઈ રસ્તો જ ના રહ્યો. કૃષ્ણે પોતે પણ એને અપનાવવાની ભલામણ કરી અને એમણે યુધિષ્ઠિરની સંમતિ પણ મેળવી આપી. સુભદ્રાની અવસ્થા અતિશય નાજુક હતી. એ પ્રેમના પરમ દેવતાના બાણથી ઘાયલ થયેલી. એની વેદના મને વર્યા સિવાય શાંત થાય તેમ હતી જ નહિ. માટે મારે એની સાથેના લગ્નનો પ્રસ્તાવ માન્ય રાખવો પડ્યો. એ પ્રસ્તાવને માન્ય રાખીને હું એને જો ના અપનાવત તો એની દશા ભારે કફોડી બની જાત. એ જીવી શકત કે કેમ એ પણ શંકાસ્પદ હતું.'

એમ કહીને અર્જુન સુભદ્રાના સંસર્ગ અને સ્નેહની કથા સંક્ષેપમાં કહી બતાવી.

દ્રૌપદીએ એને રસપૂર્વક સાંભળી.

કથાનો ઉપસંહાર કરતાં અર્જુને જણાવ્યું:

'હકીકત આવી હોવા છતાં એ વાતની ખાતરી આપું છું કે મારા દિલમાં તારું સ્થાન જેવું હતું એવું ને એવું જ અનેરું અથવા અજોડ છે. એને કૃતાંત કાળ પણ નથી મટાડી શકે તેમ. એ કોઈયે કારણે નથી હઠી શકે તેમ. તારે માટેનો મારો પ્રેમ અથવા ભાવ એવો જ અનેરો અચળ છે અને અમર રહેવા સરજાયેલો છે.'

દ્રૌપદીએ સહેજ સ્મિત કરીને કહ્યું:

'મારે એવી ખાતરી નથી જોઈતી. મારું હૃદય એની સાક્ષી પૂરે છે એટલે થયું. આ તો તમારા મનના ભાવોને જાણવા માટે મેં કેટલીક વાતો કહી બતાવી. બાકી તમે એકને બદલે બે સુભદ્રા લાવો તોપણ મારે શું ? મારો પ્રેમ તો એવો જ અસાધારણ અને અચળ રહેશે. હું તમારી છું ને તમે મારા છો એટલું મારે માટે પૂરતું છે. એને લીધે મને શાંતિ છે. એથી અધિક ચિંતા મારે ના કરવાની હોય.'

'એટલે તો મેં પહેલેથી જ કહી બતાવ્યું કે તારા સમાન સ્ત્રીરત્ન સમસ્ત સંસારમાં ભાગ્યે જ મળે તને મેળવીને હું ધની ને ધન્ય છું.'

થોડીવાર પછી સુભદ્રા અર્જુનની અનુમતિથી પોતાની સખી સાથે દ્રૌપદી પાસે આવીને એને પગે લાગી ને બોલી:

'હું તારી દેવે દીધેલી બેન છું. ભાગ્યે મને તારી પાસે રહેવા તથા તારી સેવા કરવા મોકલી આપી છે.'

સુભદ્રાની સરળતા, સહૃદયતા તથા નમ્રતાથી દ્રૌપદી ખૂબ જ પ્રભાવિત થઈને પ્રસન્ન બનતાં એને આલિંગન આપતાં બોલી:

'તારા જેવી વિવેકી ને માયાળુ બેન આપવા બદલ ભાગ્ય દેવતાનો હાર્દિક આભાર માનું છું. તને જોઈને મને અવર્ણનીય આનંદ થાય છે. નાની બેને મોટી બેનને પગે લાગવાનું ના હોય, ભેટવાનું હોય.'

'ભેટવાનું પણ હોય ને પગે લાગવાનું પણ, હું તારા અંતરના આશીર્વાદ માગું છું.'

'મારું અંતર તો તને આશીર્વાદ આપી જ રહ્યું છે. છતાં એ આશીર્વાદને બોલી બતાવું છું કે તારું જીવન ખૂબ ખૂબ સમૃદ્ધ ને સુખી બને, અને અહીં રહીને તું નાનામોટા સૌની કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના બનતી બધી જ રીતે સેવા કરે. જીવન એવી રીતે આ સૃષ્ટિમાં સ્નેહ તથા સેવાભાવની સંજીવની છાંટી સમાજને સુખી અથવા સુધામય કરવા માટે જ છે.'

સુભદ્રા બોલી:

'એવી અસાધારણ શક્તિ તો તારા જેવી કોઈક નસીબવંતી ન્યારી શક્તિશાળી સ્ત્રીમાં જ હોઈ શકે. મારી શક્તિ તો તદ્દન સામાન્ય છે અને હું પોતે પણ સામાન્ય છું. છતાં મારાથી બનશે તેટલી બીજાની સેવા કરી છૂટીશ. ઘરની નાની સરખી દીવીમાં સૂર્યના સરખી શક્તિ નથી હોતી છતાં પણ એ પોતાની રીતે પોતાના ગજા પ્રમાણે પ્રકાશ આપે જ છે, અને પ્રકાશ અંધારા આવાસને માટે આશીર્વાદરૂપ ઠરે છે.'

'સાચું છે. તારા શબ્દો પરથી ખાતરી થાય છે કે તારો આત્મા તું કહે છે તેમ સાધારણ નથી પરંતુ અસાધારણ છે.'

'એ તો તું સ્વયં અસાધારણ છે એટલે મારામાં પણ એવી અસાધારણતાનું અવલોકન કરે છે. બાકી મને તો સંપૂર્ણપણે માહિતી છે કે હું ક્યાં છું. છતાં પણ એક વાત સાચી છે કે તારા સંસર્ગથી હું સુખી થઈશ

અને ધીમે ધીમે અસાધારણ બનીશ. એ સંસર્ગ મારે માટે ખરેખર મંગલકારક થઈ પડશે. તારાં જીવન વિશે થોડીઘણી માહિતી મળી ત્યારથી જ મારા અંતરમાં તારા દર્શનની આતુરતા જાગેલી. એ આતુરતા આજે સફળ ને શાંત થઈ એથી મને અતિશય આનંદ થાય છે. ડુંગરા દૂરથી રળિયામણા કહેવાય છે પરંતુ તારા સંબંધમાં એથી ઊલટું બન્યું છે.'

'કેવી રીતે ?'

'દૂર રહીને તારા વિશે જે કલ્પના કરેલી તે તારી પાસે આવીને તને જોવાથી ઝાંખી લાગી છે. તને પાસેથી જોવાથી તું વધારે મહાન, પ્રેમાળ ને લોકોત્તર લાગે છે. તારું પાસેનું દર્શન વધારે પ્રેરક અને પાવન થયું છે.'

'એ તો તું ગુણગ્રાહી સ્વભાવવાળી છે એટલે તને એવું લાગે. બાકી ખરું જોતાં એવું કશું નથી.'

'કશું નથી એવું તો કેમ કહી શકાય ? હું કહું છું તે સાચું જ છે.'

'તો પછી ભલે એવું માન. તને જે યોગ્ય લાગે તે માનવા તું સ્વતંત્ર છે.'

'અને કહેવા પણ.'

'એ તો માને એટલે કહે પણ ખરી જ ને ?'

દ્રૌપદી એટલું કહીને એને નેહભર્યા નેત્રે નીરખી રહી.

એ અધિક ના બોલી શકી.

એની આંખમાંથી એક અશ્રુબિંદુ ટપકી પડ્યું.

એ બિંદુ ઘણુંઘણું બોલી ગયું.

એની પાછળનું, એને પ્રકટ કરનારું દિલ કેટલું બધું લાગણીમય અને ઉત્તમ હતું એનું અનુમાન એના પરથી સહજ થઈ શક્યું.

સુભદ્રાનું અંતર પણ આંખના અશ્રુમાં આવિર્ભાવ પામ્યું.

સુભદ્રાનું સ્વાગત કરતાં કુંતીને પણ ઘણો આનંદ થયો.

કુંતીને પૂજ્યભાવે પ્રણામ કરીને એ આશીર્વાદની કામના કરતી ઊભી રહી ત્યારે કુંતીનું હૈયુ ભરાઈ આવ્યું અને એ બોલી:

'મારા આશીર્વાદની કામના કરવાની ના હોય. એ આશીર્વાદ તો તારે માટે સ્વાભાવિક રીતે વહ્યા જ કરે છે. અંતરમાંથી, આંખમાંથી અને અંગેઅંગમાંથી નીકળ્યા કરે છે. તારું જીવન સર્વપ્રકારે સુખી થાય ને તું ઈન્દ્રપ્રસ્થની શોભારૂપ બને એવું ઈચ્છું છું. દ્રૌપદીનો સ્વભાવ ખૂબ જ સુંદર છે. તારો સ્વભાવ જોઈને પણ મને સંતોષ થાય છે. તું એની સાથે હળીમળીને રહીશ અને એના દિલને જીતી લઈશ એવો મને વિશ્વાસ છે. એક મ્યાનમાં બે તલવાર નથી રહેતી એમ કહેવાય કિન્તુ તારે એ ઉક્તિને ખોટી પાડવાની છે.'

સુભદ્રા બોલી:

'મારી અંદર તો એવી કશી લાયકાત નથી દેખાતી તોપણ તમારા શુભાશીર્વાદથી સૌ સારું જ થઈ રહેશે. આશીર્વાદની શક્તિ ઘણી મોટી હોય છે. એમાં મારો વિશ્વાસ છે.'

'તું દ્રૌપદી સાથે સ્નેહપૂર્વક રહી શકીશ એની મને ખાતરી છે. મેં અને માદ્રીએ સગી બેનોની જેમ

સાથે રહીને રાજા પાંડુની સેવા કરેલી. એનું પરિણામ ખૂબ જ સારું આવ્યું. આજે માદ્રી નથી, પરંતુ એના બે પ્રતાપી પુત્રો નકુલ અને સહદેવ મારા પર સગી માતા જેવો જ સ્નેહ રાખે છે. સ્નેહનાં ફળ એવી રીતે સદા સુમધુર જ હોય છે.'

'દ્રૌપદીને પણ હું મારી મોટી બેન જ માનું છું ને માનતી રહીશ. એનું તથા તમારું જીવન મારે માટે પ્રેરક થશે ને મને પ્રકાશ ધરશે. એ સંબંધી વધારે તો શું કહું ? વધારે કહું એના કરતાં મારા વર્તન અથવા જીવનને જ બોલવા દઉં એ વધારે સારું છે.'

એટલું બોલીને સુભદ્રા શાંત રહી.

દ્રૌપદીના દિલની મહાનતાનો પરિચય તો એને થયો જ પરંતુ સાથે સાથે કુંતીનું દિલ પણ ઓછું મહાન નથી એની એને પ્રતીતિ થઈ.

કુંતી તથા દ્રૌપદી બંનેને માટેનો એનો પૂજ્યભાવ વધી પડ્યો.

એ એકલી પડી ત્યારે એને થયું કે છેલ્લા થોડા દિવસો દરમિયાન પોતાના જીવનમાં જે કાંઈ બન્યું છે તે સારાને માટે જ બન્યું છે.

ક્યાં ઈન્દ્રપ્રસ્થ અને ક્યાં દ્વારકા ?

બંનેના વાતાવરણમાં કેટલો બધો તફાવત છે અને બંનેની વચ્ચેનું અંતર પણ કેટલું બધું વધારે છે ?

પરંતુ પ્રેમને કોઈ અંતરનું બંધન નથી. દેશ તથા કાળનાં બંધનોથી અલિપ્ત રહીને એ પોતાનું કામ કર્યા કરે છે.

એ પ્રેમને લીધે જ પોતે આટલે દૂર આવી પહોંચી છે.

અર્જુનનું દ્વારકામાં આગમન જ ના થયું હોત તો આ બધું બની શકત ખરું ? અને આગમન થયા પછી પણ એને માટે સ્નેહ ના થાત તો ?

પરંતુ હવે એવી મિથ્યા કલ્પના શા માટે કરવી ? હવે તો જીવનના અવનવા શુભ અંકનો આરંભ થયો છે એનો સરસ રીતે અભિનય જ શેષ રહે છે.

એના તર્કવિતર્કો શાંત પડ્યા.

ફક્ત દ્રૌપદીના દિલના વિચારો એને આવવા માંડ્યાં.

એ દિલ કેટલું બધું ઉદાત્ત હતું ?

* * *

## ૩૭. જરાસંઘનો નાશ

ઈન્દ્રપ્રસ્થમાં થોડાક દિવસ શાંતિપૂર્વક વાસ કરીને કૃષ્ણે પાંડવોની વિદાય લીધી ત્યારે કુંતી, દ્રૌપદી, પાંડવો અને સુભદ્રાની સ્થિતિ ખૂબ જ કરુણ બની ગઈ.

એમનાં હૃદય રાગે ભરાઈને રડવા લાગ્યાં.

અર્જુનના મન પર સૌથી વધારે અસર થઈ.

કૃષ્ણે એને સુમધુર શબ્દોમાં આશ્વાસન આપ્યું.

સુભદ્રાની આંખ કેમે કરી સુકાતી ન હતી એ જોઈને કૃષ્ણે એને કહ્યું:

'દ્વારકાથી નીકળતી વખતે તો તારી આંખમાં એક આંસુ પણ નહોતું આવ્યું અને હવે આટલું બધું રડે છે તે સારું છે ?'

સુભદ્રા બોલી:

'સારું છે કે ખોટું તે નથી જાણતી પરંતુ આંખમાં આંસુ સહજ રીતે જ આવી જાય છે. તમે મને સુખી કરીને હવે વિદાય થાઓ છો ત્યારે મારું અંતર આભાર અથવા અનુરાગે ઉભરાઈને આંસુની અંજલિ પણ ના આપે ? એટલો અધિકાર તો મને હોવો જોઈ ને ?'

'પરંતુ હું તને રડતી નથી જોઈ શકતો. તારું રુદન જોઈને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. તારા જીવનમાં હવે બધી રીતે આનંદ આનંદ છવાઈ રહેશે. તને સુખી જોઈને મારા આત્માને પણ સુખાનુભવ થઈ રહ્યો છે. તારુ સમસ્ત જીવન આવી રીતે સુખી થાય એવો મારો આશીર્વાદ છે.'

કૃષ્ણ ઈન્દ્રપ્રસ્થથી વિદાય થઈને દ્વારકા ગયા તો ખરા પરંતુ એમને માટે દ્વારકામાં વધારે રહેવાનું નહોતું નિર્માયલું.

દ્વારકામાં પહોંચે થોડોક વખત થયો ત્યાં જ યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞ કરવાની ઈચ્છા થઈ.

એ ઈચ્છાનો અમલ કરવો કે નહિ તે નક્કી કરવા માટે એમણે કૃષ્ણની સલાહ લેવાનો વિચાર કર્યો.

એમના આમંત્રણને માન આપીને કૃષ્ણ ઈન્દ્રપ્રસ્થમાં આવ્યા વિના ના રહી શક્યા.

એમના મેળાપથી પાંડવો પ્રસન્ન થયાં.

કુંતી, દ્રૌપદી તથા સુભદ્રાને પણ આનંદ થયો.

સુભદ્રા કૃષ્ણને મળીને બોલી:

'જે વિધિ પ્રિયજનોનો વિયોગ કરાવે છે તે કૃપા કરીને એમનો યોગ પણ કરી દે છે. તમે ફરીવાર મળ્યા એથી અમારા આત્માને ઘણી શાંતિ થઈ.'

'જગતમાં જો એકલો વિયોગ જ હોત ને સંયોગ ના હોત તો જીવોની દશા કેવી કફોડી થઈ જાત ?' દ્રૌપદી બોલી.

'જ્યારે જ્યારે તમને જોઈએ છીએ ત્યારે ત્યારે અમને એક પ્રકારના ઊંડા, અનેરા, અવર્ણનીય આત્મસુખનો અનુભવ થાય છે.' કુંતીએ કહ્યું.

અર્જુન બોલ્યો:

'એટલું જ નહિ પરંતુ એમ લાગે છે કે જીવનમાં જે મેળવવા જેવું હતું તે બધું જ મળી ગયું. અંતરને એમ થાય છે કે તમારી પાસે બેસી રહીએ અને તમને જોયા તથા સાંભળ્યા કરીએ. તમારું દર્શન કરીને કોણ જાણે મન કેમ પણ ધરાતું જ નથી.'

'અર્જુન જે કહે છે તે સાચું જ કહે છે. એ અમારા સૌના મનોભાવોનો પડઘો પાડે છે.' યુધિષ્ઠિર પણ બોલ્યા વિના ના રહી શક્યા.

*

બીજે દિવસે યુધિષ્ઠિરે કૃષ્ણની સલાહ લેવાના ઉદ્દેશથી એમને પૂછ્યું:

'રાજસૂય યજ્ઞ કરવાનો વિચાર સારો છે ?'

કૃષ્ણે સુમધુર સ્વરે, સ્મિત કરતાં, ઉત્તર આપ્યો:

'વિચાર તો ઘણો સારો અને ઉત્તમ છે એમાં શંકા નથી પરંતુ એનો વિચાર બધી બાજુથી શાંતિપૂર્વક કરવો જોઈએ.'

'બધી બાજુથી એટલે ?'

કૃષ્ણે એનો સીધો ઉત્તર આપવાને બદલે કહ્યું:

'રાજસૂય યજ્ઞનું અનુષ્ઠાન ખૂબ જ યશપ્રદાયક અને કલ્યાણકારક છે. એવા યજ્ઞને માટે મારી સંપૂર્ણ સંમતિ છે. એ યજ્ઞ તમારે માટે ઉન્નતિ કરનારો થઈ પડશે. એના ઉપલક્ષમાં જુદાજુદા રાજાઓને જીતીને પૃથ્વી પર પ્રભુત્વ સ્થાપિત કરવાનું હોય છે એ તો તમે જાણો જ છો.'

'હા.'

'પરંતુ એના અનુસંધાનામાં એ પણ જાણી લો કે પરિસ્થિતિ અત્યારે એકદમ જુદી છે.'

થોડીવાર સુધી વિચારલીન મુદ્રામાં રહીને કૃષ્ણે આગળ જણાવ્યું:

'તમે જરાસંઘનું નામ તો સાંભળ્યું જ છે.'

'ઘણી સારી રીતે.'

'એ પુષ્કળ પરાક્રમી છે. પરંતુ એનું પરાક્રમ ખોટે માર્ગે વળી ગયું છે. એણે લગભગ મોટા મોટા બધા જ રાજાઓને પોતાના બાહુબળથી હરાવીને પોતાની રાજધાનીમાં કેદ કર્યા છે. એ જરાસંઘનો નાશ કરવાની જરૂર સૌથી પહેલી છે. એનો નાશ કરવાથી બધા જ રાજાઓ આપોઆપ જિતાઈને વશ થઈ જશે. એમને જીતવા માટે કોઈ સ્વતંત્ર પરિશ્રમ નહિ કરવો પડે. જરાસંઘ અતિશય અત્યાચારી હોવાથી સમસ્ત સમાજને ત્રાસ આપી રહ્યો છે એટલે સૌથી પહેલાં એને દંડ દઈએ એ ઉચિત છે.'

'જરાસંઘે મોટા મોટા બધા જ રાજાઓને કેદ કર્યા છે ?'

'હા. રાજાઓ એને જોઈને ફફડી ઊઠે છે ને પ્રજા પણ એને લીધે પીડિત થાય છે. શિશુપાલ પોતે પરમ પ્રતાપી હોવા છતાં એને શરણે જઈને સેનાપતિનું કામ કરી રહ્યો છે. કરૂષદેશનો રાજા મહાબળવાન તથા યુદ્ધકુશળ હોવા છતાં જરાસંઘની શિષ્યભાવે સેવા કરે છે. પશ્ચિમના પરમ પરાક્રમી રાજા મૂર તેમ જ નરકદેશના શાસક યવનાધિપતિને પણ એનું શરણ સ્વીકારવું પડ્યું છે. એ પણ એનો સામનો નથી કરી શક્યા.'

'એ તો એકદમ અસાધારણ કહેવાય.'

'છતાં પણ સાચું છે. એણે એકદમ અભિમાની અને ઉદ્દંડ બનીને ચારે તરફ આંતક ફેલાવ્યો છે. એનો ઈતિહાસ ઘણો લાંબો હોવા છતાં સાંભળવા જેવો છે.'

યુધિષ્ઠિરની જિજ્ઞાસા જોઈને કૃષ્ણે ઉત્સાહિત થઈને કહેવા માડ્યું:

'તમારા પિતાના મિત્ર રાજા ભગદત્તની પણ એણે ભારે દુર્દશા કરી છે. એ એને હંમેશા નમતા રહે છે અને એના આજ્ઞાંકિત સેવકની પેઠે વર્તે છે.'

'મારા પિતાજી તો એમના પરાક્રમની પ્રશંસા કરતા થાકતા નહિ.'

'એમનું પરાક્રમ સાચેસાચ પ્રશંસનીય છે તોપણ જરાસંઘની આગળ ધૂળમાં મળ્યું છે. જરાસંઘની સામે એમનું જોર જરા પણ નથી ચાલી શકતું.'

'એ તો અતિશય દુઃખદ કહેવાય.'

'સાચું છે પણ જરાસંઘને એનું જરા પણ દુઃખ નથી થતું. એ તો દુઃખી થવાને બદલે ઊલટો ઘમંડી બનીને ફર્યા કરે છે. એનું ધ્યાન પ્રજાના હિત તરફ જરા પણ નથી જતું. પ્રજા એના હાથમાં પરાધીન ને પીડિત બની ગઈ છે. એને સંકટમાંથી છૂટવાનો કોઈ રસ્તો જ નથી દેખાતો. બંગ, પુણ્ડ્ર અને કિરાત દેશના અધિપતિ મિથ્યા વાસુદેવનું નામ તો સાંભળ્યું જ હશે.'

'સાંભળ્યું છે.'

'એણે ઘમંડી બનીને પુરુષોત્તમ નામ ધારણ કર્યું છે. એ દ્વેષભાવથી પ્રેરાઈને મારી નકલ કરતો ફરે છે. મારી ઉપેક્ષાને લીધે જ એનું જીવન ટકી રહ્યું છે. એણે પણ ભયને લીધે જરાસંઘનું શરણ ગ્રહણ કર્યું છે. બીજાની વાત તો ઠીક પણ મારા સસરા ભીષ્મક પણ જરાસંઘથી ડરી ગયા છે. એ ઘણા પરાક્રમી છે. ભોજરાજ તથા દેવરાજ એમની સાથે મિત્રતા રાખે છે. એમણે પાંડય, કંથ અને કૌશિક દેશોને જીતી લીધા છે. બળમાં એ પરશુરામ કરતાં જરા પણ ઊતરતા નથી. તોપણ એ જરાસંઘના બંદી બન્યા છે.'

'એ તો ઘણું આશ્ચર્યકારક કહેવાય. ભીષ્મકના અસાધારણ પરાક્રમની વાત તો મેં પણ સાંભળી છે. એવા પરમ પરાક્રમી પુરુષ બીજા કોઈ ભાગ્યે જ હશે.'

યુધિષ્ઠિરના શબ્દો સાંભળીને કૃષ્ણે કહ્યું:

'પરંતુ પરાક્રમની એ વાતો પર પાણી ફરી વળ્યું છે. એ વાતો જૂની થઈ ગઈ છે. હું એમના પર પ્રેમ રાખું છું અને એમનું બધી રીતે હિત કરવા તૈયાર રહું છું.'

'ત્યારે તો જરાસંઘ અત્યંત આંતકકારી બની ગયો છે. કંસના જેવો જ આંતકકારી.'

'કંસના જેવો નહિ પરંતુ કંસ કરતાં પણ અધિક આંતકકારી. કંસની અનીતિ કરતાં એની અનીતિ વધારે છે. પ્રજા જ્યારે ખૂબ જ ત્રસ્ત બની ગઈ ત્યારે પ્રજાહિતના વિચારથી પ્રેરાઈને મેં કંસનો નાશ કર્યો, પરંતુ એ પછી તો જરાસંઘ વધારે બળવાન બની બેઠો. એની સેના એટલી બધી પ્રબળ બની ગઈ કે એમનો સામનો કરવાનું કઠિન થયું. એ સેનાનો વરસો સુધી નિરંતર રીતે લડવાથી પણ નાશ કરી શકાય તેમ ન હતો. આજે પણ એની શક્તિ એવી જ અજોડ છે.'

યુધિષ્ઠિર જરાક વિચારમાં પડીને બોલ્યા:

'જરાસંધ જુદાજુદા રાજાઓને જીતીને એમને પોતાના પોલાદી કિલ્લાની અંદર કેદ કરી દે છે એ નવાઈ જેવું તથા દુઃખદ છે. એની સાથે કેવી રીતે કામ લઈ શકાય એ વિચારવા જેવું છે.'

'એ વાત બરાબર છે.' કૃષ્ણે કહ્યું: 'જ્યાં સુધી જરાસંધ જીવતો છે ત્યાં સુધી રાજસૂય યજ્ઞની સફળતા નહિ થઈ શકે. રાજસૂય યજ્ઞને એ એના જીવન દરમિયાન કદીપણ સફળ નહિ થવા દે. એટલે સૌથી પહેલું કામ એનો નાશ કરવાનું અને કેદી રાજાઓને છોડાવવાનું છે. એ કામ થઈ જશે એટલે બધા રાજાઓ આપોઆપ વશ થઈ જશે.'

'પરંતુ જરાસંધનો નાશ કરવાનું કામ સહેલું છે ?'

'સહેલું તો નથી જ તોપણ એકદમ અશક્ય છે એવું પણ નથી સમજવાનું. એનો નાશ કરવા માટે એની સાથે યુક્તિપૂર્વક કામ લેવું પડશે. જરાસંધ બળવાન છે, પરંતુ એટલો બધો બુદ્ધિશાળી નથી દેખાતો. એટલે બળ તથા બુદ્ધિનો સમન્વય કરીને એનો નાશ કરી શકાશે.'

'બળ તથા બુદ્ધિનો સમન્વય કરીને એટલે ?'

'એ વાત તમે મારી ઉપર છોડી દો. એની સાથે સમયને અનુસરીને કેવી રીતે કામ લેવું એ હું અર્જુન અને ભીમ સાથે મળીને ગોઠવી કાઢીશું. મારો વિચાર એની વિશાળ સેના સાથે લડવાને બદલે એની સાથે દ્વંદ્વયુદ્ધ કરાવવાનો છે.'

'પરંતુ એવા અસાધારણ સામર્થ્યસંપન્ન, આસુરી પ્રકૃતિના માયાવી પુરુષ સાથે દ્વંદ્વયુંદ્ધ કરવાની હિંમત કોણ કરી શકશે ?'

'ભીમ. એના સિવાય બીજા કોઈની અંદર એવું અસાધારણ સાહસ કરવાની શક્તિ નથી દેખાતી. ભીમ એની સાથેના દ્વંદ્વયુદ્ધની પૂરી યોગ્યતા ધરાવે છે.'

'એમાં એ જીતી શકશે ખરો ?'

'જરૂર જીતી શકશે. મને તો એમાં લેશપણ શંકા નથી લાગતી. જરાસંધ પરાક્રમી છે તો ભીમ પણ કાંઈ ઓછો પરાક્રમી તો નથી જ. દ્વંદ્વયુદ્ધમાં એ જરાસંધને પહોંચી વળે તેમ છે. આ કેવળ જરાસંધનો સંહાર કરવાનો જ સવાલ નથી, પીડિત રાજાઓ તેમ જ પ્રજાજનોની પીડામુક્તિનો સવાલ પણ છે. એ વિષયને એવા વિશાળ સંદર્ભમાં વિચારવાનો છે. એ રીતે વિચારતાં તમને ખાતરી થશે કે જરાસંધનો નાશ કરવાનું કાર્ય એક મહાન મંગલમય યજ્ઞકાર્ય છે, અને એ રાજસૂય યજ્ઞનું પૂરક હોવાથી સાથેસાથે રાજસૂય યજ્ઞ કરતાં જરા પણ ઓછું મહત્વ નથી ધરાવતું.'

યુધિષ્ઠિરે કૃષ્ણની સલાહ સ્વીકારી લીધી.

અર્જુન તથા ભીમ કૃષ્ણના પ્રસ્તાવને સાંભળી પ્રસન્ન થયા.

અર્જુન બોલ્યો:

'કૃષ્ણ જે કરે છે તે કલ્યાણને માટે જ કરે છે એવો મારો વિશ્વાસ છે. એમની સૂચના પ્રમાણે વર્તવામાં જ આપણું શ્રેય છે.'

ભીમે જણાવ્યું:

'કૃષ્ણના આદેશનું પાલન કરતાં જરાસંધ તો શું બીજા ગમે તેની સાથેના દ્વંદ્વયુદ્ધમાં મને વિજય

મળશે. મને એમનામાં શ્રદ્ધા છે.'

દ્રૌપદી તથા સુભદ્રાએ પણ સાચી પરિસ્થિતિની માહિતી મળતાં અશ્રુ સારવાને બદલે અર્જુનને હિંમત પૂરી પાડીને ભાવભરેલી વિદાય આપી.

અર્જુન તથા ભીમ કૃષ્ણ સાથે સુંદર સુવર્ણમય રથમાં બેસીને જરાસંઘનો નાશ કરવાના પ્રયોજનથી પ્રેરાઈને મગધ દેશની દિશામાં પ્રયાણ કરવા તૈયાર થયા ત્યારે યુધિષ્ઠિરે કૃષ્ણને કહ્યું:

'અર્જુન અને ભીમને તમારા હાથમાં સુપ્રત કરું છું. એમને કોઈ જાતની હાનિ ના પહોંચે તે જાવાનું કામ તમારું છે.'

'એ સંબંધી તમે તદ્દન નિશ્ચિંત રહેજો.' કૃષ્ણે શાંતિપૂર્વક દૃઢતાયુક્ત વાણીમાં જણાવ્યું: 'ભીમ અને અર્જુન મને પણ તમારા જેટલા જ પ્રિય હોવાથી હું એમનું પૂરેપૂરું ધ્યાન રાખીશ. એમને કોઈ પ્રકારની તકલીફ નહિ પડે. એમનો વાળ પણ વાંકો નહિ થઈ શકે. એ બંનેને કુશળતાપૂર્વક પાછા લાવીને તમને અર્પણ કરીશ.

*

દિવસોના દીર્ઘ પ્રવાસ પછી કૃષ્ણ, અર્જુન અને ભીમ મગધ દેશમાં આવેલી જરાસંઘની રાજધાનીમાં આવી પહોંચ્યાં.

એમણે ભારે કુશળતાપૂર્વક વેશપરિવર્તન કર્યું હોવાથી એમને સહેલાઈથી ઓળખી શકાય તેમ નહોતું.

નગરમાં પ્રવેશીને રથને એક એકાંત સુરક્ષિત સ્થળમાં રાખીને એ જરાસંઘના રાજપ્રાસાદ તરફ ચાલી નીકળ્યા. એમના વેશ પરથી એમને કોઈ તપસ્વી પ્રવાસી બ્રાહ્મણ ધારીને માર્ગમાં બધા એમને પ્રણામ કરવા લાગ્યા. રાજપ્રાસાદના દ્વારપાળોએ એમને કોઈ પણ પ્રકારની વિશેષ હેરાનગતિ કે રોકટોક વગર અંદર જવા દીધા.

રાજપ્રાસાદ ખૂબ જ કળાત્મક, સુશોભિત અને ભવ્ય હતો.

એની ઉપરથી જરાસંઘના વૈભવની કલ્પના સહેલાઈથી થઈ શકતી.

જરાસંઘ એક સુવાસિત સુંદર ખંડમાં રત્નજડિત સિંહાસન પર બેઠેલો.

ત્રણે નવાગંતુકોને જોઈને એમણે બ્રાહ્મણ અથવા ઋષિ ધારીને એ ઊભો થઈ ગયો.

એણે એમનો શિષ્ટાચારને ખાતર ઉપર ઉપરથી સત્કાર કર્યો ને પૂછ્યું:

'તમારા આગમનનું પ્રયોજન શું છે અને તમે કોણ છો તે કહી બતાવશો ?'

કૃષ્ણે શાંતિપૂર્વક ઉત્તર આપ્યો:

'અમારા આગમનનુ એક માત્ર પ્રયોજન તારી સાથે યુદ્ધ કરવાનું છે.'

'યુદ્ધ ? અને એ પણ મારી સાથે ?'

'હા. તારી સાથે.'

'તમારી બુદ્ધિ ઠેકાણે તો છે ને ?'

'એ તો ઠેકાણે જ છે પરંતુ તારી બુદ્ધિ ઠેકાણે નથી લાગતી. એટલે તો તેં અહંકારમાં ઉન્મત્ત બનીને અનેક રાજાઓને હરાવી તથા ડરાવીને તારા કિલ્લામાં કેદ કર્યા છે. એ રાજાઓ તથા તેમની જનેતાનાં

જીવન તારે લીધે દુઃખદ બન્યાં છે. તારી બુદ્ધિ ઠેકાણે હોય તો એ રાજાઓને છોડી દે.'

જરાસંઘે અટ્ટહાસ્ય કરીને કહ્યું:

'ત્યારે તો એમના વતી દયાની અરજી કરવા આવ્યો હશે.'

'દયાની અરજી કરવા માટે નથી આવ્યો પરંતુ જો બની શકે તો મૃત્યુના મુખમાંથી બચાવવા માટે આવ્યો છું.'

'મૃત્યુના મુખમાંથી બચાવવા ? મને મારી શકે એવું છે જ કોણ ? મારાથી તો મૃત્યુ પણ ડરે છે.'

'એ તારું અજ્ઞાન અથવા મિથ્યાભિમાન છે. જો વેળાસર નહિ ચેતે કે નહિ સમજે તો તારો નાશ થઈ જશે.'

'મારો નાશ કોઈ પણ નથી કરી શકે તેમ. તને હજુ મારી લોકોત્તર શક્તિની ખબર નથી એટલે જ આવા પ્રલાપો કર્યા કરે છે. રાજાઓને તો સ્વપ્ને પણ નહિ છોડી શકું.'

'તો પછી અમારી સાથે યુદ્ધ કરવા તૈયાર થા. અમારી પાસે સેના નથી એટલે અમે દ્વંદ્વયુદ્ધની માગણી કરીએ છીએ. અમારામાંથી કોઈ પણ એકની સાથે દ્વંદ્વયુદ્ધ કરવા તૈયાર થા.'

'દ્વંદ્વયુદ્ધ ? તમારા કોઈનામાં મારી સાથે દ્વંદ્વયુદ્ધ કરવાની શક્તિ જ ક્યાં દેખાય છે ?'

'એ તો તું લડીશ ત્યારે ખબર પડશે. અમે તને સહેલાઈથી પહોંચી વળીએ તેમ છીએ.'

'બ્રાહ્મણ થઈને હાથે કરીને મૃત્યુના મુખમાં શા માટે પડી રહ્યા છો ?'

કૃષ્ણે કહ્યું:

'તેની ચિંતા તારે નથી કરવાની. તારું હિત ચાહતો હોય તો તારી ચિંતા કરી લે. અમે કોઈ સાધારણ બ્રાહ્મણો કે ઋષિઓ નથી. હું કૃષ્ણ છું, આ અર્જુન છે, અને પેલો ભીમ છે. અમે તારા કાળ બનીને આવી પહોંચ્યા છીએ.'

જરાસંઘ એ ત્રણેને ઝીણવટથી જોઈ રહ્યો ને બોલ્યો:

'તમે કૃષ્ણ, અર્જુન, ભીમ કે કોઈ પણ હો તોપણ હું તમારાથી જરા પણ નથી ડરતો. તને લડવાનું મન હોય તો હું તારી કે કોઈનીય સાથે લડી લેવા તૈયાર છું. દ્વંદ્વયુદ્ધમાં તો વારાફરતી તમને ત્રણેને રોળી નાખીશ.'

'અમારા ત્રણેની સાથે તારે દ્વંદ્વયુદ્ધમાં ઊતરવું જ નહિ પડે ને ! જેની સાથે તું પહેલાં દ્વંદ્વયુદ્ધ કરીશ એ એક જ તારો નાશ કરશે.'

જરાસંઘ ફરીવાર અટ્ટહાસ્ય કરીને બોલ્યો:

'મારો નાશ કરનાર તો ત્રણે લોકમાં કોઈ જન્મ્યો જ નથી. મારી સાથે દ્વંદ્વયુદ્ધ કરવાથી કશું જ નહિ વળે. હું તમારા ત્રણેનો નાશ કરી નાખીશ. છતાં પણ તમને લડયા સિવાય ચેન જ ના પડતું હોય તો હું દ્વંદ્વયુદ્ધ કરવા તૈયાર છું. તમારી વાતચીત પરથી મને લાગે છે કે તમને જીવવાનું નથી ગમતું.'

'એની સાબિતી તો દ્વંદ્વયુદ્ધમાં મળી રહેશે. એટલે વાતોમાં વખત બગાડવાને બદલે હવે દ્વંદ્વયુદ્ધ કરવા તૈયાર થઈ જા.'

*

કૃષ્ણની સૂચનાનુસાર જરાસંઘ સાથે દ્વંદ્વયુદ્ધ કરવાની તૈયારી ભીમે કરી લીધી.

જરાસંઘે યુદ્ધમાં ઊતરતાં પહેલાં માળા તથા બીજાં મંગલચિહ્નો ધારણ કર્યાં, બાજુબંધ તથા બખ્તર પહેર્યું, ને કેશને બાંધી લીધાં.

ભીમે કૃષ્ણના આશીર્વાદ માગી લીધા.

શસ્ત્ર જેવી સુદૃઢ ભુજાઓની મદદથી બંને યુદ્ધ કરવા તૈયાર થયા.

એમનું યુદ્ધ જોવા માટે અસંખ્ય લોકો એકઠા થયા.

જરાસંઘ તથા ભીમ સુદૃઢ હાથથી એકમેકને ધક્કા મારતાં, ગરદનમાંથી પકડીને પછાવાનો પ્રયત્ન કરતા, ખેંચતા, ઘસડતા, હૂંકાર કરતા અને એકમેક પર મુક્કાના પ્રહાર કરતા, લડવા લાગ્યા.

એ યુદ્ધ કારતક વદ એકમથી શરૂ થઈને લગાતાર તેર દિવસ સુધી ચાલતું રહ્યું, તોપણ કોઈ હાર્યું નહિ.

પરંતુ તેર દિવસના સતત ઘોર દ્વંદ્વયુદ્ધ પછી જરાસંઘ જરાક ઢીલો પડ્યો ત્યારે કૃષ્ણે ભીમને ઉત્સાહિત કરતાં કહ્યું:

‘ભીમ ! તારી શક્તિ ખૂબ જ અદ્દભુત છે. એ શક્તિનો તેં પૂરેપૂરો ઉપયોગ કર્યો છે ? અત્યાર સુધી તો તેં જરાસંઘને રમાડ્યા જ કર્યો છે પણ હવે વધારે વાર રમત રમાડવાને બદલે એનો વહેલી તકે નાશ કરી નાખ. તારામાં એવું કરવાની શક્તિ છે.’

ભીમનો ઉત્સાહ અનેકગણો વધી ગયો.

એણે જરાસંઘને ઉપાડીને ચક્કર ચક્કર ફેરવવા માંડ્યો ને પછી જોરથી પૃથ્વી પર પછાડ્યો.

એ પછી એના એક પગ પર પગ રાખી, બીજા પગને ખેંચીને કૃષ્ણના સંકેત પ્રમાણે એને ચીરી નાખ્યો.

જરાસંઘ ભયંકર ચિત્કાર કરતાં મરી ગયો.

એનો એ ઘોર ચિત્કાર સાંભળીને ત્યાં એકઠા થયેલા લોકો ગભરાઈ ગયા.

અર્જુન અને કૃષ્ણે ભીમને એના અભૂતપૂર્વ પરાક્રમ બદલ અંતરના અનેકાનેક અભિનંદન આપ્યાં.

કૃષ્ણે અભિનંદન આપતાં કહ્યું:

‘તેં ખરેખર ઘણું ઉપયોગી અને અદ્દભુત કર્મ કરી બતાવ્યું. તારામાં મુકાયેલો મારો વિશ્વાસ સાચો પડ્યો.’

‘એ તમારી કૃપા જ છે.’ ભીમે કહ્યું: ‘જેની ઉપર તમારી કૃપા હોય ને જેને તમારા સુંદર સાથ, સહકાર તથા વરદહસ્તની પ્રાપ્તિ થાય તે શું ના કરી શકે ? તે સર્વ પ્રકારે સુખી થાય, વિજયી બની જાય, ને યશ મેળવે. તમારા અનુગ્રહ આગળ કશું જ અશક્ય નથી લાગતું.’

‘સાચું છે.’ અર્જુનથી કહ્યા વિના ના રહેવાયું: ‘મારું અંતર એની સાક્ષી પૂરે છે.’

* * *

## ૩૮. કૃષ્ણની અગ્રપૂજા

જરાસંધનો નાશ કર્યા પછી કૃષ્ણ, અર્જુન અને ભીમને ઘણી નિરાંત થઈ.

એમણે થોડીવાર વિશ્રાંતિ કર્યા પછી કિલ્લામાં પ્રવેશ કરીને બધા જ કેદી રાજાઓને છોડી મૂક્યા.

કૃષ્ણે એમને કહ્યું:

'અમે જરાસંધનો નાશ તમને મુક્ત કરવા માટે જ કર્યો છે. એને સમજાવવાના અમારા પ્રયત્નો નકામા ગયા ત્યારે છેવટે કોઈ બીજો રસ્તો ના રહેવાથી અમારે એની સાથે યુદ્ધ કરવું પડ્યું છે. હવે એનો ભય કાયમને માટે દૂર થયો છે એટલે તમે તમારા પ્રદેશોમાં જઈને શાસનનાં સૂત્રો સંભાળી શકો છો.'

રાજાઓએ નમ્રતા તથા કૃતજ્ઞતાપૂર્વક જણાવ્યું:

'તમે અમારી મુક્તિ કરી એથી તમારો આભાર માનીએ છીએ. એ મુક્તિ કેવળ કિલ્લામાંથી જ નથી થઈ કિન્તુ જીવનભરના દુઃખમાંથી થઈ છે. એટલે એનું મહત્વ વિશેષ છે. તમે અમારા તારણહાર બન્યા છો એટલે અમે બીજે જઈએ એ પહેલાં તમને સંયુક્તરૂપે સન્માનવા કે શ્રદ્ધાની અંજલિ આપવા માગીએ છીએ.'

કૃષ્ણે કહ્યું:

'મેં જે કર્યું છે તે કોઈ સન્માનથી કામનાથી પ્રેરાઈને નથી કર્યું પરંતુ સેવાની ભાવનાથી જ કરેલું છે.'

'છતાં પણ અમારું કર્તવ્ય છે કે અમે તમને સન્માનીએ. વધારે નહિ તો એટલી કૃતજ્ઞતા તો અમારામાં હોવી જ જોઈએ.'

'તમારી કૃતજ્ઞતાની એ લાગણીને સમજી શકું છું. તોપણ મને સન્માનનો અધિકારી નથી સમજતો. તમે મને જેને માટે સન્માનવા માગો છો તે જરાસંધનો નાશ તો મેં નથી કર્યો પણ ભીમે કર્યો છે.'

'પરંતુ ભીમને તેને માટે પ્રેરણા આપનાર અને પથપ્રદર્શન કરનાર તમે જ છો. એથી સન્માન તો તમારું જ કરાવું જોઈએ. સાથે સાથે ભીમનું અને અર્જુનનું સન્માન પણ કરીશું. જરાસંધનો નાશ ભીમે કર્યો એ સાચું છે પરંતુ એને એને માટે ઉત્સાહિત કરનાર તમે જ હતા. વળી તમે જ અમને જરાસંધના કારાગારમાંથી મુક્તિ આપી છે. તમારા વિના આ મુક્તિ અમને કદીપણ ના મળી હોત. એટલે તમને અમે સન્માનીએ એ બધી રીતે યોગ્ય જ છે. અમારી ભાવના ઊંડી અને સાચી છે. એનો અનાદર કરીને અમને દુઃખી ના કરશો એવી પ્રાર્થના કરીએ છીએ.'

કૃષ્ણે રાજાઓની માગણી ના છૂટકે માન્ય રાખી.

રાજાઓએ એમનું અત્યંત આદર અને પ્રેમપૂર્વક પૂજન કર્યું ને કહ્યું:

'તમારા ઉપકારને અમે કદીપણ નહિ ભૂલી શકીએ. તમારી અનુકંપાથી જ અમને નવા જીવનની પ્રાપ્તિ થઈ છે. તમારા ઉપકારના બદલામાં અમારા સમસ્ત જીવનને અમે તમારે ચરણે ધરીએ છીએ. તમે જે આજ્ઞા કરો એ આજ્ઞાનું પાલન કરવા અમે તૈયાર છીએ. અમારે લાયક કોઈ સેવા બતાવશો તો અમને આનંદ થશે.'

કૃષ્ણે કહ્યું:

'તમારો મારે માટેનો સ્નેહ તથા તમારી સદ્દભાવના જોઈ મને આનંદ થાય છે. તમે મારી આજ્ઞા

પ્રમાણે ચાલવા અને મારી સેવા કરવા તૈયાર છો તો તમને એક કામ બતાવું.'

રાજાઓએ કૃષ્ણના આદેશને અનુસરવાની ઉત્સુકતા બતાવી એટલે એમણે જણાવ્યું:

'મારે તમને મારી પોતાની કોઈ સેવા નથી બતાવવાની. છતાં પણ જે સેવા બતાવું છું તેની સાથે ખાસ સંબંધ છે. રાજા યુધિષ્ઠિર થોડા વખતમાં રાજસૂય યજ્ઞ કરવાની ઈચ્છા રાખે છે. એ યજ્ઞને સફળ કરવા માટે તમારે શક્ય તેટલી બધી જ મદદ કરવાની છે.'

રાજાઓએ એમના સૂચનને સ્વીકારી લીધું.

એમની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એ બધા બોલી ઊઠ્યા:

'આ કામ તો ઘણું સાધારણ છે. અમે એને પ્રેમપૂર્વક જરૂર પૂરું કરીશું. એ ઉપરાંત પણ અમારે લાયક કોઈક બીજું કામ હોય તો બતાવજો. તમારા આદેશનો અમલ કરવા અમે ખડે પગે તૈયાર રહીશું.'

કૃષ્ણ, અર્જુન અને ભીમનું સન્માન કર્યા પછી રાજાઓની પ્રેરણાથી નગરજનોએ એમને જુદીજુદી ભેટો આપવા માંડી.

જરાસંધનો પુત્ર સહદેવ પુરોહિત તથા મંત્રીઓ સાથે ત્યાં આવી પહોંચ્યો.

એણે કૃષ્ણને અસંખ્ય રત્નો અર્પણ કર્યા.

કૃષ્ણે એ રત્નોનો સ્વીકાર કરીને એને અભયદાન આપ્યું.

એ પછી એનો અભિષેક કરવામાં આવ્યો.

એથી પ્રસન્ન થઈને એ કૃષ્ણની પ્રશસ્તિ કરતો પાછો ફર્યો.

કૃષ્ણ જ્યારે ભીમ અને અર્જુનની સાથે જરાસંધના નાશ તથા રાજાઓની મુક્તિના નિર્ધારિત કાર્યને સફળતાપૂર્વક પૂરું કરીને ઈન્દ્રપ્રસ્થમાં પાછા આવ્યા ત્યારે ત્યાંની પ્રજાએ અને યુધિષ્ઠરે એમનો અંતરના ઉમળકા સાથે ભારે દબદબાપૂર્વક સત્કાર કર્યો.

કૃષ્ણે પોતાની સ્વભાવસહજ સરળતા ને નમ્રતાનો પરિચય કરાવતાં તે વખતે પણ કહ્યું:

'સાચા સન્માનના અધિકારી તો ભીમ અને અર્જુન છે. એ બંને બહાદુરીપૂર્વક તૈયાર થઈને મારી સાથે ના આવ્યા હોત તો જરાસંધનો નાશ ભાગ્યે જ થઈ શક્યો હોત. એમની વીરતા બદલ એમને જેટલા પણ ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.'

ભીમે કહ્યું:

'સાચા ધન્યવાદ તો અમને નહિ પણ તમને ઘટે છે. જરાસંધને મારવાનો બધો જ યશ તમારે ફાળે જાય છે. તમારા માર્ગદર્શન કે અનુગ્રહ વિના મારાથી કશું જ ના થઈ શક્યું હોત.'

અર્જુન પણ બોલી ઊઠ્યો:

'આપણી મગધયાત્રાની સફળતા સંપૂર્ણપણે તમને જ આભારી છે. તમે અમારા પ્રાણ, સર્વેશ્વર અથવા સૂત્રધાર હતા એટલે જ બધું શક્ય બન્યું. નહિ તો જરાસંધનો સામનો કરવાનું ખૂબ જ કઠિન થયું હોત.'

કુંતી, દ્રૌપદી, સુભદ્રા, સહદેવ ને નકુલનો આનંદ અનેકગણો વધી પડ્યો.

યુધિષ્ઠિરે ઈન્દ્રપ્રસ્થમાં કૃષ્ણ સાથે આવેલા રાજાઓને પણ પ્રેમપૂર્વક સત્કાર્યા.

ઈન્દ્રપ્રસ્થમાં થોડોક દિવસો શાંતિપૂર્વક પસાર કરીને રાજાઓએ પોતપોતાના પ્રદેશમાં પહોંચવા માટે પ્રયાણ કર્યું,

કૃષ્ણે પણ દ્વારકા જવાની તૈયારી કરીને યુધિષ્ઠરને કહ્યું:

'હવે રાજસૂય યજ્ઞના અનુષ્ઠાનની તમારી ઈચ્છા સહેલાઈથી પૂરી થઈ શકશે અને તમારી કીર્તિ દિશાપ્રદિશામાં ફેલાઈ જશે. તમારો માર્ગ નિષ્કંટક બની ગયો.'

યુધિષ્ઠરે આંખમાં આંસુ સાથે કહ્યું:

'તમારી અમારી ઉપર કૃપાદૃષ્ટિ હોવાથી અમારે માટે આખું જીવન અને જગત નિષ્કંટક બની જશે એવો મને વિશ્વાસ છે. તમારી કૃપાથી સઘળું સારું જ થશે. અમે એ કૃપાદૃષ્ટિની જ કામના કરીએ છીએ.'

થોડાક દિવસો શાંતિપૂર્વક પસાર થયા પછી અર્જુને યુધિષ્ઠિરની અનુમતિ મેળવીને રાજાઓ પાસેથી કર ઊઘરાવવા ઉત્તર દિશામાં પ્રયાણ કર્યું.

જુદા જુદા રાજાઓને જીતી, વશ કરી, તથા પોતાના આશ્રિત બનાવીને એ ચારે ભાઈ એમની પાસેથી અપાર ધનભંડાર લઈને ઈન્દ્રપ્રસ્થમાં આવી પહોંચ્યા ત્યારે સૌને આનંદ થયો.

યુધિષ્ઠિર સત્યનિષ્ઠ હતા.

એ પ્રજાના પાલનમાં તત્પર રહેતા હોવાતી પ્રજા પણ એમની ઉપર પુષ્કળ પ્રેમ રાખતી અને એમના આદેશાનુસાર વર્તતી.

ધર્માનુસાર શાસન થવાથી પ્રજાની સુખસમૃદ્ધિનો પાર ના રહ્યો.

વર્ષા સમય પર સુચારુરૂપે થવા લાગી ને ધરતી ધાન્યવતી બની રહી.

અતિવૃષ્ટિ અને અનાવૃષ્ટિનો ભય જતો રહ્યો.

પ્રજાને એવી રીતે સુખી અને સમૃદ્ધ જોઈને યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞનો આરંભ કરવાનો નિર્ણય કર્યો.

સૌથી પહેલાં એમણે દ્વારકાથી કૃષ્ણને બોલાવી લીધા.

યજ્ઞની સઘળી પૂર્વતૈયારી થઈ ચૂકી એટલે યજ્ઞ કરવાનારા કુશળ બ્રાહ્મણોએ રાજા યુધિષ્ઠિરને રાજસૂય યજ્ઞની દીક્ષા આપી.

યુધિષ્ઠિરે વિશાળ, સરસ, સુશોભિત યજ્ઞશાળામાં પ્રવેશ કર્યો.

યુધિષ્ઠિરના આમંત્રણને માન આપીને ભીષ્મ, દ્રોણ, ધૃતરાષ્ટ્ર, વિદુર, દુર્યોધન, કર્ણ, શલ્ય, શકુનિ, અશ્વત્થામા, દ્રુપદ, જયદ્રથ તથા શિશુપાલ જેવા બીજા કેટલાય રાજાઓ ઈન્દ્રપ્રસ્થની સુંદર યજ્ઞભૂમિમાં આવી પહોંચ્યા.

એ ઉપરાંત બલરામ, અનિરુદ્ધ, કંક, સારણ, ગદ, સામ્બ, પ્રદ્યુમ્ન, ચારુદેષ્ણ, ઉલ્મુક જેવા યાદવ મહારથીઓ પણ આવી પહોંચ્યાં.

યુધિષ્ઠિરે એ સૌનો સત્કાર કરીને એ સૌને એમને માટે તૈયાર કરાયલાં જુદાં જુદાં આકર્ષક આનંદદાયક આશ્રયસ્થાનોમાં ઉતારો આપ્યો.

એ આશ્રયસ્થાનોને નિહાળીને સૌને સંતોષ થયો.

યુધિષ્ઠિરે એ સૌને એમની ઈચ્છા તથા યોગ્યતા પ્રમાણેનાં જુદાંજુદાં કામો સોંપી દીધાં.

દુઃશાસન ખાદ્ય પદાર્થોની વ્યવસ્થા સંભાળવા માંડ્યો, અશ્વત્થામા પંડિતો અને આચાર્યોની સેવામાં નિયુક્ત થયો અને સંજયને જુદાજુદા રાજાઓના સત્કારનું આવશ્યક કામ સોંપવામાં આવ્યું.

કૃપાચાર્યે સોના, ચાંદી, રત્નોને સંભાળવાનું તથા દક્ષિણા આપવાનું કામ કરવા માંડ્યું.

વિદુરે આવશ્યક ખર્ચ કરવાનું કામ સંભાળી લીધું અને દુર્યોધન ભેટમાં મળેલી વસ્તુઓનો હિસાબ રાખવા લાગ્યો.

કૃષ્ણને પણ કોઈક મહત્વનું કામ સોંપવાનું આવશ્યક લાગવાથી યુધિષ્ઠિરે એમની અનુમતિ માગી તો એમણે સ્મિતપૂર્વક શાંતિથી કહ્યું:

'અહીં પોતપોતાની યોગ્યતા પ્રમાણે જુદાંજુદાં કામો કરનારા પુરુષો અનેક છે, છતાં તમે મને પણ મારી મરજી મુજબનું કોઈ સેવાકાર્ય સોંપવા માગો છો તો એ કાર્ય હું પોતે જ પસંદ કરી લઉં. બીજાં કામ કરનારા તો અનેક છે એટલે એ કામ છોડીને હું એક નાનું છતાં મહત્વનું કિંમતી કામ કરવા માગું છું.'

યુધિષ્ઠિરે જણાવ્યું:

'તમારી ઈચ્છા પ્રમાણેના કામની પસંદગી તમે કરી શકો છો. તમે જે કોઈ કામ કરશો તે કામ જોઈને મને આનંદ થશે.'

'ખરેખર ?'

'હા. ખરેખર.'

'તો પછી મને અહીં આવેલા અને આવનારા વિદ્વાનો, પંડિતો કે બ્રાહ્મણોના પાદપ્રક્ષાલનનું કામ કરવા દો. એ કામ મને ખરેખર આનંદ આપશે.'

યુધિષ્ઠિર વિચારમાં ડૂબી ગયા ને બોલ્યા:

'એ કામ તમે જ કરશો ? તમારા જેવા મહાપુરુષને માટે ...'

યુધિષ્ઠિરના મનોભાવને જાણીને કૃષ્ણ વચ્ચે જ બોલી ઊઠ્યા:

'તમે મને મહાપુરુષ માનતા હો તોપણ એ કામ મારે માટે શોભાસ્પદ અને કૃતાર્થ કરનારું થઈ પડશે. પવિત્ર પુરુષોના પાદપ્રક્ષાલનનો અવસર કોઈક ભાગ્યશાળીને જ સાંપડતો હોય છે. એવા પુરુષોની સેવા કરવાનો સંજોગ કાંઈ જેને તેને ને જ્યારે ત્યારે નથી મળતો. મારી જાતને એમના ચરણની રજ બરાબર લેખું છું. અને એમના આશીર્વાદની અહર્નિશ અપેક્ષા રાખું છું.'

એમની વિનમ્રતા ને સરળતા જોઈને યુધિષ્ઠિર મુગ્ધ બની ગયા. એ બોલ્યા પણ ખરા:

'તમારા આ શબ્દો મને હંમેશા યાદ રહેશે ને પ્રેરણા પાશે. તમારું જીવન કેટલા બધા ઉત્તમ, અસાધારણ, આદર્શરૂપ અને તમારું હૃદય કેટલું બધું મંગલમય અને મહાન છે ? માટે જ તમે આ નાના સરખા કામને બીજાં કેટલાંય મોટામોટાં કામો હોવા છતાં કરવા માટે તૈયાર થયા છો.'

'જુઓ યુધિષ્ઠિર !' કૃષ્ણે કહ્યું: 'કામ બહારથી જોતાં નાનામોટાં લાગે છે પરંતુ એમની અંદર એવો ભેદ પાડવો યોગ્ય નથી. કોઈ કામ ઉપરઉપરથી જોઈને જ નાનું કે મોટું ના ગણવું જોઈએ. કામ બહારથી જોતાં ગમે તેટલું નાનું હોય તોપણ એની પાછળની અથવા એની અંદર ઓતપ્રોત થયેલી ભાવના એને મોટું, મહત્વનું, મૂલ્યવાન બનાવે છે, અને ગમે તેવા મોટા દેખાતા કામને પણ એ ભાવનાનો અભાવ નાનું કે

નિરર્થક કરી દે છે. એટલે કામને નાનું માનીને એની ઉપેક્ષા કરવી બરાબર નથી.'

એટલું કહીને દેવકીનંદન કૃષ્ણ પોતાના એ નવીન, મનપસંદ કામમાં લાગી ગયા.

યુધિષ્ઠિર એ મહાપ્રતાપી મહાપુરુષને આશ્ચર્યચકિત, નેહમિશ્રિત પૂજ્યભાવયુક્ત નેત્રે નિહાળી રહ્યાં.

બીજા બધાને પણ કૃષ્ણની એ અવનવી પ્રવૃત્તિથી આશ્ચર્ય થયું.

પરંતુ એમને એની ક્યાં પડી હતી ?

એ તો પ્રાજ્ઞ પુરુષોના સ્વાગત તથા પાદપ્રક્ષાલનના પવિત્ર કામમાં પ્રવૃત્ત થઈ ગયા.

એમના મુખમંડળ પરથી લાગવા માંડ્યુ કે એમને એ કાર્યથી કોઈક અલૌકિક અસીમ આનંદ થઈ રહ્યો છે.

રાજસૂય યજ્ઞમાં આવેલા રાજાઓમાંના કોઈએ સહસ્ત્ર સુવર્ણમુદ્રાથી ઓછી ભેટ ના આપી.

એ યજ્ઞમંડપમાં કુબેરનો સમગ્ર ધનભંડાર ઠલવાઈ ગયો હોય એવું અદ્દભુત દૃશ્ય ત્યાં આગળ ઉપસ્થિત થયું.

દર્શનાર્થીઓને ભાતભાતની ભેટો આપવામાં આવી ને વિવિધ પ્રકારની સ્વાદિષ્ટ ભોજનસામગ્રીથી તૃપ્ત કરવામાં આવ્યા.

યજ્ઞના અંતે અભિષેકનો દિવસ આવી પહોંચ્યો એટલે સત્કારયોગ્ય મુનિ, મહર્ષિ તથા બ્રાહ્મણો અને પંડિતોએ યજ્ઞશાળાની અંતર્વેદીમાં પ્રવેશ કર્યો.

એ જોઈને ભીષ્મે યુધિષ્ઠિરને સૂચવ્યું:

'તમે હવે અહીં આવેલા રાજાઓ, ઋષિઓ અને પંડિતોનો યોગ્ય સત્કાર કરો. એમની અલગઅલગ પૂજા કરો, અને એ સૌમાં જે આપણા જમાનામાં સર્વશ્રેષ્ઠ હોય તેમની સૌથી પહેલી પૂજા કરો.'

યુધિષ્ઠિરે વિચાર કરીને પૂછ્યું:

'પરંતુ આપણા જમાનાના સર્વોત્તમ અને પ્રથમ પૂજાને યોગ્ય કોણ છે તે તો તમારા જેવા પ્રાજ્ઞ પુરુષ જ કહી શકે. એવા પ્રથમ પૂજ્ય પુરુષ એક તો તમે હોઈ શકો.'

'ના. હું નથી.' ભીષ્મે કહ્યું

'તો પછી દ્રોણ ?'

'દ્રોણ પણ નહી.'

'તો પછી કૃપાચાર્ય ?'

'ના. એ પણ નહીં.'

'તો પછી અમને ઈન્દ્રપ્રસ્થનું રાજ્ય પ્રદાન કરનાર ધૃતરાષ્ટ્ર ?'

'ધૃતરાષ્ટ્ર પણ આ સૌની અંદર સર્વોત્તમ તો નથી જ એટલે એમની અગ્રપૂજા ના હોઈ શકે.'

'તો પછી અહીં આવેલા દેવર્ષિ નારદ, વ્યાસ અથવા એવા કોઈક બીજા સંતપુરુષ કે રાજામહારાજા ?'

'એ પણ નહીં.'

'તો પછી...મારે સૌથી પહેલી પૂજા કોની કરવી એ વિશે મારાથી કોઈ નિર્ણય પર નથી પહોંચી

શકાતું. તમે જ મને સુયોગ્ય માર્ગદર્શન પૂરું પાડો. હું એ પ્રમાણે ચાલવાની ખાતરી આપું છું. તમારા ડહાપણમાં મને વિશ્વાસ છે. '

યુધિષ્ઠિરની જિજ્ઞાસા જોઈને ભીષ્મે સૌના સાંભળતાં જણાવ્યું:

'યુધિષ્ઠિર ! આપણા જમાનાના સર્વશ્રેષ્ઠ પુરુષ કેવળ કૃષ્ણ જ છે. એમના કરતાં વધારે આદર્શ, મહાન અથવા યોગ્ય પુરુષ બીજા કોઈ જ નથી. બળમાં, બુદ્ધિમાં અને આચારમાં એ જ અગ્રગણ્ય છે. એટલે સર્વોત્તમ મહાપુરુષ તરીકે પહેલાં એમની અગ્રપૂજા કરવામાં આવે એ બરાબર છે. બીજા બધા તો એમની આગળ એમના એકાદ નાના સરખા અંશ બરાબર અને ફીકા લાગે છે. એ સૂર્ય સરખા પરમ પ્રતાપી કે તેજસ્વી છે અને બીજા બધા તારા જેવા. એ વિશાળ સાગર જેવા છે તો બીજા એ સાગરના સાધારણ તરંગો જેવા. આ યજ્ઞની મુખ્ય શોભા એમને જ લીધે છે. એમને લીધે જ એનો મહિમા છે. એમની ઉપસ્થિતિ ના હોત તો આ આખોય યજ્ઞ નીરસ, સામાન્ય અથવા ઝાંખો થઈ જાત.'

યુધિષ્ઠિરે ભીષ્મની વાતને વધાવી લીધી.

એમણે કહ્યું:

'તમારા વિચાર સાથે હું સંપૂર્ણપણે મળતો થાઉં છું. કૃષ્ણનું વ્યક્તિત્વ બધી રીતે અનેરું અને અજોડ છે. એટલે એમની અગ્રપૂજા કરવાનો આદેશ આપું છું. એ આપણા જમાનાના સર્વોત્તમ પુરુષ છે. એમની અગ્રપૂજા કરવાથી યજ્ઞ સફળ બનશે અને અસાધારણ શોભા ધારણ કરશે.'

યુધિષ્ઠિરના તથા ભીષ્મના નિર્ણયથી યજ્ઞમંડપમાં વિરાજેલા મોટા ભાગના રાજાઓ અને આંગતુકોને આનંદ થયો.

એ નિર્ણય સાંભળીને કૃષ્ણ એવા જ નિર્વિકાર તથા તટસ્થ રહ્યા ને બોલ્યા:

'ભીષ્મને માટે માન હોવાથી એમના પ્રસ્તાવને માથે ચઢાવું છું. છતાં પણ પૂછું છું કે આટલા બધા લોકોત્તર મહામાનવોની વચ્ચે એક સર્વોત્કૃષ્ટ મહાપુરુષ તરીકે મારી અગ્રપૂજા કરવી શું ઉચિત છે ?'

'એ ઉચિત જ છે.' યુધિષ્ઠિર બોલ્યા: 'પિતામહ ભીષ્મનો નિર્ણય નિષ્પક્ષ છે એટલે એને મેં માન્ય રાખ્યો છે. અગ્રપૂજાનો પ્રસ્તાવ તમને પસંદ પડે કે ના પડે તોપણ મારા યોજેલા યજ્ઞની સુખદ પૂર્ણાહુતિ માટે તમારે તેનો સ્વીકાર કરવાનો છે. મારી એટલી પ્રાર્થના છે.'

કૃષ્ણે યુધિષ્ઠિર, ભીષ્મ તથા અનેકનો આગ્રહ જોઈને એ પ્રાર્થના માન્ય રાખી. સંજોગો જોઈને જાહેર રીતે પૂજાવાની જરા પણ ઈચ્છા ના હોવા છતાં એમને એ માન્ય રાખવી પડી.

યુધિષ્ઠિર તથા ભીષ્મની સૂચના પ્રમાણે સહદેવે કૃષ્ણને અર્ધ્યદાન કર્યું.

કૃષ્ણે એનો શાંતિપૂર્વક સ્વીકાર કર્યો ત્યારે મંડપમાં ચારે તરફ આનંદ આનંદ છવાઈ ગયો અને એમના નામનો જયકાર થવા માંડ્યો. કૃષ્ણની અગ્રપૂજાએ લાગતાવળગતા સૌને આનંદ આપ્યો. પરંતુ દુર્યોધનને એથી જરા પણ પ્રસન્નતા ના થઈ.

એણે વિદ્વેષથી ભરેલી લૂખી વાણીમાં પોતાની પાસે બેઠેલા દુઃશાસન તથા કર્ણને કહ્યું:

'જોયું ? યુધિષ્ઠિરે બીજા બધાને છોડીને કૃષ્ણની અગ્રપૂજા કરવાનો આદેશ આપ્યો. આટલા બધામાંથી એમને બીજું કોઈ માન્યું જ નહિ. ભીષ્મે પણ આપણા થઈને આખરે કૃષ્ણની અગ્રપૂજા ભલામણ

કરી !'

'એમાં ખોટું શું છે ?' કર્ણે કહ્યું: 'બીજા કોઈની પૂજા કરતાં કરતાં કૃષ્ણની અગ્રપૂજા કરવામાં આવે એ યોગ્ય છે. એમના જેવા સર્વોત્તમ પુરુષ બીજા છે જ કોણ ?'

'કેમ ? તું નથી ?'

'મારાથી એમની ખાતરી ના કરી શકાય.'

'પણ મારાથી તો કરી શકાય તેની મને ખાતરી છે. મારું નામ તો કોઈએ સૂચવ્યું જ નહિ.'

'તારાથી પણ એમની બરાબરી ના કરી શકાય.'

'તો પછી શિશુપાલ તો એમની બરાબરી જરૂર કરી શકે. એ અત્યંત બળવાન છે. એને પણ કોઈ યે યાદ ના કર્યો. એ અપમાન કાંઈ જેવુંતેવું છે ? એ એને નહિ સહી શકે. એનું ઘડતર જ જુદું છે. એ કૃષ્ણની સામે ટક્કર લઈને એમને હંફાવી અને હરાવી શકે તેમ છે.'

* * *

## ૩૯. શિશુપાલવધ

દુર્યોધનના શબ્દો સાંભળીને કર્ણ થોડીવાર શાંત રહ્યો ને બોલ્યો:

'શિશુપાલ તો શું, ટક્કર લેવી હોય તો કૃષ્ણની સામે હું પોતે પણ ટક્કર લઈ શકું તેમ છું. પરંતુ આ યજ્ઞસ્થાનને એવા યુદ્ધમેદાનમાં પરીણત નથી કરવું. કૃષ્ણમાં બીજા ગુણો ઘણા સારા છે અને એમની અગ્રપૂજા કરવામાં આવે એમાં કશું જ અઘટિત કે વધારે પડતું નથી લાગતું.'

'તને નહિ લાગતું હોય પણ મને તો લાગે છે.' દુર્યોધન બોલી ઊઠ્યો: 'મારું ચાલે તો હું કૃષ્ણ અને યુધિષ્ઠિરની સાથે લડી લઉં પણ ખરો. હું તો એ બંનેમાંથી કોઈનાથી પણ નથી ડરતો.'

'અને હું પણ લડી લઉં.' દુઃશાસન બોલ્યો: 'શિશુપાલને માટે આ પ્રસંગ અતિશય અપમાનજનક છે. એનો બદલો જરૂર લેશે. અલબત્ત, જો વીર હશે તો. આવે વખતે મૂંગે મોઢે બેસી રહેવા જેટલી નામરદાઈ તો એ નહિ જ બતાવે.'

બાજુમાં બેઠેલો શિશુપાલ એ બધું સાંભળી રહેલો.

એને પોતાને પણ એવા જ વિચારો આવી રહેલા.

બળતામાં ઘી હોમાય તેમ એ બધું સાંભળીને એ વધારે ઉત્તેજિત બની ગયો અને એ ઉત્તેજનનો અતિરેક થતાં ઊભો થઈને બોલી ઊઠ્યો:

'આ પોતાની અગ્રપૂજા કરાવનાર માનભૂખ્યા કૃષ્ણને હું મારા પરાક્રમનો પરચો હમણાં જ બતાવી આપું છું.'

અને પછી ભીષ્મ તથા યુધિષ્ઠિરને સંબોધીને કહેવા માંડ્યો:

'યજ્ઞમંડપમાં આટલા બધા મહાત્માઓ, રાજર્ષિઓ અને સત્પુરુષો બેઠા હોવા છતાં કૃષ્ણને તમે અગ્રપૂજાનો અધિકારી ગણ્યો તે જરા પણ યોગ્ય નથી લાગતું. મને તો લાગે છે કે તમારી બધાની બુદ્ધિ બહેર મારી ગઈ છે. તમે કૃષ્ણની પૂજા કરવાનો આદેશ આપીને અહીં એકઠા થયેલા રાજાઓનું તથા મહાપુરુષોનું અપમાન કર્યું છે.'

એ સાંભળીને અસંખ્ય સભાજનો 'ના, ના' બોલી ઊઠ્યા ને કહેવા માંડ્યા:

'યુધિષ્ઠિરે અને ભીષ્મે જે કર્યું છે તે બધી રીતે યોગ્ય જ કર્યું છે.'

પરંતુ દુર્યોધન ધીમેથી બોલી ઊઠ્યો:

'કૃષ્ણની અગ્રપૂજાનો નિર્ણય ભારે વિવાદાસ્પદ છે. એ નિર્ણય છેક જ અન્યાયી તથા કટુતા પેદા કરનારો છે. મારા જેવા કેટલાક એ નિર્ણય સાંભળીને શાંત બનીને બેસી રહ્યા પણ શિશુપાલ એવી રીતે અપમાનનો વિષઘુંટડો ગળીને બેસી રહે એવી આશા ભાગ્યે જ રાખી શકાય.'

દુઃશાસન પણ શિશુપાલના શબ્દોનું સમર્થન કરતાં બોલ્યો:

'શિશુપાલ જે કહે છે તે સાચું જ કહે છે. એની વાત તમારે સાંભળવી જ પડશે.'

કર્ણે શિશુપાલને શાંત રહેવાનો ને વિરોધ ના કરવાનો સંકેત કર્યો પરંતુ એની અવજ્ઞા કરીને શિશુપાલ કહેવા માંડ્યો:

'કર્ણ મને મૂક રહેવાની ને બેસી જવાની સૂચના કરે છે પણ હું શા માટે મૂક રહું કે બેસી જાઉં ? વાણી શા માટે આપી છે ? જ્યાં અન્યાય થતો હોય તેને સહન કરવા માટે તો નહિ જ. અને શક્તિ પણ અધર્મ થઈ રહ્યો હોય ત્યાં આંખમીંચામણાં કરવા માટે તો નથી જ આપી.'

'અહીં કઈ જાતનો અન્યાય કે અધર્મ થઈ રહ્યો છે ?' યુધિષ્ઠિરે પૂછ્યું.

'અમે જે કર્યું છે ને કરી રહ્યા છીએ તે ધર્મસંગત જ છે.' ભીષ્મે કહ્યું.

'બિલકુલ નહિ.' શિશુપાલ બોલી ઊઠ્યો: 'એ જરા પણ ધર્મસંગત નથી થતું. કૃષ્ણની પૂજા એકદમ અયોગ્ય છે. તમારી બુદ્ધિ બગડી છે માટે જ તમે અધર્મયુક્ત હકીકતને ધર્મયુક્ત માની રહ્યા છો. જેની બુદ્ધિ નિર્મળ તથા તટસ્થ હોય એ એવું ભલેચૂકે પણ ના માની શકે. દુર્યોધન અને દુઃશાસન જેવા સદ્દબુદ્ધિસંપન્ન પુરુષો મને સાથ આપે છે ને સાંભળવા યોગ્ય ગણે છે તે જ સૂચવે છે કે મારી વાત સાચી છે.'

'કેવી રીતે ?'

'તે પણ મારે જ કહેવું પડશે ? તો તે પણ નિર્ભય બનીને કોઈની ખોટી શરમમાં તણાયા વિના કહી દઉં. કૃષ્ણ રાજા નથી એટલે રાજાઓથી ભરેલી સભામાં રાજોચિત સન્માનનો અધિકારી નથી. એની ઉમર હજુ નાની છે. એના પિતા વસુદેવ હજુ હયાત છે. તમારા હિતેચ્છુ અથવા સ્નેહી અને સહાયક ગણીને જો એની પૂજા કરવામાં આવી હોય તો તે પણ અનુચિત છે કારણ કે એ દૃષ્ટિએ જોતાં તો દ્રુપદ વધારે યોગ્ય છે. કૃષ્ણને આચાર્ય માનતા હો તોપણ દ્રોણાચાર્ય સરખા સમર્થ આચાર્યની આગળ એની પૂજા કદી પણ ના કરી શકાય. ભીષ્મ તથા વિદ્યા અને વય બંનેમાં વૃદ્ધ વ્યાસને બાજુએ રાખીને કરાયલી કૃષ્ણપૂજા જરાય ધર્મસંગત ના કહી શકાય. પૂજા કરવી જ હતી તો દુર્યોધનની, ધૃતરાષ્ટ્રની, મારી કે કર્ણની શા માટે ના કરી ?'

'અગ્રપૂજા સૌથી શ્રેષ્ઠ પુરુષની કરવાની હતી અને એવા સર્વશ્રેષ્ઠ પુરુષ કૃષ્ણ જ છે માટે.'

યુધિષ્ઠિરના શબ્દો સાંભળીને અર્જુન બોલી ઊઠ્યો:

'કૃષ્ણની યોગ્યતા સૌથી અધિક અને અસાધારણ છે. એમની શક્તિ આગળ તારી શક્તિ તો સૂર્યની આગળ અંગારા બરાબર પણ નથી. છતાં દ્વેષભાવથી પ્રેરાઈને વચનો શા માટે બોલી રહ્યો છે ?'

શિશુપાલે જણાવ્યું:

'હું જે બોલી રહ્યો છું તે દ્વેષભાવથી પ્રેરાઈને નથી બોલી રહ્યો પરંતુ નિષ્પક્ષ રીતે જ બોલી રહ્યો છું. એનો ઉદ્દેશ આ અહંકારી કૃષ્ણની સાનને ઠેકાણે લાવવાનો છે.'

પછી એણે કૃષ્ણને ઉદ્દેશીને કહેવા માંડ્યું:

'કૃષ્ણ ! પાંડવોનો અનુભવ કાચો છે અને એમનું જ્ઞાન પણ અધૂરું છું એટલે એ ભૂલ કરી બેઠા, પરંતુ તારે તો એમને કહી બતાવવું હતું કે તું કયી પૂજાનો અધિકારી છે ! ચોરીછૂપીથી કોઈના ઘરમાં ઘૂસીને ઘી ચાટી જનારો કૂતરો પોતાને કૃતાર્થ માનવા માંડે તેમ આવી અયોગ્ય અગ્રપૂજાનો અંગીકાર કરીને તું તારી જાતને સર્વશ્રેષ્ઠ ને ધન્ય માની રહ્યો છે એ શું બરાબર છે ? ભીષ્મ તથા યુધિષ્ઠિરે તારો પક્ષપાત કર્યો છે એટલું જ. નહિ તો તારા જેવાની પૂજા કોઈ કરી શકે ? ના. કોઈ મૂર્ખ પણ ના કરી શકે. નપુંસકનું લગ્ન કરી દેવું, અંધને રૂપ બતાવવું, ને રાજ્યશ્રીથી વંચિતને રાજાઓની સાથે બેસાડવાનું જેવી રીતે નિરર્થક છે તેવી રીતે તારી પૂજા પણ નિરર્થક જ થઈ પડી છે. છતાં પણ તું એનો સ્વીકાર કરીને ઘમંડી બની ગયો છે એ

આશ્ચર્યજનક છે.'

દુર્યોધન અને દુઃશાસનને એ સાંભળીને ઘણો આનંદ થયો. એમણે કહ્યું:

'વાહ વીર ! શાબાશ શિશુપાલ !'

'તેં ખરેખરો રંગ રાખ્યો.'

પાછળથી કોઈક બીજાનો અવાજ આવ્યો:

'તારા જેવો બહાદુર બીજો કોઈ જ નથી. તેં સાફ વાત સંભળાવી દીધી.'

'અગ્રપૂજા તો તારી થવી જોઈએ તારી. તારામાં શું નથી ? જે જોઈએ તે બધાં જ લક્ષણો વિદ્યમાન છે.'

'હા. છે જ.' શિશુપાલ બોલ્યો: 'પરંતુ ભીષ્મ કે પાંડવોને એની ક્યાં પડી છે ? કૃષ્ણે પોતાની પૂજા કરાવવાના સ્વાર્થમાં અંધ બનીને એમને જોવા મંત્રી લીધા છે કે વાત નહિ. એ બીજું કશું વિચારતા જ નથી. અરે, કૃષ્ણના વિના બીજા કોઈને જોતા જ નથી ને ! આવો ભયંકર અનર્થ અથવા અન્યાય કેવી રીતે સહન થાય ? એના વિરોધમાં આપણે સભામંડપનો ત્યાગ કરી જઈએ એ જ બરાબર છે.'

એમ કહીને શિશુપાલ સભામંડપની બહાર નીકળવા તૈયાર થયો.

એના કેટલાક મિત્ર રાજાઓ પણ એની સાથે બહાર નીકળવાના ઉદ્દેશથી ઊભા થયા.

યુધિષ્ઠિરે શિશુપાલને સમજાવવાનો પ્રયાસ કરતાં કહ્યું:

'શિશુપાલ ! તમારું કથન એકદમ અનુચિત છે. તમારે અમારા વર્તન સામે વિરોધ હોય એ સમજી શકાય તેમ છે પરંતુ એ વિરોધને વ્યક્ત કરવાની તમારી પસંદ કરેલી પદ્ધતિ જરા પણ સારી ના કહી શકાય. ભીષ્મ પિતામહ ધર્મના રહસ્યના જ્ઞાતા છે. એમની અવજ્ઞા કરવી તેમ જ એમની અને અમારી ઉપર કોઈ જાતનું દોષારોપણ કરવું ઠીક નથી. સભામાં તમારા કરતાં પણ વયોવૃદ્ધ રાજાઓ છે છતાં કોઈએ કૃષ્ણની અગ્રપૂજાનો વિરોધ નથી કર્યો.'

'એ વિરોધ ના કરે એટલે મારે પણ ના કરવો એવું થોડું છે ? હું એવો અજ્ઞાની નથી. ભીષ્મ ગમે તેવા ધર્મરહસ્યના જ્ઞાતા હશે તોપણ આખરે તો કૃષ્ણના ને તમારા છે એટલે એમના નામનું ને કામનું સમર્થન કરે જ.'

શિશુપાલના શબ્દો સાંભળીને ભીષ્મે કહ્યું:

'કૃષ્ણ અહીં એકઠા થયેલા રાજાઓમાં સૌથી વધારે ગુણવાન ને બળવાન છે. એમણે બધા રાજાઓ પર વિજય પ્રાપ્ત કર્યો છે. જગત એમને અધીન છે. એમનું સમસ્ત જીવન મંગલમય, ઉજ્જવળ અને સમાજના ઉત્કર્ષ તથા સુખ માટે છે માટે જ અમે એમની પૂજા કરી છે. એ પૂજાની પાછળ કોઈ સ્વાર્થ, લાલસા કે અંગત સ્નેહસંબંધ કામ નથી કરતો પરંતુ સાચી સમજ જ કામ કરી રહી છે. એમનામાં દાન, દક્ષતા, જ્ઞાન, વીરતા, યશ, બુદ્ધિ, વિનય, શ્રી, ધીરજ, સંતોષ અને શક્તિ સઘળું જોવા મળે છે. એમના જેવા સુયોગ્ય સત્પુરુષ સંસારમાં અત્યારે બીજા કોઈ જ નથી.'

'એ બધી અતિશયોક્તિ છે અને એ અતિશયોક્તિ આંધળી, અવિવેકી અથવા આધાર વિનાની હોવાથી મને અસર નથી કરતી. હું એની સાથે જરા પણ સંમત નથી થઈ શકતો.'

સહદેવ તથા દેવર્ષિ નારદના સમજાવવાથી પણ શિશુપાલ ના સમજ્યો ત્યારે યુધિષ્ઠિર જરાક ચિંતાતુર બની ગયા.

એ જોઈને ભીષ્મે એમને આશ્વાસન આપવા માંડયું.

એને લીધે શિશુપાલ વધારે ઉત્તેજિત બની ગયો ને બોલ્યો:

'રાજાઓ ! તમે વિચારમાં પડી ગયા છો તેને બદલે હથિયાર લઈને પાંડવોનો સામનો કરવા તૈયાર થાઓ. હું તમારો સેનાપતિ બનીને ઊભો રહ્યો છું એટલે તમારે ડરવાની જરૂર જરા પણ નથી. યાદવો તથા પાંડવોની સંમિલિત સેનાને આપણે સહેલાઈથી હરાવી દઈશું તેમ જ કૃષ્ણ અને પાંડવોને કેદ પકડીશું.'

ભીષ્મે કહ્યું:

'શિશુપાલ ! તારી બુદ્ધિ ભ્રષ્ટ થઈ ગઈ લાગે છે. તારે માથે મોત ભમી રહ્યું છે તેથી જ તું આવા પ્રલાપો કરી રહ્યો છે. તું કૃષ્ણને તથા પાંડવોને કેદ કરવા માગે છે પણ એમ કરતાં પહેલાં કાળનો કોળિયો બની જઈશ તેની તને ખબર નથી. કૃષ્ણ જ્યાં સુધી શાંત છે ત્યાં સુધી તને ફાવે તેવા બકવાદ કરી લે.'

'કૃષ્ણમાં મારો સામનો કરવાની શક્તિ નથી અને એ અપરાધી છે એટલે એ શાંત ના રહે તો બીજું કરે પણ શું ? કાળ મારે માથે નથી ભમી રહ્યો, એને માથે ભમી રહ્યો છે. એની ખબર એને પૂરેપૂરી છે એટલે તો એ ચિંતામાં પડી ગયો છે ને ભયભીત થઈને શાંત બેઠો છે. એ શાંત રહે એમાં જ એનું શ્રેય છે.'

એમ કહીને શિશુપાલ ખડખડાટ કરતો હસી પડ્યો ને બોલ્યો:

'ભીષ્મ ! તમારી બુદ્ધિની બલિહારી છે. હું તમને ખરેખર બુદ્ધિશાળી સમજતો'તો પરંતુ મારી એ સમજણ મિથ્યા ઠરી. તમારી બુદ્ધિ ખરેખર કલંકિત થઈ ગઈ છે એટલે જ તમે અહંકારી કે ઘમંડી કૃષ્ણની પ્રશસ્તિ કરો છો. કૃષ્ણની પ્રશસ્તિ એક સામાન્ય ગોવાળની જ પ્રશસ્તિ છે કે બીજું કાંઈ !'

'કૃષ્ણ સામાન્ય નથી, અસામાન્ય છે. એમનાં કર્મો પણ અસામાન્ય છે.' ભીષ્મે કહ્યું.

'સાચી વાત છે.' શિશુપાલ વ્યંગમાં બોલ્યો: 'તમારા જેવા બાહોશ વકીલ મળ્યા છે એટલે એ ચૂપ જ રહે ને ? એની આવી સરસ વકીલાત તમારા વિના બીજું કોણ કરવાનું હતું ? પરંતુ અફસોસ માત્ર એટલો જ છે કે એ વકીલાત કોઈને અસર નથી કરે તેમ. કારણ કે કૃષ્ણને બધા જ જાણે છે. એની ભાટ કે ચારણની પેઠે પ્રશંસા કરતાં તમારી જીભના ટુકડા નથી થઈ જતા એ જોઈને મને નવાઈ લાગે છે. એણે જન્મીને એવું કયું અસામાન્ય કામ કરી નાખ્યું છે ?'

'તારી આંખ ઉઘાડી હોય તો તારાથી એ સહેલાઈથી જોઈ શકાશે.'

'તો શું હું અંધ છું ?'

'વિવેકાંધ તો ખરો જ.'

'વિવેકાંધ તો હું નથી પરંતુ તમે છો અને આ કૃષ્ણ છે. એટલે તો તમે એનાં સર્વસામાન્ય કર્મોને અસામાન્ય માની રહ્યા છો. એણે બચપણમાં કોઈક પક્ષી, ઘોડા કે બળદને મારી નાખ્યો એટલે શું એ બહાદુર બની ગયો ? એણે જડ ગાડાને પગ મારીને ઊંધું વાળ્યું તેથી પણ શું થયું ? ઊધઈથી ભરેલા ગોવર્ધન પર્વતને સાત દિવસ સુધી ઊંચકવામાં કયી વીરતાની જરૂર હતી ? એની અસાધારણતા તો જુઓ કે ગોવર્ધન પર્વત પર રહીને એણે ભૂખ્યા વરુની પેઠે ભોજન કર્યું, અને એની મહત્તા તથા બુદ્ધિમત્તાનું દર્શન

કરવું હોય તો કંસના વધનો પેલો પ્રસંગ યાદ કરો. જેનું અન્ન ખાઈને એ મોટો થયેલો તે કંસને જ એણે કૃતઘ્ની બનીને મારી નાખ્યો ! જન્મતાં જ પૂતના જેવી સ્ત્રીને મારી નાખનાર કૃષ્ણને તમે જગત્પતિ કહો છો એથી વધારે અજ્ઞાન બીજું કયું હોઈ શકે ? તમારા કહેવાથી કૃષ્ણ પોતે પણ પોતાને જગત્પતિ, સર્વશ્રેષ્ઠ ને પૂજ્ય માનવા માંડ્યો છે. એના અહંકારનો અંત નથી. લોકો જરાસંઘને માનની નજરે જોતા'તા. કૃષ્ણને દાસ માનીને એણે એનો નાશ નહોતો કર્યો. પરંતુ કૃષ્ણે પોતે શું કર્યું ?'

કૃષ્ણ પ્રત્યે દ્વેષયુક્ત દૃષ્ટિપાત કરીને શિશુપાલ થોડીવાર અટકીને આગળ બોલ્યો:

'તમારા જમાનાના આ સર્વશ્રેષ્ઠ પુરુષ કૃષ્ણનું કપટ તો જુઓ ! ભીમ અને અર્જુનનો સાથ લઈને એણે એનો નાશ કરાવ્યો. એનામાં બળ કે પરાક્રમ હોત તો એ પોતે જ જરાસંઘ સાથે યુદ્ધ કરવા માટે આગળ ના આવત ?'

શિશુપાલના શબ્દો સાંભળીને ભીમ રોષે ભરાયો ને દાંત પીસવા માંડ્યો.

એણે શિશુપાલ પર તૂટી પડવાની તૈયારી કરી પરંતુ ભીષ્મે એને રોકી રાખ્યો.

શિશુપાલે કહ્યું:

'ભીષ્મ ! એને રોકો નહીં. છોડી દો. એને મરવું જ હોય તો તમે દયા કરીને ના બચાવશો.'

ભીષ્મે ભીમને શાંત રાખ્યો છતાં ભીમે કહ્યું:

'શિશુપાલ ! તું હવે મરવાની તૈયારીમાં છે એથી જ આવા પ્રલાપ કરી રહ્યો છે ! કૃષ્ણ તને તારી ધૃષ્ટતા બદલ હમણાં જ દંડ દેશે.'

શિશુપાલે ક્રોધે ભરાઈને કહેવા માંડ્યું:

'અરે, કૃષ્ણની એટલી તાકાત જ ક્યાં છે ? એનામાં એવી શક્તિ હોત તો તો કહેવાનું શું હતું ? તું હજુ જમાનાનો સર્વશ્રેષ્ઠ પુરુષ થઈને ચૂપ કેમ બેઠો છે ? તારી વાણી કુંઠિત થઈ છે કે શું ? હવે તારા મિથ્યાભિમાન તથા દંભની ખબર સૌને પડી ગઈ. એની ઉપર પડેલો પડદો હઠી ગયો. એટલે જ તું નિર્વીર્યની જેમ બેસી રહ્યો છે. ભીષ્મ તારી ભાટની પેઠે ખોટી પ્રશંસા કર્યા કરે છે એટલું જ. એમને પ્રશંસા કરવી જ હોય તો સર્વપ્રકારે પ્રશંસાયોગ્ય દ્રોણ, અશ્વત્થામા કે કર્ણની પ્રશંસા શા માટે નથી કરતા ? તારામાં તાકાત હોય તો મારી સામે આવી જા. તને લડાઈને માટે લલકારી રહ્યો છું. હું તને મૃત્યુના મુખમાં ધકેલી દેવા તૈયાર છું.'

કૃષ્ણે સભામંડપના રાજાઓને સંબોધીને શાંતિથી કહ્યું:

'શિશુપાલ અમારો સંબંધી હોવા છતાં અમારી સાથે શત્રુતા રાખી રહ્યો છે. યદુવંશીયોને હેરાન કરવામાં એણે કોઈ જાતની કસર નથી રાખી. હું જ્યારે પ્રાગ્જ્યોતિષપુર ગયો ત્યારે એણે દ્વારકાપુરીને બાળી નાખવાનો પ્રયાસ કર્યો. ભોજરાજ રૈવતક પર્વત પર વિહાર કરવા ગયેલા ત્યારે એણે એમના કેટલાક સાથીઓને મારી નાખ્યા ને કેટલાકને કેદ કર્યા. યદુવંશી તપસ્વી બભ્રુની પત્ની સૌવીરદેશ જવા નીકળેલી ત્યારે એને જોઈને એ મોહિત થયો અને એને હરી ગયો. એની મામાની દીકરી ભદ્રા કરૂષરાજને માટે તપ કરતી'તી ત્યારે કપટવેશ ધરીને એણે એનું હરણ કર્યું. એ બધું હું શાંતિથી એની માતાને માટે સહતો રહ્યો. પરંતુ હવે એના પાપનો ઘડો ભરાઈ ગયો છે. આજે એણે સભામાં કરેલો દુર્વ્યવહાર મારાથી નહિ સહી

શકાય.'

શિશુપાલે અટ્ટહાસ કરીને કહ્યું:

'તો પછી શા માટે સહી અને નિર્માલ્યની પેઠે બેસી રહ્યો છે ? તું રાજાઓની સહાનુભૂતિ મેળવવા માગતો હશે પરંતુ રાજાઓ તારી મદદે નથી આવવાના. એ મારા પ્રતાપને જાણે છે. તેં મારા દોષનું વર્ણન તો કરી બતાવ્યું પણ તારા અસંખ્ય નાનામોટા દોષો અને અપરાધો વિશે તો મૂંગો જ રહ્યો. શ્રોતાઓને તું મૂર્ખ બનાવવા માગે છે પરંતુ એ તને સારી રીતે જાણે છે એટલે એમને મૂર્ખ નહિ બનાવી શકે.'

એમ કહીને શિશુપાલ ફરીથી ખડખડાટ હસવા માંડયો.

પરંતુ એનું હસવાનું પૂરું થાય તે પહેલાં જ સભામાં સન્નાટો છવાઈ ગયો.

કૃષ્ણે ઊભા થઈને કહ્યું:

'હું શું કરી શકું તેમ છું તે હમણાં જ બતાવી આપું છું.'

એમના હાથમાંથી છૂટેલા ચક્રે જોતજાતામાં શિશુપાલના મસ્તકને ધડથી અલગ કરી દીધું.

શિશુપાલની એવી દુર્દશા દેખીને દર્શકોએ કૃષ્ણનો જયકાર કર્યો.

દુર્યોધન તથા દુઃશાસન સમય જોઈને શાંત રહ્યા.

પોતાનું કાર્ય પૂરું કરીને કૃષ્ણ સ્વસ્થ ચિત્તે આસન પર બેઠા એટલે યુધિષ્ઠિરે, ભીષ્મે અને બીજા અનેકે એમની પાસે જઈને એમને અભિનંદન આપ્યાં.

* * *

## ૪૦. કુંતી તથા દ્રૌપદી

અભિનંદનોનો વરસાદ વરસવા છતાં કૃષ્ણ એવા જ નિર્વિકાર, નમ્ર અને અચળ રહ્યા.

કેટલાય રાજાઓએ એમની પ્રેમથી પ્રશસ્તિ કરી ત્યારે એમણે જણાવ્યું:

'શિશુપાલે મારા સ્વમાનનો વિચાર કર્યા વગર મને અપમાનિત કરવાના મલિન પ્રયત્નો કરવા માંડ્યા. એ મનુષ્યતાને ખોઈ બેઠો અને મને લડવા માટે લલકારવા લાગ્યો એટલે મારે ના છૂટકે એના આવા હાલ કરવા પડ્યા. મને પ્રથમથી જ ખબર હતી કે એનું મૃત્યુ મારે જ હાથે થવાનું છે.'

'છતાં તમે ઘણાં લાંબા સમય સુધી શાંતિ રાખી. એવી શાંતિ તમારા સિવાય બીજું કોઈયે ના રાખી શકે.' યુધિષ્ઠિરે કહ્યું.

'એનું મૃત્યુ તમારે હાથે થવાની વાત તમે કેવી રીતે જાણી ?' અર્જુને પૂછ્યું.

કૃષ્ણે ઉત્તર આપ્યો:

'એની માહિતી એકલા મને નહિ પરંતુ શિશુપાલની માતાને અને બીજાને પણ હતી.'

'કેવી રીતે ? શું શિશુપાલ પણ એ વાત જાણતો'તો ?'

'કદાચ જાણતો હોય. પણ એ એને માનતો તો નહિ જ હોય. નહિ તો એનું વર્તન આવું વિપરીત અથવા વિદ્વેષવાળું ના હોત.'

'એની માતાને એની ખબર કેવી રીતે પડી ?'

'એ હકીકત જાણવા જેવી અને રસદાયક છે. શિશુપાલ ચેદિરાજના વંશમાં જન્મ્યો ત્યારે ખૂબ જ બેડોળ હતો. એ જન્મતાં જ ભૂંકવા લાગ્યો. એથી એનાં માતાપિતા તથા સગાસંબંધી એનો ત્યાગ કરવા તૈયાર થયાં. એ વખતે આકાશવાણી થઈ કે આ છોકરો બળવાન બનશે ને વૈભવી થશે. માટે એનું પાલન કરો. એથી એની માતાને શાંતિ થઈ પરંતુ એણે જિજ્ઞાસાવૃત્તિથી પ્રેરાઈને જણાવ્યું કે આ છોકરાનું મૃત્યુનું રહસ્ય જાણવાની મારી ઈચ્છા પૂરી કરો એવી મારી પ્રાર્થના છે.'

યુધિષ્ઠિરે કહ્યું:

'ત્યારે તો શિશુપાલનો જન્મપ્રસંગ ઘણો રસિક છે.'

'હા.' કૃષ્ણે આગળની વાતના અનુસંધાનમાં કહ્યું: 'શિશુપાલ જન્મ્યો ત્યારે ચારભુજાઓ તથા ત્રણ નેત્રોવાળો હતો. એને લક્ષ્ય કરીને આકાશવાણીએ જણાવ્યું કે જેના ખોળામાં બેસવાથી શિશુપાલની વધારાની બે ભુજાઓ ખરી પડે અને વધારાનું ત્રીજુ નેત્ર લુપ્ત થઈ જાય તે પુરુષને હાથે એનું મૃત્યું થશે.'

એ કથા તો ખૂબ જ વિચિત્ર છે. આકાશવાણીનો સંદેશ ખરેખર રહસ્યમય કહેવાય. '

'હા. એ વખતે આકાશવાણીની વાત બધે ફેલાઈ ગઈ. શિશુપાલના વિચિત્ર રૂપરંગને જોવા માટે જુદાજુદા રાજાઓ અને સ્નેહીજનો આવવા લાગ્યા. ચેદિરાજે એ સૌનો સારી પેઠે સત્કાર કર્યો અને આકાશવાણીને યાદ કરીને એની યથાર્થતાને જાણવા માટે શિશુપાલને એમના ખોળામાં બેસાડ્યો. પરંતુ એની આંખ અદૃશ્ય ના થઈ કે એની ભુજાઓ ખરી પડી નહિ.'

'તો તો આકાશવાણી ખોટી પડી.'

'ના. ખોટી ના પડી, પણ પૂરી ના થઈ. કારણ કે ત્યાં સુધી એને પૂરી થવાનો વખત નહોતો આવ્યો. આખરે એ વખત પણ આવી ગયો. એ બાળકને જોવા માટે હું બલરામ સાથે ચેદિપુરીમાં જઈ પહોંચ્યો. ત્યાં અમારું સરસ સ્વાગત કરવામાં આવ્યું. સ્વાગતવિધિ પૂરી થયા પછી મારી ફોઈએ પોતાના એ અજબ જેવા બાળકને મારા ખોળામાં બેસાડતાવેંત જ એ વિચિત્ર શિશુની બે વધારાની ભુજાઓ તરત જ ખરી પડી અને ત્રીજી આંખ પણ એકાએક જ અદૃશ્ય થઈ ગઈ.'

'એ તો ભારે મોટો ચમત્કાર કહેવાય.'

'એને ચમત્કાર કહો કે બીજું ગમે તે નામ આપો પરંતુ એ થયું અને એને જોઈને ત્યાં બેઠેલા બધાં આશ્ચર્યચકિત અથવા સ્તબ્ધ બની ગયાં.

'એની માતા પર એની પ્રતિક્રિયા કેવી થઈ ? એને તો શિશુપાલની વધારાની આંખ અને ભુજાઓ ખરી જવાથી આનંદ જ થયો હશે.' અર્જુન બોલી ઊઠ્યો.

કૃષ્ણે કહ્યું:

'વધારાની આંખ અને ભુજાઓ દૂર થવાથી એને આનંદ થાય એ સહેજે સમજી શકાય તેમ છે, છતાં પણ આકાશવાણીનું સ્મરણ થવાથી એના પર જે પ્રતિક્રિયા થઈ તે જરા પણ સારી ના થઈ. એ એકદમ વ્યાકુલ અને ભયભીત બની ગઈ. એને ખાતરી થઈ કે શિશુપાલનો નાશ બીજા કોઈનાથી નથી થવાનો પણ મારાથી થવાનો છે.

એણે મને કહ્યું પણ ખરું કે ત્યારે તો શિશુપાલના નાશનું કારણ તું જ બની રહેશે: તારે લીધે જ એનું મૃત્યું થશે.'

'આકાશવાણીને યાદ કરીને શિશુપાલની માતાને ભય લાગે એ સ્વાભાવિક છે. એનો પૂર્વાધ સાચો પડ્યો એટલે ઉત્તરાર્ધ પણ સાચો પડશે એવી પ્રતીતિ થાય જ.'

'સાચું છે. એવી પ્રતીતિ થવાથી એની માતા વિચારમાં પડી ને કહેવા લાગી કે કૃષ્ણ, તને જોઈને મને ભય લાગે છે. તું મારો સંબંધી હોવા છતાં મારા પુત્રના મૃત્યુનું કારણ બની રહીશ એ જાણીને મારી ચિંતા તથા પીડાનો પાર નથી રહ્યો. એમ કહીને એ રડવા લાગી.'

'પછી ?'

'મેં એને અનેક પ્રકારે આશ્વાસન આપ્યું અને સમજાવવાના પ્રયાસ કર્યા તોપણ એની પીડા હળવી ના થઈ. આખરે એણે મને કહ્યું કે તું શરણહીનને શરણ આપે છે, અશાંતને શાંતિ, દુ:ખીને સુખ અને આર્તને આશ્વાસન. તારી કરુણા સર્વત્ર પ્રસિદ્ધ છે. તો મને વચન આપ કે તું મારા પુત્ર શિશુપાલના એવા સૌ અપરાધ માફ કરી દઈશ જેના બદલામાં એનો નાશ કરવો પડે. મેં એની માગણી મંજૂર રાખીને જણાવ્યું કે શિશુપાલના એવા સો અપરાધ માફ કરી દઈશ એવું વચન આપું છું.'

'વાહ !' યુધિષ્ઠિર બોલી ઊઠ્યા: ' તમને એને માટે ધન્યવાદ ઘટે છે કારણ કે તમારા વિના એવું અદ્દભુત વચન બીજું કોણ આપી શકે ? તમારા અભયવચનને લીધે શિશુપાલની માતાને શાંતિ થઈ હશે.'

'મારા વચનને લીધે એને થોડીઘણી શાંતિ થઈ. એ પછી અમે ત્યાંથી પાછા ફર્યા. એ વાતને ઘણો લાંબો વખત વીતી ગયો. એ દરમિયાન શિશુપાલે મોટા થઈને ઉપરાઉપરી અનેક કુકર્મો કરવા માંડ્યા. મારા

વચન પ્રમાણે મેં એનાં બધા કુકર્મો માફ કર્યા. આજે આખરે એનાં પાપ અથવા અપરાધોનો ઘડો ભરાઈ ચૂક્યો એટલે ભરી સભામાં જેમતેમ પ્રલાપ કરીને એ મને માનભંગ કરીને મારી સાથે લડવાનો લલકાર કરવા લાગ્યો. મારી ધીરજ તેમ જ શાંતિને એણે નબળાઈ ગણી લીધી. હું વધારે વખત સુધી શાંત બનીને બેસી રહેત તો એ મારી ઉપર શસ્ત્રપ્રયોગ કરતાં પણ પાછો ના પડત. એટલે મેં એને સદાને માટે શાંત કર્યો.'

ભીમ બોલ્યો:

'એ તો તમે ખરેખર ઘણું સારું કર્યું. એવા નરાધમનો નાશ કરવો જોઈએ. એના પર ખોટી દયા કરવાની હોય જ નહિ. તમારે એના નાશનું કામ ઘણું વહેલું કરવું જોઈતું'તું. તમે ખૂબ જ ધીરજ તથા સહનશક્તિ રાખીને બેસી રહ્યા.'

અર્જુને કહ્યું:

'શિશુપાલના આ કરુણ પ્રસંગ પરથી આપણે સમજી શકયા કે દુર્યોધનનો આપણે માટેનો દ્વેષ હજુ નથી મટ્યો. એનો વિરોધ ચાલુ છે.'

'એ તો આપણે પહેલેથી જ ક્યાં નથી જાણતા ? દુર્યોધન વિરોધ તથા દ્વેષભાવથી ભરપૂર છે. એ વિરોધ અથવા દ્વેષભાવ મરતાં સુધી નથી મટે તેમ. એ પણ સમય પર નહિ સમજે ને આવો જ રહેશે તો કોઈવાર એના હાલ પણ શિશુપાલ જેવા જ થઈ રહેશે.'

યુધિષ્ઠિરે કહ્યું:

'આપણે આશા રાખીએ કે એ સમય પર સમજીને સુધરી જાય.'

'એ આશા આશા જ રહેવાની છે.'

'તોપણ આશા રાખીએ તો ખરા જ. એમાં આપણને કશું નુકશાન નથી થવાનું.'

'તો પછી રાખ્યા કરો. દુર્યોધન કદી પણ નથી સુધરે તેવો. તમે એના સુધરવાની આશા રાખશો તો આખરે તમારે પસ્તાવું પડશે.'

યુધિષ્ઠિર શાંત રહ્યા. બીજા કોઈ પણ કશું ના બોલ્યા.

યુધિષ્ઠિરના આદેશાનુસાર ભીમ તથા શિશુપાલની મરણોત્તર ક્રિયાનો પ્રબંધ કર્યો.

એ પછી યુધિષ્ઠિરે બીજા રાજાઓ સાથે મળીને શિશુપાલના પુત્રનો ચેદિરાજ્ય પર અભિષેક કરી દીધો.

*

યુધિષ્ઠિરના ઐશ્વર્ય અને સમૃદ્ધિસંપન્ન યજ્ઞને નિહાળીને સૌને આનંદ થયો.

એ યજ્ઞમાં આવેલી ધનસંપત્તિ અનંત હતી.

યજ્ઞની પરિસમાપ્તિ સુધી કૃષ્ણે એની નિરંતર રક્ષા કરી.

યજ્ઞની પૂર્ણાહુતિ પછી રાજાઓએ યુધિષ્ઠિરને કહ્યું:

'તમે આરંભેલા યજ્ઞની સુખદ પૂર્ણાહુતિ થઈ એથી અમને સૌને અતિશય આનંદ થયો. આવો સુંદર યજ્ઞ સમસ્ત સંસારમાં આજ સુધી કોઈએ ક્યાંય નહિ કર્યો હોય. તમે સમ્રાટપદ પ્રાપ્ત કરીને તમારા યજ્ઞને વધારે ઉજ્જવલ કરી દીધો છે. આ યજ્ઞથી ધર્મનું મોટું અનુષ્ઠાન થઈ ગયું અને અમારા સૌનું પણ સારી પેઠે

સ્વાગત થયું. આ રાજસૂય યજ્ઞ એક અને અજોડ બનીને અવનીમાં અનંત કાળ લગી અમર રહેશે ને ઉત્તમ કર્મ તથા ઉજ્જવળ યજ્ઞની આકાંક્ષાવાળા પુરુષોને પ્રેરણા દેશે.'

રાજાઓ પોતપોતાના પ્રદેશોમાં જવા માટે તૈયાર થયા એટલે કૃષ્ણે પણ દ્વારકા જવાની અનુમતિ માગી અને યુધિષ્ઠિરને યજ્ઞના અનુષ્ઠાન માટે અભિનંદન આપ્યાં ત્યારે યુધિષ્ઠિર બોલ્યા:

'આ લોકહિતકારી સુંદર યજ્ઞના અનુષ્ઠાન માટે તમે મને અભિનંદન આપો છો પરંતુ એ અભિનંદનનો અધિકારી હું જરા પણ ના હોઈ શકું. યજ્ઞના અનુષ્ઠાન અને એની સુખદ પૂર્ણાહુતિ માટે અભિનંદનના સાચા તથા પૂરા અધિકારી તો તમે છો. તમારા વિના યજ્ઞનો પ્રારંભ કદી પણ ના થઈ શક્યો હોત. અને તમારા ઉત્સાહ, અનુમોદન, માર્ગદર્શન અને અનુગ્રહથી જ એ પૂર્ણ થયો છે. એને લીધે મારી નહિ પરંતુ તમારી કીર્તિ ઉજ્જવળ બની છે. છતાં પણ તમારી સ્વાભાવસહજ મહાનતા કે ઉદારતાને લીધે તમે મને આદરપાત્ર અને અભિનંદનનો અધિકારી બનાવ્યો છે તે માટે તમારો ઋણી છું.'

કૃષ્ણે કહ્યું:

'યુધિષ્ઠિર ! મેં તો કેવળ કર્તવ્યપાલન જ કરી બતાવ્યું છે, એથી વિશેષ બીજું કશું જ નથી કર્યું. તમને સમ્રાટપદે પ્રતિષ્ઠિત કરવાના મારા સ્વપ્નની સિદ્ધિ થઈ એથી મને અસાધારણ આનંદ થઈ રહ્યો છો. હવે તમે પ્રજાહિતને દૃષ્ટિ સમક્ષ રાખીને શાંતિપૂર્વક રાજ્ય કરીને પ્રજાહિતનાં સુંદર કામ કરો.'

'એમાં પણ તમારું માર્ગદર્શન તો જોઈએ જ.'

'મારું માર્ગદર્શન તમે જ્યારે માગશો ત્યારે મળી રહેશે.'

'તો પછી હું નિશ્ચિંત રહીશ.'

દ્વારકા માટે પ્રસ્થાન કરતાં પહેલાં કૃષ્ણે બીજા કેટલાકની સાથે કુંતી તથા દ્રૌપદીને પણ મળી લીધું.

કુંતી તથા દ્રૌપદી એથી પ્રસન્ન થયા.

કૃષ્ણે કુંતીને કહી બતાવ્યું:

'તમે જાણો છો તેમ તમારા સુપુત્રો સમ્રાટપદને પામી ચૂક્યા છે. એમની આકાંક્ષા પૂરી થઈ. એમને અનંત ઐશ્વર્ય પણ આવી મળ્યું છે. હવે એનો આનંદપૂર્વક ઉપયોગ કરો.

કુંતીએ કહ્યું:

'મારા પુત્રોને જે સર્વોત્તમ સુખ, ઐશ્વર્ય અને યશની પ્રાપ્તિ થઈ છે તેનું કારણ તમારી કૃપા જ છે. એમના જીવનના આ ઉજ્જવળ અવસરે મને મહારાજા પાંડુની સ્મૃતિ થઈ આવે છે. એ જો અત્યારે જીવતા હોત તો પોતાના પરાક્રમી પુત્રોને જોઈને કેટલા બધા રાજી થાત ? મારા પુત્રો તથા માદ્રીના પુત્રોએ એમના યશને ઘટાડ્યો નહીં પણ વધાર્યો એ જોઈને મને ઊંડો સંતોષ થઈ આવે છે.'

કુંતીની આંખ આગળ એ વખતે કવચકુંડળધારી કર્ણની આકર્ષક આકૃતિ આવીને ઊભી રહી.

કર્ણે જાણે કે એને પૂછ્યું:

'તારા પુત્રોમાં હું પણ ખરો કે નહિ ?'

'કેમ નહિ ? તું પણ ખરો જ.' કુંતી મનોમન બોલી ઊઠી.

'તો પછી….'

'તો પછી શું ?'

'આ સર્વોત્તમ સુખ, ઐશ્વર્ય અને યશ તથા સમ્રાટપદ પર મારો અધિકાર જરા પણ નહિ ?'

'કેમ નહિ ? તારો અધિકાર સૌથી પહેલો. પહેલાં તું પછી યુધિષ્ઠિર. સમ્રાટ થવાનો સાચો કે પહેલો અધિકાર એનો નથી પણ તારો છે.'

'તો પછી એ અધિકારથી મને વંચિત કેમ રાખવામાં આવે છે ?'

'વંચિત કોણ રાખે છે ?'

'તું.'

'હું ?'

'હા. તું જ. તે તારું મુખ હજુ પણ બંધ રાખ્યું છે એટલે મારી આવી અવજ્ઞા થઈ છે. મને અન્યાય થઈ રહ્યો છે.'

'મેં મારું મુખ બંધ રાખ્યું છે એ સાચું, પરંતુ તને અન્યાય થાય એવું હું નથી ઈચ્છતી. હું મુખને ખોલીશ, અવશ્ય ખોલીશ, ફક્ત એને માટેના અનુકૂળ અવસરની પ્રતીક્ષા કરી રહી છું.'

'એવો અનુકૂળ અવસર ક્યારે આવશે ? એની પ્રતીક્ષામાં કેટલો બધો લાંબો વખત વીતી ગયો તેનો વિચાર તો કરી જો. વરસો પર વરસો વીતતાં જ જાય છે. એમ કરતાં મને અન્યાય પર અન્યાય થતાં જશે, બેહાલ બનાવવામાં આવશે, અને મારું જીવન છિન્નવિચ્છિન્ન બનશે કે તૂટી જશે, ત્યારે...ત્યારે શું અનુકૂળ અવસર આવી પહોંચશે ?'

'ના. ત્યારે નહિ. તેની પહેલાં. તેનાં ઘણા વખત પહેલાં.'

કર્ણે જાણે કે પરોક્ષ રીતે આગળ કહ્યું:

'તું અનુકૂળ અવસર, અનુકૂળ અવસરના જપ કર્યા કરે છે પરંતુ અનુકૂળ અવસર તો હમણાં જ આવી ગયો. એથી અધિક અનુકૂળ અવસર બીજો કયો આવવાનો હતો ? પણ એ અવસરને ઓળખવાની આંખ જોઈએ ને ? રાજસૂય યજ્ઞનો અવસર બધી રીતે અનુકૂળ હતો. એ અવસર પર જુદાજુદા રાજાઓ અને સત્પુરુષો એકઠા થયેલા. એમની આગળ, કૃષ્ણ તથા યુધિષ્ઠિરની હાજરીમાં તેં આપણા રહસ્યને ખુલ્લું કર્યું હોત તો કેટલું સારું થાત ? મારા અને તારા બંનેના જીવનનું શ્રેય થાત. યુધિષ્ઠિરે કૃષ્ણકૃપાથી કરેલા રાજસૂય યજ્ઞ કરતાં પણ વિશેષ ઉજ્જવળ, મહિમાવાળા, ઉપયોગી અને યશસ્વી યજ્ઞનું અનુષ્ઠાન થઈ જાત. એને લીધે આપણે બંને તરી જાત એવું તને નથી લાગતું ?'

'લાગે છે પરંતુ ...'

'પરંતુ શું ? જો સાચેસાચ એવું લાગતું હોય તો હજુ પણ કાંઈ વખત વીતી નથી ગયો. હજુ પણ તું એવો કલ્યાણકારક યજ્ઞ કરી શકે છે. કૃષ્ણ તને એના અનુષ્ઠાનમાં મદદ કરશે.'

'એ યજ્ઞનું અનુષ્ઠાન કરીશ પણ હમણાં નહિ.'

'એનો અર્થ એમ કે મને થતો અન્યાય તને એટલા પ્રમાણમાં નથી ખટકતો. તું તારા બીજા પુત્રોના સુખ અને સમ્રાટપદને જોઈને આનંદમાં ડૂબી ગઈ છે પણ એ અસ્થાયી છે. એની પાછળ અન્યાય છે. એટલે એ કાયમને માટે ના પણ રહી શકે. મારી જેમ એમને પણ એનાથી વંચિત થવું પડે. કાળ કોઈ કારણે એમને

વંચિત કરે, તો તું દુઃખી ના થતી. એ તારા જ અપરાધ, અન્યાય અથવા અદૃષ્ટ કર્મનો પરિપાક હશે.'

કુંતીની આંખમાંથી આંસુ ટપકી પડ્યા.

એ જોઈને કૃષ્ણે કહ્યું:

'તમારું હૃદય ખૂબ જ કોમળ છે. અનેક પ્રકારની પ્રતિકૂળ પરિસ્થિતિઓમાંથી પસાર થવાને લીધે એ વધારે કોમળ અને લાગણીપ્રધાન બની ગયું છે. મને પણ તમારા સૌનો સ્નેહ છોડીને જવાનું ગમતું તો નથી તોપણ કર્તવ્ય પોકારે છે એટલે જવું પડે છે. મારા પ્રયાણનો વિચાર કરીને તમે વધારે દુઃખી ના થતા.'

કૃષ્ણના શબ્દો સાંભળીને કુંતી શાંત રહી.

એના અંતરમાં આવિર્ભાવ પામેલા ભાવો તદ્દન જુદા હતા. એને લીધે જ એની આંખમાંથી આંસુ ટપકી પડ્યા એનો ખ્યાલ એને સારી પેઠે હતો. છતાં પણ એના વિશે કશુ બોલવું એને ઉચિત ના લાગ્યું. એના અંગત જીવનનું એ એક એવું પાસું હતું જેને બને તેટલું ગુપ્ત રાખવાનું હતું. એની સ્થિતિ અતિશય કરુણ અથવા કફોડી હોવા છતાં એ એને આત્મસાત કરી શકી હતી.

દ્રૌપદીની આંખ પણ ભરાઈ આવી. એ બોલી:

'તમે અમારી પાસે હો છો ત્યારે અમને સ્વર્ગસુખનો અનુભવ થયા કરે છે. તમારા સાનિધ્યમાં બધી ચિંતા ટળી જાય છે, અને આનંદ આનંદ છવાઈ રહે છે. અમારા જેવું કૃતાર્થ અમને કોઈ જ નથી લાગતું. પરંતુ તમારા વિયોગનો વિચાર અમને નથી ગમતો. તમે દૂર રહો છો ત્યારે પણ તમારું સ્મરણ લગભગ સતત રહ્યા કરે છે અને આત્મા જાણે કે તમારી આજુબાજુ જ ફરે છે.'

કૃષ્ણે કહ્યું:

'દ્રૌપદી ! તમારા બધાના પ્રેમભાવને હું પણ ભૂલી શકતો તો નથી જ. દ્વારકા જવાનું અનિવાર્ય છે. છતાં પણ કોઈકવાર પછી મારી જરૂર પડે ત્યારે યાદ કરીશ તો હું આવી પહોંચીશ અને મારાથી બનતી બધી જ મદદ કરીશ. આપણો સ્નેહસંબંધ એવો સુદૃઢ તથા સમજપૂર્વકનો છે કે દૂર રહેવા છતાં એમાં કોઈ પ્રકારનો ફેર નહિ પડી શકે. એ એવો જ અતૂટ રહેશે.'

દ્રૌપદી થોડીવાર શાંત રહીને કહેવા માંડી:

'મારું હૃદય કોણ જાણે કેમ પણ તમારે માટે જુદા જ ભાવોનો અનુભવ કરે છે. આજથી નહિ પરંતુ છેક તમને જોયા છે ત્યારથી. આજે એનું રહસ્ય તમારી આગળ ખુલ્લું કરું છું.'

'જુદા ભાવો એટલે કેવા ભાવો ?'

'એ તો મારાથી પરિપૂર્ણપણે નથી બતાવી શકાય તેમ. તોપણ એટલું અવશ્ય કહી શકું કે હું તમને કોઈ સામાન્ય માનવ નથી માનતી. અસામાન્ય માનવ પણ નહિ.'

'તો પછી શું માને છે ?'

'મારી માન્યતા પ્રમાણે તમે પુરુષોત્તમ છો.'

'પુરુષોત્તમ ?'

'હા. પુરુષોત્તમ. વેદના પુરુષ સૂક્તમાં જે પરમાત્મારૂપી પરમ પુરુષ વિશે વર્ણન કરવામાં આવ્યું છે તે પરમ પુરુષ તમે પોતે છો. તમે તેના પ્રતિનિધિ, પ્રતીક કે પ્રાદુર્ભાવરૂપ છો એવી મારી દૃઢ શ્રદ્ધા છે. એ

સંબંધી મને લેશ પણ શંકા નથી લાગતી.'

કૃષ્ણે સસ્મિત કહ્યું:

'તારી શ્રદ્ધા અથવા માન્યતા ઘણી અસાધારણ છે.'

'છતાં પણ એ એક વાસ્તવિકતા છે.'

'સાચું કહું તો હું કૃષ્ણ છું.'

'તમે કૃષ્ણ પણ છો અને પરમ પુરુષ પણ છો. મારી એ માન્યતાને તમે ડગાવી કે વિચલિત નહિ કરી શકો. તમે આ પૃથ્વી પર એના કલ્યાણ માટે પરમપુરુષ પરમાત્માના પ્રતિનિધિ તરીકે પ્રગટ થયા છો. એ માન્યતાથી મને લાભ થયો છે.'

'તને એથી લાભ થતો હોય તો તું એનું સેવન કરવા સ્વતંત્ર છે. હું તારી એ માન્યતાની વચ્ચે નહિ આવું. એ માન્યતા તને જડ, પ્રમાદી કે આંધળી ભક્તિથી યુક્ત બનાવવાને બદલે તારા ઉત્કર્ષમાં તને મદદ કરે એમ ઈચ્છુ છું.'

'એ મારા ઉત્કર્ષમાં મને જરૂર મદદ કરશે. એને માટે તમારો આશીર્વાદ માંગુ છું.'

'મારો આશીર્વાદ તો સદાને માટે છે જ.'

'બસ ત્યારે. એ આશીર્વાદ મને હંમેશા આગળ વધારશે.'

કૃષ્ણને સૌએ અત્યંત ભાવભીની વિદાય આપી.

વિદાય વખતે દ્રૌપદીએ ફરી પૂછ્યું:

'તમે વચનથી બંધાયા છે તે યાદ છે ને ?'

'કયું વચન ?'

'કેમ ? ભૂલી ગયા ? જ્યારે યાદ કરું ત્યારે મારી મદદે આવવાનું વચન !'

'એ વચન યાદ છે અને યાદ રહેશે. તું યાદ કરશે કે બોલાવશે ત્યારે તારી પાસે અવશ્ય આવી પહોંચીશ. મારી અસાધારણ શક્તિની મદદથી તારી આવશ્યકતાને જાણી લઈશ અને એની પૂર્તિ પણ કરી દઈશ. તું એ બાબતે તદ્દન નિશ્ચિંત રહેજે.'

દ્રૌપદીની આંખ આભારથી ઢળી પડી ને બંધ થઈ ગઈ.

કૃષ્ણને એનું એ બીજું જ રૂપ જોવા મળ્યું.

એ એને નેહથી નીતરતી નજરે નિહાળી રહ્યા.

એમણે દ્વારકા માટે પ્રયાણ કર્યું તે પછી ધૃતરાષ્ટ્ર, દુર્યોધન, ભીષ્મ, વિદૂર અને કર્ણ બીજા બધા સાથે હસ્તિનાપુર જવા તૈયાર થયા.

છેલ્લે છેલ્લે કુંતી ધૃતરાષ્ટ્રને અને ગાંધારીને મળવા ગઈ ત્યારે દુર્યોધન તથા કર્ણ ત્યાં જ બેઠેલા.

કુંતી કર્ણને જોઈને જરાક સંકોચમાં પડી અને અવનવા ભાવનો અનુભવ કરવા માંડી.

એના મનમાં થોડા વખત પહેલા જ જાગી ઊઠેલું ભાવો તથા વિચારોનું ઘર્ષણ તાજું થયું.

એને થયું કે કર્ણ પોતાનો હોવા છતાં પોતાનાથી કેટલો દૂર છે ? એ દૂર છે એનું કારણ કર્ણ નથી પણ પોતે જ છે. પોતે કર્ણને કે બીજા કોઈને સાચી માહિતી જ ક્યાં પૂરી પાડી છે ? એટલે એમાં કર્ણનો દોષ

જરા પણ નથી.

થોડીક ઉપલક વાતચીત કરીને કુંતી ઊભી થઈ એટલે દુર્યોધન વ્યંગમાં બોલ્યો:

'હવે તો તમે સુખપૂર્વક સૂઈ રહેવાનાં.'

'કારણ ?'

'કારણ તમે નથી જાણતા ? તમારા પુત્રોને અનંત ઐશ્વર્ય તેમ જ સમ્રાટપદ મળ્યું છે ને ?'

'મારા પુત્રો તારા ભાઈ તો ખરા જ ને ?'

'એની કાંઈ ના પડાય ? પરંતુ પહેલાં તમારા પુત્રો પછી અમારા ભાઈઓ.'

'તમને એમની ઉન્નતિ ગમી તો ખરી ને ?'

'ખૂબ જ ગમી.'

દુર્યોધન આગળ બોલત પણ ગાંધારી, ધૃતરાષ્ટ્ર તથા કર્ણના કહેવાથી છાનો રહ્યો.

કુંતી સૌની અનુમતિ લઈને ધીમા છતાં મક્કમ પગલે બહાર નીકળી ગઈ.

* * *

## ૪૧. દ્યૂતની યોજના

કુંતી પાછી આવી ત્યારે ભીમે એને જણાવ્યું:

'શિશુપાલનો નાશ થયો એ ઘણું સારું થયું. એનો નાશ તો હું જ કરી નાખત, મારામાં એવી શક્તિ પણ છે, પરંતુ કૃષ્ણની આગળ મારે શાંત રહેવું પડ્યું. દુર્યોધને શિશુપાલને ચઢાવવામાં ઘણો મોટો ભાગ ભજવ્યો પરંતુ પછી તો વખત વરતીને એ પણ શાંત રહ્યો. પણ એના ખાસ કૃપાપાત્ર કે મિત્ર પેલા સૂતપુત્ર કર્ણને જોયો ?'

'કેમ ?' કુંતીનું કાળજું જાણે કે કપાઈ ગયું.

'એનું વર્તન આ વખતે કાંઈક સારું કે સુધરેલું લાગ્યું. એણે દુર્યોધનની જેમ શિશુપાલને ઉશ્કેરવાનું કુત્સિત કર્મ ના કર્યું.'

કુંતીને કાંઈક શાંતિ થઈ. એણે કહ્યું:

'એ તો સારો તથા સુધરેલો છે. ફક્ત દુર્યોધનનો સંગ થવાથી કોઈ કોઈવાર અનર્થ કરી બેસે છે એટલું જ. બાકી એનો આત્મા મને તો અનેરો જ લાગે છે.'

ભીમ શાંત રહ્યો, પરંતુ કર્ણને માટેનો એનો 'સૂતપુત્ર' શબ્દ પ્રયોગ કુંતીને સાલવા લાગ્યો.

એ બોલી ઊઠી:

'મને તો લાગે છે કે એ સૂતપુત્ર નહિ હોય. એ વાત મેં પહેલાં પણ કહી છે અને આજે પણ કહી દઉં છું.'

'આખી દુનિયા માને છે ને તું નથી માનતી ? એનાં માતાપિતા પણ હજુ હયાત છે.'

'છતાં એના રૂપરંગ પરથી એ સૂતપુત્ર નથી લાગતો.'

'એ તો એવું લાગે બાકી એ સૂતપુત્ર જ છે. એના સંબંધમાં તારા જેવો વિચાર બીજા કોઈને નથી આવતો.'

કુંતી મૂક રહી.

*

હસ્તિનાપુરમાં આવ્યા પછી એક દિવસ અવસર જોઈને દુર્યોધને ધૃતરાષ્ટ્રને કહ્યું:

'પાંડવોની પ્રતિષ્ઠાનો પાર નથી. એમનો યજ્ઞ પણ એકદમ અદ્દભુત, અસાધારણ અને અજોડ થયો. એને લીધે એમને અક્ષય કીર્તિની પ્રાપ્તિ થઈ. એવો સરસ સમૃદ્ધ યજ્ઞ તો આજ સુધી કોઈએ નહિ કર્યો હોય.'

'એ તો હું જાણું છું.'

'જાણો છો તો ખરા પરંતુ એ વિશે કાંઈ વિચાર્યું ખરું ?'

'વિચારવાનું બીજું શું હોય ?'

'કેમ ? વિચારવાનું કશું નથી ? એ યજ્ઞ મારો હોત અને એવી પ્રતિષ્ઠા મને મળી હોત તો જુદી વાત હતી પરંતુ આ તો તદ્દન ઊલટી હકીકત બની ગઈ છે. પાંડવો ખૂબ જ પ્રતાપી કે બળવાન બની ગયા છે.'

'એથી શું થયું ?'

'કશું નહિ ? એ વખત જોઈને આપણા રાજ્યને હડપી જવાના પ્રયત્નો કરે તો નવાઈ નહિ. એમની રાજ્યભૂખ કે સત્તાલાલસા ઘણી મોટી છે. તમે એમને ઈન્દ્રપ્રસ્થનું રાજ્ય આપીને એ ભૂખ કે લાલસાને પોષી છે. રાજ્યને વધારીને સમ્રાટપદ પ્રાપ્ત કરવાની તૃષ્ણાથી પ્રેરાઈને તો એમણે રાજસૂય યજ્ઞ કર્યો.'

'ક્ષત્રિયો એવું પરાક્રમ કરે એમાં કશું ખોટું નથી. એમને માટે એવું શૌર્ય શોભાસ્પદ છે. એના પરિણામે એમની ઉન્નતિ થઈ તો ભલે થઈ. એથી ડરવાનું કે એની ચિંતા કરવાનું કોઈ કારણ નથી.'

'તમારા વિચાર સાથે હું સંમત નથી થઈ શકતો. પાંડવોની કીર્તિ તથા ઉન્નતિ મારે માટે ચિંતાનું મોટું કારણ થઈ પડી છે. એને લીધે મને લેશ પણ શાંતિ નથી લાગતી. હસ્તિનાપુરમાં આવ્યા પછી મારી ઊંઘ જ ઊડી ગઈ છે. હું શાંતિ કે સુખપૂર્વક હરીફરી કે જમી પણ નથી શકતો. પાંડવો આવી રીતે દિનપ્રતિદિન વધારે ને વધારે સમૃદ્ધ થતા જાય છે એથી મારું જ નહિ પણ આપણા બધાનું ભાવિ મને અંધકારમય લાગે છે. તમે અત્યારે નિશ્ચિંત છો અને ભવિષ્યનો ભય ના સમજવાને લીધે પાંડવોના ઉત્કર્ષથી આનંદ માનો છો પણ એક દિવસ એવો પણ આવશે કે જ્યારે એ હસ્તિનાપુરને હાથ કરવા માટે આગળ આવશે.'

'હસ્તિનાપુરને હાથ કરવા ?'

'હા. મને તો એમની દાનત એવી જ લાગે છે. ભીમ અને અર્જુન બંનેને મારા પ્રત્યે વેરભાવ છે. એ વેરભાવ ઘટવાને બદલે વધતો જ જાય છે.'

'છતાં પણ હસ્તિનાપુરને હાથ કરવાનું સાહસ કોણ કરી શકે તેમ છે ? એવો વિચાર પણ કોણ સેવી શકે તેમ છે ?'

'કોણ તે પાંડવો. કૃષ્ણની મદદથી એ એવું સાહસ જરૂર કરશે.'

'એવું દુઃસાહસ કોઈક કરે તોપણ ભીષ્મ, દ્રોણાચાર્ય, અશ્વત્થામા, દુઃશાસન અને કર્ણનો સામનો કરવો કાંઈ સહેલો છે ? અને તું પોતે પણ ઓછો પરાક્રમી છે ? એ બધા વીર યોદ્ધાઓ સાથે લડીને હસ્તિનાપુરને હાથ કરવાનું સહેલું તો નથી જ.'

'તોપણ પાંડવોનો વધતો જતો પ્રતાપ રોકવા અત્યારથી જ ચેતવાની ને પાણી પહેલા પાળ બાંધવાની જરૂર છે. હું એને માટેના કોઈક સુયોગ્ય ઉપાયની શોધમાં છું. એ ઉપાય જડશે ત્યારે જ મને નિરાંત વળશે.'

'પરંતુ એનાં કરતાં તું પાંડવો સાથે પ્રેમપૂર્વક રહેવાનો અથવા એમનાં દિલને જીતી લેવાનો પ્રયાસ કરે તો ?'

'એવો પ્રયાસ કદી પણ સફળ નથી થાય તેમ.'

'કારણ ?'

'કારણ એ જ કે પાંડવો એકાએક પ્રાપ્ત થયેલા વિશાળ સમૃદ્ધ સામ્રાજ્ય તથા યશને લીધે ઉન્માદી અથવા ઉદ્દંડ બની ગયા છે. એ પોતાને સર્વશ્રેષ્ઠ લેખે છે. શિશુપાલ જેવા પરમ પરાક્રમી રાજાનો કપટપૂર્વક નાશ કરી નાખનાર કૃષ્ણનો એમને સહકાર છે એટલે એમનો અહંભાવ વધી ગયો છે. એ મારી સાથે મિત્રતા કરવા કે પ્રેમપૂર્વક રહેવા સ્વપ્ને પણ તૈયાર નથી થાય તેમ. હા. એમને ઈન્દ્રપ્રસ્થમાં વસાવ્યા જ ના હોત તો વાત જુદી હતી, પરંતુ ઘટનાઓ હવે તો ઘણી આગળ વધી ગઈ. હવે તો કોઈ બીજો જ વધારે સારો,

ચતુરાઈ ભરેલો, રસ્તો શોધી કાઢવો પડશે. એ માટે તમારો આશીર્વાદ માગું છું.'

ધૃતરાષ્ટ્રે થોડીક શાંતિ રાખીને ઉમળકાપૂર્વક કહ્યું:

'મારો આશીર્વાદ તો તારા પર છે જ. એ આશીર્વાદ હંમેશા રહે એ સ્વાભાવિક છે. પિતાનો આશીર્વાદ પુત્રની ઉપર ના હોય તો બીજા કોની ઉપર હોય ? તોપણ એટલું ધ્યાન રાખજે જ કે તું જે રસ્તો શોધે તે તારી તથા પાંડવોની વચ્ચે વિદ્વેષને વધારનારો અને તારા જીવનને વધારે ને વધારે અશાંત કરનારો ના હોય.'

દુર્યોધન બોલ્યો:

'મારા જીવનને એ અશાંત શા માટે કરે ? એ અશાંતિને કાયમને માટે દૂર કરવા તો કોશિશ કરવા માગું છું. એવી કોશિશને લીધે કદાચ થોડોક વિદ્વેષ વધે તોપણ શું ? એવા વિદ્વેષથી ગભરાવાનું કે ડરવાનું કોઈ કારણ મને નથી દેખાતું. તમારા આશીર્વાદ મારી સાથે હશે પછી મને કોઈનોય ભય નહિ લાગે. હું મારા મનોરથમાં સર્વપ્રકારે સફળ થઈશ.'

'તોપણ સંભાળીને આગળ વધજે ને કોઈ પ્રકારનું વગર વિચાર્યું સાહસ ના કરી બેસતો.'

'ભલે. એવું ખોટું સાહસ કરવા જેટલો મૂર્ખ તો હું નથી જ એ તો તમે જાણો જ છો.'

'છતાં પણ તને સૂચના આપુ છું, કારણ કે તારા હિતની ચિંતા મને સૌથી વધારે છે.'

'એને માટે તમારો ઋણી છું ને તમારી એ સૂચના માથે ચઢાવું છું.'

ધૃતરાષ્ટ્રને શાંતિ વળી.

દુર્યોધન ચાલી નીકળ્યો.

બીજે દિવસે એની પાસે આવીને શકુનિએ પૂછ્યું:

'આ શું ? તારું મુખ આટલું બધું ઉદાસ કેમ દેખાય છે ? ખીલી ઊઠેલું કમનીય કમળ જેમ બિડાઈ કે કરમાઈ જાય તેમ તારું મુખ કાંતિરહિત બની ગયું છે. હસ્તિનાપુરમાં આટલું બધું સુખ અને ઐશ્વર્ય હોવા છતાં તારું વદન આટલું બધું દુઃખી કેમ દેખાઈ રહ્યું છે ?'

દુર્યોધને ઉત્તર આપવાના આશયથી સામેથી પૂછ્યું:

'મારું દુઃખ તમે દૂર કરી શકવાના છો ?'

'કેમ નહિ ? તું પહેલાં તારું દુઃખ કયું છે તે કહી બતાવ તો ખરો. પછી એને મટાડવાનો ઉપાય શોધી શકાય. દુઃખને જાણ્યા વિના...'

'દુર્યોધન વચ્ચે જ બોલી ઊઠ્યો:

'મારું દુઃખ કોઈ સાધારણ નથી. એ સહેજે નથી મટે એવું. એ શારીરિક નથી, માનસિક છે.'

'એટલે ? મને કાંઈ સમજ ના પડી.'

'તમે ના સમજ્યા ? પાંડવોની ઉન્નતિ જોઈને મારું મન અશાંત બન્યું છે અને ચિંતાએ ચઢ્યું છે. મારા દિલમાં એક જાતની ઊંડી અસહ્ય બળતરા પેદા થઈ છે. એ હકીકત તમારા વિના બીજા કોને કહી બતાવું ? તમે મારા હિતૈષી છો ને મારે માટે સાચો સ્નેહ તથા સહાનુભૂતિ ધરાવો છો માટે તમારી આગળ મારા દિલને ખુલ્લું કરું છું.'

એટલામાં ત્યાં દુઃશાસન આવી પહોંચ્યો.

દુર્યોધન એનો સત્કાર કરીને આગળ પહોંચ્યો.

'પાંડવોને રાજ્ય મળ્યું, સામ્રાજ્ય મળ્યું, યશ મળ્યો, દ્રૌપદી મળી, ને બીજું બધું જ મળ્યું. પેલા કૃષ્ણની સહાનુભૂતિ પણ પ્રાપ્ત થઈ. એ જોઈને મને ઊંઘ પણ નથી આવતી. એમનો રાજસૂય યજ્ઞ જોયો છે ત્યારથી મને કશું ગમતું જ નથી.'

દુઃશાસને જણાવ્યું:

'મને પણ ત્યારથી એક જાતની ઊંડી બેચેની લાગ્યા કરે છે. એમનું ઐશ્વર્ય કે સુખ જોઈને મારા પ્રાણમાં પીડા થઈ રહી છે. મને પણ કેટલીય વાર ઊંઘ નથી આવતી.'

શકુનિ વિચારમાં પડ્યો ને દુર્યોધનને સંબોધીને બોલ્યો:

'ઊંઘ આવે પણ કેવી રીતે ? દુશ્મનની ઉન્નતિ તથા સુખાકારી જોઈને કોઈક મૂર્ખને જ શાંતિની ઊંઘ આવી શકે. તારા દિલને જાણું છું ને તારી પરિસ્થિતિ સારી રીતે સમજી શકું છું. તારે માટે મને અપાર પ્રેમ હોવાથી મને પોતાને પણ પાંડવોની ઉન્નતિથી ચિંતા થઈ છે.'

દુર્યોધને જણાવ્યું:

'ચિંતા થાય એ સ્વાભાવિક છે. તમે મારા સુખદુઃખના ભાગીદાર છો એટલે તમને મારે માટે ચિંતા નહિ થાય તો બીજા કોને થશે ? ઈન્દ્રપ્રસ્થની રાજસભાનું કળાકૌશલ હસ્તિનાપુરમાં તો જોવા પણ નથી મળતું. એ જોઈને હું તો આશ્ચર્યચકિત અને મુગ્ધ બની ગયેલો. એકવાર સભામાં ફરતાં ફરતાં હું સ્ફટિકના સુંદર ચોકમાં જઈ પહોંચ્યો તો ભ્રાંતિથી એ ચોકને જળાશય સમજીને મેં કપડાં ઊંચા કરી દીધાં. મારી એ દશાને દેખીને ભીમ, અર્જુન, નકુલ અને સહદેવ હસવા લાગ્યાં. એથી મને ખૂબ જ દુઃખ થયું. એ હાસ્યને હું આજે પણ નથી ભૂલી શક્યો.'

'એ હાસ્યના પડઘા તો મારા મનમાં પણ અવારનવાર પડ્યા કરે છે.' દુઃશાસન બોલી ઊઠ્યો: 'અને મારા મનને ક્ષુબ્ધ કરે છે. પાંડવોએ કરેલો એ ઘોર ઉપહાસ અને એની પાછળનો મિથ્યા અહંભાવ મારાથી નથી ભૂલી શકાતો. પાંડવોને એમના એ દુર્વ્યવહારનો દંડ દેવાની ઈચ્છા મને અનેકવાર થઈ આવે છે, પરંતુ એ દંડ ક્યારે, કેવી રીતે ને ક્યા રૂપમાં દેવો એ નથી સમજાતું.'

'મારું એમની દ્વારા કરવામાં આવેલું એ અપમાન મારા દિલને ભયંકર વ્યથા પહોંચાડી રહ્યું છે. એ અપમાનનો બદલો લેવાની ઉત્સુકતા મારા મનમાં પેદા થઈ છે. એ બદલો નહિ લઉં ત્યાં સુધી મને ચેન નહિ પડે. એમને એમના યશ અને ઐશ્વર્ય તથા સમ્રાટપદથી વંચિત કરીશ ત્યારે જ મને શાંતિ ને સુખની નિદ્રા આવી શકશે.'

'બરાબર છે.' શકુનિ બોલ્યો: 'પાંડવો એકાએક આવી મળેલા ઐશ્વર્યભોગથી છકી ગયા છે. એમની બુદ્ધિ બહેકી ગઈ છે. એ બુદ્ધિને ઠેકાણે લાવવા માટે એમને ભારેમાં ભારે કઠોર ફટકો મારવાની જરૂર છે.'

'મને પણ એવું જ લાગે છે પરંતુ એ ફટકો કેવી રીતે મારવો તે નથી સમજાતું. તમે આટલા બધા બુદ્ધિશાળી છો તો કોઈક રસ્તો શોધી કાઢો. આ કામ મારાથી એકલે હાથે નથી થાય તેવું. ગમે તેમ કરીને પણ મારે પાંડવોને દુઃખી કરી દેવા છે. એમનું રાજ્ય પડાવી લેવું છે. એમને કુંતી તથા દ્રૌપદી સાથે આંસુ

સારતા અથવા શોક કરતા જોઉં તો મારી પ્રસન્નતાનો પાર ના રહે. મારું જીવન ત્યારે ઉત્સવરૂપ બને.'

'અને મારું પણ.' દુઃશાસન બોલી ઊઠ્યો: 'ઈન્દ્રપ્રસ્થનો અસાધારણ વૈભવ દુર્યોધનને મળી જાય એથી આનંદદાયક બીજું શું હોઈ શકે ? તમે શાંતિથી વિચાર કરીને કોઈક એવો ઉપાય શોધી કાઢો. નહિ તો અમારું આખુંય જીવન અધિક ને અધિક દુઃખદાયક થઈ જશે.'

શકુનિ થોડા વિચારમાં ડૂબી ગયો.

થોડા વખત પછી એકાએક કશુંક યાદ આવવાથી એ બોલ્યો:

'મને એક ઉપાય સૂઝે છે ખરો.'

'કયો ઉપાય ?'

દુર્યોધન એના તરફ જિજ્ઞાસુભાવે જોઈ રહ્યો એટલે એણે સ્પષ્ટીકરણ કરતાં કહેવા માંડ્યું:

'એ ઉપાય એકદમ અકસીર છે અને ઈચ્છા પ્રમાણેનું કામ કરી શકે તેમ છે.'

'ના. યુદ્ધના ઉપાયથી પાંડવોને નહિ પહોંચી શકાય એ તો હું પણ જાણું છું.'

'તો પછી બીજો કયો ઉપાય છે ? છળનો ?'

'છળનો કહેવો હોય તો કહી શકાય છતાં પણ એ ઉપાય એકલા છળનો નથી પરંતુ દ્યૂતનો છે.'

'દ્યૂતનો ?'

'હા. દ્યૂતનો. દ્યૂત રમવાનું આમંત્રણ આપીને યુધિષ્ઠિરને હરાવી શકાશે ને રાજ્યશ્રીથી વંચિત પણ કરી લેવાશે.'

'પરંતુ યુધિષ્ઠિર દ્યૂત રમવા તૈયાર થશે તો ને ?'

'દ્યૂતના આમંત્રણને એ પાછું નહિ ઠેલી શકે. એ દ્યૂત રમવા અવશ્ય આવશે. મને વિશ્વાસ છે. એ આમંત્રણ ધૃતરાષ્ટ્ર તરફથી જવું જોઈએ અને તારે ધૃતરાષ્ટ્રને એને માટે તૈયાર કરવા જોઈએ.'

'એ તો તૈયાર થઈ શકશે. પણ યુધિષ્ઠિર સાથે દ્યૂત રમશે કોણ ?'

'કેમ ? યુધિષ્ઠિર સાથે તારા તરફથી હું રમીશ ને યુધિષ્ઠિરને હસતાં હસતાં હરાવી દઈશ. દ્યૂતક્રીડામાં મારાથી વધારે કુશળ બીજું કોઈ જ નથી. એ કુશળતા તારા દુઃખનું નિવારણ કરવાના કામમાં નહિ આવે તો બીજા કયા કામમાં આવી શકશે ? યુધિષ્ઠિર દ્યૂતની રમતમાં રસ ધરાવે છે પણ એ રમતનું રહસ્ય નથી જાણતા, એટલે એમને હરાવવાનું કામ તદ્દન સહેલું છે. દ્યૂતના બદલામાં એમને એમની સમસ્ત લક્ષ્મીથી વંચિત કરવાની કળા મને સારી પેઠે આવડે છે.'

'તો તો તમારા જેવા સ્વજન અથવા ઉપકારી બીજા કોઈ જ નહિ.'

શકુનિ મૂછ પર વળ દેતાં બોલ્યો:

'એમાં ઉપકાર કરવા જેવું કશું જ નથી. એ તો મારું કર્તવ્ય છે. મારો ધર્મ છે. તારું સુખ તે મારું સુખ અને તારું દુઃખ તે મારું દુઃખ છે. તને મદદ કરવા માટે તો મારી વિદ્યા, કળા, કુશળતા, સર્વ કાંઈ છે. આવે વખતે તને મદદરૂપ નહિ થાઉં તો પછી ક્યારે થઈશ ? આ તો તેં વાત કરી ત્યારે મને એકાએક યાદ આવ્યું કે હાથમાં હીરો છે તોપણ હું એને બહાર શોધી રહ્યો છું. તારા દરદની દવા માટે તારે આમતેમ ક્યાંય જવાની જરૂર નથી. તે દવા મારી પાસે જ પડેલી છે છતાં તેનો લાભ લઈને દરદને દૂર કેમ નથી કરતો ?'

દુર્યોધને શકુનિનો આભાર માનતાં કહ્યું:

'તમે સૂચવેલો ઉપાય મને ગમી ગયો છે. એને માટે તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે. તમારા બતાવેલા ઉપાયને અજમાવવાથી મારો મનોરથ પૂરો થશે એમાં મને સહેજ પણ શંકા નથી લાગતી.'

દુઃશાસને પણ કહ્યું:

'મામા શકુનિએ સૂચવેલો ઉપાય સર્વશ્રેષ્ઠ છે. એમની બુદ્ધિ તથા શક્તિ અદ્દભુત છે. એમાં વિશ્વાસ રાખીને આગળ વધવાથી આપણું કલ્યાણ થશે.'

દુર્યોધને શકુનિને કહ્યું:

'આટલી વાત તો સાફ થઈ ગઈ. એથી મારી મોટા ભાગની ચિંતા દૂર થઈ. છતાં પણ એક કામ હજુ બાકી રહ્યું. એ પણ કાંઈ ઓછા મહત્વનું તો નથી જ.'

'કયું કામ ?'

'યુધિષ્ઠિરને દ્યૂત રમવાનું આમંત્રણ આપવાનું કામ. એ આમંત્રણ ધૃતરાષ્ટ્ર તરફથી અપાય તો સારું. એને માટે હું એમને કહી જોઈશ અને તમે પણ સમજાવી લેજો.'

'એમને સમજાવી લેવાનું કામ તો ચપટી વગાડતામાં કરી લઈશ. એ બાબતે તદ્દન નિશ્ચિંત રહેજે. તું પણ એમને વાત કરીને એને માટે ઉત્સાહિત તો કરજે જ.'

'ભલે.'

બીજે દિવસે શકુનિ દુર્યોધનને લઈને ધૃતરાષ્ટ્ર પાસે પહોંચી ગયો અને એમના કુશળ સમાચાર પૂછી, થોડીક આડીઅવળી વાતચીત કરીને બોલ્યો:

'મને તો લાગે છે કે આ સંસારમાં પાંડવોના જેવું કુશળ બીજું કોઈ જ નહિ હોય.'

'કેમ ?'

'એનું કારણ તમે નથી જાણતા ? બીજા નાનામોટા બધા જ રાજાઓને વશ કરી કે જીતી લઈને એ સૌથી વધારે સમૃદ્ધ બન્યા છે. એમને કોઈ પ્રકારનું દુઃખ નથી. જતે દિવસે એ હસ્તિનાપુરનું રાજ્ય પણ લઈ લે તો નવાઈ નહિ.'

'ખરેખર ?'

'હા. ખરેખર ઈન્દ્રપ્રસ્થમાં રહ્યો ત્યારે મારી ઉપર એવી છાપ પડેલી. સત્તા એવી વસ્તુ છે. એનો નશો એકદમ અમર્યાદ હોય છે. એની લાલસા એકવાર જાગ્યા પછી વધતી જ જાય છે. પાંડવોના સંબંધમાં એ જ હકીકત લાગુ પડે છે. એ એમાં અપવાદરૂપ નથી.'

'પરંતુ યુધિષ્ઠિર તો ખૂબ જ સમજુ છે. એમના સંબંધમાં એવું ના કલ્પી શકાય.'

'એ જ તમારી ભૂલ છે. યુધિષ્ઠિરને પણ સત્તાની લાલસા લાગેલી છે. એથી તો એમણે દિગ્વિજય કરીને રાજાઓ પર અધિકાર જમાવ્યો. મારી વાતમાં શંકા થતી હોય તો આ દુર્યોધનને પૂછી જુઓ.'

દુર્યોધન બોલ્યો:

'મારા મામા શકુનિની વાત તદ્દન સાચી છે. હું એની સાથે સંપૂર્ણપણે મળતો થાઉં છું.'

શકુનિ ધૃતરાષ્ટ્રના મુખ પરના ભાવોને નીરખતાં બોલ્યો:

'દુર્યોધનને પાંડવોની વધતી જતી શક્તિ અને એ શક્તિની પાછળ રહેલી સત્તાલાલસાની ચિંતા રહે છે. એનું મુખમંડળ એકદમ ફીક્કું પડી ગયું છે. એનું શરીર સુકાઈ ગયું છે. અને એનો આનંદ ઊડી ગયો છે. એને કોઈ વ્યાધિ લાગુ પડ્યો હોય એમ એ ગળાતો જ જાય છે. જો વેળાસર એનો ઈલાજ નહિ કરવામાં આવે તો મને તો ભય લાગે છે કે એના જેવા સુંદર, શક્તિશાળી, શીલવાન સુપુત્રને ખોઈ બેસશો.'

ધૃતરાષ્ટ્ર વિચારે ચઢ્યા ને બોલ્યા:

'દુર્યોધન એટલો બધો શોકિત કેમ બની ગયો છે ?'

દુર્યોધને એનો ઉત્તર આપતાં કહ્યું:

'યુધિષ્ઠિરની રાજ્યલક્ષ્મી જોઈ છે ત્યારથી મારા જીવનનો સમસ્ત રસ સુકાઈ ગયો છે. મને ખાવાપીવાનું કે ફરવાનું નથી ગમતું. પાંડવોનો અખૂટ ધનભંડાર દેખીને મારું મન બેચેન બની ગયું છે. યુધિષ્ઠિરના યજ્ઞમાં એક સાથે હજારો માણસો ભોજન કરતા ને પછી એની સૂચના આપતો જે શંખધ્વનિ થતો એ આજે પણ મારા કાનમાં ગુંજીને મને વ્યથિત કરી રહ્યો છે. યુધિષ્ઠિરના ઐશ્વર્ય જેવું ઐશ્વર્ય યમ, વરુણ, કુબેર કે ઈન્દ્રનું પણ નહિ હોય. એમનું એ અસીમ ઐશ્વર્ય અને એમની સત્તાલાલસા મને અહર્નિશ અશાંત કર્યા કરે છે.'

શકુનિએ જણાવ્યું :

'દુર્યોધનની એ અશાંતિ વધતી જ જાય છે. એનો અંત આણવાની જરૂર છે. જો એનો અંત નહિ આવે તો દુર્યોધનને માટે એ ઘાતક ઠરશે.'

'પરંતુ એનો અંત આણવો કેવી રીતે ?' ધૃતરાષ્ટ્રે કરુણ સ્વરે પ્રશ્ન કર્યો.

'એની અશાંતિનો અંત આણવાની તમારી ઈચ્છા હોય તો મારી પાસે એને માટેની એક સરસ યોજના છે. દુર્યોધન પોતે પણ એ યોજના સાથે સંમત છે.'

'કયી યોજના ?'

'દ્યૂત રમવાની યોજના.'

'દ્યૂત રમવાની ?'

'હા. દ્યૂત રમવાની.'

શકુનિએ એ યોજનાનો ધૃતરાષ્ટ્રને પરિચય આપ્યો ને કહ્યું:

'દુર્યોધનની ઉન્નતિ કરવાનો, એને શાંતિ આપવાનો અને નવીન શક્તિશાળી જીવન પ્રદાન કરવાનો ઉપાય અથવા અકસીર ઉપાય એ એક જ છે. એ ઉપાય મેં ઘણા ઘણા વિચાર પછી શોધી કાઢ્યો છે. તમે એને અનુમતિ આપો ને યુધિષ્ઠિરને દ્યૂત રમવાનું આમંત્રણ આપો. તમારા આમંત્રણને એ દ્યૂતપ્રેમી પુરુષ પાછું નહિ ઠેલી શકે, અને પછી તો આગળનું બધું કામ હું મારી વિદ્યાના પ્રભાવથી સહેલું કરી દઈશ.'

'પરંતુ મારા મંત્રી વિદુર એ પ્રસ્તાવ સાથે સંમત થશે ખરા ?'

'એ સંમત થાય કે ના થાય તેથી શું થયું ? એ તો પાંડવો પ્રત્યે પ્રેમ અને પક્ષપાત રાખનારા છે એટલે તમારી વાતનો વિરોધ પણ કરે. પણ તમારી દૃઢતા હશે તો એ તમારી વચ્ચે નહિ આવી શકે. તમે યુધિષ્ઠિરને દ્યૂત રમવા જરૂર બોલાવશો એટલું કહી દો તો દુર્યોધનને શાંતિ વળે.'

‘હા. એટલું કહી દો.’ દુર્યોધને પણ આગ્રહ કર્યો: ‘બાકી મારાં કરતાં પાંડવો તમને વધારે વહાલા હોય તો જુદી વાત છે.’

ધૃતરાષ્ટ્ર લાગણીવશ થઈને બોલ્યા:

‘પાંડવો મને વધારે વહાલા હોય શકે જ કેવી રીતે ? અને એ પણ તારાથી ? તારાથી વધારે વહાલું સમસ્ત સંસારમાં મને કોઈ જ નથી.’

‘તો પછી મારા મંગલને માટે મારા મામાની યોજનાને સફળ કરો.’

‘ભલે. એને સફળ કરવા મારાથી બનતું બધું જ કરી શકીશ.’

* * *

## ૪૨. યુધિષ્ઠિરની હાર

ધૃતરાષ્ટ્રે વિદુરની આગળ શકુનિનો પ્રસ્તાવ રજૂ કર્યો ત્યારે વિદુરે એનો વિરોધ કરતાં કહ્યું:

'દ્યૂતનો વિચાર ભારે વિપરીત છે. એના અમલથી કૌરવો તથા પાંડવોમાં વિરોધ વધશે, કટુતા ફેલાશે, અને અશાંતિ સળગશે. દ્યૂત સર્વ પ્રકારના અનર્થોનું મૂળ છે. એનો ત્યાગ જ કરવો જોઈએ. એથી કોઈને પણ સમૃદ્ધિ કે શાંતિ નથી મળતી.

'વિદૂર !' ધૃતરાષ્ટ્રે ઉત્તર આપતાં જણાવ્યું: 'તમારી વાત સંપૂર્ણપણે સાચી છે. હું એને મળતો થાઉં છું. છતાં દુર્યોધનના આગ્રહને વશ થઈને મારે એને હા કહેવી પડી છે. એનું મન ખૂબ જ અશાંત અથવા બેચેન છે. એ ચિંતાને લીધે દિવસે દિવસે વધારે ને વધારે સુકાતો જાય છે. એટલે એક પિતા તરીકે મારે એને સુખી કરવા એની ઈચ્છાને સંતોષવી જોઈએ.'

'પરંતુ એ ઈચ્છા ઉત્તમ ના હોય તો ?'

'ઉત્તમ અથવા અધમની ચર્ચાવિચારણામાં પડવાનું કામ મારું નથી. મારું કર્તવ્ય તો એને શાંતિ આપવાનું અને મારા વચનને પાળવાનું છે.'

'છતાં પણ કોઈ રસ્તો નથી. એટલે યુધિષ્ઠિરને દ્યૂત રમવાનું આમંત્રણ આપવામાં આવે એ જ બરાબર છે.'

વિદૂરનો વિરોધ વ્યર્થ ગયો.

એની અવગણના કરીને ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને બોલાવવા માટે વિદુરને જ વિદાય કર્યો.

એ પહેલાં એમણે એકવાર ફરીથી દુર્યોધનને સમજાવવાની કોશિશ કરી જોઈ પરંતુ એ નકામી ગઈ.

ધૃતરાષ્ટ્રે વિદુરને કહ્યું:

'યુધિષ્ઠિરને કહેજો કે આપણે સુંદર શય્યા અને આસનોથી અલંકૃત એક રત્નજડિત સભાગૃહનું નિર્માણ કર્યું છે. તેને જોવા માટે તમારા ભાઈઓ સાથે આવો, અમારા આતિથ્યનો સ્વીકાર તેમ જ ઉપભોગ કરો, અને અમારી સાથે દ્યૂત રમો.'

ધૃતરાષ્ટ્રનો સંદેશ લઈને વિદૂર જ્યારે ઈન્દ્રપ્રસ્થ પહોંચ્યા ત્યારે એમનું સુંદર શાનદાર સ્વાગત કરવામાં આવ્યું.

યુધિષ્ઠિરને એમણે ધૃતરાષ્ટ્રનો સંદેશો કહી સંભળાવ્યો.

સંદેશો સાંભળીને યુધિષ્ઠિર વિચારમાં પડી ગયા.

લાંબા વખત લગી એવી રીતે વિચારમગ્ન રહીને એમણે મંદ છતાં મક્કમ અને શાંતિપૂર્ણ સ્વરે જણાવ્યું:

'દ્યૂત રમવાનું મને કલ્યાણકારક નથી લાગતું. એને લીધે અશાંતિ તથા ઘર્ષણ વધે છે.'

'એ હકીકત મેં ધૃતરાષ્ટ્રને કહી બતાવેલી તોપણ એની ધારેલી અસર ના થઈ. દુર્યોધનના દુરાગ્રહની આગળ નમી પડીને મારી સમજાવટની ઉપરવટ જઈને એમણે મને તમારી પાસે મોકલ્યો છે. બીજું બધું તો ઠીક પરંતુ દ્યૂત રમવાનો પ્રસ્તાવ જરા પણ પસંદ નથી પડતો.'

'પસંદ તો મને પણ નથી પડતો છતાં તમે સંદેશાવાહક થઈને આવ્યા છો તો તમે જેમ સૂચવો તેમ કરવાની મારી તૈયારી છે.'

વિદુરે ગંભીરતાપૂર્વક, વિચાર કર્યા પછી કહ્યું:

'ધૃતરાષ્ટ્રના આદેશનો અનાદર કરવાની સલાહ તમારા હિતેચ્છુ હોવા છતાં મારાથી નહિ આપી શકાય. એમના આદેશનો અનાદર કરવાથી વિરોધમાં વધારો થશે તથા કટુતા કાયમની બનશે. એટલે એમના આમંત્રણનો સ્વીકાર કરી લો એ સંજોગોનો વિચાર કરતાં વધારે સારું છે. હા, દ્યૂત રમવાની બને તેટલી ના પાડજો ને તે છતાં પણ સંજોગોવશાત્ દ્યૂત રમવો જ પડે તો સંભાળપૂર્વક શાંતિથી રમજો. દ્યૂત ભલભલાને લાગણીવશ બનાવે છે, આવેશમાં આણે છે કે ઉશ્કેરે છે. તમે તેવી રીતે ઉશ્કેરાઈ ના જતા, લાગણીવશ ના બનતા, કે આવેશમાં ના આવતા.'

યુધિષ્ઠિરે કહ્યું:

'એનું ધ્યાન હું બરાબર રાખીશ. એટલી શક્તિ તો મારામાં છે જ. એની ચિંતા તમે જરા પણ ના કરતા. તમારા શુભાશીર્વાદથી મને કોઈ પ્રકારની તકલીફ નહિ પડે કે ઊની આંચ પણ નહિ આવે.'

વિદુરને સહેજ શાંતિ વળી.

કુંતી, દ્રૌપદી, સુભદ્રા, બીજી સ્ત્રીઓ, તથા ભીમ અને અર્જુનને દ્યૂતનો પ્રસ્તાવ જરા પણ પસંદ ના પડ્યો. છતાં ધૃતરાષ્ટ્રના આમંત્રણની અવજ્ઞા કરવાનું તો એમને પણ ઉચિત ના લાગ્યું.

યુધિષ્ઠિરની સાથે એ સૌ હસ્તિનાપુર જવા તૈયાર થયા.

કુંતીએ કહ્યું:

'ધૃતરાષ્ટ્ર દ્યૂત રમવાના વિચાર સાથે સહમત થયા એ ખરેખર નવાઈ જેવું છે. સંભવ છે કે એ વિચાર પાછળ દુર્યોધનની કોઈ અજ્ઞાત દુષ્ટ યોજના હોય. આપણે એનાથી સારી પેઠે સાવધ રહેવાનું છે. કારણ કે ભૂતકાળમાં આપણને એનો પાકો અનુભવ છે. એ ક્યારે શું કરે તે વિશે કશું જ ના કહી શકાય.'

'સાચું છે.' અર્જુને જણાવ્યું: 'દુર્યોધનનો સ્વભાવ જરા પણ નથી સુધર્યો. સુધરવાને બદલે ઉત્તરોત્તર બગડતો જાય છે. રાજસૂય યજ્ઞનો પ્રસંગ એના પુરાવારૂપે હજુ તાજો જ છે.'

ભીમે કહ્યું:

'એ આપણને હસ્તિનાપુર બોલાવીને આપણી સાથે કશુંક કપટ કરશે કે આપણી પીઠ પાછળ ઘા કરશે તો એને જીવતો નહિ જવા દઉં. એનો નાશ કરી નાખીશ. એ પણ જાણી લેશે કે આપણને વારંવાર હેરાન કરવામાં સાર નથી.'

યુધિષ્ઠિર સૌની સાથે હસ્તિનાપુર આવી પહોંચ્યા ત્યારે સૌથી અધિક આનંદ દુર્યોધનને તથા શકુનિને થયો.

એમણે કર્ણને એમની યોજનાની માહિતી પૂરી પાડી એટલે કર્ણે કહ્યું:

'દ્યૂતની ને બીજી યોજના છે તો સારી પરંતુ કલ્યાણકારક નથી લાગતી. પાંડવો પરાક્રમી છે અને દ્યૂતને લીધે એમની સાથેના વેરભાવમાં વધારો થશે. એથી કાયમના ક્લેશનાં બીજ વવાઈ જશે.'

'તારા વિચારો તો એવા જ વિપરીત હશે એ હું જાણતો'તો.' દુર્યોધન બોલ્યો.

'દુર્યોધનના ઉત્કર્ષનો સોનેરી સમય પાસે આવી રહ્યો છે ત્યારે તું આવું કહે છે ?'

શકુનિના પ્રશ્નના ઉત્તરમાં કર્ણે કહ્યુઃ

'દુર્યોધનનો ઉત્કર્ષ દેખીને સૌથી વધારે આનંદ એ મારો ઘનિષ્ઠ મિત્ર હોવાથી મને થશે. પરંતુ એ ઉત્કર્ષનો માર્ગ આવો ના હોઈ શકે. આ માર્ગ મંગલ નથી. મારા કહેવાનું તાત્પર્ય એ જ છે.'

'ઉત્કર્ષનો માર્ગ મંગલ છે કે નહિ તેની ચિંતામાં હું નથી પડતો. મારે તો ગમે તેમ કરીને દુર્યોધનનો ઉત્કર્ષ કરવાની જ ઈચ્છા છે. રસ્તો ગમે તે હોય પણ એની ઉપર ચાલવાથી જો એ ઉત્કર્ષ થઈ શકતો હોય તો તેને કરવાનો મારો સંકલ્પ છે. મારો જ નહિ, દુર્યોધનનો તેમ જ દુઃશાસનનો પણ.'

'હા. અમારો એવો સંકલ્પ છે. નિશ્ચય છે.' દુર્યોધન તથા દુઃશાસન એકીસાથે બોલી ઊઠ્યા.

કર્ણે સ્મિત કર્યું.

એ ફક્ત એટલું જ બોલ્યોઃ

'એનો એ ઉત્કર્ષ જોઈને હું ખરેખર રાજી થઈશ.'

ભીષ્મ તથા દ્રોણે ધૃતરાષ્ટ્રને અને દુર્યોધનને દ્યૂતનો વિચાર છોડી દેવા માટે ઘણુંયે સમજાવી જોયા પરંતુ એ માન્યા નહિ ત્યારે એ પણ મૂક બની ગયા.'

ધૃતરાષ્ટ્રના મનમાં કોણ જાણે આ શું થયું છે !' એ મનોમન બોલ્યાઃ

'દુર્યોધનના દુરાગ્રહ આગળ બધા નમી પડે છે એ નવાઈ જેવું છે. એવી રીતે નમવાનું આગળ પર એમને જ માટે અનર્થકારક થઈ પડશે. અત્યારે એનું દુષ્ટ પરિણામ કદાચ એમને નહિ સમજાય.'

બીજે દિવસે યુધિષ્ઠિર ધૃતરાષ્ટ્ર અને દુર્યોધનના કહેવાથી દ્યૂત રમવા તૈયાર થયા.

દુર્યોધન તરફથી શકુનિ રમવા માંડ્યો ને યુધિષ્ઠિર તરફથી એમણે પોતે જ રમવાનો પ્રારંભ કર્યો.

એમની રમતનું નિરીક્ષણ કરવા માટે ભીષ્મ, વિદૂર, દ્રોણ, કૃપાચાર્ય, કર્ણ તથા દુઃશાસન જેવા કેટલાય દર્શકો બેસી ગયા.

દ્યૂતના, પ્રારંભમાં જ શકુનિએ યુધિષ્ઠિરને પૂછ્યુંઃ

'તમે દાવમાં શું રાખો છો ? તમે સમ્રાટ હોવાથી તમારી ઈચ્છા પ્રમાણેની વસ્તુને રાખી શકો છો.'

યુધિષ્ઠિરે જરાક વિચાર કરીને ઉત્તર આપ્યોઃ

'દાવમાં રાખવા જેવી વસ્તુઓ તો મારી પાસે અનેક છે. એમાંથી સૌથી પહેલાં સુવર્ણના સર્વે આભૂષણોમાં ઉત્તમ, સાગરાવર્તમાં ઉત્પન્ન, પરમ સુંદર, મહામૂલ્યવાન, મણિમય હાર રાખું છું.'

દુર્યોધને કહ્યુંઃ

'મારી પાસે એવા અનેક હાર અને મણિ છે. એમનાં નામ કહીને અથવા એમનું વર્ણન કરી બતાવીને અભિમાનનું પ્રદર્શન કરવાની ઈચ્છા નથી રાખતો. પહેલાં દાવને જીતો તો ખરા !'

શકુનિએ પાસા ફેંકતી વખતે એવી ચાલાકી કરી કે એનો વિજય થયો.

વિજયને લીધે દુર્યોધન ઉન્માદમાં આવી ગયો ને બોલ્યોઃ

'યુધિષ્ઠિર ! તમે એ મણિમય હારને હારી ગયા. છતાં પણ બીજા દાવમાં જીતો પણ ખરા. આ તો રમત છે. કહો, દાવમાં બીજી વાર શું રાખો છો ?'

યુધિષ્ઠિરે જણાવ્યું:

‘આ વખતે દાવમાં એક લાખ અઢાર હજાર મુદ્રાથી ભરેલી થેલીઓ, ધનભંડાર ને સુવર્ણરાશિ રાખું છું. આ વખતે તો મને વિશ્વાસ છે કે હું જીતી જઈશ.’

પરંતુ શકુનિએ પાસા ફેંકીને અટ્ટહાસ કરતાં કહ્યું:

‘તમારો વિશ્વાસ વધારે પડતો હોવાથી આ વખતે તો ખોટો પડ્યો. આ દાવમાં તમારી હાર થઈ.’

‘હરકત નહિ. હજુ આપણે આગળ રમીએ.’

‘હવે દાવમાં શું રાખો છો ?’

‘તાંબા ને લોઢાની ચારસો પેટીઓ છે. એ બધી પેટીઓમાં પાંચ પાંચ દ્રોણ સોનું છે. એ પેટીઓને એમની અંદરના સમસ્ત સુવર્ણ સાથે રાખું છું.’

‘ભલે.’

શકુનિ દુર્યોધન તરફથી એ દાવને પણ જીતી ગયો.

યુધિષ્ઠિર જરાક ઉત્સાહરહિત બની ગયા એટલે વિદુરે કહ્યું:

‘યુધિષ્ઠિર! હવે દ્યૂત રમવાનું આટલેથી જ બંધ રાખો. દ્યૂતનું પરિણામ કદી પણ સારું નથી આવતું. એને લીધે અનર્થોની પરંપરા સર્જાય છે ને જીવન દુઃખી, અશાંત અને બરબાદ બની જાય છે. વળી એનો નશો શરાબના નશા જેવો માદક છે. જેને એની લત લાગે છે તેને માટે એના સકંજામાંથી છૂટવાનું ખરેખર મુશ્કેલ બની જાય છે.’

દુર્યોધન વિદુરને વચ્ચે બોલતા જોઈને જણાવ્યું:

‘તમે યુધિષ્ઠિરને દ્યૂતમાંથી પાછા વાળવાની કોશિશ કરો છો, પરંતુ એવી કોશિશ કરીને તમે એમની કે પાંડવોની સેવા નથી કરતા. અત્યારે યુધિષ્ઠિર ઉપરાઉપરી હારી ગયા છે, તોપણ એ એકાએક ક્યારે જીતી જશે તે વિશે કશું ચોક્કસપણે કહી શકાય તેમ છે ખરું ? આશા સદા અમર છે. એ આશાથી પ્રેરાઈને એમને આગળ રમવા માટે ઉત્સાહિત કરો.’

‘મારાથી એમને એવી ખોટી રીતે ઉત્સાહિત નહિ કરી શકાય. હું પોતે તો પહેલેથી જ દ્યૂતની વિરુદ્ધ હતો અને આજે પણ વિરુદ્ધ જ છું.’

‘છતાં પણ યુધિષ્ઠિર ઘણા સમજુ હોવાથી તમારા વિરોધને મહત્વનો નહિ માને.’

શકુનિએ દુર્યોધનનું સમર્થન કર્યું ને વિદુરને કહ્યું:

‘તમે યુધિષ્ઠિરનો ઉત્સાહ ઓછો કરીને રંગમાં ભંગ પાડો છો તે બરાબર નથી. યુધિષ્ઠિરને પોતાને જ જો રમવાની ઈચ્છા ના હોય તો જુદી વાત છે. એ ભલે રમતમાંથી ઊઠી જાય. બાકી દ્યૂતના ગુણાવગુણ તો અહીં બેઠેલા બધાં જ જાણે છે ને અમે પણ જાણીએ છીએ. ભીષ્મ, દ્રોણ, કર્ણ અને ધૃતરાષ્ટ્ર કાંઈ સામાન્ય વિદ્વાનો તો નથી જ. હા, યુધિષ્ઠિર પોતે પોતાને માટે નિર્ણય કરવા સ્વતંત્ર છે. ધર્મ કે કર્તવ્યના રહસ્યને એ સારી રીતે સમજી શકે છે. એ જ્ઞાની તથા વિવેકી છે. બોલો યુધિષ્ઠિર, તમારી શી ઈચ્છા છે ?’

‘દાવને આગળ ચલાવવાની. હજુ મેં વિજયની આશાનો પરિત્યાગ નથી કર્યો.’

યુધિષ્ઠિરના શબ્દો સાંભળીને શકુનિ આનંદમાં આવી ગયો ને બોલ્યો:

'પરંતુ જોજો મને પૂરેપૂરો હરાવી ના દેતા. આ વખતે દાવમાં શું રાખો છો ?'

'બ્રાહ્મણોને અને એમની સંપત્તિને છોડીને નગર, દેશ, ભૂમિ, પ્રજા અને એમનું ધન દાવમાં મૂકું છું.'

યુધિષ્ઠિરને નસીબે યારી ના આપી.

એ વખતે પણ એ હારી ગયા.

છતાં રમત આગળ ચાલી એટલે એમણે જણાવ્યું:

'લાલ નેત્રવાળા, લાલ સિંહ જેવા ખભાવાળા, શ્યામ વર્ણના નવયુવાન નકુલને દાવમાં રાખું છું.'

એ દાવમાં પણ શકુનિ જીતી ગયો એટલે યુધિષ્ઠિર બોલ્યા:

'આ વખતે ધર્મના રહસ્યને જાણનારા, વિદ્વાન, વિચારશીલ, સહદેવને દાવમાં રાખું છું.'

એમાં પણ યુધિષ્ઠિરનો પરાજય થયો.

એ પછીના દાવોમાં એમણે પ્રતાપી, સંગ્રામવિજયી અર્જુનને તેમ જ શૂરવીરોમાં શ્રેષ્ઠ ભીમને રાખ્યા, પરંતુ એ દાવોને પણ શકુનિએ જીતી લીધા.

એ જોઈને યુધિષ્ઠિર સ્તબ્ધ જેવા બની ગયા ત્યારે દુર્યોધને કહ્યું:

'યુધિષ્ઠિર! દ્યૂતની હાર તમને વિચાર કરતા કરી મૂકશે પરંતુ એમાં વિચાર કરવા જેવું કશું જ નથી. મને તો લાગે છે કે અંધકારની પાછળ પ્રકાશ આવે છે તેમ હારની હારમાળાની પાછળ વિજયની સુંદર પરંપરા શરૂ થશે. હજુ તમે તમારા ભાગ્યને પૂરેપૂરું અજમાવ્યું જ ક્યાં છે ? તમે દાવમાં બીજી બધી વસ્તુઓ મૂકી દીધી પરંતુ જેની કિંમત એ બધા કરતાં વધારે છે ને જેનું ભાગ્ય તમને હારેલી બાજી જીતવાની શક્તિ આપી શકે તેમ છે તે વસ્તુને તો તમે યાદ જ નથી કરી.'

'કયી વસ્તુને ?'

'કેમ ? ભૂલી ગયા ? જેનું શુભાગમન તમારા સૌને માટે ઉન્નતિના મોટામાં મોટા કારણરૂપ થયું છે અને જે અત્યંત અનુપમ સૌંદર્યવતી તથા સૌભાગ્યશાળી છે તે દ્રૌપદીને તો તમે યાદ જ ક્યાં કરી છે ? એને જો દાવમાં મૂકવાનો અવસર શું હજુ પણ નથી આવ્યો ? એને જો પહેલેથી જ દાવમાં મૂકી હોત તો એના ભાગ્યની પ્રબળતાને લીધે તમે કદાચ દ્યૂતમાં હારત જ નહિ. હજુ પણ વખત વીતી તો નથી જ ગયો.'

યુધિષ્ઠિરે થોડોક વિચાર કર્યો, અર્જુન તથા ભીમ તરફ દૃષ્ટિ ફેરવીને કહ્યું:

'દ્રોપદીની યાદ મને નથી આવતી અથવા હું એને ભૂલી ગયો છું એવું તો ના કહી શકું. અમારા બધા ભાઈઓની સ્ત્રીઓમાં એ સૌથી વધારે સુંદર, શીલવતી અને સૌભાગ્યશાળી છે. એ અનુકૂળતા તથા પ્રિયવાદિતા જેવા ગુણો ધરાવે છે. સેવકોના સૂતા પછી સૂઈ જાય છે; સૌથી પહેલાં જાગે છે; સૌનો ખ્યાલ રાખે છે; ને સૌની સેવા કરે છે. એ દ્રૌપદીનાં પુનિત પગલાં પડવાથી અમે સુખી તેમ જ સમૃદ્ધ થયા છીએ. એ દ્રૌપદીને મારું ભાગ્ય અજમાવવા દાવમાં રાખું છું.'

યુધિષ્ઠરના શબ્દોથી સમસ્ત સભામાં સંક્ષોભ પેદા થયો.

કેટલાક તો યુધિષ્ઠિરને ધિક્કારવા લાગ્યાં.

દુર્યોધન, શકુનિ તથા દુઃશાસન વ્યંગમાં હસવા માંડ્યા.

કર્ણને એ ઘટના અત્યંત અસાધારણ લાગી.

ભીષ્મ એકાએક બોલી ઊઠ્યા:

'યુધિષ્ઠિર ! તમે આ શું કરવા ધાર્યું છે ?'

'સારું જ કરવા ધાર્યું છે.' યુધિષ્ઠિરે ઉત્તર આપ્યો: 'મારો વિચાર હવે દ્રૌપદીના ભાગ્યના આધાર પર લડી લેવાનો છે. મારો એ દાવ સફળ થશે એમાં શંકા નથી.'

'દ્યૂતનો કશો ભરોસો છે ?' દ્રોણે પૂછ્યું.

'હવે તો તમે આટલેથી જ અટકી જાઓ તો સારું.' વિદુરે સલાહ આપી.

પરંતુ યુધિષ્ઠિરને એ સલાહ પસંદ ના પડી. એ બોલ્યા:

'દ્યૂતમાં આટલી બધી હદે હાર્યા પછી મારી પાસેથી આગળ ના રમવાની આશા રાખવી એ શું વધારે પડતું નથી ? મારાથી આટલેથી અટકી શકાય જ કેવી રીતે ? હવે તો આ પાર કે પેલે પાર. રમતને અધવચ્ચે છોડવાનો અર્થ કશો જ નથી. મારું ભાગ્ય અને મારા ભાઈઓનું ભાગ્ય મંદ છે પરંતુ દ્રૌપદીનું ભાગ્ય તો અત્યંત શુભ અથવા પ્રબળ છે. એ મને જરૂર વિજય અપાવશે.'

'શાબાશ યુધિષ્ઠિ ર!' દુર્યોધને કહ્યું: 'તમારું ભાગ્ય હવે ચમકવાનું હોવાથી તમારી બુદ્ધિ સુયોગ્ય દિશામાં કામ કરી રહી છે. દ્રૌપદી તમારી રક્ષા કરશે.'

'આ વખતે તો તમે જ જીતી જવાના.' દુઃશાસન બોલી ઊઠ્યો.

'મને પણ એમ જ લાગે છે.' શકુનિ બોલ્યો: 'તમારો વિજય અને મારો કદાચ પરાજય થશે. એટલે તો એના સૂચનરૂપે મારી ડાબી ભુજા ફરકી રહી છે. બોલો, દાવ શરૂ કરું કે બંધ રાખું ?'

'બંધ રાખવાનું કોઈ જ કારણ નથી દેખાતું. એનો આરંભ કરો.'

યુધિષ્ઠિરની ઈચ્છાનુસાર શકુનિએ દાવનો આરંભ કર્યો.

'યુધિષ્ઠિર ભારે જિજ્ઞાસા અને ઉમંગપૂર્વક દાવના પરિણામને જોવા ઉત્સુક બન્યા, પરંતુ એમનો ઉમંગ એકાએક અને એકદમ ઓસરી ગયો.'

પાસા નાખીને શકુનિ ઊંચા સ્વરે પોકારી ઊઠ્યો:

'યુધિષ્ઠિર ! આ દાવમાં પણ તમારી હાર થઈ. તમે દ્રૌપદીને હારી ગયા. એનું ભાગ્ય પણ તમને કશા જ કામમાં ના લાગ્યું. એ સુંદરી પણ તમને સંકટમાંથી બચાવી ના શકી ને તમારી વહારે ના આવી. મેં પાસા ફેંક્યા કે તરત જ મારી જમણી ભુજા ફરકવા માંડી. એને પરિણામે મારો વિજય થયો.'

દુર્યોધન એ વિજયથી અતિશય આનંદમાં આવી ગયો ને બોલ્યો:

'યુધિષ્ઠિર ! આજનો દિવસ તમારે તથા તમારા ભાઈઓને માટે ઘણો અશુભ સાબિત થયો છે. છતાં પણ હરકત નહિ. સમજુ માણસે કોઈપણ સંજોગોમાં હિંમત, ધીરજ તથા ધર્મનો પરિત્યાગ ના કરવો જોઈએ. તમે દ્રૌપદીને હારી ગયા એટલે એ દ્રૌપદી હવે મારી થઈ. એની ના કોઈનાથી નહિ પાડી શકાય. સૌથી પહેલા તો એ દ્રૌપદીને તમે મારી પાસે લઈ આવો.'

આખી સભામાં સન્નાટો છવાઈ ગયો.

દુર્યોધને ફરી કહ્યું:

'એમાં વિશેષ વિચાર કરવા જેવું છે જ શું ? દ્રૌપદીને બોલાવીને હવે મને સુપ્રત કરો એ જ બરાબર

છે. ન્યાય એવું કહી રહ્યો છે.'

ધૃતરાષ્ટ્રે દુર્યોધનને જણાવ્યું:

'યુધિષ્ઠિર હારી ગયા તેનું દુઃખ મને જરૂર થઈ રહ્યું છે પરંતુ સાથે તારા વિજયનો આનંદ પણ થઈ રહ્યો છે. એ આનંદને મારાથી નથી છુપાવી શકાય તેમ. એને છુપાવાની જરૂર પણ નથી લાગતી. તારા વિજયને માટે તને અભિનંદન આપું છું. તારો વિજય થયો છે એટલું પૂરતું છે. એના અનુસંધાનમાં દ્રૌપદીને અહીં બોલાવવાનો વિચાર માંડી વાળ.'

'શા માટે ? દ્રૌપદીને અહીં બોલાવવાનો મારો અધિકાર શા માટે જતો કરું ? એ મારો અધિકાર છે.'

'પરંતુ એ અધિકારનો ઉપયોગ તું ના કરે તે વધારે સારું છે. દ્રૌપદી જેવી સુંદર આદર્શ સ્ત્રીને અહીં બોલાવવી બરાબર નથી. યુધિષ્ઠિર એને હારી ગયાં એમાં એનો કશો દોષ તો નથી જ.'

કર્ણની એ સલાહ સાંભળીને દુર્યોધન મક્કમતાથી બોલ્યો:

'એમાં દ્રૌપદીનો દોષ હોય કે ના હોય છતાં દ્રૌપદીને હું જીતી ગયો હોવાથી એ મારી છે.'

'તોપણ તું પુરુષ છે ને એ સ્ત્રી છે - પરસ્ત્રી.'

'એથી શું થયું ?'

'પુરુષનો પરસ્ત્રી સાથેનો વ્યવહાર ઉત્તમ હોવો જોઈએ.'

'દ્રૌપદી હવે પરસ્ત્રી નથી રહી. એ મારી છે ને મારા ભવનને શોભાવશે. કર્ણ ! તું મિત્ર થઈને મને દ્રૌપદી સાથે ઉત્તમ વર્તન કરવાની ભલામણ કરે છે પણ એના સ્વયંવરમાં એણે તારું જે હડહડતું અપમાન કરેલું તેને ભૂલી ગયો ? એ અપમાનનો બદલો લેવાનો અવસર હવે આવી પહોંચ્યો છે ત્યારે તું આવી વિરોધી વાત કરી રહ્યો છે એ જાણીને મને આશ્ચર્ય થાય છે.'

'મારા અપમાનનો બદલો આવી રીતે લેવાનું મને જરા પણ ઉચિત નથી લાગતું. મિત્ર તરીકે તને સાચી સલાહ આપી રહ્યો છું, પછી તો જેવી તારી ઈચ્છા.'

વિદુરે જણાવ્યું:

'યુધિષ્ઠિર ! મેં તમને દ્યૂત રમવાની ના પાડી છતાં તમે ના માન્યું તો પરિણામ કેટલું બધું વિપરીત આવ્યું ?'

'પરિણામ જે આવ્યું છે તે સામે જ છે, હવે તો દુઃશાસન, તું પોતે જ દ્રૌપદીને અહીં લઈ આવ કારણ કે યુધિષ્ઠિર એમ કરવાની હિંમત નથી કરતા.'

દુઃશાસન દુર્યોધનના આદેશનો અમલ કરવા તરત ઊભો થયો ત્યારે સભામાં પાછો શોરબકોર થવા માંડ્યો.

* * *

## ૪૩. પ્રતિજ્ઞા

સભામાં વિરાજેલા અનેક વિવેકી પુરુષોને વિચાર થવા લાગ્યો કે આ શું થયું ! યુધિષ્ઠિર, એમના ભાઈઓ અને દ્રૌપદીના ભાગ્ય પર આ કેવો કરુણ પડદો પડવા માંડ્યો ?

ભીષ્મે દુર્યોધનને છેલ્લીવાર સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું:

'દુર્યોધન ! આપણા કુળમાં આવો અનુચિત પ્રસંગ આજ સુધી એકે નથી બન્યો.'

'એથી શું ? એવો બનાવ ના બનવો જોઈએ કે ના બની શકે એવું થોડું છે ?'

'પરંતુ એનું પરિણામ કેટલું બધું ભયંકર આવશે એનો જરાક વિચાર તો કરી જો. ભાઈઓ વચ્ચે કુસંપ વધશે, ઘર્ષણ થશે, અને અશાંતિ ફેલાશે.'

'એનો વિચાર મેં કરી જોયો છે.'

'કરી જોયો હોય તો દ્રૌપદીને સભામાં બોલાવવાનો સંકલ્પ છોડી દે.'

'શા માટે ? એની ઉપર મારો અધિકાર છે પછી મારા સંકલ્પને શા માટે છોડું ?'

'એ સંકલ્પ ધર્મસંગત નથી માટે.'

'વાહ ! ધર્મના રહસ્યને તમે એકલા જ જાણો છો ને હું નથી જાણતો ? યુધિષ્ઠિર એને સારી રીતે જાણે છે ને સમજે છે કે હું જે કરી રહ્યો છું તે ધર્મસંગત છે. માટે તો એ મૂક છે. તમે ધર્મને નામે મારા વિચારનો વિરોધ કરો છો એ આશ્ચર્યકારક છે. તોપણ મારા વિચારનો અમલ હું અવશ્ય કરવાનો. દુઃશાસન ! તું વહેલી તકે જા, દ્રૌપદીને સઘળી હકીકત કહી બતાવ, અને એને અહીં લઈ આવ. આપણે હવે વિજેતા છીએ એટલે ધાર્યા પ્રમાણે કરી શકીએ છીએ.'

ભીષ્મે કહ્યું:

'વિજેતા ધર્મ અથવા નીતિની મર્યાદાનો ત્યાગ ના કરી શકે.'

દુર્યોધન બોલ્યો:

'એનો ત્યાગ નથી કરતો પરંતુ એ મર્યાદાને અનુસરીને જ ચાલી રહ્યો છું.'

'તું ધર્મની મર્યાદાને અનુસરીને ચાલતો હોત તો આવી રીતે કપટયુક્ત દ્યૂત રમવા પ્રેરાત જ નહિ.'

દ્યૂતને તમે કપટયુક્ત કહો છો પરંતુ યુધિષ્ઠિર જાણે છે કે એનો આધાર ધર્મની મર્યાદામાં રહીને જ લેવામાં આવ્યો છે. માટે તો એ એને આખર સુધી હોંશે હોંશે રમ્યા છે. એમની હાર થઈ એટલે એ દ્યૂતક્રીડા કપટયુક્ત હતી એવું ખોટું બહાનું ના કાઢી શકાય. ના. કદાપિ નહિ.'

'દુર્યોધન જે કહે છે તે બરાબર કહે છે. એનો વિરોધ કરવો નકામો છે'

એમ કહી દુઃશાસન ચાલી નીકળ્યો.

દ્રૌપદી પાસે પહોંચીને એણે દ્યૂતક્રીડાનો તથા યુધિષ્ઠિરના પરાજયનો સમસ્ત વૃત્તાંત સંક્ષેપમાં કહી બતાવ્યો ને જણાવ્યું:

'દુર્યોધનના આદેશને અનુસરીને હું તને લેવા માટે આવી પહોંચ્યો છું. હવે તું દુર્યોધનની બની ચૂકી છે માટે એની સર્વપ્રકારે સેવા કરવા તૈયાર થા. દુર્યોધનનો તારા પર અબાધિત અધિકાર છે. એના આદેશનું

પાલન કરવા તું બંધાયલી છે.'

'બિલકુલ નહિ.' દ્રૌપદીએ દુઃખથી ભરેલા કંપિત સ્વરે કહેવા માંડ્યું: 'હું કોઈનાય આદેશનું પાલન કરવા નથી બંધાયલી. મારા પર મારા પતિ સિવાય બીજા કોઈનોય અધિકાર નથી ચાલતો.'

દુઃશાસન ભયંકર અટ્ટહાસ કરીને બોલ્યો:

'તું તો હવે દુર્યોધનની દાસી બની છે.'

'કદાપિ નહિ.'

'તારા માનવામાં એ વાત નહિ આવતી હોય તો હું તને તેની ખાતરી કરાવી આપીશ. તું તારી ઈચ્છાથી નહિ આવે તો તને બળજબરી સભાસ્થાનમાં લઈ જઈશ.'

'બળજબરી ?'

'હા. બળજબરી. મારે મને મળેલા આદેશનો કોઈપણ ભોગે અમલ કરવાનો છે.'

'હું મારી ઈચ્છાથી તો નહિ જ આવી શકું.' એમ કહીને દ્રૌપદી ત્યાંથી ચાલ્યા જવાનો પ્રયાસ કરવા લાગી.

પરંતુ દુઃશાસને એ પ્રયાસ નિષ્ફળ બનાવ્યો.

એણે દ્રૌપદીની કમર સુધીના લાંબા કાળાભમ્મર કેશને પકડી લીધા અને એને દુર્યોધનની રાજ્યસભામાં લઈ જવા ખેંચવા માંડી.

એની આગળ પોતાની શક્તિ કશી જ વિસાતમાં નથી એવું લાગવાથી દ્રૌપદી ના છૂટકે એનું અનુસરણ કરવા લાગી.

એની મુખાકૃતિ લાલ થઈ ગઈ, મ્લાન બની ગઈ, એની કાયા કંપવા લાગી, અને આંખમાંથી અશ્રુની ધારા ચાલવા માંડી.

એણે કરુણ સ્વરે કહ્યું:

'અરે દુષ્ટ, મને છોડી દે, છોડી દે. મને બળજબરી કરીને લઈ જવાનું પરિણામ કેટલું બધું અનર્થકારક આવશે એની કલ્પના કરી છે ?'

'એની કલ્પના મેં કરી લીધી છે.'

'કરી લીધી હોત તો તું મારી સાથે આવો કુત્સિત વ્યવહાર ના કરત. અર્જુન અને મહાબળવાન ભીમ તને મારી આવી દુર્દશા કરતો જોશે તો જીવતો નહિ જવા દે.'

દુઃશાસને જણાવ્યું:

'મને એમનો જરા પણ ભય નથી. યુધિષ્ઠિર દ્યૂતમાં એમને પણ હારી ગયા છે. એટલે એ અમારા દાસ બન્યા છે. એમનાથી કશું જ બોલી કે કરી શકાય તેવી પરિસ્થિતિ જ હવે નથી રહી.'

દ્રૌપદી બોલી:

'અરે મૂર્ખ, તું ભીમ અને અર્જુનને દાસ તરીકે ઓળખાવે છે પરંતુ એ તો કોઈનાય દાસ નથી બને તેમ. એ એમના બાહુબળથી તારા જેવા હજારોને દાસ બનાવી શકે તેમ છે તે તું નથી જાણતો.'

'એમનું બાહુબળ તો અત્યારે નિરર્થક બની ગયું છે. એમને દ્યૂતમાં હરાવીને દુર્યોધને નિર્બળ કરી

નાખ્યા છે.’

દ્રૌપદી આક્રંદ કરવા લાગી ને બોલી:

‘અરેરે, યુધિષ્ઠિરને આ શું સૂઝ્યું ? એ દ્યૂત રમવા માટે તૈયાર જ શા માટે થયા ? અને તૈયાર થયા તો એમણે રાજ્યલક્ષ્મીને અને અમને સૌને દાવમાં મૂકવાનું સાહસ શા માટે કર્યું ?’

દુઃશાસને મૂછ પર હાથ ફેરવી અટ્ટહાસ કરતાં કહ્યું:

‘અમારું નસીબ ચમકવાનું હતું માટે. અથવા તું અમારી દાસી બનવાની હતી એટલા માટે. એટલા માટે જ એ દ્યૂત રમવા તૈયાર થયા.’

‘તારી કે દુર્યોધનની દાસી તો હું કોટિ ઉપાયે પણ નથી બની શકું તેમ. તને ખબર ના હોય તો જાણી લેજે કે મને દાસી બનાવવાનો પ્રયત્ન કરતાં પહેલાં તારા ને દુર્યોધનના પ્રાણ બહાર નીકળી જશે. તને અને દુર્યોધનને એવા વિચાર સૂઝે છે તે જ બતાવે છે કે તમારી બુદ્ધિ બગડી છે અને તમારે માથે અમંગલ ભમી રહ્યું છે.’

‘બુદ્ધિ કોની બગડી છે અને અમંગલ કોને માથે ભમી રહ્યું છે તે તો તને દુર્યોધન પાસે પહોંચાડીશ એટલે સમજાશે. હું તારી સાથે વધારે વાદવિવાદ નહિ કરું. તારા જેવી સૌંદર્યવતીની શોભા દુર્યોધનની સાથે રહીને એની સેવા કરવામાં છે. હું તને એની પાસે જ લઈ જઉં છું.’

દ્રૌપદીની વેદનાનો પાર ના રહ્યો. એણે વધારે ચર્ચા કરવાનું માંડી વાળ્યું.

થોડીવારમાં તો દુઃશાસન એને લઈને સભાસ્થળમાં આવી પહોંચ્યો.

દ્રૌપદીની અસહાય અવસ્થાને નિહાળીને કેટલાયનાં કાળજાં કરુણ તથા ક્લેશયુક્ત બની ગયાં પરંતુ દુર્યોધનનું કાળજું એવું જ કઠોર રહ્યું. એણે દુઃશાસનને અભિનંદન આપતાં કહ્યું:

‘દુઃશાસન ! તેં મારી આજ્ઞાનું પાલન કરીને બતાવેલી બહાદુરી બદલ તને ધન્યવાદ ઘટે છે. તને તારા આ મંગલમય કાર્યને માટે પારિતોષિક આપવામાં આવશે.’

દ્રૌપદી વેદનાયુક્ત કરુણ સ્વરે કહેવા માંડી:

‘આ નરાધમની અધમતા જુઓ ! એણે મને રજસ્વલા દશામાં હોવા છતાં બળજબરી પકડી આણીને મારું અપમાન કર્યું છે. એને માટે એને પુરસ્કાર આપવાનો ના હોય પણ દંડ કરવાનો હોય.’

દુઃશાસન બોલ્યો:

‘તું રજસ્વલા દશામાં હોય કે ગમે તેવી દશામાં, દ્યૂતમાં જિતાઈ જવાથી હવે દુર્યોધનની દાસી બની ગઈ છે અને એના આદેસાનુસાર તને પકડી લાવવાનો મારો અધિકાર છે. એ અધિકારનો અમલ કરવાથી હું પુરસ્કારને પાત્ર ઠર્યો છું એ સાચું છે. તું હવે વિશેષ વિરોધ કે વિવાદ કરવાને બદલે દુર્યોધનની દાસીઓની સાથે નિવાસ કર એ જ ઉચિત છે.’

દુર્યોધન બોલી ઊઠ્યો:

‘દુઃશાસનનું કથન સર્વાંશે સાચું છે. તારી ઉપર હવે મારો અધિકાર થઈ ચૂક્યો છે એટલે તારે મારી મરજી મુજબ વર્તવું પડશે.’

‘બિલકુલ નહિ.’ દ્રૌપદી બોલી ઊઠી: ‘મને મારી ઈચ્છા વિરુદ્ધ વર્તવાની ફરજ કોઈએ નહિ પાડી શકે.

આ સભામાં શાસ્ત્રના જ્ઞાતાઓ, ગુરુજનો ને પૂજ્ય પુરુષો બેઠા છે. એ બધા બધી પરિસ્થિતિથી માહિતગાર હોવા છતાં આ બાબતમાં હજુ સુધી મૂક કેમ બેસી રહ્યા છે ? મારી સાથે આટલો બધો દુર્વ્યવહાર થઈ રહ્યો છે છતાં એ એનો વિરોધ કેમ નથી કરતા ?'

'એ એનો વિરોધ કરી શકે જ કેવી રીતે ? ધર્મની મર્યાદાને એ બરાબર જાણે છે.'

'આ ધર્મ નથી પરંતુ અધર્મ છે.'

'તે તો તારા કહેવા પ્રમાણેને ? એમના કહેવા પ્રમાણે નહિ જ.'

'દુર્યોધન ! તને હજારોવાર ધિક્કાર છે. તેં ભરતવંશને વગોવ્યો, કલંકિત કર્યો ને ક્ષત્રિયત્વનો નાશ કરી નાખ્યો. પાંડવો, ભીષ્મ, દ્રોણ તથા વિદુરના દેખતાં તું મારું અપમાન કરી શક્યો તે જોઈને મને ભારે આશ્ચર્ય થઈ રહ્યું છે.'

યુધિષ્ઠિર, અર્જુન અને ભીમ દ્રૌપદીની અસહાય દીન દશાને શૂન્યમનસ્કની જેમ જોઈ રહ્યા.

દ્રૌપદી બોલી:

'દુર્યોધને છળકપટ કરીને યુધિષ્ઠિરને દ્યૂત રમવા માટે પ્રેરિત કર્યા છે. શકુનિએ કપટયુક્ત પાસા ફેંક્યા છે. યુધિષ્ઠિર પોતાની સંપત્તિને, પોતાના ભાઈઓને પોતાને પણ દ્યૂતમાં હારી બેઠા પછી મને હોડમાં મૂકવાનો અધિકાર એમને હતો જ ક્યાં ? એ મને દાવમાં મૂકી શકે જ કેવી રીતે, અને હારી શકે પણ કેવી રીતે ? એ પ્રશ્નનો હું ઉત્તર માગું છું. એ પ્રશ્નનો નિષ્પક્ષ રીતે વિચાર કરવાથી સમજાશે કે હું દુર્યોધનની કે કોઈનીય દાસી બની ના શકું અને એવી રીતે ભરસભામાં અપમાનિત પણ ના થઈ શકું.'

ભીષ્મે જણાવ્યું:

'દુર્યોધન ! દ્રૌપદી જે કહે છે તે સાચું અને શાંતિથી વિચારવા જેવું છે. તારું વર્તન તારી પોતાની જ ઘોર ખોદનારું છે. અત્યાર સુધી જે થઈ ગયું તેનો કોઈ ઉપાય નથી. પરંતુ તારી ઈચ્છા હોય તો હજુ પણ ચેતી અને સર્વનાશના ઘોર સંકટમાંથી બચી શકે છે. માટે તારા દુર્વ્યવહાર બદલ પશ્ચાતાપ કરીને પાંડવો તથા દ્રૌપદીને સન્માન સહિત ઈન્દ્રપ્રસ્થમાં મોકલી દે.'

દ્રોણ તથા વિદુર અને ધૃતરાષ્ટ્રનંદન વિકર્ણે પણ દુર્યોધનને સારી પેઠે સમજાવી જોયો તોપણ દુર્યોધન માન્યો નહીં ને બોલ્યો:

'મારે બદલે જો યુધિષ્ઠિર જીતી ગયા હોત તો તમે બધા કદાચ રાજી થાત ને કશું ના બોલત, પરંતુ જીત એમની નથી પણ મારી થઈ છે એટલે મને ઉપદેશ આપવા બેઠા છો, પણ એ ઉપદેશ હું નથી માનવાનો. મારી ઉપર ભાગ્યની કૃપા થઈ છે અને એ કૃપાને હું હાથે કરીને ખોઈ નાખવા નથી માગતો. પાંડવો, દ્રૌપદી અને એમનાં સમસ્ત ધનને મેં જીતી લીધું છે. હું એવો મૂર્ખ નથી કે એમને મુક્ત કરું કે જવા દઉં. દુઃશાસન ! બીજાની વાતો પર ધ્યાન આપવાને બદલે દ્રૌપદી તથા પાંડવોનાં ઉપવસ્ત્રો ઉતારી લે. વાદવિવાદમાં ઘણો વખત વીતી ગયો છે. હવે વધારે વખત ખોવાનું નથી પોસાય તેવું.'

દુર્યોધનના શબ્દો સાંભળીને ભીષ્મ, દ્રોણ, વિદુર, વિકર્ણ અને બીજા 'ધિક્કાર છે, ધિક્કાર છે.' શબ્દો બોલી ઊઠ્યા.

પાંડવોએ પોતાના ઉપવસ્ત્રો ઉતારી નાખ્યાં. એ દેખીને દ્રૌપદીની વ્યથા વધી ગઈ.

દુર્યોધને આજ્ઞા કરી:

'દુઃશાસન ! ઊભો શું રહ્યો છે ? દ્રૌપદી એનું વસ્ત્ર નથી ઉતારતી તો એ વસ્ત્રને તું પોતે જ ઉતારી લે !'

દુઃશાસન દ્રૌપદીના વસ્ત્રને ખેંચવા લાગ્યો. દ્રૌપદીએ પોતાના વસ્ત્રને બંને હાથે પકડી રાખ્યું ને કહ્યું:

'અરે દુષ્ટ, આ ભરસભામાં મારા શરીર પરથી વસ્ત્ર ઉતારતાં તને શરમ નથી આવતી ?'

'શેની શરમ ?'

'મારી મર્યાદાનો નાશ કરવાની.'

'તારી મર્યાદાનો નાશ ? તું તો દાસી છે; તારે વળી મર્યાદા કેવી ? એમ કહીને દુર્યોધન જોરથી હસવા માંડ્યો ને પોતાના સાથળ પર હાથ પછાડતાં બોલ્યો:

'દ્રૌપદી ! તું વસ્ત્ર ઉતારીને વહેલી તકે મારી પાસે આવીને મારા સાથળ પર બેસી જા. તારે માટે એ જ આસન બરાબર છે.'

દ્રૌપદી પોતાની સાડીને દૃઢતાપૂર્વક પકડી રાખતાં ભારે દુઃખદ સ્વરે બોલી:

'અરે અર્જુન અને ભીમ ! મારું આટલું બધું અપમાન થઈ રહ્યું છે તોપણ તમે હજુ મૂક કેમ છો ? તમે કેમ કશું નથી બોલતાં ? હે દ્વારકાપતિ, હે સર્વાંતર્યામી કૃષ્ણ ! તમે ક્યાં છો ? તમે પણ મારી વહારે કેમ નથી આવતા ? તમે દ્વારકા જતી વખતે મને આપેલું વચન શું ભૂલી ગયા ? ભૂલી ના ગયા હો તો મને મદદ કરો. દુર્યોધન ને દુઃશાસન મારી લાજ લૂંટવાનો પ્રયત્ન કરી રહ્યા છે ત્યારે તમારા વિના મારો આધાર બીજા કોઈ જ નથી. તમે મારી પ્રાર્થના સાંભળીને મને આ ભયંકર સંકટમાંથી મુક્તિ આપો.'

એ સાંભળીને દુર્યોધન બોલ્યો:

'દ્વારકામાં દૂર બેઠેલો કૃષ્ણ કોઈ રીતે અત્યારે અહીં આવી પહોંચે તોપણ તને શી મદદ કરી શકવાનો હતો ? તારું જીવન તો હવે મારા હાથમાં આવી પડ્યું છે ને મારી દયાથી જ ટકી શકવાનું છે. દુઃશાસન ! તું વીર હોવા છતાં દ્રૌપદીના વસ્ત્રને ઉતારવામાં આટલો બધો વિલંબ કેમ કરી રહ્યો છે ? એના વસ્ત્રને વહેલી તકે ખેંચી કાઢ.'

દુઃશાસન દ્રૌપદીની સાડીને ખેંચવા લાગ્યો.

દ્રૌપદી મનોમન અત્યંત ઉત્કટતાથી, આર્ત બનીને, પ્રાર્થના કરવા લાગી. એની આંખમાંથી અશ્રુનો વરસાદ વરસવા લાગ્યો. દુઃશાસનના બળ આગળ ટકી રહેવાનું અશક્ય લાગવાથી, આખરે એણે બંને હાથ ઊંચા કર્યા ને 'કૃષ્ણ, કૃષ્ણ' ના પોકાર પાડ્યા.

એ જ વખતે એનું સર્વસમર્પણ પૂરું થયું હોય અને એનો ભક્તિભાવ પરિસીમાએ પહોંચ્યો હોય તેમ એના પરિણામરૂપ એક અસાધારણ આશ્ચર્ય થયું. એ આશ્ચર્ય સર્વે સભાજનોને જોવા મળ્યું.

દુઃશાસન પોતાની સઘળી શક્તિને કામે લગાડીને દ્રૌપદીના વસ્ત્રને ખેંચવા લાગ્યો.

દ્રૌપદીનું વસ્ત્ર ખેંચાતું ગયું, તોપણ એ વસ્ત્ર અનંત હોય તેમ પૂરું ના થયું. દ્રૌપદીએ અનેકરંગી અનેક વસ્ત્રો પહેર્યા હોય એવો એને ભાસ થયો.

જોતજોતામાં ત્યાં વસ્ત્રોનો ઢગલો થયો તોપણ દ્રૌપદીનાં વસ્ત્ર એવાં જ અકબંધ રહ્યા અને એને

વસ્ત્રવિહિન કરવાના બધા જ પ્રયત્નો નિષ્ફળ ગયા.

સમસ્ત સભા આશ્ચર્યચકિત અને દિગ્મૂઢ બની ગઈ. દુર્યોધન પણ વિસ્મય પામ્યો.

દુઃશાસન થાકી ગયો.

એણે પોતાનો પુરુષાર્થ પડતો મૂક્યો ને પરિશ્રમથી લોથપોથ થઈને બેસી જઈને જણાવ્યું:

'આ કેવું આશ્ચર્ય થયું તે મને નથી સમજાતું. દ્રૌપદીનાં વસ્ત્રોનો અંત જ નથી દેખાતો. આવું અદ્દભુત આશ્ચર્ય તો મેં મારા આજ સુધીના જીવનમાં ક્યાંય નથી જોયું.'

દ્રૌપદીની પ્રસન્નતાનો પાર ના રહ્યો. એને પોતાની ઉપર થયેલા કૃષ્ણના અનુગ્રહ બદલ અનેરો સંતોષ થયો.

દુર્યોધન બોલી ઊઠ્યો:

'દ્રૌપદી ! તારો જન્મ રાજા દ્રુપદે કરેલા યજ્ઞાનુષ્ઠાનના ફળરૂપે થયેલો તે યજ્ઞદેવે જ કદાચ તારી રક્ષા કરી હશે. હવે તને વસ્ત્રવિહીન કરવાનો વિચાર પડતો મૂકું છું. હવે તો તું મારા ખોળામાં આવીને બેસી જા એટલે મને શાંતિ વળે. તારું શરીરધારણ તો સફળ થાય જ પરંતુ સાથેસાથે મારી શોભા પણ વધી જાય.'

દ્રૌપદી રોષે ભરાઈને બોલી:

'નરાધમ ! તારી બુદ્ધિ બહેર મારી ગઈ છે એટલે તું શું બોલે છે ને ક્યાં બોલે છે તેનું ભાન તને નથી રહ્યું. મારું શરીર હશે ત્યાં સુધી તારી ઈચ્છા કદાપિ પૂરી નહિ થઈ શકે તેની ખબર તને નથી લાગતી માટે તું જ્વરનો શિકાર બન્યો હોય તેમ આવી રીતે બડબડાટ કર્યા કરે છે. આવો અપમાનજનક અનર્ગળ બડબડાટ સાંભળવા છતાં યુધિષ્ઠિર, ભીમ અને અર્જુન શાંત છે એ જોઈને મને નવાઈ લાગે છે. દુર્યોધન દ્યૂતમાં કપટ કરીને જીતી ગયો એનો અર્થ એવો થોડો જ છે કે એને મારી સાથે ફાવે તેવો વ્યવહાર કરવાનો ઈજારો મળી ગયો છે ?'

યુધિષ્ઠિર અને અર્જુન લગભગ એકીસાથે બોલી ઊઠ્યા:

'દુર્યોધન ! તારો વર્તાવ ધર્મ, નીતિ તથા લોકાચારની બધી જ મર્યાદાઓથી વિરુદ્ધ છે.'

'આ વર્તાવ તારે માટે અતિશય અમંગલ સાબિત થશે.'

દુર્યોધન અટ્ટહાસ કરતાં કહેવા માંડ્યો:

'ધર્મ, નીતિ તથા લોકાચારની મર્યાદાને તમારા કરતાં હું વધારે સારી રીતે જાણું છું.'

એ જ વખતે ભીમ ગર્જના કરતો બોલી ઊઠ્યો:

'દુર્યોધન ! તું ધર્મ, નીતિ તેમ જ લોકાચારની મર્યાદાઓને જાણવાનો દાવો કરે છે છતાં પણ દ્રૌપદી સાથેનો દુર્વ્યવહાર સમસ્ત સભાએ જોઈ લીધો છે. સભાની આગળ હું પ્રતિજ્ઞા કરું છું કે યુદ્ધમેદાનમાં હું દુરાત્મા દુઃશાસનની છાતી તોડી નાખીશ અને એના રુધિરનું પાન કરીશ તથા તેં દ્રૌપદીને જે સાથળ પર બેસવાનો સંકેત કર્યો છે તે સાથળને મારી વજ્ર જેવી મજબૂત ગદાના પ્રહારથી ભાંગી નાખીને એના રકતથી દ્રૌપદીના કેશને રંગી દઈશ ત્યારે જ મને શાંતિ વળશે.'

'અને મને પણ ત્યારે જ શાંતિ વળી શકશે.' દ્રૌપદીએ જણાવ્યું: 'ત્યાં સુધી મારી વેદના કાયમ રહેશે ને મને ચેન નહિ પડે. દુર્યોધનને અને દુઃશાસનને એમના દુર્વ્યવહારનો દંડ મળશે ત્યારે જ મને નિરાંતની

નિદ્રા આવી શકશે. ભીમની પ્રતિજ્ઞા સાંભળીને મને આનંદ થયો છે ને ખાતરી થઈ છે કે સ્વમાની અને અપમાનનો બદલો લેનારા વીરપુરુષો સંસારમાં છે ખરા. ભીમની પ્રતિજ્ઞાએ મારામાં નવો પ્રાણ પૂર્યો છે ને નવી ચેતના અને આશાનો સંચાર કર્યો છે. સભાના સાંભળતાં હું પણ પ્રતિજ્ઞા કરું છુ કે મારા અપમાનના બદલારૂપે દુર્યોધનના સાથળને પોતાની ગદાથી તોડીને એના રક્તથી ભીમ મારા કેશને પલાળશે નહિ ત્યાં સુધી મારા કેશને આજથી આવી રીતે છૂટા જ રાખીશ.'

એ પ્રતિજ્ઞાઓ સાંભળીને આખી સભા સ્તબ્ધ બની ગઈ.

દુર્યોધન, દુઃશાસન તથા શકુનિ હસવા લાગ્યા.

દુર્યોધને કહ્યું:

'આવેશમાં આવીને પ્રતિજ્ઞા કરવી સહેલી છે પણ પાળવી કઠિન છે. મને ખાતરી છે કે ભીમની પ્રતિજ્ઞા પ્રતિજ્ઞા જ રહેવાની છે. એને એ માટે પસ્તાવું પડશે.'

'અને દ્રૌપદીને પણ એના ઉશ્કેરાટ માટે પસ્તાવું પડશે.'

દુઃશાસન બોલ્યો.

'મારે પસ્તાવું પડે તેવું કશું જ નથી થવાનું.' દ્રૌપદી બોલી: 'પરંતુ તારે જરૂર પસ્તાવું પડશે, અને દુર્યોધનને પણ.'

ભીમે જણાવ્યું:

'મારી તથા દ્રૌપદીની પ્રતિજ્ઞાને અત્યારે જ પૂરી કરી શકું તેમ છું તોપણ શાંત રહું છું. દુર્યોધન ! તારે મારા પરાક્રમની પરીક્ષા કરવી હોય તો તૈયાર છું. તું પણ દુઃશાસન, શકુનિ તથા બીજાની સાથે તૈયાર થઈ જા. તને તારા સઘળા સાથીઓ સાથે યમપુરીમાં પહોંચાડી દઉં. તને જો ત્યાં જવાની ઉતાવળ હોય તો મારે માટે પણ ખોટી ધીરજ રાખીને તને ના પહોંચાડવાનું કોઈ કારણ નથી.'

'બરાબર છે, ભીમ !' અર્જુન બોલી ઊઠ્યો: 'તારી વાત સાથે હું સંપૂર્ણપણે સંમત છુ. દુર્યોધન તથા દુઃશાસન જો મરવા જ માગતા હોય તો એમને જીવતા રાખવાનો કશો અર્થ જ નથી. એ યુદ્ધમેદાનમાં આવી જાય. આપણી શાંતિને એ આપણી નબળાઈ અથવા નામરદાઈ માની બેઠા લાગે છે.'

વાતાવરણમાં એવી રીતે એક પ્રકારની ઉષ્મા કે ઉત્તેજના આવી ગઈ ને પરિસ્થિતિ પલટાઈ ગઈ એટલે સભાજનો એકાએક અસ્વસ્થ બની ગયા.

સૌને થયું કે હવે શું થશે ? સભાભૂમિ ભયંકર યુદ્ધભૂમિમાં પલટાશે કે શું ?

સૌ એકમેક તરફ તાકી રહ્યા.

એ વખતે શાંતિ સ્થાપવાના ઉદ્દેશથી પ્રેરાઈને ભીમ અને અર્જુનને શાંત કરીને વિદુરે જણાવ્યું:

'આ સભાને સમરાંગણમાં પલટાવવાનો પ્રયાસ કરવાને બદલે આપણે શાંત રહીએ ને દ્રૌપદીએ પહેલાં પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપીએ એ જ ઉચિત છે.'

વિદુરની વાણી સાંભળીને સૌ શાંત બની ગયા.

* * *

## ૪૪. યુધિષ્ઠિર ફરી હારે છે

પરંતુ એ શાંતિ લાંબો વખત ના ટકી.

દુર્યોધને જણાવ્યું:

'દ્રૌપદીના પ્રશ્નનું મહત્વ મારે મન કશું જ નથી. એ મારી દાસી છે માટે દુઃશાસન, તું એને મારા રાજપ્રાસાદમાં લઈ જા.'

ભીમ વચ્ચે જ બોલી ઊઠ્યો:

'એને રાજપ્રાસાદમાં લઈ જતાં પહેલાં એને લઈ જનાર પોતે યમપ્રાસાદમાં પહોંચી જશે. જેની હિંમત હોય એ ભલે આગળ આવે.'

દ્રૌપદી કહેવા માંડી:

'મને સભામાં બળજબરી લઈ આવીને દુર્યોધન તથા દુઃશાસને સનાતન ધર્મનો ધ્વંસ કર્યો છે. યુધિષ્ઠિર પોતાને દાવમાં હારી ગયા હતા તો તે પછી એમને મને દાવમાં મૂકવાનો શો અધિકાર હતો ?'

ભીમ બોલ્યો:

'એ પ્રશ્નને હમણાં બાજુએ રહેવા દે. એનો ઉત્તર કોઈયે નહિ આપે. દુર્યોધન બળ વિના બીજા કશાથી નહિ માને. યુધિષ્ઠિરની આજ્ઞા હોય તો એને હમણાં જ રગદોળી નાખું. એ તારું જે રીતે અપમાન કરે છે તે મારાથી નથી જોઈ શકતું.'

વિદુરે કહ્યું:

'દુર્યોધને પોતાના દુર્વ્યવહારથી પરિસ્થિતિને કફોડી કરી મૂકી છે. આજનો પ્રસંગ એને માટે ભારે અનર્થકારક છે. દુર્યોધન ! તારી દ્યૂતક્રીડા ભારે અન્યાયયુક્ત હતી. અને એથીય અધિક અમંગલ અને અન્યાયયુક્ત તારો દ્રૌપદી સાથેનો વ્યવહાર છે. તું હજુ પણ ચેતી જાય તો સારું છે નહિ તો પરિણામ તારા ને સમસ્ત કુરુવંશના વિનાશમાં આવશે.'

ભીષ્મે પણ એને સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું:

'દ્રૌપદી સાથેનો આવો દુર્વ્યવહાર તારે માટે જરાય શોભાસ્પદ અને ગૌરવરૂપ નથી લાગતો, એ દુર્વ્યવહાર કુટુંબની કીર્તિનો નાશ કરનારો છે. ધૃતરાષ્ટ્ર ! તમે મૂક બનીને બેસી રહેવાને બદલે દુર્યોધનના વર્તનનો વિરોધ નહિ કરો તો એ તમને અને આપણને સૌને મુસીબતમાં મૂકી દેશે.'

એ જ વખતે સભાસ્થળની બહારથી શિયાળોના અવાજ આવવા લાગ્યા તથા ગધેડાં ભૂકવા માંડ્યા.

ધૃતરાષ્ટ્રના મનમાં એથી ભય પેદા થયો.

એમણે કહ્યું:

'દુર્યોધન ! આ બધાં અપશુકન જોઈને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. તેં દ્યૂત રમવાનો આરંભ કર્યો ત્યારથી જ અનર્થોની પરંપરા ચાલુ થઈ ગઈ છે. તું હજુ પણ સમજી જાય તો સારું છે. દ્રૌપદી ! સભામાં તારું જે અપમાન થયું છે તેને લીધે મને ભયંકર દુઃખ થઈ રહ્યું છે. મારું અંતર એનો અફસોસ કરે છે. તું પરમ પવિત્ર તેમ જ પતિવ્રતા હોવાથી મને તારે માટે એક પ્રકારની ઊંડી અનુકંપા થઈ આવે છે. તારે અત્યાર

સુધી જે કષ્ટ ભોગવવું પડ્યું તેનો કોઈ જ ઉપાય નથી પરંતુ હવે તને વધારે કષ્ટ ના પડે તે જરૂરી છે. એ ઉપરાંત કૌરવો અને પાંડવોમાં વધારે વિરોધ ના થાય એ પણ એટલું જ આવશ્યક છે. માટે તું હવે જે ઈચ્છા હોય તે માગી લે.'

દુર્યોધન શાંત રહ્યો એટલે દ્રૌપદી બોલી:

'આ સભામાં તમારા સૌની હાજરીમાં મારું જે અસહ્ય અપમાન થયું છે તેને મારાથી કદી પણ નહિ ભૂલી શકાય. છતાં પણ તમે મોડા મોડા પણ મારે માટે સહાનુભૂતિ બતાવો છો એ જોઈને મને સંતોષ થાય છે. મારી ઈચ્છા એટલી જ છે કે યુધિષ્ઠિર એમના બધા જ ભાઈઓ તથા મારી સાથે દાસત્વમાંથી છૂટી જાય.'

ધૃતરાષ્ટ્રે એની માગણી મંજૂર રાખીને કહ્યું:

'ધર્મની મર્યાદાને અનુલક્ષીને દુર્યોધનને તને દાસી બનાવવાનો કોઈ અધિકાર નથી એટલે તું તો મુક્ત જ છે પરંતુ યુધિષ્ઠિરને એમના બીજા ભાઈઓ સાથે અત્યારથી જ મુક્ત કરું છું. એ ઉપરાંત બીજું કાંઈ માંગવું હોય તોપણ રાજીખુશીથી માંગી લે.'

'એ સિવાય બીજું કશું નથી માંગવું. પાંડવો દાસત્વમાંથી મુક્ત થયા છે એટલે પોતાની ઉન્નતિ પોતાની મેળે જ કરી લેશે. મને એમની સદ્દબુદ્ધિ તથા શક્તિમાં વિશ્વાસ છે.'

'દ્રૌપદી ! તને ધન્યવાદ ઘટે છે. તારી પ્રેરણાથી પાંડવો જરૂર ઉન્નતિ કરશે. તેં તો બીજું કાંઈ ના માગ્યું પણ યુધિષ્ઠિરને એમનું ધન, ઐશ્વર્ય ને રાજ્ય પાછું આપું છું. યુધિષ્ઠિર ! તમે ધન, ઐશ્વર્ય અને રાજ્યનો ઉપભોગ કરો. તમારું સર્વપ્રકારે મંગલ થાય એવી મારી આકાંક્ષા છે. દુર્યોધનનાં વેર, વિરોધ કે દુર્વ્યવહારને ક્ષમા કરીને તમે ઈન્દ્રપ્રસ્થમાં જઈને શાંતિપૂર્વક વાસ કરો.'

સભામાં એકઠા થયેલા બીજા બધાને ધૃતરાષ્ટ્રના એ શબ્દો સાંભળીને આનંદ થયો, પરંતુ દુર્યોધન, દુઃશાસન અને શકુનિને એ શબ્દો જરા પણ ના ગમ્યા.

દુર્યોધને એમનો વિરોધ કરતાં કહ્યું:

'યુધિષ્ઠિર દ્યૂતમાં હારી ગયા હોવાથી હું એમને એમની સંપત્તિ સાથે પાછા જવાની અનુમતિ નહિ આપી શકું. તમારા શબ્દો મને જરા પણ નથી ગમતા.'

'એ એકદમ અન્યાયી છે.' દુઃશાસન બોલ્યો.

'તમે તો મારા પુરુષાર્થ પર પાણી ફેરવી વાળવા માગો છો.' શકુનિએ જણાવ્યું: 'મેં મારી બુદ્ધિનો પૂરેપૂરો ઉપયોગ કરીને યુધિષ્ઠિરને હરાવ્યા તથા દુર્યોધનને અપાર સુખોપભોગનો સ્વામી બનાવ્યો એ ઘટના હજુ તો તાજી જ છે ત્યાં જ તમે એને નિષ્ફળ કરવા માગો છો.'

ધૃતરાષ્ટ્ર, ભીષ્મ તથા દ્રોણે દુર્યોધનને સારી પેઠે સમજાવ્યો તોપણ એ ના માન્યો ને બોલ્યો:

'યુધિષ્ઠિરને એમના ભાઈઓ તથા દ્રૌપદી સાથે દાસત્વમાંથી મુક્ત કરું છું અને એમનું રાજ્ય પણ પાછું આપું છું પરંતુ એની સાથેની મારી શરત એટલી જ છે કે એ એકવાર ફરીથી દ્યૂત રમે. એ દ્યૂતમાં જે હારી જાય તે બાર વરસ સુધી વનમાં વાસ કરે ને તેરમું વરસ અજ્ઞાતવાસમાં વિતાવે, જો અજ્ઞાતવાસ દરમિયાન એમની માહિતી મળી જાય તો બાર વરસ સુધી ફરીવાર વનમાં વાસ કરે. વનવાસનો વખત પૂરો થયા પછી પોતાના રાજ્યને લઈ લે. જો યુધિષ્ઠિર હારે તો દ્રૌપદી તથા એમના બીજા ભાઈઓ સાથે વનમાં

જાય.'

દુર્યોધનના શબ્દો સાંભળીને શકુનિની પ્રસન્નતાનો પાર ના રહ્યો.

એ પોતાની મૂછ પર હાથ ફેરવતાં કહેવા માંડ્યો:

'દુર્યોધન જે કહે છે તે બરાબર જ કહી રહ્યો છે. એની વાત તદ્દન નિષ્કપટ અને ન્યાયી છે. એની પાછળ સદ્દબુદ્ધિની ભાવના તથા તટસ્થતા ભરેલી છે. એની એક મહત્વની વિશેષતા એ છે કે એ દ્વારા યુધિષ્ઠિરને પોતાના ભાગ્યને અજમાવવાનો એક અધિક અવસર મળી રહે છે. પોતાના ભાગ્યને અજમાવીને આ વખત એ જીતી શકે તો ઘણું સારું રહેશે. મારા જેવો ને જેટલો આનંદ બીજા કોઈને નહિ થાય.'

દુઃશાસને એ બંનેના પ્રસ્તાવનું સમર્થન કર્યું.

ભીષ્મ તથા વિદુરને દુર્યોધનનો એ નવો પ્રસ્તાવ જરા પણ પસંદ ના પડ્યો. એમણે શાંતિપૂર્વક જણાવ્યું:

'દુર્યોધનનો આ પ્રસ્તાવ પણ અતિશય અમંગલ, અનર્થકારક અને પરસ્પરના વૈમનસ્યને વધારનારો છે. એથી કોઈનુંય કલ્યાણ નહિ થાય.'

'દુર્યોધન હજુ આવી વાતને વળગી રહ્યો છે એ દુઃખદ છે. એને દ્યૂત વિના બીજું કશું સૂઝતું જ નથી લાગતું. દુર્યોધન ! આટલા અનુભવ પછી તું દ્યૂત રમવાનો વિચાર પડતો મૂકે એમાં જ તારું ને બીજા બધાનું કલ્યાણ રહેલું છે.'

દુર્યોધન બોલ્યો:

'મારું કલ્યાણ શેમાં રહેલું છે તે હું વધારે સારી રીતે સમજી શકું છું. હું કાંઈ મૂર્ખ નથી કે એનાં સંબંધી મને સમજાવવું પડે.'

'તું તને ડાહ્યો કે સમજદાર માને છે પણ પ્રવૃત્તિ તો મૂર્ખ, અવિવેકી કે અજ્ઞાની જેવી કરે છે.'

'બિલકુલ નહિ. મારી પ્રત્યેક પ્રવૃત્તિ તો વિવેકયુક્ત છે.'

'તે તો તું કહે છે ને ? એને જોનારા નથી કહેતા.'

'અમે તો કહીએ જ છીએ.' દુઃશાસન અને શકુનિ લગભગ એકીસાથે બોલી ઊઠ્યા.

'તમે બંને દુર્યોધનને ખોટો ઉત્સાહ આપી રહ્યા છો.'

'ખોટો ઉત્સાહ નથી આપી રહ્યા.' ભીષ્મના શબ્દો સાંભળીને એમનો વિરોધ કરતાં દુર્યોધન બોલ્યો: 'એ મારા સાચા અને મોટામાં મોટા હિતેચ્છુ હોવાથી મારા શ્રેયની સાચી વાત કહી રહ્યા છે.'

વિદુરે કહ્યું:

'દુઃશાસન તથા શકુનિને તું તારા સાચા અને મોટામાં મોટા હિતેચ્છું માને છે પણ એ તારું સહેજ પણ હિત નથી કરી રહ્યા. તારું હિત કરવાને બદલે એ તારા પતનનો ખાડો ખોદી રહ્યા છે અને તને એની તરફ ધકેલી રહ્યા છે પણ ખરા. ફક્ત અજ્ઞાન અને મોહને લીધે તને એની ખબર નથી એટલું જ.'

'તમારી દલીલ મને વાહિયાત લાગે છે ને મારે ગળે નથી ઊતરી શકતી. મને મારા હિતેચ્છુઓનું સમર્થન તો પ્રાપ્ત છે જ પરંતુ સાથે સાથે મારો અંતરાત્મા, મારા દિલમાં બેઠેલો દેવ, પણ મને એવી જ પ્રેરણા કે સૂચના આપી રહ્યો છે. એની પ્રેરણા પ્રમાણે જ મારી પ્રત્યેક પ્રવૃત્તિ ચાલી રહી છે. એ દેવ પણ

મારી તરફેણમાં છે.'

'એ તારો ભ્રમ છે, દુર્યોધન !' ભીષ્મ જરા ઉચ્ચ સ્વરે બોલી ઊઠ્યા: 'તને તારી વૃત્તિની પ્રેરણા આપનારને તું દેવ માને છે પરંતુ એ દેવ નથી, દાનવ છે.'

'કોણે કહ્યું ?'

'મે કહ્યું ને બધા બુદ્ધિમાનો પણ એવું જ કહેશે.'

'એનું કારણ ?'

'માનવના દિલમાં દેવતત્વ અને દાનવતત્વ બંને તત્વો બેઠાં હોય છે. દેવતત્વ એને દૈવી, નીતિયુક્ત, ન્યાયી, ધર્મસંગત અને શુભ પ્રેરણા પૂરી પાડે છે જ્યારે દાનવતત્વની પ્રેરણા આસુરી, અમંગલ, અન્યાયી, અનર્થકારક, અધર્મમય અથવા અશુભ હોય છે. માનવની વાણી પરથી નહિ પરંતુ પ્રવૃત્તિ પરથી નક્કી કરી શકાય છે કે એની પાછળની પ્રેરણા કોની છે - દેવની કે દાનવની ? જો તારી પાછળ દેવની પ્રેરણા હોત તો વ્યવહાર વિશદ, વેરરહિત, ઉદાર અને પ્રેમયુક્ત હોત. તારા દિલમાં બેઠેલો દેવ તો દબાઈ ગયો છે. એનો અવાજ તું નથી સાંભળી શકતો. એને બદલે તારા દિલમાં દાનવનું વર્ચસ્વ વધી ગયું છે. એ જ તને પ્રેરે છે, અને તારા જીવનની ગતિવિધિ એના જ પથપ્રદર્શન પ્રમાણે ચાલી રહી છે.'

'તમારું એ સ્પષ્ટીકરણ જરા પણ યોગ્ય નથી લાગતું.' દુર્યોધન બોલી ઊઠ્યો : 'મારી બુદ્ધિ ઠીક દિશામાં બરાબર કામ કરી રહી છે અને એને પ્રેરણા આપનાર શક્તિ પણ દેવની જ છે, એ સંબંધી મને સહેજ પણ શંકા નથી.'

'તારી એ સમજ તદ્દન ખોટી છે અને એની પ્રતીતિ તને આજે નહિ તો ભવિષ્યમાં સહેલાઈથી થઈ રહેશે.'

'મારી એ સમજની યથાર્થતાની પ્રતીતિ મને અત્યારથી જ થઈ ચૂકેલી છે એટલે એની પ્રતીતિ ભવિષ્યમાં થવાનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો. તમને પાંડવો પ્રત્યે પક્ષપાત છે માટે જ તમે આવા શબ્દો બોલી રહ્યા છો.'

'પક્ષપાત તો તારા પ્રત્યે પણ છે. તારું હિત ચાહું છું. માટે જ તને તારા અનર્થકારક કુકર્મમાંથી પાછો વાળવાનો પ્રયત્ન કરું છું.'

'એ પ્રયત્ન નિરર્થક છે માટે રહેવા દો.'

દુર્યોધનની દુર્બુદ્ધિ જોઈને ભીષ્મ શાંત રહ્યા.

ધૃતરાષ્ટ્રે પણ એને સમજાવી જોયો પણ એ ના સમજ્યો ને બોલ્યો:

'હું તમારી વાતને માનું તો તમારે મારી વાત પણ માનવી જોઈએ. પાંડવો પર મારો અધિકાર છે એટલે મારી વાતની અવજ્ઞા ના કરી શકાય. યુધિષ્ઠિર જો ફરીવાર દ્યૂત રમવા તૈયાર ના થતા હોય તો મારા હાથે એ પહેલીવારના દ્યૂતમાં સર્વકાંઈ હારેલા છે તેમ હારેલા જ રહેશે. એમને એમનું હારેલું રાજ્ય અને ઐશ્વર્ય તમારી સૂચનાનુસાર મારાથી પાછું નહિ આપી શકાય. દ્રૌપદી પર પણ મારો અધિકાર કાયમ રહેશે.'

યુધિષ્ઠિર ભારે મનોમંથન પછી બોલ્યા:

'દુર્યોધનને દ્યૂત રમવાની ઈચ્છા જ હોય અને એ કોઈનું માનતો જ ના હોય તો એની શરતે હું દ્યૂત

રમવા તૈયાર છું. મને એની શરત ગમતી તો નથી તોપણ એ બીજી રીતે માનતો જ ના હોય તો બીજો રસ્તોય નથી રહેતો. એની સાથેનો વિરોધ વધારીને વધારે કડવાશ નથી કરવી.'

ભીમ અને અર્જુને દ્યૂતક્રીડા માટેની પોતાની નાપસંદગી બતાવી ત્યારે દુર્યોધને કહ્યું:

'તમે મારાથી જિતાઈ ચૂક્યા હોવાથી મારી ઈચ્છાને અધીન છો. યુધિષ્ઠિરને દ્યૂતક્રીડા ના કરવી હોય તો ના કહી દે અને મારું દાસત્વ સ્વીકારે.'

કર્ણે કહ્યું:

'દુર્યોધન ! યુધિષ્ઠિર તારાથી એકવાર તો પરાજિત થઈ જ ચૂક્યા છે માટે તું બીજી વાર દ્યૂત ના રમે તોપણ કશી જ હરકત નથી. ધૃતરાષ્ટ્ર, ભીષ્મ અને વિદુર જેવાના વિરોધની ઉપરવટ જઈને કરાયલી દ્યૂતક્રીડા કોઈ રીતે કલ્યાણકારક નહિ થાય. માટે મારી સલાહ તો એવી છે કે તું દ્યૂતનો ફરીવાર વિચાર છોડી દે.'

'કર્ણ ! તું મારો ઘનિષ્ઠ મિત્ર છે અને તારા પ્રત્યે મને પુષ્કળ પ્રેમ અને આદરભાવ છે છતાં પણ આ સંબંધમાં તારી સલાહ મારે ગળે નથી ઊતરી શકતી. દ્યૂતક્રીડા સદા કલ્યાણકારી જ હોય છે. યુધિષ્ઠિર મારાથી પરાજિત થઈ ચૂક્યા છે એ સાચું પરંતુ બીજી વારની દ્યૂતક્રીડા દ્વારા હું એમને વિજેતા બનવાનો અવસર આપું છું એટલે એ ક્રીડામાં કશું જ ખોટું નથી.'

દુર્યોધન તરફથી રમવા બેઠેલો શકુનિ બોલી ઊઠ્યો:

'યુધિષ્ઠિર ! વધારે ચર્ચાવિચારણા કરવાનું માંડી વાળીને હવે આવો આપણે ભાગ્યને અજમાવવા માટે પાસા ફેંકીએ. વીર પુરુષો સંકટમાંથી મુક્તિ મેળવવા બીજાની ઉપર દબાણ નથી લાવતા. બીજાને અનુનયવિનય નથી કરતા, પરંતુ પોતાની વીરતા તથા બુદ્ધિબળનો ઉપયોગ કરે છે. તમે તો વીર છો અને તમારા ભાઈઓ પણ વીરતામાં કોઈ રીતે પાછળ પડે તેવા નથી માટે દ્યૂતક્રીડામાં તમારી વીરતાનું પ્રદર્શન કરીને વિજયી થવા માટે તૈયાર થાઓ.'

દુઃશાસને કહ્યું:

'મારા મામા જે કહી રહ્યા છે તે તદ્દન તટસ્થપણે અને સાચું કહી રહ્યા છે. કાં તો દ્યૂત રમો કે પછી પહેલાંના પરાજયનો સ્વીકાર કરો. એ સિવાયનો કોઈ ત્રીજો રસ્તો તમારે માટે નથી રહેતો.'

યુધિષ્ઠિર ખૂબ જ સમજુ હોવા છતાં એમની બુદ્ધિની આગળ કોણ જાણે કેવુંક આવરણ ફરી વળ્યું કે એ દુર્યોધન સાથે દ્યૂત રમવા તૈયાર થયા.

એમના જીવનની એ અતિશય નાજુક પરિવર્તનકારી પળ થઈ પડી.

ધર્મની મર્યાદા પાળનાર તરીકે સુપ્રસિદ્ધ હોવા છતાં એ મર્યાદાનું ઉલ્લંઘન કરવાનું સાહસ એમનાથી એકાએક જ થઈ ગયું.

એ સાહસ એમને માટે અત્યંત અનર્થકારક થઈ પડશે એનો ખ્યાલ એમને ના રહ્યો.

એમની બુદ્ધિ અણીને વખતે જાણે કે જડ જેવી બની ગઈ.

પોતાના હિતાહિતનો વિચાર એ ભૂલી ગયા.

શાણા કે સમજદાર મનાતા માનવોના સંબંધમાં એવું નથી બનતું ? કેટલીકવાર સંજોગોને લીધે કે

કોઈક બીજા કારણથી એમની બુદ્ધિ એવી તો ભ્રમિત કે કુંઠિત થઈ જાય છે કે એ વખતે એ ના કરવાનું કરી બેસે છે ને કરવાનું નથી કરતા. માનવમનની એવી નિર્બળતાનું દર્શન દુનિયામાં ઠેકઠેકાણે થતું હોય છે.

યુધિષ્ઠિરના સંબંધમાં પણ એવું જ બન્યું.

એકવાર રમાયલા દ્યૂતમાં એમને પરાજય મળ્યો. ધૃતરાષ્ટ્રના અનુગ્રહને લીધે એ પરાજય મટી ગયો તોપણ એ દ્યૂતમાંથી પાછા ના વળ્યા. ભાવિના અમંગલની કલ્પના ના કરી શક્યા. એ એમનું અને પાંડવોનું દુર્ભાગ્ય નહિ તો બીજું શું ?

એમને દ્યૂત માટે તત્પર જોઈને શકુનિને શાંતિ થઈ.

એણે ચતુરતાપૂર્વક પાસા ફેંક્યા.

સૌની આંખ દ્યૂતનું પરિણામ જોવા માટે ઉત્સુક બની.

યુધિષ્ઠિર પણ ઉત્સુક બન્યા.

પરંતુ બીજી જ પળે એ ઉત્સુકતા શમી ગઈ.

શકુનિ ઉલ્લાસઘેલો બનીને બોલી ઊઠ્યો:

'યુધિષ્ઠિર ! આ વખતે પણ તમે હારી ગયા. પાસા મારી તરફેણમાં પડ્યા.'

'હું હારી ગયો ?'

'હા.' દુર્યોધન મદોન્મત્ત સ્વરે કહેવા માંડ્યો: 'દ્યૂત રમવામાં તમે અતિશય કુશળ છો તોપણ હારી ગયા.'

'મામા શકુનિનું કૌશલ તમારા કૌશલ કરતાં ચઢી ગયું.' દુઃશાસને ઉદ્દગાર કાઢ્યા.

યુધિષ્ઠિરને વિચારમાં પડેલા જોઈને દુર્યોધન બોલ્યો:

'હવે વિચાર કરવા જેવું કશું જ નથી. પરિણામ સાફ છે. તમે હારી ગયા છો એ સૌ કોઈ જોઈ શકે છે. એટલે આપણી શરત મુજબ તમારે તમારા ભાઈઓ તથા દ્રૌપદી સાથે બાર વરસ માટે વનમાં જવાનું જ શેષ રહે છે. એની તૈયારી કરવા માંડો એ જ બરાબર છે.'

'હા. હવે તમારે વનમાં જવાની તૈયારી કરવી જોઈએ. તમે નીતિ તથા ધર્મની મર્યાદામાં રહીને ચાલવા માટે પ્રખ્યાત હોવાથી એ બાબતમાં ખોટી આનાકાની નહિ કરો એવો વિશ્વાસ અમને સૌને છે.'

દુર્યોધન અને દુઃશાસનના શબ્દો સાંભળીને યુધિષ્ઠિર, એમના ભાઈઓ તથા દ્રૌપદી અવાક્ બની ગયાં. એમની ઉપર જાણે કે વીજળી પડી.

* * *

## ૪૫. મનોમંથન

યુધિષ્ઠિરની દશા ખૂબ જ કફોડી બની ગઈ.

એમના મુખ પરનો ઉલ્લાસ ઊડી ગયો.

એમનું દિલ દુઃખી બની ગયું.

સુખ અને દુઃખની સંમિશ્રિત સૃષ્ટિ સામાન્ય કે અસામાન્ય માનવના જીવનમાં કોણ કરે છે ? એ વિરોધાભાસી સૃષ્ટિ શું એની ઉપર કોઈના તરફથી એને ગફલતમાં રાખીને પરાણે લાદવામાં આવે છે ? એ કોઈકવાર કે મોટેભાગે અજ્ઞાત હોય તોપણ એ સૃષ્ટિ એનાં દૃષ્ટ-અદૃષ્ટ કર્મોના પરિણામે જ આવી મળી હોય છે. એના પૂર્વાપર સંબંધને એ યથાર્થ રીતે ના સમજી શકતો હોય તોપણ એ તદ્દન સંબંધરહિત તો નથી જ હોતી.

યુધિષ્ઠિરના સંબંધમાં પણ એ હકીકત સાચી હતી. એને એ સારી પેઠે સમજી શક્યા. એ સમજે એમને વધારે વ્યથિત કરી દીધા.

ભીમ, અર્જુન, સહદેવ, નકુલ, દ્રૌપદી અને બીજાનાં મુખમંડળ પણ મ્લાન તેમ જ ગમગીન બની ગયા.

એ જોઈને દુર્યોધન બોલ્યો:

'જે કાંઈ થયું છે તે ધર્મની મર્યાદામાં રહીને જ થયેલું છે. માટે એનો શોક કરવો નકામો છે. શોક કરવાથી કાંઈ વળે તેમ પણ નથી. સમજુ માણસો શોક નથી કરતા પરંતુ વચન પાળે છે. વચનને માટે ગમે તેવો નાનો કે મોટો ભોગ આપે છે. ને કર્તવ્યપાલનમાં પ્રમાદી નથી બનતા. હવે તો દ્યૂતમાં મળેલા બીજીવારના પરાજયથી દુઃખી કે શોકિત બનવાને બદલે તમારે તમારા વચન પ્રમાણે વનમાં જવાની તૈયારી કરવી જોઈએ.'

યુધિષ્ઠિરે પોતાની જાત સંભાળી લેવાનો પ્રયત્ન કરતાં કહેવા માંડ્યું:

'દ્યૂતમાં પરાજય થયો હોવાથી આપણી શરત પ્રમાણે હું વનમાં જઈશ પરંતુ મારે લીધે મારા ભાઈઓને અને દ્રૌપદીને પણ વનમાં જવું પડશે એ જાણીને મને દુઃખ થાય છે. દ્યૂત રમતી વખતે મેં એનો વિચાર કરીને મારા મનને દ્યૂતમાંથી પાછું ના વાળ્યું. એ ખરેખર ખોટું થયું. છતાં પણ હવે એનો કોઈ ઉપાય નથી. મારે આપણી શરત પ્રમાણે ચાલવું જ પડશે.'

યુધિષ્ઠિરના શબ્દો સાંભળીને ધૃતરાષ્ટ્રનું દિલ જરા દ્રવી ગયું. એમણે દુર્યોધનને વ્યથાસભર સ્વરે પૂછ્યું:

'દુર્યોધન ! પાંડવો દ્રૌપદી સાથે વનમાં જશે એથી તને શો લાભ થશે ? તારી શરત પાછી ખેંચી લે તો ?'

'લાભ ? દુર્યોધને સામેથી પૂછ્યું: 'લાભ કે નુકશાનની વાત જ અહીં ક્યાં છે ? આ તો રમતનું પરિણામ છે. એમાં હવે તિલમાત્ર પણ ફેરફાર નહિ થઈ શકે. તમે એમાં નકામો હસ્તક્ષેપ કરી રહ્યા છો. પહેલીવારના તમારા હસ્તક્ષેપને લીધે મેં યુધિષ્ઠિરને પરાજયમાંથી મુક્તિ આપી ને બીજીવાર દ્યૂતક્રીડા

કરવાનો નિર્ણય કર્યો. એથી ઉત્સાહિત થઈને તમે બીજીવાર પણ હસ્તક્ષેપ કરવા તૈયાર થયા છો એમ લાગે છે. પરંતુ તમારો આ વખતનો હસ્તક્ષેપ કોઈ હિસાબે સફળ નહિ થઈ શકે. અમે જે શરત કરેલી તેને વળગી રહેવાનું ને તે પ્રમાણે ચાલવાનું છે. એમાં જરા પણ બાંધછોડ નહિ થઈ શકે.'

ભીષ્મ, દ્રોણ તથા વિદુરે પણ દુર્યોધનને સમજાવી જોવાનો પ્રયાસ કરી જોયો પણ દુર્યોધન ના માન્યો ત્યારે ભીષ્મે કહ્યું:

'દુર્યોધન ! તારા જન્મ વખતે જે ભયંકર અપશુકન થયેલા તે યથાર્થ ઠર્યા છે. તારા જીવનની અત્યાર સુધીની ઘટનાઓ એની સાક્ષી પૂરે છે. છેલ્લેછેલ્લે શકુનિના સહયોગથી કરેલી આ દ્યૂતક્રીડા દ્વારા તો તેં આપણા કુળમાં ભયંકર કુસંપ, વિદ્વેષ અને અશાંતિનાં બી વાવ્યાં છે. હજુ પણ કશુંક સમજે તો સારું છે.'

'હું તો સમજીને જ બેઠેલો છું. મારી નાનીમોટી પ્રત્યેક પ્રવૃત્તિ ઊંડી અને સાચી સમજપૂર્વક જ થયેલી હોય છે. સમજવાનું તો હવે તમારે અને યુધિષ્ઠિરે છે. એ નહિ સમજે ને સમજીને તે પ્રમાણે નહિ વર્તે તો કુસંપ, વિદ્વેષ અને અશાંતિ થશે. એનાં બીજ એ જ વાવી રહ્યા છે અને તમે એમને સાથ આપી રહ્યા છો. પ્રતિજ્ઞાના પાલનને માટે તમે કુરુકુળમાં વિખ્યાત છો. એટલે તમારે તો યુધિષ્ઠિરને એમના ભાઈઓ તથા દ્રોપદી સાથે વનમાં જવા માટે ઉત્સાહિત કરવા જોઈએ. એને બદલે તમે તો મારા પુરુષાર્થ પર ઠંડુ પાણી રેડી રહ્યા છો.'

વિદુરે કહ્યું:

'ભીષ્મ તારા પુરુષાર્થ પર ઠંડુ પાણી નથી રેડી રહ્યા પરંતુ સાચું કહી રહ્યા છે. તારા ખોટે માર્ગે વળી ગયેલા ઉત્સાહ તેમ જ પુરુષાર્થને સરખો કરવાનો સંદેશ આપી રહ્યા છે.'

'પરંતુ મારે એ સંદેશ નથી સાંભળવો.'

'તો પછી તારી મરજી.' દ્રોણ બોલી ઊઠ્યા: 'પરંતુ યાદ રાખજે કે, એનું જે દુષ્પરિણામ આવશે એની બધી જ જવાબદારી તારે માથે રહેશે.'

'ભલે રહેતી. હું એવા દુષ્પરિણામથી નથી ડરતો. કોઈ દુષ્પરિણામ આવશે તો તેની જવાબદારી મારી નહિ હોય પણ યુધિષ્ઠિરની હશે. દ્યૂતમાં જો મારો પરાજય થયો હોત તો તમે બધા મારી પડખે ઊભા રહીને મારો પક્ષ ખેંચત ખરા ? એ વખતે તો તમે મૂંગા રહેત કે મને મારા કર્તવ્યનો ઉપદેશ આપત. એ દશામાં હું નિર્બળ કે કાયરની પેઠે તમારી સહાનુભૂતિની યાચના પણ ના કરત. હું તો વનમાં જવાની તૈયારી કરીને ઉત્તમ પ્રકારનો સુંદર દાખલો બેસાડત.'

એમ કહીને દુર્યોધન હસવા માંડ્યો ને બોલ્યો:

'કર્ણ ! તું જ કહે કે મારું વર્તન ન્યાયયુક્ત છે કે નહિ ?'

'ન્યાયયુક્ત તો છે જ છતાં પણ એમની ઉપર પુનર્વિચાર કરવો હોય તો કશું જ ખોટું નથી.'

'એવો ખોટો પુનર્વિચાર મારાથી નહિ થઈ શકે. મારા વર્તનને તેં ન્યાયયુક્ત કહ્યું એટલે થયું. મને મોટું બળ મળી ગયું. યુધિષ્ઠિર વનમાં જાય એ માટે હું મક્કમ છું. હા, એમને એમની તૈયારી માટે એક અઠવાડિયાનો સમય આપું છું. એ દરમિયાન આવતા સોમવારે એમણે વનમાં જવું જ પડશે. એમના પ્રત્યે મારાથી એથી વિશેષ સહાનુભૂતિ નહિ બતાવી શકાય. છતાં પણ એ એમના ભાઈઓ અને દ્રૌપદી સાથે મને

પગે લાગે ને મારી માફી માગીને યાચના કરે તો હું કાંઈક વિચારું ખરો. બાર વરસનો વનવાસ તો એવો જ રહે પરંતુ એથી આગળનો વિચાર કરી શકું.'

એ સાંભળીને ભીમ ક્રોધે ભરાઈ ને બોલ્યો:

'દુર્યોધન ! તું દ્યૂતમાં શકુનિ દ્વારા કપટ કરીને જીત્યો છે એનો અર્થ એવો નથી કે અમારું ફાવે તેવું અપમાન કરે. અમે તારી માફી શા માટે માગીએ અને તને પગે શા માટે પડીએ ? અમે એકે અપરાધ નથી કર્યો. અપરાધ તો તેં કર્યો છે માટે માફી માગવી જ હોય તો તારે માગવી જોઈએ.'

દુર્યોધન, દુઃશાસન અને શકુનિ ખડખડાટ કરતા હસવા લાગ્યા.

એ જોઈને ભીમની ઉત્તેજના વધી ગઈ. એ બોલ્યો:

'તમારે માટે અત્યારે હસવાનો વખત છે માટે હસી લો, પરંતુ ભવિષ્યમાં તમને યુદ્ધમાં રોતાં કરીશ ને રોળી નાખીશ ત્યારે જ મને શાંતિ વળશે. દુર્યોધન ! તારા સાથળને તોડી નાખવા માટે મારા હાથ અધીર બન્યા છે છતાં પણ મારે એમને રોકવા પડે છે. તારા દુર્વ્યવહારનો બદલો હું અવસર આવતાં એકવાર જરૂર લઈશ. દુઃશાસનની છાતીને પણ મારી વજ્ર જેવી ગદાના પ્રહારથી તોડી નાખીશ. એવી સભાજનોની સમક્ષ કરેલી મારી પ્રતિજ્ઞા પૂરી કરીશ ત્યારે જ દ્રૌપદીના આત્માને પણ શાંતિ થશે. એ વિના નહિ થાય.'

દુર્યોધન તદ્દન નિશ્ચિંત બનીને બોલી ઊઠ્યો:

'તારી ભવિષ્યના યુદ્ધની ધમકીઓથી મને જરા પણ ભય નથી લાગતો. વીર પુરુષો ધમકીઓ નથી આપતા પણ કહેલું કરી બતાવે છે. તારી માતાએ સવા શેર સૂંઠ ખાધી હોય તો તારા શબ્દોને સાચા કરી બતાવજે. હું જોઈ લઈશ કે તું કેવુંક પરાક્રમ કરી શકે છે ? તારા કરતાં મારું બળ વધારે હોવાથી મારી ગદા તારા જ સાથળના ટુકડા કરી નાખશે. અને દુઃશાસન પણ તારા કરતાં કાંઈ ઓછો બળવાન તો નથી જ કે એની છાતીને એટલી સહેલાઈથી તોડી શકશે. તું એની છાતી તોડીશ એ પહેલાં એ તારી જ છાતી તોડી નાખશે. તારી ધમકીથી એનું રુંવાડુંયે નથી હાલતું.'

'મારા શબ્દોને હું સમય પર સાચા કરી બતાવીશ, અને જો તને ઉતાવળ હોય તો અત્યારે જ સાચા કરી બતાવું. આવી જા મારી સાથે યુદ્ધ કરવા.'

'અત્યારે યુદ્ધ કરવા જેટલી મૂર્ખતા શા માટે કરું ? અત્યારે તો તું વગર યુદ્ધે જ તારા ભાઈઓ અને દ્રૌપદી સાથે મારા હાથે જિતાઈ ચૂક્યો છે એટલે યુદ્ધની આવશ્યકતા જ નથી રહેતી. આ બધી ચર્ચા અને ધાકધમકી નિરર્થક છે. અત્યારે તો હવે તમે બધાં વનમા જવાની તૈયારી કરો એ જ બરાબર છે.'

અર્જુને કહ્યું:

'અમે યુધિષ્ઠિરે કરેલી શરતના પાલન માટે વનમાં જઈશું. વનનો એ વાસ અમારે માટે મંગલમય થઈ પડશે. છતાં પણ એક વાત યાદ રાખજે કે દ્રૌપદીના અપમાનનો બદલો અમે જરૂર લઈશું. અમે કદાચ બીજું બધું ભૂલી શકીશું પરંતુ એના અપમાનને કદાપિ નહિ ભૂલી શકીએ.'

દ્રૌપદી આંખમાં ઊભરાઈ આવેલાં અશ્રુને લૂછતાં બોલી:

'ભીમ અને અર્જુન મારા અપમાનનો બદલો લેશે ત્યાં સુધી મને નિરાંતની નિદ્રા નહિ આવી શકે. મારી સાથે કરવામાં આવેલા ભયંકર દુર્વ્યવહારના સ્મરણથી મારા દિલમાં સદા દાહ થયા કરશે.'

'હા, દ્રોપદી !' ભીમ બોલ્યો: 'અત્યારે સંજોગોને જોઈને હું શાંત છું. પરંતુ અવસર આવતાં દુર્યોધનને એના સાથીઓ સાથે દંડ ના દઉં તો મારું નામ ભીમ નહિ. તારી આંખમાંથી ટપકેલાં આંસુને નહિ ભૂલી શકું. દુઃશાસન તારા વસ્ત્રને ખેંચતો'તો એ વખતનું તારું દયાજનક મ્લાન મુખ અને તારા પીડાભરેલા કરુણ પોકાર મને હંમેશા યાદ રહેશે અને અશાંત કરશે. એનાં આંસુ મારી આંખ આગળ કાયમને માટે ટપક્યા કરશે ને મને મારી પ્રતિજ્ઞાને પરિપૂર્ણ કરવા માટે પ્રેરણા ધરશે. એ પ્રતિજ્ઞા પૂરી થશે ત્યારે જ મને શાંતિ વળશે.'

વિદુરે પૂછ્યું:

'દુર્યોધન ! તારા કુકર્મનું પરિણામ કેટલું બધું ક્લેશકારક અને અમંગલ આવ્યું તે તેં જોઈ લીધું ?'

દુર્યોધને ઉત્તર આપ્યો:

'મેં તો બધું જોયેલું જ છે. તમને એ પરિણામ ક્લેશકારક અને અમંગલ લાગે છે પણ મને નથી લાગતું. જે મંગલ છે તે તમને દૃષ્ટિદોષને લીધે અમંગલ લાગે છે. તમને જે મારું કુકર્મ લાગે છે તે કુકર્મ નથી પરંતુ સુકર્મ છે.'

'એ તારો દૃષ્ટિદોષ છે અને એની ભૂલ તને ભવિષ્યમાં એક દિવસ જરૂર સમજાશે. અફસોસ માત્ર એટલો જ છે કે એ વખતે ઘણું મોડું થઈ ગયું હશે. તારી ભૂલને ભૂલ સમજીને સુધારવાની તક તને આવી મળી છે. પછી એવી તક નહિ મળે.'

'તમને પાંડવો પ્રત્યે પહેલેથી જ પક્ષપાત હોવાથી તમે આવું ઢંગધડા વગરનું બોલ્યા કરો છો. બાકી મેં કોઈ ભૂલ કરી જ નથી પછી એને સુધારવાનો સવાલ જ ક્યાં રહે છે ? ભૂલ ખરી રીતે જોતાં યુધિષ્ઠિરની જ થઈ છે એટલે એમને એના ભોગ બનવું પડશે. એ નીતિને જાણે છે એટલું જ નહિ પણ નીતિમાન મનાય છે એટલે નીતિનો સર્વમાન્ય માર્ગ નહિ છોડે એની મને ખાતરી છે.'

***

દુર્યોધન સાથેના દ્યૂતમાં યુધિષ્ઠિર હારી ગયા, એને પરિણામે કૌરવોની ભરી સભામાં દ્રૌપદી સાથે ભયંકર દુર્વ્યવહાર થયો, અને પાંડવોને દ્રૌપદી સાથે વનમાં જવાનો અવસર આવી પહોંચ્યો, એ બધી હકીકત સાંભળીને કુંતીના ક્લેશનો પાર ના રહ્યો.

એનું અંતર અતિશય અશાંત બની ગયું અને આક્રંદ કરી ઊઠ્યું.

એનું મગજ શૂન્ય જેવું બની ગયું.

લાંબા વખત લગી એ આંસુ ટપકાવતી બેસી રહી ને બોલી:

'વિધિની આ કેવી વિચિત્રતા છે ? પાંડવોને હજુ કોણ જાણે કેટલાં કષ્ટો ભોગવવાનાં છે ! દુર્યોધન આદુ ખાઈને એમની પાછળ પડ્યો છે. એ એમને શાંતિથી બેસવા જ નથી દેતો. કોણ જાણે એણે શું ધાર્યું છે ! બાર વરસ સુધી વનમાં જવાની કલ્પના જ કેટલી બધી દુઃખદ છે ? યુધિષ્ઠિરને આ શું સૂઝ્યું ? એ દુર્યોધનના કહેવાથી દ્યૂત રમવા પ્રવૃત્ત જ શા માટે થયા ? અને પ્રવૃત્ત થયા તો એણે સૂચવેલી શરત પ્રમાણે શા માટે પ્રવૃત્ત થયા ? પાંડવોનો જન્મ વનમાં થયો અને હવે જ્યારે સુખસંપત્તિ ભોગવવાનો સર્વોત્તમ સ્વર્ણ સમય છે ત્યારે ભરયૌવનમાં જ એમને વનમાં જવાનું થાય છે એ કેટલું બધું ક્લેશકારક છે ?'

યુધિષ્ઠિર પોતાના ભાઈઓ તેમ જ દ્રોપદી સાથે આવીને સઘળી હકીકત કહી બતાવી ત્યારે કુંતી

ઘડીભરને માટે અવાક્ બની ગઈ ને પછી બોલી:

'તમે બધા તો વનના વાતાવરણથી થોડાઘણા ટેવાઈ જશો પરંતુ દ્રૌપદી આટલા બધા લાંબા વખત લગી વનના વિપરીત વિપત્તિજનક વાતાવરણમાં કેવી રીતે રહી શકશે ? એનો વિચાર મને ખૂબ જ દુઃખી કરી રહ્યો છે. એનું ઘોર અપમાન તો થયું જ પરંતુ એને વનમાં પણ જવું પડ્યું.'

દ્રૌપદી બોલી:

'વનમાં જવામાં મને કોઈ જાતનું દુઃખ નથી લાગતું. દુઃખ ફક્ત દુર્યોધન અને એના સાથીઓએ કરેલા દુર્વ્યવહારનું છે. એની સ્મૃતિ મારા કાળજાને કોરી રહી છે. એ દુર્વ્યવહારનો દંડ દેવા હું કૃતસંકલ્પ છું. જ્યાં સુધી એનો દંડ નહિ દેવાય ત્યાં સુધી મારાથી નિરાંતે સૂઈ નહિ શકાય. વનમાં રહીને હું પાંડવોની કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના યથાશક્તિ સેવા કરીશ. એથી મારા હૃદયને કાંઈક રાહત થશે.'

કુંતી થોડીકવાર શાંત રહીને કહેવા માંડી:

'જીવન વિચિત્રતાઓથી ભરેલું છે અને એમાં સુખ તથા દુઃખ છાયા તથા તાપની પેઠે આવ્યા કરે છે. એમને બને તેટલી શાંતિથી સહન કર્યે જ છૂટકો છે. બાર વરસ તો હમણાં જતાં રહેશે. એ પછીનું અજ્ઞાતવાસનું તેરમું વરસ પણ વીતી જશે. કાળ કોઈનીય રાહ જોયા વિના પોતાનું કામ કર્યે જશે. પરંતુ તમે બધાં વનમાં હશો ત્યારે મને તમારાથી અલગ રહેવાનું કેવી રીતે ગમશે ?'

વિદુર વચ્ચે બોલ્યા:

'તમે વનમાં જવાને બદલે હસ્તિનાપુરમાં મારી પાસે રહો તે જ બરાબર છે. હું તમને કોઈ પણ પ્રકારની તકલીફ નહિ પડવા દઉં. દ્રોપદીને તો વનમાં જવાનું જ છે એટલે એને માટે બીજો કોઈ ઉપાય નથી, પરંતુ બીજી સ્ત્રીઓ તથા સુભદ્રાને એમને પિયર મોકલી દઈશું અથવા એમની ઈચ્છા હશે તો એમને માટે અહીં જ વ્યવસ્થા કરી દઈશું.'

કુંતીનું હૈયું વ્યથાથી વલોવાઈ રહ્યું. એણે યુધિષ્ઠિરને ભારે સ્વરે કહેવા માંડ્યું:

'દ્યૂતનું દુષ્પરિણામ જોઈ લીધું ને ? દ્યૂત હંમેશા અમંગલ, અનર્થકારક અથવા વિનાશક હોય છે. મને આવી ખબર હોત તો તને ફરીવાર દ્યૂતક્રીડામાં પ્રવૃત્ત જ ના થવા દેત. હવે સંકલ્પ કર કે ભવિષ્યમાં કોઈવાર ભૂલચૂકે પણ દ્યૂત નહિ રમે.'

'હવે તો એનો કદી પણ આધાર નહિ લઉં.' યુધિષ્ઠિર બોલ્યા: 'મને એ વાતનું દુઃખ છે કે મારે લીધે મારા ભાઈઓને, દ્રોપદી જેવી પવિત્ર સન્નારીને, તમારે અને બીજાં બધાંને સોસવું પડ્યું.'

એટલામાં તો સુભદ્રા આવી પહોંચી.

અર્જુનના મ્લાન, મૂંઝવણભરેલા, મુખમંડળને નિહાળીને એણે કહેવા માંડ્યું: '

હું પણ તમારી સૌની સાથે વનમાં આવીશ. તમારા સહવાસમાં મારો સમય સહેલાઈથી ને સુખપૂર્વક પસાર થઈ જશે. તમારા વિના મને જ્યાં રહીશ ત્યાં સ્મશાનસમું સૂનું સૂનું લાગશે.'

'તોપણ તારે અહીં જ રહેવાનું છે.' અર્જુને જણાવ્યું: 'તારે અહીં રહીને માતા કુંતીની સેવા કરવાની છે. કર્તવ્યપાલનમાં પ્રમાદ નથી કરવાનો. થોડીવાર અહીં રહ્યા પછી દ્વારકા જવું હશે તો જઈ શકશે.'

સુભદ્રાની આંખ અનુરાગથી ઊભરાઈને ટપકી પડી.

એને આશ્વાસન આપતાં કુંતીએ કહ્યું:

'તું સમજુ છે માટે શાંતિ રાખ. તારું સ્થાન વનમાં નથી પણ અહીંયા છે. હા, તને અહીં ના ગમે તો દ્વારકા જઈ શકે છે. ત્યાં કદાચ તને વધારે સારું લાગશે. બાકી હવે વધારે દુઃખી ના થતી. તારી આંખમાં આંસુ જોઈને મને કાંઈનું કાંઈ થઈ જાય છે. આ નિર્દોષ અને અંતરમાંથી આવિર્ભાવ પામતાં આંસુ કૌરવકુળને માટે ખરેખર અનર્થકારક થઈ પડશે. એ નિરર્થક નહિ થાય.'

સુભદ્રા દ્રૌપદીને ઉદ્દેશીને બોલ્યા વિના ના રહી શકી:

'દ્રૌપદી ! તું સાચેસાચ ભાગ્યશાળી છે. મારા કરતાં પણ વધારે ભાગ્યશાળી.'

'કેમ ?'

'તું વનમાં રહીને સૌની સેવા કરી શકીશ ને સૌનાં સુખદુઃખની ભાગી બની શકીશ માટે. અર્જુનનો અખંડ સહવાસ મને નહિ મળે એટલું મારું સદ્દભાગ્ય ઓછું કહેવાય. યુધિષ્ઠિરે તને હોડમાં મૂકી એના કરતાં મને મૂકી હોત તો વધારે સારું થાત. પરંતુ એને માટે પણ કાંઈ જેવું તેવું ભાગ્ય નથી જોઈતું. યુધિષ્ઠિરને દ્યૂત રમવાનું અને એમાં અયોગ્ય જેવી શરતો મૂકવાનું ના સૂઝયું હોત તો આપણે કોઈને છૂટા જ ના પડવું પડત. એમને એવી દુર્બુદ્ધિ સૂઝી કે આપણા જીવનનો આખો માળો જ વીંખાઈ ગયો. હવે એનો અફસોસ કરવાથી કે એમને કે બીજા કોઈને દોષ દેવાથી શું થાય ? હવે તો જે સંકટ આવી પડ્યું છે તેને સહન કર્યે જ છૂટકો છે.'

કુંતી, દ્રૌપદી અને અર્જુને સુભદ્રાને શાંત રાખવાનો પ્રયત્ન કરી જોયો પરંતુ એ પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો.

સુભદ્રાના અનુરાગમય અંતરમાં જાગી ઊઠેલા વેદનાના વહ્નિને ઠારવાનું કામ એટલું સહેલું ન હતું.

એણે નિઃશ્વાસ નાખતાં કહ્યું:

'દુર્યોધનને પણ આવી હલકી બુદ્ધિ કેમ સૂઝી ? એણે અત્યાર સુધી પાંડવોનું ઉપરાઉપરી અહિત જ કર્યું છે એ વાતને યુધિષ્ઠિર કેમ ભૂલી ગયા ? એકવાર હારવા છતાં એ બીજીવાર દ્યૂત રમવા તૈયાર થયા અને એ પણ દુર્યોધનની રગને સમજી ના શક્યા કે પછી હાર્યો જુગારી બમણું રમે એ ન્યાયે વિજય મેળવવાની લાલસાને લીધે ફરી રમ્યા ?'

સુભદ્રાના શબ્દોને સૌ શાંતિથી સાંભળી રહ્યાં.

થોડીવાર પછી ભીમે કુંતીને કહ્યું:

'શકુનિ, દુર્યોધન તથા દુઃશાસનની ત્રિપુટી ખરેખર ખતરનાક છે. એણે ષડયંત્ર કરીને યુધિષ્ઠિરને અને આપણને મુસીબતમાં મૂકી દીધા. એનો બદલો સમય સાનુકૂળ થતાં જરૂર લઈશ ત્યારે જ મને શાંતિ વળશે. પેલા સૂતપુત્ર કર્ણે દુર્યોધનને સમજાવીને કુકર્મમાંથી પાછા વળવાની કોશિશ કરી જોઈ પરંતુ એની શિખામણ જરા પણ કામ ના લાગી.'

'કર્ણે દુર્યોધનને સમજાવવાની કોશિશ કરી જોઈ ?' કુંતીએ કુતૂહલપૂર્વક પૂછ્યું.

ભીમસેને એના કુતૂહલને સંતોષવા એ પ્રસંગનો ઊડતો ઉલ્લેખ કરી બતાવ્યો. એ સાંભળીને એનું અંતર સંવેદનશીલ બની ગયું. એ બોલી ઊઠી:

'એટલા માટે તો મેં તને એકવાર પહેલાં પણ કહેલું કે કર્ણ તું ધારે છે એટલો ખરાબ પ્રકૃતિનો નથી

જ. હવે તને પણ એવી ખાતરી થઈ એ જોઈને મને સંતોષ થાય છે.'

'છતાં પણ એ દુર્યોધનનો ખાસ મિત્ર હોવાથી કયે વખતે શું કરે તે વિશે કશું જ ના કહેવાય. વખત આવતાં એ દુર્યોધનને પડખે જ ઊભો રહેવાનો.'

'એ તો કેમ કહેવાય ?'

'તને એ સંબંધી હજુ શંકા હશે પરંતુ મને તો નથી જ. કૂતરાની પૂંછડી વાંકી તે વાંકી જ રહે છે. કોટિ ઉપાયે કદી પણ સીધી નથી થતી.'

'કર્ણની બાબતમાં એવો ઉતાવળિયો અઘટિત અભિપ્રાય ના આપી શકાય.'

'પરંતુ એના સંસ્કારો તો છેવટે સૂતપુત્રના જ છે ને ?'

'ના. એનો આત્મા ઊંચો છે. આ પ્રસંગ પરથી એની પ્રતીતિ થાય છે.'

ભીમ શાંત રહ્યો, કિન્તુ કુંતીના અંતરમાં ઉથલપુથલ થવા માંડી.

કવચકુંડળધારી કર્ણની ઓજસ્વી આકર્ષક આકૃતિ એની આંખ આગળ આવીને ઊભી રહી.

એના મનોમંથનનો પાર ના રહ્યો.

હૃદયમાં સૂતેલા ભાવો ફરી એકવાર જાગી કે સળવળી ઊઠ્યા.

એ ભાવોએ એને સુખદુઃખની મિશ્રિત લાગણી અને અનુભૂતિ પૂરી પાડી.

છેવટે મનોમંથનને કાબૂમાં કરીને, પોતાની જાતને સંભાળી લઈને, એણે જણાવ્યું:

'ભવિષ્યમાં શું થશે એનું અનુમાન અત્યારથી ના કરી શકાય. એવા અનુમાનની આવશ્યકતા પણ અત્યારે ક્યાં છે ? એ વખતે જે થશે તે જોઈ લેવાશે. અત્યારે તો તમારા બધાના પ્રયાણના પ્રશ્નને જ વિચારવાનો તથા તેને માટે જ તૈયારી કરવાની છે.'

* * *

## ૪૬. દુર્યોધનની ધૃષ્ટતા

યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવ, નકુળ તથા દ્રૌપદી વનગમન માટે તૈયાર થયાં અને કુંતીને પગે લાગ્યાં એટલે કુંતીનું હૈયું ભરાઈ આવ્યું.

સહદેવ અને નકુળના શરીરે સ્નેહ સાથે હાથ ફેરવતાં એણે કહ્યું:

'માદ્રીનું મૃત્યુ થયું ત્યારે તમે બંને કેટલા બધા નાના હતા ? એ વખતે માદ્રીએ મને તમારી સોંપવણી કરેલી. ત્યારથી તમને મારા પુત્ર બરાબર માનીને મોટા કર્યા છે. મારા બીજા પુત્રોમાં અને તમારામાં મને કોઈ જાતનો ભેદભાવ નથી લાગતો. માદ્રી ના હોવાથી તમારી ઉપર ઊલટું વધારે પ્રેમ થયા કરે છે. યુધિષ્ઠિરે બીજા બધાની સાથે તમને દ્યૂતની શરતમાં ના મૂક્યા હોત તો સારું થાત. યુધિષ્ઠિર, ભીમ, અર્જુન અને દ્રૌપદી વનમાં જાય છે એનું દુઃખ તો મને છે જ પરંતુ એમની સાથે જવા માટે તમે બંને તૈયાર થયા છો એ દેખીને મારું દુઃખ હળવું બનવાને બદલે દ્વિગુણિત બની ગયું છે.'

સહદેવે કહ્યું:

'અમે બંને તમને અમારી માતા બરાબર જ માનીએ છીએ. તમારાથી છૂટા પડવાનું ને દૂર જવાનું અમને ગમતું તો નથી જ પરંતુ બીજું થાય પણ શું ? સંજોગોને અનુસરીને ચાલ્યા વગર છૂટકો જ ક્યાં છે ?'

નકુળ બોલ્યો:

'અમે આ સંજોગો માટે યુધિષ્ઠિરને કે બીજા કોઈને કશો દોષ નથી દેતા, એમને દોષ દેવાનો વિચાર પણ અમને નથી આવતો. દ્યૂતના પરિણામરૂપે અમારે વનમાં જવાનું ના થયું હોત તોપણ અમે એમની પ્રત્યેના પ્રેમથી પ્રેરાઈને એમની સાથે વનમાં જરૂર જાત. દ્યૂતના પરિણામરૂપે અમને એક અસાધારણ સોનેરી અવસર મળ્યો છે. એ અમારા ભાઈ છે એટલે અમે એમની સાથે વનમાં રહીને એમની સ્નેહપૂર્વક સેવા કરીશું.'

દ્યૂતની શરત પ્રમાણે પાંડવોએ દ્રૌપદી સાથે પ્રયાણ કરતાં પહેલાં ભીષ્મ, ધૃતરાષ્ટ્ર, દ્રોણાચાર્ય, વિદુર તથા કૃપાચાર્યને મળી લીધું.

એ મિલન વિરહની પહેલાંનું હોવાથી ભારે કરુણ હતું.

ભીષ્મે કહ્યું:

'તમને આવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં મુકાયલાં જોઈને મારું હૃદય રડી ઊઠે છે. આ પરિસ્થિતિની કલ્પના પણ નહોતી કરી. સંજોગો એકાએક અને અતિશય દુઃખદ રીતે પલટાઈ ગયા. દ્રૌપદી જેવી પતિવ્રતા પવિત્ર સ્ત્રીને વનમાં જતી જોઈને કોનું હૈયું ના ફાટી જાય ? વિધિની આ વક્રતા મારા સમજવામાં નથી આવી શકતી.'

દ્રોણાચાર્યનું કાળજું પણ એ અદૃષ્ટપૂર્વ દૃષ્યને દેખીને કરુણ બની ગયું.

એમણે પાંડવોને આશીર્વાદ આપ્યા, જરૂરી સૂચના આપી અને અર્જુનને કહ્યું:

'તેર વરસનો લાંબો વખત ખૂબ જ સાવધાનીથી પસાર કરજે. તારી ધનુર્વિદ્યા એ વખત દરમિયાન દ્રૌપદી તથા પાંડવોની રક્ષા કરવા કામ લાગશે. તું એ કામમાં સફળ થઈશ ને વધારે ને વધારે શક્તિ

સંપાદન કરીશ.'

કૃપાચાર્ય, ધૃતરાષ્ટ્ર અને વિદુરે પણ પાંડવોને માટે શુભેચ્છા પ્રકટ કરી.

વિદુરનું દિલ સૌથી વધારે દુઃખાનુભવ કરવા લાગ્યું.

એ ગળગળા બની ગયા ને બોલ્યા:

'મારા જીવનમાં આવા દુઃખદ દિવસો જોવા મળશે એની મને સ્વપ્ને પણ કલ્પના ન હતી. છતાં પણ એ દિવસો જોઈ રહ્યો છું એ હકીકત છે.'

મોટા ભાગની પ્રજા પાંડવોના વનગમનના સમાચારથી દુઃખી થઈ, પરંતુ દુર્યોધનને માટે એ દિવસ એક મંગલમય મહોત્સવ જેવો થઈ પડ્યો.

એને, દુઃશાસનને અને શકુનિને પોતાની બાજી સફળ થવાથી અનહદ આનંદનો અનુભવ થઈ રહ્યો.

દુર્યોધને દુઃશાસનને કહ્યું પણ ખરું:

'પાંડવોનું રાજ્ય લઈ લેવાની મારી યોજના આખરે પાર પડી ખરી. તેર વરસ દરમિયાન તો હું ખૂબ જ બળવાન બની જઈશ. તેરમે વરસે પાંડવો પકડાઈ જશે તો એમને ફરી વનમાં મોકલીશ અને નહિ પકડાય તોપણ એ રાજ્ય લેવા આવે તો ખરા. ઈન્દ્રપ્રસ્થનું રાજ્ય હવે એમને મળવાનું જ નથી ને ! હું એવો મૂર્ખશિરોમણિ નથી કે હાથમાં આવેલી અમૂલખ તકને ખોઈ દઉં.'

'તારું કથન બરાબર છે.' દુઃશાસન બોલી ઊઠ્યો:

'પાંડવોને હવે હસ્તિનાપુર કે ઈન્દ્રપ્રસ્થના પ્રદેશમાં પ્રવેશવા જ નહિ દઈએ. એ તો હવે એમના જ કર્મે વિદાય થઈ રહ્યા છે તે પાછા નહિ આવી શકે.'

'જરૂર પડશે તો એમની સાથે લડી લઈશું અને એમનો નાશ કરીશું.' શકુનિ બોલ્યો: 'એ આપણી સામે કદાપિ નહિ ટકી શકે. એમના પાછા આવવાનાં સ્વપ્નાં સ્વપ્ના જ રહેવાના. એમને પાછા આવવા દઈને મારા પુરુષાર્થ પર પાણી નહિ ફેરવવા દઉં.'

દુર્યોધને શકુનિએ શાબાશી આપતાં કહ્યું:

'તમારા પુરુષાર્થ પર પાણી ફેરવીશ એવું તમને લાગે છે ખરું ? એવી કલ્પના પણ કરી શકો છો ? તમારા જેવો પુરુષાર્થ બીજા કોઈનાથી નહિ કરી શકાય. એ પુરુષાર્થને લીધે તો એક કલ્પનાતીત મહાનમાં મહાન ચમત્કાર બની ગયો અને પાંડવોને વનમાં જવું પડ્યું. એવો ચમત્કાર કરી બતાવવા માટે તમારો જેટલો આભાર માનું એટલો ઓછો છે. સૌથી વધારે આનંદ તો મને દ્રૌપદીની દુઃખી દશા દેખીને થઈ રહ્યો છે. દ્રૌપદીએ સ્વયંવરમાં પોતાની વરમાળા મને અર્પણ કરી હોત તો એની આવી દશા ના થાત. અર્જુનને વરીને એનું જીવન અતિશય દુઃખમય બની ગયું. એ વાતનો અફસોસ કરવાથી શું વળે ? એની ઈચ્છા હોય તો હજુ પણ હું એને અપનાવવા અને મારી પટરાણી બનાવવા તૈયાર છું, પણ એનો ઘમંડ હજુ પૂરેપૂરો દૂર થયો હોય એવું નથી લાગતું.'

'છતાં પણ તું એને વાત તો કરી જો.' દુઃશાસને સૂચવ્યું : 'એનું દિલ કદાચ પીડાથી પીગળ્યું હોય તો કાંઈ કહેવાય નહિ. એ તને વરવા તૈયાર થાય પણ ખરી. તારા પ્રસ્તાવની એ પ્રતીક્ષા પણ કરતી હોય.'

'જોઈશ.' કહીને દુર્યોધન ચૂપ રહ્યો ને ઊંડા વિચારમાં ડૂબી ગયો.

દ્રૌપદીની આકર્ષક આનંદમયી આકૃતિ એની આંખ આગળ તરવરવા લાગી. એ આકૃતિ એને સદાય સુખકારક ને સુંદર લાગ્યા કરતી. કામવાસનાનો કીડો એના કાળજાને કોરી ખાવા લાગ્યો.

દ્રૌપદીના દિલમાં એ વખતે દુઃખનો દાવાનલ સળગી રહેલો. એને થયું કે જીવનના એકસરખા વહી રહેલા પ્રવાહે એકાએક આ કેવો વળાંક લીધો ? યુધિષ્ઠિરને એકાએક આ શું સૂઝયું ?

તાજેતરના અનેક અવનવા પ્રસંગો એની આંખ આગળ રમવા અને એના અંતરને સંતપ્ત કરવા માંડ્યા.

બાલપણમાં પોતાના પિતા રાજા દ્રુપદને ત્યાં પોતે કેટલી બધી સુખી હતી ? સુખના એ દિવસો એક સુંદર સુમધુર સ્વપ્નની પેઠે પસાર થઈ ગયા પછી ભરયૌવનની શરૂઆતના સમયમાં પણ પોતે સુખી જ હતી. સ્વયંવરે એ સુખમાં અનેકગણી અભિવૃદ્ધિ કરી.

એ સુખમાં પોતાના સૌભાગ્યદેવતા એકાએક નાખુશ થવાથી ઓટ આવી.

પરંતુ એમાં ભાગ્યના દેવતા શું કરે ? એમના નામને વચ્ચે લાવવાથી અથવા એમને અકારણ દોષ દેવાથી શું વળે ?

યુધિષ્ઠિર ભાન ભૂલીને દ્યૂતક્રીડામાં ફરીવાર પ્રવૃત્ત ના થયા હોત તો આવી પ્રતિકૂળ પીડાજનક પરિસ્થિતિ કદી પેદા થાત ખરી ?

માણસ પોતે ભૂલ કરે છે ને એના દુષ્પરિણામ કે દોષનો ટોપલો ભાગ્ય પર ઢોળે છે એ શું બરાબર છે ? જરા પણ નહિ. એવો ટોપલો ઢોળવાથી કામચલાઉ સમયને માટે કદાચ થોડીક શાંતિ મળતી હશે પરંતુ એથી મૂળ સમસ્યા તો નથી જ ઊકલતી.

એટલા માટે હું તો ભાગ્યને દોષ નહિ જ દઉં. એ ભાગ્યના અદૃષ્ટ દેવતા નાખુશ હશે અને આવું કરવા માગતા હશે માટે જ યુધિષ્ઠિરને દ્યૂત રમવાનું મન થયું એવી ઊલટી દલીલનો આધાર પણ નહિ લઉં.

સંસારમાં મોટા ભાગના માણસો એવી ઊલટી દલીલોનો આધાર લેતા હોય છે. એવી દલીલ નિરાધાર છે.

હા, મારું એટલું સૌભાગ્ય સાચું કે પાંડવોની સાથે મારે વનમાં રહેવાનું થશે. મારા વર્તમાન જીવનમાં સુખશાંતિનું એટલું એક સોનેરી કિરણ રહ્યું છે ખરું.

દ્રૌપદી એવી રીતે વિચાર અને ભાવમાં મશગૂલ હતી ત્યાં જ દુર્યોધન એને એકલી જાણીને પાસે આવી પહોંચ્યો ને બોલ્યો:

‘દ્રૌપદી ! તને તારી ભૂલને માટે પશ્ચાતાપ થાય છે ને ?’

‘કયી ભૂલને માટે ?’ દ્રૌપદી ચમકીને, ગંભીરતાથી, સુદૃઢ સ્વરે બોલી ઊઠી: ‘તને એવું કોણે કહ્યું ? મેં કોઈ ભૂલ કરી જ નથી પછી એનો પશ્ચાતાપ શેનો ?’

‘કેમ ? ભૂલ તો તેં સૌથી મોટી કરી છે. તું હજુયે એને નથી સમજી શકી ?

‘કયી ભૂલ ?’

‘અર્જુનને પતિ તરીકે પસંદ કરવાની. સ્વયંવરમાં તેં અર્જુનને જો પસંદ ના કર્યો હોત તો તારા જીવનમાં વનમાં જવાનો આવો વિપરીત વખત ના આવત એવું નથી લાગતું ?’

'ના. મને એનો અફસોસ નથી. મેં જે કર્યું છે તે સંપૂર્ણ સમજપૂર્વક કર્યું છે. મને એનો સંતોષ છે.'

'તું સંતોષ માને એ જુદી વાત છે બાકી ખરું જોતાં તો તારું જીવન અર્જુનને લીધે દુઃખી દુઃખી થઈ ગયું. એને બદલે તેં સ્વયંવરમાં મને વરમાળા પહેરાવી હોત તો આવી પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા ના થાત. મારી પટરાણી બનીને તું સદાને માટે તથા સંપૂર્ણ સુખી બની જાત.'

દ્રૌપદી છંછેડાઈને બોલી:

'દુષ્ટ ! તું મારે માટે તો શું, મારા પડછાયાને માટે પણ લગારે લાયક નથી. હું એટલી બધી વિવેકાંધ કે મૂર્ખ નહોતી કે તને વરમાળા પહેરાવું. મોતીનો ત્યાગ કરીને રાજહંસી કદી કાચની સાથે નથી રમી શકતી. તને આવું બોલતાં શરમ નથી આવતી ?'

'શરમ શા માટે આવે ? હું જે કહું છું તે તારા મંગલને માટે, તારે માટે લાગણી હોવાથી જ કહી રહ્યો છું. હજુ પણ વખત વીતી નથી ગયો. હજુ પણ તું ચાહે તો અર્જુનનો ત્યાગ કરીને મારી થઈ શકે છે. હું તને અર્જુનની જેમ દુઃખી નહિ કરું પરંતુ સંપૂર્ણ સુખી કરીશ.'

'દુર્યોધન ! તું નફ્ફટ બનીને વધારે પડતું બોલી રહ્યો છે. હું જે પ્રતિકૂળ પરિસ્થિતિમાં મુકાઈ છું તે અર્જુન કે યુધિષ્ઠિરને લીધે નહિ પણ તારે લીધે. તું જ એને માટે જવાબદાર છે. તારા મનની મલિનતા તેમ જ વેરવૃત્તિ અને ઈર્ષાથી પ્રેરાઈને તેં શકુનિ પાસે કપટયુક્ત દ્યૂતકર્મ કરાવ્યું અને પાંડવોને આ પરિસ્થિતિમાં મૂકી દીધા. તેં એમને બધી રીતે બેહાલ, કંગાળ, દુઃખી અને અપમાનિત કરવાનો બનતો બધો જ પ્રયાસ કર્યો. યુધિષ્ઠિરની હાર થતાં તું હરખઘેલો બની ગયો. એટલાથી સંતોષ ના વળ્યો હોય તેમ દુઃશાસનને આદેશ આપીને તેં મને રજસ્વલા દશામાં ભરી સભામાં બોલાવી મંગાવીને વસ્ત્રવિહીન કરવાનો પ્રયાસ કર્યો. સભામાં બેઠેલા કેટલાયનાં મુખ જ્યારે શરમ કે સંકોચથી નીચાં નમી ગયાં ત્યારે તું નફ્ફટની જેમ હસતો અને ફાવે તેમ બકતો રહ્યો. તારા એ હાસ્ય તેમ જ બકવાદને હું નથી ભૂલી શકી તેમ જ નહિ ભૂલી શકું. એણે જાણે દાઝ્યા ઉપર ડામ દીધો.'

દ્રૌપદી થોડીવાર અટકીને એવી જ વ્યથાયુક્ત રોષભરેલી ભાષામાં આગળ બોલી:

'મારું તેમ જ પાંડવોનું એટલું બધું ઘોર અસહ્ય અપમાન કરવા માટે પણ કાંઈ બાકી રહ્યું હોય તેમ મારું અધિક અપમાન કરવા માટે તું અહીં આવ્યો છે. તને માનાપમાન જેવું કશું જ નહિ હોય પરંતુ હું એવી જડ અથવા નફ્ફટ નથી. મારી રગેરગ સ્વમાનની ભાવનાથી ભરપૂર છે. એ સ્વમાનનો પરચો તને સમય પર બતાવી આપીશ. હું સ્વપ્ને પણ તારી નથી થઈ શકું તેમ. તારે માથે કાળ ભમી રહ્યો છે માટે જ આવું બકી રહ્યો છે. ભીમ અને અર્જુન તને તારા દુર્ભાવયુક્ત શબ્દોનો દંડ જરૂર દેશે ત્યારે જ મને શાંતિ વળશે. તારી દુર્બુદ્ધિ જ તારી ઘોર ખોદવાનું કામ કરીને તારો કુળસહિત નાશ કરશે. તું યાદ રાખજે કે અત્યારે મળેલા વિજયથી તને આનંદ થઈ રહ્યો છે તોપણ તારું મંગલ નહિ થાય. આખરે તો સર્વનાશનો ભયંકર અગ્નિ તને ભક્ષી જશે.'

દ્રૌપદીના મુખમાંથી એવી આવેશયુક્ત વાણી નીકળી પડી. એનું અંતર જાણે કે ક્રાંતદર્શી બનીને સહજ રીતે જ બોલી રહ્યું હોય એવું લાગવા માંડ્યું.

બીજું કોઈ હોત તો એ શબ્દોની અસર ઘણી ભારે થાત, પરંતુ દુર્યોધનને જાણે કે કશી જ અસર ના

થઈ.

એ સ્મિત કરવાનો પ્રયાસ કરતાં વ્યંગભરી ભાષામાં કહેવા લાગ્યો:

'તું જો એવી રીતે શાપ આપતી હોય તો એ શાપની કિંમત મારે મન કશી જ નથી. તું ઉશ્કેરાટમાં હોવાથી તારા હિતનો વિચાર નથી કરી શકતી. તારી બુદ્ધિ કુંઠિત અને કલુષિત બની ગઈ છે માટે જ આવું ઢંગધડા વગરનું બોલી રહી છે. હું તને દુઃખમાંથી મુક્ત કરવા તારો હિતેચ્છુ બનીને આવ્યો છું તોપણ તારી આંખ પર પડદો હોવાથી તું મને નથી ઓળખી શકતી અને અપમાનિત કરી રહી છે. પરંતુ મને તારા પ્રત્યે સાચો પ્રેમ હોવાથી આ અપમાન મને સાલતું નથી પણ મીઠું લાગે છે. તેં સ્વયંવરમાં કરેલી ભૂલને સુધારવાની તક તારા જીવનમાં આવી પહોંચી છે. એનો લાભ લેવો કે નહિ તે તારે જોવાનું છે. હું તો તને ફક્ત વિનતિ કરી શકું. મારી વિનતિ માન્ય હોય તો અત્યારે જ તને અપનાવીને મારી કરી શકું તેમ છું. વનમાં જઈને વિપત્તિ વેઠવાને બદલે મારા રાજપ્રાસાદમાં રહીને તું સંપૂર્ણપણે સુખી થઈ શકીશ.'

'તું નફ્ફટની જેમ ફાવે તેમ બોલ્યા કરે છે તે જોઈને મને દુઃખ થાય છે પણ તને કોઈ જાતની શરમ નથી આવતી.'

'મને શરમ શા માટે આવે ? હું તો તને દુઃખમાંથી મુક્તિ આપવા માગું છું.'

'મારે એવી મુક્તિ નથી જોઈતી. મુક્તિ તો મારે નહિ પરંતુ તારે મેળવવાની છે.'

'શેમાંથી ?'

'મોહમાંથી. તું જેમાં સપડાયો છે. તે ભયંકર દુર્બુદ્ધિમાંથી.'

'મારામાં દુર્બુદ્ધિ છે જ નહિ. દુર્બુદ્ધિ તો તારામાં અને પાંડવોમાં છે. હું તો સદ્દબુદ્ધિથી સંપન્ન છું. અને તારે માટે મોહ હોય તો એમાં મને કશું ખોટું નથી લાગતું.'

'એ તો તું કહે છે ને ! હું નથી કહેતી. હું પરસ્ત્રી છું. તારી ભાભી હોવાથી બેન બરાબર છું તોપણ મારા પ્રત્યે મોહભરી દૃષ્ટિ કરી રહ્યો છે એમાં કશું ખોટું ના લાગતું હોય તો તારી જડતા જ છે. પરસ્ત્રીને માતા બરાબર માનવાનો સંદેશ શાસ્ત્રો અને સંતોએ આપેલો જ છે. તું એનાથી વિરુદ્ધ વર્તી રહ્યો હોવાથી તારો વિનાશ નિશ્ચિત છે. દ્યૂત જેવી બીજી બદીઓની સાથે તારી અંદર આ દૂષણ સૌથી મોટું છે.'

'એ દૂષણ નથી પણ ભૂષણ છે. હું તને પરસ્ત્રી નથી સમજતો.ને મારી સ્ત્રી સમજું છું. તને રાજા દ્રુપદે યોજેલા સ્વયંવરમાં સૌથી પહેલાં જોઈ ત્યારથી જ મારી માનીને મેં તને મેળવવાનાં સ્વપ્ના સેવેલા. એ સ્વપ્નાં હજુ સાર્થક નથી થયાં તોપણ એમને સાર્થક કરવાની આકાંક્ષા નથી મટી.'

'ધૂર્ત, મૂર્ખ, પાપી !' દ્રૌપદી ક્રોધે ભરાઈને બોલી ઊઠી. એના હોઠ કંપી ઊઠ્યા અને એની સાથે એની કાયા પણ કંપી ઊઠી: 'તારી એ આકાંક્ષા અધમ હોવાથી કદી પણ પૂરી નહિ થઈ શકે. તારાં સ્વપ્ના સ્વપ્નાં જ રહેશે અને તારો સર્વનાશ નોતરશે. મારા શબ્દોને ભૂલતો નહિ. એ શબ્દો કદી મિથ્યા નહિ થાય. તેં આજે અહીં આવવાનું ને મારી સાથે ફાવે તેવી વાત કરવાનું સાહસ કરીને ધૃષ્ટતાની હદ કરી છે. આજે તો તને એને માટે જવા દઉં છું પરતુ હંમેશને માટે નહિ જ જવા દઉં. એક દિવસ એનો બદલો જરૂર લઈશ. ત્યાં સુધી મારું અંતર એના સંસ્મરણથી તપ્યા કરશે અથવા અશાંત રહેશે. દુષ્ટ, પાપી ! હવે તું વિદાય લે તો સારું.'

દુર્યોધન પણ છેડાઈ પડીને બોલ્યો:

'તું મને દુષ્ટ, મૂર્ખ ને પાપી કહે છે પરંતુ તું પોતે જ દુષ્ટ, મૂર્ખ અને પાપિણી છે. એટલે તો તારું હૈયું લગાર પણ નથી હાલતું. તારે માથે જે આપત્તિ આવી પડી છે તે યોગ્ય જ છે. તારા અહંકારને ઓગાળી નાખવા માટે એની આવશ્યકતા હતી. તારું નસીબ તદ્દન ફૂટેલું છે. એ નસીબમાં રાજ્ય નથી, રાજપ્રાસાદ નથી, ને મારા જેવો પ્રતાપી પ્રેમાળ પતિયે નથી. માટે જ તું પરાક્રમહીન પામર પાંડવોની સાથે વનમાં ભટકવા માટે તૈયાર થઈ છે. બાર વરસ સુધી ભટકીશ એટલે તારું મગજ આપોઆપ ઠેકાણે આવી જશે. એ પહેલાં પણ તારી બુદ્ધિ ઠેકાણે આવે ને મારી પાસે આવવાની ઈચ્છા થાય તો કોઈ પણ પ્રકારના સંકોચ વિના આવી જજે. હું તને સ્વીકારી લઈશ. બાકી અત્યારે તો તારા નસીબમાં સુખ નથી દેખાતું.'

દ્રૌપદી ધૂંધવાઈને બોલી:

'હું તો સુખી જ છું ને સુખી રહીશ પરંતુ તું તારા જ કર્મે દુઃખી થઈશ. તારું કોઈ રીતે કલ્યાણ નહિ થઈ શકે. તારી વાસના કે કામના તને પોતાને જ ભક્ષી જશે. પાંડવો પરાક્રમહીન અને પામર નથી. એ તો પરમ પ્રતાપી છે છતાં હારી જવાથી લાચાર બનીને બેસી રહ્યા છે. તારે એમનો પરચો જોવો હોય તો થોડી વાર ઊભો રહે. હું ભીમ અને અર્જુનને બોલાવું છું. એ તને હમણાં જ ધૂળ ચાટતો કરી દેશે.'

'મને ધૂળ ચાટતો કરવાની શક્તિ છે જ કોનામાં ? મારી બરાબરી કરે એવું કોઈ જન્મ્યું છે જ ક્યાં ? ભીમ અને અર્જુન બંને ભેગા થાય તોપણ મારો સામનો નથી કરી શકે તેમ. મેં એમને નિર્વીર્ય બનાવ્યા છે. પછી એમની સાથે યુદ્ધ કરવાનો પ્રશ્ન જ ક્યાં છે ? ભવિષ્યમાં એવો અવસર આવશે ત્યારે જોઈ લેવાશે. ત્યારે તું નહિ જ માને ?'

'ના.'

'તો પછી મારો વખત નહિ બગાડું. હું આ ચાલ્યો. પણ આગળ પર તું પસ્તાશે.'

'ભલે પસ્તાઉં, પસ્તાવાનું મારે નહિ થાય પણ તારા કુકર્મને માટે તારે થશે.'

'ઠીક ત્યારે, હું તને બતાવીશ કે કોણ પસ્તાય છે.'

દુર્યોધન ચાલી નીકળ્યો.

એ પછી દ્રૌપદી લાંબા વખત લગી બેચેન બનીને બેસી રહી.

એના અંગેઅંગમાંથી આગ સળગવા માંડી. એની આંખ ભીની થઈ.

દુર્યોધનના દુષ્ટ ભાવનાયુક્ત શબ્દો એના કાન સાથે અવારનવાર અથડાઈને એને કોરી ખાવા લાગ્યા.

એ શબ્દો એણે પાંડવોને કહી બતાવ્યા ત્યારે પાંડવોને પણ ખૂબ જ દુઃખ થયું.

ભીમ અને અર્જુન અતિશય ઉત્તેજિત બની ગયા.

ભીમ બોલી ઊઠ્યો:

'દુર્યોધન દ્યૂતમાં કપટ કરીને જીતી ગયો એટલે એને ફાવે તેવું વર્તન કરવાનો ઈજારો મળી જાય છે ? તમારા સૌની સંમતિ હોય તો ગદાથી દુર્યોધનના ટુકડા કરીને સભામાં કરેલી પ્રતિજ્ઞાને અત્યારે જ સાચી કરી બતાવું. એનો નાશ કરવાનું કામ મારે મન મગતરાને મસળી નાખવા બરાબર છે.'

અર્જુન આવેશમાં આવીને બોલ્યો:

'દ્રૌપદીનું આવું હડહડતું અપમાન થાય તોપણ હું નિષ્ક્રિય બનીને બેસી રહું તો મારી ધનુર્વિદ્યા શું કામની ? દુર્યોધને ધૃષ્ટતાની હદ કરી છે. ભરી સભામાં એણે આપણી સામે કરેલું દ્રૌપદીનું અપમાન અધૂરું હોય તેમ તેણે એકાંતમાં આવીને એની અવહેલના કરી. એ એના મનમાં સમજે છે શું ? એને દંડ દીધા વિના ના જ જવા દેવો જોઈએ.'

દ્રૌપદી આંસુ ટપકાવતાં બોલી:

'તમારી હયાતિમાં એ દુષ્ટે એવું સાહસ કર્યું એ ખરેખર દુઃખદ છે. એની જીભને બહાર ખેંચી કાઢવી જોઈએ ને બતાવવું જોઈએ કે તમે પામર નથી પણ પરાક્રમી છો. તમે સઘળું શાંતિથી સહન કરો છો એટલે એ તમને નિર્વીર્ય માને છે, ને વધારે ને વધારે દુસ્સાહસ કરે છે. દુષ્ટની ઉપર દયા રાખવાની ના હોય, એનું તો દમન કરવાનું હોય. સભામાં એણે મારી સાથે કરેલો દુર્વ્યવહાર તો મને બાળી રહ્યો છે. ત્યાં આ અધમ વર્તન કરીને એણે બળતામાં ઘી હોમ્યું. હું નારી ના હોત તો એનું મસ્તક તે વખતે જ ઉડાવી દેત. એ નરાધમ મને અસહાય અથવા અબળા માનીને જેમતેમ બોલી ગયો પણ હું અસહાય અથવા અબળા નથી એની પ્રતીતિ એને કરાવી આપીશ. એ મને ગરીબ હરિણી જેવી માનતો હશે પણ હું શૂરવીર સિંહણ છું એ બતાવી આપીશ. મારી તરફ કુદૃષ્ટિ કરનારને હું જીવતો નહિ રહેવા દઉં. મારી ધમનીઓમાં ધર્મપરાયણ રાજા દ્રુપદનું અને મારી પતિવ્રતા પવિત્ર માતાનું લોહી વહે છે. હું કુલટા કે વેશ્યા નથી પરંતુ સતી છું સતી.'

યુધિષ્ઠિરે સૌને શાંત કર્યા ને કહ્યું:

'અત્યારે આપણો વખત ઘણો વિપરીત છે એટલે આપણે ખૂબ જ સંભાળીને ચાલવાનું છે. કોઈ પણ એવું ઉતાવળિયું પગલું નથી ભરવાનું જે પાછળથી આપણે માટે ક્લેશકારક અને અકીર્તિદાયક થઈ પડે. દુર્યોધન જે બોલી ગયો છે એનાથી એનું મોં ગંધાયું. આપણને કશું જ નુકશાન નથી થયું. માટે ઉશ્કેરાટમાં આવી જઈને કશું અઘટિત કરવાની જરૂર નથી.'

'દુર્યોધન આટલું બધું અઘટિત કરે છે તેનું કશું જ નહિ ?' ભીમ બોલી ઊઠ્યો.

'બધે વખતે આપણે જ શાંત રહેવાનું ?' અર્જુને પણ પૂછી નાખ્યું.

'હા.' યુધિષ્ઠિર બોલ્યા: 'એ અઘટિત કરે છે તો એનું ફળ એને જરૂર ભોગવવું પડશે. આપણે એવું અઘટિત ના કરી શકીએ. શાંતિના ફળ છેવટે મીઠાં હોય છે માટે અત્યારે શાંત રહીશું તો કશું ખોવાનું નથી જ.'

એ પછી કોઈ કશું ના બોલ્યું. યુધિષ્ઠિરના વિચારો સૌને આદર્શ અથવા સ્વીકારવા જેવા ના લાગ્યા તોપણ સૌ મૂક રહ્યા.


દ્રૌપદીએ પોતાની ભીની આંખને લૂછી નાખી. તોપણ એનું અંતર તો ભીનું જ રહ્યું.

* * *

**સમાપ્ત**

* * *

# ABOUT THE AUTHOR



(૧૫ ઓગષ્ટ ૧૯૨૧ - ૧૮ માર્ચ ૧૯૮૪)

ગુજરાતની સાહિત્યરસિક અને અધ્યાત્મપ્રેમી જનતાને શ્રી યોગેશ્વરજીનો પરિચય આપવાનો ન હોય. મા શારદાના ચારુ ચરણે સો કરતાં પણ વધુ ગ્રંથો અર્પણ કરનાર મહાત્મા શ્રી યોગેશ્વરજી વીસમી સદીના ગુજરાતમાં થઈ ગયેલા સમર્થ સંત અને સાહિત્યકાર હતા. સંન્યાસ કે રૂઢિગત ચાલી આવતી ભગવા વસ્ત્રોની પ્રણાલિકાને અનુસર્યા વગર તથા કોઈ દેહધારી ગુરૂની સહાયતા વિના કેવળ મા જગદંબા પર અપ્રતિમ શ્રદ્ધા રાખી, અધ્યાત્મ જગતના સર્વોત્તમ શિખરો સર કરનાર યોગેશ્વરજી બહુમુખી પ્રતિભા ધરાવનાર મહામાનવ હતા.

ઈ.સ. ૧૯૨૧ ની પંદરમી ઓગષ્ટે અમદાવાદના ધોળકા તાલુકાના સરોડા ગામે સાધારણ બ્રાહ્મણ પરિવારમાં જન્મ લેનાર યોગેશ્વરજીએ માત્ર નવ વર્ષની કુમળી વયે પિતાનું છત્ર ગુમાવ્યું હતું. એમને આગળ અભ્યાસ માટે મુંબઈની લેડી નોર્થકોટ ઓર્ફનેજમાં દાખલ કરવામાં આવ્યા હતા. મોહમયી મુંબઈ નગરીના એમના નિવાસ દરમ્યાન પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોના સુપરિણામ સ્વરૂપે એમને મા જગદંબાના દર્શનની લગની લાગી. એકાંત શોધીને ધ્યાનસ્થ થવામાં કે પ્રકૃતિના ખોળે કલાકો સુધી 'મા' ના દર્શન માટે વિરહાતુર પોકારો પાડવામાં એમનો સમય વ્યતીત થવા લાગ્યો. જ્યારે દર્શન અને સંનિધિની ઝંખના અતિ પ્રબળ બની ત્યારે એમણે અભ્યાસનો ત્યાગ કરી ઉચ્ચ સાધના માટે હિમાલય જવાનો નિર્ણય લીધો. એ સમયે એમની વય માત્ર વીસ વરસની હતી.

ઋષિમુનિસેવિત અને પુરાણપ્રસિદ્ધ હિમાલયની પુણ્યભૂમિમાં બે દાયકાથી વધુ નિવાસ કરી એમણે એકાંતિક સાધના દ્વારા પરમાત્માની અનુભૂતિ અને સિદ્ધિપ્રાપ્તિ કરી. હિમાલયવાસ દરમ્યાન એમને મળેલા અનેકવિધ આધ્યાત્મિક અનુભવો, સિદ્ધ અને સમર્થ સંતોના દર્શન-સમાગમ તથા શાસ્ત્રાધ્યયનને પરિણામે પ્રાપ્ત થયેલ જ્ઞાન છતાં એમની નમ્રતા, નિરભિમાનતા તથા સાદગી જિજ્ઞાસુઓને પ્રથમ નજરે આકર્ષતી.

સત્ય અને અહીંસાના પૂજારી તથા પ્રાર્થના પર અખૂટ વિશ્વાસ ધરાવનાર મહાત્મા ગાંધીજીને આદર્શ માનનાર શ્રી યોગેશ્વરજીમાં દેશપ્રેમ ઠસોઠસ ભરેલો હતો. આધ્યાત્મિક માર્ગે આગળ વધી દેશ માટે કંઈક કરી

છૂટવાની તેમની મનીષા એમના અનેકવિધ સર્જનોમાં પેખી શકાય છે. આજીવન ખાદીના વસ્ત્રો ધારણ કરી સંસારમાં જળકમળવત્ રહેનાર આ વિરક્ત બ્રહ્મચારી મહાપુરુષે સાધનાકાળ દરમ્યાન અને એ પછી પોતાના જનનીને હંમેશા સાથે રાખ્યા. સાધુ-સંત-સંન્યાસીઓમાં તેઓ માતૃભક્ત મહાત્મા તરીકે પ્રસિદ્ધ હતા.

યોગ, ભક્તિ અને જ્ઞાન - ત્રણેય માર્ગે કુશળતાથી કેડી કંડારનાર શ્રી યોગેશ્વરજીની આમજનતા માટેની સૌથી વિશેષ અને શકવર્તી ઉપલબ્ધિ તેમના વરદ હસ્તે થયેલ વિપુલ સાહિત્યસર્જનને ગણી શકાય. શાળાજીવન દરમ્યાન રોજનીશી લખવાની ટેવથી શરૂ થયેલી તેમની સાહિત્યયાત્રા ક્રમશઃ વિકાસ પામી સોથીયે વધુ ગ્રંથોના સર્જનનું નિમિત્ત બની. એમના બહુપ્રસિદ્ધ સર્જનોમાં તુલસીદાસના રામચરિતમાનસનો સમશ્લોકી પદ્યાનુવાદ; ગાંધીજીની જન્મશતાબ્દી નિમિત્તે એમને અંજલિ આપતા લખાયેલ મહાકાવ્ય 'ગાંધીગૌરવ'; ભગવદ્ ગીતા, ગોપીગીત, શિવમહિમ્નસ્તોત્ર, વિષ્ણુ સહસ્ત્રનામ વિગેરેનો સરળ સમશ્લોકી પદ્યાનુવાદ; અગિયારસો પૃષ્ઠોમાં વિસ્તરેલી એમની સુપ્રસિદ્ધ આત્મકથા 'પ્રકાશના પંથે'; રમણ મહર્ષિના જીવન અને કાર્યો પરનો બેનમુન ગ્રંથ; તથા મહાભારત, રામાયણ, ભાગવત, ઉપનિષદ, બ્રહ્મસૂત્ર, યોગસૂત્ર જેવા ભારતીય સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરતા અનેકવિધ ગ્રંથો પરની ટિપ્પણીનો સમાવેશ કરી શકાય. તેમની સિદ્ધ કલમે ગુજરાતી સાહિત્યને ચિંતનાત્મક લેખો, પ્રેરણાદાયી પત્રો, ભાવભરપૂર ભજનો, કમનીય કવિતાઓ, મધુરા બાળગીતો, અદ્ભુત ગદ્યકાવ્યો, સાધકોના પ્રશ્નોનું સમાધાન કરતી આધ્યાત્મિક પ્રશ્નોત્તરીઓ, સંતપુરુષોના જીવનની પ્રેરણાદાયી વાતો, ઉમદા વાર્તાસંગ્રહો, નવલકથાઓ તથા નવલિકાઓ પણ પ્રદાન કરી છે. એમના સર્જનો વિશે ઉડીને આંખે વળગે એવી વાત એ છે કે એમણે કેવળ લખવા ખાતર નથી લખ્યું. એમની રચનાઓ કોરો કલ્પનાવિલાસ નથી પરંતુ એમના અસાધારણ જીવનની અભિનવ અભિવ્યક્તિ છે. એમના વૈવિધ્યસભર અને માતબર સાહિત્યપ્રદાનને હજુ ગુજરાતના સાહિત્યકારોએ અને સાહિત્યરસિક પ્રજાએ યથાર્થ અને પૂર્ણપણે પિછાણવાનો બાકી છે.

શુદ્ધ ગુજરાતી ભાષામાં અસ્ખલિત રીતે વહેતી એમની ઓજસ્વી વાણીમાં થતા જ્ઞાન, યોગ અને ભક્તિના રહસ્યોના ઉદઘાટનનું પાન કરવાનું સૌભાગ્ય ગુજરાતના પ્રમુખ શહેરો ઉપરાંત અમેરિકા, કેનેડા, ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા તથા ઝાંબિયાના વિવિધ શહેરના શ્રોતાઓને મળ્યું હતું. શ્રી યોગેશ્વરજી સર્વધર્મ સમભાવમાં માનતા હતા તથા નાત, જાત કે સંપ્રદાયના વાડાઓથી પર હતા. એથી જ એમને રામકૃષ્ણ મિશન, થિયોસોફિકલ સોસાયટી, સત્ય સાંઈ સેન્ટર, ડીવાઈન લાઈફ સેન્ટર વિગેરેમાં તથા જૈન, શીખ કે ખ્રિસ્તી ધર્મના ધર્મસ્થાનો કે સ્વામીનારાયણ સંપ્રદાયના મંદિરોમાં એકસમાન આદરથી આમંત્રિત કરવામાં આવતા હતા. ગુજરાત અને ગુજરાત બહારની કોલેજો, સ્કુલો તથા યુનિવર્સીટીમાં એમણે પોતાના અનુભવાત્મક જ્ઞાનનો પ્રસાદ વહેંચ્યો હતો. આજે વિશ્વભરમાં તેમનો બહોળો પ્રસંશક અનુયાયી વર્ગ છે.

ઈ.સ. ૧૯૮૪ ની ૧૮ માર્ચે તેમણે શ્રીમદ્ ભાગવત પર પ્રવચન કરતાં સ્થુલ દેહનો ત્યાગ કર્યો હતો. તેમના અનેકવિધ માનવતાવાદી સત્કાર્યો અને તેમના ઝળહળતા આધ્યાત્મિક વારસાને મા સર્વેશ્વરી સર્વોત્તમ રીતે દીપાવી રહ્યા છે. ઈન્ટરનેટ પર swargarohan.org વેબસાઈટ તથા સ્થુળ રીતે અંબાજીમાં દાંતા રોડ સ્થિત સ્વર્ગારોહણ ધામ એમના મહિમાવંત જીવન અને કાર્યોની યશગાથાને ગાઈ રહ્યું છે.

*

## શ્રી યોગેશ્વરજીનું સાહિત્યિક પ્રદાન

| | |
|---|---|
| **આત્મકથા** | પ્રકાશના પંથે ▪ પ્રકાશના પંથે (સંક્ષિપ્ત) ▪ **प्रकाश पथ का यात्री** ▪ Steps towards Eternity |
| **અનુવાદ** | રમણ મહર્ષિની સુખદ સંનિધિમાં (In days of great peace) ▪ ભારતના આધ્યાત્મિક રહસ્યની ખોજમાં (A search in secret India) ▪ હિમગીરીમાં યોગી (A hermit in the Himalayas) |
| **ગદ્યકાવ્યો** | અક્ષત ▪ અનંત સૂર ▪ ફૂલવાડી ▪ પરિમલ ▪ સનાતન સંગીત ▪ Tunes unto the infinite |
| **ગીતો** | હિમાલય અમારો ▪ રશ્મિ ▪ બિંદુ ▪ તર્પણ ▪ દ્યુતિ |
| **ચિંતન** | બ્રહ્મસૂત્ર ▪ ગીતાદર્શન ▪ ગીતાનું સંગીત ▪ ગીતા સંદેશ ▪ ગીતા તત્વ વિચાર ▪ જીવન વિકાસના સોપાન ▪ ઈશાવાસ્યોપનિષદ ▪ ઉપનિષદનું અમૃત ▪ ઉપનિષદનો અમર વારસો ▪ પ્રેમભક્તિની પગદંડી (નારદ ભક્તિસૂત્ર) ▪ શ્રીમદ્ ભાગવત ▪ ગોપીપ્રેમ ▪ યોગદર્શન ▪ પતંજલિના યોગસૂત્રો (સંક્ષિપ્ત સૂત્રાર્થ) |
| **ભજનો** | આલાપ ▪ આરતી ▪ અભીપ્સા ▪ પ્રસાદ ▪ સ્વર્ગીય સૂર ▪ તુલસીદલ ▪ સાંઈ સંગીત |
| **મહાકાવ્યો** | રામાયણ દર્શન ▪ કૃષ્ણ રુક્મીણિ ▪ ગાંધી ગૌરવ ▪ |
| **લેખ** | આરાધના ▪ આત્માની અમૃતવાણી ▪ ચિંતામણી ▪ ધ્યાન સાધના ▪ Essence of Geeta ▪ પ્રભુપ્રાપ્તિનો પંથ ▪ પ્રાર્થના સાધના છે ▪ સાધના ▪ યોગમિમાંસા ▪ શ્રીરામ કથામૃત |
| **જીવનચરિત્ર** | ભગવાન રમણ મહર્ષિ - જીવન અને કાર્ય ▪ મા સર્વેશ્વરી - એક પરિચય ▪ |
| **પદ્યાનુવાદ** | ચંડીપાઠ (દુર્ગાસપ્તશતીસાર) ▪ રામચરિતમાનસ ▪ શિવપાર્વતી પ્રસંગ ▪ સુંદર કાંડ ▪ સરળ ગીતા ▪ શિવમહિમ્નસ્તોત્ર ▪ વૈરાગ્યશતક ▪ વિષ્ણુસહસ્ત્રનામ ▪ ઉપદેશપંચકમ્ ▪ દસ ઉપનિષદ ▪ નારદ ભક્તિસૂત્ર ▪ ચર્પટપંજરિકા સ્તોત્ર ▪ પાતંજલ યોગદર્શન |
| **પ્રવચનો** | અમર જીવન ▪ પાતંજલ યોગદર્શન ▪ કર્મયોગ ▪ આત્મસંયમયોગ ▪ પુરુષોત્તમયોગ |
| **પ્રસંગો** | ધૂપસુગંધ ▪ કળીમાંથી ફૂલ ▪ મહાભારતના મોતી ▪ પરબનાં પાણી ▪ સંતસમાગમ ▪ સત્સંગ ▪ સંત સૌરભ ▪ દિવ્ય અનુભૂતિઓ ▪ શ્રેય અને સાધના ▪ **श्रेय और साधना** |
| **પ્રવાસ** | તીર્થયાત્રા ▪ ઉત્તર ભારતનાં તીર્થો ▪ સમંદરને પેલે પાર |
| **પત્રો** | હિમાલયનાં પત્રો |
| **પ્રશ્નોત્તરી** | અધ્યાત્મનો અર્ક ▪ ધર્મનો મર્મ ▪ ધર્મનો સાક્ષાત્કાર ▪ ઈશ્વર દર્શન |
| **નવલકથા** | આગ ▪ અગ્નિપરીક્ષા ▪ કાદવ અને કમળ ▪ કાયાકલ્પ ▪ પરભવની પ્રીત ▪ રક્ષા ▪ સમર્પણ ▪ સ્મૃતિ ▪ પરિક્ષિત ▪ પ્રીતપુરાની ▪ પ્રેમ અને વાસના ▪ રસેશ્વરી ▪ ઉત્તરપથ ▪ યોગાનુયોગ |
| **વાર્તાઓ** | રોશની |
| **નાટક** | રામનું હૃદય |

*

**For more information**
**on Life and works**
**of**

## Shri Yogeshwarji



**Please visit**

# www.swargarohan.org

**A Gujarati supersite for spiritual aspirants**